શ્રી અરવિંદ સાહિત્ય સંગ્રહ · ગ્રન્થ ૮

# માનવએકતાનો આદર્શ

## યુદ્ધ અને આત્મ-નિર્ણય

[ Ideal of Human Unity
War and Self-Determination ]

શ્રી અરવિંદ

શ્રી અરવિંદ સોસાયટી · પોંડિચેરી - ૨
૧૯૭૩

અનુવાદક
શિવાભાઈ અમીન

પ્રથમ સંસ્કરણ ૧૯૭૩

મૂલ્ય રૂ. Price Rs.

મુખ્ય વિક્રેતા : શ્રી અરવિંદ બુક્સ ડિસ્ટ્રિબ્યુશન એજન્સી
શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી-૨

© શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૨ ૧૯૭૩

પ્રકાશક : શ્રી અરવિંદ સોસાયટી, પોંડિચેરી-૨
મુદ્રક : રાજરતન પ્રેસ, રખિયાલ રોડ, અમદાવાદ-૨૧

# પ્રકાશકની નોંધ

'માનવએકતાનો આદર્શ,' અંગ્રેજી માસિક 'આર્ય' માં 'Ideal of Human Unity' એ શીર્ષક નીચે ૧૯૧૫ સપ્ટેમ્બરથી જુલાઈ ૧૯૧૮ સુધી લેખો રૂપે પ્રગટ થયું. ત્યારે તેમાં પાંત્રીસ પ્રકરણો હતાં. ગ્રંથરૂપે એનું પ્રથમ પ્રકાશન ૧૯૧૯માં થયું. એની સુધારેલી આવૃત્તિ ૧૯૫૦ માં શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી તરફથી પ્રગટ કરવામાં આવી, જોકે એમાં કરેલા સુધારા ૧૯૩૯માં બીજા વિશ્વયુદ્ધ પહેલાં થયા હતા અને એમાં એક 'ઉત્તર પ્રકરણ', 'Post-script Chapter' ઉમેરવામાં આવ્યું હતું. આ ગ્રંથ એ જ આવૃત્તિનો અનુવાદ છે.

આ ગ્રંથમાં બીજું પુસ્તક "યુદ્ધ અને આત્મ-નિર્ણય" છે. એ 'War and Self-Determination'ની ત્રીજી આવૃત્તિનો અનુવાદ છે જેનું પ્રકાશન ૧૯૫૭માં થયું હતું. એની સાથે 'આર્ય'માંથી લીધેલો બીજો એક લેખ પણ છે. આ પુસ્તકના બીજા લેખો ૧૯૧૬ થી ૧૯૨૦ સુધીમાં છપાયા હતા પરંતુ 'પૂર્વભૂમિકા' તથા 'રાષ્ટ્ર-સંઘ'—'A League of Nations'નો લેખ એ પુસ્તક માટે જ લખવામાં આવ્યો હતો, એ પુસ્તકનો વિષય પણ માનવએકતાના આદર્શને મળતો છે.

# અનુક્રમ

## ભાગ ૧


| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| ૧ એકતા પ્રત્યેનું વલણ : એની આવશ્યકતા અને ભયસ્થાનો | ૧ |
| ૨ ભૂતકાલીન સમૂહોની ઊણપ | ૭ |
| ૩ વર્ગ અને વ્યક્તિ | ૧૨ |
| ૪ 'રાજ્ય' વિચારની અપર્યાપ્તતા | ૧૮ |
| ૫ રાષ્ટ્ર અને સામ્રાજ્ય : વાસ્તવિક અને રાજકીય એકતાઓ | ૨૬ |
| ૬ સામ્રાજ્યની પ્રાચીન અને અર્વાચીન પદ્ધતિઓ | ૩૪ |
| ૭ વિજાતીય રાષ્ટ્રનું સર્જન | ૪૬ |
| ૮ વિજાતીય સમવાયી સામ્રાજ્યની સમસ્યા | ૫૩ |
| ૯ વિશ્વ-સામ્રાજ્યની શકયતા | ૬૦ |
| ૧૦ યુરોપનાં સંયુક્ત રાજ્યો | ૬૭ |
| ૧૧ નાનું ઐચ્છિક એકમ અને બૃહત કેન્દ્રિત એકતા | ૭૭ |
| ૧૨ રાષ્ટ્ર-પૂર્વ સામ્રાજ્ય રચનાનું પ્રાચીન યુગચક્ર—રાષ્ટ્રરચનાનું અર્વાચીન યુગચક્ર | ૮૫ |
| ૧૩ રાષ્ટ્ર-એકમની રચના—ત્રણ તબક્કાઓ | ૯૪ |
| ૧૪ આંતરરાષ્ટ્રીય એકતા પ્રત્યે પ્રથમ પગલાની શકયતા — એની અસાધારણ મુશ્કેલીઓ | ૧૦૪ |
| ૧૫ સાફલ્યના કેટલાક જમાના | ૧૧૫ |
| ૧૬ એકરૂપતા અને સ્વતંત્રતાની સમસ્યા | ૧૨૫ |


## ભાગ ૨


| | |
|---|---|
| ૧૭ આપણી પ્રગતિમાં પ્રકૃતિનો કાનૂન--વિવિધતામાં એકતા, કાનૂન અને સ્વતંત્રતા | ૧૩૭ |
| ૧૮ આદર્શ નિરાકરણ — માનવજાતિનું ઐચ્છિક સંધિકરણ | ૧૪૭ |
| ૧૯ કેન્દ્રીકરણ અને એકરૂપતા પ્રત્યે પ્રયાણ | ૧૫૭ |
| ૨૦ આર્થિક કેન્દ્રીકરણ પ્રત્યેનો ઝોક | ૧૬૫ |
| ૨૧ વૈધાનિક અને સામાજિક કેન્દ્રીકરણ પ્રત્યેનો ઝોક અને એકરૂપતા | ૧૭૧ |
| ૨૨ વિશ્વઐક્ય કે વિશ્વરાજ્ય | ૧૮૨ |
| ૨૩ શાસનતંત્રના પ્રકાર | ૧૮૪ |
| ૨૪ સૈન્ય-શકિતના એકીકરણની આવશ્યકતા | ૧૯૩ |

| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| ૨૫ યુદ્ધ અને આર્થિક એકતાની આવશ્યકતા | ૨૦૩ |
| ૨૬ શાસનિક એકતાની આવશ્યકતા | ૨૧૧ |
| ૨૭ વિશ્વ-રાજ્યનાં ભયસ્થાનો | ૨૨૧ |
| ૨૮ એકતામાં વિવિધતા | ૨૨૯ |
| ૨૯ રાષ્ટ્રસંઘ વિષેનો વિચાર | ૨૩૯ |
| ૩૦ ઐચ્છિક રાજ્યસંઘનો સિદ્ધાંત | ૨૪૯ |
| ૩૧ ઐચ્છિક વિશ્વ-ઐક્યની શરતો | ૨૫૬ |
| ૩૨ આંતરરાષ્ટ્રીયવાદ | ૨૬૪ |
| ૩૩ આંતરરાષ્ટ્રીયવાદ અને માનવએકતા | ૨૭૦ |
| ૩૪ માનવધર્મ | ૨૮૦ |
| ૩૫ છેવટનો સાર અને નિર્ણય | ૨૮૭ |
| ૩૬ ઉત્તર પ્રકરણ | ૨૯૫ |


# યુદ્ધ અને આત્મ-નિર્ણય


| | |
|---|---|
| ૧ પૂર્વભૂમિકા | ૩૧૩ |
| ૨ યુદ્ધની સમાપ્તિ? | ૩૨૦ |
| ૩ અદૃષ્ટ શકિત | ૩૨૬ |
| ૪ આત્મ-નિર્ણય | ૩૩૭ |
| ૫ રાષ્ટ્ર-સંઘ | ૩૪૮ |
| ૬ યુદ્ધ પછી | ૩૭૭ |
| ૭ ૧૯૧૯ | ૩૯૧ |

# ભાગ ૧

## પ્રકરણ ૧

# એકતા પ્રત્યેનું વલણ : એની આવશ્યકતા અને ભયસ્થાનો

જીવનની ઉપર ઉપરની સપાટીઓ સમજવી સહેલી છે; એમના ધર્મો, એમની વિશિષ્ટ ગતિઓ અને વ્યવહારુ ઉપયોગિતાઓ આપણને હસ્તગત છે અને આપણે એમને પકડી લઈ પૂરતી સુગમતા અને ત્વરાથી કામમાં લઈ શકીએ છીએ. પરંતુ, એ વસ્તુઓ આપણને બહુ દૂર સુધી લઈ જતી નથી. જીવનના ઉપલકિયા દૈનિક વ્યવહાર માટે એ પૂરતી છે, પરંતુ એ આપણા અને જગતના અસ્તિત્વ અંગેના મહાન પ્રશ્નોને ઉકેલી શકતી નથી. બીજી બાજુએ, જીવનની ગહનતાઓનું જ્ઞાન, એનાં શકિતસભર રહસ્યો, એના મહાન, ગૂઢ, સર્વ-નિર્ણાયક કાનૂનોનું જ્ઞાન આપણે માટે અતિશય કઠણ છે. આ ઊંડાણોને માપવાનું સાધન આપણને મળ્યું નથી; એ આપણને અસ્પષ્ટ, અનિશ્ચિત ગતિવાળાં અને ગાઢ તમોગ્રસ્ત જણાય છે કે જેમાંથી આપણું મન પાછું વળી જાય છે, અને સપાટી પરના તરંગો, ફીણ અને સસ્તા ચળકાટમાં રાજીખુશીથી રમવા લાગી જાય છે, અને તે છતાં જો આપણે અસ્તિત્વને સમજવું હોય તો આ ઊંડાણો અને એમની અદૃષ્ટ શકિતઓને આપણે ઓળખવાં અને જાણવાં જોઈએ. પૃષ્ઠ ભાગ પર તો આપણે પ્રકૃતિના ગૌણ નિયમો અને વ્યવહારુ પેટા નિયમો મેળવી શકીએ છીએ, કે જે આપણને તાત્કાલિક મુશ્કેલીઓને પહોંચી વળવામાં સહાય કરે છે અને જે સતત ચાલતી સંક્રાંતિઓને, વગર સમજ્યે પણ, વ્યવસ્થિત કરવામાં મદદ કરે છે.

માનવજાતિ માટે એના પોતાના સામાજિક અને સામૂહિક જીવન કરતાં વધુ અસ્પષ્ટ કે સમજ બહારની કોઈ વસ્તુ નથી, જેવી કે એને સંચાલિત કરનાર બળ કે એ એની ગતિની દિશા બાબતમાં. સમાજશાસ્ત્ર આપણને મદદ કરતું નથી, કારણ કે એ આપણને માત્ર ભૂતકાળની અને માનવસમૂહો કેવા બાહ્ય સંયોગોમાં જીવતા રહ્યા એની વાત કહે છે, ઇતિહાસ કંઈ શીખવતો નથી;

એ છે બનાવો અને વ્યકિતઓનો ગૂંચવાતો જતો પ્રવાહ અથવા તો સતત બદલાતી જતી સંસ્થાઓનો રંગતાલ (કેલેડોસ્કોપ). આ બધાય ફેરફાર અને કાલની પ્રણાલીમાં માનવજીવનના ધસતા જતા પ્રવાહના સાચા અર્થને આપણે પકડી શકતા નથી. જેને આપણે પકડીએ છીએ તે છે વર્તમાન કે પુન: પુન: પાછી આવતી ઘટનાઓ, એલફેલ અભિપ્રાયો અને એકપક્ષી વિચારો. આપણે વાતો કરીએ છીએ લોકશાહી, કુળવાનશાહી અને આપખુદીની, સંઘવાદ અને વ્યકિતવાદની, સામ્રાજ્યવાદ અને રાષ્ટ્રવાદની, રાજ્ય અને સંઘની, મૂડી અને શ્રમની; આપણે ઉતાવળીઆ અભિપ્રાયો આગળ કરીએ છીએ અને અબાધ્ય પ્રબંધો ઘડીએ છીએ કે જે આજે દૃઢતાથી જાહેર કરવામાં આવે છે અને જેમને પરાણે આવતી કાલે છોડી દેવા પડે છે. આપણે પક્ષો અને આવેગપૂર્ણ અભિયોગો સ્વીકારીએ છીએ જેમનો વિજય બહુ જલદી ભ્રાન્તિકારક પુરવાર થાય છે એટલે એમને ફેંકી દઈએ છીએ, અને ફરી કદાચ એ જ વસ્તુઓ સ્વીકારી લઈએ છીએ કે જેમનો નાશ કરવા આપણે એટલી બધી તકલીફ લીધી હતી. એક આખા સૈકા સુધી માણસ જાત સ્વતંત્રતા માટે તરસે છે અને લઢે છે અને પરિશ્રમ, અશ્રુપાત અને રકતપાતના મોંઘામૂલે જીતે છે, અને જે સૈકો એને વગર લઢાઈએ ભોગવી રહ્યો છે એ જાણે કે એ કોઈ બાલીશ ભ્રમણા હોય તેમ એનાથી મોં ફેરવી લે છે અને કોઈ નવા લાભની કિંમતે જૂના અવમાનિત થયેલા લાભનો પરિત્યાગ કરવા તૈયાર થાય છે. આ બધું બને છે કારણ કે આપણા સમૂહ જીવન વિષેની આપણી સમગ્ર વિચાર-સરણી અને પ્રવૃત્તિ છીછરી અને પ્રયોગાત્મક છે; એ કોઈ દૃઢ, ગહન અને પૂર્ણ જ્ઞાનની શોધ કરતી નથી કે નથી એના પર પોતાને સ્થાપિત કરતી. આ કહેવાનો અભિપ્રાય, માનવજીવનની, એના ઉમંગો, ઉત્સાહો અને એ સેવે છે તે આદર્શોની અર્થહીનતા નહિ, પરંતુ વધુ ડહાપણભરી, એના સાચા કાનૂન અને ધ્યેયની વધુ વિશાળ અને ધીરજવાળી શોધની આવશ્યકતાનો છે.

આજે માનવએકતાનો આદર્શ આપણી ચેતના સામે, થોડોઘણો અસ્પષ્ટપણે માર્ગ કરી રહ્યો છે, માનવવિચારમાં નવા આદર્શનો ઉદ્‌ગમ પ્રકૃતિના એ માટેના સંકલ્પની નિશાની છે, પરંતુ એમાં તત્કાલ સિદ્ધિ માટેનો સંકલ્પ હોય છે એમ નથી; કોઈ વાર એ માત્ર પ્રયોગની નિશાની હોય છે—એના તત્પૂરતા પરાજયની નિયતિ સાથે, કારણ કે પ્રકૃતિ એની પદ્ધતિમાં સ્થિર અને ધીર છે. એ વિચારોને હાથમાં લે છે; એમનો અધૂરો અમલ કરી જુએ છે, પછી એમને રસ્તાની બાજુએ પડતા મૂકે છે, એમને ફરી, કોઈ પછીના સમયમાં વધુ સારા સંયોગોમાં હાથ પર લેવા માણસ કે જે એનું વિચારવંત સાધન છે તેને લલચાવે છે, અને એણે કલ્પેલી સંવાદિતા માટે એ કેટલે સુધી

તૈયાર છે એની પરીક્ષા કરે છે; એ મનુષ્યને છુટ્ટો મૂકે છે અને એને પ્રયાસ કરવા અને હારવા પ્રેરે છે કે જેથી એ શીખે અને બીજી વખતે વધુ સારી રીતે જીતે. આમ છતાં વિચાર-સન્મુખ એક વખત પ્રગટ થયેલા આદર્શ માટે નિ:સંદેહ પ્રયાસ થવો જ જોઈએ અને માનવએકતાનો આ આદર્શ ભાવિનાં નિર્ણાયક બળોમાં બહુ મોટો ભાગ લેવા સંભવ છે; કારણ કે આ યુગની બૌદ્ધિક અને પાર્થિવ પરિસ્થિતિઓએ એની તૈયારી કરી છે અને એ લગભગ એ માટે ફરજ પાડી રહી છે, ખાસ કરીને વિજ્ઞાનની શોધો કે જેમણે આપણી પૃથ્વીને એટલી નાની બનાવી દીધી છે કે જેમાં વધુમાં વધુ મોટાં રાજ્યો હવે એક જ દેશના પ્રાન્તો કરતાં વધુ મોટાં નથી લાગતાં.

પરંતુ પાર્થિવ સંયોગો રૂપ આ દ્રવ્ય જ આ આદર્શની નિષ્ફળતા સર્જે; કારણ કે જ્યારે પાર્થિવ સંયોગો મોટા પરિવર્તનને માટે સાનુકૂળ હોય છે ત્યારે પણ જો માનવજાતિનાં હૃદય અને મન ખરેખર તૈયાર ન હોય — ખાસ કરીને હૃદય — તો નિષ્ફળતાની આગાહી કરી શકાય, સિવાય કે મનુષ્યો વખતસર સમજી જાય અને બહારના ફેરફાર સાથે આંતરિક પરિવર્તન સ્વીકારી લે. પરંતુ અત્યારે માનવબુદ્ધિને વિજ્ઞાને એટલી બધી તો યાંત્રિક બનાવી દીધી છે કે જે ક્રાન્તિનો એને ખ્યાલ આવી રહ્યો છે તે માટે એ મુખ્યત્વે કે પૂર્ણતયા સામાજિક અને રાજકીય પુનર્વ્યવસ્થા રૂપ યાંત્રિક સાધનોથી પ્રયાસ કરે છે. પરંતુ મુખ્યત્વે સામાજિક અને રાજકીય યુકિતઓથી માનવજાતિની એકતા સ્થાયી રીતે કે સફળ રીતે સિદ્ધ નહિ કરી શકાય.

એ યાદ રહેવું જોઈએ કે કેવળ વધુ મોટી સામાજિક અને રાજકીય એકતા આશીર્વાદ રૂપ નીવડે એ કંઈ આવશ્યક નથી; એ માટેનો પ્રયાસ એટલા પૂરતો જ યોગ્ય છે, જેટલા પ્રમાણમાં એ એકતા વ્યકિતનાં અને સમાજનાં વધુ સારાં, સમૃદ્ધ, સુખી અને પ્રાણવાન જીવન માટે સાધન અને માળખાં પૂરાં પાડે. પરંતુ માનવજાતિનો અત્યાર સુધીનો અનુભવ એ પ્રકારનો નથી કે ગાઢ એકતાવાળા અને કડક પ્રશાસનવાળા વિશાળ સંઘો સમૃદ્ધ અને પ્રાણવાન માનવજીવન માટે અનુકૂળ હોય. એમ જણાય છે કે સામૂહિક જીવન, વધુ તો નાના ક્ષેત્રોમાં અને વધુ સાદા સમાજ દેહમાં પોતાને એકાગ્ર કરી શકે ત્યારે પોતાને વધુ સુસ્વસ્થ, ઉલ્લાસમય, અને વિવિધ માને છે.

માનવજાતિના ભૂતકાળનો આપણે જાણીએ છીએ તેટલા પ્રમાણમાં વિચાર કરીએ તો આપણને દેખાય છે કે માનવજીવનના રસ ઉત્પન્ન કરે એવા કાળ, એ ચિત્રપટો કે જેમાં એ સૌથી વધુ સમૃદ્ધ રીતે જીવાયું અને સર્વથી વધુ કીમતી ફાળો પાછળ મૂકી ગયું તે કાળ અને દેશ એ હતા કે જેમાં માનવજાતિ પોતાને નાનાં, સ્વાયત્ત, પરસ્પર નિકટતાના ભાવથી વર્તતાં છતાં એકબીજામાં

ભળી જઈ એકરૂપ નહિ થઈ ગયેલાં કેન્દ્રોમાં વ્યવસ્થિત કરી શકી હતી. અર્વાચીન યુરોપ એના બે તૃતિયાંશ ભાગ જેટલી સભ્યતા માટે માનવ-ઇતિહાસના એવા ત્રણ સર્વોત્તમ કાળ ખંડોને આભારી છે. પોતાને ઈઝરાઈલ કહેવરાવતી જાતિની ટોળીઓ અને પછીથી નાનાં યહૂદી રાષ્ટ્રના ધાર્મિક જીવનનો, નાનાં ગ્રીક નગર રાજ્યોનું બહુવિધ જીવનનો અને એના જેવા પરંતુ વધુ સંકુચિત મધ્યકાલીન ઇટલીના કલામય અને બૌદ્ધિક જીવનનો અને સમગ્ર એશીઆમાં ભારતના એ પરાક્રમી કાળખંડ જેવો શકિતથી સમૃદ્ધ, જીવવા યોગ્ય, ઉત્તમ અને ચિરંજીવ ફળોનો ઉત્પાદક કોઈ એવો કાળ ન હતો કે જ્યારે એ નાનાં નાનાં રાજ્યોમાં વિભકત હતું, જેમાંનાં ઘણાં અર્વાચીન જિલ્લાઓ કરતાં મોટાં ન હતાં. એનાં મહા અદ્‌ભુત કર્મો, એનો સર્વથી વધુ બળવાન અને સ્થાયી પુરુષાર્થ કે જેને આપણે, પસંદગી કરવાની હોય તો, બીજું બધું જતું કરીને પણ રાખીએ, તે સર્વ એ યુગનાં હતાં; એથી બીજી કક્ષાનો ઉત્તમકાળ પછી આવ્યો, વધુ મોટાં પરંતુ અત્યારની સરખામણીમાં નાનાં રાષ્ટ્રો અને રાજ્યોનો—પલ્લવો, ચાલુકયો, પાંડયો, ચોલા અને ચેરાનાં જેવાં. એની સરખામણીમાં ભારતે એની સરહદમાં જન્મેલાં અને અસ્ત પામેલાં મોગલ, ગુપ્ત કે મૌર્ય સામ્રાજ્યો પાસેથી ઓછું, બહુ ઓછું પ્રાપ્ત કર્યું, સિવાય કે રાજકીય અને પ્રશાસનિક વ્યવસ્થા, કંઈક કળા અને સાહિત્ય અને અમુક પ્રમાણમાં અન્ય પ્રકારનું, પરંતુ સર્વથા ઉત્તમ ગુણવાળું નહિ એવું ચિરંજીવ કામ. એમનો પ્રોત્સાહ મૌલિક, પ્રેરક અને સર્જક કર્મ કરતાં વિગત-પૂર્ણ વ્યવસ્થા પ્રત્યે વધારે પ્રમાણમાં રહ્યો.

આમ હોવા છતાં, નાનાં નગર રાજ્ય કે પ્રાદેશિક સંસ્કૃતિઓના શાસનમાં એક ખામી હમેશાં રહેતી હતી જેને કારણે એમને મોટા સમૂહો રચવા ફરજ પડતી. ખામી હતી અસ્થાયિતાની, ઘણી વાર અવ્યવસ્થાની અને ખાસ કરીને વધુ મોટાં શાસનોના હુમલા સામે અરક્ષિતતાની અને વિપુલ પાર્થિવ સુખાકારી માટે શકિતની અપર્યાપ્તતાની. આ કારણથી સંઘજીવનનું આ આગળના વખતનું રૂપ અદૃશ્ય થતું ચાલ્યું અને એને સ્થાને રાષ્ટ્રોની, રાજાશાહીઓની અને સામ્રાજ્યોની વ્યવસ્થા આવી.

અને અહીં આપણે પ્રથમ એ જોઈએ છીએ, કે નાનાં રાજ્યોના સમ-વાયોમાં સર્વથી વધુ પ્રોત્સાહવંત જીવન રહેતું, મોટાં રાજ્યો કે અતિવિશાળ સામ્રાજ્યોમાં નહિ. સામૂહિક જીવન બહુ વિશાળ ક્ષેત્રમાં વિખરાઈ જાય ત્યારે એની તીવ્રતા, અને ઉત્પાદકતા, ગુમાવતું હોય એમ દેખાય છે. યુરોપ જીવ્યું છે ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, નેધરલૅન્ડ્ઝ, સ્પેઈન, ઇટલી, જર્મનીનાં નાનાં રાજ્યોમાં—એની બધી પાછળની સભ્યતા અને પ્રગતિએ પોતાનો વિકાસ ત્યાં જ

કર્યો છે, પવિત્ર રોમન સામ્રાજ્ય કે રશિયન સામ્રાજ્યમાં નહિ. એવી જ ઘટના રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં, જ્યારે આપણે એકબીજાને પોતાની અસરથી સમૃદ્ધ કરતાં, ઝડપી અને સર્જનાત્મક પગલાંથી અને કોઈ વાર મોટી ફાળ ભરીને પ્રગતિ કરતાં રાજ્યોમાં એના ધમધમતા જીવન અને પ્રવૃત્તિવાળા યુરોપને, વિશાળ સામ્રાજ્યો અને વિરાટ પ્રદેશો, લાંબા સ્થિર નિશ્ચલ સૈકાઓ, જેમાં યુદ્ધો અને ક્રાન્તિઓ, પણ નાની તાત્કાલિક અને સામાન્ય રીતે અનુત્પાદક ઘટનાઓ જેવી જણાય છે, ધાર્મિક, તાત્ત્વિક અને કળા અંગેનાં ચિંતનોના સૈકાઓ, બીજાઓથી વેગળા રહેવાનું વલણ અને બાહ્ય જીવનની અંતિમ સ્થગિતતાવાળા એશીઆની સાથે સરખાવીએ ત્યારે જોઈએ છીએ.

બીજું, આપણે જોઈએ છીએ કે રાષ્ટ્રો અને રાજ્યોની આ વ્યવસ્થામાં જેમનું જીવન, સર્વથી વધુ પ્રાણવાન હતું તે તેમણે સંપાદન કર્યું હતું, એક પ્રકારના પ્રાણશકિતના કૃત્રિમ કેન્દ્રીકરણથી — લંડન, પારીસ કે રોમ જેવા કોઈ ઉપરી, કેન્દ્ર કે રાજધાનીના શહેરમાં. આ રીતે પ્રકૃતિએ, મોટા રાજતંત્રમાં મળતા લાભ અને વધુ મોટી સામૂહિક એકતા પ્રાપ્ત કરી અને પુરાણા કાળમાં સંસ્થાનો કે નગર રાજ્યોનાં નાનાં ક્ષેત્રોમાં એકત્રિત થઈ શકતી ફળદાયી પ્રવૃત્તિ અને એની ઉત્સાહી, જીવનભરી સિદ્ધિઓની શકયતા પણ કંઈક અંશે સાચવી. પણ આ લાભ મેળવવા જતાં રાજ્યનાં બીજાં, તાલુકા કે પ્રાન્તનાં, મથકો અને ગામડાંને તો શહેર કે નગરના ઉત્સાહ અને ધમધમાટભર્યા જીવનથી તદ્દન જુદાં પડી જાય એવાં મંદ, ક્ષુદ્ર અને સુષુપ્ત જીવન જ નસીબે રહ્યાં.

રોમન સામ્રાજ્ય આપણને રાષ્ટ્રીય સીમાઓ ઓળંગીને આગળ વધેલી એકતાની વ્યવસ્થાનું ઐતિહાસિક દૃષ્ટાંત પૂરું પાડે છે અને એના લાભાલાભ ત્યાં મૂર્તિમંત દેખાય છે. એના લાભ છે સ્તુતિપાત્ર વ્યવસ્થા, શાન્તિ, ચોતરફ ફેલાયેલી સલામતી, સ્થિર વહીવટ અને બાહ્યજીવનની સુખશાન્તિ; ગેરલાભ એ છે કે એવા સામ્રાજ્યમાં વ્યકિત, નગર, જિલ્લા કે પ્રાન્ત જેવા નાના ઘટકો પોતાનું સ્વાયત્ત જીવન ગુમાવે છે, મોટા યંત્રોના ભાગ જેવા બની જાય છે; અને એમનું જીવન રંગહીન, સમૃદ્ધિહીન, વૈવિધ્યહીન — પરતંત્ર અને સર્જકશકિત વિનાનું બની જાય છે. તંત્ર વિશાળ અને વખાણવા યોગ્ય હોય છે પરંતુ એમાં વ્યકિત ક્ષુદ્ર અને અભિભૂત થઈ ગઈ હોય છે, વણછાઈ જાય છે; અને અંતે વ્યકિતની ક્ષુદ્રતા અને અલ્પશકિતના પરિણામે વિસ્તૃત તંત્ર અનિવાર્ય રીતે અને ધીરે ધીરે એની સ્થિતિચુસ્તતાનું બળ પણ ગુમાવે છે અને એ માર્ગે વધતી જતી સ્થગિતતામાં મરણશરણ થાય છે. બહારથી અસ્પૃષ્ટ અને અકબંધ દેખાતું હોવા છતાં માળખું સડી ગયું હોય છે, એમાં તરડો પડી ગયેલી હોય છે અને એ પહેલે ધક્કે જ તૂટી પડે છે. આવાં તંત્રો, આવા

યુગો, સિદ્ધિઓની સાચવણી માટે ઉપયોગી હોય છે, રોમન સામ્રાજ્ય પણ જેમ એની પહેલાંના સમૃદ્ધ શતકોની સિદ્ધિઓને પાકી રીતે સ્થિર કરવામાં કામયાબ નીવડ્યું તે રીતે. પરંતુ, એવાં સામ્રાજ્યો જીવન અને વિકાસને અવરોધે છે.

તો આપણે જોઈએ છીએ કે આજકાલ કેટલાક માણસો જેનાં સ્વપ્ન સેવવા લાગ્યા છે એવા સામાજિક, રાજકીય કે વહીવટી તંત્ર નીચે માનવ-જાતિને લાવવાથી કેવાં પરિણામ આવવાનો સંભવ છે. આ કામ માટે બહુ જ મોટા અને વિશાળ તંત્રની જરૂર પડશે જેની નીચે વ્યકિતનું અને પ્રદેશનું જીવન કચરાઈ જશે, વામણું બની જશે—જેમ એક છોડ અવકાશ, વરસાદ, વાયુ અને તાપ ગુમાવતાં ગંઠાઈ જાય છે અને સુકાઈ જાય છે તેમ; અને માનવજાતિ માટે, આનો અર્થ, આપણી પ્રથમ અને આનંદમય પ્રવૃત્તિમય ઉજવણી પછી વધતી જતી મંદતા, અપ્રવાહિતા અને ક્રમિક વિનષ્ટિનો લાંબો સમય એવો થશે.

પરંતુ માનવજાતિની એકતા, સ્પષ્ટ રીતે, પ્રકૃતિની અંતિમ યોજનાનો ભાગ હોય એમ દેખાય છે અને તે અવશ્ય આવશે. માત્ર એટલું જ કે એ અન્ય સંયોગો નીચે અને એવી સલામતીઓ સાથે આવવી જોઈએ કે જે જાતિને, એની પ્રાણશકિતનાં મૂળોમાં સ્થિર અને એની એકતામાં વૈવિધ્ય-પૂર્ણ રાખે.

# ભૂતકાલીન સમૂહોની ઊણપ

પ્રકૃતિની સમગ્ર ગતિ, જીવનના બે ધ્રુવોની સમતુલા-સમષ્ટિ કે સમૂહ કે જે વ્યક્તિને પોષે છે અને વ્યક્તિ કે જે સમષ્ટિ અથવા તો સમૂહને રચવામાં મદદ કરે છે, તે બેની વચ્ચેના સંવાદમય વલણ પર આધાર રાખે છે. માનવજીવન આ નિયમમાં અપવાદરૂપ નથી. એટલે, માનવજીવનની પૂર્ણતામાં વ્યક્તિ અને સામાજિક સમષ્ટિ રૂપ, આપણા અસ્તિત્વના બે ધ્રુવોની અદ્યાપિ પર્યંત નહિ સધાયેલી સંવાદિતાની અભિવૃદ્ધિનો સમાવેશ થવો જોઈએ. પૂર્ણ સમાજ એવો હશે કે જે વ્યક્તિના વિકાસને સર્વ રીતે સાનુકૂળ હશે અને વ્યક્તિનો વિકાસ, જો એ જે સમૂહનો ભાગ છે તેનો અને આખરે માનવ-જાતિનો કે જે સર્વથી વધુ મોટો શક્ય માનવસમૂહ છે તેની પૂર્ણતાને સહાયક ન થાય તો, અધૂરો રહેશે.

કારણ કે પ્રકૃતિની ક્રમિક પદ્ધતિ એક સંકીર્ણતા ઊભી કરે છે કે જેને કારણે વ્યક્તિ સમસ્ત માનવજાતિ સાથે સરળ અને સીધા સંબંધમાં ઊભો નથી રહી શકતો, તેથી એની અને આ અતિ વિશાળ સમષ્ટિ વચ્ચે એક અંશે મદદરૂપ અને અમુક અંશે અંતરાય રૂપ નાના સંઘો કે જે માનવ-સંસ્કૃતિના માર્ગમાં વિકાસના તબક્કા રૂપે રચવા આવશ્યક હતા તે ખડા થાય છે. કારણ કે સ્થાન સ્થાન વચ્ચેનાં અંતર, વ્યવસ્થા સ્થાપવામાં આવતાં વિઘ્નો અને માનવ-હૃદય અને મસ્તિષ્કની સંકુચિતતાઓએ પ્રથમ નાના, પછી મોટા, પછી એથીયે મોટા સંઘોની રચના આવશ્યક બનાવી છે કે જેથી એ પ્રગતિમાન ઉપગમથી ધીમે ધીમે અંતિમ વૈશ્વિકતા માટે તૈયાર થાય ત્યાં સુધી કેળવાતો જાય. કુટુંબ, કુળ કે કબીલો, વર્ગ, નગર, રાજ્ય કે પરિવાર-જૂથ, રાષ્ટ્ર અને સામ્રાજ્ય—આ પ્રગતિ અને ઉત્તરોત્તર વૃદ્ધિના એટએટલા તબક્કા છે. જો મોટા સંઘ સફળ રીતે સ્થપાય તે સાથે નાના સંઘ વિલીન થતા જાય તો આ ક્રમબદ્ધ ન થતી ઉન્નતિથી કોઈ મુશ્કેલી ઊભી ન થાય, પરંતુ પ્રકૃતિ આ માર્ગે જતી નથી. એ તો એક વાર જે નમૂનો

તૈયાર કરે છે તેનો જવલ્લે જ સમૂળો ઉચ્છેદ કરે છે અથવા તો જેનો કોઈ ઉપયોગ રહ્યો નથી હોતો તેનો જ વિનાશ કરે છે; બાકીના નમૂનાઓને એની વૈવિધ્ય, સમૃદ્ધિ અને અનેકરૂપતાની આવશ્યકતા માટે અને એમને માટેના એના શોખને કારણે સાચવી રાખે છે, અને જે વિસ્તૃત એકતા એ રચવા માગે છે તેમાં વિઘ્નરૂપ ન થાય એવી રીતે એમની વચ્ચેની વિભાજક રેખાઓને ભૂંસી નાખે છે અથવા તો એ નમૂનાઓની વિશિષ્ટતાઓ અને એમના પરસ્પર સંબંધોમાં ફેરફાર કરી લે છે. એ કારણથી માનવજાતિની સમક્ષ પગલે પગલે, અવનવી મુશ્કેલીઓ, કેવળ વ્યકિત અને એના નિકટતમ સંઘ કે કોમનાં હિતોની વચ્ચે જ માત્ર નહિ પરંતુ નાના સમૂહોનાં હિતો અને આવશ્યકતાઓ અને એમને જે પોતાના વર્તુળમાં સમાવી લેવાની છે એ વધુ મોટી સમષ્ટિના વિકાસની વચ્ચે પણ ઊભી થાય છે.

ઇતિહાસે આપણા લાભાર્થે આવી વેદનાઓની છૂટક છૂટક ઘટનાઓ— હાર અને જીતના પ્રસંગો સાચવી રાખ્યા છે, જે ઘણા શિક્ષાપ્રદ છે. આપણે જોઈએ છીએ યહૂદી અને આરબ બે સેમિટિક રાષ્ટ્રોના કબીલાઓના સમૂહીકરણ માટેનો સંઘર્ષ, પહેલામાં એ વેદનાનો અંત આવ્યો બે રાજ્યોમાં વિભાજન રૂપે કે જે યહૂદી રાષ્ટ્રની નિર્બળતાનું કાયમી કારણ બની રહ્યું અને બીજામાં એનો અંત આવ્યો ઈસ્લામની ત્વરિત એકીકરણની શકિત દ્વારા, જોકે માત્ર અમુક વખત માટે. નાના કબીલાઓનું રાષ્ટ્રરૂપ સંઘટન કરવામાં નિષ્ફળતા આપણે કેલ્ટીક પ્રજાના ઇતિહાસમાં જોઈએ છીએ, પૂરેપૂરી હારના રૂપમાં આયર્લૅન્ડ અને સ્કોટલૅન્ડમાં, જેની વેદનાનો અંત પરદેશી અમલ અને સંસ્કૃતિ નીચે કબીલાઓનું જીવન કચરાઈ ગયું ત્યારે આવ્યો અને જેમાંથી છેલ્લી ઘડીએ માત્ર વેલ્સ બચી જવા પામ્યું. ગ્રીસની તવારીખમાં આપણે જોઈએ છીએ નગર રાજ્યો અને નાની પ્રાદેશિક પ્રજાઓની એકત્રિત થવાના પ્રયાસની નિષ્ફળતા અને રોમન ઈટલીના વિકાસમાં પ્રકૃતિના એવા જ પ્રયાસની અનેરી સફળતા. અને ભારતનો છેલ્લા બે હજાર વરસથી પણ વધારે લાંબો સમસ્ત ભૂતકાળ અસાધારણ સંખ્યા અને વિવિધતાવાળાં કુટુંબ, ગોળ, કુલ, જ્ઞાતિ, નાનાં પ્રાદેશિક રાજ્ય કે પ્રજા, ભાષાકીય એકમ, ધાર્મિક સમાજ, રાષ્ટ્રની અંદર રાષ્ટ્ર, વગેરે અસમાન તત્ત્વોની કેન્દ્રત્યાગી વલણને અભિભૂત કરવાના અને કદી કદી વિજયની અણી સુધી પહોંચતા પરંતુ વળી પાછા વ્યર્થ થઈ જતા પ્રયાસના નમૂના રૂપ છે. આપણે કહી શકીએ કે કદાચ અહીં પ્રકૃતિએ અદ્વિતીય સંકીર્ણતાઓ અને શકય સંસિદ્ધિઓ માટે સર્વ શકય વિઘ્નોને એકઠાં કરી અતિ સમૃદ્ધ પરિણામ લાવવા માટે પ્રયોગ કર્યો છે. પરંતુ આખરે પ્રશ્નનું નિરાકરણ અશકય પુરવાર થયું, કંઈ નહિ તો, નિરાકરણ આવ્યું નહિ અને પ્રકૃતિએ

એના શિરસ્તા મુજબ પરદેશી સત્તા રૂપે યંત્રમાંથી દેવતાને (Deus ex Machina) ઉતારવો પડ્યો.

પરંતુ જ્યારે રાષ્ટ્ર સંતોષકારક રીતે વ્યવસ્થિત થઈ ગયું હોય છે, કે જે અત્યાર સુધીમાં પ્રકૃતિએ સફળતાપૂર્વક સંયોજિત કરેલું મોટું એકમ છે, ત્યારે પણ સંપૂર્ણ એકતા સર્વદા સધાઈ હોતી નથી. આંતરિક સંઘર્ષનું બીજું કારણ ન રહ્યું હોય તો પણ વર્ગોનો વિગ્રહ સર્વદા શકય રહે છે, અને આ ઘટના આપણને માનવજીવનમાં પ્રકૃતિના આ ક્રમબદ્ધ વિકાસના એક બીજા નિયમ પ્રત્યે દોરી જાય છે તે જ્યારે આપણે માનવએકતા કેટલા પ્રમાણમાં સિદ્ધ કરી શકાય એમ છે એનો વિચાર કરીશું ત્યારે બહુ મહત્ત્વનો થઈ પડશે. પૂર્ણ બનેલા સમાજમાં અથવા તો અંતે પૂર્ણ થએલી માનવતામાં વ્યકિતની પૂર્ણતા — હમેશાં પૂર્ણતાના સાપેક્ષ અને પ્રગતિમાન અર્થમાં — એ પ્રકૃતિનો અનિવાર્ય ઉદ્દેશ છે. પરંતુ સમાજમાં વ્યકિતઓની પ્રગતિ સમાન ગતિએ ચાલતી નથી. કેટલાક આગળ વધે છે, બીજા પૂરેપૂરા કે વત્તેઓછે અંશે ત્યાંના ત્યાં રહે છે અને વળી બીજા પાછા પડે છે. પરિણામે સમૂહની અંદરથી જ કોઈ એક પ્રભાવી વર્ગનો ઉદ્‌ભવ અનિવાર્ય બને છે, જેવી રીતે સંઘો વચ્ચેના ચાલુ સંઘર્ષોમાંથી પ્રભાવી રાષ્ટ્રોનો ઉદ્‌ભવ અનિવાર્ય બને છે તેવી રીતે. પ્રકૃતિને પ્રગતિ કે પછી પીછેહઠ માટે જે પ્રકારની જરૂર હશે તેવો વિકાસ જે વર્ગનો સવિશેષ થયો હશે તે વર્ગને પ્રકૃતિ પ્રભુત્વ બક્ષશે. જો પ્રકૃતિ શકિત અને ચારિત્ર્ય માગે તો અમીર વર્ગ—કુળવાન શાહીનો ઉદ્‌ભવ થાય છે; જો જ્ઞાન અને વિજ્ઞાન માગે તો સાક્ષર અને વિજ્ઞાની વર્ગ પ્રભુત્વવાળો થાય છે, જો વ્યવહારુ ક્ષમતા, કુનેહ, કરકસર અને કામયાબ વ્યવસ્થાની માંગ કરે તો નાગરિક કે વૈશ્ય વર્ગને સામાન્ય રીતે ધારાશાસ્ત્રીની આગેવાની નીચે પ્રભુતા આપે છે. જો સુખાકારી અને શ્રામવ્યવસ્થા એકકેન્દ્રી રાખવાને બદલે સર્વ સામાન્ય બનાવવાં હોય તો કારીગર વર્ગનું પ્રભુત્વ પણ અશકય નથી.

પરંતુ પ્રભુવર્ગો કે પ્રભુરાષ્ટ્રોની આ ઘટના અલ્પકાલિક હોય છે, કાયમી નહિ; કારણ કે માનવજીવનમાં પ્રકૃતિનું અંતિમ ધ્યેય થોડાઓને હાથે બહુનું શોષણ ન હોઈ શકે કે બહુ જણ થોડાને દબાવે એ પણ ન હોય; માનવજાતિનો મોટો ભાગ અવશ, ડૂબેલો અને અબૂઝ ગુલામ રહે એના ભોગે કેટલાંકની પૂર્ણતા સધાય એ તો કદાપિ ન હોઈ શકે; આ કેવળ કામચલાઉ વ્યવસ્થા જ હોઈ શકે. આ કારણે આપણે જોઈએ છીએ કે આવી પ્રભુતાઓના વિનાશનાં બીજ એમની પોતાની અંદર જ હોય છે. એમનો અંત આવે છે નિષ્કાસનથી કે એમનામાંના શોષક તત્ત્વના વિનાશ દ્વારા અથવા તો સંમિશ્રણ કે સમાનીકરણથી. યુરોપ અને અમેરિકામાં આપણે જોઈએ છીએ

કે પ્રભુબ્રાહ્મણ અને પ્રભુક્ષત્રિયનો નાશ કરવામાં આવ્યો છે, અથવા તો તેઓ સામાન્ય જનતામાં ઊતરી જવાની અણી પર છે. બે સખત જુદા વર્ગો માત્ર રહ્યા છે, સત્તાધીશ મૂડીદારોનો અને શ્રમજીવીઓનો, અને આજની સર્વ હેતુમતી પ્રવૃત્તિઓનું ધ્યેય આ છેલ્લાં પ્રાબલ્યોનો અંત લાવવાનું છે. આ આગ્રહી વલણમાં, યુરોપ પ્રકૃતિની ઉત્તરોત્તર પ્રગતિની યાત્રાના કાનૂનને અનુસર્યું છે, એની અંતિમ સમાનતા પ્રત્યેના વલણને કેવળ નિરપેક્ષ સમાનતા તો કલ્પવામાં નથી આવી કે એ નથી શકય, જેવી રીતે કેવળ નિરપેક્ષ એકરૂપતા પણ શકય નથી અને ઇચ્છનીય પણ નથી; પરંતુ પાયાની સમાનતા કે જે સાચી જયેષ્ઠતાને અને ભિન્નતાની લીલાને અકલેશકર બનાવી દે છે તેની તો માનવજાતિની કોઈ પણ કલ્પી શકાય એવી પૂર્ણતામાં જરૂર છે.

એટલે, પ્રભુત્વ ભોગવતા અલ્પસંખ્યક વર્ગ માટે સાચી સલાહ, સર્વદા એ છે કે, વખતસર યોગ્ય સમય પારખી લેવો, સત્તા પરથી ઊતરી જવું અને પોતાના આદર્શો, ગુણો, સંસ્કૃતિ અને અનુભવ સંઘના બાકીના સર્વમાં કે એ પ્રગતિ માટે તૈયાર હોય તે ભાગમાં ફેલાવી દેવાં. જ્યાં આ પ્રમાણે કરવામાં આવે છે ત્યાં સમાજ રૂપી વિચ્છેદ, આઘાત કે વ્યાધિ વગર સંઘ પ્રગતિ કરતો રહે છે, નહિ તો એની પ્રગતિ પરાણે ઉદ્દામ અને અશૃંખલ થાય છે, કારણ કે માનવી અહંકાર પોતે નક્કી કરેલા વિચાર કે આવશ્યકતાને હમેશ માટે વિફળ કરે એ પ્રકૃતિ સહન નહિ કરે. જ્યાં પ્રભુવર્ગો એમની ઉપર પ્રકૃતિએ કરેલી માંગને સિફતથી ટાળી દે છે તે સમાજરૂપી સંઘને કષ્ટતમ નિયતિઓ ઝડપી લે છે—જેમ કે ભારતમાં બ્રાહ્મણો અને અન્ય અધિકૃત વર્ગોએ પ્રજાના બીજા વર્ગોને પોતાની સમાન કક્ષાએ ઉપર બોલાવી લેવાનો ઇન્કાર કર્યો અને પોતાની અને સમાજના બાકીના ભાગની વચ્ચે ન ઓળંગી શકાય એવો અખાત સ્થિર કરી દીધો કે જે વસ્તુ એમની આખરી અવનતિ અને જીર્ણાવસ્થાનું મુખ્ય કારણ બની છે. કારણ કે જ્યારે એના ધ્યેયોને નિષ્ફળ કરવામાં આવે છે, ત્યારે પ્રકૃતિ અનિવાર્ય રીતે એની શકિતને અપરાધી એકમમાંથી પાછી ખેંચી લે છે, અવરોધને શૂન્યવત્ બનાવી દેવા માટે એ અન્ય અને બાહ્ય સાધનોને અંદર લાવી કામે લગાડી દે છે.

પરંતુ આંતરિક એકતા પૂર્ણ બને, સામાજિક, પ્રશાસનિક અને સાંસ્કૃતિક તંત્ર એને બનાવી શકે એવી એ સંપૂર્ણ બને તો પણ વ્યકિતનો પ્રશ્ન તો રહે છે. કારણ કે આ સામાજિક એકમો કે સંઘો માનવી દેહ જેવાં હોતાં નથી કે જ્યાં દેહનાં ઘટક તત્ત્વો દેહની બહાર કોઈ જુદા જીવન માટે શકિતમાન હોતાં નથી. માનવ-વ્યકિત પોતાની અંદર જ જીવવાની અને કુટુંબ, કુળ, વર્ગ અને રાષ્ટ્રની મર્યાદાઓ ઓળંગવાની વૃત્તિ ધરાવે છે; અને એક બાજુએ

સ્વપર્યાપ્તતા અને બીજી બાજુએ વૈશ્વિકતા પણ એની પૂર્ણતાનાં આવશ્યક તત્ત્વો છે. એ કારણે જેવી રીતે સામાજિક સમૂહની એ પદ્ધતિઓ જે એક વર્ગ કે વર્ગોના બીજાઓ ઉપરના પ્રભુત્વ પર આધાર રાખે છે તેમણે બદલાવું રહે છે કે મટી જવું પડે છે તેવી જ રીતે જે સામાજિક સંઘો વ્યક્તિની આ પૂર્ણતાના માર્ગમાં અવરોધ કરે છે અને એને એમનાં સાંકડાં બીબાંમાં અને એમની સંકુચિત સંસ્કૃતિઓની સખ્તાઈમાં કે વર્ગ અથવા રાષ્ટ્રના ક્ષુદ્ર હિતમાં પરાણે પૂરી રાખે છે, તેમણે પોતાનાં પરિવર્તનની કે પ્રગતિમાન પ્રકૃતિના અપ્રતિહત ધસારા નીચે એમના વિનાશની અવધિ અને દિનમાન શોધી લેવાં જોઈએ.

પ્રકરણ ૩

# વર્ગ અને વ્યક્તિ

પ્રકૃતિની એ એવી સતત પદ્ધતિ છે કે જ્યારે એને સંવાદિતાનાં બે તત્ત્વોની વચ્ચે સમાધાન કરવું હોય છે ત્યારે પ્રથમ એ બે તત્ત્વોની વચ્ચે લાંબું ચાલુ સમતોલન કરવા લાગે છે, જેમાં એ કોઈ વાર સંપૂર્ણ રીતે એક બાજુ પર અને બીજી વાર બીજી બાજુએ ઝૂકતી અને પછી, બન્નેની અતિશયતાઓને, વત્તાઓછા કામચલાઉ પણ કામયાબ ફેરફાર વડે કે એમને શાન્ત પાડે એવું સમાધાન કરી, સુધારી લેતી દેખાય છે. એ સ્થિતિમાં એ બે તત્ત્વો, એક-બીજાને જરૂરી વિરોધીઓ તરીકે સામે થતાં અને તેથી એમના સંઘર્ષના આખરી નતીજા માટે લડી લેતાં જણાય છે, કારણ કે બન્નેને એમનો અહંભાવ હોય છે અને સર્વ વસ્તુઓની જન્મજાત વલણ કે જે એમને માત્ર આત્મરક્ષણ પ્રત્યે નહિ પરંતુ એમના સ્વત્વના સમર્થન માટે, એમની સુપ્રાપ્ય શક્તિ પ્રમાણે પ્રેરે છે. તદનુસાર તે બન્ને એવા પરિણામ માટે પ્રયાસ કરે છે કે જેમાં પોતાને સૌથી મોટો હિસ્સો મળે અને બીજાના અહંભાવને બની શકે તો સંપૂર્ણ રીતે પોતાને આધીન કરી લે કે એને સંપૂર્ણ રીતે પોતે ગળી જાય. આમ સંવાદિતા પ્રત્યેની પ્રગતિ, શક્તિઓના સંઘર્ષ દ્વારા સિદ્ધ થાય છે અને એ ઘણી વાર સમજૂતી કે પરસ્પર અનુકૂળ થવાના પ્રયત્ન જેવી નહિ પરંતુ એકબીજાને ગળી જવા માગતી હોય એવી દેખાય છે. પરિણામે, ગળી જવું એટલે એકબીજાને ગળી જાય એમ નહિ પરંતુ પ્રત્યેક બીજાને ગળી જાય કે જેથી બન્ને પૂરેપૂરા બીજામાં અને બીજારૂપે જીવતા રહે, એ છે આપણો એકતાનો ઉચ્ચતમ આદર્શ. એ છે પ્રેમનો અંતિમ આદર્શ જેને પહોંચવા સંઘર્ષ અજ્ઞાન દ્વારા પ્રયત્ન કરે છે; કારણ કે સંઘર્ષથી માત્ર બે વિરોધી દાવાઓના સમાયોગ પર પહોંચી શકાય, કાયમી મૈત્રી પર નહિ, બે પરસ્પર વિરોધી અહંભાવોની પતાવટ થઈ શકે, એ બેનું એકબીજામાં સંમીલન નહિ. તે છતાં સંઘર્ષ એક એવી વધતી જતી ઓળખાણ પ્રત્યે દોરી જાય છે કે જે આખરે સાચી એકતા માટેના પ્રયત્નને શક્ય બનાવે છે.

વ્યકિત અને સમૂહના સંબંધોમાં, પ્રકૃતિનું આ ચાલુ વલણ, એક સરખાં ઊંડાં મૂળવાળાં, બે માનવ-વલણો, વ્યકિતવાદ અને સમૂહવાદ વચ્ચે સંઘર્ષ રૂપે દેખા દે છે. એક બાજુ છે રાજ્યનો સર્વાંગી અધિકાર, સંપૂર્ણતા અને વિકાસ, બીજી બાજુએ છે માનવ-વ્યકિતનાં વિશિષ્ટ સ્વાતંત્ર્ય, પૂર્ણતા અને વિકાસ. એક બાજુએ એક નાના કે મોટા જીવતા યંત્રરૂપ રાજ્યનો વિચાર અને બીજી બાજુએ વધુ અને વધુ પૃથક્ અને પ્રોજ્જવલ પુરુષ માનવ વર્ધમાન દેવરૂપી માનવનો વિચાર એ અવિરત વિરોધમાં ઊભાં છે. રાજ્યનું ક્ષેત્રફળ આ સંઘર્ષની વાસ્તવિકતામાં કોઈ ફેર પાડતું નથી અને એના લાક્ષણિક સંયોગોમાં પણ એ ફેર પાડે એવું કંઈ નથી. એ હતું એક વખતે કુટુંબ યા તો કબીલો કે નગરી યા તો પુરી; પછી એ બન્યું જાતિ, જ્ઞાતિ અને વર્ગ, કુલ અને લોક, હવે એ છે રાષ્ટ્ર, કાલે કે પરમે એ સમગ્ર માનવજાતિ બની જાય. પરંતુ ત્યારે પણ, મનુષ્ય વ્યકિત અને માનવજાતિની વચ્ચે, મુકત થતા જતા પુરુષ અને સર્વગ્રાહી સામૂહિકતાની વચ્ચે સમસ્યા ઊભી રહેશે.

જો આપણે માત્ર ઇતિહાસ અને સમાજશાસ્ત્રમાં મળે છે એટલી બીનાઓને ધ્યાનમાં લઈએ તો આપણે ધારવું જોઈએ કે આપણી જાતિએ શરૂઆત કરી સર્વગ્રાહી સમૂહથી કે જેને વ્યકિત સર્વ રીતે આધીન હતો અને જેમાં એની વધતી જતી વ્યકિતતા એ તો મનુષ્ય જાતિના વિકાસનો માત્ર એક પ્રસંગ હતો, એના વધતા જતા સભાન મનનું માત્ર ફળ હતો. આપણે ધારી શકીએ કે માણસ મૂળે તો યુથચારી હતો, જીવન રક્ષા માટે સંહતિ એને જરૂરી હતી; અને આત્મરક્ષા એ પ્રાણીમાત્રની પહેલી આવશ્યકતા છે એટલે માનવ-વ્યકિત સંઘની શકિત અને સલામતીનું એક સાધન માત્ર બની રહે છે, અને જો આપણે શકિત અને સલામતીમાં વિકાસ, ક્ષમતા, આત્મપ્રતિપત્તિ અને આત્મ-સંરક્ષણને પણ ઉમેરીએ તો આ હજીયે સર્વ સમૂહવાદનો પ્રભાવી વિચાર છે. સંયોગ અને પરિસ્થિતિમાંથી આ વલણ જન્મ્યું છે. પાયાની વસ્તુઓમાં વધારે નિરીક્ષણ કરતાં આપણને સમજ પડે છે કે પૃથ્વીતત્ત્વમાં સમુદાયની લાક્ષણિકતા છે એકરૂપતા; જ્યારે મુકત વૈવિધ્ય અને વૈયકિતક વિકાસ જીવન અને મનના વિકાસ સાથે પ્રગતિ કરે છે. એથી જો આપણે મનુષ્યને મનોમય સત્ત્વનો પૃથ્વીમાં અને પૃથ્વીમાંથી વિકાસ ધારીએ, તો આપણે માનવું પડે કે એ શરૂઆત કરે છે એકરૂપતાથી અને વ્યકિતની અધીનતામાંથી અને પ્રયાણ કરે છે વ્યકિતના વૈવિધ્ય અને સ્વાતંત્ર્ય પ્રત્યે. સંયોગ અને પરિસ્થિતિની આવશ્યકતા અને અસ્તિત્વના એના પાયાના સિદ્ધાંતોનો અનિવાર્ય કાનૂન એ બન્ને, આપણને એક જ નિર્ણય પર, એના ઐતિહાસિક અને પ્રાગૈતિહાસિક વિકાસની એક જ પ્રક્રિયા પ્રત્યે પહોંચાડશે.

પરંતુ મનુષ્ય જાતિની એક પ્રાચીન પરંપરા પણ છે જેને ઉવેખવી કે માત્ર કપોલકલ્પિત ગણવી એ સલામત નથી, એ કે સામાજિક રાજ્ય પહેલાં બીજી મુકત અને અસામાજિક વ્યવસ્થા હતી. આધુનિક વિજ્ઞાનના ખ્યાલો પ્રમાણે, જો કોઈ કાળે એવી અવસ્થા હતી, અને એ ચોક્કસ તો નથી જ, તો તે માત્ર અસામાજિક નહિ પરંતુ સમાજવિરોધી સ્થિતિ હશે; એ એક એકલવાયા અને શિકાર પર જીવતા પશુરૂપની હશે. માનવ એના વિકાસના માર્ગે ટોળામાં ફરતા પશુની પાયરીએ પહોંચ્યો તે પહેલાંની. પરંતુ પરંપરા વધારે તો છે સુવર્ણ યુગની કે જેમાં મનુષ્ય સમાજ વગર સામાજિક હતો. એ કાનૂનો અને સંસ્થાઓથી અબાધિત, પરંતુ કુદરતી સ્ફુર્જિતા કે મુકત સમજશકિતથી જીવતો, એના જીવનના સાચા કાનૂનને પોતાની અંદર જ રાખતો હતો અને એને ન તો બીજાઓના શિકાર પર જીવવાની કે સમાજની ધૂંસરી નીચે સંયમિત રહેવાની જરૂર પડતી હતી. જો ઇચ્છીએ તો આપણે એમ કહી શકીએ કે, આ પરંપરામાં માનવજાતિની ઊંડાણમાં બેઠેલી સ્મૃતિ સાથે કવિ–સુલભ કે આદર્શવાદી કલ્પનાએ રમત કરી છે કે પ્રથમના સુધરેલા માણસે જાતિના પહેલાંના અવ્યવસ્થિત, જંગલી અને અસામાજિક અસ્તિત્વ વિષેની એની સ્મૃતિમાં પોતાના મુકત, અનિયંત્રિત, સુખી અને ઐચ્છિક મેળાપના આદર્શને જોયો છે. પરંતુ એ પણ શકય છે કે આપણી પ્રગતિ સીધી રેખાએ આગળ ન વધી હોય પરંતુ ચક્રાકારે થઈ હોય, અને એ કે એ કાળચક્રોમાં આંશિક સિદ્ધિઓના એવા સમય આવ્યા હોય કે જેમાં મનુષ્ય તાત્ત્વિક અરાજકતાવાદના ઉન્નત સ્વપ્ન પ્રમાણે પ્રેમ, પ્રકાશ, સદ્‌ભાવ, સદ્‌વિચાર અને સદ્‌વર્તનના આંતરિક કાનૂન પ્રમાણે સાહચર્યમાં જીવવા શકિતમાન થયો હોય અને નહિ કે રાજાઓ અને સંસદો, કાનૂનો, સિપાઈઓ અને દંડ વિધિઓ એ બધી જુલ્મી અસ્વસ્થતા, ક્ષુદ્ર કે મોટી સતામણી અને દબામણી અને સ્વાર્થ અને ભ્રષ્ટતાની વિકૃતાકાર વણઝાર કે જે મનુષ્ય પર મનુષ્યના જબરદસ્તીથી ચલાવાતા શાસનમાં એ વસ્તુઓના દબાણ નીચે પરાણે ઠોકી બેસાડેલી એકતામાં સામાન્ય થઈ પડી છે. એ પણ શકય છે કે આપણી મૂળ સ્થિતિ પશુસહજ મુકત પ્રવાહમાન સાહચર્યની હતી અને એ કે આપણી અંતિમ આદર્શ સ્થિતિ મુકત અને પ્રવહમાન સાહચર્યયુકત પ્રતિબદ્ધ સ્ફુર્જિત સાહજિકતાની થશે. આપણી નિયતિ હોય મૂળ પાશવિક સાહચર્યના દેવોના સમાજમાં રૂપાન્તરની આપણી પ્રગતિ પ્રકૃતિને પ્રતિબિંબિત કરતી સહેલી સાહજિક એકરૂપતા અને સંવાદમાંથી ભગવાનને પ્રતિબિંબિત કરતી, આત્મસ્થ એકતા પ્રત્યે દોરી જતી આડીઅવળી પરિક્રમા હોય.

એ જેમ હોય તેમ, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર આપણને ધર્મોના કે અન્ય

આદર્શોની ઐચ્છિક એકલતા કે ઐચ્છિક સહચાર માટેના પ્રયત્નોની બહાર માત્ર વત્તા કે ઓછા પ્રમાણમાં વ્યવસ્થિત સમૂહમાં રહેતા મનુષ્ય વિષે કહે છે અને સમૂહમાં સર્વદા બે પ્રકાર હોય છે. એક પ્રતિપાદિત કરે છે વ્યક્તિને ભોગે રાજ્ય વિચારને,—દા. ત. પ્રાચીન સ્પાર્ટા અને અર્વાચીન જર્મની; બીજો પ્રતિપાદિત કરે છે રાજ્યની સર્વોપરીતાને, પરંતુ જે એ સાથે એને રચનાર વ્યક્તિઓને બને તેટલી વધારે સ્વતંત્રતા, સત્તા અને મહિમા, એના નિયમનને અનુકૂળ રહે એ પ્રમાણે આપવા માગે છે, જેમ કે પુરાતન ઍથેન્સ, અદ્યતન ફ્રાન્સ. પરંતુ આ બે પ્રકારમાં ત્રીજાનો ઉમેરો થયો છે જેમાં રાજ્ય શક્ય હોય તેટલી વધુમાં વધુ સત્તા વ્યક્તિને સોંપી દે છે, અને નિર્ભીક રીતે જાહેર કરે છે કે એનું અસ્તિત્વ વ્યક્તિના વિકાસ માટે છે અને એની સ્વતંત્રતા, મહિમા અને સફળતા માનવતાની સલામતી માટે છે, જે નિર્ભીક વિશ્વાસ સાથે એ શોધવા પ્રયોગ કરે છે કે આખરે રાજ્યની સુખાકારી, બલવત્તા અને વિસ્તાર માટે વ્યક્તિની વધુમાં વધુ સ્વતંત્રતા, મહિમા અને માનવતા એ સારામાં સારી બાંહેધરી છે કે નહિ. આ પ્રકારનું હમણાં સુધી મોટું દૃષ્ટાંત છે ઇંગ્લૅન્ડ—ઇંગ્લૅન્ડ મુક્ત થયેલું, સમૃદ્ધ, સશક્ત, માત્ર એના આંતરિક વિચારના બળને લીધે જ અપરાજિત અદ્વિતીય વિસ્તાર, સામ્રાજ્ય અને સદ્‌ભાગ્યથી દેવોનો આશીર્વાદ પામેલું ઇંગ્લૅન્ડ. કારણ કે એણે ભય નથી રાખ્યો પોતાના આ વલણને આધીન રહેવામાં અને આ મહાન પ્રયાસનાં જોખમ વહોરવામાં અને ઘણી વાર એને પોતાના ટ્રૂષિય અહંભાવની સીમાઓની બહાર લાગુ પાડવામાં પણ. કમનસીબે, એ અહંકાર, જાતિની ઊણપો અને સીમિત વિચારનું અતિ–પ્રતિપાદન કે જે આપણી માનવ-અજ્ઞાનતાનું લક્ષણ છે, એ વસ્તુઓએ એ વલણને શક્ય એટલો ઊંચો અને સમૃદ્ધ આવિષ્કાર આપતાં કે એનાથી બીજાં પરિણામો સિદ્ધ કરતાં રોક્યું છે કે જે વધુ સખ્ત વ્યવસ્થિત રાજ્યોએ પ્રાપ્ત કર્યાં છે કે પ્રાપ્ત કરી રહ્યાં છે અને પરિણામે આપણે સંઘ કે રાજ્ય રૂપ સામૂહિક જીવનનો વિચાર પુરાણી અંગ્રેજી પરંપરાને તોડી પાડતો જોઈએ છીએ, અને એ પણ શક્ય છે કે બહુ સમય વીતે તે પહેલાં એ મહાપ્રયાસનો અંત નિષ્ફળતાની શોચનીય કબૂલાતમાં જર્માનિક શિસ્ત અને કાર્યક્ષમ વ્યવસ્થાનો સ્વીકાર કરીને આવી ગયો હશે, જેની પ્રત્યે સારીએ સુધરેલી માનવજાતિ હવે વળતી લાગે છે. એવો વિચાર જરૂર આવે કે શું આમ કરવું ખરેખર આવશ્યક હતું ? શું વધુ સૂક્ષ્મ અને સાવચેત બુદ્ધિથી પ્રદીપ્ત એવા વધુ દૃઢ વિશ્વાસ દ્વારા અને નવી અને મુક્તતર રીતથી બધાં ઇચ્છનીય પરિણામો જાતિના સ્વધર્મને સાચવતાં છતાં સિદ્ધ ન કરી શકાત ?

આપણે પુન: એક બીજી બીનાની નોંધ લેવી જોઈએ, વ્યક્તિને પોતાના

હિતમાં દબાવવાના રાજ્યના હક્કની બાબત, કે એ વસ્તુને રાજ્ય કયા સ્વરૂપનું છે એની સાથે કોઈ સંબંધ નથી. સત્તાધીશ રાજાનો સર્વની ઉપર આપખુદ અમલ અને બહુમતીનો વ્યકિત ઉપર આપખુદ અમલ કે જે દ્વારા માનવ-પ્રકૃતિની કોઈ અજ્ઞેય કરામતથી બહુમતી ભ્રમિત ચિત્તે પોતે પોતાને સતાવે અને દબાવે એવું રૂપાન્તર કરે છે. એ બન્ને એક જ વૃત્તિનાં બે ભિન્ન સ્વરૂપો છે. પ્રત્યેક, જ્યારે એ પોતે રાજ્ય છે એવી, એના અબાધિત રૂપમાં 'રાજ્ય તે હું છું' 'L'etat C'est Moi.' એ શબ્દોમાં ઘોષણા કરે છે ત્યારે એ એક ઊંડું સત્ય જોકે અસત્ય આધાર પર જાહેર કરે છે. સત્ય એ છે કે પ્રત્યેક એમને રચનાર વ્યકિતઓના મુકત સંકલ્પ, મુકત કર્મ, શકિત, મહત્તા અને આત્માવિર્ભાવને સાચે જ પોતાને આધીન રાખવાના રાજ્યના લાક્ષણિક પ્રયાસનો આવિષ્કાર છે. અસત્ય રહ્યું છે એ પ્રયાસના પાયામાં રહેલા વિચારમાં કે રાજ્ય એને રચનાર વ્યકિતઓના કરતાં કોઈ મોટી વસ્તુ છે અને એમાં કે પોતાને અને માનવજાતિની ઉત્તમ આશાને જોખમાવ્યા વિના એ આવા જુલ્મી આધિપત્યની ધૃષ્ટતા કરી શકે છે.

આધુનિક સમયમાં રાજ્ય વિચાર લાંબા ગાળા પછી ફરી આગળ આવ્યો છે અને એણે જગતના વિચાર અને વર્તન પર પોતાનું પ્રભુત્વ જમાવ્યું છે. એ બે ઉદ્દેશો પર આધાર રાખે છે; એક આકર્ષે છે જાતિના બાહ્ય કુતૂહલને, બીજો એનાં શ્રેષ્ઠ નૈતિક વલણોને. એ માગે છે કે વ્યકિતનો અહંભાવ સામૂહિક હિતની વેદી પર હોમાઈ જાય; એ દાવો કરે છે કે માણસ પોતાને માટે નહિ પરંતુ સમષ્ટિ માટે, સમૂહ માટે, સંઘ માટે જીવે. એ પ્રતિપાદન કરવા માગે છે કે માનવજાતિનાં કલ્યાણ અને પ્રગતિની આશા રાજ્યની ક્ષમતા અને વ્યવસ્થામાં રહેલી છે. પૂર્ણતા પ્રત્યેનો એનો માર્ગ છે વ્યકિત અને સમૂહની સર્વ આર્થિક અને પ્રાણિક યોજનાઓ રાજ્ય ચલાવે એમાં. યુદ્ધે પ્રચલિત કરેલો છીછરો શબ્દ વાપરીએ તો, વ્યકિતનાં બુદ્ધિ, શકિત, વિચાર, ભાવના, જીવન, એ જે કંઈ છે અને એનું જે કંઈ છે તે સર્વનો રાજ્ય સર્વના લાભમાં સમાયોગ કરે એમાં. અંતિમ નિર્ણય સુધી લઈ જવામાં આવે તો આ વિચારનો અર્થ છે સમાજવાદી આદર્શ—એના પૂરા જોશમાં, અને માનવજાતિ એ નિર્ણય તરફ આશ્ચર્યજનક ત્વરાથી ધસતી જતી દેખાય છે. 'રાજ્ય' વિચાર મોટી યાંત્રિક શકિત સાથે કબજો મેળવવા આગળ વધી રહ્યો છે અને એની શકિતનો વિરોધ કરે કે બીજાં માનવ-વલણોના હક્કને આગળ કરે, તે સર્વને એનાં ચક્રો નીચે વાટી નાખવા તૈયાર થયો છે. અને છતાં જેની ઉપર એ આધાર રાખે છે તે બન્ને વિચારો સત્ય અને અસત્યના એવા ઘાતક મિશ્રણથી ભરેલા છે કે જે આપણા સર્વ માનવીય દાવા અને પ્રતિપાદનોનાં પાછળ

પડયુ છે. પ્રકૃતિના ઊંડા અને સંકીર્ણ સત્ય, કે જે આપણો પ્રકાશ અને આપણું માર્ગદર્શક હોવું જોઈએ, તેના પ્રત્યે પાછા વળતાં પહેલાં જો અવશ રીતે ભ્રમણાના ચક્રમાં ફરી ફસાવું ન હોય તો એ વિચારોને આપણે શબ્દોથી છેતરાવવાનો ઇન્કાર કરે એવી સૂક્ષ્મદર્શી અને નિષ્પક્ષ વિચારણાનું દ્રાવણ લગાડવું જરૂરી છે.

# 'રાજ્ય' વિચારની અપર્યાપ્તતા

શો છે આખરે આ રાજ્ય વિષયક વિચાર, આ વ્યવસ્થિત કોમ વિષેનો વિચાર, જેની ઉપર વ્યકિતએ હોમાઈ જવાનું છે? સૈદ્ધાંતિક રૂપે, માગવામાં આવે છે તે છે વ્યકિતનું સર્વના કલ્યાણ માટે અધીનત્વ, વ્યવહારમાં, એ છે એનું સમૂહના રાજકીય, નૈતિક, આર્થિક અહંભાવ નીચે અધીનત્વ કે જે કોમના પ્રતિનિધિ નાની કે મોટી સંખ્યાવાળા, પરંતુ શાસન ચલાવતા માણસોએ યોજી કાઢેલી અને વિશાળ સમુદાય પર ઠોકી બેસાડેલી, અમુક સામૂહિક મહેચ્છાઓ અને ઉદ્દેશોને સંતોષવા પ્રયાસ કરે છે. એ વાતનું કોઈ મહત્ત્વ નથી કે અધિકાર ધરાવતા આ માણસો શાસક વર્ગના છે કે જેમ આધુનિક રાજ્યોમાં બને છે તેમ જનસમુદાયમાંથી ચારિત્ર્યના બળથી, પરંતુ વધારે તો સંયોગોના દબાણથી ઉપર આવ્યા છે; અને એ વસ્તુથી પણ કોઈ તફાવત પડતો નથી કે એમના ઉદ્દેશો અને આદર્શો આજકાલ ખુલ્લા અને સ્થૂલ જોરને બદલે વધુ પ્રમાણમાં શબ્દોના જાદુથી ઠોકી બેસાડવામાં આવે છે, બેમાંથી કોઈ પણ એક રીત, કોઈ એવી ખાત્રી નથી આપી શકતી કે આ શાસક વર્ગ કે શાસક તંત્ર રાષ્ટ્રના શ્રેષ્ઠ મનનું કે એના ઉત્તમ ઉદ્દેશો કે એનાં શ્રેષ્ઠ સ્ફુર્જનોનું પ્રતિનિધિત્વ કરે છે.

જગતના કોઈ ભાગના આધુનિક રાજકારણી પુરુષ માટે એવું કહી શકાય એમ નથી; એ પ્રજાના આત્માનો કે એમની અભીપ્સાઓનો પ્રતિનિધિ નથી. એ સામાન્ય રીતે સફળતાથી નિરૂપિત કરે છે એની આજુબાજુની સામાન્ય ક્ષુદ્રતા, સ્વાર્થ, અહંકાર, આત્મવંચના અને સાથે સાથે ઘણી માનસિક અક્ષમતા અને નૈતિક ગતાનુગતિકતા, ભયભીતતા અને પ્રતારણ. મહાન પ્રશ્નો એની પાસે નિર્ણય માટે આવે છે પરંતુ એ એમને મહાન રીતે પહોંચી વળતો નથી; ઉમદા શબ્દો અને ઉચ્ચ વિચારો એના હોઠ ઉપર હોય છે, પરંતુ એ જલદી એક પક્ષનાં પિંજરો બની જાય છે. જગતના સર્વ દેશોમાં આધુનિક રાજકીય જીવનના આ રોગ અને અનૃત નજરે પડે છે, અને માત્ર બધાની,

બુદ્ધિમાન વર્ગોની પણ, એ મહાવ્યવસ્થિત છલમાં મૌન-સ્વીકૃતિ આ રોગને ઢાંકે છે અને લંબાવે છે, એવી સ્વીકૃતિ માણસો જેની એમને ટેવ પડી ગઈ હોય છે અને જે એમના જીવનની વર્તમાન આબોહવા બની ગઈ હોય છે તેવી દરેક ચીજમાં આપે છે. અને તે છતાં, આવાં માનસોથી સર્વના કલ્યાણનો નિર્ણય કરવામાં આવે છે, આવા હાથોમાં એ કલ્યાણ સુપરત કરવું પડે છે, આવા 'રાજ્ય'ને નામે ઓળખાતા આડતીઆને વ્યક્તિ પોતાની પ્રવૃત્તિઓનું સંનિયમન વધુ અને વધુ પ્રમાણમાં સોંપી દે એમ કહેવામાં આવે છે. વસ્તુત: તો, આ રીતે સર્વનું કોઈ બૃહત્તમ કલ્યાણ સધાતું નથી પરંતુ મોટે ભાગે વ્યવસ્થિત રીતે થતી ગંભીર ભૂલો અને અનિષ્ટ સાથે અમુક અંશે કલ્યાણ પણ સધાય છે કે જે માત્ર સાચી પ્રગતિ છે, કારણ કે પ્રકૃતિ સર્વદા બધી જ ગડમથલમાં પણ પ્રગતિ કરે છે અને અંતે એનું ધ્યેય માનવમનની મદદની અપેક્ષાએ ઘણી વાર એની અપૂર્ણતા છતાં સિદ્ધ કરે છે.

પરંતુ શાસન તંત્ર વધુ સારી રીતે ઘડવામાં આવે અને એ વધુ ઊંચી માનસિક અને નૈતિક કક્ષાનું પણ હોય, જો કોઈ એવો માર્ગ જડી આવે કે જેનો પ્રાચીન સભ્યતાઓએ એમના શાસક વર્ગોમાં ઉચ્ચ આદર્શો અને શિસ્તના સંસ્થાપન માટે પ્રયાસ કર્યો હતો તો પણ રાજ્ય એવું નહિ હોય કે જેવું હોવાનો રાજ્ય વિષેનો વિચાર દંભ કરે છે. સિદ્ધાંત રૂપે એ સર્વસામાન્ય કલ્યાણ માટે પ્રાપ્ત કરવામાં આવેલાં અને વ્યવસ્થિત કરેલાં કોમનાં સામૂહિક જ્ઞાન અને શકિત છે. વ્યવહારમાં યંત્રનું નિયમન કરનાર અને ગાડીને ચલાવનાર કોમનાં એ પ્રાપ્ય બુદ્ધિ અને શકિત હોય છે જેને અમુક પ્રકારનું રાજ્ય-શાસનતંત્ર સપાટી ઉપર આવવા દે છે; પરંતુ એ પણ તંત્રમાં પકડાઈ જાય છે અને એનાથી અને એની પ્રક્રિયામાં ઉપર તરી આવતી ઘણા મૂર્ખાઈ અને સ્વાર્થી નિર્માલ્યતાથી અવરુદ્ધ થઈ જાય છે. બેશક, અત્યારના સંયોગોમાં જે કંઈ શકય છે તેમાં આ જ શ્રેષ્ઠ છે, અને પ્રકૃતિ, જેમ હમેશાં કરે છે તેમ, એનો પણ શ્રેષ્ઠ ઉપયોગ કરે છે. પરંતુ રાજ્ય જે કરી શકે તેમ નથી તેવા વ્યકિતગત અકુંઠિત પ્રયાસ માટે જો અવકાશ રાખવામાં નહિ આવે તો વસ્તુસ્થિતિ વધુ વણસી જશે, જે પ્રયાસ માટે ઉત્તમ વ્યકિતઓનાં સરળતા, પ્રાણમયતા અને આદર્શ-શીલતાને યોગ્ય સ્થાને વ્યૂહમાં ગોઠવવાનું અને તેમનો યથાકાળે ઉપયોગ કરવાનું જ્ઞાન અને હિંમત રાજ્યમાં નથી અને જે પ્રયાસ સામૂહિક સ્થિતિશીલતા અને ન્યૂનબુદ્ધિતા કાં તો કર્યા વિના રહેવા દે છે અથવા તો તેને સક્રિયપણે દાબી દે છે અને તેનો વિરોધ કરે છે. ખરી રીતે સામૂહિક પ્રગતિનું કાર્યક્ષમ સાધન છે. રાજ્ય કોઈ પ્રસંગે આ કામમાં મદદ કરવા આવે છે અને પછી જો એની મદદ સાથે બિનજરૂરી અંકુશ નથી આવતો તો એ મદદ ધ્યેય સિદ્ધિ માટે

ઉપયોગી સેવારૂપ નીવડે છે. વારે વારે એ રસ્તામાં આડે પણ આવે છે અને ત્યારે એ પ્રગતિમાં અંતરાય રૂપે કામ કરે છે અથવા તો જરૂર પ્રમાણે વ્યવસ્થિત સામનો અને ઘર્ષણ પૂરું પાડે છે કે જેની રચાઈ રહેલી નૂતન વસ્તુને વધુ શકિત અને વધુ સંપૂર્ણ રૂપ આપવા માટે હમેશાં આવશ્યકતા રહે છે. પરંતુ અત્યારે આપણે જે બાજુ વળી રહ્યા છીએ એ છે રાજ્યની વ્યવસ્થિત શકિત અને એની પ્રચંડ સંકુલ અને અપ્રતિઘર્ષ્ય પ્રવૃત્તિમાં એટલો બધો વધારો કે જે વ્યકિતના ઐચ્છિક પ્રયાસનો બિલકુલ નાશ કરી નાખશે કે એને વામણો અને અસહાયતામાં દબાઈ ગયેલો કરી મૂકશે. રાજ્યરૂપી યંત્રની ત્રુટીઓ, અપૂર્ણતાઓ કે સીમાઓને સુધારનાર પછી કોઈ સાધન નહિ રહે.

વ્યવસ્થિત રાજ્ય એ નથી રાષ્ટ્રનું ઉત્તમ મન કે નથી એ સમાજની શકિતઓનો સરવાળો. એ મહત્ત્વની અલ્પમતીઓની કારકશકિતને અને વિચારક મનને એના વ્યવસ્થિત કાર્યની બહાર છોડી દે છે, કચરી નાખે છે કે વધુ પડતી દબાવી દે છે, અને ઘણી વાર તો એવાંઓનાં શકિત અને મનને કે જે અત્યારે ઉત્તમ પ્રકારનાં છે અને જે ભવિષ્યને માટે તૈયાર થઈ રહ્યાં છે. અત્યારનું રાજ્ય સમાજની શ્રેષ્ઠ શકયતાઓ કરતાં બહુ નીચી પાયરીનું અને સામૂહિક અહંકારવાળું તંત્ર છે. આ અહંકાર એવા જ બીજા અહંકારોના સંબંધમાં કે સંસર્ગમાં કેવો હોય છે એ આપણે જાણીએ છીએ અને એની વિકૃતિએ માનવજાતિની દૃષ્ટિ અને આંતરચેતના પર ઊંડી છાપ પાડી છે. વ્યકિતને કંઈ નહિ તો સામાન્ય અંતરાત્મા જેવું કંઈક છે અને એ એના અંતરાત્માની ઊણપો નૈતિક પદ્ધતિથી અને સારાસારની સમજથી પૂરી કરે છે, અને એમનામાં રહેલી ક્ષતિઓને વળી સામાજિક અભિપ્રાયના ડરથી, કે એ કામયાબ ન નીવડે ત્યારે સામાજિક કાનૂનના ભયથી કે જેને એણે સામાન્ય રીતે તાબે થવાનું હોય છે, કે પછી જેનાથી સાચવીને એને ચાલવું પડે છે; અને એનાથી પોતાને સાચવી લેવાની મુશ્કેલી પણ—બહુ તોફાની કે અતિ હોશિયાર માણસો સિવાય બધાંઓ ઉપર અટકાયત રૂપે કામ કરે છે. પરંતુ રાજ્ય તો એવી વસ્તુ છે કે જે વધુમાં વધુ બળ ધરાવે છે અને આંતરિક વિકલ્પ કે બાહ્ય અંકુશને લગભગ ગણકારતું જ નથી. એને અંતરાત્મા નથી અથવા તો માત્ર બીજ રૂપે છે, એ તો છે સૈનિક, રાજકીય અને આર્થિક બળ; પરંતુ એ જો હોય તો માત્ર ઓછે અને અવિકસિત અંશે બૌદ્ધિક અને નૈતિક તત્ત્વ છે. અને કમનસીબે એની અણવિકસિત બુદ્ધિનો એ મુખ્ય ઉપયોગ એની નૈતિક ભાવનાને ગપ્પો, આકર્ષક શબ્દજાળ કે રાજ્ય વિષેની તાત્ત્વિક ચર્ચાઓથી બૂઠી કરી નાખવામાં કરે છે. સમાજની અંદર માણસ કંઈ નહિ તો એક અર્ધું સુધરેલું પ્રાણી છે, પરંતુ એનું આંતરરાષ્ટ્રીય અસ્તિત્વ હજી જંગલી છે. અત્યાર સુધી વ્યવસ્થિત

રાષ્ટ્ર એનાં બીજાં રાષ્ટ્રો સાથેના સંબંધોમાં માત્ર એક શિકારી પશુ જેવું હતું, જેની બુભુક્ષાઓ તૃપ્ત હોય ત્યારે, અથવા તો સંયોગોથી નિરાશિત થઈ હોય ત્યારે, ઊંઘતી પરંતુ એના અસ્તિત્વની મુખ્ય પ્રેરક તત્ત્વ હતી. આત્મરક્ષા અને બીજાઓને ગળી જઈ આત્મવિસ્તાર કરવો એ એનો ધર્મ હતો. આજ દિવસ સુધી હજી એમાં કોઈ ખાસ સુધારો થયો નથી; માત્ર હવે બીજાઓને ગળી જવાના કામમાં વધુ મોટી મુશ્કેલીઓ હોય છે. એક 'પવિત્ર અહંભાવ' એ હજી રાષ્ટ્રોનો આદર્શ છે અને તે કારણે લુટારુ રાજ્યને રોકે એવી નથી કોઈ સાચી લોકમતની જ્ઞાનદીપ્ત ચેતના કે નથી એવો કોઈ અસરકારક આંતર રાષ્ટ્રીય ધારો—ધારાશાસ્ત્ર. માત્ર પર-રાજ્યનો ભય છે; અને હવે વિનાશક બનેલો આર્થિક અવ્યવસ્થાનો ભય છે; પરંતુ એક પછી એક અનુભવ સાબિત કરે છે તે પ્રમાણે આ અંકુશો પણ વખત આવ્યે નાકામયાબ બની જાય છે.

એના આંતરિક વ્યવહારમાં આ રાષ્ટ્રીય અહંભાવ, એક કાળે એના બાહ્ય સંબંધોમાં છે તેથી જરા પણ વધારે સારી રીતે વર્તતો ન હતો.[૧] પાશવિક, બલાત્કારી, લુચ્ચો, જુલમી, અસહિષ્ણુ-સ્વતંત્ર પ્રવૃત્તિ, વાણી, વિચાર અને ધર્મ અંગેની સ્વતંત્રતા પ્રત્યે પણ અસહિષ્ણુ હતો. એ વ્યકિતઓ અને વર્ગોનો પોતાની સીમાઓની અંદર અને એની સરહદની બહાર વધુ નિર્બળ રાષ્ટ્રોનો શિકાર કરતો હતો. માત્ર સમાજ કે જેના ઉપર અહંભાવ જીવતો હતો એને ટકાવી રાખવા માટે અને એની સમૃદ્ધિ અને શકિતની આવશ્યકતાથી મોટે ભાગે એનાં કર્મ કંઈક અંશે અને કઢંગી રીતે ફાયદો કરે એવાં રહેતાં. અર્વાચીન યુગમાં અન્ય દિશાઓમાં અવનતિ થઈ છે તે છતાં આ દિશામાં ઘણો સુધારો થયો છે. રાજ્ય હવે પોતાના અસ્તિત્વને ન્યાયી પુરવાર કરવા માટે સમાજની અને સર્વ વ્યકિતઓની પણ આર્થિક અને ભૌતિક સુખાકારીની વ્યવસ્થા કરવાનું જરૂરી માને છે. રાજ્યે હવે ધ્યાન પર લીધું છે કે આખા સમાજનો બૌદ્ધિક અને આડકતરી રીતે, નૈતિક વિકાસ જરૂરી છે. અર્વાચીન સંસ્કૃતિની એક ખૂબ અર્થસૂચક અને રસદાયક ઘટના છે—રાજ્યનો આ બુદ્ધિપ્રધાન અને નૈતિક સત્ત્વરૂપ બનવાનો પ્રયાસ. અને યુરોપી વિગ્રહે બહારના સંબંધોમાં પણ પોતાના વ્યવહારની સકારણતા અને નૈતિકતા પુરવાર કરવાની આવશ્યકતા માનવજાતિના માનસ પર ઠસાવી છે. પરંતુ, વ્યકિતની સર્વ સ્વતંત્ર પ્રવૃત્તિઓને પોતાના

---

૧. હું પ્રાચીન અને અર્વાચીન કાળની વચ્ચેના ગાળાની વાત કરું છું. પ્રાચીન કાળમાં, રાજ્યને કેટલાક દેશોમાં આદર્શો અને અંતરનો અવાજ હોતાં, એના સમાજ પ્રત્યેના એના ધર્મો અંગે, પરંતુ બીજાં રાષ્ટ્રો સાથેના વ્યવહારમાં તો અત્યલ્પ.

હાથમાં લઈ લેવાનો જે દાવો રાજ્ય હવે વધુ ને વધુ જોરથી કરતું જાય છે, જેમ જેમ એ સ્વીકારેલા નવા આદર્શો અને શક્યતાઓના ભાનવાળું થતું જાય છે તેમ તેમ, અને જે દાવો કરવાનો વખત પણ હજુ પાક્યો નથી, એ જો સ્વીકારવામાં આવશે તો જરૂર માનવ-પ્રગતિ અંતે, ગતિહીન આરામપ્રિય સ્વસંતુષ્ટ શિથિલતામાં અટકી પડશે કે જેવી આખરે રોમન સામ્રાજ્ય સ્થપાયા પછી ગ્રાઈકો-રોમન જગતમાં ફરી વળી હતી.

રાજ્યનો વ્યક્તિને, એની વેદી પર હોમાઈ જવાનો અને એની ઐચ્છિક પ્રવૃત્તિઓને વ્યવસ્થિત સામૂહિક પ્રવૃત્તિઓમાં સમાવી દેવાનો આદેશ આ કારણે આપણા શ્રેષ્ઠ આદર્શો માગે છે તે કરતાં તદ્દન જુદા પ્રકારની વસ્તુ છે. એનો અર્થ એ છે કે વ્યક્તિના અહંભાવે બીજા સામૂહિક રૂપના વધુ મોટા અહંભાવને પોતાની જાત સોંપી દેવી જોઈએ, પરંતુ એ વધુ ઊંચા પ્રકારનો અહંભાવ છે એ અર્થમાં નહિ કારણ કે એ મોટો સામૂહિક અહંભાવ ઘણી બાબતોમાં વ્યક્તિના ઉત્તમ અહંભાવ કરતાં નીચલી કોટિનો હોય છે, પરોપકાર, આપણા બંધુઓના સુખદુ:ખમાં વધતી જતી ઐક્યઘનતાની જરૂર, સ્વાર્થત્યાગનું શિસ્ત અને માનવજાતિમાં વર્ધમાન સંઘ-આત્મા એ વિવાદાસ્પદ વસ્તુઓ નથી. પરંતુ આ ઉચ્ચ આદર્શો રાજ્યમાં વ્યક્તિ ખોવાઈ જાય એવું માગતા નથી અને એ આદર્શોના સાફલ્યનો એ માર્ગ નથી. માણસે શીખવાનું છે નહિ કે પોતાને કચરી નાખવાનું અને અંગ-ઉપાંગોનો ઉચ્છેદ કરવાનું, પરંતુ માનવજાતિના જીવનની સફળતામાં પોતાની સફળતા સિદ્ધ કરવાનું કે જેમ એણે શીખી લેવું જોઈએ એના અહંભાવનો ઉચ્છેદ કે નાશ કરવાનું નહિ પરંતુ એની સીમાઓ ઓળંગી, વિસ્તૃત થઈ એ જે મોટી વસ્તુનો પ્રતિનિધિ છે તેમાં એ સમાઈ જાય એમ કરવાનું. પરંતુ માનવના મુક્ત વ્યક્તિત્વને રાજ્ય રૂપી મોટું યંત્ર, ગળી જાય એ તો તદ્દન જુદી વસ્તુ છે. રાજ્ય એ તો સગવડ છે, અને આપણા સહીઆરા વિકાસની એક કઢંગી સગવડ છે, એને કદાપિ ધ્યેય બનાવી લેવાય નહિ.

રાજ્ય વિસ્તારનો બીજો દાવો કે વ્યવસ્થિત રાજ્યની આ પરમ અને વ્યાપક પ્રવૃત્તિ માનવપ્રગતિનું ઉત્તમ સાધન છે, એ પણ કેવળ એક અત્યુક્તિ અને કલ્પના છે. માણસ કોમથી જીવે છે; એને એના વ્યક્તિ તરીકેના અને સામૂહિક રીતના વિકાસ માટે કોમની જરૂર છે. પરંતુ શું એ સાચું છે કે રાજ્યસંચાલિત કર્મ માનવવ્યક્તિની પૂર્ણતાના વિકાસ માટે અને માનવજાતિના ઉદ્દેશોની પૂર્તિ માટે ઉત્તમ ક્ષમતાવાળું છે? એ સાચું નથી. સાચું એ છે કે રાજ્યમાં એના સમાજની વ્યક્તિઓની સામૂહિક પ્રવૃત્તિઓ માટે જરૂરી સગવડો પૂરી પાડવાની, એના એ અંતરાયો અને અશક્તિઓને દૂર કરવાની ક્ષમતા

છે કે જો એને રાજ્યનો સાથ ન હોય તો પજવે કે એના કામમાં ડખલ કરે. અહીં રાજ્યની ખરી ઉપયોગિતાનો અંત આવે છે. માનવ-સહકારની શકયતાઓનો અસ્વીકાર એ અંગ્રેજી વ્યકિતવાદની ઊણપ હતી. એની સામે ટયુટોનિક સમૂહવાદની ઊણપ હતી — સહકારની ઉપયોગિતાને રાજ્યના સખ્તાઈ-વાળા અંકુશનું રૂપ આપવાની. જ્યારે રાજ્ય કોમની વ્યકિતઓની ઐચ્છિક પ્રવૃત્તિઓને પોતાના અંકુશ નીચે લઈ લેવા પ્રયત્ન કરે છે ત્યારે એ પોતાને માટે એક રાક્ષસી ચરખો ઊભો કરવાનો શાપ વહોરી લે છે કે જે આખરે માનવીની સ્વતંત્રતા, પ્રારંભ-શકિત અને મહત્ત્વપૂર્ણ વિકાસને કચરી નાખશે.

રાજ્ય તો કઢંગી રીતે અને ટોળાબંધ કામ કરે છે—મુકત, સંવાદી અને સમજપૂર્વક કે અંતઃસ્ફુરણાથી આમ તેમ વળી શકે કે બદલી શકાય એવા જીવંત વિકાસ માટે જરૂરી કર્મની યોગ્યતા એનામાં નથી. કારણ કે રાજ્ય પોતે સેન્દ્રિયતા નથી; એ યંત્ર છે, અને યંત્ર સમાન કામ કરે છે; કૌશલ્ય, રસ, વિનય, મૃદુતા કે અંતરજ્ઞાન વગર. એ ઘડવાનો પ્રયાસ કરે છે, પરંતુ માનવજાતિ તો, અહીં વિકાસ અને સર્જન માટે છે. એ ક્ષતિ આપણે રાજ્ય સંચાલિત કેળવણીમાં જોઈ શકીએ છીએ. એ યોગ્ય અને આવશ્યક છે કે કેળવણી સર્વને સુપ્રાપ્ય હોય. અને એ કામ માટે રાજ્ય વિશિષ્ટ રીતે ઉપયોગી છે; પરંતુ જ્યારે એ કેળવણીનો કબજો લે છે ત્યારે એ એને એક રૂઢિ બનાવી એક યાંત્રિક પદ્ધતિ બનાવી દે છે, જેમાં, વૈયકિતક પ્રારંભ શકિત વિકાસ અને રૂઢિબદ્ધ ભણતરથી ભિન્ન એવી સાચી સંવૃદ્ધિ અશકય બની જાય છે. રાજ્યનું વલણ હમેશાં એકરૂપતા પ્રત્યે હોય છે, કારણ કે એકરૂપતા એને માટે સહેલી છે અને કુદરતી વિવિધતા એની મૂળ યાંત્રિક પ્રકૃતિ માટે અશકય છે. પરંતુ એકરૂપતા મૃત્યુ છે, જીવન નહિ. તે છતાં રાષ્ટ્રીય સંસ્કૃતિ, રાષ્ટ્રીય ધર્મ, રાષ્ટ્રીય કેળવણી, ઉપયોગી વસ્તુઓ એ શરતે બની શકે કે એ એક બાજુએ માનવીય ઐકય ઘનતાના વિકાસમાં અને બીજી બાજુએ વ્યકિતના વિચાર અને અંતરાત્માના અવાજની સ્વતંત્રતામાં હસ્તક્ષેપ ન કરે; કારણ કે એ બન્ને બાજુઓ સંઘ-આત્માને સદેહ બનાવે છે અને માનવ-પ્રગતિના સરવાળામાં એનો ફાળો ઉમેરવામાં એને સહાય કરે છે; પરંતુ રાજ્ય-શિક્ષણ, રાજ્ય-ધર્મ, રાજ્ય-સંસ્કૃતિ એ તો અકુદરતી અત્યાચારો છે. અને જુદી રીતે અને જુદા પ્રમાણમાં આપણાં સામાજિક જીવન અને એની પ્રવૃત્તિઓની બીજી દિશાઓમાં પણ એ જ નિયમ લાગુ પડે છે.

માણસના જીવન અને વિકાસમાં જયાં સુધી રાજ્ય એક જરૂરી તત્ત્વ છે ત્યાં સુધી એનું ખરું કામ છે સમાજની સહકારી પ્રવૃત્તિઓ માટે વધુમાં વધુ સગવડો પૂરી પાડવાનું, અડચણો દૂર કરવાનું, બધા ખતરનાક અપવ્યય

અને વૃથા ઘર્ષણોને અટકાવવાનું—અમુક પ્રમાણમાં અપવ્યય અને ઘર્ષણ આવશ્યક છે અને બધા કુદરતી કામમાં ઉપયોગી છે,—અને નિવાર્ય અન્યાયને દૂર કરવાનું, પ્રત્યેક વ્યકિત માટે એની શકિતના પ્રમાણમાં અને એની પ્રકૃતિની દિશામાં આત્મવિકાસ અને સંતુષ્ટિનો સમાન અવસર ઊભો કરી આપવાનું. આટલા સુધી અર્વાચીન સમાજવાદનું ધ્યેય યોગ્ય છે અને સારું છે. પરંતુ માણસના વિકાસની સ્વતંત્રતા સાથે કોઈ અનાવશ્યક હસ્તક્ષેપનું નુકસાનકારક છે કે થઈ શકે છે. સહકારી પ્રવૃત્તિ પણ નુકસાનકારક થાય જો એ વ્યકિતના વિકાસને અનુકૂળ હોય એવી રીતે સર્વનું કલ્યાણ શોધવાને બદલે—અને વ્યકિતની અભિવૃદ્ધિ વગર સર્વનું કોઈ સાચું અને કાયમી કલ્યાણ શકય નથી—એ સામાજિક અહંભાવની વેદી પર વ્યકિતને હોમી દે અને વધુ પૂર્ણ રીતે વિકાસ પામેલી માનવજાતિના પ્રફુલ્લ જીવન માટે જરૂરી હોય એવું મુકત ક્ષેત્ર અને પ્રારંભ-શકિતની છૂટ મળતાં અટકાવે. જ્યાં સુધી માનવજાતિ પૂરી વિકાસ પામી નથી, જ્યાં સુધી એને વિકાસ કરવાની જરૂર છે અને એ વધુ પૂર્ણીકરણ માટે યોગ્યતા રાખે છે, ત્યાં સુધી સમષ્ટિનું કોઈ સ્થાયી કલ્યાણ એનાં અંગો રૂપ વ્યકિતઓના વિકાસથી સ્વતંત્ર રીતે થઈ શકે નહિ. બધા સંઘીકરણના આદર્શો કે જે જરૂર વગર વ્યકિતને પરાધીનતામાં મૂકવા પ્રયાસ કરે છે તે સાચે જ એક પ્રકારની જડ પરિસ્થિતિની કલ્પના સેવતા હોય છે, કાં તો અત્યારની સ્થિતિને સ્થિર કરી દેવાની અથવા તો એ જે સ્થાપવા માગે છે તે થઈ જાય એટલે એને એ જ રૂપમાં સ્થિર કરી દેવાની કે જે બન્યા પછી એમાં કોઈ પણ મહત્ત્વના ફેરફારના પ્રયાસને અધીરા વ્યકિતવાદે, સુસ્થાપિત સામાજિક વ્યવસ્થાની શાંતિ, ન્યાયી વ્યવહાર અને સલામતીની વિરુદ્ધ કરેલા અપરાધ રૂપ ગણવામાં આવે. હમેશાં પ્રગતિ તો વ્યકિત કરે છે અને બાકીનાઓને પ્રગતિ કરવા ફરજ પાડે છે; સંઘની વૃત્તિ હોય છે એની સ્થાપિત વ્યવસ્થાની અંદર સ્થિર ઊભા રહેવાની. પ્રગતિ, વૃદ્ધિ, વધુ વિશાળ તત્ત્વનો સાક્ષાત્કાર, વ્યકિતને શ્રેષ્ઠ સુખાનુભવ આપે છે; સંઘને પદ, સુખ-શાન્તિ આપે છે. અને જ્યાં સુધી સંઘ એક સભાન સાંઘિક આત્મા કરતાં વધુ પ્રમાણમાં માત્ર એક ભૌતિક અને આર્થિક તત્ત્વ રહેશે ત્યાં સુધી એ એમ જ રહેશે.

એટલે એ તદ્દન અસંભવ છે કે જાતિના અત્યારના સંયોગોમાં માનવ-જાતિની સ્વસ્થ એકતા રાજ્ય રૂપી યંત્રથી લાવી શકાય, પછી એ કાળજી-પૂર્વક સંનિયમિત અને કાનૂનબદ્ધ સંબંધો ભોગવતાં શકિતશાળી અને વ્યવસ્થિત રાજ્યોના સમૂહીકરણથી કરવામાં આવે કે હાલના અર્ધા વ્યવસ્થિત અને અર્ધા ગૂંચવાયેલાં રાજ્યોનાં સમુદાયને સ્થાને એક વિશ્વ-રાજ્ય સ્થાપીને કરવામાં

આવે—પછી ભલેને એ વિશ્વ-રાજયનું રૂપ એક સામ્રાજય હોય, રોમન જેવું, કે સમવાયી એકતાના પ્રકારનું હોય. આવી બાહ્યરૂપની કે પ્રશાસનિક એકતા માનવજાતિના નિકટવર્તી ભવિષ્ય માટે ઇચ્છનીય હોઈ શકે—જાતિને એક સર્વ સામાન્ય જીવન, એની આદત અને એની શકયતાના વિચારથી ટેવાઈ જવામાં મદદ થાય એ માટે, પરંતુ એ ખરેખર માનવજાતિની સાચી નિયતિને માર્ગે, તંદુરસ્ત, સ્થાયી કે લાભદાયી બની શકશે નહિ, સિવાય કે કાંઈક વધુ ગહન, આંતરિક અને વાસ્તવિક વસ્તુ બની આવે. જો એમ નહિ બને તો પ્રાચીન જગતના અનુભવની વધુ મોટા ક્ષેત્રમાં અને જુદા સંયોગોમાં પુનરાવૃત્તિ થશે, પ્રયોગ તૂટી પડશે અને એ અવ્યવસ્થા અને અરાજકતાના નવા સર્જનાત્મક યુગને સ્થાન આપશે. કદાચ આ અનુભવ પણ માનવજાતિ માટે જરૂરનો હોય; છતાં હવે એ અનુભવમાંથી બચવું આપણે માટે શકય હોવું જોઈએ—યાંત્રિક સાધનોને આપણા સાચા વિકાસ કરતાં ઓછા મહત્ત્વનાં ગણીને અને બાહ્યજીવન અને શરીરમાં એકલામાં નહિ પરંતુ અંતરઆત્મામાં પણ એક થએલી નૈતિક બનેલી અને આધ્યાત્મિક પણ બનેલી માનવતા દ્વારા.

# રાષ્ટ્ર અને સામ્રાજ્ય : વાસ્તવિક અને રાજકીય એકતાઓ

માનવજાતિની એકતાનો પ્રશ્ન બે સ્પષ્ટ મુશ્કેલીઓમાં વહેંચાઈ જાય છે. માનવીના કુદરતી વિકાસમાં અત્યાર પહેલાં અસ્તિત્વમાં આવેલા સાંઘિક અહંભાવો શું જરૂર પ્રમાણે ફેરવી શકાશે કે શું એનો નાશ થઈ શકશે અને કોઈ કાર્યક્ષમ બાહ્ય સલામત એકતા શું સ્થાપી શકાશે એ પ્રથમ આશંકા છે. બીજી આશંકા એ છે કે આવી કોઈ બાહ્ય એકતા સ્થાપી શકાય તો પણ એ માટે, શું એવી કિંમત આપવી પડશે કે જેમાં વ્યકિતના જીવનની સ્વતંત્રતા અને સંઘમાં જોડાયેલા ભિન્ન ભિન્ન પરંતુ જેમનામાં સાચું સક્રિય જીવન હજી હયાત છે એવા ઉપસમૂહોની મુકત લીલા કચરાઈ જાય અને એમનું સ્થાન માનવજીવનને યંત્રવત્ બનાવી દે એવું રાજતંત્ર લઈ લે? આ બે સંશયાત્મક વસ્તુઓ ઉપરાંત એક ત્રીજી આશંકા છે કે માત્ર આર્થિક, રાજકીય અને વહીવટી એકતા દ્વારા શું સાચી એકતા સ્થપાઈ શકશે? અને એ કે એવી એકતા આવે તે અગાઉ નૈતિક અને આધ્યાત્મિક એકતાની પાકી શરૂઆત શું આવશ્યક નથી? પહેલો પ્રશ્ન એના તાર્કિક ક્રમમાં પહેલો હાથ પર લેવો જોઈશે.

માનવજાતિની પ્રગતિના અત્યાચારના તબકકે જાતિનું પ્રાણવાન સાંઘિક એકમ રાષ્ટ્ર છે. સામ્રાજ્યો હયાત છે, પરંતુ એ હજી પણ કેવળ રાજકીય એકમો છે, વાસ્તવિક નહિ; એમનું કોઈ આંતરિક જીવન નથી અને એ કાયમ છે કારણ કે એમનાં ઘટક તત્ત્વો પર એ જબરજસ્તીથી ઠોકી બેસાડવામાં આવ્યાં છે અથવા તો એમનાં ઘટક તત્ત્વો એમને એક કામચલાઉ રાજકીય સગવડ તરીકે સ્વીકારે છે અને બહારનું જગત એ વાતનું અનુમોદન કરે છે. લાંબા સમય સુધી ઑસ્ટ્રીઆ આ પ્રકારના સામ્રાજ્યનું ચાલુ ઉદાહરણ હતું; બહારના જગતે એને રાજકીય સગવડ તરીકે પસંદ કર્યું હતું, એનાં ઘટક તત્ત્વો

હમણાં સુધી એમાં સંમત હતાં, અને હેપ્સબર્ગ વંશમાં ઊતરેલા મુખ્ય જર્માનિક તત્ત્વની શકિતએ એને ટકાવી રાખ્યું હતું,—છેવટના ભાગમાં એના મગ્યાર ભાગીદારીની સક્રિય સહાયથી. જો આવું સામ્રાજ્ય રાજકીય રહેતું નથી, જો એનાં ઘટક તત્ત્વો સંમતિ આપતાં બંધ થાય છે અને બળવાન કેન્દ્રત્યાગી શકિતથી વધુ ખેંચાય છે અને સાથે સાથે જો બહારનું જગત એ સંયોજનને પસંદગી આપવાનું બંધ કરે છે તો કેવળ બળ આવી કૃત્રિમ એકતાનું શસ્ત્ર રહે છે. ઑસ્ટ્રીઅન સામ્રાજ્યના અસ્તિત્વની એક નવી રાજકીય ઉપયોગિતા જર્માનિક વિચારના લાભમાં ઊભી થઈ અને એ કારણે એ બાકીના યુરોપ માટે અગવડ રૂપ બની ગયું અને એનાં ઘટક તત્ત્વોની સંમતિ છીનવાઈ જતાં એ તત્ત્વો બીજા બહારના સંઘો પ્રત્યે ખેંચાઈ ગયાં. એ વખતથી ઑસ્ટ્રીઅન સામ્રાજ્યનું અસ્તિત્વ જોખમમાં હતું અને એ કોઈ આંતરિક આવશ્યકતા પર નહિ પણ પ્રથમ એની અંદરનાં સ્લાવ રાષ્ટ્રોને કચરી નાખવા માટે ઑસ્ટ્રો—મગ્યાર ભાગીદારીની તાકાત પર અને પછી જર્મનીની ચાલુ તાકાત અને પ્રભુત્વ પર અને યુરોપમાં જર્માનિક વિચાર પર આધાર રાખતું થયું-એટલે કે માત્ર સૈનિક બળ પર આધાર રાખતું રહ્યું. અને જોકે સામ્રાજ્ય રૂપી એકતાની દુર્બળતા ઑસ્ટ્રીઆમાં અદ્વિતીય રીતે નજરે પડે એવી હતી, અને એનાં લક્ષણો અતિશયતાવાળાં—વધુ ઉત્કટ પ્રકારનાં હતાં, છતાં નિર્બળતાનાં અ લક્ષણો બધાં સામ્રાજ્યોમાં એક જ પ્રકારનાં હોય છે, જો એ સામ્રાજ્યો સાથે સાથે રાષ્ટ્રીય એકમો નથી હોતાં તો. વાતને બહુ વખત નથી થયો કે ઘણાખરા રાજકીય ચિંતકો કંઈ નહિ તો રાજકીય શકયતા રૂપે બ્રિટિશ સામ્રાજ્યનું વિસર્જન વસાહતો પોતાની મેળે છૂટી પડી જવાથી જોતા હતા—જાતિ, ભાષા અને ઉદ્‌ભવના ગાઢ સંબંધો કે જેમણે માતૃદેશ સાથે એમને બાંધી રાખવાં જોઈતાં હતાં એ હોવા છતાં. આનું કારણ એ હતું કે સામ્રાજીય એકતાનો લાભ વસાહતો લેતી હતી. પરંતુ એની એમને પૂરી કદર ન હતી, અને બીજી બાજુએ રાષ્ટ્રીય એકતાનો કોઈ જીવન્ત સિદ્ધાંત ન હતો. ઑસ્ટ્રીલીઅનો અને કૅનેડીઅનો પોતાનો વિસ્તૃત બ્રિટિશ રાષ્ટ્રીયતાનાં અંગો ગણાવા કરતાં જુદાં નવાં રાષ્ટ્રો ગણવા લાગ્યા હતા. બંને બાબતોમાં હવે સ્થિતિ બદલાઈ ગઈ છે, એક વધુ વિશાળ વિધિની શોધ થઈ છે અને બ્રિટિશ સામ્રાજ્ય એ કારણે અત્યારે તો વધુ બળવાન બન્યું છે.

આમ હોવા છતાં, એમ પૂછી શકાય કે જ્યારે નામ, પ્રકાર અને રૂપ એક હોય તો પછી રાજકીય એકમ અને સાચાં એકમ એવા ભેદ શા માટે? એ ભેદ કરવો જોઈએ કારણ કે એ એક સાચી અને ઊંડી રાજ-વિદ્યા માટે બહુ જ ઉપયોગનો છે અને એનાં બહુ મહત્ત્વવાળાં પરિણામ છે. જ્યારે

ઑસ્ટ્રીઆ જેવા સામ્રાજ્યના, એક બિનરાષ્ટ્રીય સામ્રાજ્યના, ટુકડા થઈ જાય છે, ત્યારે એનો એ વિલય હમેશનો હોય છે, બાહ્ય એકતાને પુન: સ્થાપવાનું કોઈ સહજ વલણ હોતું નથી, કારણ કે ત્યાં કોઈ આંતરિક એકતા હોતી નથી; માત્ર એક રાજકીય રીતે ઊભું કરેલું એકમ હોય છે. બીજી બાજુએ સાચી રાષ્ટ્રીય એકતા સંયોગોવશાત્ તૂટી જાય તો પણ એ હમેશાં એની એકતાને પાછી મેળવવાની અને ફરી પાછી આગળ કરવાની વૃત્તિ જીવતી રાખે છે. ગ્રીક સામ્રાજ્ય પણ બધાં સામ્રાજ્યોને માર્ગે ગયું છે,. પરંતુ ગ્રીક રાષ્ટ્ર, અનેક સૈકાઓ સુધી એના રાજકીય અનસ્તિત્વ પછી પણ ફરી એનો જુદો દેહ પ્રાપ્ત કરે છે કારણ કે એણે એનો જુદો અહંભાવ સાચવી રાખ્યો હતો અને તેથી એ સાચે જ તુર્કીના એને આચ્છાદિત કરી દેતા અમલ નીચે પણ અસ્તિત્વમાં હતું. એમ જ તુર્કીની ધૂંસરી નીચે બધી જાતિઓ બાબત બન્યું છે કારણ કે એ શકિતશાળી સર્વોપરી સત્તાએ, ઘણી બાબતોમાં એ કડક હતી તે છતાં, એમની રાષ્ટ્રીય લાક્ષણિકતાઓનો ઉચ્છેદ કરવા અથવા તો એમને સ્થાને ઑટોમન રાષ્ટ્રીયતા સ્થાપવા કદાપિ પ્રયત્ન કર્યો ન હતો. આ રાષ્ટ્રો ફરી સજીવન થયાં છે અને જેટલા પ્રમાણમાં એમણે સાચું રાષ્ટ્રીયતાનું ભાન સાચવી રાખ્યું છે તે પ્રમાણમાં પોતાની પુન: રચના કરી છે કે કરી રહ્યાં છે. સર્બીઅન રાષ્ટ્રીય વિચારે જ્યાં જ્યાં સર્બ વસે છે કે પ્રભુત્વ ભોગવે છે તે બધા પ્રદેશો પાછા મેળવવા પ્રયાસ કર્યો અને મેળવી લીધા. ગ્રીસ પ્રયત્ન કરે છે એની તળભૂમિમાં, દ્વિપોમાં અને એશીઆમાંની વસાહતોના પ્રદેશોમાં ફરી વ્યવસ્થિત થવા, પણ પુરાણું ગ્રીસ નહિ રચી શકાય કારણ કે એનું થ્રેસ પણ હેલેનિક કરતાં વધુ પ્રમાણમાં બલ્ગર જાતિનું છે. ઈટલી ફરીથી કેટલીયે સદીઓ પછી બાહ્યરૂપે એક થયું છે કારણ કે જોકે રાજ્યરૂપે નહિ તો પણ એક પ્રજારૂપે તો એ કદી મટી ગયું ન હતું.

સાચી એકતાના વિચારમાં રહેલું સત્ય એટલું બધું બળવાન છે કે જે રાષ્ટ્રોએ ભૂતકાળમાં બહારની એકતા સાધી ન હતી અને જેને માટે વિધિ, સંયોગો અને એ પોતે જ પ્રતિકૂળ હતાં, જે રાષ્ટ્રો વિકેન્દ્રીકરણનાં તત્ત્વોથી ભરેલાં હતાં અને પરરાષ્ટ્રોની ઘૂસણખોરીમાં સહેલાઈથી પદાક્રાન્ત થઈ ગયાં હતાં તેમણે તે છતાં પણ કેન્દ્રગામી વલણો પેદા કર્યાં છે અને અનિવાર્ય રીતે વહીવટી એકતા પણ સિદ્ધ કરી લીધી છે. પ્રાચીન ગ્રીસ એનાં વિભાજક વલણો એટલે કે એનાં સ્વપર્યાપ્ત નગર કે પ્રાદેશિક રાજ્યો અને એનાં નાનાં પરસ્પર વિરોધી આત્મશાસનોને વળગી રહ્યું; પરંતુ કેન્દ્રગામી શકિત, ત્યાં સંઘો, રાજ્યમંડળો અને સ્પાર્ટન તથા ઍથેનીઅન આધિપત્યોમાં સદાયે હાજર હતી. આખરે એ સદેહ બન્યું. પ્રથમ અપૂર્ણ રીતે અને અમુક સમય માટે મેસેડોનીઅન

અમલ નીચે, અને પછી અજાયબ લાગે એવી ઘટના રૂપે — પૂર્વીય રોમન જગતના ગ્રીક અને બીઝનટાઈન સામ્રાજયના રૂપમાં, અને હવે એ ફરીથી આધુનિક ગ્રીસ રૂપે સજીવન થયું છે. અને આપણા જમાનામાં આપણે જર્મનીને પ્રાચીન કાળથી સતત વિભાજિત, એની એકતાના સહજ ભાનને આખરે હોહેનઝોલર્ન સામ્રાજયરૂપે ઔત્પાતિક પ્રશ્નો ઊભા કરતું અને એના પતન પછી સમવાયી પ્રજાસત્તાકરૂપે આગ્રહપૂર્વક ફરી આગળ આવતું જોયું છે. અને જે લોકો શકિતઓની ગતિઓનો અભ્યાસ કરે છે — કેવળ બાહ્ય પરિસ્થિતિઓનો નહિ — એમને યુદ્ધના છેલ્લા પરિણામરૂપે હજી બહાર રહી ગએલાં ઑસ્ટ્રો—જર્મન તત્ત્વનું પૂર્ણ જર્માનિક સમગ્રતામાં જો મિલન થઈ જાય તો આશ્ચર્ય નહિ થાય. જો કે પ્રુશીઅન નેતાગીરી કે હોહનઝોલર્ન સામ્રાજય કરતાં કોઈ જુદા રૂપે.[૧] આ બન્ને ઐતિહાસિક ઘટનાઓમાં—બીજા અનેક પ્રસંગો જેવા કે — સેક્ષન ઇંગ્લૅન્ડ, મધ્યકાલીન ફ્રાન્સ અને અમેરિકાનાં સંયુકત રાજ્યોનાં એકીકરણોની પેઠે માનસિકરૂપે સ્પષ્ટ એકમની એક સાચી એકતા હતી, કે જે શરૂઆતમાં એની અવચેતન આવશ્યકતાના અજ્ઞાનમાં, અને પછી ત્વરિત કે મંદ જાગૃતિથી રાજકીય એકતાના અને અનિવાર્ય બાહ્ય એકીકરણના વલણવાળી થતી રહી. એ સંઘ—આત્મા છે કે જેને આંતરિક આવશ્યકતા ધકેલે છે અને જે બાહ્ય સંયોગોનો પોતાના બાહ્યદેહને રચી લેવા માટે ઉપયોગ કરે છે.

પરંતુ ઇતિહાસમાં સૌથી સચોટ દાખલો છે ભારતના વિકાસનો. બીજે કયાંય કેન્દ્રત્યાગી તત્ત્વો આટલાં બળવાન, આટલી મોટી સંખ્યામાં, આવાં વિષમ કે હઠીલાં થયાં નથી. એ વિકાસે જે સમય લીધો એ પણ માપ વગરનો છે; અને જેમાં થઈને એને પગરણ કરવાં પડયાં એ વિનાશક આફતો પણ વ્યાકુળ કરી નાખે એવી હતી. અને એ બધામાં થઈને એના અપ્રતિઘર્ષ્ય વલણે સતત, સાગ્રહભરી રીતે, નીરસ, અસ્પષ્ટ, અપરાજિત અને અથાક હઠીલાઈ સાથે, એના સ્વસ્ફુર્જિત ઉદ્દેશોમાં માણસ અંતરાય કરે ત્યારે જેમ પ્રકૃતિ કામ કરે છે તેમ કામ કર્યું અને અંતે હજારો વરસ ચાલેલા પરિશ્રમ પછી વિજયી બન્યું. અને જયારે પ્રકૃતિનાં માનસિક અને માનવીય તત્ત્વો વિરોધ કરે છે ત્યારે સામાન્ય રીતે બને છે તેમ અવચેતન કર્તાએ અતિવિરુદ્ધ સંયોગોને જ એનાં સર્વથી વધુ કાર્યસાધક સાધન બનાવી લીધાં. ભારતમાં કેન્દ્રગામી વલણની શરૂઆતો આપણી પાસે જેનો ઇતિહાસ છે એવા પુરાતન કાળમાં જાય છે અને એ

૧. જે શકયતા થોડા સમય માટે સિદ્ધ થઈ, પરંતુ એવાં સાધનો અને સંયોગોમાં કે જેથી ઑસ્ટ્રીઅન રાષ્ટ્રીય ભાવના સજીવન થઈ અને એનું જુદું રાષ્ટ્રીય અસ્તિત્વ અનિવાર્ય બન્યું.

સમ્રાટના કે ચક્રવર્તી રાજાના આદર્શમાં તથા અશ્વમેધ અને રાજસૂય યજ્ઞોના સામરિક ઉપયોગમાં આદર્શીકૃત થયું છે. બે રાષ્ટ્રીય મહાકાવ્યો લગભગ આ જ વિષયના ચિત્રણ માટે રચાયાં હોય એવો પણ સંભવ છે કારણ કે એક વર્ણવે છે એકતા પર આધારિત ધર્મ-રાજ્યને અથવા તો ન્યાય પરસ્ત સામ્રાજ્યિ સત્તાની સ્થાપનાને, જ્યારે બીજાની તો શરૂઆત જ પુરાતન અને પવિત્ર સમયમાં અસ્તિત્વ ધરાવતી એવી જ રાજસત્તાના વર્ણનથી થાય છે. ભારતનો રાજકીય ઇતિહાસ આવાં એક પછી એક આવતાં સ્વદેશી કે પરદેશી સામ્રાજ્યોની પરંપરાની વાર્તા છે, કે જે દરેક કેન્દ્ર-ત્યાગી તત્ત્વોને બળે વીખરાઈ ગયું, પરંતુ જે પ્રત્યેક કેન્દ્રગામી વલણને વિજયની નજદીક લાવતું ગયું. અને એ પણ એક નોંધપાત્ર ઘટના છે કે સામ્રાજ્ય જેટલું વધુ પરદેશીય હતું તેટલું વધારે પરાધીન પ્રજાને એક કરનાર શકિતરૂપ નીવડ્યું છે. આ એ વાતની એક ચોક્કસ નિશાની છે કે જરૂરી રાષ્ટ્ર-એકમ ત્યાં ક્યારનુંયે તૈયાર છે અને અક્ષુણ્ણ રાષ્ટ્રપ્રાણ હયાત છે કે જે વ્યવસ્થિત રાષ્ટ્રનું અનિવાર્ય પ્રાગટ્ય જરૂરી બનાવે છે. આ ઉદાહરણમાં આપણે જોઈ શકીએ છીએ કે આંતરિક એકતાના ભાનને, બાહ્ય વ્યવસ્થિત એકતા કે જેનાથી એ પૂર્ણ બને છે, તેનું રૂપ લેતાં લેતાં બે હજારથી વધુ વરસ થયાં અને હજીયે એ કામ પૂરું નથી થયું.[૧] અને છતાં કારણ કે મૂળ રૂપે વસ્તુ હાજર હતી, તો પ્રચંડ અવરોધો અને અનંત લાગતા કાલક્ષેપો અને એકતા માટે પ્રજાની અશકિત અને બહારના તોડફોડીઆ આઘાતો પણ એ આગ્રહી અવચેતનાની આવશ્યકતાને પરાજિત કરી શક્યાં નહિ. અને આ છે એક સર્વ સામાન્ય સિદ્ધાંતનું દૃષ્ટાંત માત્ર.

રાષ્ટ્રરચનાની પ્રક્રિયામાં પરદેશી શાસને આપેલી સહાય અને એ કેવી રીતે કામ કરે છે તે પર થોડો વિચાર કરવો ઉપયોગી થઈ પડશે. ઇતિહાસમાં એના ઘણા દાખલા છે. પરંતુ ઘણા પ્રસંગોમાં પરદેશી પ્રભુત્વની ઘટના ક્ષણિક અને અપૂર્ણ, અને બીજા કેટલાકમાં ચિરકાલીન અને પૂર્ણ, અને એથીયે બીજાઓમાં ભિન્ન રૂપે ફરી ફરી આવતી દેખાય છે. કેટલાક પ્રસંગોમાં પરદેશી તત્ત્વ એનો ઉપયોગ પૂરો થતાં ફેંકાઈ જાય છે, અન્ય પ્રસંગોમાં એને સમાવી લેવામાં આવે છે, એથી યે બીજાઓમાં વત્તા કે ઓછા સમય માટે એને શાસક જ્ઞાતિ તરીકે સ્વીકારી લેવામાં આવે છે. સિદ્ધાંત એક જ છે, પરંતુ પ્રકૃતિ એને પ્રસંગાનુસાર વિવિધ રીતે અજમાવે છે. યુરોપમાં કોઈ પણ

---

૧. પરંતુ એ પણ યાદ રહેવું જોઈએ કે ફ્રાન્સ, જર્મની, અર્વાચીન ઈટલી, દરેકે હજાર કે બે હજાર કે એથીયે વધુ વરસો આવી રાષ્ટ્રીય એકતા રચવામાં અને સ્થિર કરવામાં લીધાં.

અર્વાચીન રાષ્ટ્ર એવું નથી કે જેને એની રાષ્ટ્રીયતા સિદ્ધ કરવા માટે, વધુ કે થોડા સમય દરમિયાન, વધુ કે થોડા પ્રમાણમાં, પરદેશી પ્રભુત્વના ગાળામાંથી પસાર થવું પડયું ન હોય. રૂશીઆ અને ઇંગ્લૅન્ડમાં, એ વિજયી પરદેશી પ્રજાનું પ્રભુત્વ હતું કે જે પ્રજા જલદી એક શાસક જ્ઞાતિ બની ગઈ અને આખરે હજમ થઈ ગઈ અને સંમિલિત થઈ ગઈ, સ્પેનમાં રોમનો, ગોથ અને મૂરનું પ્રભુત્વ, ઈટલીમાં ઑસ્ટ્રીઅનોનું આધિપત્ય, બાલ્કનોમાં[1] તુર્કીનું લાંબું શાસન જર્મનીમાં નેપોલીઅનની અલ્પકાલીન ધૂંસરી એ એવી એકતાનાં તત્ત્વો હતાં. પરંતુ એ બધા પ્રસંગોમાં સારરૂપ વાત એ બની છે કે એક જાતનો આઘાત કે દબાણ કે જે શિથિલ માનસિક એકતાને કાં તો પોતે બાહ્યરૂપે સ્થાપિત થવાની આવશ્યકતા માટે અંદરથી જગાડી દે, અથવા તો વિશ્લેષનાં વધુ હઠીલાં તત્ત્વોને કચરી નાખે, નિષ્પ્રાણ કરે કે એમની શકિત, જોમ અને સારનો નાશ કરે. કેટલાક પ્રસંગોમાં જાતિનાં નામ સંસ્કૃતિ અને સભ્યતાના સંપૂર્ણ પરિવર્તનની અને વત્તે કે ઓછે અંશે ઊંડા ફેરફારની જરૂર પડી છે. નોંધપાત્ર રીતે એમ બન્યું છે ફ્રેન્ચ રાષ્ટ્રીયતાની રચનામાં. પ્રાચીન ગાલીક પ્રજા, એની સભ્યતા અને પહેલાંનો મહિમા છતાં, કે એને લીધે જ પ્રાચીન ગ્રીકો અને જૂનાં હિંદી રાજ્યો અને ગણતંત્રો કરતાં પણ વધુ પ્રમાણમાં દૃઢ રાજકીય ઐક્ય રચવા માટે અશકત હતી. એને અર્વાચીન ફ્રાન્સની અસાધારણ એકતા માટે, રોમન શાસનની, લૅટીન સંસ્કારની, ટ્યુટોનિક શાસક-જ્ઞાતિની સર્વોપરીતાની અને અંતે ટૂંકા સમય માટે અને અમુક ભાગ પર વિજયી અંગ્રેજી આક્રમણરૂપ આઘાતની જરૂર પડી. અને જોકે નામ, સભ્યતા અને બીજું બધું બદલાઈ ગયું હોય એમ દેખાય છે તો પણ આજનું ફ્રેન્ચ રાષ્ટ્ર હજીયે જૂનું ગાલીક રાષ્ટ્ર છે અને હમેશાં હતું—એના બારક, ગાલીક, આરમોરીકન અને બીજાં પુરાણાં તત્ત્વો સાથે, ફ્રાન્ક અને લૅટીન સંમિશ્રણથી કંઈક અંશે બદલાઈને પણ.

આમ રાષ્ટ્ર એક આગ્રહી માનસિક એકમ છે કે જેને પ્રકૃતિ, સમસ્ત જગતમાં અનેકવિધ રૂપોમાં વિકસાવવા અને એમને સ્થૂલ રૂપે અને રાજકીય રૂપે કેળવવા ઉદ્યોગ કરી રહી છે. રાજકીય એકતા એક આવશ્યક તત્ત્વ નથી; એ હજી સિદ્ધ ન થઈ હોય અને છતાં રાષ્ટ્ર હયાત હોઈ શકે છે અને એના સાક્ષાત્કાર પ્રત્યે અનિવાર્ય રીતે ગતિ કરે છે; એનો નાશ થાય અને તે છતાં રાષ્ટ્ર જીવતું રહે છે, વેદના ભોગવે છે, દુ:ખી થાય છે પરંતુ મરી જવાનો ઇન્કાર કરે

---

૧. અહીં કોઈ એક પ્રજાને એકત્રિત કરવાની ન હતી પરંતુ ઘણી જુદી પ્રજાઓ કે જેમણે એમનું જુદું સ્વાતંત્ર્ય સિદ્ધ કરવાનું હતું અથવા તો કોઈ કોઈની બાબતમાં તો એક જાતિની પ્રજાઓનો મૈત્રી સંઘ રચવાનો હતો.

છે. આગળના વખતમાં રાષ્ટ્ર હમેશાં સાચું અને પ્રાણવાન એકમ હોતું નહિ. જાતિ, કુળ, અંધ, પ્રાદેશિક પ્રજા એ જીવતા સમૂહો હતા. એ એકતાઓ કે જે રાષ્ટ્રીય એકતા વિકસાવવા માટે, એનો વિકાસ થાય તે પહેલાં, આ વધુ જૂના જીવંત સમૂહોનો નાશ કરતી, તે પોતે પણ એક વાર કૃત્રિમ કે રાજકીય એકમ તૂટે તેની સાથે જ નાશ પામતી, પરંતુ અત્યારે રાષ્ટ્ર માનવજાતિના એકલા જીવતા એકમરૂપે ઊભું છે જેમાં બીજાં બધાં એ એક થઈ જવું જોઈએ છે અથવા તો જેને એમણે તાબે થઈ રહેવું જોઈએ છે. જૂની હઠીલી જાતીય એકતાઓ અને સાંસ્કૃતીય એકતાઓ પણ એની વિરુદ્ધ શકિતહીન છે. સ્પેઇનમાં કેટેલોનીઅન, ફ્રાન્સમાં બ્રેતાં અને પ્રોવેન્શાલ અને આલ્સાશીઅન, ઇંગ્લૅન્ડમાં વેલ્શ, એ બધાંને પોતાના જુદા અસ્તિત્વની નિશાનીઓ ગમે; પરંતુ સ્પેનીશ, ફ્રેન્ચ અને બ્રિટિશ રાષ્ટ્રની વધુ મોટી જીવતી એકતાઓનું આકર્ષણ એટલું બળવાન છે કે આવી હઠીલાઈઓ એને નુકસાન નહિ કરી શકે. અર્વાચીન કાળમાં રાષ્ટ્ર એ લગભગ અવિનશ્યેય છે, સિવાય કે એ પોતે અંદરથી વિનાશ પામે. ટુકડા થયેલું, ત્રણ સામ્રાજ્યોની એડીઓ નીચે કચરાયેલું પોલૅન્ડ રાજ્ય રૂપે નાશ પામ્યું પરંતુ પોલીશ રાષ્ટ્ર સજીવન રહ્યું અને હવે ફરી પાછું સંયોજિત થયું છે. આલ્સાસ ચાલીસ વરસ જર્મન ધૂંસરી નીચે રહેવા છતાં એની ફ્રેન્ચ રાષ્ટ્રીયતાને, એનાં જાતીય, ભાષાકીય સામ્યો વિજેતા સાથે હોવા છતાં વફાદાર રહ્યું. રાષ્ટ્રને તોડી પાડવાના બધા આધુનિક પ્રયાસો બેસમજ અને વૃથા છે, કારણ કે એ પ્રયાસો, કુદરતી ક્રમ વિકાસના કાનૂનની અવજ્ઞા કરે છે. સામ્રાજ્યો હજી પણ નાશવંત એકમો છે; રાષ્ટ્ર અમર છે. અને એનાથી વધુ મોટું જીવન્ત એકમ, કે જેમાં રાષ્ટ્ર વધુ ઉચ્ચતર આકર્ષણને અધીન થઈ ડૂબી જાય, તે સ્થપાય ત્યાં સુધી એ એવું રહેશે.

અને ત્યારે પ્રશ્ન ઊભો થાય છે કે સામ્રાજ્ય શું ઉત્ક્રાન્તિના પ્રવાહમાં વિધિવિહિત અને યથાર્થ એકમ નથી? અત્યારે સામ્રાજ્ય નહિ પણ રાષ્ટ્ર જીવતી એકતા છે એ વસ્તુ કંઈ ભવિષ્યમાં સ્થિતિને બદલાઈ જતી અટકાવી નહિ શકે. એ તો સ્પષ્ટ દેખાઈ આવે છે કે આ સંબંધો બદલાઈ જાય એ માટે સામ્રાજ્યે કેવળ રાજકીય એકમ રહેવું છોડી દઈ વધુ પ્રમાણમાં માનસિક એકમ બનવું જોઈશે. પરંતુ રાષ્ટ્રભાવનાના વિકાસમાં એવા બનાવો બન્યા છે કે જેમાં રાજકીય એકતા પ્રથમ આવી અને માનસિક એકતાના પાયા રૂપ બની જેમ કે બ્રિટિશ રાષ્ટ્રની રચનામાં સ્કોચ, ઇંગ્લિશ અને વેલ્શોનું સંમિલન થયું. ઓળંગી ન શકાય એવું કોઈ કારણ નથી કે જેથી એવો બીજો વિકાસ વધુ મોટા વિસ્તારમાં ન થાય અને રાષ્ટ્રીય એકતાને સ્થાને સામ્રાજ્ય એકતા ન આવે. પ્રકૃતિ લાંબા કાળથી સામ્રાજિક સમૂહની પ્રસવવેદના ભોગવી

રહી છે, એને સ્થાયીત્વની વધુ શકિત આપવા માટે અને જગત પર સભાન સામ્રાજીય આદર્શના ઉદ્‌ભવ અને રાષ્ટ્રને સ્થાને સ્વીકાર માટે લાંબા વખતથી આમતેમ પ્રયત્ન કરી રહી છે અને જોકે એના હજી કઢંગા તોફાની અને ભૂલભરેલા પ્રયત્નોને વગર વિચાર્યે, કુદરતની ત્વરિત છલંગો અને સંક્રાંતિઓની આગામી નિશાનીઓ તરીકે ન ગણી લેવા જોઈએ, કે જેનાથી પ્રકૃતિ કેટલીયે વાર એની વસ્તુ સિદ્ધ કરે છે કે જેની તૈયારી એ ક્રમપુરઃસર અને આસ્તે આસ્તે પહેલેથી કરતી હોય છે. તો આ શકયતાનો આપણે હવે માનવએકતાના આદર્શના સંબંધમાં અને રાષ્ટ્રીયતાની સ્થાપિત ઘટનાનો વિચાર કરતાં પહેલાં વિચાર કરવાનો છે. બે જુદા પ્રકારના આદર્શો અને તેથી બે ભિન્ન પ્રકારની શકયતાઓ સિદ્ધિની નિકટ, યુરોપીય યુદ્ધના કારણે, આવી પડી હતી; સ્વતંત્ર રાષ્ટ્રોનું સમવાયતંત્ર અને બીજી બાજુએ થોડાં મોટાં સામ્રાજ્યો કે સામ્રાજીય નેતાગીરી નીચે જગતની વહેંચણી. આ બે વિચારોનો વ્યવહારુ સમન્વય એક બહુ જ સુપ્રાપ્ય શકયતા નજદીકના ભવિષ્ય માટે બની ગઈ છે. થોડું થોભી જઈને પણ વિચાર કરવો આવશ્યક છે કે એ શકય સમન્વયનાં બે તત્ત્વોમાંનું એક પ્રાણવાન અને જીવંત એકમ અત્યારથી જ તૈયાર છે તો બીજું પણ શું અમુક સંયોગોમાં પ્રાણવાન નહિ બનાવી શકાય? અને એ સમન્વય સિદ્ધ થાય તો એને વસ્તુઓના નવા સાંવિધાન માટેનો પાયો ન બનાવી શકાય? નહિ તો એ સ્થિર સ્થાયિત્વની કોઈ શકયતા વિનાની એક કેવળ કામચલાઉ તરકીબથી વધુ બનશે નહિ.

# સામ્રાજ્યની પ્રાચીન અને અર્વાચીન પદ્ધતિઓ

બે રાજકીય સમૂહોની વચ્ચે સ્પષ્ટ ભેદ પાડવો જોઈએ કે જે બન્ને, ચાલુ ભાષામાં, સામ્રાજ્યને નામે સમાન રીતે ઓળખાય છે. કારણ કે એક છે સજાતીય રાષ્ટ્રીય સામ્રાજ્ય અને બીજું છે વિજાતીય મિશ્ર સામ્રાજ્ય. એક અર્થમાં બધાં સામ્રાજ્યો વિજાતીય છે, કંઈ નહિ તો, જો આપણે એમના ઉદ્‌ભવનાં મૂળ સુધી જઈએ તો; પરંતુ સામ્રાજીય સમૂહ કે જેમાં ઘટક તત્ત્વો સમૂહની અંદર એકબીજાથી એમના ભિન્ન અસ્તિત્વની ભાવનાથી વિભાજિત નથી રહેતાં અને એ સામ્રાજીય સમૂહ કે જેમાં આ ભિન્નતાનો ચૈતસિક પાયો હજી સબળ અને સોત્સાહ છે એ બેની વચ્ચે વ્યવહારમાં જુદાઈ છે. જાપાન, ફોર્મોસા અને કોરીઆને ગળી ગયું તે પહેલાં, રાષ્ટ્રીય સમષ્ટિ હતું અને સામ્રાજ્ય તો કેવળ એ શબ્દના સંમાનાર્થમાં હતું; ફોર્મોસા અને કોરીઆને હડપ કરી જવા પછી એ સાચું વિજાતીય મિશ્ર સામ્રાજ્ય બન્યું. જર્મની પણ માત્ર રાષ્ટ્રીય સામ્રાજ્ય હોત જો એણે આલ્સાસ, પોલૅન્ડ અને શ્લેસ્વીગ–હોલ્સ્ટાઈન રૂપી ત્રણ નાની મિલકતોનો બોજો ઉપાડી લીધો ન હોત તો કે જે એની સાથે જર્માનિક રાષ્ટ્રીયતાના ભાવથી નહિ, પરંતુ માત્ર લશ્કરી બળજોરીથી સંયુકત થયાં હતાં. ધારો કે ટયુટોનિક સમૂહે એનાં પરદેશી તત્ત્વો ગુમાવી દીધાં છે અને એમને બદલે વધુમાં વધુ ઑસ્ટ્રીઆના ટયુટોનિક પ્રાંતો પ્રાપ્ત કર્યા છે. તો પછી આપણને સજાતીય સમૂહનું દૃષ્ટાંત કે જેને એ છતાં એ શબ્દના સંમાનાર્થમાં સામ્રાજ્ય કહી શકાય તે મળે, કારણ કે સજાતીય ટયુટોનિક રાષ્ટ્રોનું અથવા તો આપણે સુસંગત રીતે કહી શકીએ તેમ ઉપરાષ્ટ્રોનું સંયોજન બને, જે કુદરતી રીતે પોતાનામાં જુદાઈની કોઈ ભાવનાને નહિ સંઘરતાં ઊલટું એક કુદરતી એકતાથી પરસ્પર આકર્ષિત થઈ, સહેલાઈથી અને અનિવાર્ય રીતે એક ચૈતસિક, નહિ કે માત્ર રાજકીય, એકમની રચના કરત.

પરંતુ આવો પ્રકાર વિશુદ્ધ રૂપે મળવો હવે મુશ્કેલ છે. અમેરિકાનાં સંયુકત

રાજ્યો આવા સમૂહનું દૃષ્ટાંત છે. જોકે એ, વખતોવખત ચૂંટાયેલા પ્રમુખના અમલ નીચે હોય છે અને વંશપરંપરાગત રાજાના અમલ નીચે નહિ. એ અકસ્માતને લીધે આપણે એ પ્રકારને સામ્રાજ્યના વિચાર સાથે બિલકુલ જોડતા નથી. એ છતાં જો સામ્રાજ્ય સમૂહને રાજકીય એકમમાંથી ચૈતસિક એકમમાં બદલી નાખવું હોય તો એમ લાગે છે કે સંયુક્ત રાજ્યોની પદ્ધતિની કંઈક વસ્તુઓ જરૂરી ફેરફાર સાથે એમાં લેવી પડશે; એવી પદ્ધતિ રાખવી પડશે કે જેમાં પ્રત્યેક ઘટકતત્ત્વ પૂરતું સ્થાનિક સ્વરાજ્ય અને જુદી વૈધાનિક અને વહીવટી સત્તા રાખી શકે અને છતાં અવિચ્છેદ્ય ગુરુતર સમૂહનો ભાગ રહે. આ બહુ સહેલાઈથી થઈ શકશે જ્યાં એનાં ઘટક તત્ત્વો બહુધા સજાતીય હોય કે જે આપણને ગ્રેટબ્રિટન અને એનાં ઉપનિવેશોનાં સમવાયતંત્રમાં મળી આવે છે.

હમણાં થોડા વખતથી રાજકીય વિચારણામાં મોટા સજાતીય સમૂહો પ્રત્યેનું વલણ દેખાયું છે, જેમ કે પાન-જર્માનિક સામ્રાજ્યના સ્વપ્નમાં, બૃહદ્ રશિયા અને પાન-સ્લાવિક સામ્રાજ્યના વિચારમાં અથવા તો સંયુક્ત ઈસ્લામી જગતના પાન-ઈસ્લામિક વિચારમાં.[1] પરંતુ આ વલણો, સામાન્ય રીતે, આ સજાતીય સમૂહનાં બીજાં વિજાતીય તત્ત્વો પર અંકુશ સાથે એટલે કે જૂના લશ્કરી અને રાજકીય ફરજિયાતપણાના સિદ્ધાંત નીચે, એની સત્તા નીચેનાં એશીઆટિક રાષ્ટ્રો પર રૂશીઆના કબજા,[2] પૂરા કે અધૂરા બિનજર્મન દેશો અને પ્રાંતો પર જર્મનીના કબજા અને બિનમુસ્લિમ પ્રજાઓ પર ખલીફાતના અંકુશ સાથે સંકળાયેલા છે.[3] આ અસંગતતાઓનો અભાવ હોય તો પણ જાતીય કે સાંસ્કૃતિક પાયા પર સામ્રાજ્યની પુનર્રચના કરવા માટે જગતની વર્તમાન વ્યવસ્થા, મુશ્કેલીએ સાનુકૂળ થાય. આ પ્રકારના વિશાળ સમૂહોને એમના રાજ્યક્ષેત્રમાં તદ્દન વિજાતીય કે મિશ્રિત તત્ત્વોના વસવાટવાળા ઘેરાએલા ગૌણ

---

૧. આ ત્રણે ક્રાંતિ અને યુદ્ધને કારણે ભાંગી પડયાં છે, પણ જો રાષ્ટ્રીયતાનો ખ્યાલ ક્ષીણ થાય તો છેલ્લો વિચાર ભવિષ્યમાં ફરી સજીવન થાય; જો સામ્યવાદ રાષ્ટ્રવાદનો નાશ કરે તો બીજા સ્વપ્નની સિદ્ધિ શકય છે.

૨. આમાં સોવિયેત યુનીઅનની સ્થાપનાથી ફેરફાર થયો છે કે જે આ એશીઆટિક પ્રજાઓને સ્વેચ્છાથી રૂશીઆ સાથે એક કર્યાનો દાવો કરે છે; પરંતુ પૂરી ખાત્રી રાખી શકાતી નથી કે આ સ્થાયી વસ્તુ છે કે માત્ર નજરે ચડતી અસ્થાયી ઘટના.

૩. આ બે સામ્રાજ્યો હવે અદૃશ્ય થઈ ગયાં છે અને એ ફરી સજીવન થાય એવી શકયતા દેખાતી નથી.

પ્રદેશો મળશે એટલે પોતાની વહાલી રાષ્ટ્રીયતાનો ત્યાગ કરી આ પ્રકારના સંયોજનમાં જોડાવા સામે સજાતીય રાષ્ટ્રોના વિરોધ અને ઈન્કાર ઉપરાંત એમને પોતામાં સમાવિષ્ટ કરવા માગતા વિચાર અને સંસ્કૃતિ પ્રત્યે વિરોધી આ મિશ્ર કે વિજાતીય તત્ત્વોની વિસંવાદિતા પણ આવા સંયોજનોમાં રહેલી છે. આમ પાનસ્લાવોનિક સામ્રાજ્યને પ્રમુખ સ્લાવ રાજ્ય તરીકે બાલ્કન દ્વિપકલ્પનો કબજો જરૂરી બનશે. પરંતુ આવી યોજનાને માત્ર સ્વતંત્ર સર્બીઅન રાષ્ટ્રીયતાનો અને બલ્ગરોના અપૂર્ણ સ્લાવવાદનો નહિ પરંતુ તદ્દન વિપરીત રૂમાનિયન, ગ્રીક અને આલ્બેનિયન તત્ત્વોનો સામનો કરવો પડશે. એટલે એમ નથી દેખાતું કે વિશાળ સજાતીય સમૂહો માટેનું આ વલણ, જોકે એણે કેટલાક વખત માટે દુનિયાના ઈતિહાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે અને જે હજી થાક્યું કે હાર્યું નથી, તે કદાપિ અંતિમ નિરાકરણ બને એવો સંભવ હોય; કારણ કે જો એ જીતે તો પણ, એણે વિજાતીય પ્રકારના સમૂહની મુશ્કેલીઓનો સામનો વત્તો કે ઓછો કરવો પડશે. એટલે સામ્રાજ્યનો ખરો પ્રશ્ન તો હજી રહે છે કે જાતિએ, ભાષાએ અને સંસ્કૃતિએ વિજાતીય એવા સામ્રાજ્યની કૃત્રિમ રાજકીય એકતાને એક સાચી અને ચૈતસિક એકતામાં કેવી રીતે બદલી શકાય.

ઈતિહાસ આપણને આ પ્રશ્નના ઉકેલ માટે, આવા વિશાળ ક્ષેત્ર પર અને એવા પૂર્વ સંયોગોમાં કરવામાં આવેલા પ્રયત્નનો માત્ર એક જ મોટો અને સચોટ દાખલો આપે છે કે જે આધુનિક વિજાતીય વિશાળ સામ્રાજ્યો જેવાં કે રૂશીઆ, ઇંગ્લૅન્ડ,[૧] ફ્રાન્સ જેમની સામે આ પ્રશ્ન આહ્વાન રૂપે મૂકવામાં આવ્યો છે, તેમને દોરવણી આપી શકે.[૧] પાંચ રાષ્ટ્રોના બનેલા સુંદર વ્યવસ્થાવાળા જૂના ચીનાઈ સામ્રાજ્ય માટે એ પ્રશ્ન હતો નહિ કારણ કે એમાં તો બધાં જ રાષ્ટ્રો મોંગોલીઅન હતાં અને એમાં કોઈ ન ઊકલી શકે એવા સાંસ્કૃતિક પ્રશ્નો હતા નહિ. પરંતુ સામ્રાજીય રોમનને અર્વાચીનોની સામે આવી પડયા છે એવા જ પ્રશ્નોનો, બે ત્રણ ઘણી મહત્ત્વની મુશ્કેલીઓને બાદ કરતાં સામનો કરવો પડયો હતો, અને તેણે એમનો અમુક સીમામાં, ઉત્કૃષ્ટ સફળતાથી ઉકેલ કાઢયો હતો. એનું સામ્રાજ્ય સદીઓ સુધી ટક્યું; જોકે ઘણી વાર તૂટી પડવાના ભય એની ઉપર આવી પડયા છતાં એની એકતાના આંતરિક સિદ્ધાંતને કારણે અને એના પ્રભાવક કેન્દ્રાભિમુખ આકર્ષણથી બધાં વિભાજક વલણો ઉપર વિજયી

૧. આ સામ્રાજ્યે એનું રૂપ ઐચ્છિક સમાનસંઘમાં એવી રીતે બદલ્યું છે કે હવે એ વાંધો સુસંગત નથી રહ્યો. હવે એ જૂના જગતનું સામ્રાજ્ય નથી રહ્યું પરંતુ ઐચ્છિક સમાન-સંઘ અને સંખ્યાબંધ પરાધીન પરંતુ સ્વાયત્ત શાસન પ્રત્યે આગળ વધતી પ્રજાઓનો સમૂહ બન્યું છે.

થયું. એની એક નિષ્ફળતા હતી એનું પૂર્વીય અને પશ્ચિમીય સામ્રાજ્યોમાં દ્વિભાજન જેણે એના છેલ્લા અંતને ઝડપી બનાવ્યો. છતાં જ્યારે એ અંત આવ્યો ત્યારે એ અંદરના વિશૃંખલનથી નહિ પરંતુ એના જીવનના કેન્દ્રની જીર્ણતાથી આવ્યો. અને એ જીવનનું કેન્દ્ર ઝાંખું પડી ગયું ત્યાર પછી જ અને નહિ કે પહેલાં, બહારના બારબેરીઅનોનું દબાણ, જેને ખોટી રીતે એના નાશને માટે જવાબદાર ગણવામાં આવે છે તે, એની ભવ્ય સુદૃઢતા ઉપર કામયાબ થયું.

રોમને એનો અમલ જમાવ્યો લશ્કરી વિજયથી અને લશ્કરી ઉપનિવેશોથી; પરંતુ એક વાર એ વિજય સ્થિર થયો ત્યાર પછી એને કૃત્રિમ રાજકીય એકતા તરીકે પકડી રાખવામાં એણે સંતોષ માન્યો નહિ, કે ન તો એણે જીતાએલા લોકોએ જે કારણોને લીધે એ માન્ય રાખ્યું તે માત્ર આર્થિક અને વહીવટી રીતે સારી, કાર્યક્ષમ અને સુવ્યવસ્થિત સરકારની રાજકીય સગવડતા ઉપર પણ વિશ્વાસ રાખ્યો. એનામાંની સ્વયંભૂ રાજકીય અંતઃસ્ફુર્જના એટલી સહેલાઈથી સંતોષાય એવી નહોતી કારણ કે જો એ એટલેથી અટકયો હોત તો ચોક્કસ છે કે એનું સામ્રાજ્ય બહુ વહેલું તૂટી ગયું હોત. એની સત્તા નીચેની પ્રજાઓએ એમની જુદી રાષ્ટ્રીયતાનું ભાન ટકાવી રાખ્યું હોત અને એક વખત રોમન ક્ષમતા અને વહીવટી વ્યવસ્થાથી ટેવાયા પછી એ વસ્તુઓને સ્વતંત્ર વ્યવસ્થિત રાષ્ટ્રો તરીકે ભોગવવા તરફ એ વળ્યાં હોત. આ જુદી રાષ્ટ્રીયતાના ભાનને ભૂંસી નાખવામાં રોમન શાસન જ્યાં જ્યાં એણે પોતાની પ્રભુત્વવાળી અસર બેસાડી દીધી ત્યાં ત્યાં સફળ થયું હતું. અને આ કરવામાં આવ્યું ટ્યુટોનિક પ્રકારના પાશવિક બળ પ્રયોગથી નહિ પરંતુ શાંત દબાણથી. રોમે પ્રથમ એની એક હરીફ સંસ્કૃતિ કે જે એનાથી ઘણી બાબતોમાં વધુ ઊંચી હતી તેની સાથે સમાધાન કર્યું અને એનો પોતાના સાંસ્કૃતિક અસ્તિત્વના ભાગરૂપે સ્વીકાર કર્યો અને એ સર્વથી મૂલ્યવાન ભાગ તરીકે પણ; એણે ગ્રાઈકો-રોમન સભ્યતાનું સર્જન કર્યું; ગ્રીક ભાષાને એ સભ્યતાની સ્થિરતા માટે પૂર્વમાં ફેલાવા દીધી અને બીજે બધે એનો પ્રચાર લૅટીન ભાષાના માધ્યમથી અને લૅટીન કેળવણીથી કર્યો અને શાંતિપૂર્વક ગૉલ અને બીજા જીતાએલા પ્રાંતોની ક્ષીણ થતી કે અપૂર્ણ સંસ્કૃતિઓને દબાવી દેવામાં એ સફળ થયું. પરંતુ આ પ્રક્રિયા પણ બધી જુદાઈની વલણોને નિર્મૂળ કરવા માટે પૂરતી નહિ થઈ હોય એટલે અણે એના લૅટીની બનેલા તાબેદાર લોકોને ઊંચામાં ઊંચી, લશ્કરી અને વહીવટી પદવીઓ પર આવકાર્યા અને સમ્રાટનાં ધૂમલવસ્ત્ર પણ પરિધાન કરાવ્યાં, કે જેથી ઑગસ્ટસ પછી એક સૈકો પૂરો થાય તે પહેલાં તો પ્રથમ એક ઇટાલીઅન ગૉલે અને પછી એક આઈબેરીઅન સ્પેનીઅર્ડે સીઝરોનાં નામ અને સત્તા ધારણ કર્યાં એટલું જ નહિ, પરંતુ આવશ્યક ત્વરાથી આગળ વધીને, વિશિષ્ટ નાગરિક-

અધિકારો, કે જેની એણે પોતાના રાજકીય જીવન સાથે શરૂઆત કરી હતી, એમને નિષ્પ્રાણ કરી નાખ્યા અને પછી નામશેષ કર્યા અને એની વશવર્તી સર્વ પ્રજાઓને—એશીઆટિક, યુરોપીઅન અને આફ્રિકનને, ભેદભાવ વગર પૂરી રોમન નાગરિકતા પ્રદાન કરી.

પરિણામ એ આવ્યું કે સમગ્ર સામ્રાજ્ય ચૈતસિક રીતે નહિ કે માત્ર રાજકીય રીતે, એક ગ્રાઈકો-રોમન એકમ બન્યું. માત્ર વધુ બળવાન સૈનિક તાકાત અથવા તો કેવળ રોમન શાન્તિ અને સુવ્યવસ્થાથી નહિ પરંતુ પ્રાંતોની બધી અભિલાષાઓ, સંસર્ગો, અભિમાન, સાંસ્કૃતિક સંબંધોને કારણે પણ એમને સામ્રાજ્ય ટકાવવામાં દૃઢ રીતે આસકિતવાળા બનાવ્યા. પ્રાંતના શાસક કે લશ્કરી નેતાનો પોતાના લાભ માટે જુદાં પ્રાંતીય સામ્રાજ્યો સ્થાપવાનો દરેક પ્રયત્ન નિષ્ફળ ગયો કારણ કે એને, ટેકો આપે એવા કોઈ વલણનો, કોઈ રાષ્ટ્રીય ભાવનાનો કે ફેરફારને પરિણામે પ્રજાને કોઈ આર્થિક કે બીજા લાભો થાય એવો કોઈ આધાર મળ્યો નહિ કે જેના ઉપર કાયમી સફળતા માટે આવા પ્રયત્ને આધાર રાખવો પડે. આટલા સુધી રોમન સફળ થયો; જ્યાં એ હાર્યો તે એની પદ્ધતિના મુખ્ય અધર્મને કારણે. જે પ્રજાઓ ઉપર એનું શાસન હતું તેમની જીવતી સંસ્કૃતિઓ અને જન્મ પામતી વ્યકિતતાઓનો નાશ કરીને એ પ્રજાઓ પાસેથી એણે એમનાં પ્રાણદાયી દ્રવ્યો, એમની શકિતનાં મૂળ, ગમે તેટલી શાન્તિથી પણ હરી લીધાં. બેશક એણે વિભાજક સર્વસક્રિય કારણોને દૂર કર્યાં અને વિસર્જક બળોની સામે શાન્ત બળ સ્થાપી દીધું; પરંતુ એનું સામ્રાજ્ય કેન્દ્રમાં જ જીવતું રહ્યું અને જ્યારે કેન્દ્ર થાકવા લાગ્યું ત્યારે આખા શરીરમાં કોઈ એવું પ્રબળ અને ઊછળતું જીવન રહ્યું હતું નહિ કે જેમાંથી એ ફરી ભરપૂર થઈ શકે. અંતે જે પ્રજાઓનું જીવન એમણે ઉછીની લીધેલી સભ્યતાના ભાર નીચે દબાઈ ગયું હતું તેમનામાંથી એને પૂરતા પ્રમાણમાં એવી પ્રાણવાન વ્યકિતઓ પણ ન મળી શકી અને એવા લોકો એને સરહદ પારના બર્બર લોકોમાંથી લેવા પડયા. અને જ્યારે ટુકડા થઈ નીચે પડયું ત્યારે ફરી ઊભી થતી જૂની પ્રજાઓ નહિ પરંતુ આ બર્બરો એના ઉત્તરાધિકારી થયા. કારણ કે એમની બર્બરતા એક જીવતી શકિત હતી અને જીવનપરક તત્ત્વ હતું, પરંતુ ગ્રાઈકો-રોમન સભ્યતા મૃત્યુપરક તત્ત્વ બની ગઈ હતી. જેમના સંસર્ગથી એ પોતાની શકિતમાં ફેરફાર કરી શકી હોત અને એને પુનર્જીવિત કરી શકી હોત તે બધી જીવતી શકિતઓનો નાશ કરવામાં આવ્યો હતો. આખરે એને એના સ્વરૂપે જ વિનષ્ટ થવું પડયું અને એનો સિદ્ધાંત બીજાં પડતર અને ફળદ્રૂપ ક્ષેત્રોમાં, મધ્યકાલીન યુરોપની પ્રાણવાન અને સશકત સંસ્કૃતિઓમાં, ફરીથી વાવવામાં આવ્યો. જે વસ્તુ એના સામ્રાજ્ય રૂપી સાધન વડે કરવાનું

ડહાપણ રોમનોમાં હતું નહિ—કારણ કે ઊંડામાં ઊંડું રાજકીય અંતઃસ્ફુરણ એ પણ પ્રજ્ઞા નથી,–તે કામ પ્રકૃતિએ પોતે મધ્યકાલીન ખ્રિસ્તી યુરોપની શિથિલ પરંતુ જીવંત એકતામાં કરવું પડ્યું.

રોમનું દૃષ્ટાંત ત્યારથી યુરોપની રાજકીય કલ્પનામાં હરતું ફરતું રહ્યું છે– એ કેવળ શાર્લમાનના પવિત્ર રોમન સામ્રાજ્યની પાછળ; નેપોલીઅનના પ્રચંડ પ્રયાસમાં અને ટ્યુટોનિક ક્ષમતા અને ટ્યુટોનિક સંસ્કૃતિથી શાસિત વિશ્વસામ્રાજ્યના જર્મન સ્વપ્નમાં રહ્યું છે એટલું જ નહિ, પરંતુ બધાં સામ્રાજ્ય રાષ્ટ્રો, અમુક અંશે, ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ સહિત, એને પગલે પગલે અનુસર્યાં છે. પરંતુ એ નોંધપાત્ર છે કે રોમન સફળતાને ફરી નવે રૂપે લઈ આવવાના બધા પ્રયાસ નિષ્ફળ ગયા છે. આધુનિક રાષ્ટ્રો રોમે દોરેલી રેખાઓ ઉપર પૂરેપૂરી રીતે ચાલી શકયાં નથી અને જો એમણે એ પ્રમાણે ચાલવાના પ્રયાસ કર્યા છે તો ભિન્ન પરિસ્થિતિઓની સામે અથડાઈ પડયાં છે અને એમ કરવા જતાં કાં તો તૂટી પડયાં છે અથવા તો એમને અટકી જવાની ફરજ પડી છે. જાણે કે પ્રકૃતિએ એમ કહ્યું હોય કે, "એ પ્રયોગ એનાં તાર્કિક પરિણામો પર્યંત લઈ જવામાં આવ્યો છે અને એક વાર બસ છે. મેં નવી શરતો મૂકી છે; તમે નવાં સાધનો ખોળી કાઢો, અથવા તો ખામીવાળાં કે આડે માર્ગે જતાં હોય, તેમાં સુધારોવધારો કરી લે."

યુરોપીઅન રાષ્ટ્રોએ એમનાં સામ્રાજ્યો, લશ્કરી જીત અને ઉપનિવેશોની જૂની રોમન રીતે, રોમનો પહેલાંની સાદા આધિપત્ય અથવા આગેવાનીની આસીરીઅન અને મીસરી રાજાઓ, હિન્દી રાજ્યો અને ગ્રીક નગર રાજ્યોએ વાપરેલી રીતોને મોટે ભાગે છોડી દઈને ફેલાવ્યાં છે. પરંતુ એ જૂની પદ્ધતિ પણ એમણે રક્ષિત પ્રદેશને નામે, પૂરી કબજો લેવાની સર્વસામાન્ય વિધિની પૂર્વ તૈયારી રૂપે વાપરી ઉપનિવેશો શુદ્ધ રોમન પ્રકારના ન હતા, પરંતુ મિશ્ર કાર્થેજીઅન અને રોમન પ્રકારના હતા. એ વસાહતો અમલદારી અને લશ્કરી, રોમન ઉપનિવેશોની જેમ મૂળ પ્રજાના લોકો કરતાં ઊંચા નાગરિક અધિકારો ભોગવતી, સાથે સાથે અને વધુ મોટા પ્રમાણમાં એ વ્યાપારી શોષણ માટે હતી. રોમન પ્રકારની વધુમાં વધુ નિકટ છે અલ્સ્ટરમાંની ઇંગ્લિશ વસાહત, જ્યારે પોલૅન્ડમાં જર્મન પદ્ધતિએ આધુનિક સંયોગોમાં અપહરણના જૂના રોમન સિદ્ધાંતને આગળ વધાર્યો હતો. પરંતુ આ અપવાદો છે, નિયમ નહિ.

જીતાયેલા પ્રદેશોનો કબજો અને એમની વ્યવસ્થા પાકાં કર્યા પછી આધુનિક રાષ્ટ્રો સામે આ મુશ્કેલી આવીને ઊભી રહે છે કે જેને એ જેવી રીતે રોમનો ઓળંગી ગયા હતા તેમ અવગણી શકતાં નથી — મૂળ સ્થાનિક સંસ્કૃતિ અને એની સાથે સ્થાનિક જુદાઈની ભાવનાને નિર્મૂળ કરવાની

મુશ્કેલી. આ બધાં સામ્રાજ્યો પ્રથમ તો પોતાના ઝંડા સાથે પોતાની સંસ્કૃતિ ઠોકી બેસાડવાના વિચારો લઈ ગયાં, પ્રથમ માત્ર વિજેતાના એક આવેગ રૂપે અને રાજકીય પ્રભુત્વના અનુબંધ રૂપે અને એની કાયમિતાની સલામતી માટે, પરંતુ પાછળથી એમની પાખંડી ભાષામાં મૂકીએ તો પછાત જાતિઓને ‘સંસ્કૃતિ’ના લાભો પહોંચાડવાના સભાન સંકલ્પ સાથે. એ નથી કહી શકાતું કે એ પ્રયાસ કોઈ પણ સ્થળે બહુ સફળ થયો છે. આયર્લૅન્ડમાં એનો પ્રયત્ન પૂરેપૂરી નિર્દય રીતે કરવામાં આવ્યો અને જોકે આઈરિશ ભાષા કોનોટનાં જંગલો સિવાય બધેથી ઊખડી ગઈ. અને, તો પણ ગુસ્સે ભરાયેલી અપમાનિત થયેલી આઈરિશ પ્રજા અને જૂની આઈરિશ સંસ્કૃતિનાં સર્વ વિશિષ્ટ ચિહ્નો અદૃશ્ય થઈ ગયાં. જુદાપણાનાં બીજાં જે કોઈ સાધનો હાથ આવ્યાં તેવાં નાનાં સાધનો વડે એના કૅથોલિક ધર્મ, એની કેલ્ટીક જાતિયતા અને રાષ્ટ્રીયતાને પણ વળગી રહી અને જ્યારે એ અંગ્રેજી થઈ ગઈ ત્યારે પણ એણે અંગ્રેજ બનવાનો ઈન્કાર કર્યો. ત્યાં પરદેશી દબાણ દૂર થવાથી અને શિથિલ થવાથી ગાલીક ભાષાને પુનર્જીવિત કરવા માટે અને જૂના કેલ્ટીક આત્મા અને સંસ્કૃતિની પુનઃસ્થાપના માટે જોરાવર પ્રત્યાઘાત આવ્યો છે. જર્મન, પોલૅન્ડને પ્રુશીઅન બનાવવામાં હાર્યો અને એની જ ભાષા બોલનારા એના આલ્સાશીઅન ભાઈઓને પણ પ્રુશીઅન બનાવી શકયો નહિ. ફીન રૂશીઆમાં અપરાજેય ફીનીસ રહ્યો. મૃદુ ઑસ્ટ્રીઅન રીતિઓએ ઑસ્ટ્રીઅન પોલને એટલો જ પોલીશ રહેવા દીધો જેટલો જર્મન પોસેનમાં કચરી નાખવામાં આવેલ એનો પોલ બાંધવા પોલીશ રહ્યો. આમ, આવા પ્રયત્નોની વ્યર્થતાનો અને પરવશ પ્રજાના આત્માને મુકત રહેવા દેવાની આવશ્યકતાનો, સત્તાધીશ પ્રજાનો નવો વહીવટ માત્ર આર્થિક ક્ષેત્રમાં મર્યાદિત કરવાનો અને સામાજિક અને સાંસ્કૃતિક ફેરફાર જેટલો સ્વેચ્છાએ સ્વીકારાય, કેળવણી અને પરિસ્થિતિના બળથી એની મેળે થાય તેટલો થવા દેવાની જરૂરતનો ખ્યાલ સર્વત્ર જાગવા લાગ્યો.

સામ્રાજ્ય રીતિઓમાં નવો અને બિનઅનુભવી જર્મન, ખરેખર પચાવી લેવાના જૂના રોમન વિચારને વળગી રહ્યો જેને એણે રોમન અને બિનરોમન સાધનોથી અમલમાં મૂકવા પ્રયત્ન કર્યો. એણે જૂના સીઝરોની પણ પાછળના સમયમાં જવાનું, કનાનમાં યહૂદીઓની અને પૂર્વીય બ્રિટનમાં સેક્ષનોની નિષ્કાસન અને આમ-કતલની રીતોનું વલણ દેખાડયું. પરંતુ કારણ કે એ આધુનિક બન્યો હતો અને એને આર્થિક આવશ્યકતા અને લાભની કંઈક સમજ હતી, તેથી એ આ નીતિ પૂરી રીતે કે શાન્તિના સમયમાં અમલમાં મૂકી શકયો નહિ. છતાંયે જૂની રોમન રીતિને માટે એ આગ્રહ રાખતો રહ્યો, જૂની સ્થાનિક ભાષા અને સંસ્કૃતિને સ્થાને જર્મન ભાષા અને સંસ્કારને સ્થાપવા પ્રયાસ કરતો

રહ્યો અને એ કામ શાન્તિમય દબાણથી થઈ શકયું નહિ ત્યારે એ વસ્તુ લશ્કરી બળથી કરવા લાગ્યો. આ પ્રકારનો પ્રયાસ નિષ્ફળ જવા બંધાયેલો છે; ચૈતસિક એકતા કે જે એનું ધ્યેય છે તે લાવવાને બદલે એ માત્ર પરાજિત પ્રજાની રાષ્ટ્રીયતાની ભાવનાને ઉત્તેજિત અને ઉગ્ર બનાવવામાં સફળ થાય છે, અને એવો સમૂળ અને અપરાજેય ધિક્કાર વાવે છે કે જે સામ્રાજ્ય માટે ખતરનાક છે અને જે અંતે, જો સામ્રાજ્ય વિરોધી તત્ત્વો સંખ્યામાં બહુ થોડાં અને લશ્કરી રીતે બહુ નિર્બળ ન હોય તો એનો નાશ પણ કરી નાખે. અને જો આવી વિજાતીય સંસ્કૃતિઓને મીટાવી દેવાનું યુરોપમાં કે જ્યાં સાંસ્કૃતિક ભિન્નતાઓ માત્ર એક જ પ્રકારની સંસ્કૃતિના મહત્ત્વના નહિ પણ ગૌણ અને નિ:સત્ત્વ ભેદો છે ત્યાં જો અશકય છે, તો પછી એ સામ્રાજ્યો કે જેમને એશીઆ અને આફ્રિકાના, ઘણી સદીઓની જૂની અને સંસ્થાપિત સંસ્કૃતિઓમાં બદ્ધમૂલ થયેલા મોટા સમૂહો સાથે કામ લેવાનું છે તેમને માટે એ કામ કરી શકવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. જો ચૈતસિક એકતાનું સર્જન કરવાનું હોય તો તે અન્ય સાધનોથી થવું જોઈશે.

જુદી જુદી સંસ્કૃતિઓનો એકબીજા પરનો પ્રત્યાઘાત અટકયો નથી, પરંતુ આધુનિક જગતના સંયોગોથી વધુ ઉગ્ર બન્યો છે. પરંતુ આ આઘાત પ્રત્યાઘાતના પ્રકાર, એમના ઉદ્દેશો અને એ ઉદ્દેશોની સિદ્ધિ માટે લેવાતા ઉપાયો ગહન રીતે બદલાઈ ગયા છે. પૃથ્વી અત્યારે સમગ્ર માનવજાતિ માટેની એક સર્વસામાન્ય, વિશાળ અને લવચીક સભ્યતાની પ્રસવવેદનામાં છે, જેમાં પ્રત્યેક આધુનિક અને પ્રાચીન સંસ્કૃતિ એનો ફાળો લાવશે અને જેમાં પ્રત્યેક સુસ્પષ્ટ રીતે વ્યવસ્થિત સમૂહ એનું વૈવિધ્યનું આવશ્યક તત્ત્વ ઉમેરશે. આ ધ્યેયની સિદ્ધિના કાર્યમાં પોતાના બચાવ માટે જરૂર કંઈક સંઘર્ષ થશે. પ્રકૃતિ માનવીમાં જે વલણોનો પ્રયોગ કરી રહી છે તેમાં જે જીવવા યોગ્ય અને વધુમાં વધુ સહાયકારક હશે એ સર્વ જીવશે, માત્ર વર્તમાન વલણો નહિ પરંતુ ભૂતકાળનાં ફરીથી જાગતાં થયેલાં વલણો અને ભવિષ્યનાં પણ હજી અપૂર્ણ રીતે ખીલેલાં વલણો પણ. અને એ બધું પણ જીવશે કે જે મુકિત અને સહચારનાં બળો રૂપ થઈ શકશે, જે છૂટથી આપ-લે કરી શકશે, એકબીજા સાથે હળીમળીને રહી શકશે અને મહામાતાને એના પરિશ્રમમાં રહેલા ગૂઢ સંકેતના આવિર્ભાવ માટે સારામાં સારી રીતે ઉપયોગી થશે. પરંતુ આ પ્રયાસની સફળતામાં લશ્કરી સંગ્રામ કે રાજકીય દબાણ અધમાધમ કામ કરશે, ઉત્તમ સેવા નહિ. જર્મન સંસ્કૃતિ, ભલા માટે હો કે બૂરા માટે, જર્મનીના શાસકો સૂતેલા વિરોધી આદર્શોને શસ્ત્ર સંગ્રામથી જગાડવા જેવી અવળી દિશાએ ચઢી ગયા તે પહેલાં, આખી દુનિયામાં જીત પર જીત કરતી જતી હતી. અને હજીયે એ સંસ્કૃતિમાં જે અનિવાર્ય

તત્ત્વ છે—રાજ્ય વિચાર અને રાજ્ય દ્વારા કોમના જીવનની વ્યવસ્થા કે જે જર્મન સામ્રાજ્યવાદ અને સમાજવાદ બંનેમાં સામાન્ય છે—તે, જર્મની પાશવી સંઘર્ષ દ્વારા યુદ્ધમાં વિજય મેળવે તેના કરતાં હારે તો સફળ થવાની ઘણી વધુ શક્યતા છે.

જગતનાં વલણોની ગતિ અને દિશા પરત્વે થતો આ ફેરફાર આદાન-પ્રદાન અને અનુકૂલનના નિયમ પ્રત્યે અને બહુ તત્ત્વોના સમાગમમાંથી પ્રગટ થતા નવજન્મ પ્રત્યે આપણી નજર દોરે છે. માત્ર એ જ સામ્રાજ્ય સમૂહો જીતે અને આખરે ટકે એવી શકયતા છે કે જે આ નવા કાનૂનને સ્વીકારે અને એ પ્રમાણે પોતાના તંત્રનું ઘડતર કરે. આ કાનૂનની વિરુદ્ધ તાત્કાલિક ફત્તોહો ખરેખર શકય બને અને કાનૂન પર આક્રમણ પણ કરવામાં આવે; પરંતુ અત્યારની આવી જીતો, ઈતિહાસે ફરી ફરી બતાવ્યું છે તેમ રાષ્ટ્રના આખા ભવિષ્યને જોખમે થઈ શકે. વધી ગયેલાં વ્યવહારનાં સાધનો અને વિસ્તાર પામતા જ્ઞાનને પરિણામે આ નવા સત્યનો સ્વીકાર થવા લાગ્યો હતો. વિવિધતાનું મૂલ્ય સ્વીકારાવા લાગ્યું હતું અને આ કે તે સંસ્કૃતિના પોતાની જાતને જબરજસ્તીથી બીજાઓ પર લાદવાના અને તેમને કચરી નાખવાના જૂના તુંડમિજાજી દાવાઓ, એમનાં શકિત અને આત્મવિશ્વાસ ગુમાવવા લાગ્યાં હતાં ત્યાં તો જૂની કાલચક્રમાં ઘસાઈ ગયેલી માન્યતા જર્મન સમશેર સાથે સજજ થઈ પોતે નાશ પામે તે પહેલાં બની શકે તો પોતાનો હક્ક સાચો ઠેરવવા એકાએક ઊછળી આવી. પરિણામ એટલું જ આવ્યું કે સત્યનો એ ઇન્કાર કરવા માગતી હતી તેને વધુ બળ મળ્યું અને એનો સ્પષ્ટ સ્વીકાર થયો. યુરોપની સમગ્રતામાં સાંસ્કૃતિક એકમો રૂપે બેલ્જીઅમ અને સર્બીઆ[1] જેવાં નાનામાં નાનાં રાજ્યોનું મહત્ત્વ એક ધાર્મિક માન્યતાની પાયરીએ પહોંચ્યું છે. યુદ્ધ ક્ષેત્રમાં થયેલા પરિચયથી, એશીઆની સંસ્કૃતિઓનાં મૂલ્યની પિછાણ કે જે પહેલાં માત્ર વિચારકો, અભ્યાસીઓ અને કલાવિદોમાં સીમિત હતી તે હવે સામાન્ય જગતના મન સુધી પહોંચી છે. નીચી જાતીઓના સિદ્ધાંત પર, પોતાની સંસ્કૃતિના માપથી મપાતી ઉચ્ચતા અને નીચતાના સિદ્ધાંત પર મરણ-તોલ ફટકો પડયો છે કે જે એને માટે ઘાતક નીવડે. વસ્તુઓના નવનિર્માણનાં બીજ ત્વરાએ જાતિના સભાન માનસ તંત્રમાં વવાઈ રહ્યાં છે.

સંસ્કૃતિઓના સંપર્ક પરત્વે આ નવું વલણ જ્યાં યુરોપીઅન અને એશીઆટિક મળે છે ત્યાં બહુ સ્પષ્ટતાથી દેખાય છે. ઉત્તર આફ્રિકામાં ફ્રેન્ચ સંસ્કૃતિ, હિંદુસ્તાનમાં અંગ્રેજ સંસ્કૃતિ, એકદમ ફ્રેન્ચ કે ઇંગ્લિશ મટી

---

૧. હવે યુગોસ્લેવીઆ.

જાય છે અને એશીઆટિકની સમક્ષ સીધી સાદી સામાન્ય યુરોપીઅન સભ્યતા બની જાય છે: એ સમીકરણને માર્ગે સલામતી માટે દૃઢ સંકલ્પ એવી સામ્રાજિક સત્તાધીશતા નથી રહેતી, પરંતુ ત્યાં હોય છે ખંડ ખંડ વચ્ચેનો વાર્તાલાપ. આર્થિક હેતુ અર્થહીન થઈ ડૂબી જાય છે, વિશ્વ હેતુ એનું સ્થાન લે છે. અને આ સામનામાં હવે અહંમાની યુરોપીઅન સભ્યતા અર્ધઅસભ્ય એશીઆ-ટિકની સામે પ્રકાશ અને કલ્યાણ પ્રદાન કરતી ઊભી નથી રહેતી અને સામે નથી ઊભો હોતો કલ્યાણકારી રૂપાંતરની બક્ષિસ સાભાર સ્વીકારતો એશીઆટિક. જાપાને પણ, એના પહેલા ઉમંગભર સ્વીકાર પછી, પોતાની સંસ્કૃતિમાં જે કંઈ પાયાનું છે એ સાચવી લીધું છે અને હવે સર્વત્ર યુરોપીઅન પ્રવાહનો વિરોધ થાય છે, એના વિજયી ધસારાને અંતરનો અવાજ અને શંકિત ચિત્કારે છે—'થોભી જા.'[1] સમગ્ર રીતે જોતાં, અમુક આશંકાઓ અને બેચેની છતાં અને જ્યાં પૂરેપૂરું નહિ તો સંયોગોના દબાણ અને માનવજાતિના સામાન્ય વલણની અસર નીચે, આધુનિક યુરોપી સંસ્કૃતિના મૂલ્યવાન અંશોને પૂર્વ સ્વીકારવા તૈયાર છે, એનું વિજ્ઞાન, એની કુતૂહલતા, એનો વ્યાપક કેળવણી અને ઉન્નતિનો આદર્શ, એના વિશિષ્ટ અધિકારોનો નાશ, એનું વિશાળ બનાવતું, ઉદાર બનાવતું લોકશાહી વલણ, એની સ્વતંત્રતા અને સમાનતા માટેની સ્ફુર્જના, એની સાંકડી અને ત્રાસદાયક તંત્રોને તોડી પાડવાની અને હવા, અવકાશ, પ્રકાશ માટેની હાકલ. પરંતુ અમુક હદથી આગળ જવાની પૂર્વ ના પાડે છે અને એ ખાસ કરીને એ વસ્તુઓમાં કે જે મનુષ્ય જાતિના ભાવિમાં ઊંડામાં ઊંડી અને વધુમાં વધુ આવશ્યક છે એવી આત્માની વસ્તુઓ, મનની અને સ્વભાવની ગહન વસ્તુઓ. અહીં પણ બધી વસ્તુઓ સૂચવે છે, નહિ કે રૂપાંતર કે દ્રવ્યાંતર, અને હાર કે જીત પરંતુ પરસ્પર સમજૂતી અને વિનિમય, પરસ્પર સુમેળ અને નવસંયોજન.

જૂનો ખ્યાલ હજી મરી પરવાર્યો નથી અને એક આખરી યુદ્ધ વિના મરશે પણ નહિ. હજી પણ એવા લોકો છે કે જે ખ્રિસ્તી બનેલા હિન્દનાં, અંગ્રેજી ભાષા જો ભારતીય ભાષાઓનું સ્થાન ન લઈ શકે તો પણ એનું આધિપત્ય કાયમ રહે અથવા તો યુરોપીઅન અને એશીઆટિક વચ્ચે સમાન દરજ્જા માટે યુરોપીઅન સામાજિક સંસ્થાઓનો અને રીતભાતોનો સ્વીકાર થાય

---

૧. તુર્કસ્તાન અને ચીનમાં યુરોપી બની જવાની વૃત્તિ બોલ્શેવીક રૂશીઆના પ્રભાવથી ફરી ઊપડી છે. જ્યાં જ્યાં પાછળ પાડતી રૂઢિચુસ્તતા જીતાવાની બાકી છે ત્યાં ત્યાં આ ચળવળ દેખા દે એ સંભવ છે, પરંતુ એ માત્ર એક જલદી પસાર થઈ જતા તબક્કા રૂપે.

એવાં સ્વપ્નાં સેવે છે. પરંતુ એ લોકો એમની ભાવનામાં જૂની પેઢીના છે અને નવા જમાના તરફ આંગળી ચીંધતી અત્યારની નિશાનીઓનું મૂલ્ય આંકવા શકિતમાન નથી. ઉદાહરણ તરીકે ખ્રિસ્તી સંપ્રદાય માત્ર ત્યાં જ જીતી શકે છે કે જયાં એ એની વિશિષ્ટ ઉચ્ચતરતાવાળી એક કે બે લાક્ષણિકતાઓને કામે લગાડી શકે છે, પતિત અને દબાયેલાઓને નીચે નમીને ઊંચે લઈ લેવાની એની તત્પરતામાં—જયાં જ્ઞાતિનાં રૂપોમાં બંધાયેલો હિન્દુ ન કરે સ્પર્શ કે ન કરે સહાય—અને એની જયાં જરૂર હોય ત્યાં સહાય આપવાની વધુ મોટી ત્વરામાં, ટૂંકમાં એ સક્રિય સહાનુભૂતિ અને સહાયકતામાં કે જે એને એના પૂર્વજ બુદ્ધ સંપ્રદાયમાંથી વારસા રૂપે મળ્યાં. ખ્રિસ્તિતા જયાં આ ઉત્તોલક વાપરી શકી નહિ ત્યાં પૂરી નિષ્ફળ ગઈ છે અને આ ઉત્તોલક પણ શંભવ છે કે એ સહેલાઈથી ગુમાવી દે, કારણ કે નવા સંપર્કથી જાગૃત થયેલો હિન્દનો આત્મા એનાં ખોવાયેલાં વલણોને પુનઃપ્રાપ્ત કરવા લાગ્યો છે. ભૂતકાળનાં સામાજિક તંત્રો બદલાઈ રહ્યાં છે જયાં એ નવા રાજકીય અને આર્થિક સંયોગો અને આદર્શોને સુસંગત નથી અથવા મુકિત અને સમાનતા પ્રત્યેના વધતા જતા વલણથી પ્રતિકૂળ છે; પરંતુ એવી કોઈ નિશાની નથી કે આ યાતનામાંથી વિસ્તૃત અને વધુ ઉદાર એશીઆઈ સમાજથી જુદું કાંઈ પ્રગટ થાય. બધે આવાં જ ઇંગિત છે; બધી શકિતઓ એક જ દિશામાં એક જ હેતુએ કામ કરે છે; ફ્રાન્સ કે ઇંગ્લૅન્ડ બેમાંથી એકેયમાં આફ્રિકામાંથી ઈસ્લામી સંસ્કૃતિનો કે હિન્દમાંથી હિન્દી સંસ્કૃતિનો નાશ કે સ્થાનાન્તર કરવાની શકિત નથી અને બન્ને એ માટેની ઇચ્છા પણ ત્વરાએ કે ધીરે ધીરે તજી દેવા લાગ્યાં છે. વધુમાં વધુ એ કરી શકે એમ છે તે કેવળ એ કે એમની પાસે જે મૂલ્યવાન વસ્તુઓ હોય તે, પુરાણાં રાષ્ટ્રોની આવશ્યકતાઓ પ્રમાણે અને એમનો અંતરાત્મા પોતાનામાં સમાવી લેવા માગે તે પ્રમાણે આપે.

આ પ્રશ્નની વિચારણા જરૂરી હતી કારણ કે સામ્રાજ્યવાદના ભાવિ અંગે એ બહુ મહત્ત્વની છે. સ્થાનિકને બદલે સામ્રાજ્ય સંસ્કૃતિની, અને બની શકે તો, વિજેતાની ભાષાની સ્થાપના એ જૂના, સામ્રાજ્ય સિદ્ધાંતને જરૂરી હતી, પરંતુ જે ક્ષણે એ પ્રશ્ન જતો રહે અને એ માટેની ઇચ્છા પણ ત્યજી દેવી પડે કે તરત સામ્રાજ્યનો જૂનો રોમન નમૂનો એ પ્રશ્નના નિરાકરણમાં કોઈ કામનો રહેતો નથી. રોમન પદાર્થપાઠની કંઈક વસ્તુ ઉપયોગી રહે છે — એ તત્ત્વો ખાસ કરીને કે જે સામ્રાજ્યવાદના સાર રૂપ અને સામ્રાજ્યના અર્થ રૂપ છે; પરંતુ એક નવો નમૂનો જોઈએ છે. એ નવા નમૂનાનો ઉદ્‌વિકાસ યુગની આવશ્યકતાઓની આજ્ઞા અનુસાર શરૂ થઈ ગયો છે, એ નમૂનો છે સમવાયી સામ્રાજ્ય કે રાજ્યો અને સમવાયોના સંઘરૂપ સામ્રાજ્યનો. આપણે

વિચારવાનો પ્રશ્ન આમાં આવી જાય છે, વિશાળ ક્ષેત્રમાં પથરાયેલાં અને વિવિધ જાતિઓનાં બનેલાં અને વિવિધ સંસ્કૃતિઓનાં સ્થિર, સમવાયી સામ્રાજ્યનું સર્જન થઈ શકશે? અને સ્વીકારી લઈએ કે આ દિશામાં આપણું ભાવિ રહ્યું છે તો આવું દેખાવમાં આટલું કૃત્રિમ સામ્રાજ્ય, એક કુદરતી અને માનસિક એકમ કેવી રીતે બની શકશે?

## પ્રકરણ ૭

# વિજાતીય રાષ્ટ્રનું સર્જન

સાચી ચૈતસિક એકતાના સર્જનરૂપી, એકમાત્ર દૃઢ અને સલામત પાયા ઉપર સ્થપાય એવા સમવાયી સામ્રાજ્યનો પ્રશ્ન — એવું સામ્રાજ્ય કે જેને વિજાતીય તત્ત્વોનો સમન્વય કરવાનો છે,—એ બે જુદા ઘટક અંશોમાં વહેંચાઈ જાય છે. રૂપ અને રૂપે જેને સેવવાની છે તે વસ્તુતા. તે અંશોમાં પહેલો વ્યવહારમાં બહુ મહત્ત્વનો છે, પરંતુ પ્રાણવાન માત્ર બીજો છે. એકતાનું રૂપ સાનુરૂપ વસ્તુતાના સર્જનને શકય બનાવે, પસંદ કરે કે સક્રિય રીતે સહાય કરે પરંતુ એ એનું સ્થાન કદાપિ લઈ શકે નહિ. અને, આપણે જેમ જોયું છે તેમ, પ્રકૃતિની આ યોજનામાં સાચી વસ્તુતા છે ચૈતસિક, કારણ કે રાજકીય અને વહીવટી એકતારૂપ માત્ર પાર્થિવ ઘટના એક કામચલાઉ અને કૃત્રિમ રચના કરતાં કંઈ વધુ ન હોઈ શકે કે જે એની ઉપયોગિતા પૂરી થતાં, જે સંયોગોને કારણે એ જીવતું હતું તે સંયોગોમાં ધરમૂળનો કે મહત્ત્વનો ફેરફાર થાય કે તરત, અનુલ્લંઘ્ય પતન માટે નિયત હોય છે. તો પહેલો પ્રશ્ન આપણે વિચારવાનો એ છે કે આ વસ્તુતા કઈ હોઈ શકે કે જે સમવાયી સામ્રાજ્યના રૂપમાં સર્જવાની ધારણા રાખવામાં આવે છે, અને ખાસ કરીને આપણે વિચારવું જોઈએ કે શું એ પ્રકૃતિએ અત્યાર સુધીમાં રચેલા વધુમાં વધુ સફળ પ્રયોગરૂપ રાષ્ટ્ર પ્રકારનું વિસ્તરણ છે કે સંઘનો કોઈ નવો પ્રકાર છે કે જે રાષ્ટ્રથી વધી જાય અને એનું સ્થાન લેવાની વૃત્તિ રાખે, જેમ રાષ્ટ્રે જાતિ કુલ અને નગર કે પ્રાદેશિક રાજ્યનું સ્થાન લીધું છે.

આવા પ્રશ્નોનો વિચાર કરતી વખતે માણસના મનનું પ્રથમ કુદરતી વલણ એ વિચારને પસંદ કરવાનું હોય છે કે જે એના પરિચિત ખ્યાલોનું અનુમોદન કરે અને એમને કાયમ રાખતા લાગે, કારણ કે માણસનું મન મોટે ભાગે અવધારણાના સમૂળ પરિવર્તનની વિરુદ્ધ હોય છે. એ પરિવર્તનને બહુ સહેલાઈથી સ્વીકારે છે જો એની વસ્તુતા વસ્તુઓના પરિચિત રૂપના સાતત્યથી ઢંકાયેલી

હોય, અથવા તો એણે વિધિવિહિત, કાનૂની, બૌદ્ધિક કે ભાવનાત્મક કલ્પનાનો બુરખો ઓઢી લીધો હોય. આવી એક કલ્પના સર્જવાનું કોઈ કોઈ માણસો, રાજકીય એકતાના રાષ્ટ્રરૂપમાંથી સામ્રાજ્યરૂપ સુધી, સેતુના રૂપમાં વિચારે છે. અત્યારે માણસોને જે વસ્તુ એકત્રિત રાખે છે તે છે રહેવાના સામાન્ય દેશની, ભૌતિક એકતા, એને રક્ષવાની, એ ભૌગોલિક એકતા પર આધારિત સામાન્ય આર્થિક જીવન અને માતૃભૂમિની ભાવના કે જે ભૌતિક અને આર્થિક વસ્તુતાની આજુબાજુ પેદા થાય છે અને કાં તો રાજકીય અને વહીવટી એકતા પેદા કરે છે કે એક વખત પેદા થાય એટલે એને સલામત સ્થાયીત્વમાં રાખે છે. ચાલો ત્યારે આપણે સામ્રાજ્યના વિજાતીય ઘટકો પાસે માગણી કરીએ કે પ્રત્યેક એની પોતાની ભૌતિક માતૃભૂમિને નહિ પરંતુ સામ્રાજ્યને માતા તરીકે માને અથવા તો કંઈ નહિ તો જો જૂની ભાવનાને વળગી રહે તો પણ સામ્રાજ્યને પ્રથમ અને સવિશેષ રીતે વધુ મોટી માતા તરીકે જોતાં શીખે. આ વિચારનો એક પ્રકાર ભેદ છે. માતૃભૂમિ ફ્રાન્સ વિષેનો ખ્યાલ; સામ્રાજ્યના બીજા બધા કબજાના પ્રદેશો જેમને અંગ્રેજીમાં તાબા નીચેના દેશો કહી શકાય, જોકે એમને ઘણા રાજકીય હક્કો સુપરત કરવામાં આવે છે, તેમને વિચારમાં ભેગા રાખવામાં આવે છે "દરિયાપારના ફ્રાન્સ"ને નામે અને જેમને એમની રાષ્ટ્રીય ભાવનાને સર્વસામાન્ય માતા ફ્રાન્સનાં મહિમા, કીર્તિ અને પ્રિયતા પર કેન્દ્રિત કરવા માટે કેળવવામાં આવે છે. આ ભાવના કેલ્ટિક—લૅટીન સ્વભાવને અનુકૂળ છે, જોકે ટ્યુટોનિક સ્વભાવ માટે નહિ, અને એને ટેકો મળે છે એની સરખામણીએ જાતિ અને રંગભેદની નિર્બળ ભાવનાથી અને એ પ્રજાની આકર્ષણ અને આદાનપ્રદાનની અદ્‌ભુત શકિતથી કે જે ફ્રાન્સ બીજી બધી કેલ્ટિક પ્રજાઓ સાથે ધરાવે છે.

આવી કાલ્પનિક યોજનાઓનો પ્રભાવ—ઘણી વાર ચમત્કારિક પ્રભાવ—એક ક્ષણ પણ ઉવેખવો જોઈએ નહિ. કુદરતની આ બહુ સામાન્ય અને કાર્યસાધક રીત છે જ્યારે એને એના માનસિક બનેલા પ્રાણી-મનુષ્યમાં એની પોતાની પરિવર્તન-વિરોધી દૃઢમૂલ સહજવૃત્તિ સાથે કામ લેવાનું હોય છે ત્યારે. પરંતુ અમુક શરતો એવી છે કે જે સંતોષાયા વિના કલ્પના લાંબા વખત સુધી કે સંપૂર્ણ રીતે કામયાબ થતી નથી. એક તો એ કલ્પનાનો આધાર હોવો જોઈએ નજરે પડતી બાહ્ય પરિસ્થિતિ પર. એ કલ્પના સિદ્ધ થઈ શકે એવી વસ્તુ પ્રત્યેની હોવી જોઈએ કે જે સિદ્ધ થતાં કલ્પનાની વસ્તુનું સ્થાન લઈ શકે કે કલ્પનાને આખરે વાજબી ઠેરવે. અને આ સાધ્ય વસ્તુએ ક્રમે ક્રમે સિદ્ધ થવું જોઈએ અને અતિદીર્ઘ કાળ સુધી માત્ર નિહારિકા જેવી નિરાકાર અવસ્થામાં રહેવું ન જોઈએ. એક કાળ એવો હતો જ્યારે આ શરતો પૂરી કરવી અત્યારે

છે એટલી જરૂરી ન હતી, એ કાળ કે જ્યારે લોકો વધુ કલ્પનાશીલ, સરલ, નિર્વ્યાજ ભાવનાથી કે થોડી બાહ્ય સમાનતાથી સંતુષ્ટ થતા; પરંતુ જેમ જાતિ આગળ વધે છે તેમ તેમ એ માનસિક ચેતનામાં જીવતી, આત્મભાનવાળી, તર્કશીલ, સમાલોચક અને કલ્પના અને ઇન્દ્રિયગોચર બિના અથવા તો હકીકત અને દાવાની વચ્ચેનું અંતર પારખી લેવાની કઠોર તત્પરતાવાળી બનતી જાય છે. વધુમાં વિચારકની નજર સર્વત્ર પહોંચતી થઈ ગઈ છે, એના શબ્દો સંભળાય છે અને સમજાય છે, માનવજાતિના ઇતિહાસમાં પહેલાં નથી બન્યું એવા મોટા પ્રમાણમાં; અને વિચારક વધુ ને વધુ પ્રમાણમાં એક પરીક્ષક, ટીકાખોર અને કાલ્પનિક વસ્તુઓનો દુશ્મન બનતો જાય છે.[1]

તો પછી આ કલ્પના કોઈ સાધ્ય અને સમાન ઘટના પર રચાઈ છે,— બીજા શબ્દોમાં, શું એ સાચું છે કે સાચી સામ્રાજ્ય એકતા જ્યારે સિદ્ધ થશે ત્યારે કેવળ વધુ વિસ્તૃત રાષ્ટ્રીય એકતા જ હશે? અને જો એમ ન હોય તો એવી કઈ સાધ્યવસ્તુ છે કે જેની તૈયારી આ કલ્પનાથી કરવા ધારી છે? ઇતિહાસમાં સંયુકત રાષ્ટ્રના અનેક દાખલા છે અને, જો એ સામંજસ્ય અસરકારક છે એમ સ્વીકારવામાં આવે તો, આવું વધુ વિસ્તારમાં ફેલાયેલું સંયુકત રાષ્ટ્ર રચવું એ સમવાયી સામ્રાજ્યનું કામ છે. એટલા માટે આપણે સફળ રીતે સંયોજિત થયેલા રાષ્ટ્રના સચોટ દાખલાઓ પ્રત્યે નજર નાખવી જોઈએ અને જોવું જોઈએ કે કયાં સુધી એ સરખાપણું લાગુ પડે છે અને એ કે એના માર્ગમાં એવી કોઈ મુશ્કેલીઓ છે કે જે જૂની સફળતામાં થોડા ફેરફારને બદલે નવી રચનાની આવશ્યકતા સૂચવતી હોય. મુશ્કેલીઓનો સાચો ખ્યાલ એમને દૂર કરવામાં આપણને સહાય કરે એવો સંભવ છે.

સફળતાથી વિકસેલા સંયોજિત કે વિજાતીય રાષ્ટ્રનો અને સદ્ભાગ્યે હજી વિકાસ પામતા વિજાતીય સામ્રાજ્યનો બહુધા આપણી નજર સામે આવતો દાખલો છે. ભૂતકાળમાં બ્રિટિશ રાષ્ટ્રનો અને વર્તમાનમાં સફળતાથી, પરંતુ સદ્ભાગ્યે અમુક અપવાદ સહિત વિકાસ કરતા બ્રિટિશ સામ્રાજ્યનો; કારણ કે એ હજી અનેક અણઊકલ્યા પ્રશ્નોથી ઘેરાયેલો છે.[2] બ્રિટિશ રાષ્ટ્ર

---

૧. આ શરતો પણ બહુ ટૂંકા સમયમાં અદૃશ્ય થઈ જાય, કારણ કે વિચાર-સ્વાતંત્ર્ય સર્વત્ર જોખમમાં છે અને જ્યાં વિચારની સ્વતંત્રતા ન હોય, ત્યાં વિચારકનો પ્રભાવ અદૃશ્ય થઈ જશે.

૨. એ યાદ રાખવું જોઈએ કે આ લખાયું હતું દશકાઓ પહેલાં અને સંયોગો અને સામ્રાજ્ય પોતે બદલાઈ ગયાં છે; સમસ્યા, તે વખતે હતી તેવી, હવે અત્યારે નથી રહી.

અંગ્રેજી બોલતા ઍન્ગ્લો-નોર્મન ઇંગ્લૅન્ડ, વેલ્સ બોલતા કીમ્રિક વેલ્સ, અર્ધા સેક્ષન અર્ધા ગાલીક અંગ્રેજી બોલતા સ્કોટલૅન્ડ અને બહુ અપૂર્ણ રીતે અને અમુક અંશે જ ગાલીક આયર્લૅન્ડ, મોટે ભાગે ઍન્ગ્લો-સ્કોચ ઉપનિવેશ સહિત કે જેણે એને સંયુક્ત તંત્ર સાથે જબરજસ્તીથી પકડી રાખ્યું પરંતુ કદી સાચી રીતે એક કરી શક્યું નહિ — એ બધાંથી સંયોજિત બન્યું છે. આ રચનામાં અત્યાર સુધી, આયર્લૅન્ડ નિષ્ફળતાનું તત્ત્વ હતું અને માત્ર હવે એને એના બીજા સભ્યો કરતાં નવા રૂપે અને નવા સંયોગોમાં કોઈ એક હજી અસ્થિર પ્રકારની એકતા, બ્રિટિશ સામ્રાજ્ય સાથે — બ્રિટિશ રાષ્ટ્ર સાથે નહિ. શક્ય બનવા લાગી છે, જોકે હજી પણ એ ભાગ્યે જ દૃઢ થઈ હોય.[૧] સામાન્ય રીતે સફળ થયેલા અને અમુક અંશે નિષ્ફળ એવા આ પ્રયોગમાં કયા સંયોગો નિર્ણાયક નીવડયા છે અને એ વધુ મોટા પ્રશ્નની શકયતાઓ પર એ કેવો પ્રકાશ નાખે છે?

માનવસંઘોની રચનામાં પ્રકૃતિ એ નિયમ પ્રમાણે વર્તે છે કે જે નિયમને એણે માનવીના ભૌતિક શરીરની રચનામાં અનુસર્યો છે. પ્રથમ એણે એક કુદરતી શરીર આપ્યું છે, પછી શરીરનાં ઘટક તત્ત્વો માટે સામાન્ય જીવન અને પ્રાણિક રસ, છેલ્લે સભાન મન કે એકતાનું ભાન અને એક કેન્દ્ર કે શાસક અંગ જેની મારફત એક સામાન્ય અહંભાવ દૃઢ થાય અને કામ કરે. એની સામાન્ય પ્રક્રિયામાં, વંશપરંપરાનું અથવા તો ભૂતકાલીન સંસર્ગનું સામાન્ય બંધન હોવું જોઈએ કે જે વડે સમાન સમાનની સાથે સહેલાઈથી ભળી શકે છે અને અસમાનથી જુદું પડે છે. સમાન વાસ, એવો દેશ કે જે એની કુદરતી સીમામાં રહેનાર સર્વને એક થવાની એક જાતની ભૌગોલિક ફરજ પાડે છે. પહેલાંના વખતમાં જ્યારે કોમો જમીન સાથે ઓછી બદ્ધમૂળ હતી ત્યારે પહેલી શરત વધારે મહત્ત્વની હતી. સ્થિર થયેલી આધુનિક કોમોમાં, બીજું તત્ત્વ મહત્ત્વનું છે; પરંતુ જાતિની એકતા, શુદ્ધ કે મિશ્ર — કારણ કે એ પહેલેથી એક હોય એ જરૂરનું નથી — મહત્ત્વનું તત્ત્વ રહે છે અને જોરદાર વિજાતીયતા અને જુદાઈ, ભૌગોલિક આવશ્યકતા, પોતાનો કાયમી પ્રભાવ બેસાડી એના માર્ગમાં સહેલાઈથી આકરી મુશ્કેલીઓ સર્જે છે, એ પ્રભાવ પાડી શકે તે માટે બીજા કુદરતી સંયોગનું પ્રાબલ્ય થવું જોઈએ એટલે કે આર્થિક એકતાની જરૂર કે એકઠા મળીને ભરણ-પોષણ કરવાની આવશ્યકતા અને રાજકીય એકતાની જરૂર અથવા તો સંરક્ષણ,

---

૧. આ લખાયું હતું જ્યારે (હોમ રૂલ) સ્વાયત્ત આંતરિક શાસન ઉકેલ તરીકે શક્ય બનવા લાગ્યું હતું. એ નિષ્ફળ નીવડ્યું છે અને આયર્લૅન્ડ સ્વતંત્ર પ્રજાસત્તાક રાજ્ય બન્યું છે.

વ્યવહાર અને સંવર્ધન માટે સામાન્ય પ્રાણવાન વ્યવસ્થાની આદત અને આ બીજી શરત એના પૂર્ણ સામર્થ્ય સાથે પૂરી થાય એ માટે એવું કંઈ ન બનવું જોઈએ કે જે ત્રીજીને એની શરૂઆતમાં કે એના કાયમ બનવામાં દબાવી દે કે એનો નાશ કરે; એવું કંઈ ન થવું જોઈએ કે જે ભાવનામાં જુદાઈ પર ભાર મૂકે અથવા તો સંઘ દેહની બાકીની સમગ્રતાથી જુદાઈની ભાવનાને ચિર-સ્થાયી બનાવે; કારણ કે એમ થાય તો કેન્દ્ર કે શાસનતંત્ર સમગ્રનું ચૈતસિક પ્રતિનિધિ નહિ થઈ શકે અને તો એના અહંભાવનું સાચું મધ્યબિંદુ પણ નહિ બની શકે. પરંતુ આપણે યાદ રાખવું જોઈએ કે ભિન્નતાવાદ અને પ્રત્યેકતાવાદ એક જ વસ્તુ નથી; પ્રત્યેકતા એકતાની સાથે જીવી શકે છે; સાચી એકતાની અશકયતાનો ખ્યાલ જુદા પાડે છે, નહિ કે માત્ર તફાવતનું અસ્તિત્વ.

બ્રિટિશ રાષ્ટ્રના ઘડતરમાં ભૌગોલિક ઐકય અગત્યનું હતું એ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે; આયર્લૅન્ડ પર વિજય અને સ્કોટલૅન્ડ સાથે એકીકરણ એ ઐતિહાસિક બનાવો હતા કે જે આ જાતની ભૌગોલિક આવશ્યકતાનો પુરાવો છે; પરંતુ જાતિની એકતા અને ભૂતકાળના સંસર્ગ કે સહવાસનો સર્વથા અભાવ હતો કે જે વત્તાઓછા પ્રયાસથી પેદા કરવો પડયો હતો. અમુક સમય પછી વેલ્સ અને સ્કોટલૅન્ડ સાથે એ સંસર્ગ સ્થપાયો પરંતુ આયર્લૅન્ડ સાથે બિલકુલ નહિ. ભૌગોલિક આવશ્યકતા એ એક સાપેક્ષ મૂલ્યવાળું બળ છે; જો વિસર્જનની વલણને ઓગાળી દેવા માટે કોઈ અસરકારક કામ કરવામાં ન આવે તો જુદા થવાની જોરદાર વૃત્તિથી એ પદાક્રાન્ત થઈ શકે છે. એક વાર રાજકીય રીતે એકતા સ્થપાઈ જાય ત્યારે પણ એ નાશ પામવાના વલણવાળી હોય છે, ખાસ કરીને જ્યારે ભૌગોલિક એકતાની અંદર કોઈ પરસ્પર વિરોધી આર્થિક હિતોનો પાયો બની શકે એવો પૂરતો બળવાન ભૌતિક અંતરાય કે વિભાજક રેખા હોય,—જેવી કે બેલ્જિયમ અને હોલૅન્ડને, સ્વીડન અને નોર્વેને,— આયર્લૅન્ડ અને ગ્રેટ બ્રિટનને જુદા પાડે છે. આયર્લૅન્ડની બાબતમાં, બ્રિટિશ શાસકોએ આ આર્થિક વિભાજનની રેખાને ઓળંગી જવા માટે અને આયર્લૅન્ડમાં જુદા ભૌતિક દેશ અને દેહની જુદાઈની ભાવનાની અસર દૂર કરવા માટે કોઈ પગલાં ન લીધાં એટલું જ નહિ પરંતુ કારણ અને અસરની હિસ્ત્ર ખોટી ગણતરીમાં શકય હોય એવી જબરજસ્તીથી એ બન્ને તત્ત્વોની અસરને વધારી મૂકી.

પહેલાં તો, આયર્લૅન્ડનાં આર્થિક જીવન અને સંપત્તિને ઇરાદાપૂર્વક બ્રિટિશ વેપાર અને વ્યવસાયના લાભ માટે કચરી નાખવામાં આવ્યાં. ત્યાર પછી એક ધારાસભા અને એક શાસન તંત્ર નીચે, જેનું વર્ણન કરતાં પણ મન પાછું પડે છે એવા ઉપાયોથી, બે દ્વીપોની રાજકીય એકતા સ્થાપવાના પ્રયાસો

નકામા હતા, કારણ કે એ શાસનતંત્ર ચૈતસિક એકતાનું કેન્દ્ર ન હતું. જ્યાં મોટા ભાગનાં મહત્ત્વનાં હિતો માત્ર જુદાં નહિ પરંતુ પરસ્પર વિરોધી હતાં, ત્યાં આ જાતની એકતા પ્રધાન ભાગીદારના હિતોના ચાલુ અંકુશ અને પ્રાધાન્યની--સાચા સંમિલનની નહિ, પરંતુ વૈધાનિક શૃંખલાઓથી મોટા દેહ સાથે બંધાયેલા પરદેશી દેહના હિતોની ચાલુ ગુલામી અને ઇન્કારની જ પ્રતિનિધિ હોઈ શકે. જે દુષ્કાળે આયર્લૅન્ડને વસ્તીહીન કરી નાખ્યું જ્યારે ઇંગ્લૅન્ડ ફાલ્યું અને ફૂલ્યું તે પ્રકૃતિનો ભીષણ પુરાવો હતો આ "એકતા"ની સેતાનિયતનો કે જે એકતા નહિ પરંતુ ઘણાંખરાં મહત્ત્વનાં હિતોનો તીવ્રતમ સંગ્રામ હતો. સ્વરાજ્ય અને જુદાઈની (Sein-Fein) આઇરીશ ચળવળ આયર્લૅન્ડના જીવતા રહેવાના દૃઢ સંકલ્પનો કુદરતી અને અનિવાર્ય આવિષ્કાર હતો; આત્મસંરક્ષણના એક દેખીતા સાધનને પારખી લઈ એનો પૂરો ઉપયોગ કરતાં આત્મસંરક્ષણની અંતઃસ્ફુરણાથી એ કંઈ વધારે ન હતું.

માનવજીવનમાં, આર્થિક હિતો એક એવી વસ્તુ છે કે જેમનો વ્યતિક્રમ સામાન્ય રીતે ઓછામાં ઓછો ક્ષમાપાત્ર ગણાય છે; કારણ કે એ હિતો જીવન સાથે બંધાયેલાં છે અને એમની ઉપર સતત અત્યાચાર, જો એ દબાયેલા દેહનો નાશ ન કરે તો, અવશ્ય કટુતમ વિદ્રોહ જગાડે છે અને અંતે પ્રકૃતિના કોઈ અપ્રતિઘર્ષ્ય પ્રત્યાઘાતો રૂપે પરિણમે છે. પરંતુ કુદરતી શરતોના ત્રીજા અંશમાં પણ આયર્લૅન્ડ અંગે બ્રિટિશ રાજ્યનીતિજ્ઞોએ આઇરીશ વિશિષ્ટતાનાં બધાં તત્ત્વોને જબરજસ્તીથી નિર્મૂળ કરવાના એના પ્રયાસમાં એવી ખતરનાક ભૂલ કરી. આયર્લૅન્ડ માફક વેલ્સ લશ્કરી જીતથી મેળવાયું હતું પરંતુ એના વ્યકિતત્વને મીટાવી દેવાનો આવો કોઈ યોજનાપૂર્વકનો વિગતવાર પ્રયાસ કરવામાં આવ્યો ન હતો; હિંસક સંગ્રામ અને રકતપાતની શરૂઆતની બેચેની પછી, અને એક બે સામનાના અસફળ પ્રયાસ પછી વેલ્સને કુદરતી સંયોગોના શાન્તિમય દબાણ નીચે છોડી દેવામાં આવ્યું અને વેલ્સ-જાતિયતા અને ભાષા રક્ષાઈ રહ્યાં કે જે બ્રિટિશ રાષ્ટ્રીયતામાં, કીમિક અને સેક્ષન પ્રજાની ક્રમે ક્રમે એકતાની સ્થાપનામાં વિઘ્નરૂપ બન્યાં નથી. એવી જ બિનદખલિયતની નીતિ હાઇલૅન્ડ્ઝની ટોળીઓના નાના પ્રશ્નો સિવાય, ઇંગ્લિશ અને સ્કોચ જાતિઓના એથીએ વધુ ઝડપી સંમિલનમાં પરિણમી છે. હવે ગ્રેટબ્રિટનના દ્વીપમાં એક સામાન્ય પ્રદેશમાં વસતી ઐક્યમાં સંબદ્ધ, મળેલા લોહીના કોમીપણાથી, ભૂતકાળની સ્થિર થએલી એકતાના સંસર્ગથી, ભૌગોલિક આવશ્યકતાથી, સામાન્ય રાજકીય અને આર્થિક હિતથી, એક અહંભાવના સર્જનથી એક સુઘટિત બ્રિટિશ જાતિ છે; એથી વિરુદ્ધ પ્રકારની પ્રક્રિયાથી આયર્લૅન્ડમાં—જ્યાં કુદરતી સંયોગો, કુનેહની અને સમજૂતીની થોડી સહાય સાથે પૂરતા થઈ પડત, ત્યાં જૂના જગતની રીતો નવા પ્રકારના

સંયોગોમાં લાગુ પાડવાથી પરિણામ તદ્દન વિરુદ્ધ આવ્યું છે. અને જ્યારે ભૂલ જડી ત્યારે ભૂતકાળના કર્મના ફળનું અભિજ્ઞાન કરવું પડ્યું અને આઇરીશ હિતોએ માગ્યા પ્રમાણે અને આઇરીશ વિશિષ્ટતાની લાગણીઓ અનુસાર, પ્રથમ સ્વરાજ (Home Rule)ની દરખાસ્તથી અને પછી આઇરીશ સ્વતંત્ર રાજ્ય (Irish Free State)ના સર્જનથી ઐકય કરવું પડ્યું પરંતુ પૂરી ધારાકીય એકતાથી નહિ.

આ વસ્તુ એથીયે આગળ જાય; એમાંથી અંતે બ્રિટિશ સામ્રાજ્યની પુનર્રચનાની અને કદાચ સમવાયના સિદ્ધાંતના પાયા પર આખી ઍન્ગ્લો કેલ્ટીક પ્રજાની નવી રેખાઓ પર પુનર્રચનાની આવશ્યકતા ઊભી થાય કારણ કે ઇંગ્લૅન્ડમાં વેલ્સ અને સ્કોટલૅન્ડ એટલાં એક નથી થઈ ગયાં કે જેટલાં સંપૂર્ણ રીતે જોતાં, આલ્સાશીઅન, બાસ્ક અને પ્રોવેન્શાલ ફ્રાન્સની અવિભાજ્ય એકતામાં એક થઈ ગયાં છે. જોકે કોઈ આર્થિક હિત, કે કોઈ તાત્કાલિક ભૌતિક આવશ્યકતા વેલ્સ અને સ્કોટલૅન્ડને સમવાયથી સિદ્ધાંત લાગુ પાડવા ફરજ પાડતાં નથી, છતાં પૂરતા પરંતુ ગૌણ પ્રમાણમાં વિશિષ્ટતાની ભાવના રહી છે કે જે હજી પણ આઇરીશ સમાધાનની અસર અનુભવે અને એ બે દેશોની પ્રાન્તિક જુદાઈના એવા જ સ્વીકારનાં સંતોષ અને સગવડ પ્રત્યે સભાન થાય. અને આ ભાવના સમવાય વગર સ્વરાજ્ય ભોગવતા વસાહતી સામ્રાજ્યની પુનર્વ્યવસ્થામાં, સમવાયી સિદ્ધાંતના વ્યવહારુ ઉપયોગથી, નવી શકિત અને ઉત્સાહ મેળવે કે જે એક દિવસ અનિવાર્ય બને.[1] રાષ્ટ્રીય અને વસાહતી રચનાના વિશિષ્ટ સંયોગો અને બ્રિટિશ દ્વીપોની પ્રજાના વિસ્તાર ખરેખર એવા થયા છે કે જેથી એમ લાગે કે આ સામ્રાજ્ય પ્રકૃતિએ એની પ્રક્રિયામાં વિજાતીય સમવાયી સામ્રાજ્યરૂપી માનવસંઘોના ઇતિહાસમાં નવા પ્રકારના સર્જનના પ્રયોગ માટે મોટા ક્ષેત્ર તરીકે ઇચ્છાપૂર્વક તૈયાર કર્યું છે.

---

૧. સ્વરાજ્યને સ્થાને હવે પ્રાદેશિક પદવી આવી છે જેનો અર્થ વ્યવહારમાં સંયુકત સમવાયતંત્ર છે, જોકે હજી સમવાયતંત્રના રૂપનું નથી.

# વિજાતીય સમવાયી સામ્રાજ્યની સમસ્યા

જો, બ્રિટિશ દ્વીપોમાં સમવાયી રાષ્ટ્રરચના એક અવશ્યં-ભાવિ એક ભૌગોલિક અને આર્થિક આવશ્યકતા હતી કે જેની સંપૂર્ણ સફળતા, કેવળ રાજનીતિજ્ઞોની હિંસક અને વિકૃત ભૂલોથી થતી અટકી તો પણ એ વધુ ઝડપી પ્રક્રિયા માટે એવું નહિ કહી શકાય કે જેમાં ક્રમે ક્રમે અને લગભગ અચેતન રીતે ગ્રેટ બ્રિટનના વસાહતી સામ્રાજ્યનો વિકાસ થઈ રહ્યો છે કે જેથી એ એક સાચી એકતા બની શકે. હજી થોડા જ વખત પહેલાં વસાહતોનું એવું આખરી વિસર્જન કે જેમાં કંઈ નહિ તો ઑસ્ટ્રેલીઆ અને કેનેડા સ્વતંત્ર રાજ્યો રૂપે વિકસે અને એ રીતે વસાહતી સામ્રાજ્યનો આખરી અને અનિવાર્ય અંત આવે એ એક તાર્કિક અને લગભગ સુખદ પરિણામ માનવામાં આવતું હતું.

આ માનસિક વલણ માટે સારાં કારણો હતાં. એકતાની ભૌગોલિક આવશ્યકતા બિલકુલ હતી નહિ; એની વિરુદ્ધમાં, ભૌતિક અંતરે એક માનસિક જુદાઈ પેદા કરી હતી. પ્રત્યેક વસાહતને જુદો એક સ્પષ્ટ ભૌતિક દેહ હતો અને એ વખતે માનવવિકાસની જે રીતે ગતિ થતી હતી તે જોતાં પ્રત્યેકનું ભાવિ ભિન્ન રાષ્ટ્ર બનવાનું દેખાતું હતું. માતૃભૂમિ અને વસાહતોનાં આર્થિક હિતો અસમાન અને જુદાં જુદાં દિશાનાં અને અનેક વાર વિરોધી હતાં તે વસાહતોએ બ્રિટનના મુક્ત વેપારની નીતિ સામે રક્ષિત વેપારની નીતિ અખત્યાર કરી ત્યારે સ્પષ્ટ થયું હતું. સામ્રાજ્યમાં એમનું એકમાત્ર રાજકીય હિત હતું બ્રિટિશ નૌકાસૈન્ય અને લશ્કરે આપેલી પરદેશી આક્રમણ સામે સલામતીનું; એમણે સામ્રાજ્યના વહીવટમાં કે એનું ભાવિ ઘડવામાં કોઈ ભાગ કે રસ લીધો ન હતો. ચૈતસિક રીતે, માત્ર એક બંધન હતું પોતાની ઉત્પત્તિની ક્ષીણ સ્મૃતિ અને નહિ ઠંડી કે નહિ ઊની અને જલદી ઊડી જાય એવી લાગણીનું કે જેની સામે બીજી નિર્ણયાત્મક જુદાઈની અને સ્પષ્ટ

રીતે ચિહ્ન સમૂહોની પોતાને માટે સ્વાયત્ત જીવન અને જાતીયતા રચવાનાં કુદરતી વલણની લાગણી લડતી હતી. વસાહતોનો જાતીય ઉદ્‌ગમ જુદો જુદો હતો, ઑસ્ટ્રેલીઆમાં બ્રિટિશ, દક્ષિણ આફ્રિકામાં મોટે ભાગે ડચ અને કેનેડામાં અર્ધો ફ્રેન્ચ અને અર્ધો ઇંગ્લિશ; પરંતુ ત્રણે દેશોમાં જીવનની આદતો, રાજકીય વલણો, એક નવા પ્રકારનું ચારિત્ર્ય અને સ્વભાવ અને સંસ્કૃતિ, જો એને એ નામ આપી શકાય તો, વિકસાવવામાં આવી રહ્યાં હતાં, કે જે જૂના બ્રિટિશ સંસ્કૃતિ, સ્વભાવ, જીવન-આદતો અને સામાજિક તથા રાજકીય વલણોથી ઉત્તર દક્ષિણ ધ્રુવો જેટલાં દૂર હતાં. બીજી બાજુએ માતૃભૂમિને કોઈ મહત્ત્વનો રાજકીય, લશ્કરી કે આર્થિક લાભ, એની આ શાખાઓમાંથી મળતો ન હતો, મળતો હતો કેવળ સામ્રાજ્ય પોતે આપે એ મહિમા. બેઉ પક્ષે, આ રીતે બધા સંયોગો આખરે શાન્તિપૂર્વક વિસર્જન સૂચવતા હતા કે જેમાં ઇંગ્લૅન્ડને માટે આટલાં બધાં નવાં રાષ્ટ્રોની જનેતા હોવાનું નર્યું ગૌરવ બાકી રહેત.

ભૌતિક વિજ્ઞાને જગતને ભેગું કરવાને કારણે, વધુ મોટા સમૂહો પ્રત્યે વધતા જતા વલણે, જગતના બદલાયેલા રાજકીય સંયોગોએ અને જે ઊંડાં રાજકીય, આર્થિક અને સામાજિક પરિવર્તનો પ્રત્યે ગ્રેટ બ્રિટન ગતિ કરી રહ્યું છે તે કારણે બધા જ સંયોગો બદલાઈ ગયા છે, અને એ સહેલાઈથી જોઈ શકાય છે કે વસાહતી સામ્રાજ્ય એક મોટા સમવાયી સમાન-સંઘમાં (Common Wealth) કે એ નામ જેને સકારણ આપી શકાય એવા તંત્રમાં ભળી જાય એ વ્યવહારમાં અનિવાર્ય બન્યું છે. માર્ગમાં વિઘ્નો છે,—આરંભમાં આર્થિક મુશ્કેલીઓ; કારણ કે જેમ આપણે જોયું તેમ ભૌગોલિક અંતર ભિન્ન દિશામાં લઈ જાય એવું છે, ઘણી બાબતોમાં આર્થિક હિતો પરસ્પર વિરોધી છે, અને જે પ્રકારનું સામ્રાજીય મહેસૂલી અને જકાતી સીમિત એકીકરણ જર્મન સામ્રાજ્ય અને મધ્યયુરોપી સમવાયતંત્રમાં યુદ્ધકાળ દરમિયાન એક પક્ષે કર્યું હતું અને જે એમને માટે કુદરતી હતું તે એકબીજાથી દૂર પડેલા દેશો માટે એક કૃત્રિમ રચના થઈ પડે અને સતત કાળજી અને મૃદુ વ્યવહારની અપેક્ષા રાખે; પરંતુ રાજકીય એકતા એના કુદરતી સાથી રૂપે આર્થિક ઐક્યની અપેક્ષા રાખે છે અને એના વિના એ પોતાની પૂર્ણતા અનુભવતું નથી. રાજકીય અને બીજી મુશ્કેલીઓ પણ છે કે જે હજી બહાર આવે અને સામ્રાજીય રચનાનો નાશ કરે — જો એકીકરણનું કામ વ્યવહારમાં અવિચારી રીતે અને ડહાપણ વગર, અમલમાં મુકાય તો; પરંતુ આમાંનું કોઈ વિઘ્ન અનુલંઘનીય કે ખરેખર ગોથું ખવરાવી દે એવું અવરોધક થાય એ જરૂરી નથી. જાતિભેદની લાગણી રૂપી વિઘ્ન જે દક્ષિણ આફ્રિકામાં ગંભીર બને એમ લાગતું હતું અને જે હજી દૂર થયું નથી તે કેનેડામાં છે તેથી વધુ કષ્ટદાયક બને એ જરૂરી નથી, કારણ કે બન્ને

દેશોમાં અંગ્રેજી તત્ત્વ છે, કે જે બહુમતી કે અલ્પમતી હોય તો પણ મૈત્રિની એકતાથી કે મૈત્રિના સંમિલનથી સામ્રાજ્ય સાથે પરદેશી તત્ત્વને જોડી દઈ શકશે અને એક પણ બહારનું એવું આકર્ષણ નથી કે કોઈ એવો સ્થાપિત સંસ્કૃતિઓનો વિરોધ નથી, કે સ્વભાવોની અસંગતતા નથી કે જેણે ઑસ્ટ્રીઅન સામ્રાજ્યના સાચા ઐક્યને એટલું બધું મુશ્કેલ બનાવ્યું હતું.

જરૂરી એ છે કે ઈંગ્લૅન્ડ આ પ્રશ્નને સાચી ભાવનાથી ઉકેલવાનું ચાલુ રાખે અને એની પ્રાણઘાતક અમેરિકન પ્રમત્તતા અથવા તો દક્ષિણ આફ્રિકામાં જે ભૂલ કરી પણ જેમાંથી વખતસર ખસી ગયું તે ફરીથી ન કરે. એણે એ હમેશાં યાદ રાખવું જોઈએ કે એનું શક્ય ભાવિ એક પ્રભુસત્તાવાળા, એના તાબાના પ્રદેશોને એની એકરૂપતામાં ફરજિયાત પકડી રાખતા કે પરાધીન રાખતા દેશનું નથી. પરંતુ એના આકર્ષણથી, એક મોટી રાષ્ટ્રાતીત એકતામાં ભળતાં મોટાં રાજ્યો અને રાષ્ટ્રોના સંયુક્ત સમવાયતંત્રના એક કેન્દ્ર તરીકેનું છે. અહીં પહેલી શરત એ છે કે એણે વસાહતોનાં મુક્ત આંતરિક જીવન અને સંકલ્પ, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વલણોને માન દેવાની સાથે સામ્રાજ્યના મોટા પ્રશ્નોના સંચાલનમાં એમને સમાન ભાગ આપવો જોઈએ. એ પોતે ભવિષ્યમાં સંઘજીવનના આ નવા પ્રકારમાં એક રાજકીય અને સાંસ્કૃતિક કેન્દ્ર, એકતાને ભેગી રાખનાર એક સાણસી કે પકડથી વધુ નહિ હોય. ઇંગ્લૅન્ડના પ્રશાસક માનસમાં આવું પરિવર્તન થાય અટલે પછી કોઈ અદૃષ્ટ ઉત્પાત કરતાં નાની વસ્તુ સામ્રાજીય એકમની રચનાને રોકી નહિ શકે કે જેમાં બ્રિટિશ આધિપત્ય નીચે સ્વરાજ્ય પદ્ધતિનું સ્થાન, સ્વરાજ્યના પાયા પર રચાએલા સમવાયતંત્રે લીધું હશે.[૧]

પરંતુ, આ પ્રશ્ન જ્યારે સામ્રાજ્યનાં બીજાં બે ઘટકો, ઈજીપ્ત અને ભારતનો સવાલ ઊભો થાય છે, ત્યારે બહુ વિકટ બને છે. એવો વિકટ કે રાજકીય માનસનું પ્રથમ પ્રલોભન, સો સો મતાગ્રહો અને વર્તમાન સ્થાપિત હિતોના આધારે, કુદરતી રીતે, એવું જ થતું હતું કે એ પ્રશ્નના નિરાકરણનો પ્રયાસ કરવો વૃથા છે એમ માની છોડી દેવો અને વસાહતી સમવાયતંત્રી સામ્રાજ્ય રચવું અને એ બે દેશોને પરાજિત આશ્રિત દેશો તરીકે રહેવા દેવા[૨]

---

૧. આ બધું જો સામ્રાજ્ય વિજયી અને સમૃદ્ધ બની રહે અને બ્રિટનની પરદેશનીતિ સમવાયી એકતાની ફરજો એના નાના ઘટકો માટે બહુ આકરી ન બનાવે તો.

૨. ઈજીપ્તનો પ્રશ્ન ઊકલી ગયો છે. ઉપરનું લખાણ થયું ત્યાર પછી અને અમુક અર્થમાં ઐક્યથી જુદી દિશામાં. હિન્દુસ્તાન કે જે તે વખતે સ્વતંત્ર

એ દેખીતું છે કે આવું નિરાકરણ ચિરકાળ ન રહે, અને જો એને હઠપૂર્વક વળગી રહેવામાં આવે તો એ જો અંતિમ વિનિપાત ન કરે તો પણ ઘણાં જ અનિચ્છનીય પરિણામો તરફ લઈ જાય. ભારતનું પુનરુત્થાન એટલું અનવરોધ્ય છે કે જેટલો આવતી કાલનો સૂર્યોદય અને ત્રીસ કરોડ માનવીઓના મહાન રાષ્ટ્રનું પુનરુત્થાન—આવા વિલક્ષણ સ્વભાવ, આવી અદ્વિતીય પરંપરાઓ અને જીવનના આદર્શો, આવી પ્રખર બુદ્ધિ અને પ્રસાધક શકિતઓથી ભરપૂર રાષ્ટ્રનું પુનરુત્થાન અર્વાચીન જગતની મહત્તમ ઘટના બન્યા વિના રહે જ નહિ. એ સ્પષ્ટ છે કે નવા સમવાયી સામ્રાજિક એકમને આવા ત્રીસ કરોડ માનવીઓના પુનર્જાગૃત રાષ્ટ્રની શત્રુતામાં મુકાવું નહિ પાલવે અને આજના અને એના હિતના સેવકોની ટૂંકી બુદ્ધિવાળી રાજનીતિ કે જે આ અનિવાર્ય પરિણામને બને તેટલું દૂર ઠેલવામાં માને છે તેને સફળ થવા દઈ શકાય નહિ. આ વસ્તુ સિદ્ધાન્ત તરીકે સ્વીકારાઈ છે, પરંતુ જ્યારે હિન્દના સવાલનો વ્યવહારુ ઉકેલ અનિશ્ચિત ભાવિ ઉપર ઠેલી નહિ શકાય ત્યારે ઊભા થતા તે પ્રશ્નોના નિરાકરણમાં તકલીફ પડશે.

આવા વિજાતીય તત્ત્વોવાળા સમૂહોની વચ્ચે વ્યવહારુ એકતાના માર્ગમાં આડે આવે એ મુશ્કેલીઓ કેવા પ્રકારની હશે એ તો સ્પષ્ટ છે, પહેલી છે ભૌગોલિક જુદાઈ કે જે ભારતને એક જુદો પ્રદેશ અને જુદી પ્રજા બનાવે છે, રાજકીય એકતાને સિદ્ધ કરવા એ અશકત હતું ત્યારે પણ, અને આક્રમણોથી અને સંસ્કૃતિઓના આદાન-પ્રદાનથી એની આજુબાજુની સભ્યતાઓના આઘાતો એની ઉપર પડતા હતા ત્યારે પણ. વળી ત્રીસ કરોડ જેટલી નરી વસ્તી કે જેનું કોઈ પણ પ્રકારનું, સામ્રાજ્યનાં બાકીનાં રાષ્ટ્રો સાથે જોડાણ કે સંમિલન પણ, ઑસ્ટ્રેલીઆ, કેનેડા અને દક્ષિણ આફ્રિકાની સરખામણીમાં નજીવી વસ્તીના સંમિલન કરતાં બહુ જ જુદી બાબત છે. વળી ઉપર તરી આવતી સીમા-રેખા છે જાતિ, વર્ણ, સ્વભાવની—યુરોપીઅન અને એશીઆટિક વચ્ચેની. અને જુગ જૂનો ભૂતકાળ, ઉત્પત્તિનો સંપૂર્ણ ભેદ, અનુત્ખણ્ય સંબંધો, અપૌરુષેય અને સ્વભાવગત વલણો છે કે જે ઇંગલિશ કે યુરોપીઅન સંસ્કૃતિનો પૂરેપૂરો કે મોટો ભાગ ભારત સ્વીકારી લે અને એ રીતે બેની વચ્ચેની સીમારેખા ભૂંસી નાખે એ શકયતાનો નિષેધ કરે છે. આ બધા અંતરાયોનો

---

દરજ્જાના માર્ગ પર હતું એ દરજ્જે પહોંચી ગયું છે, અને જોકે એના બે વિભકત હિસ્સા થોડા વખત માટે પ્રાદેશિક દરજ્જા પર રહે છે અને એમાંનો એક અમુક વખત સુધી એ દરજ્જા પર રહે એમ લાગે છે અને બીજો જોકે પ્રજાસત્તાક બન્યો છે તોપણ સમાન સંઘના સંબંધની નવી રીત અજમાવી છે.

અર્થ એ નથી કે આ સમસ્યા ઊકલી શકે એવી નથી; સામે પક્ષે આપણે જોઈએ છીએ કે મનુષ્યના મનની સામે એવી કોઈ સમસ્યા લાવી શકાતી નથી કે જેનું નિરસન, મનુષ્યનું મન, ધારે તો, ન કરી શકે. આ બાબતમાં, સંકલ્પ અને જરૂરી ડહાપણ છે એમ આપણે માની લઈશું; એ પણ માની લઈશું કે બ્રિટિશ રાજકૌશલ્ય કોઈ અશોધ્ય ભૂલ નહિ કરે, અને જે નાની ભૂલો, આવા કામમાં અણધારી પણ થઈ જાય એમાંથી એ જલદી પાછું ખસી જશે કે જે વસ્તુ એના સ્વભાવમાં છે અને જે એની લાંબી પરંપરા છે; અને આ પ્રમાણે, થોડું વહેલું કે થોડું મોડું; કોઈ પ્રકારની ચૈતસિક એકતાનું સર્જન માનવજાતિના, આ બે બહુ રીતે અસમાન, વિજાતીય સમૂહોની વચ્ચે સંભવ છે કે કરી શકાય.

કઈ શરતો નીચે આ શકય છે અને આ એકતા કેવું રૂપ લેશે એ પ્રશ્ન રહે છે. એ સ્પષ્ટ છે કે વહીવટ કરતી જાતિએ, વધુ સચ્ચાઈથી અને વધુ દૃઢતાથી, એણે બીજે આટલી સફળતાથી જે સિદ્ધાંત અમલમાં મૂકયો છે અને જે છોડી દેવાથી હમેશાં લાંબે ગાળે એણે પોતાનાં જ મહત્ત્વનાં હિતોનું નુકસાન વેઠયું છે તે અહીં પણ લાગુ પાડવો પડશે. એણે સામ્રાજ્યની એકતાની સીમામાં ભારતનો પૂર્ણ અને જુદો વિકાસ થવા દેવો જોઈએ, આવકારવો અને ઉત્તેજવો જોઈએ અને જ્યાં સુધી હિંદ સર્વ રીતે પોતાનો વહીવટ ચલાવતું ન થાય ત્યાં સુધી એના પર રાજ્ય કરતા માણસોએ એના હિતોને પ્રથમ સ્થાન આપવું જોઈએ અને જ્યારે એ પોતે પોતાનું રાજ્ય ચલાવતું થાય ત્યારે એ એવા પ્રકારનું હોવું જોઈએ કે જેમાં એને પોતાનાં હિતો જાળવવામાં અડચણ ન આવે. દાખલા તરીકે જ્યાં સુધી એના આર્થિક વિકાસને ઉત્તેજન આપે એવી નિશ્ચયાત્મક નીતિને પરિણામે સંયોગો બદલાઈ જાય નહિ ત્યાં સુધી એને પરાણે કોઈ સામ્રાજિક મહેસૂલી કે જકાતી એકતામાં ઘસડવું ન જોઈએ કે જે અત્યારના સંયોગોમાં એના આર્થિક ભવિષ્ય માટે ખતરનાક નીવડે એમ છે; આમ કરવાથી સામ્રાજ્યની અંદરનાં સ્થાપિત આર્થિક હિતોને નુકસાન થાય તો પણ. એની ઉપર ઇંગ્લિશ સંસ્કૃતિ કે રીતભાતો પરાણે ઠોકી બેસાડવાનો પ્રયાસ ન કરવો જોઈએ. કે એને સામ્રાજ્યની મુકત પ્રજાઓમાં એના સ્વીકારની પૂર્વ શરતો તરીકે રાખવી ન જોઈએ, અને એ પોતાની સંસ્કૃતિ અને પોતાના લાક્ષણિક વિકાસના રક્ષણ અને સંવર્ધન માટે જે પ્રયાસ કરે તેમાં કોઈ ડખલ કે વિરોધ કરવો ન જોઈએ. એનાં ગૌરવ, ભાવના, રાષ્ટ્રીય ઉમંગો, વધુ ને વધુ પ્રમાણમાં, જેમ સિદ્ધાંતમાં તેમ વ્યવહારમાં પણ, સ્વીકારવાં જોઈએ. આ શરતો એ, એના રાજકીય અને આર્થિક હિતોની સલામતી અને એના અકુંઠિત વિકાસની કાળજી એને સામ્રાજ્યમાં રાખશે અને બાકીની વસ્તુઓ માટે વત્તી

કે ઓછી ત્વરાએ એકીકરણની પ્રક્રિયાના વધુ સૂક્ષ્મ અને મુશ્કેલ ભાગ માટે સમય આપવો જોઈશે.

આ રીતે સર્જાયેલી એકતા હિન્દી-બ્રિટિશ સામ્રાજ્યનું રૂપ કદી લઈ શકશે નહિ; એ તો કેવળ ભ્રમિત મનની રચના માત્ર છે, ખરી શકયતાઓને જોખમે એમની પાછળ પડવું ન જોઈએ. શકયતાઓ છે પ્રથમ, સમાન હિતોથી સંરક્ષિત એકતાની, બીજી, સાચી વ્યાપારિક આપલે અને પરસ્પર સ્વાસ્થ્ય પ્રદાયક ઔદ્યોગિક સહાયની; ત્રીજી માનવજાતિના બે મોટામાં મોટા ભાગો યુરોપ અને એશીઆનો નવો સાંસ્કૃતિક સંબંધ કે જેમાં એ પોતાનામાં જે સર્વથી વધુ મહાન અને મૂલ્યવાન હોય તેનું એક માનવકુલના સમાન સભ્યો તરીકે આદાન-પ્રદાન કરે, તેની, અને આખરે, આશા રાખી શકાય, રાષ્ટ્રરૂપ એકમની રચનામાં સહાયક હતાં એવાં રાજકીય અને આર્થિક વિકાસ અને સામરિક કીર્તિને સ્થાને વધુ ઉદાત્ત માનવજાતિના જીવન માટે નવી, સમૃદ્ધ અને વિવિધ સંસ્કૃતિના નિર્માણમાં સહકાર અને સુબદ્ધ સહભાગિતાની મહત્તર કીર્તિની. કારણ કે ખરેખર, રાષ્ટ્રાતીત એકમનો આવો પ્રકાર હોવો જોઈએ કે જે હવે પછીના માનવજાતિની ઉત્તરોત્તર આગળ વધતી સામૂહિકતાના પગલા તરીકે શકય છે.

એ સ્પષ્ટ છે કે હવે પછીના આ પગલાનું મહત્ત્વ માર્ગમાં એક વિસામા કરતાં વધુ નહિ હોય કે જે ભાવના, માનસિક વલણ અને સર્વસામાન્ય જીવનના સર્જન અને વ્યવહારસિદ્ધ ઉદાહરણથી સમગ્રજાતિની એકતાને એક કુટુંબમાં શકય બનાવે. એક મોટા સામ્રાજીય એકમનું સર્જન તો એક અસભ્ય અને પ્રત્યાઘાતી બનાવ બની જાય જો એની આગળ ફળરૂપે આ મોટી વસ્તુ ના હોય. લડાઈનાં શસ્ત્રોથી સજ્જ અને વ્યાપારિક, રાજકીય અને સામરિક અહંભાવથી બીજી મોટી રૂશીઅન, ફ્રેન્ચ, જર્મન, અમેરિકન એકતાઓથી વિભકત, માત્ર બહુરંગી હિન્દી–બ્રિટિશ એકતાની રચના એ તો એક પીછેહઠ બને, પ્રગતિ નહિ. એટલે જો આ જાતનો વિકાસ થવા સર્જાયો હોય, કારણ કે આપણે બ્રિટિશ સામ્રાજ્યનો પ્રયોગ તો શકય એવા સારામાં સારા દૃષ્ટાંત તરીકે જ લીધો છે—તો એ યાત્રાના માર્ગમાં એક વિશ્રામ-સ્થાન રૂપ અને આપણી સામે આ આદર્શ રૂપ હોવો જોઈએ કે જેનો રાષ્ટ્ર વિરુદ્ધ રાષ્ટ્રના જૂના સ્થાનિક દેશાભિમાનની શૃંખલાઓથી બંધાયેલા નથી એવા માનવજાતિના ચાહકો સ્વીકાર કરી શકે. વળી હમેશાં એ શરતે કે રાજકીય અને વહીવટી સાધનો એવાં રહે કે જે આપણને માનવજાતિની એકતા પ્રત્યે લઈ જાય,—કારણ કે એ શંકાસ્પદ પરિકલ્પના પર આપણે હમણાં આગળ વધી રહ્યા છીએ. આવા આખરી વિકાસનો સંભવ હજીયે ઓછો છે, કારણ કે મુસ્લિમ અને હિન્દુ

બન્ને ભારતનો મિજાજ હજી પૂર્ણ સ્વતંત્રતાની દિશા તરફ છે અને અંગ્રેજી બાજુએથી બીજી શક્યતાને રચવાનો કોઈ પ્રયાસ થયો નથી. પરંતુ એ શક્યતાનો વિચાર કરવાની જરૂર હતી જ, કારણ કે એ કદી ન બની શકે એવી અશક્ય વસ્તુ નથી કે બદલાએલા સંયોગોમાં જુદી અને એકાકી સ્વતંત્રતાને બદલે આવું વ્યવહારુ સ્વાતંત્ર્ય સ્વીકારવામાં આવે. જો એમ બને તો એ નિશાની ગણી શકાય કે આખરી ધ્યેય પ્રત્યે લઈ જાય એવાં પ્રકૃતિનાં પગલાંમાંનું એક આ માર્ગે દોરવણી આપી રહ્યું હતું. આટલું તો એને માટે કહી શકાય કે આવા બે જુદા જુદા લોકોનું અને સંસ્કૃતિઓનું સંમિલન થઈ શકે તો વિશ્વ-ઐક્યનો વધુ મોટો પ્રશ્ન ઓછો દૂર દેખાવા લાગશે.[૧]

---

૧. વસ્તુઓએ વ્યવહારમાં સર્વદા અનિવાર્ય હતું તેમ જુદું વલણ લીધું છે; પરંતુ પ્રકરણનો આ ભાગ હતો તેમ રહેવા દીધો છે કારણ કે ચાલુ વિષય માટે આ શક્યતાની વિચારણા જરૂરી હતી. એ શક્ય પ્રયોગ સફળતાની થોડી પણ નિકટ આવવામાં નિષ્ફળ નીવડ્યો, એ બતાવે છે કે આ વચ્ચેનું વિશ્રામ-સ્થાન રચવું એટલું બધું મુશ્કેલી ભરેલું છે કે એ લગભગ અશક્ય બની જાય છે. એને સ્થાને આવ્યાં છે સમાન રાજ્ય સંઘ (Common Wealth), સોવિયેત સંઘ, પ્રાસ્તાવિત યુરોપીય સંયુક્ત રાજ્ય જેવી શક્યતાઓ અને અન્ય ખંડ-વ્યાપક સંયોજનો કે જે ઉત્તર દક્ષિણ બે અમેરિકામાં અસ્તિત્વમાં આવતાં જાય છે અને જે કોઈ દિવસ એશીઆમાં પણ શક્ય બને એવો સંભવ છે.

# વિશ્વ-સામ્રાજ્યની શકયતા

સામ્રાજ્ય વિષેનો ખ્યાલ એની કૃત્રિમ અને રચનાત્મક અવસ્થામાંથી પ્રગતિ કરતો કરતો એક માનસિક સત્ય બની જાય અને મનુષ્યોનાં મન પર કાબૂ મેળવે કે જેવી રીતે રાષ્ટ્રીયતાના વિચારે જોર અને જુસ્સાથી બીજા બધા સામૂહિક ધ્યેયો કરતાં વધુ પ્રમાણમાં કાબૂ મેળવ્યો છે તો એ એક શકયતા છે પરંતુ ભવિતવ્યતા નથી. અને શકયતા રૂપે એ હજી ગર્ભાવસ્થામાં છે અને જયાં સુધી એ અપૂર્ણ અવસ્થામાંથી બહાર નથી આવ્યો કે જયાં એ રાજનીતિજ્ઞોની ઘણી મૂર્ખાઈની, મોટા માનવ-ટોળાંના આવેશોની, સ્થાપિત અહંભાવોના હઠીલા સ્વાર્થોની દયા પર જીવે છે ત્યાં સુધી આપણને કોઈ ખાત્રી રહી શકતી નથી કે એ જન્મતાં પહેલાં મરી નહિ જાય. અને જો એમ થાય તો રાજકીય અને વહીવટી સાધનોથી માનવજાતિના એકીકરણની બીજી શી શકયતા હોઈ શકે ? એ ત્યારે જ બની શકે કે જો કાં તો જગત સમગ્રના એક સામ્રાજયનો જૂનો આદર્શ અત્યારે જોઈ શકાતા નથી એવા બનાવો વડે સિદ્ધ થાય અથવા તો જો મુકત રાષ્ટ્રોના ઐચ્છિક સંઘનો આદર્શ એની વ્યવહારુ સિદ્ધિના માર્ગમાંનાં એક સો ને એક વિઘ્નોને ઓળંગી જાય.

વિશ્વ સામ્રાજ્યનો વિચાર કેવળ જબરજસ્તીથી ઠોકી બેસાડવામાં આવે એ, આપણે જાયું છે તેમ, આધુનિક જગતમાં જે નવા સંયોગો વસ્તુઓની પ્રાગતિક વલણે ઉત્પન્ન કર્યા છે તેમની વિરુદ્ધનો છે. આમ હોવા છતાં આપણે નવા સંયોગોથી આ પ્રશ્નને છુટ્ટો પાડી એક સૈદ્ધાન્તિક શકયતા રૂપે સ્વીકારી લઈએ કે એક મોટું રાષ્ટ્ર આખી પૃથ્વી પર પોતાની રાજકીય હકૂમત અને પોતાની સંસ્કૃતિ પરાણે ઠોકી બેસાડે કે જેમ ભૂમધ્ય સમુદ્રના લોકો પર અને ગૉલ અને બ્રિટન પર રોમે કર્યું હતું. અથવા તો એમ ધારીએ કે મોટાં રાષ્ટ્રોમાંનું કોઈ એક એના હરીફોને તાકાત અને કૂટનીતિથી દબાવી દેવામાં સફળ થાય અને પછી એના તાબાનાં રાષ્ટ્રોની સંસ્કૃતિ અને જુદા આંતરિક જીવનને

સન્માની, વિશ્વશાન્તિ, કલ્યાણકારી વહીવટ, માનવજાતિની અત્યારની સ્થિતિ, માનવીનાં જ્ઞાન અને સંપત્તિની અભૂતપૂર્વ સુવ્યવસ્થાવાળી સુધારણા વગેરેનાં પ્રલોભનોના આકર્ષણ વડે પોતાની સત્તા સ્થિર કરે. આપણે જોવું જોઈએ કે શું આ સૈદ્ધાન્તિક શકયતા માટે એવા સંયોગો છે કે જેથી એ વ્યવહારુ શકયતા બની શકે? અને જો આપણે વિચાર કરીએ તો આપણને ખબર પડશે કે હવે કોઈ એવા સંયોગો નથી રહ્યા: ઊલટાના સર્વ સંયોગો આવા પ્રચંડ સ્વપ્નની સિદ્ધિની વિરુદ્ધના છે. એટલે આવી સિદ્ધિ, ભાવિના અંતરમાં હજી સુધી છુપાઈ રહ્યાં હોય એવાં કોઈ મહાન પરિવર્તનો થાય તો જ, આવી શકે.

સામાન્ય રીતે એમ ધારવામાં આવે છે કે જે આવેગે જર્મનીને જગતની સાથે હમણાંની અથડામણો સુધી પહોંચાડયું એ આવેગોનાં મૂળ સામ્રાજ્યના આવા સ્વપ્નમાં હતાં. કેટલા પ્રમાણમાં આવી કોઈ ભાનપૂર્વકની ધારણા એના સંચાલકોના મનમાં હતી એ પ્રશ્ન કંઈક અંશે સંદિગ્ધ છે; પરંતુ એ ચોક્કસ છે કે જો લડાઈમાં જેમ એણે ધાર્યું હતું એમ એ જીત્યું હોત તો એ રીતે સર્જાયેલી પરિસ્થિતિ એને આવા વધુ મોટા પ્રયત્ન પ્રત્યે દોરી જાત. કારણ કે જગતના જાણીતા ઇતિહાસ દરમિયાન કોઈ પણ રાષ્ટ્રે સંપન્ન કરી ન હતી એવી સર્વોપરિતા એણે પ્રાપ્ત કરી હોત; અને જે ખ્યાલો હમણાં હમણાં જર્મન બુદ્ધિ પર રાજ્ય ચલાવી રહ્યા છે,—એનો જગતનો ઉદ્ધાર કરવાનો ખ્યાલ, એની જાતીય ઉચ્ચતાનો ખ્યાલ, એની સંસ્કૃતિઓની અમેય શ્રેષ્ઠતા, એનું વિજ્ઞાન, જીવનની વ્યવસ્થા અને જગતને દોરવાના ઈશ્વરદત્ત અધિકારનો અને એની ઉપર પોતાની ધારણાઓ અને આદર્શો લાદવાનો ખ્યાલ — આ સર્વ, આધુનિક વ્યાપારની સર્વગ્રાહી ધગશથી એને જગત પરની સર્વોપરિતા દેવે દીધેલા કર્તવ્ય તરીકે ઉઠાવી લેવા પ્રત્યે અનિવાર્ય રીતે ધકેલી દેત. એ હકીકત છે કે એક આધુનિક રાષ્ટ્ર અને એવી કાર્યક્ષમતા, વિજ્ઞાનનો એવો વૈજ્ઞાનિક ઉપયોગ, વ્યવસ્થા માટેનો એ ઉત્સાહ, રાજ્ય સહાય અને રાષ્ટ્રીય અને સામાજિક પ્રશ્નોને ઉકેલ-વાની એવી વ્યવહારુ બુદ્ધિ, અને યુરોપ જેને સભ્યતાના નામથી ઓળખે છે એ આર્થિક કલ્યાણ માટેની સુવ્યવસ્થા,—એ હકીકત કે આવું એક રાષ્ટ્ર આવા વિચારો અને આવેગોથી આવિષ્ટ થાય અને એનાથી પરાણે પણ ઢસરડાય એ ખરે જ એ વાતનો પુરાવો છે કે જૂના દેવતાઓ હજી મરી પરવાર્યા નથી, સર્વોપરી તાકાત જગતને જીતી લે, એની ઉપર રાજ ચલાવે અને એને પૂર્ણ બનાવે એ જૂનો આદર્શ હજી એક જીવતી શકિત છે અને એણે હજી મનુષ્યોના માનસ પરની પકડ છોડી નથી. એ પણ કંઈ ચોક્કસ નથી કે હમણાંના યુદ્ધે આ શકિતઓને અને આ આદર્શોને હણી નાખ્યા છે કારણ કે યુદ્ધનો નિર્ણય તાકાતની સામે તાકાતની અથડામણથી, સંગઠન પર સંગઠનની જીતથી,

એ મોટી અને આક્રમણકારી ટ્યુટોનિક સત્તાનું જે સાચું બળ હતું તેની ઉપર એવા જ હથીઆરોના વધુ કૌશલ્યવાળા અથવા વધુ ભાગ્યશાળી ઉપયોગથી થયો હતો. જર્મનીનો એનાં જ હથીઆરોથી થયેલો પરાજય, પોતે એકલો, જર્મનીમાં સદેહ થયેલા એના આત્માનો સંહાર નહિ કરી શકે, એ તો ફરી બીજે સદેહ થઈ શકે, બીજી કોઈ જાતિમાં કે સામ્રાજ્યમાં જન્મ લે, અને આખોયે સંગ્રામ ફરી વાર લડવો રહે. જ્યાં સુધી જૂના દેવતા જીવતા રહે ત્યાં સુધી જે શરીરમાં એ પ્રાણ પૂરે છે તે શરીરનો નાશ કે એનું શૈથિલ્ય નાની બાબત છે, કારણ કે એ શરીર પડતાં બીજા શરીરમાં પ્રવેશવાનું એમને આવડે છે. જર્મનીએ ઈ. ૧૮૧૩ માં ફ્રાન્સમાં નેપોલીઓનિક જુસ્સાને ઉથલાવી પાડયો અને ૧૮૭૦ માં એની નેતાગીરીના બાકી રહેલા અંશોને તોડી નાખ્યા; એ જ જર્મનીમાં એ જ વસ્તુનો અવતાર ફરી થયો જેને એણે ફ્રાન્સમાં ઉથલાવી પાડી હતી. એવી જ ઘટના વધુ મોટા પાયા ઉપર ફરી બની શકે એમ છે.

અને જર્મનીનો પરાજય એ સામ્રાજીય સ્વપ્નની અશકયતાનો એની પહેલાંના નેપોલીઅનના પરાજય કરતાં વધુ મોટો પુરાવો નથી, કારણ કે ટ્યુટોનિક સંગઠનને આવા વિશાળ ધ્યેય માટે જરૂરી હોય એવા એક સિવાયના બધા જ સંયોગો ખૂટતા હતા. એની પાસે કોઈ પણ પ્રજા પાસે હોય એથી વધુ બળવાન લશ્કરી, વૈજ્ઞાનિક અને રાષ્ટ્રીય વ્યવસ્થા હતી, પરંતુ ખૂટતો હતો પ્રચંડ પ્રેરણાત્મક પ્રોત્સાહ કે જેનાથી જ આવો મહાપ્રયાસ સફળ થઈ શકે અને જે પ્રોત્સાહ નેપોલીઅન યુગના ફ્રાન્સમાં બહુ વધુ પ્રમાણમાં હતો. એને ખોટ હતી સફળ રાજનૈતિક વિચક્ષણતાની કે જે સાફલ્યની સિદ્ધિના અપરિહાર્ય સંયોગોનું નવેસર સર્જન કરી શકે છે. જગત પર આધિપત્ય મેળવવા માટે ખુશ્કી લશ્કર કરતાં પણ વધુ જરૂરી એવી એના સાથીદાર તરીકે સામુદ્રિક તાકાતની એને ખોટ હતી, અને એની ભૌગોલિક પરિસ્થિતિ અને એના શત્રુઓની એને ઘેરી વળેલી સ્થિતિને કારણે એ ખાસ કરીને એના કુદરતી વિરોધીઓના સમુદ્રો પરના સ્વામિત્વથી ઉત્પન્ન થતાં સર્વ વિઘ્નો સામે અરક્ષિત હતું. કેવળ અપ્રતિહન્ય સ્થળસેના સાથે અપ્રતિહન્ય નૌસેનાનો યોગ જ[1] આવા પ્રચંડ પ્રયત્નને સાચી શકયતાના પ્રદેશમાં લાવી શકે છે; રોમે પણ કાર્થેજના વધુ મોટા સામુદ્રિક બળને તોડયું ત્યારે જ વિશ્વ-સામ્રાજ્ય જેવી કોઈ વસ્તુની આશા રાખી શકયું. છતાં જર્મન રાજનીતિએ આ પ્રશ્નની એવી અવગણના કરી કે એણે જગતની સર્વોપરી સામુદ્રિક તાકાત ગણાતા અને એના દુશ્મનો સાથે સંધિથી જોડાયેલા શત્રુ સામે લડાઈમાં પ્રવેશ કર્યો અને, આ એક કુદરતી

---

૧. અને હવે એથી વધુ પ્રમાણમાં અપ્રતિહન્ય હવાઈ બળ.

શત્રુ સામે એના સર્વ પ્રયાસો એકાગ્ર કરવાને બદલે અને રૂશીઆ અને ફ્રાન્સની ઇંગ્લૅન્ડ સામેની જૂની દુશ્મનાવટનો ઉપયોગ કરવાને બદલે, એની અવ્યવહારુ અને નૃશંસ રાજનીતિએ એના શત્રુઓને પહેલેથી જ એકત્રિત કરી દીધા : ઇંગ્લૅન્ડને એકલું પાડી દેવાને બદલે પોતે જ એકલું પડી ગયું અને જે રીતે એણે યુદ્ધ શરૂ કર્યું અને ચલાવ્યું એથી એ વધુ ને વધુ પ્રમાણમાં નૈતિક રીતે પણ એકલું પડી ગયું અને બ્રિટિશ ઘેરાએ પેદા કરેલી એની ભૌતિક એકલતાને વધારે આકરી બનાવી દીધી. મધ્ય યુરોપ અને તુર્કસ્તાનના લશ્કરી બળ પર મદાર બાંધી એણે પોતાની ઉદ્ધતાઈથી જે એક સામુદ્રિક સત્તા એને પક્ષે રહી શકે એવી હતી તેને સામે પક્ષે કરી દીધી.

એ કલ્પી શકાય એમ છે કે જગતના ઇતિહાસમાં પ્રાચીન કાળમાં રોમ હતું તેવા સંયોગો, સ્વભાવ અને સદ્‌ભાગ્યના અનુગ્રહવાળું કોઈ રાષ્ટ્ર કે રાજનીતિજ્ઞો સામ્રાજિક પ્રયોગ ભવિષ્યમાં ફરી, વધુ અનુકૂળ સંયોગોમાં, વધુ સારી તૈયારી કરીને, વધુ સૂક્ષ્મ રાજનૈતિક વિચક્ષણતા સાથે કરે. તો એની સફળતા માટે જરૂરી પૂર્વ શરતો કઈ છે? પહેલું એ કે, એના ધ્યેયની સફળતા માટે થોડી જ તકો હશે, જો એ ફરી એવું સદ્‌ભાગ્ય પ્રાપ્ત ન કરી શકે કે જેમ રોમ એના પ્રત્યેક હરીફ અને દુશ્મનની સામે એક પછી એક થઈ શક્યું અને એના વિરોધી બળોના સફળ સંયોજનને ટાળી શક્યું. શી શકયતા આવી સદ્‌ભાગી પ્રગતિની છે, અત્યારના આટલા સચેત અને શિક્ષિત અર્વાચીન જગતમાં કે જ્યાં પ્રસિદ્ધિની આધુનિક અને જગદ્‌વ્યાપી ત્વરિત વ્યવહારવાળી સ્થિતિમાં, બધું જ જાણી શકાય છે, જાસૂસી થાય છે, દીપીલી આંખો અને સક્રિય માનસ બધી બાબતો પર નજર રાખતાં હોય છે? પ્રભુત્વવાળી સ્થિતિની માત્ર પ્રાપ્તિ પણ આખા જગતને સાવધાન કરી દેવા અને જગતની શત્રુતાને, જે સત્તાની છૂપી મહેચ્છાઓનો એને વહેમ પડે એની સામે, એકત્રિત કરી દેવા માટે પૂરતી થઈ પડે એમ છે. એટલે આવું સદ્‌ભાગી સાફલ્ય તો ત્યારે જ થઈ શકે જો પ્રથમ એની પ્રગતિ ખાસ યોજના કે ઇચ્છા વગર બીજાઓના દ્વેષને ઉત્તેજિત કરે એવી આગળ વધતી સત્તાની કોઈ ઉઘાડી મહેચ્છા વગર અને પછી એવા બનાવોની પરંપરા કે જે એને ધ્યેયની એટલી નિકટ દોરી જાય કે એને રોકી શકે એવાં તત્ત્વોને એવી શકયતાનો ખ્યાલ આવે તે પહેલાં ધ્યેય હસ્તગત થઈ જાય. દાખલા તરીકે જો જગતની ચાર પાંચ પ્રભુત્વ ધરાવતી સત્તાઓ વચ્ચે એક પછી એક અથડામણ થાય કે જેમાં આક્રમણ કરનાર સત્તા ફરી સ્વસ્થ થવાની આશા વગર એનું સ્થાન લઈ શકે એવી બીજી કોઈ સત્તા તૈયાર થયા વિના ભાંગતી જાય તો એમ ધારી શકાય કે અંતે એમાંની કોઈ એક સત્તા એવી કુદરતી પ્રભાવશાળી સ્થિતિમાં રહી જાય કે જે એને

કોઈ પણ આક્રમક પ્રવૃત્તિ કર્યા વિના મળી હોય અથવા તો એને બીજાઓના આક્રમણનો બહુ થોડો પ્રત્યક્ષ સામનો કરવાથી મળી હોય અને આ રીતે વિશ્વ-સામ્રાજ્ય એના હાથમાં મુકાઈ જાય. પરંતુ, જીવનના અત્યારના સંયોગોમાં, અને ખાસ કરીને યુદ્ધની આધુનિક સર્વનાશક ભયંકરતા સમક્ષ આવી અથડામણીની પરંપરા કે જે પહેલાંના જમાનામાં તદ્દન કુદરતી અને શકય હતી તે વાસ્તવિક શકયતાના ક્ષેત્રની બહારની લાગે છે.

તો આપણે માની લેવું જોઈએ કે જગત પર પ્રભુત્વ મેળવવા પ્રયત્ન કરતી સત્તા, અમુક વખતે, એનો સામનો કરી શકે એવી બધી સત્તાઓનું જૂથ—એમની પીઠે સમસ્ત વિશ્વની સહાનુભૂતિ સાથે, અનિવાર્ય રીતે બનેલું જૂથ,—પોતાની સામે જોશે. આવી ઘડી અનવરોધ્ય રીતે, ગમે તેવી ભાગ્યવાન રાજનીતિ હશે તો પણ આવવાની; આ કારણોને લીધે આવી સત્તા પાસે પૂર્ણ રીતે સુસજ્જ સૈનિક તેમજ સામુદ્રિક એવું પરિબળ હોવું જોઈશે કે જેથી એવા અસમાન વિગ્રહમાં પણ એ જીતી શકે, પરંતુ એવું આધુનિક સામ્રાજ્ય કયાં છે કે જે આવા પ્રભુત્વની સ્થિતિએ પહોંચવાની આશા રાખી શકે? અત્યારે જે છે તેમાં રૂશીઓ એક દિવસ એવી લડાયક શકિત પ્રાપ્ત કરે કે જેની સામે જર્મનીની અત્યારની શકિત નહિ જેવી લાગે; પરંતુ એ અકલ્પનીય લાગે છે કે જમીન પરની તાકાત સાથે સમુદ્ર પરની એવી જ શકિતનો એ સંયોગ કરી શકે. ઇંગ્લૅન્ડે અત્યાર સુધી અનતિક્રમ્ય સામુદ્રિક બળ ભોગવ્યું છે કે જેને એ એટલે સુધી વધારી દે કે અમુક સંયોગોમાં એ આખા જગતને યુદ્ધમાં પડકારે.[1] પરંતુ એ ફરજિયાત ભરતી અને બધી વસાહતોની મદદ છતાં એની સામુદ્રિક તાકાત સાથે સરખાવી શકાય એવું ખુશ્કી લશ્કર જમાવી શકયું નહિ,—સિવાય કે જ્યારે એણે એવા સંયોગો પેદા કર્યા કે જેની નીચે હિંદુસ્તાનની બધી સામરિક શકયતાઓને એ કામમાં લઈ શકયું. અને એ ઉપરાંત આપણે માત્ર વિચાર કરવાનો છે એ વિશાળ લોકસમૂહોનો અને બળવાન સામ્રાજ્યોનો કે જેમના સામના માટે એણે તૈયાર રહેવું પડે અને આપણે જોઈ શકીશું કે આવા દ્વીગુણિત પરિબળનું સર્જન અત્યાર સુધી બનેલી સત્ય બિનાઓ દર્શાવે છે તેમ માત્ર કલ્પના નહિ તો ઘણી રીતે અસંભાવ્ય તો લાગે છે.

એના શકય શત્રુઓને પક્ષે સંખ્યાબળ વધુ હોય તો પણ કોઈ રાષ્ટ્ર એના વિરોધીઓના જૂથ ઉપર સંભવ છે કે વધુ વિકાસ પામેલા વિજ્ઞાનથી અને એની સંપત્તિના વધુ દક્ષતાપૂર્ણ ઉપયોગથી વિજયવાન બને, જર્મનીએ

---

૧. અમેરિકન નૌકાબળના અસાધારણ વધારા પછી હવે એ સાચું નથી રહ્યું.

એના સાહસની સફળતા માટે એના ઉચ્ચતર વિજ્ઞાન પર આધાર રાખ્યો; અને જે સિદ્ધાન્ત પર એ આગળ વધ્યું એ તો સધ્ધર હતો. પરંતુ અર્વાચીન જમાનામાં વિજ્ઞાન એક સર્વસામાન્ય સંપત્તિ છે અને જોકે રાષ્ટ્ર બીજાં રાષ્ટ્રોથી એવી રીતે છૂપી કૂચ કરી આગળ વધી જાય, કે જેથી બીજાં રાષ્ટ્રો એ બાબતમાં શરૂઆતમાં પાછળ પડી જાય, છતાં અનુભવે બતાવ્યું છે કે થોડો સમય મળ્યે,—અને શકિતશાળી મિત્રસંઘ પહેલે ઘાએ કચરાઈ જવાનો કોઈ સંભવ નથી—ખોયેલું અંતર જલદી કપાઈ શકે છે અથવા તો સંરક્ષણની નવી રીતો જડી આવે છે કે વિકસાવી શકાય છે કે જેથી શરૂઆતમાં શત્રુએ મેળવેલા લાભને નિરર્થક બનાવી દઈ શકાય. તો, સફળતા માટે એમ માનવું પડે છે કે મહત્ત્વાકાંક્ષી રાષ્ટ્ર કે સામ્રાજ્યને વિજ્ઞાનનો નવો વિકાસ અથવા નવી શોધખોળ કે જેમાં બીજાઓએ પ્રગતિ કરી ન હોય તે એમને સામાઓની મોટી સંખ્યા પર શ્રેષ્ઠતાની એવી સ્થિતિમાં મૂકી દે કે જેવી કોર્ટેસ અને પીઝારોએ આટ્ઝેકસ અને પેરૂવીઅનો પર મેળવી હતી. શિસ્ત અને સુવ્યવસ્થાની ઉચ્ચતરતાએ જે લાભ પ્રાચીન રોમનોને આપ્યો હતો અથવા તો હિંદમાં યુરોપીઅનોને આપ્યો હતો—તે હવે આ મહા ઉદ્દેશ માટે પૂરતાં નથી.

એટલે, આપણે જોઈ શકીએ છીએ કે વિશ્વ-સામ્રાજ્યની સ્થાપના માટે જરૂરી સંયોગો એવા છે કે જેથી એકીકરણના આ પ્રકારને વ્યવહારુ શકયતાની સીમામાં લેવાની થોડી જ જરૂર છે. એનો ફરી પ્રયોગ થાય એ શકય છે, અને એ નિષ્ફળ નીવડશે એવું ભવિષ્ય લગભગ ભાખી શકાય. સાથે સાથે આપણે પ્રકૃતિનાં આશ્ચર્યોને પણ ગણનામાં લેવાં જોઈએ, આપણી સાથેના એના વ્યવહારમાં અણધાર્યા બનાવો માટે એને વિશાળ ક્ષેત્ર છે એ પણ આપણે જાણી લેવું જોઈએ. માટે આવો અખતરો હવે કોઈ કરશે નહિ કે એ સફળ થાય જ નહિ એમ ખાત્રીથી તો નહિ કહી શકાય. સામે પક્ષે પ્રકૃતિનો એ ઈરાદો હશે તો, એ એક સપાટે કે ધીરે ધીરે જરૂરી સાધનો અને સંયોગો પેદા કરશે. પરંતુ એમ થાય તો પણ આ રીતે રચાયેલા સામ્રાજ્યને એટલાં બધાં બળોની સામે લડવું પડશે કે એને સર્જવા કરતાં સાચવવું વધુ મુશ્કેલ થશે, અને કાં તો એની વહેલી પડતી આખા પ્રશ્નને વધુ સારા ઉકેલના ક્ષેત્રમાં લાવશે અથવા તો લશ્કરી બળ અને દબાણનાં જે તત્ત્વોને એણે શરૂઆતમાં એ પ્રયાસ માટે પ્રેરણા પાઈ હતી એ જ તત્ત્વોએ એણે પોતા પરથી ઉતારી નાખવાં પડશે અને એના પ્રયાસના મુખ્ય ધ્યેયની વિરુદ્ધ જવું પડશે. પરંતુ, એ તો આપણા વિષયની બીજી બાજુની વાત છે કે જેને આપણે હાલ પૂરતી મુલતવી રાખવી પડશે. અત્યારે આપણે માત્ર એટલું કહી શકીએ કે જો જગતનું ક્રમે ક્રમે એકીકરણ, મોટાં વિજાતીય સામ્રાજ્યો સાચાં ચૈતસિક એકમો રચીને

કરે એ જો માત્ર ઝાંખી અને હજી ખીલતી કળી જેવી શકયતા હોય તો એક શકિતશાળી સામ્રાજ્યના દબાણ નીચે એ એકીકરણ થાય એ સંભાવ્યતાની હદની બહાર ગયેલી કે હદની બહાર જતી વસ્તુ છે અને એ પણ કેવળ પ્રકૃતિની અગણિત અજાયબીઓમાંથી કોઈ એક અણધારી વસ્તુનાં નવા વિકાસથી જ બને.

# યુરોપનાં સંયુક્ત રાજ્યો

આપણે સામ્રાજ્ય સમૂહોની શકયતાઓ ઉપર આટલો લાંબો વખત રોકાઈ જવું પડયું હતું કારણ કે સામ્રાજ્ય રાજ્યોનો વિકાસ આધુનિક જગતની બહુ મહત્ત્વની ઘટના છે; એ ઘટના ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ અને વીસમી સદીના પૂર્વાર્ધનાં રાજકીય વલણોને લગભગ તેવી જ દોરવણી આપે છે જેવી આપણી પહેલાંના યુગને મુકત લોકશાહીવાળા રાષ્ટ્રની ઉત્ક્રાંતિએ આપી હતી. ફ્રેન્ચ ક્રાંતિનો સર્વોપરી વિચાર હતો મુકત અને સર્વાધીશ પ્રજા; અને જોકે ભ્રાતૃતાનો આદર્શ ક્રાંતિકારક સૂત્રમાં વ્યાપક તત્ત્વરૂપે દાખલ કરવામાં આવ્યો હતો તો પણ આ વિચારે મુકત, સ્વતંત્ર, લોકશાહી ઢબે ચાલતા આત્મશાસિત રાષ્ટ્રનું રૂપ લીધું. એ આદર્શ, મહાયુદ્ધ સુધી પાશ્ચિમાત્ય જગતમાં પૂરેપૂરો અમલમાં મુકાયો ન હતો; કારણ કે મધ્ય યુરોપ થોડે અંશે જ લોકશાહી બન્યું હતું અને રૂશીઆએ એ સર્વસામાન્ય ધ્યેય પ્રત્યે માત્ર મોં જ ફેરવ્યું હતું અને અત્યારે પણ પરાધીન યુરોપીઅન પ્રજાઓ અને ઉપરાષ્ટ્રો છે.[1] એમ છતાં, અને ગમે તેવી ત્રુટિઓ સાથે પણ, મુકત લોકશાહી રાષ્ટ્રનો વિચાર સમસ્ત અમેરિકા અને યુરોપમાં વ્યવહારમાં જીત્યો છે. એશીઆના લોકોએ પણ ઓગણીસમી સદીના એ પ્રભાવી આદર્શનો એ જ રીતે સ્વીકાર કર્યો છે, અને જોકે લોકશાહી રાષ્ટ્રીયતાનાં આંદોલનો પૂર્વના દેશોમાં–તુર્કસ્તાન, ઈરાન, હિંદ, ચીન વગેરેમાં એની સિદ્ધિના પ્રયાસોમાં સફળતા મેળવવા ભાગ્યવાન થયાં નથી, તો પણ એ વિચારના પ્રખર અને વિસ્તૃત કાર્ય માટે કોઈ પણ સાવધ નિરીક્ષક શંકા લાવશે નહિ. ફાવે તેવો વધારો કે ઘટાડો થાય, ગમે તેવા નવા પરિબળો વચમાં આવે, ગમે તેવા પ્રત્યાઘાતો સામા થાય તોયે હવે તો કોઈ શંકા થઈ શકે નહિ કે ફ્રેન્ચ ક્રાન્તિની મુખ્ય ભેટો કાયમી સંપત્તિરૂપે, અને જગતના ભાવિ બંધારણમાં અપરિહાર્ય તત્ત્વો રૂપે–રહેવી

---

૧. હવે નજરે પડે એવી રીતે નહિ, છતાં ખાંડીઆ રાજ્યની હાલત હજીયે હોય.

જોઈએ અને વિશ્વવ્યાપી બનાવવી જોઈએ જેવી કે રાષ્ટ્રીય આત્મભાન અને આત્મશાસન, પ્રજા માટે સ્વતંત્રતા અને જ્ઞાન અને એટલાં સામાજિક સમાનતા અને ન્યાય-ઓછામાં ઓછાં હોય તોયે-કે જેટલાં રાજકીય સ્વાતંત્ર્ય માટે અપરિહાર્ય છે; કારણ કે કોઈ પણ જાતની સ્થિર અને અણનમ અસમાનતા લોકશાહી આત્મશાસન સાથે અસંગત છે.

પરંતુ ઓગણીસમી સદીનો આ મોટો આવેગ બધે કામયાબ થાય તે પહેલાં, યુરોપમાં પણ એ સંપૂર્ણ રીતે ફેલાય તે પહેલાં એક નવું વલણ વચમાં આવ્યું છે અને એક નવા વિચારે માનવજાતિના પ્રગતિશીલ માનસનો કબજો લીધો છે. આ છે પૂર્ણરીતે વ્યવસ્થિત રાજ્યનો આદર્શ. પાયામાં, સંપૂર્ણ રીતે વ્યવસ્થિત રાજ્યનો આદર્શ સમાજવાદી છે અને એની સ્થાપના થઈ છે મહાન ક્રાન્તિકારી સૂત્રના બીજા શબ્દ 'સમાનતા' પર કે જેમ ઓગણીસમી સદીનું આંદોલન પહેલા શબ્દ, 'સ્વતંત્રતા' પર કેન્દ્રિત હતું. યુરોપના મહાન ઉત્થાને આપેલા પ્રથમ આવેગે માત્ર અમુક પ્રકારની રાજકીય સમાનતા સિદ્ધ કરી. અધૂરી સામાજિક સમતલતા એ એક અસમાનતા અને રાજકીય પ્રભુતાનો એક પ્રકાર કે જેને કોઈ સ્પર્ધાધર્મી સમાજ દૂર કરી શકતો નથી તેનો સ્પર્શ પણ કર્યો નહિ; ધનવાનની ધનહીન પરની પ્રભુતા, જીવનસંગ્રામમાં વધુ સફળ અને ઓછા સફળ વચ્ચેની અસમાનતા કે જે કૌશલ્યના ભેદ, અસમાન તક અને પરિસ્થિતિ અને સંયોગોની આડખીલીઓને કારણે અનિવાર્ય બની જાય છે. સમાજવાદ આ હઠીલી અસમાનતાને સમાજના સ્પર્ધાપ્રિય રૂપનો નાશ કરીને અને સહકારપ્રિય રૂપની સ્થાપના કરીને દૂર કરવા પ્રયાસ કરે છે. પહેલાં માનવસમાજનું સહકારીરૂપ સંઘ (Commune) રૂપે અસ્તિત્વમાં હતું પરંતુ સંઘરૂપી એકમનું પુનઃસર્જન વ્યવહારમાં જૂના નગર—રાજ્યમાં પાછા જવા જેવું થાય અને વધુ મોટા સમૂહોની વચમાં અને આધુનિક જીવનની સંકુલતાઓમાં એ શક્ય નથી એટલે સમાજવાદી વિચારપદ્ધતિ માત્ર દૃઢ વ્યવસ્થિત રાષ્ટ્ર રાજ્યમાં જ સિદ્ધ થઈ શકે એમ છે. ગરીબાઈનો અંત, સમાન વહેંચણીના કઢંગા જડ ખ્યાલ પ્રમાણે નહિ પરંતુ સર્વ સંપત્તિની સહીઆરી માલિકી અને વ્યવસ્થિત રાજ્યપદ્ધતિની મારફત એના સંચાલનથી, સર્વવ્યાપી કેળવણી અને પ્રશિક્ષણના માર્ગે તક અને આવડતની સમાનતાથી, અને તે પણ વ્યવસ્થિત રાજ્ય રૂપી સાધનથી, એ છે આધુનિક સમાજવાદનો પાયાનો વિચાર, એમાં વ્યક્તિના સર્વ પ્રકારના સ્વાતંત્ર્યનો ત્યાગ અથવા કમમાં કમ તેમાં કડક કાપ આવી જાય છે. લોકશાહી સમાજવાદ હજી પણ ઓગણીસમી સદીના રાજકીય સ્વાતંત્ર્યના આદર્શને વળગી રહ્યો છે; એ રાજ્યમાં રાજકર્તાઓને ચૂંટવાના, એમનું મૂલ્યાંકન કરવાના અને એમને બદલવાના સહુના સમાન હક્ક પર ભાર દે છે,

પરંતુ બાકીનું બધું સ્વાતંત્ર્ય તે પોતાના કેન્દ્રભૂત વિચાર પર હોમી દેવા તૈયાર છે.

સમાજવાદી વિચારની પ્રગતિ આથી, પૂર્ણ રીતે વ્યવસ્થિત રાષ્ટ્રીય રાજ્ય તરફ દોરી જતી દેખાય છે કે જે, કેળવણી અને પ્રશિક્ષણ પૂરાં પાડશે અને એમને અંકુશમાં રાખશે, બધી આર્થિક પ્રવૃત્તિઓને ચલાવશે અને એ ઉદ્દેશથી પૂર્ણ કાર્યક્ષમતા, નીતિ, કલ્યાણ અને સામાજિક ન્યાય માટે પણ એના અંગ રૂપ વ્યકિતઓના આંતર અને બાહ્ય જીવન પર સંપૂર્ણ રીતે કે એના મોટાભાગ પર શાસન કરશે. સાચે જ જે વસ્તુઓ પહેલાંના સમાજો સામાજિક દબાણ, કડક રૂઢિ, વિગતવાર ધારાધોરણ અને શાસ્ત્ર દ્વારા સંપન્ન કરવા પ્રયત્ન કરતા હતા તે વસ્તુઓ સમાજવાદ, રાજ્યના વ્યવસ્થિત અંકુશ દ્વારા પ્રાપ્ત કરવા ધારે છે. ક્રાન્તિવાદી આદર્શમાં આ વિકાસ સ્વાભાવિક અને અનિવાર્ય હતો. જેકોબીન્સના ત્રાસવાદી શાસન વખતે ફ્રાન્સ પર ઝઝૂમતાં બાહ્ય જોખમો નીચે પ્રથમ આ વસ્તુ સપાટી પર આવી; ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી આંતરિક આવશ્યકતાના દબાણ નીચે એ વસ્તુ ઉપર આવવા અને સિદ્ધ થવા પ્રયત્ન કરતી રહી છે; ચાલુ યુદ્ધ દરમિયાન આંતર અને બાહ્ય આવશ્યકતાઓના સંયોગથી, જોકે પૂર્ણ રીતે તો નહિ, પરંતુ સંપૂર્ણતાના પ્રાથમિક રેખાચિહ્ન રૂપે એ ઉપર આવી છે. પહેલાં જે માત્ર આદર્શ હતો અને જેની પ્રત્યે તે વખતે થોડાં અપૂર્ણ શરૂઆતનાં પગલાં શકય હતાં, તે હવે અમલમાં મૂકી શકાય એવો કાર્યક્રમ બન્યો છે; જેની સફળતાની ખાત્રી, ઉતાવળા અને અપૂર્ણ—પરંતુ બધા જોઈ શકે એવા વ્યવહારથી શ્રદ્ધા ઉપજાવે એવી થઈ છે. એ સાચું છે કે એને સિદ્ધ કરવામાં રાજકીય સ્વાતંત્ર્ય પણ અમુક વખત માટે છીનવી લેવામાં આવ્યું છે; પરંતુ એમ કહી શકાય કે એ માત્ર ક્ષણિક અકસ્માત છે, અને તાત્કાલિક જરૂરતને પહોંચી વળવા પૂરતું છે. પરંતુ પ્રજા થોડા વખત માટે અને આંશિક રૂપે શાસકોને જે સર્વોપરી અને બિનજવાબદાર અધિકારો સોંપે છે અને એની રૂએ સરકારે જે કામ કર્યું હોય છે તે પછીથી લડાઈનું દબાણ ન હોય ત્યારે મુકત સંયોગોમાં પણ, આત્મશાસિત લોકશાહી રાજ્ય, ચાલુ રાખે એ સંભવ છે.

એ સંયોગોમાં માનવસમૂહનું નજદીકનું ભાવિ એ દેખાય છે જેમાં એવું રાષ્ટ્ર કે જે આત્મશાસિત હોય, રાજકીય રીતે સ્વતંત્ર હોય, પરંતુ સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં પૂર્ણ વ્યવસ્થિત થવા માગતું હોય અને એ ધ્યેય માટે, સંસ્થાપિત લોકશાહીના હાથમાં વ્યકિત-સ્વાતંત્ર્યને પૂરું સોંપી દેવા તૈયાર હોય.[1]

૧. આ મહાન સમારંભથી, બોલ્શેવીક રૂશીઆમાં, નાઝી જર્મનીમાં અને ફાસીસ્ટ ઈટલીમાં કરવામાં આવ્યું અને એની આવશ્યકતા કે પસંદગી એક વખત સર્વત્ર ફેલાઈ જાય એવો ભય હતો.

જેવી રીતે અઢારમી સદીના અંતમાં અને ઓગણીસમી સદીની શરૂઆતમાં ફ્રાન્સ રાજકીય સ્વતંત્રતા અને સમાનતાનું મોટું પ્રચારક અને પ્રાયોગિક કારખાનું હતું તેવી રીતે ઓગણીસમી સદીની આખરે અને વીસમી સદીની શરૂઆતમાં જર્મની વ્યવસ્થિત રાજ્યના વિચારનું મુખ્ય પ્રચારક અને પ્રાયોગિક કારખાનું હતું. ત્યાં સમાજવાદના સિદ્ધાંતોનો ઉદય થયો અને ત્યાં એનો પ્રચાર ખૂબ અસરકારક રીતે થયો કે જેથી રાષ્ટ્રના બહુ મોટા ભાગે એ નવા આદર્શને સાંપ્રદાયિક સિદ્ધાંતની પેઠે સ્વીકારી લીધો; અને ત્યાં જ મોટા સમાજવાદી કાર્યક્રમો અને રાષ્ટ્રના સર્વસામાન્ય કલ્યાણ અને કાર્યક્ષમતા માટે જરૂરી એવા રાજ્યના વ્યકિત પરના અધિકારો, સંપૂર્ણ રીતે વિચારાયા અને અમલમાં મુકાયા. એ વાતનું કોઈ મહત્ત્વ નથી કે આ બધું સમાજવાદની વિરોધી, લશ્કરવાદમાં માનનારી અને અમીરોની બનેલી સરકારે કર્યું એ ઘટના જ નવા વલણની અપ્રતિહન્ય તાકાતનો પુરાવો છે અને ભૂતપૂર્વ સત્તાધારીઓ પાસેથી સત્તા અનિવાર્યપણે પ્રજાના હાથમાં ગઈ એટલું જ એ વલણના વિજયની પૂર્તિ માટે જરૂરી હતું.

છેલ્લા થોડા દશકાઓથી આપણે જર્મન વિચારોના વિકાસ અને રાજ્યના હસ્તક્ષેપ અને અંકુશની પદ્ધતિઓનું અનુકરણ કરવાનું વધતું જતું વલણ અન્ય દેશોમાં જોયું છે, ઇંગ્લૅન્ડમાં પણ, કે જે વ્યકિતવાદનું ઘર ગણાય છે. યુરોપીઅન લડાઈમાં જર્મનીની હાર એ એના આદર્શની હાર ન હતી જેમ કે ક્રાન્તિકારી અને નેપોલીઓનિક ફ્રાન્સની યુરોપીઅન મિત્રરાજ્યોને હાથે હાર અને રાજાશાહી અને સામંતશાહીનો તાત્કાલિક વિજય ફ્રાન્સના આદર્શોને સમગ્ર યુરોપ પર ફેલાતાં રોકી શકયાં ન હતાં. જર્મન લશ્કરવાદ અને જુન્કરવાદનો નાશ થાય તો પણ સામ્રાજ્ય સરકારનું પતન એમની પાછળ તૈયાર થઈ રહેલા વધુ સર્વાંગી વિકાસને અને વિજયને ઝડપી બનાવશે અને એમને પૂર્ણ રીતે વ્યવસ્થિત સમાજવાદી સરકાર વિષેની અર્વાચીન મહાન વલણના સેવક બનવાની ફરજ પાડશે, જ્યારે યુદ્ધને પરિણામે એની સામે ખડાં થયેલાં રાષ્ટ્રોને એ જ આદર્શો પ્રત્યે વધુ ઝડપે પ્રગતિ કરવાની ફરજ પડતી દેખાય છે.

જો આટલું જ હોય તો, જર્મન પ્રકારના સામ્રાજ્યની હાર થવાથી વસ્તુઓનો કુદરતી વિકાસ, જગતની એવી નવરચના તરફ દોરી જાય કે જેનો પાયો, સ્વતંત્ર પરંતુ વધુમાં વધુ વ્યવસ્થિત અને પોતાની સ્વાયત્તતાને સાચવતાં છતાં આંતરરાષ્ટ્રીય હેતુઓની સિદ્ધિ માટે વત્તેઓછે અંશે એકત્રિત થયેલાં, રાષ્ટ્રીય રાજ્યો હોય. આવો છે એ આદર્શ કે જેણે માનવીના મનને, એક દૂરની શકયતા રૂપે મહાન ક્રાન્તિવાદી આંદોલનમાં ઉભરો આવવા માંડયો ત્યારથી આકર્ષ્યું છે; એ વિચાર છે સ્વતંત્ર રાષ્ટ્રોનું ઐચ્છિક સમવાયતંત્ર, માનવ-

પ્રજાની સંસદ, જગત સમગ્રનું સમવાયતંત્ર. પરંતુ વર્તમાન સંયોગો નજદીકના ભવિષ્યમાં આવા કોઈ આદર્શની પરિપૂર્ણતાની આશાનો નિષેધ કરે છે. કારણ કે રાષ્ટ્રવાદી, લોકમતવાદી અને સમાજવાદી આદર્શો એકલા જ દુનિયામાં કામે લાગ્યા નથી. સામ્રાજ્યવાદ પણ એ જ રીતે આગળ વધી રહ્યો છે. અત્યારની પળે બહુ થોડી યુરોપીઅન પ્રજાઓ એવી છે કે જે પોતાના જ કારોબારમાં સીમિત એવાં રાષ્ટ્રો હોય; પ્રત્યેક પોતા પૂરતું સ્વતંત્ર છે પરંતુ અન્ય પરાધીન કે અર્ધ-સ્વતંત્ર માનવસમૂહો પર પ્રભુત્વ ભોગવે છે. નાના બેલ્જીઅમને એનું કોન્ગો છે, પોર્ટુગલને એની વસાહતો છે, નાના હોલૅન્ડને પૂર્વના દ્વીપ સમૂહમાં એના તાબેદાર પ્રદેશો છે, નાનાં બાલ્કન રાજ્યોએ પણ સામ્રાજ્ય સજીવન કરવાની અને એમની રાષ્ટ્રીયતા નહિ ધરાવતા અન્ય લોકો પર રાજ્ય કરવાની કે એ દ્વીપકલ્પમાં પ્રભુત્વ ભોગવવાની આશાઓ સેવી છે. મેઝીનીના ઈટલીને સામ્રાજિક સાહસો અને મહેચ્છાઓ છે—ટ્રીપોલી, એબીસીનીઆ, આલ્બેનીઆ અને ગ્રીક દ્વીપોમાં. આ સામ્રાજિક વલણ ભવિષ્યમાં કેટલાક વખત સુધી નિર્બળ બનવા કરતાં વધુ બળવાન બનવાની શકયતા છે. રાષ્ટ્રીયતાના કડક સિદ્ધાન્તના પાયા પર યુરોપની પુનર્વ્યવસ્થાનો વિચાર કે જેણે લડાઈની શરૂઆતમાં ઇંગ્લૅન્ડના માનસને પણ આકર્ષ્યું હતું તે હજી પણ વ્યવહારમાં ઊતરી શકયો નથી, અને એ બની શકે તો પણ આખો એશીઆ અને આખો આફ્રિકા પશ્ચિમ અને જાપાનની સામ્રાજિક મહેચ્છાઓના ક્ષેત્ર રૂપે બાકી રહેશે. જે નિ:સ્વાર્થતા અમેરિકાની બહુમતીને ફિલિપાઈન્સની મુકિતના ધારા સુધી દોરી ગઈ અને જેણે એને મેક્ષીકોની મુશ્કેલીઓનો ગેરલાભ લેતાં રોકી એ વસ્તુ જૂના જગતના માનસને માટે શકય નથી, અને અમેરિકામાં પણ એ નિ:સ્વાર્થતા સામ્રાજિક વિચારના જુઆળ સામે કયાં સુધી ટકી શકે એ શંકાસ્પદ છે. ઉચ્ચતર હેતુઓ અને વધુ સારી રાષ્ટ્રીય નૈતિકતાની માનવજાતિએ કરેલી પ્રાથમિક નબળી શરૂઆતને કારણ ભલેને એની રીતરસમોમાં પરિવર્તન આવ્યું હોય તો પણ રાષ્ટ્રીય અહંભાવ, પ્રભુત્વનું અભિમાન અને ફેલાવાની ઇચ્છા હજીયે માનવ-જાતિના મન પર રાજ્ય કરે છે, અને જયાં સુધી આ સ્વભાવમાં ધરમૂળનો ફેરફાર ન થાય ત્યાં સુધી સ્વતંત્ર રાષ્ટ્રોના સમવાયરૂપે માનવજાતિનું ઐકય એક ઉદ્દાત અવાસ્તવિકતા જ રહેશે.

બેશક, ઐચ્છિક સંબંધ અને ઐકય એ આપણા વિકાસનું ધ્યેય હોવું જોઈએ અને એ ધ્યેય પર પહોંચાય તે પહેલાં તો જગતમાં ચાલુ ફેરફારો અને ક્રાન્તિઓ થવાની. દરેક સ્થાપિત હકૂમત, એ અપૂર્ણ હોય છે તેથી અથવા તો એની એવી ગોઠવણોને વળગી રહેવા કે એમને પરાણે સ્થાયી કરવા માગે છે જે આગળ ઉપર અન્યાયી દેખાવા માંડે છે તેથી, અથવા તો એ નવાં વલણો

અને નવાં બળોના રસ્તામાં અંતરાય રૂપે ઊભી હોય છે તેથી, અને એની ઉપયોગિતા અને અસ્તિત્વનાં કારણો રહેતાં નથી એટલે, એનો અંત અસ્વસ્થતા, વિરોધ કે ઉત્પાતમાં આવવાનો; એણે જાતે બદલાવું જોઈએ કે એને બદલવી જોઈએ, નહિ તો એ એવી ઊથલપાથલ તરફ દોરી જશે કે જે દર વખતે માનવજાતિને પજવતી રહે છે, પરંતુ એવો સમય નથી આવ્યો કે જ્યારે હકૂમતનો સાચો સિદ્ધાંત કૃત્રિમ અને અપૂર્ણ સિદ્ધાંતોને સ્થાનભ્રષ્ટ કરી શકે. જ્યાં સુધી રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેની અસમાનતાઓ દૂર કરવામાં ન આવે અથવા તો આખું જગત અત્યારે છે તેથી કે શકય છે તેથી ઉપરના વધુ ઊંચા નૈતિક અને આધ્યાત્મિક સ્તર પર રચાયેલી એક અને સર્વસામાન્ય સંસ્કૃતિ પર પહોંચી ન જાય ત્યાં સુધી સ્વતંત્ર રાષ્ટ્રોના સમવાયતંત્રની આશા રાખવી વ્યર્થ છે. સામ્રાજ્યિક વિચાર જીવતો હોવાથી અને પ્રભુત્વ ભોગવતો હોવાથી અને હજી રાષ્ટ્રીયતાના સિદ્ધાન્તથી વધુ જોરાવર હોવાથી, મોટાં સામ્રાજ્યોનો વિકાસ થોડા વખત માટે તો મુકત રાષ્ટ્રીયતાઓના વિકાસની વલણને ભાગ્યે જ વણછાવી દીધા વિના રહે. એટલી જ આશા રાખી શકાય કે જૂનું કૃત્રિમ રાજકીય સામ્રાજ્ય વધુ સાચા અને વધુ નૈતિક પાયા પર રચાયેલા સામ્રાજ્યથી પદભ્રષ્ટ થઈ જાય અને ચાલુ સામ્રાજ્યો પોતાની જાતને મજબૂત બનાવવાની આવશ્યકતા અને દીર્ઘ દૃષ્ટિવાળા આત્મલાભથી પ્રેરાઈને સમજવા લાગે કે રાષ્ટ્રીય સ્વાયત્તતાનો સ્વીકાર ડહાપણભર્યો છે અને રાષ્ટ્રીયતાની હજુ એ પ્રાણવાન ભાવના પ્રત્યે જરૂરી આહુતિ છે અને એનો ઉપયોગ એમના સામ્રાજ્યિક બળ અને એકતાને નિર્બળ નહિ પણ મજબૂત બનાવી શકે એમ છે. આ રીતે જોકે સ્વતંત્ર રાષ્ટ્રોનું સમવાયતંત્ર અત્યારે અશકય લાગે છે પરંતુ દુનિયાએ હજી ન જોઈ હોય એવી પરસ્પર નિકટતાવાળા સંમેલનમાં જોડાયેલાં સામ્રાજ્યો અને સ્વતંત્ર રાષ્ટ્રોના સમવાયીતંત્રનો પ્રબંધ એકદમ અશકય નથી લાગતો; અને આ પગલે અને અન્ય પગલાંએ માનવજાતિની કોઈ એક પ્રકારની એકતા વહેલી કે મોડી, એક સાધ્ય વસ્તુ બની શકે એમ છે.[1]

યુદ્ધે આવાં વધુ ગાઢ સંબંધ માટેનાં ઘણાં સૂચનો બહાર આણ્યાં છે. પરંતુ સામાન્ય રીતે એ યુરોપના આંતરરાષ્ટ્રીય સંબંધોને વધુ સુવ્યવસ્થિત કરવાની

---

૧. હીટલરનો ઉદય અને જર્મનીનો દુનિયાના આધિપત્ય માટેનો પ્રચંડ પ્રયાસ એક રીતે એના પરાજય છતાં, મદદ કરી ગયો છે અને એની સામેના પ્રત્યાઘાતોએ જગતના સંયોગોને પૂરેપૂરા બદલી નાખ્યા છે: યુરોપનાં સંયુકત રાજ્યો એ હવે એક વ્યવહારુ શકયતા બની છે અને સિદ્ધિ પ્રત્યે જવાની તૈયારી કરી રહી છે.

સીમામાં હતાં. એમાંનું એક સૂચન એ હતું કે વધુ કડક આંતરરાષ્ટ્રીય ધારા નીચે, યુદ્ધનો સદંતર ત્યાગ કરવામાં આવે, આંતરરાષ્ટ્રીય ન્યાયાલય દ્વારા રાષ્ટ્રોની સંમતિ અને ટેકા સાથે એ ધારાનો અમલ થાય અને એનો ભંગ કરનારને રાષ્ટ્રો ભેગાં થઈ દંડે. આ નિરાકરણની પાછળ તરત જ બીજા અગત્યના અને દૂરગામી વિકાસ ન કરવામાં આવે તો અવાસ્તવિક લાગે છે. કારણ કે ન્યાયાલયે આપેલો ચુકાદો વધુ શક્તિશાળી સત્તાઓના મંડળ મારફતે અમલમાં મુકાવો જોઈએ — જેમ કે વિજયી મિત્રરાષ્ટ્રોના, બાકીના યુરોપ પર પ્રભુત્વ ભોગવતા સમૂહ મારફતે, અથવા તો બધી યુરોપીય સત્તાઓના મંડળ મારફતે કે સંયુક્ત યુરોપીય રાષ્ટ્રો મારફતે અથવા તો બીજા કોઈ પ્રકારના યુરોપીય સમવાય દ્વારા. કેવળ મોટી સત્તાઓનું પ્રબળ મિત્રમંડળ એ તો સૈદ્ધાન્તિક રૂપે, મેટરનિકની યોજનાનું પુનરાવર્તન થાય; અને થોડા સમય પછી તૂટી પડે; જ્યારે યુરોપીય કરાર જેમ અનુભવે બતાવ્યું છે તેમ, હરીફ સમૂહોનો કામચલાઉ સમજૂતી ચાલુ રાખવા માટે અસ્વસ્થ પ્રયાસ બને કે જે નવી અથડામણો કે ગડમથલોને વિલંબમાં નાખી શકશે પરંતુ અટકાવી શકશે નહિ. આવા અપૂર્ણ પ્રબંધોમાં કાનૂનનું પાલન માત્ર જ્યાં સુધી આવશ્યક હશે ત્યાં સુધી જ અને બીજાઓને અસ્વીકૃત એવા ફેરફારો અને સુધારા ઈચ્છતી સત્તાઓ વિરોધ કરવાનો સમય પાકયો નથી એમ માને ત્યાં સુધી જ કરવામાં આવશે. રાષ્ટ્રની અંદરનો કાનૂન સલામત છે કારણ કે ત્યાં સ્વીકારાયેલી એક સત્તા છે કે જેને એ કાનૂન નક્કી કરવાનો અને એમાં જરૂરી ફેરફાર કરવાનો પણ હક્ક આપવામાં આવ્યો હોય છે અને જેની પાસે જે કોઈ એના કાનૂનને તોડે તેને દંડવાનું પૂરતું બળ હોય છે. આંતરરાષ્ટ્રીય કે આંતરયુરોપીય કાનૂન માટે પણ એવાં જ સાધનો અને એવી જ સગવડો જોઈશે — જો એણે તાબે ન થવાની શક્તિ ધરાવનાર કોઈ સત્તા ધારે ત્યારે એને અવગણી કે પડકારી શકે એવી કેવળ નૈતિક અસરથી કંઈ વધારે કામ બજાવવાનું હશે તો. આ કારણથી કોઈ એક પ્રકારનું યુરોપીઅન સમવાયતંત્ર, એ ગમે તેવું શિથિલ હોય તો પણ, જો નવરચના માટેનાં આ સૂચનોની પાછળ રહેલા વિચારને વ્યવહારમાં અસરકારક રીતે મૂકવો હોય તો આવશ્યક છે, અને એક વખત શરૂઆત કરવામાં આવે એટલે આવા સમવાયતંત્રને જરૂર દૃઢ કરવું પડશે અને એને યુરોપનાં સંયુક્ત રાજ્યોના રૂપ તરફ વધુ ને વધુ ખેંચી જવું પડશે.

આવું યુરોપીય ઐક્ય રચી શકાશે કે નહિ, અને જો રચી શકાય તો એ ટકાવી અને પૂર્ણ બનાવી શકાશે કે નહિ — વિસર્જનનાં અનેક તત્ત્વોની સામે, સંઘર્ષનાં અનેક કારણો કે જે લાંબા વખત સુધી, તૂટી જવાની અણી સુધી જોર કરશે તે છતાં — એ બધું તો અનુભવ બતાવી શકે. પરંતુ એ તો સ્પષ્ટ

છે કે માનવી અહંભાવની અત્યારની અવસ્થામાં એ રચી શકાય તો પણ અત્યારે જે રાષ્ટ્રો માનવપ્રગતિનાં અગ્રેસર છે તેમના સમૂહના હાથમાં એ રચના બાકીની દુનિયાના દબાણ અને શોષણ માટેનું સાધન બની રહેશે. અનિવાર્ય રીતે એવા સમવાયનો એશીઆની એકતાના અને અમેરિકાની એકતાના વિચારો વિરોધ કરશે. અને જોકે આવાં ખંડવ્યાપી સમૂહો અત્યારનાં નાનાં રાષ્ટ્રીય એકમોને પદચ્યુત કરતાં હોઈ આખી માનવજાતિની એકતામાં પ્રગતિરૂપ ગણાય, છતાં એમની સ્થાપના અંજામે એવા પ્રકારના અને એવા મોટા ઉત્પાતો લઈ આવે કે જેની સરખામણીમાં અત્યારે ચાલતી લઢાઈ વામણી લાગે અને એમાં માનવજાતિની મહેચ્છાઓ પૂર્ણતાની નિકટ જવાને બદલે મરણતોલ થઈ ભાંગી પડે. પરંતુ યુરોપનાં સંયુક્ત રાષ્ટ્રોના વિચાર સામે મુખ્ય વાંધો તો એ છે કે માનવજાતિની સર્વ-સામાન્ય ભાવના કયારનીયે એના ખંડ-ખંડના ભેદભાવોથી આગળ જવા પ્રયાસ કરી રહી છે અને એ ભેદોને વધુ વિશાળ માનવતાના વિચાર નીચે આધીન બનાવવા માગે છે. જગતનું ખંડોમાં રાજકીય વિભાજન આ દૃષ્ટિએ બહુ ગંભીર પ્રકારનું પ્રત્યાઘાતી પગલું થઈ પડે અને સાથે માનવપ્રગતિ માટે બહુ ગંભીર પરિણામો લઈ આવે.

યુરોપ, ખરેખર, આ નિયમાતીત પરિસ્થિતિમાં છે કે એ સમગ્ર યુરોપની એકતાના વિચાર માટે પરિપકવ છે અને સાથે સાથે એ વિચારને ઓળંગી જવાની આવશ્યકતા નીચે પણ છે. આ બે વલણોના વિરોધનો દાખલો થોડા વખત પહેલાં કૌતુક જગાડે એવી રીતે, અત્યારે ચાલતો સંગ્રામ કેવા પ્રકારનો છે એ બાબતમાં ચાલતા સંવાદમાં બન્યો હતો. એમ કહેવામાં આવ્યું હતું કે આ લડાઈમાં જર્મનીએ પાપ કર્યું કે એણે એના રાષ્ટ્રત્વ વિષે હદથી વધારે અહંભાવી ખ્યાલ રાખ્યો અને યુરોપ વિષેના વધુ મોટા વિચારની ઉપેક્ષા કરી કે જેના અંકુશ નીચે રાષ્ટ્રીય અહંભાવને હવે અધીન કરી દેવો જોઈએ. યુરોપનું સમગ્ર જીવન હવે એની સંપૂર્ણ એકતા રૂપ બનવું જોઈએ, એનું કલ્યાણ એ શ્રેષ્ઠ વિચારણીય વસ્તુ ગણાવી જોઈએ અને રાષ્ટ્રના અહંભાવે આ વધુ મોટા અહંભાવના અંગરૂપે રહેવા કબૂલ થવું જોઈએ. પરિણામે આટલા બધા દશકાઓ બાદ નીટ્ચેના વિચારનો સ્વીકાર થયો કે જેણે કહ્યા કર્યું હતું કે રાષ્ટ્રીયતા અને યુદ્ધ એ આ જમાનામાં અસ્થાને છે અને બધા બુદ્ધિમાન માણસોનો આદર્શ હોવો જોઈએ નહિ કે સારા દેશભક્ત થવાનો પરંતુ સારા યુરોપીઅન થવાનો. પરંતુ, તરત જ સવાલ ઊભો થયો કે તો પછી જગતના રાજકારણમાં અમેરિકાના વધતા જતા મહત્ત્વનું શું? જાપાન અને ચીનનું શું? એશીઆમાંના નવા જીવનસંચારનું શું? લેખકને આ કારણથી એના પહેલા સૂત્રથી પાછા ખસવું પડયું હતું અને ખુલાસો કરવો પડયો હતો કે યુરોપ શબ્દથી એની મતલબ

હતી યુરોપ નહિ પણ એ બધા દેશો કે જેમણે પોતાની રાજ્યપદ્ધતિ અને સમાજવ્યવસ્થાના પાયા રૂપે યુરોપીઅન સંસ્કૃતિના સિદ્ધાંતોનો સ્વીકાર કર્યો હોત તે આ વધુ તાત્ત્વિક સૂત્રમાં એક નજરે ચઢે એવો અને કંઈ નહિ તો ઉપરછલ્લો ફાયદો એ છે કે એ અમેરિકા અને જાપાનને અંદર લે છે અને આમ બધાં સાચે જ સ્વતંત્ર અને પ્રબળ રાષ્ટ્રોને સૂચિત સંગઠનના ચક્રમાં સ્વીકારે છે અને બીજાં રાષ્ટ્રોને એ જ્યારે તેઓ જાપાનની માફક જોરથી કે અન્ય રીતે પુરવાર કરી શકે, કે, તેઓ પણ યુરોપીઅનોને ધોરણે પહોંચ્યા છે, ત્યારે એ ચક્રમાં પ્રવેશની આશા આપે છે.

ખરેખર, જોકે હજી યુરોપ એના પોતાના ખ્યાલ પ્રમાણે બાકીની દુનિયાથી દૃઢ રીતે જુદું છે, — જે યુરોપમાં તુર્કસ્તાનના ચાલુ અસ્તિત્વ પ્રત્યે ઘણી વાર દેખાઈ આવેલી ચીડથી અને યુરોપીઅનો પર એશીઆટિકના રાજ્યનો અંત લાવવાની ઈચ્છાથી દેખાઈ આવ્યું હતું, પરંતુ વસ્તુતાએ એ અમેરિકા અને એશીઆ સાથે છૂટી ન શકે એવી રીતે ગૂંચવાઈ ગયું છે. યુરોપનાં કેટલાંક રાષ્ટ્રોની અમેરિકામાં વસાહતો છે, બધાંને એશીઆમાં તાબેદાર પ્રદેશો છે કે એ માટે મહેચ્છાઓ છે અને ત્યાં યુરોપે નાખેલી છાયામાંથી માત્ર જાપાન એકલું બહાર છે, અથવા તો ઉત્તર આફ્રિકામાં કે જે સાંસ્કૃતિક રીતે એશીઆ સાથે એક છે. એટલે યુરોપનાં સંયુકત રાજ્યોનો અર્થ, સ્વતંત્ર યુરોપીઅન રાષ્ટ્રોનું, અર્ધા પરવશ એશીઆ પર આધિપત્ય ભોગવતું અને અમેરિકાના કેટલાક ભાગોનું માલિક એવું સમવાયતંત્ર અને ત્યાં અસ્વસ્થ નિકટતામાં ઊભેલાં હજી મુકત અને બેચેન ભયત્રસ્ત અને આ રાક્ષસી ઝઝૂમતથી છવાયેલાં રાષ્ટ્રો એવો થશે. અમેરિકામાં આનાં અપરિહાર્ય પરિણામ રૂપે લૅટીન મધ્ય અને દક્ષિણ અમેરિકા અને ઇંગ્લિશ બોલતું ઉત્તર અમેરિકા ભેગાં થશે અને મનરો સિદ્ધાન્ત વધુ મજબૂત બનશે, જેનાં ફળ સહેલાઈથી જાણી શકાય એમ નથી, જ્યારે એશીઆમાં પરિસ્થિતિ બેમાંથી એક નતીજે પહોંચશે; બાકીનાં સ્વતંત્ર એશીઆટિક રાજ્યો અદૃશ્ય થઈ જાય કે વિશાળ એશીઆઈ પુનરુત્થાન થાય અને એશીઆમાંથી યુરોપની પીછેહઠ થાય. આવાં આંદોલનોથી માનવવિકાસની જૂની રેખાઓ લંબાશે અને આધુનિક સંસ્કૃતિ અને વિજ્ઞાને સર્જેલી वसुधैव कुटुंबकम्‌ની શકયતાને એ શૂન્યવત્ કરી નાખશે. પરંતુ જો પશ્ચિમનો રાષ્ટ્રવાદ યુરોપવાદમાં એટલે કે સર્વસામાન્ય માનવતાની ભાવનાને બદલે એક ખંડની ભાવનામાં ભળી જશે તો એ વસ્તુ અનિવાર્ય બનશે.

તો પછી જો કોઈ નવો રાષ્ટ્રાતીત પ્રબંધ વહેલો કે મોડો, વર્તમાન યુદ્ધના પરિણામે વિકાસ પામવાનો હોય તો એ એક એવું સંગઠન હોવું જોઈએ કે જે એશિયા, આફ્રિકા અને અમેરિકા તેમજ યુરોપને પોતાનામાં સમાવી લે

અને સ્વરૂપમાં એ એક એવી આંતરરાષ્ટ્રીય સંસ્થા બને કે જે સ્વીડન, નોર્વે ડેન્માર્ક, યુનાઈટેડ સ્ટેટ્સ, લૅટીન પ્રજાસત્તાકો જેવાં સ્વતંત્ર રાષ્ટ્રોની તથા યુરોપની ઘણીખરી પ્રજાઓ છે તેવાં સામ્રાજિક અને વસાહતો ધરાવતાં સંખ્યાબંધ રાષ્ટ્રોનો બનેલી હોય. એ છેલ્લાં રાષ્ટ્રો કાં તો અત્યારે છે એમ આંતરિક રીતે સ્વતંત્ર રહે પરંતુ પરાધીન પ્રજાઓ પર પ્રભુત્વ ધરાવતાં રહે કે જે પ્રજાઓ સમય જતાં એમની ઉપર લદાયેલી ધૂંસરી પ્રત્યે વધુ ને વધુ અસહિષ્ણુ બને અથવા તો હજી જે પૂર્ણ રીતે થવું બહુ દૂર છે તેવા નૈતિક પરિવર્તનથી અંશતઃ એ રાષ્ટ્રો ઐચ્છિક સમવાયી સામ્રાજ્યોનાં કેન્દ્રો બને અને અંશતઃ પછાત અને અણવિકસિત જાતિઓને, તેઓ સ્વશાસન માટેની શકિત પ્રાપ્ત કરે ત્યાં સુધી એક ન્યાસ તરીકે સાચવી રાખે,—જેમ અમેરિકાના સંયુકત રાજ્યોએ ફિલીપિન્સને કબજે રાખવાનો દાવો કર્યો છે તેમ પહેલા પ્રકારના પ્રબંધમાં એકતા, વહીવટ અને સામાન્ય સ્થાપિત કાનૂન એક મોટા અન્યાય-તંત્રને સ્થાયી બનાવશે અને અમુક અંશે એની ઉપર આધાર રાખશે અને પ્રકૃતિના વિદ્રોહો અને ક્રાન્તિઓના ઝપાટા વહોરી લેશે કે જે વડે, પ્રકૃતિ માનવ-ઉત્ક્રાન્તિના અકસ્માત રૂપે એ અન્યાયતંત્રને સહન કરી લીધા પછી પણ માનવઆત્માને આખરે જીતાડે છે. બીજા પ્રકારના પ્રબંધમાં, નવું તંત્ર મુકત માનવસમૂહોના ઐચ્છિક આદર્શથી ગમે તેટલું દૂર હશે તો પણ શાન્તિપૂર્વક અને જાતિના આધ્યાત્મિક અને નૈતિક પ્રગતિના કુદરતી ઉદ્ઘાટનથી એવા સલામત, ન્યાયી અને સ્વસ્થ રાજકીય, સામાજિક અને આર્થિક પાયા તરફ દોરી જાય એવી થોડી વકી રહેશે કે જે માનવજાતિને આ નિમ્ન પ્રકારની વ્યાધીઓમાંથી છોડાવી આખરે એવી ઉચ્ચતર આત્મવિકાસની શરૂઆત તરફ લઈ જશે કે જે એની વધુ ઉદ્દાત્ત નિયતિ છે, અને એમ નહિ તો,–કારણ કે કોને ખબર છે કે પ્રકૃતિનો આ લાંબો માનવજાતિ રૂપ પ્રયોગ પ્રથમથી જ સફળ કે નિષ્ફળ થવા સર્જાયો છે,— કંઈ નહિ તો મનુષ્યનું મન કલ્પી શકે એવી આપણા ભવિષ્યની ઉચ્ચતમ શકયતા સુધી દોરી જશે.

## પ્રકરણ ૧૧

# નાનું ઐચ્છિક એકમ અને બૃહત કેન્દ્રિત એકતા

જો આપણે રાજકીય, વહીવટી અને આર્થિક રીતે માનવએકતાની શકયતાઓનો વિચાર કરીએ તો જોઈ શકીશું કે કોઈ એક પ્રકારની એકતા કે એના તરફનું પગલું શકય છે એટલું જ નહિ પરંતુ માનવજાતિમાં રહેલી એ માટેની ભાવના અને આવશ્યકતાનું ભાન પણ હવે એને ભારપૂર્વક માગી રહ્યાં છે. આ ભાવના મોટે ભાગે તો એકબીજાનાં વધતાં જતાં ઓળખાણ અને જ્ઞાનમાંથી અને અમુક અંશે વધુ વિશાળ અને મુકત બૌદ્ધિક આદર્શો અને માનવજાતિના પ્રાગતિક માનસમાં વધતી જતી લાગણીભરી સહાનુભૂતિઓથી ઉત્પન્ન થઈ છે. આવી આવશ્યકતાનું ભાન કેટલેક અંશે આ આદર્શો અને સહાનુભૂતિઓને સંતોષવા માટેની માગણીને કારણે તો અમુક અંશે આર્થિક અને બીજા ભૌતિક ફેરફારોને કારણે થયું છે, કે જે ફેરફારોએ વિભાજિત રાષ્ટ્રીય જીવન, યુદ્ધ, વ્યાપારી હરીફાઈ અને પરિણામે આધુનિક સંકીર્ણ અને સહેલાઈથી હાલી ઊઠે એવી સમાજવ્યવસ્થામાં પેદા થયેલાં અસલામતી અને ભયગ્રસ્તતા આપ્યાં, જે આર્થિક અને રાજકીય મનુષ્ય પ્રાણી માટે અને આદર્શવાદી વિચારક માટે, વધુ ને વધુ કલેશકારક છે. અમુક અંશે નવા પરિવર્તન માટે, સફળ રાષ્ટ્રોની, બાકીની દુનિયાને આરામથી કબજે રાખી, પોતાની મોટી સ્પર્ધાઓ અને હરીફાઈઓથી ઉત્પન્ન થતાં જોખમો વિના અને વધારે તો અંદર અંદર કોઈ સગવડભરી સમજૂતી અને સમાધાન કરી, એનું શોષણ અને ઉપભોગ કરવાની મહેચ્છા જવાબદાર છે. પરંતુ, એકતા પ્રત્યેના આ વલણનું ખરું બળ એનાં બૌદ્ધિક અને ભાવનાપ્રધાન અંગોમાં છે. એનાં આર્થિક કારણો અમુક અંશે સ્થાયી અને તેથી બળવાન અને સલામત સિદ્ધિનાં તત્ત્વો છે અને અમુક અંશે કૃત્રિમ અને ક્ષણિક અને તેથી અસ્થિરતા અને નિર્બળતાનાં તત્ત્વો છે. આ સંમિશ્રણમાં રાજકીય લાલચો હલકાં તત્ત્વો છે; એમની હાજરી સમગ્ર પરિણામને વિકૃત પણ બાનાવી દે એવી અને અંતે

એના જરૂરી બનેલા વિસર્જન પ્રત્યે અને સિદ્ધ થયેલી એકતામાંથી પીછેહઠ પ્રત્યે લઈ જાય એવી છે.

આમ છતાં, કોઈ પ્રકારનું પરિણામ તો નજીક કે દૂરના ભવિષ્યમાં શકય છે અને જો તે બને તો કયા રૂપે બને એમ છે એ આપણે જોઈ શકીએ છીએ–પ્રથમ તો સર્વસામાન્ય અને તાત્કાલિક આવશ્યકતાઓ માટે એક પ્રકારની સમજૂતી અને પ્રાથમિક ઐકય વડે, જેવી કે, વ્યાપારી સમજૂતીઓ, શાન્તિ અને વિગ્રહ માટેની સમજૂતીઓ, પરસ્પરના મતભેદોની પતાવટની પદ્ધતિઓ અને જગતની સિપાઈગીરી અંગેની વ્યવસ્થા. આ શરૂઆતની કાચી વ્યવસ્થાઓ એક વખત સ્વીકારાય, એટલે એ કુદરતી રીતે, એકતાના કેન્દ્રીય વિચારના બળે અને આવશ્યકતાના દબાણથી વધુ ગાઢ એકતા પ્રત્યે આગળ વધશે અને કદાચ લાંબે ગાળે એ એક સર્વસામાન્ય સર્વોપરી સરકારનું રૂપ લે અને ત્યાં સુધી ટકે જ્યાં સુધી એની પદ્ધતિની ઊણપો સ્પષ્ટ રીતે દેખી ન શકાય અને એના કાયમી અસ્તિત્વને અસંગત એવા નવા આદર્શો અને નવાં વલણો નવા ધરમૂળના પરિવર્તન પ્રત્યે લઈ ન જાય કે એનાં કુદરતી મૂળ તત્ત્વો અને ઘટકો રૂપે એ છુટ્ટી પડી ન જાય. આપણે એ પણ જોયું કે આવી એકતા અત્યારના જગતના પાયા પર કંઈક અનિવાર્ય ફેરફારો સાથે બનવી શકય છે એવા આંતર રાષ્ટ્રીય ફેરફારો કે જે વધુ તો પરસ્પર સગવડની ગોઠવણીઓ જેવા હશે નહિ કે નવા સિદ્ધાંતો કે રાષ્ટ્રોની અંદર વધુ ક્ષેત્રને આવરી લેતાં મહત્ત્વનાં સામાજિક પરિવર્તનો જેવા. એમ કહી શકાય કે આ એકતા અત્યારનાં સ્વતંત્ર રાષ્ટ્રો અને વસાહતી સામ્રાજ્યોની વચ્ચે થશે પરંતુ એમાં સમાજની આંતરિક વ્યવસ્થા અને શાસન પ્રણાલી, ત્વરાથી, રાષ્ટ્રીય સમાજવાદ અને સમાનતા પ્રત્યે પ્રગતિ કરતી હશે જેમાં સ્ત્રી અને મજૂર મુખ્યત્વે લાભ પામશે. કારણ કે આ ઘડીની બધાં જ તત્ત્વો પર અસર કરતાં આ પ્રભાવક વલણો છે. સાચી વાત છે કે કોઈ ખાત્રીથી કહી નહિ શકે કે આ ઘડી સમગ્ર ભવિષ્ય પર વિજયી નીવડશે. આપણે નથી જાણતા કે માનવ-જીવનના કયા અણધાર્યા ચમત્કારો, જૂના રાષ્ટ્રવાદનાં કયાં લડાયક ઉત્પાતો, સંઘર્ષો, પરાજયો, નવી સામાજિક વલણોની પ્રક્રિયાનાં અણકલ્પ્યાં કેવાં પરિણામો, અતિભારે અને યાંત્રિક રાજ્ય—એકવાદ સામે માનવઆત્માનો કેવો સામનો, વ્યકિત સ્વાતંત્ર્ય અને મુકત આત્મ-સાફલ્યની અક્ષોધ્ય માનવતૃષાને આગળ ધરવા સર્જાયેલો તાત્ત્વિક અરાજકતાવાદના ઉપદેશનો કયો વિકાસ અને બળ, કઈ પહેલાં નહિ જોયેલી ધાર્મિક અને આધ્યાત્મિક ક્રાન્તિઓ માનવજાતિની આ ચાલુ ચળવળ દરમિયાન જ વચમાં આવી પડે અને એને જુદી જ નિર્ગતિ પ્રત્યે લઈ જાય. માનવ મન હજી એ પ્રકાશિત ચૈતન્યમાં નથી પહોંચ્યું

કે નથી પહોંચ્યું એ અચૂક વિજ્ઞાનમાં કે જેની સહાયથી એ આવતી કાલ બાબત ખાત્રીથી પહેલેથી બોલી શકે.

તે છતાં, આપણે ધારીએ કે આવી કોઈ અણધારી વસ્તુ વચમાં નહિ આવે, તો માનવજાતિની કોઈ એક પ્રકારની રાજકીય એકતા સિદ્ધ થાય. તો પણ પ્રશ્ન રહે છે કે શું એ ઇચ્છવા યોગ્ય છે કે એ એવી રીતે અને હમણાં સિદ્ધ થાય, અને જો એમ થાય તો કયા સંયોગોમાં, કઈ જરૂરી શરતો સાથે કે જેના વિના આવેલું પરિણામ પહેલાંની માનવજાતિની આંશિક એકતાઓમાં થયું હતું તેમ ક્ષણિક થઈ જાય. અને તો પ્રથમ આપણે એ યાદ કરીએ કે ભૂતકાળમાં માનવજાતિએ સ્થાપેલાં ઐકયો માટે કેવી કિમ્મત આપવી પડી હતી. હમણાંના ભૂતકાળે આપણે માટે રાષ્ટ્ર સર્જ્યું છે, જાતિએ કે સંસ્કૃતિએ એક અથવા તો ભૌગોલિક આવશ્યકતા અને પરસ્પર આકર્ષણથી એક થયેલાં રાષ્ટ્રોનું કુદરતી સજાતીય સામ્રાજ્ય સર્જ્યું છે અને લશ્કરી જીતથી ભેગું કરેલું, બળથી કાયદાની ધૂંસરીથી, વ્યાપારી અને લશ્કરી ઉપનિવેષોથી ટકાવેલું, પરંતુ હજુ સાચાં ચૈતસિક ઐકયોથી રેણાએલું નહિ એવું કૃત્રિમ વિજાતીય સામ્રાજ્ય સર્જ્યું છે. સમૂહીકરણના આ પ્રત્યેક સિદ્ધાન્તે કોઈ સાચો લાભ કરી આપ્યો છે કે વિશાળ માનવજાતિની પ્રગતિની કોઈ શકયતા કરી આપી છે. પરંતુ એ દરેકે એની સાથે એના તાત્કાલિક કે સહજ ગેરલાભ પણ આણ્યા છે અને પૂર્ણ માનવતાના આદર્શ પર કોઈ ઘા પણ કર્યો છે.

નવી એકતાનું સર્જન જ્યારે બાહ્ય અને યાંત્રિક પ્રક્રિયા દ્વારા થાય છે ત્યારે સામાન્ય રીતે અને લગભગ વ્યવહારુ જરૂરને કારણે એ નવી એકતા પોતાના આંતરિક જીવનનો ફરી છૂટથી નવો અને મુકત વિસ્તાર કરવા માંડે તે પહેલાં એણે સંકોચનની પ્રક્રિયામાં થઈને પસાર થવું પડે છે; કારણ કે એની પહેલી જરૂર અને સ્વયંભૂ વૃત્તિ હોય છે પોતાના અસ્તિત્વને રચવાની અને રક્ષવાની. એનો પ્રબળ આવેગ હોય છે એકતાને અમલી બનાવવાનો અને એ સર્વોપરી આવશ્યકતાની વેદી ઉપર એણે હોમી દેવાં પડે છે વિવિધતા, સંવાદી સંકુલતા, અનેક દ્રવ્યોની સમૃદ્ધિ, આંતરિક સંબંધોની સ્વતંત્રતા કે જેના વિના જીવન અશકય બની જાય છે. બળવાન અને દૃઢ ઐકયના અમલ માટે એણે સર્વોપરી કેન્દ્ર રચવું પડે છે, એકત્રિત રાજ્યશકિત, રાજા કે લડાયક અમીરવર્ગ કે જ્ઞાની વર્ગ કે અન્ય અમલદારી તંત્ર કે જેને વ્યકિતનું સ્વાતંત્ર્ય, સંઘ, નગર, પ્રદેશ અથવા તો બીજા નાના સમૂહોનું જીવન અધીન કરવું પડે છે અને હોમી દેવું પડે છે. સાથે સાથે હોય છે એક યંત્રવત્ જડ સમાજતંત્રની રચનાનું વલણ, કયારેક વર્ગો કે કોટિઓની રચનાનું, જેમાં નીચલી કોટિનાને ઉપલી કોટિવાળાથી નીચેના સ્થાન અને કર્તવ્ય પર મૂકવામાં આવે છે અને

ઉપલી કોટિવાળા કરતાં વધુ સંકુચિત જીવનમાં બાંધી રાખવામાં આવે છે – જેમ કે રાજા, પાદરી કે ઉપદેશક, ઉમરાવ, શ્રીમંતવર્ગ, મધ્યમવર્ગ, કિસાન, સેવક વર્ગ એવી કોટિઓ જેમણે યુરોપમાં નગર અને સંઘ કે ટોળીનાં સમૃદ્ધ અને મુકત અસ્તિત્વને પદચ્યુત કર્યાં અથવા તો કડક જ્ઞાતિ પદ્ધતિ કે જેણે હિન્દમાં બળવાન આર્યકુલોના મુકત અને કુદરતી અસ્તિત્વને પદભ્રષ્ટ કર્યું. વધુમાં, આપણે જેમ પહેલાં જોયું છે તેમ પૂર્ણ પ્રાણવાન સહીઆરા જીવનમાં બધા અથવા તો મોટા ભાગના માણસો સક્રિય અને પ્રેરક ભાગ લે એ લાભ જે પહેલાંની નાની પણ મુકત કોમોના જીવનમાં હતો એ વધુ મોટા સામૂહિક જીવનમાં વધુ મુશ્કેલ બને છે, અને શરૂઆતમાં તો અશકય હોય છે. એને બદલે હોય છે જીવનની શકિતનું પ્રબળ કેન્દ્રમાં અથવા તો વધુ હોય તો એક પ્રશાસક અને સંચાલક વર્ગ કે વર્ગોમાં કેન્દ્રિકરણ. જ્યારે કોમના મોટા ભાગના માણસોને સરખામણીમાં એક સુષુપ્તિ જેવી અવસ્થામાં છોડી દેવામાં આવે છે અને એ વર્ગ એ જીવનશકિતનો થોડામાં થોડો અને અપરોક્ષ હિસ્સો ભોગવે છે જેટલો ઉપરથી ગળાઈને નીચે ઊતરવા દેવામાં આવે છે અને જે નીચેના પ્રમાણમાં જડ, દરિદ્ર અને સંકુચિત જીવન પર માત્ર આડકતરી અસર પહોંચાડે છે. આપણે જોઈએ છીએ તેમ આધુનિક જગતના સર્જન પહેલાંના અને સર્જન સુધી પહોંચેલા માનવજાતિના વિકાસના ઐતિહાસિક કાળમાં આટલું તો બન્યું છે. ભવિષ્યમાં પણ એકત્રિત કરતી અને રચનાત્મક સખ્તાઈની, નવાં રાજકીય અને સામાજિક તંત્રોની દૃઢ રચના અને સંરક્ષણ માટે જરૂર પડશે કે જે એને સ્થાને આવી રહ્યાં છે કે આવશે.

નાની માનવ કોમો કે જેમાં બધાં સક્રિય રીતે ભાગ લઈ શકે છે અને જેમાં વિચારો અને ચળવળો જલદી અને નજરોનજર જીવતી હોય એમ બધાં અનુભવે છે અને જેની રચના માટે મોટા અને મુશ્કેલ તંત્રની જરૂર પડતી નથી, તે, આત્મરક્ષણ રૂપ જીવનની મૂળભૂત આવશ્યકતાની ફિકરમાંથી છૂટી થાય છે કે તરત કુદરતી રીતે સ્વાતંત્ર્ય તરફ વળે છે. આપખુદ રાજાશાહી કે અત્યાચારી અમલદારશાહી, કદી ભૂલો નહિ કરવાનો દાવો કરતો ધર્માધ્યક્ષ કે બ્રહ્મ વર્ગ, આવાં નાનાં તંત્રોના વાતાવરણમાં જીવી શકતાં નથી; એમને લોક-સંપર્કથી દૂર રહેવાની અને સામાન્ય માણસોની રોજિંદી ટીકાખોરીથી બચવાની આવશ્યકતા કે જેની ઉપર એમની પ્રતિષ્ઠા નભે છે તે એમને આ નાનાં તંત્રોમાં મળતી નથી — એ એમને અન્યત્ર મોટા સમૂહો અને મોટા વિસ્તારો જે એ સ્થાપે છે અને ચલાવે છે ત્યાં મળી રહે છે. એકરૂપતાની જરૂરત માટે એમણે ત્યાં ચર્ચા કરવી પડતી નથી. એટલે આપણે જોઈએ છીએ કે રાજાશાહી અમલ રોમમાં ચાલી શકયો નહિ અને ગ્રીસમાં એ અકુદરતી, અનધિકારી, ક્ષણિક

અપહાર રૂપ ગણાઈ ગયો, જ્યારે, જૂથતંત્ર કે જે વધુ પ્રાણવાન હોય છે તે સ્પાર્ટા જેવા કેવળ સૈનિક સમાજ સિવાય બીજે ક્યાંય સર્વોપરિતા સ્થાપી શક્યું નહિ કે સ્થિર થઈ શક્યું નહિ. લોકશાહી સ્વતંત્રતાનું વલણ કે જેની નીચે દરેક માણસને રાજ્યનાં સામાજિક જીવનમાં અને સાંસ્કૃતિક સંસ્થાઓમાં કુદરતી ભાગ હતો, કાનૂન અને નીતિના નિર્ણયો કરવામાં સમાન અવાજ હતો, અને એક નાગરિક તરીકે અને એની કેળવણી પ્રમાણે બની શકે એટલો એની અમલી કારવાહીમાં પણ ભાગ લેવાનો અધિકાર હતો — એ વલણ નગરરાજ્યની ભાવનામાં અને એના તંત્રમાં સ્વભાવગત હતું. રોમમાં આ વલણ એવી જ રીતે હાજર હતું પરંતુ એ એટલી ત્વરાથી કે એટલી પૂર્ણતાથી સફળ ન થઈ શક્યું જેટલું સફળ એ ગ્રીસમાં થયું; કારણ કે રોમમાં સૈનિક અને વિજયવંત રાજ્યની જરૂરિયાતો પૂરી થાય એ માટે અને એની પરદેશનીતિ અને યુદ્ધ-સંચાલન માટે, એક સર્વાધીશ સમ્રાટ કે સત્તારૂઢ જૂથ આવશ્યક હતું. તે છતાં લોકશાહી વલણ હમેશાં એવું હયાત હતું અને એટલું મજબૂત હતું કે એ પ્રાગૈતિહાસિક કાળથી કામ કરતું હતું અને રોમના આત્મસંરક્ષણ અને સંવર્ધનના વિગ્રહો દરમિયાન પણ વધતું જતું હતું અને એ માત્ર કાર્થેજ સામેના મધ્ય સમુદ્રના સ્વામીત્વ માટેના પરમ મહત્ત્વના સંગ્રામ દરમિયાન અટક્યું હતું. ભારતમાં શરૂઆતની કોમો સ્વતંત્ર સમાજો રૂપ હતી. જેમાં રાજા રહેતો એક સૈન્યનો નાયક કે મુખ્ય નાગરિક; આપણને બુદ્ધના સમયમાં લોકશાહી તત્ત્વો આગ્રહી રૂપે મળી આવે છે અને ચંદ્રગુપ્ત અને મેગાસ્થીનીસના દિવસોમાં જ્યારે અમલદારશાહીથી ચાલતાં રાજ્યો અને સામ્રાજ્યો આગળની મુકત રાજ્ય વ્યવસ્થાઓને પદચ્યુત કરતાં હતાં ત્યારે પણ નાનાં રાજ્યોમાં એ જીવન્તરૂપે હતું. માત્ર જેટલાં પ્રમાણમાં આખા દ્વિપકલ્પને અથવા તો ઓછામાં ઓછા ઉત્તર ભાગને ભારતીય જીવનની મોટી વ્યવસ્થાની જરૂર પડતી ગઈ, તેટલા પ્રમાણમાં અને એ ક્રમે સર્વસત્તાધીશ રાજાશાહી દેશ પર ફેલાવા લાગી તથા વિદ્વાન જ્ઞાતિઓએ એમનું ઈશ્વરવાદી આધિપત્ય સમાજના માનસ પર સ્થાપ્યું અને સામાજિક એકતાની બંધનકારક શૃંખલા તરીકે અને રાષ્ટ્રીય સંસ્કૃતિની કડીઓ તરીકે એનું કડક શાસ્ત્ર રચ્યું.

જેમ રાજકીય અને નાગરિક જીવનમાં તેમ સામાજિક જીવનમાં, નાની કોમોની અંદર અમુક અંશે લોકશાહી સમાનતા અપરિહાર્ય છે; એની સામે કુલ કે કબીલાઓના યુદ્ધકાળ દરમિયાન કડક વર્ગ ભેદો અને ઊંચ-નીચતાની શ્રેણીઓ અસ્તિત્વમાં આવે પરંતુ એ નગરરાજ્યની સ્થાયી નિકટ પરિચયની અવસ્થામાં લાંબી ચાલે નહિ — સિવાય કે સ્પાર્ટા અને વેનિસમાં વપરાયાં એવાં કૃત્રિમ સાધનો દ્વારા. વર્ગભેદ રહે ત્યારે પણ એની ધારોની તીક્ષ્ણતા બુઠ્ઠી

થઈ ગઈ હોય છે અને એ ઊંડે જઈ શકતો નથી અને એક દૃઢ શ્રેણી રૂપ બની જતો નથી. નાની કોમનો કુદરતી સામાજિક પ્રકાર એવો છે કે જે આપણને આથેન્સમાં જોવા મળે છે, જ્યાં ચર્મકાર કલેઓન ઉચ્ચજન્મ અને ધનવાન નીશીઅશ જેટલો જ પ્રભાવ પાડી શકતો અને જ્યાં ઊંચામાં ઊંચી પદવીઓ અને નાગરિક અધિકારો બધા જ વર્ગના માણસો માટે ખુલ્લા હતા, એટલું જ નહિ પરંતુ સામાજિક કર્તવ્યો અને સંબંધોમાં પણ મુક્ત સમાગમ અને સમાનતા હતાં. એવી જ લોકશાહી સમાનતા, જોકે જુદા પ્રકારની, ભારતીય સભ્યતાના જૂના અહેવાલોમાં આપણે જોઈએ છીએ. જ્ઞાતિઓની કડક શ્રેણી અને જ્ઞાતિભાવની તુંડમિજાજી એ પાછળનો વિકાસ છે; વધુ સાદા પુરાણા જીવનમાં, ભિન્નતા અથવા તો કર્તવ્યની ઉચ્ચતરતા પણ એની સાથે વ્યકિતની કે વર્ગની ઉચ્ચતરતા દાખલ કરતી નહિ : શરૂઆતમાં, સૌથી પવિત્ર, ધાર્મિક અને સામાજિક કર્તવ્ય, ઋષિ અને યાજ્ઞિકનું, હરકોઈ વર્ગ કે ધંધાવાળાઓ માટે ખુલ્લું હતું એમ દેખાય છે. ધર્મ-ગુરુપણું, જ્ઞાતિ અને અનિયંત્રિત રાજાશાહી, મધ્યકાલીન યુરોપનાં ધર્મસંસ્થાન અને રાજાશાહીની માફક મોટા સામાજિક અને રાજકીય સમૂહોની વૃદ્ધિએ ઉત્પન્ન કરેલા સંયોગોના દબાણ નીચે પ્રબળ થયાં.

પ્રાચીન ગ્રીક, રોમન અને ભારતીય નગરરાજ્યો અને કુલ રાષ્ટ્રોના સંયોગોની નીચે સંસ્કૃતિમાં આગળ વધતા સમાજો જીવનનાં વિવિધતા અને સંસ્કૃતિ અને સર્જનના પ્રોત્સાહક બળનો વિકાસ કરે એ કુદરતી હતું; એ વસ્તુઓ પાછળના રાષ્ટ્રરૂપ સમૂહોને જતી કરવી પડી અને એ પાછી મેળવી શકાઈ માત્ર સ્વ-સર્જનના લાંબા કાળ પછી કે જેમાં નવા સમાજદેહના વિકાસની મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો અને એમને જીતવી પડી હતી. ગ્રીક નગરનું નાગરિક જીવન અને સંસ્કૃતિની પરમ સિદ્ધિરૂપ આથૅન્સ શહેર હતું; એ જીવન કે જેમાં જીવવું એ પણ એક પ્રશિક્ષણ હતું, જ્યાં ગરીબમાં ગરીબ અને તવંગરમાં તવંગર સાથે બેસી સોફોકલીસ અને યુરીપિડિસનાં નાટકો જોતા અને વિવેચન કરતા અને આથેનીઅન વેપારી સોદાગર અને દુકાનદાર સોક્રેટીસના સૂક્ષ્મ તાત્ત્વિક વાર્તાલાપમાં ભાગ લેતા. તે જીવને યુરોપ માટે પાયાના રાજકીય પ્રકારો અને આદર્શો ઘડયા એટલું જ નહિ પરંતુ એના લગભગ બધા બૌદ્ધિક, તાત્ત્વિક, સાહિત્યિક અને કલાના પ્રકાર સર્જ્યા. કેવળ, એક રોમ નગરના એટલા જ ઓજસ્વી રાજકીય, વૈધાનિક અને લશ્કરી જીવને યુરોપ માટે એના પાયાના રાજકીય પ્રવૃત્તિના પ્રકારો, લશ્કરી શિસ્ત અને વિજ્ઞાન, કાનૂની અને કુદરતી ન્યાયનું શાસ્ત્ર અને એના સામ્રાજ્ય અને વસાહતો અંગેના આદર્શો પણ સર્જ્યા. અને ભારતમાં એ આધ્યાત્મિક જીવનની ઝળહળતી પ્રફુલ્લિતતા હતી જેની આપણે વેદ, ઉપનિષદ અને બુદ્ધ સાહિત્યમાં ઝાંખી કરી શકીએ છીએ, જેણે

ધર્મો, તત્ત્વજ્ઞાનની પ્રણાલીઓ, આધ્યાત્મિક સાધના માર્ગો સર્જ્યાં કે જેમણે ત્યાર પછી સીધી કે આડકતરી અસર દ્વારા એમનાં હાર્દ અને જ્ઞાન એશીઆ અને યુરોપમાં ફેલાવ્યાં. અને સર્વત્ર આ મુકત, સામાન્ય અને બહુ ક્ષેત્રોમાં વ્યાપક અને કાર્યશીલ શકિતનું મૂળ, જે અર્વાચીન જગત હજી હમણાં જ કંઈક અંશે. પુનઃપ્રાપ્ત કરી રહ્યું છે, તે સર્વ ભિન્નતાઓમાં પણ એક જ હતું; સમાજના બહુવિધ જીવનમાં કોઈ એક નાના વર્ગનું નહિ પરંતુ વ્યકિત માત્રનું પૂર્ણ સહભાજન હતું, પ્રત્યેકને સર્વની તાકાત પોતાની તાકાત છે એનો અને એ વિશ્વશકિતના અખૂટ પ્રવાહમાં, વિકાસ માટે, સ્વત્વ માટે, પ્રાપ્તિ, વિચાર અને સર્જન માટે અમુક સ્વતંત્રતા છે તેનો ખ્યાલ હતો. એ આ સ્થિતિ, વ્યકિત અને સમૂહનો આ સંબંધ છે કે જેને પુનઃ સ્થાપિત કરવા માટે અર્વાચીન જીવને કઢંગી, ભારે અને અપૂર્ણ રીતે, પ્રાચીન માનવજાતિને હસ્તગત હતી તેના કરતાં જીવન અને વિચારની વધુ વિશાળ શકિતઓ સાથે પ્રયાસ કર્યો છે.

એ શકય છે કે, જો જૂનાં નગરરાજ્યો અને કુલ રાષ્ટ્રો પોતાના જીવનને ગુમાવ્યા વગર ટકી શકયાં હોત તો ઘણા પ્રશ્નોનું વધુ સરળતાથી, સ્પષ્ટ દર્શનથી અને પ્રકૃતિ પ્રત્યે સચ્ચાઈ સાથે નિરાકરણ થઈ શકયું હોત કે જે અત્યારે આપણે વધુ સંકીર્ણ અને ભારે રીતોએ અને મહામોટાં જોખમો અને અતિવિસ્તૃત ઉત્પાતો વચ્ચે શોધવું પડે છે. પરંતુ એ થવાનું ન હતું. એ પુરાણા જીવનમાં મહત્ત્વની ઊણપો હતી જેને એ મિટાવી શકયું નહિ. મધ્ય સમુદ્ર પરનાં રાષ્ટ્રોમાં, કોમના પૂર્ણ નાગરિક અને સાંસ્કૃતિક જીવનમાં, સર્વ વ્યકિતઓના સામાન્ય સહભાજન બાબત બે મોટા મહત્ત્વના અપવાદ કરવા પડશે; કારણ કે એ સહભાજનમાં દાસને નિષેધ હતો અને સ્ત્રીને માટે નક્કી કરેલા સાંકડા જીવનમાં એ સહભાજનમાં લગભગ નહિ જેવું સ્થાન હતું. ભારતમાં દાસપ્રથાનો લગભગ અભાવ હતો અને સ્ત્રીઓ પહેલાં તો ગ્રીસ અને રોમ કરતાં વધુ મુકત અને સંમાનિત સ્થાન ભોગવતી હતી; પરંતુ દાસનું સ્થાન જલદી નિષ્કંચન શ્રમજીવીએ લીધું, જે હિન્દમાં શૂદ્રને નામે ઓળખાતો હતો, અને શૂદ્ર અને સ્ત્રીને સમાજની સામાન્ય સભ્યતાના લાભો-માંથી બાકાત રાખવાના વધતા જતા વલણે ભારતના માનવસમાજને એના પાશ્ચાત્ય બંધુઓની કક્ષામાં મૂકી દીધો. એ શકય છે કે પુરાણા સમાજમાં, જો એ સમાજ લાંબો સમય ટકયો હોત તો, આર્થિક ગુલામી અને સ્ત્રીઓની પરાધીનતા એ બે પ્રશ્નો પર આક્રમણ અને નિરાકરણ થઈ શકયું હોત, જેવી રીતે અર્વાચીન રાજ્યમાં એ પ્રશ્નો પર અભિયોગ થઈ રહ્યો છે અને નિરાકરણ આવી રહ્યું છે. પરંતુ એ શંકાસ્પદ છે; માત્ર રોમમાં આપણે થોડાં પ્રાથમિક વલણો જોઈ શકીએ છીએ કે જે એ દિશામાં ગયાં હોત અને જે કયારેય પણ

ભાવિ શકયતાની ઝાંખી સૂચનાના રૂપથી આગળ વધ્યાં હતાં નહિ.

એથીયે વધુ સરિયામ નિષ્ફળતા આ માનવસમાજના પહેલાંના રૂપમાં કોમ કોમ વચ્ચેના સંબંધોના નિરાકરણમાં હતી. એમનો સામાન્ય સંપર્ક હતો વિગ્રહનો. ઐચ્છિક સમવાય માટેના બધા પ્રયત્નો નિષ્ફળ જતા, અને લશ્કરી વિજય એ ઐકયનો એકમાત્ર ઉપાય રહ્યો હતો. નાના સમૂહની આસકિત, જેમાં માણસ પોતાને વધુમાં વધુ સુખચેનવાળો સમજતો, તેણે એક પ્રકારની માનસિક અને પ્રાણિક દ્વૈપીયતા (insularity) પેદા કરી હતી જે વધુ મોટી આવશ્યકતાઓ અને વલણોથી સંચાલિત તત્ત્વજ્ઞાન અને વિચારધારાએ જીવન-ક્ષેત્રમાં આણેલા નવા અને વધુ વિચારોને સાનુકૂળ થઈ શકી નહિ. એ કારણે એ પુરાણાં રાજ્યોએ વિખરાઈ જઈ અદૃશ્ય થઈ જવું પડયું; હિન્દમાં એ ગુપ્તો અને મૌર્યોનાં અમલદારશાહી વિસ્તૃત સામ્રાજ્યોમાં અદૃશ્ય થયાં જેમાં પાછળથી આવ્યા પઠાણો, મોગલો અને અંગ્રેજો; પશ્ચિમમાં ઍલેક્ઝાન્ડરે, કાર્થેજિયન જૂથરાજ્યે અને રોમન પ્રજાસત્તાક અને સામ્રાજ્યે એમને મોટા લશ્કરી અને વ્યાપારિક વિસ્તાર તરીકે મેળવ્યાં. આ છેલ્લાં, રાષ્ટ્રીય નહિ પરંતુ રાષ્ટ્રાતીક એકતાઓના, માનવજાતિનાં બહુ મોટાં એકીકરણોના, અકાળે થયેલા પ્રયાસો હતા કે જે વચ્ચેનું રાષ્ટ્ર-એકમ જ્યાં સુધી પૂરું અને સ્વસ્થ રીતે વિકાસ પામ્યું ન હતું ત્યાં સુધી કોઈ સ્થિરતાથી સિદ્ધ થઈ શકયું નહિ.

એટલે રાષ્ટ્રરૂપી સમૂહનું સર્જન રોમન સામ્રાજ્યના પતન પછીની સહસ્રાબ્દી માટે અનામત રહ્યું; અને જગત ઉપર છોડવામાં આવેલા આ પ્રશ્નના ઉકેલ માટે, એ યુગમાં, નગરરાજ્યોએ માનવજાતિ માટે મેળવેલી અનેક, લગભગ બધી જ સિદ્ધિઓમાંથી દુનિયાએ પાછા હઠવું પડયું. આ પ્રશ્નનો ઉકેલ થયો ત્યાર પછી જ કેવળ દૃઢતાભરી વ્યવસ્થાવાળા જ નહિ પરંતુ પ્રગતિમાન અને વર્ધમાન પૂર્ણતાવાળા કોમી જીવનના વિકાસ માટે, સામાજિક જીવનના મજબૂત માળખા માટે જ નહિ પરંતુ એ માળખામાં જીવનના મુકત વિકાસ અને પૂર્ણતા માટે, કોઈ સાચો પ્રયાસ થઈ શકયો. વધુ મોટા સંઘ પ્રત્યેના પ્રયાસની ભાંજગડ, એક નવી પીછેહઠ, જેમાં બાહ્ય એકતાના વિકાસ અને સમર્થન પર એકાગ્ર પ્રયત્ન કરવા માટે, કાંઈ નહિ તો થોડા સમય પૂરતો પણ માનવજાતિની આંતરિક એકાગ્રતાનો ભોગ આપવો પડે, તેના જોખમથી મુકત રહે એવી છે કે નહિ એનો વિચાર કરી શકીએ તે પહેલાં આપણે આ યુગચક્રનો ટૂંકો અભ્યાસ કરવો જોઈશે.

# રાષ્ટ્ર-પૂર્વ સામ્રાજ્ય રચનાનું પ્રાચીન યુગચક્ર-રાષ્ટ્રરચનાનું અર્વાચીન યુગચક્ર

આપણે જોયું છે કે સાચા રાષ્ટ્રીય એકમની રચનાનો પ્રશ્ન પ્રાચીન જગતે મધ્યકાલીન જગત પર છોડી દીધો હતો. પ્રાચીન જગતે શરૂઆત કરી ગણરાજ્ય, નગરરાજ્ય, કુલરાજ્ય નાનાં પ્રાદેશિક રાજ્યથી — એ બધાં ગૌણ એકમો એમના જેવાં બીજાં એકમોની વચ્ચે અસ્તિત્વ ધરાવતાં હતાં, જે બધાં સામાન્ય રીતે એક જ કોટિનાં ભાષાએ અને ઘણી વાર, અથવા તો મોટે ભાગે, જાતિએ પણ એક હતાં; એક ખાસ સભ્યતા પ્રત્યેના વલણથી માનવજાતિના બીજા ભાગોથી સ્પષ્ટ રીતે જુદાં પડતાં, અને એવા કોમી જીવનમાં એકબીજાના સાથમાં અને ભૌગોલિક સાનુકૂળતાથી અન્યોથી સુરક્ષિત હતાં. આમ ગ્રીસ, ઈટલી, ઈજીપ્ત, ચીન, મધ્યપાર્થીઆ, હિંદ, અર્બસ્તાન, ઈઝરાઈલ — એ બધાંએ એક શિથિલ સાંસ્કૃતિક અને ભૌગોલિક સમૂહરૂપે શરૂઆત કરી કે જેથી એ રાષ્ટ્રરૂપ એકમો બન્યાં તે પહેલાં જુદાં અને વિશિષ્ટ પ્રકારનાં સાંસ્કૃતિક એકમો બન્યાં હતાં. એ શિથિલ ઐક્યની અંદર યૂથ, કુલ કે નગર કે પ્રાદેશિક રાજ્યો છુટ્ટાં, સ્પષ્ટ, પ્રાણવાન અને સુબદ્ધ એકતાનાં મંડળો રૂપે રચાયાં, જેમને ખરેખર એમની વધુ મોટી સાંસ્કૃતિક એકતાની બહારનું જગત ભિન્ન અને વિરોધી જણાતું અને એથીયે વધુ પ્રમાણમાં એ ઐક્યો બીજાં ઐક્યોથી પોતાના ઉદ્દેશો, રૂપો અને વિરોધો રૂપી જુદાઈ નિકટતાથી અને તીવ્રતાથી અનુભવતાં. જ્યાં આ સ્થાનિક વિશિષ્ટતા બહુ તીવ્ર બની જતી, ત્યાં રાષ્ટ્રના રૂપમાં એકીકરણનો પ્રશ્ન અવશ્ય વધુ મુશ્કેલ બની જતો અને એનો ઉકેલ કરવામાં આવતો ત્યારે એ વધુ ભ્રામક બનવા સંભવ રહેતો.

ઘણાખરા દાખલાઓમાં આ પ્રશ્નના ઉકેલ માટે પ્રયાસ થયો હતો. ઈજીપ્ત અને જ્યુડીઆમાં, એ ઐતિહાસિક ઉત્ક્રાન્તિના એ પ્રાચીન કાળચક્રમાં પણ સફળતાથી

થયો હતો પરંતુ પછીના દાખલામાં નિસંશય અને પહેલા દાખલામાં સંભવતઃ એ પ્રયાસનું પરિણામ પરદેશી ધૂંસરીની કઠણ શિસ્ત નીચે આવ્યું હતું. જ્યાં આ શિસ્તનો અભાવ હતો, જ્યાં કોઈ પ્રકારની રાષ્ટ્રીયતા અંદરથી જ સંપન્ન થઈ હતી. સામાન્ય રીતે એમનામાંના જ કોઈ એક બળવાન કુલ, નગર કે પ્રાદેશિક રાજયનાં બીજાં બધાંના ઉપર વિજયથી, જેમ કે રોમ, મેસેડોન કે પાર્થીઆની પહાડી જાતિઓના વિજયથી,–ત્યાં નવું રાજ્ય પોતાની સિદ્ધિને સ્થિર કરવા અને રાષ્ટ્રીય ઐક્યના પાયા ઊંડા અને દૃઢ બનાવવાને બદલે એકદમ પોતાની તાત્કાલિક જરૂરતોનો અતિક્રમ કરી લશ્કરી વિજયોની મહેચ્છાઓ પૂરી કરવા નીકળી પડતું હતું. રાષ્ટ્રીય એકતાનાં ચૈતસિક મૂળ ઊંડાં ઊતરે, રાષ્ટ્ર પૂરું આત્મભાનવાળું થાય, કોઈ એને છિન્નભિન્ન ન કરી શકે એવી રીતે એકતા સંપ્રાપ્ત કર્યા પહેલાં અને પોતે એ એકતાને પૂર્ણરીતે સંલગ્ન થયા પહેલાં શાસક રાજ્યે, જે લશ્કરી જુસ્સાથી આટલે સુધી આવ્યું તે જ જુસ્સાની પ્રેરણા નીચે અને એ જ સાધનોથી, વધુ મોટા સામ્રાજય રૂપી એકીકરણ કરવા પ્રયાસો કર્યા હતા. આસીરીઆ, મેસેડોન, રોમ, પાર્થીઆ અને ત્યાર પછી અર્બસ્તાન બધાંએ એ જ વલણ લીધું અને એ જ ચક્રને અનુસર્યાં. ગાલીક પ્રજાનાં યુરોપ અને પશ્ચિમ એશીઆ પરનાં આક્રમણ અને ગૉલનું તત્પશ્ચાત્ વિભાજન અને પતન સંભવતઃ આ જ કારણે થયાં અને એ મેસેડોની આ કરતાં પણ વધુ અંશે અપરિપક્વ અને દોષયુક્ત એકીકરણમાંથી ઉદ્ભવ્યાં. એ બધાં સુસંબદ્ધ રાષ્ટ્રીય ઐક્યોની આધાર-શિલાઓ બને તે પહેલાં મોટાં સામ્રાજિક આંદોલનોનાં પ્રસ્થાન કેન્દ્ર બની ગયાં.

આ સામ્રાજયો, એ કારણે, સ્થાયી થઈ શકયાં નહિ. કેટલાંક બીજાંથી વધુ ટકયાં કારણ કે એમણે કેન્દ્રિય રાષ્ટ્ર-એકતામાં વધુ દૃઢ રીતે પાયા નાખ્યા હતા, જેમ કે રોમે ઈટલીમાં. ગ્રીસમાં, પહેલા ઐક્ય-વિધાયક ફિલિપે એકીકરણની ઝડપી પરંતુ અપૂર્ણ રેખા દોરી અને એની ઝડપી પ્રગતિ એની પહેલાંના વધુ શિથિલ સ્પાર્ટન આધિપત્યને પરિણામે થઈ હતી; અને એની પછી, જો અતિ વિશાળ કલ્પના અને પ્રખર બુદ્ધિમત્તાવાળા માણસને બદલે કોઈ ધૃતિમાન કૌશલ્યવાળા ઉત્તરાધિકારીઓ આવ્યા હોત તો આ પહેલી, સાદી, વ્યવહારુ રૂપરેખા સંપૂર્ણ અને દૃઢ થઈ હોત અને એક કાયમી કામ સિદ્ધ થયું હોત. જે કોઈ જલદી અને વિશાળ રચનાના પાયા નાખે છે તેને અનુયાયી તરીકે હમેશાં જરૂર હોય છે, વિસ્તાર માટે જોશવાળા માણસ કરતાં વ્યવસ્થા માટેની કુશળતા કે મેધાવાળા માણસની. સીઝરની પાછળ ઑગ્સ્ટસનું આવવું એટલે વિશાળતાવાળું, કાયમિતાવાળું સર્જન; ફિલિપની પાછળ ઍલેક્ઝાન્ડરનું આવવું એટલે જગતને માટે પરિણામે બહુ મહત્ત્વની સિદ્ધિ, પરંતુ

એના પોતામાં તો માત્ર એક અલ્પજીવી તેજોમય ભવ્યતા. રોમ કે જેને, સાવધ પ્રકૃતિએ, ઈટલીને દૃઢતાથી એક કર્યું અને એના સામ્રાજ્યના પાયા નંખાઈ ગયા તે પહેલાં, બધાંને આંજી નાખે એવો કોઈ મેધાવાન માણસ આપ્યો નહિ, તે વધુ દૃઢતાથી ચણતર કરી શક્યું; અને છતાં એણે એ સામ્રાજ્ય સ્થાપ્યું એક મહાન રાષ્ટ્રના કેન્દ્ર અને મસ્તકરૂપે નહિ, પરંતુ, ત્યારે પણ ઇટલી રૂપી રાષ્ટ્રને તાબેદાર ગણી એની ઉપર પ્રભુત્વ ભોગવતા અને એને આજુબાજુની દુનિયા પર છલાંગ મારી જીતી લેવા માટે એક કૂદકો મારવાના પાટિયા તરીકે વાપરતા નગર રૂપે. તેથી એની સામે આવી સમન્વયની વધુ મુશ્કેલ સમસ્યા, ઈટાલીઅન રાષ્ટ્ર-નિહારિકાઓ અને એની પોતાનાથી જુદી રચાયેલી કે રચાતી સંસ્કૃતિઓના—સમન્વયની એ નવી સમસ્યાને પૂર્ણ અને અફર એકીકરણની ક્રિયા લાગુ પાડવાની કળા રોમે મેળવી અને જાણી તે પહેલાં, એનો નાના અને વધુ સહેલા ક્ષેત્રમાં પ્રયોગ કર્યા પહેલાં,—પ્રાચીન ઈટલીમાં ગાલીક, લૅટીન, ઉમ્બ્રીઅન, ઑસ્કન અને ગ્રાઈકોઆયુલીઅન ઘટકોએ રજૂ કરેલાં ભિન્નતા અને સમાનતાનાં તત્ત્વોને જોડી દઈ, રોમન નહિ પણ એક ઈટાલીઅન જીવતા રાષ્ટ્રીય દેહરૂપે ઘડી લીધા પહેલાં. તેથી જોકે એનું સામ્રાજ્ય સદીઓ સુધી ટક્યું, પરંતુ શકિત, પ્રાણ અને આંતરિક જોમ ખર્ચી નાખી ક્ષણભંગુર સંગોપન ખરીદી લઈને; એણે ઈટલીને રાષ્ટ્રીય એકમ તરીકે પાકું ન કર્યું, કે ના કર્યું કાયમી સામ્રાજિક ઐક્ય અને બીજાં જૂનાં સામ્રાજ્યો માફક એણે તૂટી જવું પડયું અને સાચા રાષ્ટ્રઘડતરના યુગ માટે જગા કરી દેવી પડી. ભૂલ ક્યાં હતી એ ભારપૂર્વક કહેવાની જરૂર છે. માનવજાતિની, નાનાં કે મોટાં સમૂહોમાં વહીવટી, રાજકીય, આર્થિક વ્યવસ્થા કરવાનું કામ એના પાયામાં એવા જ પ્રકારનું છે કે જેવું સ્થૂલ પ્રકૃતિમાં પ્રાણિક અવયવીઓ રચવાનું છે. કહેવાનું એ છે કે એ મુખ્યત્વે જીવતા દેહો રચવા માગતી ભૌતિક પ્રાણશકિતના સિદ્ધાંતો પ્રમાણે ચાલતી બાહ્ય અને ભૌતિક રીતો વાપરે છે, જોકે એનો આંતરિક હેતુ પ્રાણ અને દેહની ક્રિયાઓ પાછળ ગુપ્ત, પારભૌતિક, ચૈતસિક તત્ત્વને જન્મ દેવાનો, આવિર્ભૂત કરવાનો અને સ્થિર ક્રિયાત્મક બનાવવાનો હોય છે. એક વિશિષ્ટ, બલવાન, સુકેન્દ્રિત અને સુવ્યાપ્ત સામૂહિક અસ્મિતા માટે એક મજબૂત અને ટકાઉ શરીર અને પ્રાણાન્વિત તંત્ર રચવું એ છે એનો સમસ્ત ઉદ્દેશ અને રીતિ. આ પ્રક્રિયામાં પ્રથમ નાનાં જુદાં જુદાં ઐકયો એમનાથી મોટી શિથિલ એકતાની અંદર રચાય છે; એમનામાં મજબૂત ચૈતસિક અસ્તિત્વ અને સુવિકસિત શરીર અને પ્રાણવાન ક્રિયાત્મકતા હોય છે. પરંતુ વધુ મોટા જથામાં ચૈતસિક લાગણી અને પ્રાણિક શકિત હાજર હોય છે છતાં એ અવ્યવસ્થિત અને ક્રિયાત્મકતા વગરની હોય છે અને એનું શરીર અર્ધું પ્રવાહી દ્રવ્ય કે અર્ધું નિહારિકા રૂપ કે

બહુ તો અર્ધું પ્રવાહી અર્ધું ઘટ્ટ, શરીર કરતાં વધુ પરપોટા જેવું હોય છે. એનો પછી ઘાટ ઘડવો પડે છે, એને વ્યવસ્થિત કરવું પડે છે; એને માટે એક દૃઢ ભૌતિક રૂપ રચવું પડે છે, એક સુસીમિત પ્રાણિક ક્રિયાત્મકતા, એક સ્પષ્ટ ચૈતસિક વાસ્તવિકતા અને આત્મ-ભાનવાળી અને માનસિક જિજીવિષા ઉત્પન્ન કરવાં પડે છે.

આમ એક નવી એકતા રચાય છે; અને એ વળી પોતાની ચારે બાજુએ બીજી એવી એકતાઓને જુએ છે કે જેમને એ પ્રથમ તો શત્રુરૂપે અને પોતાનાથી તદ્દન જુદા રૂપે દેખે છે, પછી એમની સાથે જુદા હોવા છતાં એક મંડળના રૂપે સંપર્ક રાખતું થાય છે અને આપણે પહેલાં જોયું તેમ એ નાનાં સજીવન ઐકયો એક મોટી શિથિલ એકતામાં રહેતાં થાય છે. સમાવિષ્ટ ઐકયો પહેલાંના કરતાં વધુ મોટાં અને સંકુલ અને સમાવેશક એકતા પહેલાં કરતાં વધુ મોટી અને સંકુલ બની હોય છે; પરંતુ સ્થિતિ એવી ને એવી રહે છે અને નિરાકરણ માટે સામે આવતી સમસ્યા પણ એ જ પ્રકારની રહી હોય છે. આમ શરૂઆતમાં, એક ભૌગોલિક અને સાંસ્કૃતિક શિથિલ એકતામાં સાથે રહેતાં ઈટલી કે હેલાસ જેવાં નગરરાજ્યો અને પ્રાદેશિક પ્રજાઓની ઘટનાઓ હતી અને હેલેનિક કે ઈટાલીઅન રાષ્ટ્ર રચવાની સમસ્યા હતી. ત્યાર પછી એને સ્થાને આવી પ્રથમ ક્રિશ્ચિયાનિટીની અને પાછળથી યુરોપની એક શિથિલ ભૌગોલિક અને સાંસ્કૃતિક એકતામાં સાથે રહેતા અસંયુકત ભાગો રૂપ રચાયેલાં અને રચાવા લાગેલાં રાષ્ટ્રીય ઐકયોની ઘટના અને એની સાથે આ ખ્રિસ્તી રાજ્ય કે આ યુરોપના ઐકયની સમસ્યા કે જેની કલ્પના એકથી વધુ વાર છૂટક છૂટક રાજ્યધુરંધરો અને રાજકીય વિચારકોએ કરી હતી પરંતુ સિદ્ધ કરી ન હતી, કે તેને માટે પ્રાથમિક પગલાં ભરવાનો વિચાર પણ કર્યો ન હતો. આ મુશ્કેલીઓ ઉકેલવામાં આવે તે પહેલાં, આધુનિક આંદોલને એનાં એકીકરણનાં બળો સાથે આપણી સમક્ષ નવી અને વધુ સંકુલ ઘટના, માનવજાતિની શિથિલ પરંતુ વધતી જતી જીવનની અન્યોન્યાશ્રયતા અને વ્યાપારિક સંબંધમાં સાથે ગૂંથાયેલાં સંખ્યાબંધ રાષ્ટ્રીય અને સામ્રાજિક ઐકયની ઘટના રજૂ કરી છે અને એની સાથે ઊભેલી માનવજાતિના એકીકરણની સમસ્યા કે જે યુરોપના એકીકરણના અસિદ્ધ સ્વપ્નને અત્યારથી જ છાયામાં નાખી દે છે.

ભૌતિક પ્રકૃતિમાં પ્રાણિક અવયવીઓ એકલાં પોતાની ઉપર જ જીવી શકતાં નથી; તે કાં તો બીજાં પ્રાણિક અવયવીઓ સાથે આદાન-પ્રદાનથી અથવા તો અમુક અંશે આદાન-પ્રદાનથી અને અમુક અંશે એકબીજાંનું ભક્ષણ કરીને જીવે છે; કારણ કે આ છે જુદા થયેલા ભૌતિક જીવનના સમન્વયની પ્રક્રિયાઓ. બીજી બાજુએ, જીવનના એકીકરણમાં એવો સમન્વય શકય છે કે જે એકબીજાને ગળી જાય એ અથવા તો એકે બીજા પર ઢોળેલી શકિતઓના

પારસ્પારિક સ્વીકાર સુધી સમન્વયને સીમિત કરી એમનું ભિન્ન અસ્તિત્વ ચાલુ રાખે એ બે વિકલ્પોથી વધુ આગળ જાય છે. એને સ્થાને સહવાસી ઐકયો ભાનપૂર્વક એમના સહવાસના ફળસ્વરૂપે વિકાસ પામેલી એકતાને અધીન થઈ રહેવાનું કબૂલ કરે છે. આમાંના કેટલાકને ખરેખર મારી નાખવામાં આવે છે અને નવાં તત્ત્વોના સર્જન માટે વાપરવામાં આવે છે, પરંતુ બધાંનો એ પ્રમાણે ઉપયોગ થતો નથી, બધાંને કોઈ એક ઐકય ગળી જઈ શકતું નથી; કારણ કે એ રીતે કોઈ એકીકરણ થતું નથી. વધુ મોટી એકતા સર્જાતી નથી, કોઈ વધુ મોટા જીવનનું સાતત્ય બનતું નથી, પરંતુ કેવળ ભક્ષક ઐકય ભક્ષિતની શકિતને પચાવી અને ઉપયોગમાં લઈ થોડું વધુ વખત જીવિત રહે છે. તો, માનવસમૂહોના એકીકરણમાં આ સમસ્યા છે કે ઘટક ઐકયો કેવી રીતે પોતાના વિનાશ વિલોપન વગર નવી એકતામાં આધીન થઈ રહી શકે.

સૈનિક વિજયથી સર્જાયેલી જૂની સામ્રાજીય એકતાઓની નિર્બળતા એ હતી કે જેમને એ પોતાનામાં સમાવી લેતી તેવાં નાનાં ઐકયોનો નાશ કરતી, જેમ રોમે કર્યું હતું, અને પ્રભુત્વ ભોગવતા ભાગોના જીવન માટે એ એમનો ખોરાક તરીકે ઉપયોગ કરતી. ગૉલ, સ્પેઈન, આફ્રિકા, ઈજીપ્ત આમ હણાઈ ગયાં હતાં, એમને નિર્જીવ દ્રવ્યો બનાવી દેવામાં આવ્યાં હતાં, અને એમની શકિત કેન્દ્રમાં, રોમમાં ખેંચી લેવામાં આવી હતી; આમ સામ્રાજ્ય એક મોટા મૃતપ્રાય જથ્થારૂપ બની ગયું કે જેના પર કેટલીક સદીઓ સુધી રોમનું જીવન નભ્યું. પરંતુ, આ રીતે પરાધીન ભાગોનું જીવન પૂરું થઈ જતાં આધિપત્ય ભોગવતું ભુખાળવું કેન્દ્ર આખરે શકિતના નવા સંગ્રહ માટે ભંડોળ વગરનું થઈ ગયું. પ્રથમ, જિતાયેલા પ્રાન્તોની શ્રેષ્ઠ બૌદ્ધિક શકિત રોમ તરફ પ્રવાહિત થઈ અને એમનાં પ્રાણિક બળે એનામાં લશ્કરી તાકાત રેડી અને પ્રશાસનિક આવડતની મોટી પુરવણી કરી. પરંતુ આખરે બન્ને પૂરાં થયાં અને પ્રથમ એમની બૌદ્ધિક શકિત અને પછી એની લશ્કરી અને રાજકીય કુશળતા વ્યાપક મૃત્યુની વચ્ચે પરવારી ગયાં અને રોમન સભ્યતા આટલી લાંબી પણ જીવી શકી ન હોત જો એને પૂર્વીય જગતના નવા વિચારો અને પ્રેરણાઓ મળ્યાં ન હોત. અને એ આદાન-પ્રદાનમાં, અર્વાચીન કાળમાં જોવા મળે છે તેવા નિત્ય નવા વિચારોનાં ભરતી-ઓટ અને જીવનના પ્રેરણાત્મક બળોની સજીવનતા કે પ્રવાહનું સાતત્ય પણ ન હતાં, અને એ સામ્રાજિક શરીરના ઊતરી ગયેલા પ્રાણને ફરી શકિતશાળી બનાવી ન શકયું કે લાંબા વખત સુધી ન રોકી શકયું એના સડાની ગતિને. જયારે રોમની પકડ ઢીલી પડી ત્યારે જે જગત એણે દબાવી રાખ્યું હતું એ, લાંબા વખતથી મોટું, રૂપાળું, વ્યવસ્થિત, પરંતુ જાણે મરવાની આળસે જીવતું હોય એવું અને નવી રચના માટે કે નવા જીવન માટે અશકત

થઈ ગયું હતું; અને એનામાં પ્રાણ સંચાર થઈ શકયો માત્ર જર્મનીનાં મેદાનો અને ડાન્યુબ પારની પર્વતમાળા અને અરબસ્તાનના રણોના આરણ્યક જગતના આક્રમક ધસારાથી. વધુ મજબૂત રચનાના આંદોલન પહેલાં વિનાશ જરૂરી હતો.

રાષ્ટ્ર-રચનાના મધ્યકાલીન સમયમાં, પ્રકૃતિને આપણે એની પહેલાંની ભૂલ સુધારતી જોઈએ છીએ. જયારે આપણે ખરે જ પ્રકૃતિની ભૂલોની વાત કરીએ છીએ ત્યારે આપણે માનવીય ચિત્તશાસ્ત્ર અને અનુભવમાંથી અનુચિત રીતે ઉદ્‌ધૃત કરેલી આલંકારિક પરિભાષા વાપરીએ છીએ; કારણ કે પ્રકૃતિમાં ભૂલો થતી નથી પરંતુ પહેલેથી નક્કી કરેલા તાલમાં, આગળ અને પાછળ જતાં ભાનપૂર્વક લીધેલાં પગલાં હોય છે, જેમાં દરેક પગલાનો અર્થ અને એનું સ્થાન હોય છે — એની ક્રમે ક્રમે થતી જતી પ્રગતિની ક્રિયા અને પ્રતિક્રિયામાં. રોમની એકરૂપતાનું કચ્ચર ઘાણ કાઢતું પ્રભુત્વ પ્રાણશકિતઓના ભિન્નભિન્ન વર્તુળો રૂપ જૂનાં નાનાં ઐકયોને નિરુત્સાહ કરી દેવાની એક કરામત હતી કે જેથી એ ફરી સજીવન થાય ત્યારે સાચી રાષ્ટ્રીય એકતાના વિકાસમાં ન ઓળંગી શકાય એવો અંતરાય ઊભો ના કરે. આ ક્રૂર શિસ્તમાં થઈને પસાર ન થવામાં રાષ્ટ્રીય ઐકય શું ગુમાવે છે,—આપણે હમણાં જે મૃત્યરૂપી જોખમ એણે આસીરીઆ અને ખાલ્ડીઆમાં આણ્યાં તેને અને એનાથી દૂર રહેવામાં થતી આધ્યાત્મિક અને બીજી સમૃદ્ધિની પ્રાપ્તિને બાજુએ રાખીએ—એ હિંદુસ્તાનના દાખલામાં જોવા મળે છે. જ્યાં મૌર્ય, ગુપ્ત, આન્ધ્ર, મુઘલ સામ્રાજયો, મોટાં, બળવાન અને સુવ્યવસ્થિત હતાં તો પણ, ગ્રામ સમાજથી માંડી પ્રાદેશિક કે ભાષાકીય ક્ષેત્રો સુધીની ગૌણ એકતાઓના અતિશય કઠણ સ્વતંત્ર જીવન પર એમને સમતલ કરી દે એવાં શિલાચક્રો કદાપિ ફેરવી શકયાં નહિ અને એને એવા અમલના દબાણની જરૂર પડી કે જેનું મૂળ પણ સ્થાનિક ન હતું કે જેનું કેન્દ્ર પણ સ્થાનિક ન હતું. તદ્દન ભિન્ન સંસ્કૃતિના વાતાવરણવાળું, ભારતની સંસ્કૃતિ માટે સહાનુભૂતિ કે આકર્ષણ સામે સુરક્ષિત એવું વિદેશી આધિપત્ય એ કામ એક સૈકામાં કરી શકયું કે જે કામ વધુ શિથિલ સામ્રાજ્યવાદનાં બે હજાર વરસ પણ કરી શકયાં ન હતાં. આવી પ્રક્રિયામાં ક્રૂર અને ઘણી વાર જોખમ ભરેલું દબાણ હોય છે અને એમાં જૂની સંસ્થાઓનો ઘણો વિનાશ પણ થાય છે; કારણ કે પ્રકૃતિ યુગો સુધી પહોંચતા વિરોધની હઠીલી સ્થાવરતાથી કંટાળી જાય છે અને કેટલી બધી સુંદર અને મૂલ્યવાન વસ્તુઓનો નાશ થઈ જશે એની, જો એનો મુખ્ય હેતુ પાર પાડવો હોય તો થોડી જ ફિકર કરતી લાગે છે, પરંતુ આપણે જરૂર ખાત્રી રાખી શકીએ કે જો વિનાશ થયો હોય છે, તો એ એના ધ્યેયની પ્રાપ્તિ માટે અપરિહાર્ય બની ગયો હોય છે, એ કારણથી થાય છે.

યુરોપમાં, રોમન દબાણ ખસી ગયું ત્યાર પછી, નગરરાજ્ય અને પ્રાદેશિક રાષ્ટ્ર નવવિધાનનાં તત્ત્વો તરીકે સજીવન થયાં; પરંતુ એક દેશ સિવાય, અને આશ્ચર્યની વાત છે કે ઈટલી સિવાય બીજે કયાંય નગરરાજ્યે રાષ્ટ્રીય એકીકરણની પ્રક્રિયામાં કોઈ વિરોધ કર્યો નહિ. ઈટલીમાં એનું જોરદાર પુનરુજ્જીવન બે કારણોને લીધે થયું એમ આપણે કહી શકીએ, પહેલું એ કે ઈટલીના મુકત નગરજીવનને રોમે, અકાલે, એનો પૂરો વિકાસ થાય તે પહેલાં દબાવી દીધું તે અને બીજું કે બીજ રૂપે એ બચી ગયું રોમમાં અને ઈટાલીઅન મ્યુનિસિપીઆમાં (નગરપાલિકામાં) કે જ્યાં સ્વતંત્ર જીવનની ભાવના દબાઈ ગઈ હતી પરંતુ ગૉલ અને સ્પેઈનનાં જુદાં કુલોનાં જીવન અને ગ્રીસનાં જુદાં નગરોનાં જીવન ભૂંસાઈ ગયાં હતાં તેમ, અસ્તિત્વમાંથી મટી ગઈ ન હતી. આમ ઈટાલીઅન નગરરાજ્ય ચૈતસિક રીતે સંતુષ્ટ થઈ મરી ગયું પણ ન હતું અને ફરી રચી ન શકાય એવી રીતે ભાંગી પડયું પણ ન હતું; એ નવા દેહોમાં ફરી જન્મ્યું, અને આ પુનર્જીવન ઈટલીના રાષ્ટ્રીય જીવન માટે ખતરનાક નીવડયું, જોકે એ જગતની સંસ્કૃતિ અને સભ્યતા માટે અમેય વરદાન રૂપ અને ફળદાયી થયું; કારણ કે જેમ ગ્રીસના નાગરિક જીવને પ્રથમ સર્જ્યાં હતાં તેમ ઈટલીના નાગરિક જીવને ગ્રાઈકો રોમન કળા, સાહિત્ય, વિચાર અને વિજ્ઞાનને પુનઃ પ્રાપ્ત કર્યાં, પુનઃ નવાં બનાવ્યાં અને એમને નવાં રૂપ અને ઘાટ આપ્યાં. બીજે, નગર ઐકય પુનર્જીવિત થયું માત્ર મધ્યકાલીન, ફ્રાન્સ, ફ્લાન્ડર્સ અને જર્મનીની નગરપાલિકાઓ રૂપે અને એ કોઈ વખત પણ એકીકરણનું વિરોધી બન્યું નહિ, પરંતુ એથી ઊલટું એ, ખાસ યોજના વગર પણ, એકીકરણના પાયારૂપ બન્યું, અને એ દરમિયાન વિચાર અને કળાના સમૃદ્ધ ઉલ્લાસ અને મુકત પ્રવાહથી એણે મધ્યકાલીન બૌદ્ધિક એકરૂપતાની બંધીઆરપણાની અને અંધેરની વલણને રોકવામાં મદદ કરી.

જૂનું કુલ-રાષ્ટ્ર નાશ પામ્યું, સિવાય કે આયર્લૅન્ડ અને ઉત્તર-પશ્ચિમ સ્કૉટલૅન્ડમાં, જેમણે રોમન દબાણ અનુભવ્યું ન હતું અને જે ત્યાં એકીકરણમાં ઈટાલીના નગર-રાજ્ય જેવું જ હાનિકારક નીવડયું; એણે જ્યાં સુધી ઇંગ્લૅન્ડની ધૂંસરી તેમના ઉપર આવી ન પડી અને ગ્રામ્પીઅન્સ અને આઈરીશ સમુદ્રે અટકાવ્યા ન હોત તો રોમનોએ જે કર્યું હોત તે કામ કર્યું નહિ ત્યાં સુધી આયર્લૅન્ડને વ્યવસ્થિત એકતાનો વિકાસ કરતાં અને હાઈલૅન્ડના કેલ્ટ્સને ઍન્ગ્લો-કેલ્ટસ્કોટ રાષ્ટ્રમાં ભળી જતાં અટકાવ્યાં. પશ્ચિમ યુરોપના બાકીના ભાગોમાં રોમના અમલે એકીકરણનું જે કામ કર્યું હતું તે એવું પાકું હતું કે જર્મનીની ટોળીઓ રૂપી રાષ્ટ્રોનું પશ્ચિમના દેશો પરનું આધિપત્ય પણ એ જૂની, સ્પષ્ટ અને જુદી કુલ-રાષ્ટ્રની રીતને ફરી જીવિત ન કરી શકયું, એને બદલે એણે

જર્મનીનાં પ્રાદેશિક રાજ્યો અને ફ્રાન્સ અને સ્પેઈનમાં જાગીરદારી અને પ્રાંતિક વિભાજનો પેદા કર્યાં, પરંતુ જર્મની કે જેણે રોમની ધૂંસરી વેઠી ન હતી ત્યાં આયર્લૅન્ડ અને સ્કોટલૅન્ડની જેમ પ્રાદેશિક જીવન એકીકરણમાં ગંભીર વિઘ્નરૂપ પુરવાર થયું, ફ્રાન્સમાં એ એકીકરણને રોકશે એમ થોડો વખત દેખાવા લાગ્યું પરંતુ એણે એટલો જ સામનો કર્યો કે જેટલો ફ્રાન્સની આખરે સ્થપાઈ એ એકતામાં એમની વિવિધતા અને સમૃદ્ધિ મૂલ્યવાન તત્ત્વ તરીકે સ્વીકારાય તે માટે જરૂરી હતો. એ એકતાની અદ્વિતીય પૂર્ણતા જે આપણે ફ્રાન્સના ઈતિહાસમાં જોઈએ છીએ તે એના એકીકરણના લાંબા પ્રયાસમાં છુપાએલા ડહાપણની ગૂઢ નિશાની છે, જે ઉપરછલ્લે જોનારને, એટલું બધું દુ:ખી અને વ્યાધિગ્રસ્ત, લાંબાગાળા સુધી અરાજકતા અને સામંતો અને રાજાઓની જુલમગીરીની વચ્ચે ઢસરડાતું, અને ક્રમેક્રમે, સતત, અને વધુ વ્યવસ્થિત રાષ્ટ્રીય જીવનના વિકાસવાળા ઇંગ્લૅન્ડથી કેટલું બધું જુદું લાગે. પરંતુ ઇંગ્લૅન્ડમાં નવા રાષ્ટ્રદેહની અંતિમ રચનામાં વૈવિધ્ય અને સમૃદ્ધિ એનામાં સમાવિષ્ટ થયેલી જુદી જુદી જાતિઓના ભિન્નત્વે અને વેલ્સ, આયર્લૅન્ડ અને સ્કોટલૅન્ડ જુદાં સાંસ્કૃતિક ઐકયો તરીકે વધુ મોટી એકતામાં પોતાના ગૌણ આત્મભાન સાથે કાયમ રહ્યાં તેથી પૂરી પાડી.

રાષ્ટ્રરચનાનું યુરોપીય કાળચક્ર, પ્રાદેશિક અને નગરરાજ્યમાંથી સામ્રાજ્ય સુધી લઈ ગયું તે પ્રાચીન કાળચક્રથી જુદું પડે છે, પહેલું એણે વચ્ચેના જરૂરી સમૂહની અવગણના કરી વધુ મોટી એકતા તરફ એકદમ ઝંપલાવ્યું નહિ એમાં અને બીજું એણે ક્રમે ક્રમે અને પાકી પ્રગતિ સાધી, એક પછી એક ત્રણ મજલે સાધેલી એકતામાં ઘટક તત્ત્વોને માર્યાં નહિ અને એકીકરણનાં સાધનો વડે અકાળે કે જરૂર વગર દબાવી દીધાં નહિ એમાં. પહેલી મજલ કેન્દ્રગામી અને કેન્દ્રત્યાગી વલણોના લાંબા ચાલેલા સમતોલનની પ્રક્રિયામાં થઈને પસાર થઈ કે જેમાં સામંતશાહી પદ્ધતિએ નિયમન અને શિથિલ છતાં અંગભૂત થએલી એકતાનું તત્ત્વ પૂરું પાડયું. બીજી મજલ થઈ એકીકરણ અને વધતી જતી એકરૂપતાની જેમાં રોમની સામ્રાજ્ીય પદ્ધતિના કેટલાક અંશોની પુનરાવૃત્તિ થઈ પણ ઓછા દબાણવાળી વલણ સાથે. એ મજલની એક લાક્ષણિકતા હતી કેન્દ્ર તરીકે રાજધાનીનું સર્જન, જેણે પોતાની તરફ રોમની પેઠે બીજા બધા ભાગોમાંથી શ્રેષ્ઠ જીવન સત્ત્વોને ખેંચવા માંડયાં. બીજી લાક્ષણિકતા હતી એક સર્વ સત્તાધીશ સરકાર કે જેનું કામ હતું રાષ્ટ્રના જીવન પર કાનૂની, વહીવટી, રાજકીય, ભાષાકીય એકરૂપતા અને કેન્દ્રીયતા સ્થાપવાનું. આ પ્રગતિનું ત્રીજું લક્ષણ હતું એક સંચાલક આધ્યાત્મિક શીર્ષ અને દેહ કે જેણે ધાર્મિક વિચાર અને બૌદ્ધિક કેળવણી અને અભિપ્રાયની એવી જ એકરૂપતા સ્થાપી. આ એકીકરણનું દબાણ અતિશય બની ગયું હોત તો જે આપત્તિ રોમ પર આવી પડી તેવી

આપત્તિ એણે પણ વહોરી લીધી હોત, પરંતુ એમાંથી એ એની પ્રગતિની ત્રીજી મજલમાં થયેલાં બંડ અને વિસર્જનને લીધે બચી ગયું કે જેમણે આ સામંતશાહી, રાજાશાહી અને ધર્માધિકારીઓ રૂપી એકીકરણનાં સાધનોને એમનું કામ પૂરું થયું કે તરત ભાંગી નાખ્યાં કે સ્વાધીન કર્યાં અને એમને સ્થાને રાષ્ટ્રીય જીવનના વિસ્તરણનું નવું પ્રગતિમાન કાર્ય મજબૂત અને કાનૂની, સામાજિક અને સાંસ્કૃતિક સ્વાતંત્ર્ય અને સમાનતારૂપી સાધનો દ્વારા ઉપાડયું. એનું વલણ, જેમ પ્રાચીન નગરોમાં હતું તેમ અર્વાચીન રાષ્ટ્રમાં, સર્વ વર્ગો અને સર્વ વ્યકિતઓને મુકત થયેલા રાષ્ટ્રીય અસ્તિત્વના મુકત શકિતસંચારનો લાભ અને ઉપભોગ પ્રાપ્ત થાય એ પ્રયાસ માટે છે.

રાષ્ટ્રજીવનની ત્રીજી મજલ એકતા અને જરૂર પૂરતી એકરૂપતાના લાભ, જે એની બીજી મજલમાં સર્જાયાં હતાં તે ભોગવે છે અને ફરીથી નિર્વિઘ્ને પ્રાદેશિક અને નાગરિક જીવનની જે શકયતાઓ પહેલી મજલ વખતે બચાવી લેવામાં આવી હતી તેમને સહીસલામત રીતે ઉપયોગમાં લઈ શકે છે. રાષ્ટ્રની પ્રગતિની આ ત્રણ મજલમાં આપણા અર્વાચીન જમાના માટે પાયાની અને સુસિદ્ધ ચૈતસિક એકતા પર પ્રતિષ્ઠિત સમવાયતંત્રી રાષ્ટ્ર કે સમવાયતંત્રી સામ્રાજ્યનો વિચાર કરવો એ જો અને જ્યાં સંકલ્પિત હોય તો અને ત્યાં, શકય બન્યું છે; આખરે જ જર્મની અને અમેરિકામાં સિદ્ધ થઈ ગયું હતું. અને હવે આપણે જો ઇચ્છીએ તો, આધીન સરકારો, સંઘો અને પ્રાન્તિક નગરો મારફત આંશિક વિકેન્દ્રીકરણ પ્રત્યે નિર્વિઘ્ને આગળ પણ વધી શકીએ કે જે આપણને રાષ્ટ્રની શ્રેષ્ઠ શકિતઓને રાજધાની અતિ અધિક પ્રમાણમાં શોષી લે છે તે રોગનું નિવારણ કરવામાં અને એ શકિતઓને ઘણાં કેન્દ્રો અને ગ્રંથિઓમાં ફરતી કરવામાં મદદ કરે. સાથે સાથે આપણે સમસ્ત સભાન, સક્રિય અને પ્રાણવાન રાષ્ટ્રના સમજદાર પ્રતિનિધિરૂપ રાજ્યનો વ્યકિત અને સમાજના જીવનની પૂર્ણતાના સાધન રૂપે વ્યવસ્થિત ઉપયોગ કરવા ધારીએ છીએ. રાષ્ટ્રરૂપ સમૂહનો વિકાસ અત્યારે આટલે સુધી પહોંચ્યો છે જ્યારે આપણી સમક્ષ ભાવિ વલણો પ્રમાણે કાં તો સામ્રાજિક સંઘની વધુ વિશાળ સમસ્યા કે માનવજાતિની વધતી જતી સાંસ્કૃતિક એકતા અને વ્યાપારિક અને રાજકીય અન્યોન્યાશ્રયતાએ સર્જેલી એથીયે વધુ વિશાળ સમસ્યાઓ ફરી આવે છે.

# રાષ્ટ્ર-એકમની રચના–ત્રણ તબક્કાઓ

રાષ્ટ્રરૂપ સમૂહનો મધ્યયુગી અને અર્વાચીન વિકાસ કે જે ત્રણ તબક્કે થયો તે એક કુદરતી પ્રક્રિયા ગણી શકાય જેમાં એકતાનું એક નવું રૂપ સંકીર્ણ સંયોગો અને વિજાતીય દ્રવ્યોમાંથી આંતરિક કરતાં વધુ પ્રમાણમાં બાહ્ય રીતે રચવાનું હોય છે. બાહ્ય રીતો સર્વદા માનવીની ચેતનાને સંયોગો અને સંસ્થાઓના દબાણ નીચે બદલાયેલાં સ્વરૂપો અને આદતોમાં ઢાળવા પ્રયત્ન કરે છે; એ ચેતનાની કોઈ એવી નવી અવસ્થા સીધેસીધી ઘડી લેતી નથી કે જે પોતાને અનુકૂળ અને ઉપયોગી સામાજિક રૂપો છૂટથી અને ફાવતી રીતે સર્જી લે. આવી પ્રક્રિયામાં કુદરતી રીતે હોવાં જોઈએ પ્રથમ, કોઈ એક પ્રકારનું શિથિલ પરંતુ પૂરતા પ્રમાણમાં આજ્ઞાકારક સામાજિક તંત્ર અને એક સર્વસામાન્ય સભ્યતા, જે એક માળખા તરીકે કામ આવે અને જેમાં નવી ઇમારત ખડી થાય. ત્યાર પછી આવે કઠોર વ્યવસ્થાનો કાળ, ઐક્ય અને નિયમનના કેન્દ્રીકરણ માટે અને કદાચ કેન્દ્રની દોરવણી નીચે એક સર્વસામાન્ય સમતલતા અને એકરૂપતાની સ્થાપના માટેનો કાળ. છેલ્લે, જો નવો અવયવી જડ કે નિશ્ચેષ્ટ ન થવાનો હોય તો, જો એ પ્રકૃતિનું જીવતું અને પ્રાણવાન સર્જન રહેવાનું હોય તો, એના મુકત આંતરિક વિકાસનો એક સમય આવવો જોઈએ. દેહની રચના સ્થિર થાય અને માનસિક અને પ્રાણિક આદતરૂપ બની જાય કે તરત આ વધુ મુકત આંતરિક પ્રવૃત્તિ, એના હૃદય અને આધારમાં સમાજની સંચિત જરૂરતો, વિચારો અને સર્ફુર્જનોથી, સુરક્ષિત હોવાથી એ એ અવયવીના સંગીન વિકાસ અને રચનામાં અવ્યવસ્થા, તોડફોડ કે રુકાવટનાં જોખમો ભવિષ્યમાં નહિ લાવે.

શરૂઆતની વધુ શિથિલ પદ્ધતિનાં સ્વરૂપ અને સિદ્ધાંતનો આધાર નવી એકતામાં રેણી લેવાનાં તત્ત્વોના ગતકાલીન ઇતિહાસ અને વર્તમાન સંયોગો પર રહેશે. પરંતુ, યુરોપ અને એશીઆ બન્નેમાં, એક વલણ સામાન્ય જણાતું

હતું, જે વિચારોની કોઈ નિકટ આપ-લેને લીધે હોય એવી નિશાની આપણે જોઈ શકતા નથી અને એટલે તેને કોઈ એક જ કુદરતી કારણ અને આવશ્યકતાની કરામત ગણવી જોઈએ,—આધ્યાત્મિક વ્યવસાય, રાજકીય પ્રભુત્વ, વ્યાપારિક ઉત્પાદન અને વિનિમયની બેવડી પ્રવૃત્તિ અને આશ્રિત શ્રમ કે સેવાવૃત્તિ, એ ચાર જુદી જુદી સામાજિક પ્રવૃત્તિઓના ધોરણે કરેલા વિભાજનને આધારે સામાજિક શ્રેણીના વિકાસનું વલણ. જગતના જુદાજુદા ભાગોમાં કોમનાં વલણ અને સંયોગો પ્રમાણે એની ભાવના, સ્વરૂપ અને સંતુલન જુદે જુદે રૂપે કારગત થયાં, પરંતુ આદિમ સિદ્ધાંત તો લગભગ એક જ હતો. સર્વત્ર આ વલણની સંચાલકશકિત હતી, સર્વસામાન્ય સામાજિક જીવનના, પદવીની સ્થિરતાવાળા વિશાળ અને કાર્યક્ષમ સ્વરૂપની આવશ્યકતા કે જેની અંદર થઈ વ્યકિતનાં અને કોમનાં હિતો જરૂર પ્રમાણે ધાર્મિક, રાજકીય અને આર્થિક એકતા અને એકરૂપતાની ધુરા નીચે લાવી શકાય. એ નોંધપાત્ર બિના છે કે ઈસ્લામી સભ્યતા, એના ધર્મમાં સમાનતા અને બંધુતાના પ્રભાવક સિદ્ધાંત સાથે અને એની અજબ ગુલામી પ્રથા કે જે ગુલામને રાજગાદી સુધી પહોંચતાં પણ અટકાવતી નહિ તે છતાં, સમૂહનું આવું સ્વરૂપ રચી શકી નહિ અને રાજકીય પ્રગતિમાન યુરોપ સાથે એના નિકટ સંપર્ક છતાં અને ખલીફાઓનું સામ્રાજ્ય ભાંગી પડયા પછી પણ સબળ અને જીવન્ત વ્યવસ્થિત અને સભાન રાષ્ટ્રઐકયો રચવામાં નિષ્ફળ ગઈ; એ વસ્તુ હવે આધુનિક વિચારો અને સંયોગોના દબાણ નીચે બનવા લાગી છે.

પરંતુ, જ્યાં પ્રાથમિક ભૂમિકા બરાબર તૈયાર કરવામાં આવી હોય ત્યાં પણ તે પછીના મજલા રચાય છે જ એવું કંઈ નથી. યુરોપનો ધર્માધ્યક્ષ, રાજા અને સામંતો, નાગરિકો અને અકિંચનોવાળો, એની ચાર શ્રેણીઓ સાથેનો સામંતશાહી કાળ, ભારતના ધર્માધિકારી, લશ્કરી, વેપારી વર્ગો અને શૂદ્રોના ચતુર્વર્ણી તંત્રને બહુ રીતે મળતો આવે છે. ભારતીય પદ્ધતિ પર લાક્ષણિક છાપ હતી અન્ય પ્રકારના વિચારતંત્રની – રાજકીય, સામાજિક કે આર્થિક કરતાં વધુ પ્રમાણમાં ધાર્મિક અને વિચારતંત્રની; પરંતુ તે છતાં વ્યવહારમાં તે પદ્ધતિનું મુખ્ય કામ સામાજિક અને આર્થિક હતું અને પ્રથમ દૃષ્ટિએ એવું કોઈ કારણ જણાતું નથી કે એનો વિકાસ – વિગતોમાં જે કોઈ ભિન્નતા હોય તો પણ એ જ પ્રકારનો કેમ ન થયો. જાપાને મીકાડોના ધાર્મિક અને સામાજિક આધિપત્ય નીચે અને પાછળથી મીકાડો અને શોગુનના સંયુકત આધિપત્ય નીચે કામ કરતી સામંતશાહી પદ્ધતિમાં પણ જગતે જોયેલો સૌથી વધુ ઉત્સાહસભર અને સ્વભાનવાન રાષ્ટ્રીય ઐકયનો વિકાસ કર્યો. ચીન, બ્રાહ્મણ અને ક્ષત્રિયોનાં આધ્યાત્મિક અને સાંસારિક જ્ઞાન અને શાસનિક કર્તવ્યોને પોતામાં સંયુકત

કરતા એના મહાન વિદ્વાન વર્ગ સાથે અને એના સમ્રાટ અને સ્વર્ગના પુત્ર અને ઐકયના પ્રતીકના આધિપત્યમાં સંયુકત રાષ્ટ્ર બનવામાં સફળ થયું. હિન્દુસ્તાનમાં, અન્ય કારણો ઉપરાંત, સામાજિક પદ્ધતિના જુદા પ્રકારના વિકાસને લીધે પરિણામ જુદું આવ્યું. અન્યત્ર એ વિકાસ સાંસારિક વ્યવસ્થા અને આધિપત્યની દિશામાં વળ્યો, એણે રાષ્ટ્રની અંદરથી જ સ્પષ્ટ રાજકીય આત્મભાન સર્જ્યું અને પરિણામે કાં તો ધર્માધિકારી વર્ગને લશ્કરી અને શાસનિક તંત્રથી ગૌણપદે મૂકી દીધો કે પછી એમની સમાન કક્ષાએ અથવા તો એ બન્નેનું એક સામાન્ય ધાર્મિક અને સાંસારિક અધિપતિની નીચે સંમિશ્રણ કર્યું. મધ્યકાલીન હિન્દમાં, સામી બાજુએ, એ વિકાસ, રાષ્ટ્રભાવનાના પાયા તરીકે સર્વસામાન્ય રાજકીય આત્મભાનને બદલે સર્વસામાન્ય આધ્યાત્મિક આત્મભાન અને બ્રાહ્મણ-વર્ગના સમાજ પરના પ્રભુત્વ પ્રત્યે વળ્યો. ન કોઈ કાયમી સાંસારિક કેન્દ્ર વિકસાવાયું, કે ન પેદા કરવામાં આવ્યો કોઈ મોટો સમ્રાટ કે અધિરાજ કે જે એના ગૌરવ, પ્રાબલ્ય, પુરાતનતા અને પૂજનીયતા અને આજ્ઞાવાદીનતાના હક્કથી આ ધર્માધિકારીઓના પ્રભુત્વ અને પ્રતિષ્ઠાને ઉથલાવી શકે કે એને સમાન સ્તરે લાવી શકે અને એ રીતે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક એકતાની સાથે રાજકીય એકતાની ભાવના પણ પેદા કરી શકે.

ધર્મ-સંસ્થાન અને રાજાશાહીની વચ્ચેનો સંઘર્ષ યુરોપના ઇતિહાસનાં સૌથી મહત્ત્વનાં અને પ્રાણવાન લક્ષણોમાંનું એક છે. જો એનો અંત વિરુદ્ધ પરિણામમાં આવ્યો હોત તો આખા જગતનું ભાવિ સંકટગ્રસ્ત થાત. બન્યું એમ કે ધર્મ-સંસ્થાએ એની સ્વતંત્રતા અને સાંસારિક સત્તા પરના અધિકારનો દાવો છોડી દેવાની ફરજ પડી. જે રાજ્યો કૅથોલિક રહ્યાં તેઓમાં પણ ઐહિક સત્તાની સાચી સ્વતંત્રતા અને ઉપરિતાને સમર્થન મળ્યું, કારણ કે ફ્રાન્સના રાજાએ ગૅલીકન ધર્મસંસ્થાન અને પાદરીઓ પર અંકુશ સ્થાપ્યો અને તે રીતે ફ્રેન્ચ મામલા-ઓમાં પોપના હસ્તક્ષેપને અશકય બનાવી દીધો. સ્પેઈનમાં પોપ અને રાજાની સંશ્લિષ્ટ સંધિ અને પોપની ધાર્મિક સત્તાની સૈદ્ધાન્તિક કબૂલાત છતાં, ઇહલૌકિક સત્તાધારી રાજા જ ધર્મસંસ્થાનની નીતિનો નિર્ણય કરતો હતો અને ધર્મપરીક્ષક સંસ્થાનો અત્યાચાર પોતાને અધીન ચલાવતો. ઈટલીમાં, કૅથોલિક ધર્માધ્યક્ષની રોમમાં સંસ્થિતિ રાજકીય ઐકયવાળા રાષ્ટ્રની રચનામાં મોટા નૈતિક અંતરાયરૂપ હતી; સ્વતંત્ર થયેલી ઈટાલીઅન પ્રજાનો રાજાને રોમમાં સ્થાપવાનો મન્યુમાન નિશ્ચય એ નિયમના પ્રતીક રૂપ હતો કે એક સ્વભાવવાન અને રાજકીય રીતે વ્યવસ્થિત રાષ્ટ્ર પોતાની અંદર એક જ સર્વોપરી અને કેન્દ્રીય સત્તાનો સ્વીકાર કરી શકે અને તે હોવી જોઈએ ઐહિક સત્તા. જે રાષ્ટ્ર આ સ્થિતિએ પહોંચ્યું છે કે પહોંચી રહ્યું છે એણે કાં તો ધાર્મિક અને આધ્યાત્મિક દાવાને એના

સામાન્ય લૌકિક કે રાજકીય જીવનથી ધર્મને વ્યકિતગત વસ્તુ બનાવી દઈને જુદો પાડવો જોઈએ અથવા તો રાજ્ય અને ધર્મ-સંસ્થાનને લૌકિક આધિપત્યને માન્ય રાખવા માટે સંધિબદ્ધ કરીને, કે પછી ધાર્મિક અને લૌકિક સત્તાઓ એક જ સર્વાધીશમાં સંમિલિત કરી દઈને, બેને એક કરવાં જોઈએ,—જેમ જાપાન અને ચીનમાં કરવામાં આવ્યું હતું અને પુનઃ રચનાના કાળમાં ઇંગ્લૅન્ડમાં કરવામાં આવ્યું હતું. ભારતમાં પણ જે પ્રજાએ પ્રથમ રાષ્ટ્રીયતાનું આત્મભાન કેળવ્યું—આધ્યાત્મિકતાના પ્રભુત્વવાળું નહિ – એ હતા રાજપૂતો, ખાસ કરીને મેવાડના, જેમનામાં રાજા સર્વ રીતે સમાજનો અને રાષ્ટ્રનો ઉપરી હતો; અને જે લોકો રાષ્ટ્રીય આત્મભાન પ્રાપ્ત કર્યા પછી રાજકીય ઐકય વ્યવસ્થિત કરવામાં લગભગ સફળ થયા તે હતા શીખો જેમને માટે ગુરુ ગોવિન્દસીંગે વિચારપૂર્વક એક ઐહિક અને આધ્યાત્મિક કેન્દ્રની યોજના કરી અને મરાઠાઓ કે જેમણે એક ભાનવાન રાષ્ટ્રના પ્રતિનિધિ તરીકે લૌકિક અધિપતિ સ્થાપ્યો એટલું જ નહિ પરંતુ પોતે એટલા સુધી ઇહલૌકિક થઈ ગયા કે જાણે આખી પ્રજા, પક્ષપાત વગર બ્રાહ્મણ અને શૂદ્ર, થોડા વખત માટે તો, જરૂર પ્રમાણે સૈનિકો, રાજકર્તાઓ અને વહીવટદારોની પ્રજા બની ગયા.

બીજા શબ્દોમાં, સામાજિક શ્રેણીની સ્થાપના કે જે રાષ્ટ્રરચનાના પ્રથમ વલણ સમયે જરૂરી હતી એમ દેખાય છે તેને પોતાનામાં ફેરફાર કરવાની અને એની પછીના તબક્કાને શકય બનાવવા માટે ભૂંસાઈ જવા તૈયાર થવાની જરૂર પડી હતી. એક સાધન કે જે અમુક કામ માટે અને અમુક સંયોગો માટે ઉપયુકત હોય તેને જો બીજું કામ કરવાનું હોય અને સંયોગો બદલાઈ જાય ત્યારે પણ રાખવામાં આવે તો તે અવશ્ય વિઘ્નરૂપ બને છે. દિશા માગતી હતી પરિવર્તન—એક વર્ગના ધાર્મિક અધિકાર અને બીજા વર્ગના રાજકીય અધિકારમાંથી વિકાસ કરતા રાષ્ટ્રના સાર્વજનિક જીવનના ધાર્મિકને બદલે લૌકિક સત્તા નીચે કેન્દ્રીકરણનું, અથવા જો પ્રજામાં ધાર્મિક વલણ બહુ જોરદાર હોય તો ધાર્મિક અને લૌકિક વસ્તુઓને રાષ્ટ્રના અધિપતિની સત્તા નીચે જુદી પાડવાનું, કે જે બન્ને ક્ષેત્રોના અધિકારોનો પ્રદાતા બન્યો હોય. ખાસ કરીને એ રાજકીય આત્મભાનના સર્જન માટે જરૂરી હતું, જેના વિના કોઈ જુદું રાષ્ટ્રીય ઐકય સફળતાથી રચાઈ શકે નહિ કે જેના વિના એના સર્જન માટે ઉપયુકત ભાવનાઓ, પ્રવૃત્તિઓ અને સાધનો આગળ આવી શકે નહિ અને બીજાં બધાં એમની પાછળ ઊભાં રહી ટેકો આપે નહિ. એક ધર્મ-સંસ્થાન કે પ્રભુત્વ ધરાવતી બ્રાહ્મણ જ્ઞાતિ પોતાના જ કર્તવ્યમાં અનુરકત રહે તો રાષ્ટ્રની રાજકીય એકતાને વ્યવસ્થિત રૂપ આપી શકે નહિ, કારણ કે એની ઉપર રાજકીય કે વહીવટી હેતુઓ કરતાં બીજા હેતુઓ રાજ્ય કરે છે અને એ

એમની પોતાની લાક્ષણિક ભાવનાઓ અને હિતોને રાજકીય કે વહીવટી હેતુઓના અનુચર બનાવી દે એવી એમની આશા રાખી શકાય નહિ. પરંતુ એથી જુદી સ્થિતિ થાય જો ધાર્મિક જ્ઞાતિ કે ધર્માધિકારી વર્ગ તિબેટની માફક દેશનો રાજકીય શાસનકર્તા વર્ગ પણ બની જાય. હિન્દુસ્તાનમાં ક્રિયાકાંડ, ધાર્મિક અને અમુક અંશે આધ્યાત્મિક હિતો અને વિચારો પ્રમાણે ચાલતી જ્ઞાતિનું પ્રભુત્વ, એ જ્ઞાતિ કે જેણે વિચાર અને સમાજ પર પ્રભાવ પાડયો અને રાષ્ટ્રીય જીવનના સિદ્ધાંતો નક્કી કર્યા પરંતુ જેણે ન તો રાજ્ય કર્યું કે ન વહીવટ કર્યો, એ પ્રભુત્વ વધુ લૌકિક માનસવાળી યુરોપીઅન અને માંગોલીઅન પ્રજાઓએ લીધી તેવી પદ્ધતિના વિકાસના માર્ગમાં હમેશાં આડે આવ્યું છે. એ તો હવે, યુરોપીઅન સભ્યતાના આગમન પછી જ્યારે બ્રાહ્મણ જ્ઞાતિ રાષ્ટ્રજીવન પરનું એકહથ્થુ શાસન મોટે ભાગે ખોઈ બેઠી છે અને પોતે જ મહદંશે લૌકિક બની ગઈ છે ત્યારે રાજકીય અને લૌકિક વિચારો આગળ આવ્યા છે, એક વ્યાપક રાજકીય આત્મભાન જાગ્યું છે અને રાષ્ટ્રની વ્યવસ્થિત એકતા—આધ્યાત્મિક અને સાંસ્કૃતિક એકતાથી ભિન્ન, કેવળ અમૂર્ત અવચેતન વલણ રૂપે નહિ પરંતુ વ્યવહારમાં પણ શકય બની છે.

રાષ્ટ્રીય-એકમના વિકાસનો બીજો તબક્કો સામાજિક ઇમારતના એવા ફેરફારનો થયો કે જેમાં રાજકીય અને શાસનિક એકતાના એક સ્થિર અને દૃશ્યમાન કેન્દ્રની રચના થઈ. આ પ્રક્રિયા દરમિયાન આવશ્યક રીતે એક કડક સામાજિક શ્રેણીમાં હોય છે એવી સ્વતંત્રતાઓ પણ ઉચ્છિન્ન થાય છે અને સર્વથા સર્વસત્તાધીશ નહિ તો પણ એક સર્વોપરી રાજાશાહીના હાથમાં સત્તાના કેન્દ્રીકરણનું જોરદાર વલણ હોય છે. આધુનિક લોકશાહી વિચારો રાજાશાહીને કાં તો એક નિરધિકારી અલંકારરૂપે કે રાષ્ટ્રજીવનના સેવક તરીકે અથવા તો શાસનતંત્રના એક સાનુકૂળ કેન્દ્ર તરીકે ચલાવી લે છે, એ હવે ખરા નિયામક રૂપે અપરિહાર્ય નથી; પરંતુ મધ્યયુગમાં જે રીતે રાષ્ટ્રરૂપનો વિકાસ થયો તે શકિતશાળી રાજાશાહીના ઐતિહાસિક મહત્ત્વની અત્યુકિત કરી શકાય તેમ નથી. સ્વાતંત્ર્યપ્રિય, દ્વીપીય અને વ્યકિતવાદી ઇંગ્લૅન્ડમાં પણ પ્લૅન્ટેજીનેટો અને ટયુડરો ખરેખરાં અને સક્રિય કેન્દ્રો હતાં કે જેમની ચારેબાજુ રાષ્ટ્ર દૃઢ રૂપે વિકસ્યું અને મજબૂત થયું, અને યુરોપના ખંડ પ્રદેશમાં કામેટો અને એમના અનુગામીઓએ ફ્રાન્સમાં, કાસ્ટીલ ઘરાણાએ સ્પેઈનમાં, અને રોમાનોવો અને એમના પૂર્વગામીઓએ રૂશીઆમાં ભજવેલો ભાગ એથીયે વધુ આગળ પડતો છે. આમાંના છેલ્લા દાખલામાં લગભગ એમ કહી શકાય કે ઇવાનો, પીટરો અને કૅથેરીનો વિના કોઈ રૂશીઆ હોત નહિ. અને અર્વાચીન સમયમાં પણ, જર્મનીના એકીકરણ અને વિકાસમાં હોહેનઝોલર્નોએ ભજવેલો લગભગ મધ્યયુગીય ભાગ લોકશાહી

પ્રજાઓએ બેચેની અને અચંબા સાથે નીરખ્યો છે કે જેમને આ બનાવ ન સમજાય એવો અને કિંચિત જ માનવામાં આવે એવો લાગ્યો હતો. પરંતુ, વળી આપણે જોઈએ છીએ એવો જ બનાવ બાલ્કનો નવાં રાષ્ટ્રોની રચનાના શરૂઆતના સમયમાં. એમને કેન્દ્રિત કરવા માટે અને એમના વિકાસમાં સહાયક થવા માટે રાજાની શોધ, એનાં બધાં વિચિત્ર પ્રહસનો અને કરુણાન્તક નાટયો સમેત, જૂની આવશ્યકતાના ખ્યાલના આવિષ્કાર રૂપે સહેલાઈથી સમજી શકાય છે, જે હવે એટલી જરૂરી નથી રહી[1] પરંતુ જે આ લોકોની અવચેતનમાં હજી પણ અસર કરે છે. જાપાનની આધુનિક પ્રકારની રાષ્ટ્ર રૂપ નવી રચનામાં મીકાડોએ એવો જ ભાગ ભજવ્યો. સુધારકોની સ્વયં સ્ફુરણાએ એને એની અસહાય એકલતામાંથી આ આંતરિક આવશ્યકતા પૂરી કરવા બહાર કાઢી આણ્યો. ક્રાંતિકારી ચીનમાં ટૂંકી સરમુખત્યારીનો નવી રાજાશાહીમાં બદલાઈ જવાનો પ્રયત્ન વ્યવહારુ માનસમાં એ જ લાગણીને એટલો જ આભારી હોવા સંભવ છે જેટલો એ વ્યકિતગત મહેચ્છાને આભારી હોય.[2] રાષ્ટ્રજીવનને એના વિકાસના બહુ જ વિકટ તબક્કે કે કેન્દ્રિત કરવામાં અને ઘડવામાં રાજાશાહીએ ભજવેલા મહાન ભાગ સંબંધી આ ભાન છે કે જે એને પૂર્વના દેશોમાં પવિત્રતાનો અંચળો પહેરાવે છે અને જે વલણ પશ્ચિમના દેશોમાંથી પણ હજી પૂરું અદૃશ્ય થયું નથી; અને એ રીતે સમજી શકાય છે મહાન રાષ્ટ્રીય વંશો અને અનુગામીઓ માટે એમની નિર્જીવ ક્ષણોમાં અને એમના પતન વખતે પણ લોકોની એમની પ્રત્યેની દૃઢ અને આવેશપૂર્ણ ભકિત.

પરંતુ રાષ્ટ્ર-વિકાસનું આ રાજાશાહી આંદોલન, એના વિશિષ્ટ ક્ષેત્રમાં ગમે તેટલું પ્રશંસનીય હતું તો પણ એ પ્રજાના આંતરિક સ્વાતંત્ર્યના ઉચ્છેદન સાથે એવી ઘાતક રીતે સંકળાયેલું છે કે આધુનિક માનસને કુદરતી રીતે — જોકે અવૈજ્ઞાનિક રીતે જૂની રાજાશાહીના આધિપત્ય અને એનાં વલણોનો ન્યાય કરવામાં કઠોર બનાવે છે. કારણ કે સર્વદા એકાગ્રતા, સુબદ્ધતા, એકરૂપતા, દૃઢ અંકુશ અને એકદેશીયતાની આ સ્થિતિ છે; એક વ્યાપક કાનૂન, તંત્ર અને

---

૧. હવે એને સ્થાને આવ્યું છે આધ્યાત્મિક અને રાજકીય આધિપત્ય—અર્ધા દેવતાઈ ફૂહરરની નેતાગીરીમાં કે જે જાણે એના પોતાનામાં જાતિના વ્યકિતત્વને સદેહ બનાવે છે.

૨. એ નોંધ લેવા જેવું છે કે ચીનમાં આધુનિક માનસના લોકશાહી આદર્શને પણ 'નેતા'ની આજુબાજુ, એક સુન-યાટ-સેન કે ચીઆન્ગ-કાઈ-શેકની આજુબાજુ સ્થૂલ રૂપે ગોઠવવું પડયું છે. પ્રેરણાના બળ માટે એને જીવન્ત કેન્દ્રની શકિત પર આધાર રાખવો પડયો છે.

કેન્દ્રીય સત્તાની આવશ્યકતા એણે પૂરી કરવાની છે અને તેથી એનામાં સત્તાને કેન્દ્રિત કરી અમલમાં મૂકવાનું, સ્વતંત્રતાને અને વિવિધતાને સંકુચિત કરવાનું કે દબાવી દેવાનું જેમ હોવું જોઈએ છે ઇંગ્લૅન્ડમાં એડવર્ડ ચોથાથી ઇલિઝાબેથ સુધીનો ફ્રાન્સમાં હેન્રી ચોથાથી લૂઈ ચૌદમા સુધીનો મોટો બુરબાં (Bourbon) સમય, સ્પેઈનમાં ફર્ડિનાન્ડથી ફિલિપ બીજા લાંબો યુગ, રૂશીઆમાં મહાન પીટર અને કાથેરીનનો અમલ એ સમય હતો કે જેમાં આ રાષ્ટ્રો એમની પરિપકવતાએ પહોંચ્યાં, પૂરાં રચાયાં, એમની રાષ્ટ્રભાવના એમણે સુદૃઢ કરી અને મજબૂત વ્યવસ્થા સિદ્ધ કરી. આ બધા સમય એકહથ્થુ રાજ્ય સત્તાના અથવા તો એ દિશા તરફ પ્રગતિના અને એકરૂપતાની અમુક પ્રતિષ્ઠાના કે એને માટે પ્રયત્નના હતા, આ એકહથ્થુ સત્તાના સિદ્ધાંતે રાજ્ય અને પ્રજાના જીવન, વિચાર અને વિવેક ઉપર પોતાના સંકલ્પ જડી દેવાના હક્કના પુરાણા લેબાસમાં ઢંકાયેલા અને ફરી સજીવન થતા વિચાર પર પ્રજાને એક, એકાકી, અવિભક્ત, પૂર્ણરીતે ક્ષમતાવાળી અને સુસંચાલિત મન અને દેહવાળી બનાવવા માટેના આદર્શો રૂપી વાઘા પહેરાવ્યા.[૧]

આ દૃષ્ટિબિંદુથી આપણે કારણસહ ટ્યુડરો અને સ્ટુઅર્ટોના પ્રજા પર રાજાશાહી સત્તા અને ધાર્મિક એકરૂપતા બન્ને સ્થાપવાના પ્રયાસને, ફ્રાન્સમાં થયેલાં ધાર્મિક યુદ્ધોને, સ્પેઇનમાં કૅથોલિક રાજાશાહી અને એની ધર્મપરીક્ષાની ઘાતકી રીતિને અને રૂશીઆમાં ઝારના આધિપત્ય નીચે એકહથ્થુ રાષ્ટ્રીય ધર્મ-સંસ્થાન ઠોકી બેસાડવાની દમનનીતિના સંકલ્પને સમજી શકીશું. આ પ્રયાસ ઇંગ્લૅન્ડમાં નિષ્ફળ ગયો કારણ કે ઇલિઝાબેથ પછી એની કોઈ આવશ્યકતા રહી નહિ; કારણ કે રાષ્ટ્ર બરાબર મજબૂત રચાયું હતું, અને એ બહારના આક્રમણનો સામનો કરી શકે એવું સુસજ્જ થઈ ગયું હતું. બીજે કૅથોલિક અને પ્રોટેસ્ટંટ બન્ને દેશોમાં એ રીત સફળ નીવડી, અને ક્વચિત્ પોલૅન્ડ જેવા કિસ્સામાં બન્યું તેમ જ્યાં આ ચળવળ ચાલી શકી નહિ કે નિષ્ફળ નીવડી ત્યાં પરિણામ અનર્થકારક આવ્યું. સાચે જ બધે એ માનવ-આત્મા પર અત્યાચાર હતો, પરંતુ એ માત્ર રાજાઓની દુષ્ટતાને કારણે ન હતો; એ રાજનૈતિક અને યાંત્રિક સાધનોથી રાષ્ટ્ર-ઐક્યની રચનામાં એક આવશ્યક ગાળો હતો. જો એણે યુરોપમાં કેવળ એક ઇંગ્લૅન્ડ દેશને છોડી દીધો કે જ્યાં સ્વાતંત્ર્ય કુદરતી ક્રમે આગળ વધ્યું તો એનું કારણ હતું. બેશક મહદંશે, એ પ્રજાના ખમીરવંતા ગુણો અને વિશેષ કરીને એનો ભાગ્યવાન ઇતિહાસ અને દ્વૈપીય પરિસ્થિતિ.

---

૧. હવે રૂશીઆ, જર્મની અને ઈટાલીમાં આશ્ચર્યકારક સંપૂર્ણતાએ પહોંચેલી એકાધિકારિતા—સર્વગ્રાહી સત્તાધીશોનો વિચાર.

રાજાશાહી રાજ્યે, રાષ્ટ્રીય વિકાસના આ તબક્કામાં, માણસની ધાર્મિક સ્વતંત્રતાને કચરી નાખી અને પોતાને આધીન કરેલા અને શાન્ત પાડી દીધેલા ધર્મસંસ્થાનને રાજાશાહીના દૈવી હક્કોનું સમર્થન કરવા ફરજ પાડી; ધર્મને રાજ્યનો પરિચારક બનાવ્યો. એણે ઉમરાવોની સ્વતંત્રતાઓનો નાશ કર્યો અને એમની પદવી અને અમુક હક્કો રહેવા દીધાં અને તે પણ એ પૂરતાં કે એ રાજાના પ્રાબલ્યનું સમર્થન કરતા રહે. ઉમરાવો સામે મધ્યમ વર્ગનો ઉપયોગ કર્યા બાદ જ્યાં બની શક્યું ત્યાં તેમની સાચી અને નાગરિક સ્વતંત્રતાઓને હણીને એમના કેટલાક હક્કો અને અધિકારો દેખાવ પૂરતા રહેવા દીધા. પ્રજા માટે તો કોઈ સ્વતંત્રતાઓ હતી જ નહિ કે જેનો નાશ કરવાનો રહ્યો હોય. આમ રાજાશાહી રાજ્યે સમગ્ર રાષ્ટ્રીય જીવનને એની પોતાની પ્રવૃત્તિમાં એકાગ્ર કર્યું. ધર્મસંસ્થાએ એની સેવા કરી નૈતિક બળથી, ઉમરાવોએ એમની લડાયક પરંપરા અને શકિતથી નાગરિકોએ એમના ધારાશાસ્ત્રીઓના બુદ્ધિચાતુર્યથી, વિદ્વાનો, વિચારકો અને આ જન્મ વ્યાપારિક શકિતવાળાઓની સાહિત્યિક અને વહીવટી વિચક્ષણતાથી; પ્રજાએ કર ભર્યા અને રાજાશાહીની વ્યકિતગત અને રાષ્ટ્રીય મહેચ્છાઓ પૂરી કરવા પોતાનું લોહી રેડયું. પરંતુ આ બધા મજબૂત ઈમારત અને વસ્તુઓનું સુશ્લિષ્ટ સંયોજન એના સાફલ્યથી જ શાપિત હતું અને એક સપાટે તૂટી પડવા કે નવી આવશ્યકતાઓ કે તંત્રો સમક્ષ વત્તી કે ઓછી નામરજીથી પોતાના સ્થાનનો પરિત્યાગ કરવા પહેલેથી સર્જાયું હતું. એને સહન કરવામાં આવ્યું અને એને ટેકો આપવામાં આવ્યો જ્યાં સુધી રાષ્ટ્રને જાણ્યે કે અજાણ્યે એની જરૂર કે ઉપયુકતતા લાગતી હતી; અને એક વખત એ પૂરી થઈ કે અટકી પડી કે તરત અનિવાર્ય રીતે એ જૂનો પ્રશ્ન ફરી ઊભો થયો કે જે ત્યાં સુધીમાં પૂરો સભાન થયો હતો, અને વધુ વખત દબાવી શકાય કે કાયમી રોકી શકાય એવો રહ્યો ન હતો. જૂના તંત્રને શૂન્યવત્ બનાવીને રાજાશાહીએ પોતે જેની ઉપર સ્થપાઈ હતી તે પ્રતિષ્ઠાનો જ નાશ કર્યો હતો. ધર્મસંસ્થાનના પૂજાવિધાન, ઉપદેશ અને શાપ અંગેની પાદરીઓની સત્તા સામે આધ્યાત્મિક સિદ્ધાંતો પર પડકાર થયા પછી એને લૌકિક સાધનોથી, તલવારથી અને કાયદાથી ટકાવી શકાઈ નહિ; ઉમરાવશાહીએ એના હક્કો સાચવ્યા પરંતુ એની ઉપયોગિતા ખોઈ બેસવાથી એ એના નીચલા સ્તરની પ્રજા માટે દ્વેષપાત્ર બની ગઈ; અને કૌશલ્યના ભાનવાળા, સામાજિક અને રાજનૈતિક હીનાવસ્થાથી રોષે ભરાયેલા અને એમના વિચારકોની વાણીથી જાગૃત થયેલા નાગરિકોએ બળવાની આગેવાની લીધી અને પ્રજાને મદદે બોલાવી; મૂક, ત્રસ્ત દુ:ખી પ્રજા આ નવો ટેકો જે એમને પહેલાં ન હતો, તે મળતાં ઊઠી અને આખા સામાજિક શ્રેણીબંધને ઊથલાવી પાડયો. આમ થયું જૂના

જગતનું પતન અને થયો એક નવા યુગનો જન્મ.

આપણે આ મહાન ક્રાંતિકારક ચળવળની આંતરિક ઉપયુકતતા જોઈ લીધી છે. રાષ્ટ્રીય ઐક્યની રચના થાય છે અને થયા પછી અસ્તિત્વમાં રહે છે તે કેવળ અસ્તિત્વને ખાતર નહિ; એનું પ્રયોજન છે માનવસમૂહને વધુ મોટા ઢાંચામાં ઢાળવાનું કે જેમાં જાતિ સમસ્ત, નહિ કે માત્ર વર્ગો અને વ્યકિતઓ, એના પૂર્ણ વિકાસ પ્રત્યે આગળ વધી શકે. જ્યાં સુધી રચનાનું કામ ચાલતું હોય છે, ત્યાં સુધી વધુ વિશાળ વિકાસને પાછળ રાખવામાં આવે છે અને અધિકાર અને શાસન પ્રથમ મહત્ત્વની વસ્તુ તરીકે સ્વીકારવામાં આવે છે, પરંતુ સમૂહ એના અસ્તિત્વ વિષે નિશ્ચિત થઈ જાય છે અને આંતરિક વિકાસ માટે તૈયાર થાય છે ત્યારે નહિ. ત્યારે તો જૂનાં બંધનો તૂટવાં જોઈએ; રચનાનાં સાધનોનો વિકાસના માર્ગમાં અંતરાયો તરીકે ત્યાગ થવો જોઈએ. ત્યારે સ્વતંત્રતા, જાતિનો ધ્યેયમંત્ર બને છે. ધર્માધિકૃત મંડળ કે જેણે નવા વિચાર અને નવી નીતિ અને નવા સામાજિક વિકાસને દાબી દીધાં હતાં તેની પાસેથી એની એકહથ્થુ સત્તા આંચકી લેવી પડે છે કે જેથી માણસ માનસિક અને આધ્યાત્મિક રીતે મુકત થઈ શકે. રાજા અને ઉમરાવોના ઈજારા અને ખાસ હક્કોનો નાશ કરવામાં આવે છે કે જેથી બધા લોકો રાષ્ટ્ર-શકિત, સમૃદ્ધિ અને પ્રવૃત્તિમાં ભાગ લઈ શકે અને છેલ્લે નાગરિકોના મૂડીવાદને એવી આર્થિક રચનામાં સંમત થવા સમજાવવો પડે છે કે ફરજ પાડવી પડે છે કે જેમાં દુઃખ દારિદ્ર્ય અને શોષણ નિર્મૂળ થઈ જાય અને સમાજની રિદ્ધિસિદ્ધિમાં, એને પેદા કરવામાં સહાય કરનાર સર્વ, સમાનતાથી ભાગ લઈ શકે. દશે દિશાએ, માણસોએ પોતાના પોતમાં આવવાનું છે, એમની અંદરની માનવતાની પ્રતિષ્ઠા અને સ્વતંત્રતા સિદ્ધ કરવાની છે અને એમની પૂરી શકિતને એની ચરમ સીમા સુધી રમતી કરવાની છે.

કારણ કે સ્વતંત્રતા પ્રર્યાપ્ત નથી, ન્યાય પણ આવશ્યક છે અને એ ચાંપતી માગણી કરી રહ્યો છે; સમાનતા માટે પોકાર ઊઠે છે. અવશ્ય, સદંતર સમાનતા આ જગતમાં અસ્તિત્વમાં નથી; પરંતુ એ શબ્દ જૂના સામાજિક તંત્રની અન્યાયી અને બિનજરૂરી અસમાનતાની સામે મંડાયો છે. ન્યાયવાન સમાજતંત્રમાં, સર્વને સમાન તક હોવી જ જોઈએ, સર્વને એમની શકિતઓને વિકસિત કરવા માટે સરખી કેળવણી અને એમનો સરખો ઉપયોગ કરવાની તક મળવી જોઈએ, અને બની શકે ત્યાં સુધી સામૂહિક જીવનના ફાયદાઓમાં, જે કોઈ એના અસ્તિત્વ, ક્ષેમ અને વિકાસમાં એમની શકિઓના ઉપયોગથી ફાળો આપતા હોય તે સર્વનો, હક્ક તરીકે, સરખો ભાગ હોવો જોઈએ. જેમ આપણે જોયું છે તેમ. આ આવશ્યકતા સર્વસામાન્ય સંકલ્પને આવિર્ભૂત

કરતી સમજદાર અને ઉદ્દાત્ત કેન્દ્રીય સત્તાની દોરવણી અને સહાયથી ઐચ્છિક આદર્શનું રૂપ લઈ શકી હોત, પરંતુ એ પાછી વળી છે સર્વાધીશ અને કાર્યક્ષમ રાજ્યના જૂના વિચાર તરફ—હવે રાજાશાહી, ધર્માધિકારી કે ઉમરાવશાહી પદ્ધતિ પ્રત્યે નહિ પરંતુ ઇહલૌકિક, લોકશાહી અને સમાજવાદી પદ્ધતિ પ્રત્યે—સમાનતા અને ક્ષમતાની વેદી પર સ્વતંત્રતાને હોમીને. આ પ્રતિક્રિયાનાં ચૈતસિક કારણો આપણે હમણાં નહિ વિચારીએ. કદાચ સ્વતંત્રતા અને સમાનતા, સ્વતંત્રતા અને સત્તા, સ્વતંત્રતા અને શાસનતંત્રની ક્ષમતા વચ્ચે કયારેય સંતોષકારક સમાધાન નહિ થઈ શકે જયાં સુધી માણસ, વ્યકિતરૂપે કે સમૂહરૂપે અહંભાવમાં જીવે છે, જયાં સુધી એનામાં મહાન આધ્યાત્મિક અને ચૈતસિક પરિવર્તન થઈ શકતું નથી અને માણસ કેવળ સામાજિક સહજીવનથી આગળ વધી, ક્રાન્તિવાદી ફ્રેન્ચ ચિંતકોએ કોઈ સૂક્ષ્મ આંતરિક પ્રેરણાથી એમના સ્વતંત્રતા અને સમાનતારૂપી બે આદર્શોમાં ઉમેરેલો ત્રીજો અને સૌથી મોટો આદર્શ—જે જોકે અત્યારે તો હજી માણસના હોઠ પર ખાલી શબ્દ છે તે—બંધુતાના આદર્શ પ્રત્યે અથવા તો ઓછી લાગણીપ્રધાનતા અને વધુ સચ્ચાઈથી કહીએ તો આંતરિક એકતા પ્રત્યે આરોહણ ન કરે. એ આંતરિક એકતા કોઈ સામાજિક, રાજકીય કે, ધાર્મિક તંત્રે અત્યાર સુધી સર્જી નથી કે કદી સર્જી શકશે; એણે આત્મામાં જન્મ લેવો પડશે અને અંદરના ગૂઢ અને દિવ્ય ઊંડાણમાંથી ઉપર આવવું જોઈશે.

# આંતરરાષ્ટ્રીય એકતા પ્રત્યે પ્રથમ પગલાની શકયતા–એની અસાધારણ મુશ્કેલીઓ

ખરેખર તો વધતી જતી આંતરિક આવશ્યકતા અને વિચારના દબાણ નીચે પરંતુ રાજકીય, આર્થિક અને સામાજિક બળો, તંત્રો અને સાધનોથી થએલા રાષ્ટ્ર-ઐકયના વિકાસનો અભ્યાસ આપણને એ પ્રગતિ બતાવે છે કે જેની શરૂઆત થઈ શિથિલ રચનામાંથી, જેમાં ભિન્ન ભિન્ન તત્ત્વો એકીકરણ માટે ભેગાં કરવામાં આવ્યાં હતાં, જે કડક એકત્રિતતાથી અને જબરજસ્તી દ્વારા આગળ વધી, જેમાં સભાન રાષ્ટ્રીય અહંભાવનો વિકાસ થયો, એ મજબૂત થયો અને એને એક કેન્દ્ર અને એના સદેહ જીવન માટે સાધનો પૂરાં પાડવામાં આવ્યાં અને ત્યાંથી એણે બહારના દબાણથી મુકત, ભરોસાપાત્ર જુદા અસ્તિત્વ અને આંતરિક એકતાના આખરી સમયમાં પ્રવેશ કર્યો—જેમાં સ્વતંત્રતા અને રાષ્ટ્રીય જીવનના લાભોમાં સર્વને માટે સક્રિય અને વધુ ને વધુ પ્રમાણમાં સમાન ભાગ શકય બન્યાં. જો માનવજાતિની એકતા, રાષ્ટ્રની એકતામાં બન્યું તે જ સાધનો અને સંસ્થાઓ અને તેવી જ રીતે લાવવાની હોય તો આપણે એ અને એ જ માર્ગે આગળ વધવાની અપેક્ષા રાખી શકીએ. કંઈ નહિ તો એ જ સંભવિતતા નજરે પડે છે અને તે એ કુદરતી કાનૂન સાથે સુસંગત જણાય છે કે સર્વ સર્જન એક શિથિલ સમૂહમાંથી શરૂઆત કરે છે, શકિતઓ અને દ્રવ્યોના વધુ કે ઓછે અંશે ચોક્કસ ઘાટ વગરના તરંગ રૂપે, અને પછી સંકોચન, બંધન અને સુઘટ્ટનથી એક દેહરૂપ બને છે કે જેમાં જીવનનાં વિવિધ રૂપોનો સમૃદ્ધ વિકાસ નિર્ભિક રીતે શકય બને છે.

જો આપણે જગતની વાસ્તવિક સ્થિતિનો અને એની નિકટની શકયતાઓને વિચાર કરીએ, તો જોઈશું કે શિથિલ રચના અને અપૂર્ણ અમલનો પહેલો કાળ અનિવાર્ય છે. ન તો માનવજાતિની બૌદ્ધિક તૈયારી કે ન તો એની ભાવનાઓનો વિકાસ કે ન તો આર્થિક અને રાજકીય બળો અને સંયોગો કે જે એને ગતિમાન

કરે છે અને જેમાં એ રચીપચી રહે છે તે, આંતરિક પ્રેરણા કે બહારના દબાણની, એ કક્ષાએ પહોંચ્યાં છે કે જેથી આપણે આપણા જીવનનો પાયો સંપૂર્ણ રીતે બદલાઈ જવાની કે પૂર્ણ કે સાચી એકતાની સ્થાપનાની આશા રાખવી યોગ્ય ગણાય. હજી સાચી બાહ્ય એકતા પણ થઈ શકે એમ નથી; એથીયે ઓછી શકયતા છે ચૈતસિક એકતાની. એ સાચું છે કે એવી કોઈ શકયતા અને જરૂરતની ઝાંખી લાગણી ત્વરાથી વધતી જાય છે અને યુદ્ધે શીખવેલા પ્રત્યક્ષ પાઠે ભાવિના એ ગુરુમંત્રને એની ગર્ભાવસ્થામાંથી, જ્યાં એ થોડા શાન્તિવાદીઓ અને આંતરરાષ્ટ્રીય આદર્શ-વાદીઓની ઉદાર અવાસ્તવિકતાથી કંઈ જ વધુ ન હતો ત્યાંથી બહાર આણ્યો છે. એ વાતનો સ્વીકાર કરવામાં આવ્યો હતો કે એ ગુરુમંત્રે પોતાની અંદર કોઈ શકિત સંગૃહીત કરી છે કે જે સમય પાકતાં વાસ્તવિક રૂપ લેશે, અને જે માણસો એને બુદ્ધિપ્રધાન ધૂનીઓની ધૂન રૂપે તિરસ્કૃત કરતા તેમના અવાજમાં હવે એટલું જોર નથી રહ્યું કે નથી રહ્યો વિશ્વાસ, કારણ કે એ અવાજને એટલો સધ્ધર ટેકો નથી રહ્યો સામાન્ય માણસની સમજશકિતનો,—ભૌતિક માનસની એ ટૂંકી દૃષ્ટિવાળી સમજશકિત કે જેને તાત્કાલિક વસ્તુતાઓ માટે જોરદાર લાગણી હોય છે. અને ભવિષ્યની શકયતાઓ પ્રત્યે સંપૂર્ણ અંધાપો હોય છે. પરંતુ આ યુગના બુદ્ધિપ્રધાન માણસોએ સામાન્ય માણસોના માનસને ફરી ઘડવા માટે તૈયાર કરેલા વધુ પ્રભાવક વિચાર માટે હજી પૂરતી લાંબી બૌદ્ધિક તૈયારી થઈ નથી, તેમજ અત્યારની પરિસ્થિતિઓ સામે કોઈ જોરદાર બળવો પણ એકાગ્ર થયો નથી કે જે મનુષ્યોના મોટા સમૂહો માટે એક આદર્શના આવેગ અને જાતિના નવા સુખની આશાના જોરે વસ્તુઓની વર્તમાન ગોઠવણીને ભાંગીને સંઘજીવનની નવી પદ્ધતિ રચવાનું શકય બનાવે. બીજી દિશામાં, આવી બૌદ્ધિક તૈયારી અને બળવા માટે શકિતસંગ્રહ થયો છે; એમાં યુદ્ધે ત્વરિત પરિવર્તનકારક શકિતરૂપે કામ કર્યું છે અને આપણને લોકશાહી ન પણ હોય એવા રાષ્ટ્રીય સમાજવાદની વધુ નિકટ આણ્યા છે. પરંતુ આંતરરાષ્ટ્રીય એકી-કરણના જોરદાર આંદોલન માટે આવા કોઈ સાનુકૂળ સંયોગોની પૂર્વ તૈયારીઓ થઈ નથી. કોઈ વ્યાપક અને પ્રબળ આદર્શની મોટી અને અસરકારક ચળવળ સામૂહિક રૂપે ફાટી નીકળશે એમ સકારણ રીતે કહી શકાય એમ નથી. તૈયારીઓ શરૂ થઈ હોય, હમણાંના બનાવોથી એ વધુ પ્રમાણમાં સહેલી અને ત્વરિત બની હોય, પરંતુ એ હજી એમની પ્રાથમિક અવસ્થામાં છે.

આવા સંયોગોમાં જગતના જે બુદ્ધિપ્રધાન માણસો આંતરરાષ્ટ્રીય જીવનની સમગ્ર પદવીનું સર્વગ્રાહી અને આમૂલ પુનર્વિધાન સર્વસામાન્ય સિદ્ધાન્તો પ્રમાણે કરવા માગે છે, તેમને સિદ્ધિ એકદમ પ્રાપ્ત થાય એમ લાગતું નથી. આવાં પરિવર્તનનો શકય બનાવે એવો વ્યાપક સર્જનાત્મક માનવ-આશાવાદ

ફાટી ન નીકળે ત્યાં સુધી વિચારકોના ખ્યાલો પ્રમાણે ભાવિ નહિ રચાય પરંતુ રાજનીતિજ્ઞોના વ્યવહારુ માનસ પ્રમાણે રચાશે કે જે ચાલુ સામાન્ય વિચારો અને સ્વભાવનું પ્રતિનિધિત્વ કરે છે અને શકય હોય એવું વધુમાં વધુ નહિ પરંતુ ઓછામાં ઓછું સિદ્ધ કરે છે; માણસોના મોટા સમૂહનું સામાન્ય માનસ, જોકે આવા વિચારો સાંભળવા તૈયાર હોય છે કે જેને માટે એને તૈયાર કરવામાં આવ્યું હોય અને આ કે તે વિચારને પક્ષપાતી ઝનૂનથી ઝડપી લેવા ટેવાયેલું હોય છે, છતાં તે હજી એના કાર્યમાં વિચારોથી નહિ પરંતુ હિતો, આવેશો અને પૂર્વગ્રહોથી દોરાય છે. રાજકારણીઓ અને રાજધુરીણો, અને જગત રાજકારણીઓથી ભરાઈ ગયું છે પરંતુ રાજધુરીણોથી બહુ ખાલી પડયું છે — માનવસમૂહના આ મધ્યમ પ્રકારના માનસ પ્રમાણે વર્તે છે, એક એનાથી દોરાય છે, બીજાએ સર્વદા એને એની ગણતરીમાં મુખ્ય સ્થાન દેવું પડે છે અને જેને એ ચાહે ત્યાં દોરી શકતો નથી, સિવાય કે એ એવો મહાપ્રતિભાવાન અને શકિતમાન પુરુષોમાંનો એક હોય કે જેણે પોતાની અંદર વિશાળ મન અને કલ્પનાની કાર્યસાધક અને મનુષ્યો પર પ્રભાવ પાડે એવી બંને શકિતઓને એક સાથે સંગૃહીત હોય. તે ઉપરાંત રાજકીય માનસમાં એની પોતાની એક ઊણપ, સમૂહના માનસની સામાન્ય ઊણપોથી વધારાની હોય છે, હતી તેવી સ્થિતિ (Status quo) માટે એનામાં સામાન્ય માણસોના કરતાં પણ વધારે માન હોય છે, જેથી એ જેમાં ભૂતકાળની સ્થિતિનો ત્યાગ કરવો પડે એવા મોટા સાહસમાં પડવા અનુત્સુક, અને અનિશ્ચિત અને નૂતનમાં ધસી જવાને અશકત હોય છે. એ કરવા માટે એને સામાન્ય લોક મતથી કે ભારે હિતો દ્વારા ફરજ પડવી જોઈએ અથવા તો એ પોતે તે સમયના માનસિક વાતાવરણમાં જામેલા ઉત્સાહની માંત્રિક અસર નીચે આવી ગયો હોવો જોઈએ.

જો રાજકીય માનસ પોતાની મેળે જ કામ કરતું રહેવાનું હોય તો ઇતિહાસમાં સૌથી મોટા આંતરરાષ્ટ્રીય વિપ્લવમાંથી સરહદોના ફેરફાર, સત્તા અને સંપત્તિનું પુનર્વિભાજન અને આંતરરાષ્ટ્રીય, વ્યાપારિક અને અન્ય સંબંધોના ઇચ્છનીય કે અનિચ્છનીય થોડા વિકાસો કરતાં કંઈ વધુ બનવાની આપણે આશા ન રાખી શકીએ. આ એક ખતરનાક શકયતા છે કે જે વધુ ખતરનાક વિપ્લવો પ્રત્યે દોરી જાય છે, જેની સામે દુનિયાનું ભાવિ,— જ્યાં સુધી એ પ્રશ્ન ઉકેલાયો નથી ત્યાં સુધી — સુરક્ષિત નથી. આમ છતાં કારણ કે માનવકુલનું મન ખૂબ સંચલિત થયું છે અને એની લાગણીઓ જોરપૂર્વક જાગૃત થઈ ગઈ છે, અને એનું એ ભાન પણ ખૂબ વ્યાપક બની ગયું છે કે વસ્તુઓની જૂની પ્રતિષ્ઠા હવે સહ્ય નથી રહી અને પરસ્પર ભય અને સંકોચથી, બિનઅસરકારક મધ્યસ્થીની સંધિઓ અને હેગનાં ન્યાયાલયો અને યુરોપી મિત્રરાજ્યોના મંડળના મૂર્ખાઈભર્યા

કજિયાથી અંકુશમાં રહેલા રાષ્ટ્રીય અહંભાવોના ચક્ર પર સ્થાપિત આંતરરાષ્ટ્રીય સમતુલાની અનીચ્છનીયતા હવે તો રાજકીય માનસ માટે પણ સ્પષ્ટ થઈ ગઈ હશે, એટલે આપણે આશા રાખી શકીએ કે આને પરિણામે જૂની રચનાના નૈતિક પતનમાંથી નવી રચના માટે કોઈ ગંભીર પ્રયત્ન કરવામાં આવશે. યુદ્ધે જગાડેલા આવેશો, ધિક્કારો અને રાષ્ટ્રીય સ્વાર્થી આશાઓ માર્ગમાં મોટા અંતરાયો રૂપ બને અને આવી કોઈ શરૂઆતને સહેલાઈથી વ્યર્થ કે અલ્પજીવી બનાવે. પરંતુ, બીજું કંઈ નહિ તો, વિગ્રહની તંગ સ્થિતિ નરમ પડયા પછી પેદા થતો થાક, અને આંતરિક પ્રતિક્રિયા, નવા વિચારોને, લાગણીઓને, શકિતઓને અને ઘટનાઓ કે જે આ ઝેરીલી અસરનો સામનો કરે તેમને આગળ વધવાનો સમય આપે એવો સંભવ છે.[1]

એ છતાં આપણે જેની વધુમાં વધુ આશા રાખી શકીએ તે પણ બહુ થોડા માટે હોવી જોઈએ. રાષ્ટ્રોના આંતરિક જીવનમાં, યુદ્ધની અંતિમ અસરો પ્રબળ અને ધરમૂળની થયા વિના રહે એમ નથી, કારણ કે ત્યાં બધું તૈયાર છે, ત્યાં પહોંચતું દબાણ બહુ ભારે છે અને એ દબાણ ખસી જતાં વિપ્રસારણનું પરિણામ પણ એ જ પ્રમાણે મોટું થશે; પરંતુ આંતરરાષ્ટ્રીય જીવનમાં આપણે સારી અપેક્ષા રાખીએ માત્ર અમુક થોડામાં થોડા પરંતુ ધરમૂળના પરિવર્તનની, કે જે ગમે તેટલું નાનું હોય તો પણ જે પાછું વાળી ન શકાય એવું નવપ્રસ્થાન પુરવાર થાય, ભાવિ વિકાસની અનિવાર્યતાની બાંહેધરી આપે એવી પર્યાપ્ત પ્રાણશકિતના બીજરૂપ નીવડે. જો ખરેખર આ જગદ્-વ્યાપી વિગ્રહના અંત પહેલાં યુરોપના સર્વસામાન્ય માનસને બદલી નાખે, એના રાજકર્તાઓના વામણા વિચારોને વધુ ઊંડા બનવા ફરજ પાડે, અને આમૂલ પરિવર્તનની આવશ્યકતાનું અત્યાર સુધી થયું છે તેથી વધુ વ્યાપક ભાન જગાડે એવા બનાવ બન્યા હોત તો, વધારે આશા રાખી શકાત; પરંતુ જેમ મહાન સંગ્રામનો અંત વધુ નિકટ આવતો ગયો તેમ, આવો કોઈ સંભવ બહાર ન આવ્યો; એ ઉત્ક્રાન્તિકારક કાળ કે જેમાં આથી સંક્રાન્તિ દરમિયાન માણસોના

---

૧. યુદ્ધના અંત પહેલાં ૧૯૧૬માં લખાયેલું. આ વધુ સુખદાયી શકયતા એકદમ સિદ્ધ ન થઈ, પરંતુ વધતી જતી અસ્થિરતા, અંધાધૂંધી અને આફતોએ,—જો અર્વાચીન સભ્યતાનું રકતપાત અને વિપ્લવમાં પતન થવાનું હોય તો—કોઈ નવી આંતરરાષ્ટ્રીય પદ્ધતિનું સર્જન અત્યાવશ્યક બનાવ્યું છે. આ આવશ્યકતાનું પ્રથમ પરિણામ છે 'રાષ્ટ્રસંઘ'નું સર્જન અને પછી 'સંયુકત રાષ્ટ્રસંગઠન' કે જે બેમાંથી એકેય રાજકીય દૃષ્ટિએ બહુ સંતોષકારક પુરવાર નથી થયું, પરંતુ હવે આગળ માટે આવું કોઈ સંયોજિત કેન્દ્રીય તંત્ર અપરિહાર્ય તો બન્યું છે.

કાર્યસાધક વિચારો અને વલણો સર્જાય છે, તે કાળ કોઈ મહાન અને ગહન પ્રોત્સાહનને સર્જ્યા વિના પસાર થઈ ગયો. માત્ર બે વસ્તુઓ થઈ કે જેની લોકોના મન પર જોરદાર અસર થઈ હતી. પ્રથમ કે આવી વિસ્તૃત આપત્તિના શક્ય પુનરાવર્તન સામે ઉગ્ર પ્રકોપની લાગણી જન્મી; એથી યે વધુ જોરથી અસર કરતી હતી એ ઉત્પાતે માણસોના આર્થિક જીવનમાં આણેલી અસાધારણ અવ્યવસ્થાને રોકવાનાં સાધનો શોધવાની આવશ્યકતાની લાગણી. એટલે, આ બે દિશાઓમાં કોઈ સાચા વિકાસની અપેક્ષા રાખી શકાય; કારણ કે જો એ સર્વસામાન્ય અપેક્ષાઓ અને ઇચ્છાઓને સંતોષવાની હોય તો, આટલો પ્રયાસ કરવો જ જોઈએ, અને જો એમની સાથે ચેડાં કરવામાં આવશે તો એ યુરોપની રાજકીય સમજદારીની નાદારી ગણાશે. એવી નિષ્ફળતા એમની સરકારો અને શાસક વર્ગોની નૈતિક અને બૌદ્ધિક નિર્વીર્યતા પુરવાર કરશે અને આખરે યુરોપીઅન લોકોને એમની અત્યારની સંસ્થાઓ અને આંધળી અને સુકાન વગરની વર્તમાન નેતાગીરી સામે બળવો કરવા ઉશ્કેરી મૂકશે.

એટલે એવા કોઈ પ્રયાસની આશા રાખવાની જ હતી કે જે યુદ્ધને ટુંકાવવાને અને નિયમમાં લાવવાનાં સર્વસ્વીકૃત અને કાર્યક્ષમ સાધનો પૂરાં પાડે, લડાયક સરંજામ પર અંકુશ સ્થાપે, જોખમવાળા ઝઘડાઓનો નિકાલ લાવે અને ખાસ કરીને,– જોકે આ વધુમાં વધુ મુશ્કેલ છે,– વ્યાપારી હેતુઓ અને હિતોના ઘર્ષણોને પહોંચી વળે કે જે અત્યારનાં યુદ્ધોને ફરી ફરી લઈ આવનું એકલું નહિ તો સર્વથી વધુ અસરકારક કારણ છે. જો આ નવી વ્યવસ્થા પોતામાં જ આંતરરાષ્ટ્રીય નિયમનનું બીજ સંઘરતી હશે, જો એ શિથિલ આંતરરાષ્ટ્રીય રચના પ્રત્યેનું પગલું પુરવાર થશે અથવા તો એમાં એનાં મૂળ તત્ત્વો કે શરૂઆતનું રેખાંકન કે પ્રથમ યોજના પણ હશે કે જેની પ્રત્યે માનવજાતિનું જીવન એના સંયુક્ત અસ્તિત્વ પ્રત્યે પહોંચવાના પ્રયત્નમાં વિકાસના ઢાંચા તરીકે વળી શકે તો, શરૂઆતમાં આ વ્યવસ્થા ગમે તેટલી પ્રાથમિક સિદ્ધાંતની કોટિની કે અસંતોષકારક લાગે એવી હોય તો પણ ભાવિ એમાં કોઈ એક વિશ્વસનીય પ્રત્યાશા લાવશે. એક વખત શરૂઆત થાય, એટલે માનવજાતિને એમાંથી પાછું વળવું અશક્ય થશે અને ગમે તેવી મુશ્કેલીઓ, નિરાશાઓ, પરિશ્રમો, પત્યાઘાતો, અંતરાયો કે ક્રૂર રુકાવટો આ વિકાસના માર્ગમાં આવતી રહે તો તેમણે પણ અંતે તો આખરી અને અનિરુધ્ય પરિણામમાં અંતરાયરૂપ થવાને બદલે સહાયક થવું પડશે.

છતાં, એવી આશા રાખવી વ્યર્થ છે કે આંતરરાષ્ટ્રીય એકતાનો સિદ્ધાંત શરૂઆતમાં સંપૂર્ણ રીતે અસરકારક થાય, કે આ શિથિલ રચના કે જે શરૂઆતમાં, અર્ધી નિહારિકા જેવી હશે તે ત્યાર પછીના ઝઘડા, સંઘર્ષ કે

વિગ્રહોને રોકી દે.[૧] મુશ્કેલીઓ બહુ મોટી છે. માણસોના મનને હજી પૂરતો અનુભવ નથી; એના શાસક વર્ગની બુદ્ધિ એ હજી જરૂરી પર્યાપ્ત ડહાપણ અને દીર્ઘદૃષ્ટિ પ્રાપ્ત કર્યાં નથી; લોકોના સ્વભાવે અપરિહાર્ય સ્ફુર્જિતાએ અને ભાવનાઓ કેળવી નથી. જે કોઈ વ્યવસ્થા કરવામાં આવશે તે રાષ્ટ્રીય અહંતાઓ, ક્ષુધાઓ, કામનાઓ, સ્વાગ્રહોના જૂના માર્ગે ચાલશે અને અતિ હાનિકારક વિગ્રહો અટકાવી શકાય એટલા પૂરતાં જ એમને નિયમમાં લાવવા પ્રયત્ન કરશે. પ્રથમ જે ઉપાયો અજમાવવામાં આવશે તે જરૂર અપર્યાપ્ત હશે કારણ કે જેમને સંયમિત કરવાની છે એ અહંતાઓને જ વધુ પડતું માન દેવામાં આવશે. સંઘર્ષનાં કારણો રહેશે; જે સ્વભાવ એને પેદા કરે છે તે જીવતો રહેશે, કદાચ થાકેલો અને થોડા વખત માટે એની પ્રવૃત્તિઓમાં ઢીલો પડેલો, પરંતુ એ આવેશોથી અવિમુકત એવો રહેશે; સંઘર્ષનાં સાધનો પર અંકુશ આવે પરંતુ એમને રહેવા દેવામાં આવ્યાં હશે. શસ્ત્રાસ્ત્રો પર સંનિયમન મુકાય પરંતુ એમનો નાશ નહિ થયો હોય; રાષ્ટ્રીય સૈન્યોનું સંખ્યાબળ ઓછું થયું હશે — કે જે એક ભ્રામક હદબંધી છે — પરંતુ એમને રાખવામાં આવશે; વિજ્ઞાન ત્યારે પણ ચતુરાઈથી સામૂહિક સંહારની વિદ્યાની સેવા કરતું હશે. યુદ્ધનો તો જ નાશ થાય જો રાષ્ટ્રીય સૈન્યોનો નાશ થાય અને ત્યારે પણ મુશ્કેલીથી એવા બીજા કોઈ તંત્રના વિકાસથી કે જે બનાવતાં હજી માનવજાતિને આવડતું નથી કે જે બની શકશે ત્યારે પણ કેટલાક વખત સુધી એને વાપરી શકશે નહિ કે વાપરવા રાજી નહિ હોય. અને રાષ્ટ્રીય સૈન્યોના નાશની કોઈ શકયતા નથી; કારણ કે દરેક રાષ્ટ્ર બીજાં સર્વ રાષ્ટ્રો ઉપર ઘણો જ અવિશ્વાસ રાખે છે, પ્રત્યેકને બહુ મોટી મહેચ્છાઓ અને ક્ષુધાઓ છે, સશસ્ત્ર રહેવાની જરૂર છે, જો બીજી કોઈ વસ્તુ માટે નહિ તો એનાં બજારો સાચવવા એ એના પ્રદેશો, વસાહતો અને આધીન પ્રજાઓને નીચે રાખવા. વ્યાપારિક મહેચ્છાઓ અને હરીફાઈઓ, રાજકીય અભિમાન સ્વપ્નો, લાલચો, અસૂયાઓ, જાણે કે કોઈ જાદુઈ દંડના સ્પર્શ માત્રથી અદૃશ્ય થઈ જવાનાં નથી — કેવળ એ કારણોથી કે યુરોપે લાંબા કાળથી પરિપકવ થતી આવેલી મહેચ્છાઓ, અસૂયાઓ અને ધિક્કારોની ગાંડી અથડામણમાં એની માણસાઈનો ભુક્કો કરી નાખ્યો અને ત્રણ વરસમાં દશકાઓની કમાણી યુદ્ધના ઊકળતા ચરુમાં ફગાવી દીધી. જાગૃતિ વધુ ઊંડે ઊતરવી જોઈશે, કર્મનાં મૂળ, વધુ શુદ્ધ મૂળ હસ્તગત કરવાં પડશે, રાષ્ટ્રોના ચિત્તંત્રનું દ્રવ્યાંતર થાય તે પહેલાં — એવી કોઈ અદ્‌ભુત, સમૃદ્ધ અને

---

૧. આ ભવિષ્યવાણી તે વખતે કરવી સહેલી હતી અને એનાં કારણોનું અનુમાન ત્યાર પછી બનેલા બનાવો અને એથીયે વધુ વિનાશકારી યુદ્ધે સાચું ઠેરવ્યું છે.

અજ્ઞાત વસ્તુમાં દ્રવ્યાંતર કે જે યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય સંઘર્ષોને આપણી દુ:ખી અને ઠોકરો ખાતી માનવજાતિના જીવનમાંથી નિર્મૂળ કરે.

રાષ્ટ્રીય અહંતા રહે, સંઘર્ષનાં સાધન રહે તો એનાં કારણો, સગવડો, બહાનાં કદી ખૂટશે નહિ. ચાલુ યુદ્ધ આવ્યું કારણ કે બધાં આગેવાન રાષ્ટ્રો લાંબા વખતથી એવી રીતે વર્તતાં હતાં કે જે એને અનિવાર્ય બનાવે; એ આવ્યું કારણ કે બાલ્કન ગોટાળો ચાલુ હતો અને નજીક પૂર્વની લાલચો અને વ્યાપારી અને વસાહતી હરીફાઈઓ હતી જેને અંગે ઉત્તર આફ્રિકામાં પ્રભાવી રાષ્ટ્રો કે જે શાન્તિકાળમાં પણ એમાંના એકે કે બીજાએ બંદૂક કે ગોળો ઉડાવ્યો તે પહેલાં એકત્રીજા સાથે ક્યારનાંયે અફળાયા કરતાં હતાં, સારા-જેવા અને બેલ્જિયમના માત્ર નિર્ણાયક સંયોગો હતા; મૂળ કારણો માટે આપણે આગાદીર અને આલ્જીશીરસ સુધી પાછળ જવું પડે છે. મોરોક્કોથી ટ્રીપોલી, ટ્રીપોલીથી થ્રેસ અને મેસેડોનીઆ; મેસેડોનીઆથી હર્ઝેગોવીના સુધી કારણો અને કાર્યોની અનવરોધ્ય ન્યાયાનુસાર એક વૈદ્યુત સાંકળ, જેને આપણે કર્મ કહીએ છીએ તે, એને પ્રજ્વલનીય બિંદુ મળ્યું ત્યાં સુધી એના માર્ગમાં ગૌણ ધડાકા કરતી દોડી અને એવો મોટો વિધ્વંસ પેદા કર્યો કે જેણે યુરોપને લોહી અને ખાંડીએરોથી ભરી દીધું છે. સંભવ છે કે બાલ્કન પ્રશ્ન બરાબર ઊકલી જાય; જોકે તે એટલું ચોક્કસ નથી, સંભવ છે કે જર્મનીનું આફ્રિકામાંથી આખરી નિષ્કાસન પરિસ્થિતિને નરમ બનાવે, એ ખંડને અત્યારે મિત્રો છે તે ત્રણ કે ચાર રાષ્ટ્રોના કબજામાં છોડી દેવામાં આવે એ રીતે. પરંતુ જર્મનીને નકશા પરથી ભૂંસી નાખવામાં આવે તો પણ અને એનો દ્વેષ અને એની મહેચ્છાઓ યુરોપીઅન ઘટક તરીકે બાદ કરવામાં આવે તો પણ ઝઘડાનાં મૂળ કારણો રહેશે. નજીકપૂર્વ અને દૂરપૂર્વનો એશીઅન પ્રશ્ન તો પણ રહેશે કે જે નવા સંયોગો અને નવાં રૂપ ધારણ કરે અને એનાં કારક તત્ત્વોને નવેસર ગોઠવે, પરંતુ એ એવાં જોખમોથી ભરેલો રહેશે કે જો એનું મૂર્ખતાથી સમાધાન કરવામાં આવશે કે એ એની મેળે ઊકલી જશે નહિ તો, એશીઆને હવે પછીના માનવસંઘર્ષના પ્રથમ ક્ષેત્ર કે ઉદ્‌ગમ સ્થાન તરીકે નિ:સંશય ગણી શકાશે. એ મુશ્કેલીનું સમાધાન થઈ જાય તો પણ જ્યાં રાષ્ટ્રીય અહંતા અને લાલસાની વૃત્તિ સંતોષ શોધે છે ત્યાં સંઘર્ષનાં નવાં કારણો અવશ્ય વિકસશે; અને જ્યાં સુધી એ વૃત્તિ જીવે છે ત્યાં સુધી એ તૃપ્તિ શોધશે જ અને ધરવ એને કદી સંતોષશે નહિ. વૃક્ષે એનું ઉચિત ફળ દેવું જ જોઈએ, અને પ્રકૃતિ સર્વદા ઉદ્યમી બાગવાન છે.

સૈન્યો અને શસ્ત્રાસ્ત્રોનું નિયંત્રણ એ તો ભ્રામક ઉપાય છે. આંતરરાષ્ટ્રીય નિયમનનાં અસરકારક સાધન મળી આવે તો પણ યુદ્ધની અથડામણી

શરૂ થતાં જ એ કામ કરતું અટકી પડશે. યુરોપી યુદ્ધે એ દેખાડી આપ્યું છે કે યુદ્ધ દરમિયાન આખા દેશને યુદ્ધ સરંજામ પેદા કરવાનું કારખાનું બનાવી શકાય છે અને શાન્ત માણસાઈને સેનાના રૂપમાં ફેરવી દઈ શકાય છે. ઇંગ્લૅન્ડ કે જેણે યુદ્ધની શરૂઆત એક નાના અથવા તો ક્ષુદ્ર સૈન્યથી કરી તે એક વરસમાં દશ દશ લાખ માણસનું સૈન્ય ઊભું કરી શકયું અને બે વરસમાં એમને કેળવી, શસ્ત્રસજ્જ કરી અસરકારક રીતે સામરિક તુલામાં નાખી શકયું. આ પદાર્થપાઠ એ બતાવવા માટે પૂરતો છે કે સૈન્યો અને શસ્ત્રાસ્ત્રોની હદબંધી શાન્તિકાળમાં માત્ર રાષ્ટ્રીય બોજો ઓછો કરી શકે અને એ જ કારણે સંઘર્ષ માટે વધુ સરંજામ રાષ્ટ્રના હાથમાં મૂકી શકે, પરંતુ એ યુદ્ધને રોકી શકે નહિ કે એની વિનાશકારી તીવ્રતા કે વિસ્તારને ઓછાં કરી શકે નહિ. વધારે સખત આંતરરાષ્ટ્રીય કાનૂનની યોજના, વધારે અસરકારક હુકમ બજવણીની સત્તા સાથે પણ નિ:સંશય કે પૂર્ણ ઉપાય નહિ નીવડે. બહુ વાર કહેવામાં આવે છે કે જરૂર આની જ છે; જેમ રાષ્ટ્રની અંદર કાનૂને સ્થાન લીધું છે અને વ્યકિતઓ, કુટુંબો અથવા જાતિઓ વચ્ચેના દ્વંદ્વ યુદ્ધની—બળની લવાદગીરીથી કજિયા મટાડવાની જૂની જંગલી પદ્ધતિ દાબી દીધી છે તેમ રાષ્ટ્રના જીવનમાં પણ એવી જ પ્રગતિની શકયતા જરૂર એવી હોવી જોઈએ. કદાચ આખરે એમ બને પરંતુ એ આશા રાખવી કે તાત્કાલિક જ એ પદ્ધતિ સફળતાપૂર્વક કામ કરતી થઈ જશે એ તો, કાયદાના કાર્યકારી પ્રભાવની પ્રતિષ્ઠા શેમાં છે એ વાતની અને એક સુરચિત રાષ્ટ્રના અને અર્ધસંયોજિત આંતરરાષ્ટ્રીય મંડળ કે જેની શરૂઆત કરવાની છે તેનાં ઘટક તત્ત્વો વચ્ચેના તફાવતને અવગણવા જેવું છે.

રાષ્ટ્ર કે સમાજમાં, કાયદાનો પ્રભાવ મનુષ્યકૃત ધારા કે નિયમોના કોઈ કહેવાતા "મહિમા" કે ગૂઢ શકિત પર આધાર નથી રાખતો. એની શકિતનાં મૂળે બે છે. પહેલું બહુમતીનું કે સત્તાધારી અલ્પમતીનું કે પછી સમગ્ર સમાજનું જોરાવર હિત અને બીજું એક સશસ્ત્ર આરક્ષક દળ અને સૈન્યનો કબજો કે જે તે હિતને અસરકારક બનાવે છે. ન્યાયના પ્રતીક રૂપ તલવાર માત્ર એ જ કારણે કામ કરે છે કે અની પાછળ એક સાચી તલવાર છે કે જે એની આજ્ઞાઓ, અને દંડોનું બંડખોર અને આડોડાઈવાળા પાસે પાલન કરાવે છે. અને આ શસ્ત્રસજ્જ બળનું મુખ્ય લક્ષણ એ છે કે એ કોઈ વ્યકિત કે સમાજના ઘટક અંગની માલિકીનું નથી; તે કેવળ એક રાજ્ય, રાજા, શાસક વર્ગ કે સંસ્થા કે જેમાં સર્વોપરી સત્તા કેન્દ્રિત છે તેને આધીન છે. અને જો રાજ્યના શસ્ત્રસજ્જ બળની સરસાઈ કરે કે એની કાર્યસાધકતાને ઓછી કરે એવાં સમૂહ અને વ્યકિતઓને તાબે જુદાં સશસ્ત્ર બળો કે જે કેન્દ્રના અંકુશ બહાર હોય કે કેન્દ્રની

સામે થવાની શકિતવાળાં હોય, તો કોઈ સલામતી રહે નહિ. આમ છતાં, પૂરા અને કેન્દ્રિત શસ્ત્રબળના ટેકાવાળી આ સત્તા વડે પણ કાયદો, વ્યકિતઓ અને નવા વર્ગો વચ્ચેના સંઘર્ષોને અટકાવી શકયો નથી કારણ કે ઝઘડાનાં ચૈતસિક, આર્થિક કે અન્ય કારણોને દૂર કરી શકયો નથી. અપરાધ અને શિક્ષા (દંડ) એ તો સામસામી જબરજસ્તી છે, એક પ્રકારનું બંડ અને આંતરવિગ્રહ છે અને સારામાં સારા સિપાઈઓથી રક્ષિત અને ધારાન્વિત સમાજોમાં પણ અપરાધનું તત્ત્વ હજી તો વધતું જાય છે. ગુનાઓનું સંયોજન પણ હજી થઈ શકે છે, જો કે એ લાંબું ટકતું નથી કે એનું બળ સ્થિર થઈ શકતું નથી કારણ કે સમાજની જોરદાર લાગણી અને અસરકારક વ્યવસ્થા એની સામે છે. પરંતુ મુદ્દાની હકીકત એ છે કે કાયદો વ્યવસ્થિત રાષ્ટ્રના અંદરના સંઘર્ષ અને રકતપાત કે સશસ્ત્ર અથડામણને રોકી શકયો નથી. જ્યારે પણ કોઈ વર્ગને કે મતને એમ લાગ્યું કે એની ઉપર જુલમ કરવામાં આવ્યો છે કે એની સાથે અસહ્ય અન્યાયથી વર્તવામાં આવે છે ત્યારે એને માલૂમ પડયું છે કે કાયદો અને એની સશસ્ત્ર શકિત એની વિરુદ્ધમાં ઊભેલાં હિતો સાથે એવાં સંપૂર્ણ રીતે સંકળાયેલાં છે કે કાયદાના સિદ્ધાંતને બાજુએ મૂકવો અને સતામણીના જુલમ સામે બળવાની શકિતને જગાડવી એ એકમાત્ર ઉપાય છે અગર એમ દેખાય છે, ત્યારે તેણે, જો સફળતાની શકયતા જણાઈ છે તો, શકિતની પુરાણી દરમિયાનગીરી સ્વીકારી છે. આપણે આપણા જમાનામાં પણ, સર્વથી કાયદાપરસ્ત રાષ્ટ્રોને, આંતરવિગ્રહની ધાર પર ઝૂમતાં અને જવાબદાર રાજધુરીણોને, એમને ન ગમતો કાયદો, ઉચ્ચમાં ઉચ્ચ ધારાસભાએ રાજ્યાધ્યક્ષની સંમતિ સાથે પસાર કર્યો હોય તો પણ, જો એ અમલમાં આવે તો બળનો આશ્રય લેવાનું જાહેર કરતા જોયા છે.

પરંતુ અત્યારે શકય હોય એવી કોઈ પણ શિથિલ આંતરરાષ્ટ્રીય રચનામાં શસ્ત્રસજજ શકિત એનાં ઘટક સમૂહોમાં વિભાજિત હશે; એની ઉપર અધિકાર પણ એ સમૂહોનો હશે, કોઈ એક સર્વોપરી સત્તા, અધિરાજ્ય કે સમવાયી સંસદનો નહિ. આ સ્થિતિ સામંતશાહી સમયમાં હતી, એવી સંકીર્ણ હશે કે જેમાં દરેક નાના રાજા કે સામંત પાસે પોતાની જુદી હકૂમત અને જુદાં સૈન્ય અને સામગ્રી રહેતાં અને જો એનામાં તાકાત હોય તો અથવા તો જો એને એના સમકક્ષી સામંતોનો સંખ્યા અને બળમાં જરૂરી સાથ મળે તો એ અધિરાજના હુકમને ઉથાપી શકતો. અને વળી અહીં તો સામંતશાહી પદ્ધતિમાં હતો તેવો અધિરાજ પણ નહિ હોય, કે જે અધિપતિ નહિ તો સમાનોમાં પ્રથમ તો હતો જ, સર્વોપરિતાની પ્રતિષ્ઠા, અને નામની તો પણ સ્વીકૃત સર્વોપરિતાને મજબૂત અને કાયમી સત્યના રૂપમાં ફેરવી નાખવાની શકિત ધરાવતાં સાધનોવાળો હતો.

અને આ વસ્તુ રાષ્ટ્રો અને એમનાં જુદાં સૈન્યોની ઉપર એક સંયુકત સશસ્ત્ર સૈન્ય ગોઠવવાથી ઝાઝી નહિ સુધરે કારણ કે આ સંયુકત સૈન્ય ખુલ્લી લઢાઈ ફાટી નીકળવાની સાથે છૂટું પડી જશે, અને એનાં ઘટકો એમનાં પરસ્પર અથડાતાં મૂળ તરફ પાછાં વળી જશે. વિકસિત રાષ્ટ્રમાં વ્યકિત એકમ છે, અને એ અસંખ્ય વ્યકિતઓના ટોળામાં ખોવાઈ જાય છે, કોઈ પણ કજિયામાં એની સામે કોણ રહેશે અને કેટલી શકિત એના રક્ષણમાં રહેશે એની કોઈ ખાત્રી એને હોતી નથી; જે એની સાથે ન હોય એવા બધા એની વિરુદ્ધ જાય એવી બીક એને રહે છે, કારણ કે એ એમને ગુસ્સે થયેલી સત્તાના પક્ષકાર તરીકે જુએ છે; બંડ એ એને માટે બહુ જોખમકારક અને ગણતરી બહારનો ધંધો હોય છે; શરૂઆતનું નાનું સરખું કાવતરું પણ હરેક પળે હજારો ત્રાસ અને ભયથી ભરેલું હોઈ, અહીંતહીં મળતી થોડી તકો સામે, એક સામટો ભયંકર જુલ્મ ઉતારી લાવે છે. સૈનિક પણ વ્યકિતરૂપે એકલો છે; બાકીનાથી બીતો રહેતો, ભયંકર શિક્ષાની તલવાર એને શિરે ચાલુ લટકતી રહે છે—આજ્ઞાના અનાદરની નાનામાં નાની નિશાનીની રાહ જોતી અને હરક્ષણે તૂટી પડવાની તૈયારી સાથે એના સાથીઓના સહકાર કે ટેકાની ખાત્રી વગર, અને થોડી ખાત્રી હોય તો પણ, સામાન્ય પ્રજાના સાચા ટેકા વગરનો અને એવા નૈતિક આધાર વગરનો કે જે એને કાયદા અને સરકારને પડકાર કરવાની હિમ્મત આપે. અને એ એની ભાવના કે લાગણીમાં વ્યકિત, કુટુંબ કે વર્ગનો નથી રહેતો પરંતુ રાજ્યનો અને દેશનો અથવા તો કમમાં કમ કોઈ યંત્રનો બની રહે છે કે જેનો એ ભાગ છે. પરંતુ અહીં રાષ્ટ્રો ઘટકતત્ત્વો હશે, સંખ્યામાં થોડાં, પરંતુ એમાંનાં કંઈક તો શકિતશાળી સામ્રાજ્યો હશે, પોતાની ચારે બાજુ નજર રાખી શકે, પોતાની શકિતનું માપ કાઢી શકે, પોતાનાં મિત્ર રાષ્ટ્રોની ખાત્રી મેળવી શકે, એમની સામેના બળાબળની ગણતરી કરી શકે એવાં; એમને માત્ર જીત કે હારની સંભાવનાઓનો વિચાર કરવાનો રહે છે. અને સંયુકત સૈન્યના સૈનિકો હૃદયથી તો એમના દેશના રહેશે અને નહિ કે જે એમનું નિયમન કરતી હશે તે ધુમાડાના ગોટા જેવી હસ્તીના.

એ કારણથી એક આંતરરાષ્ટ્રીય રાજ્ય સત્તાનો વિકાસ થાય કે જે રાષ્ટ્રોનું કોઈ શિથિલ મંડળ કે રાષ્ટ્રીય સરકારોના પ્રતિનિધિઓના પરિસંવાદથી કંઈક વધુ બને તે પહેલાં આદર્શવાદીઓએ સેવેલા શાન્તિ અને એકતાના રાજ્યનું સ્વપ્ન આવા રાજકીય કે શાસનિક સાધનોથી શકય નહિ બને અને બને તો પણ સુરક્ષિત નહિ રહે. યુદ્ધ તદ્દન બંધ કરવામાં આવે તો પણ જેમ રાષ્ટ્રની અંદર વ્યકિતઓની વચ્ચે અપરાધ થાય છે, અથવા તો જેમ વર્ગવિગ્રહમાં નુકસાનકારક અને વ્યાપક હડતાળો જેવાં સાધનો વાપરવામાં આવે છે, તેમ

અહીં પણ ઝઘડાનાં કદાચ યુદ્ધ કરતાં વધુ વિધ્વંસક અન્ય સાધનો વિકસાવવામાં આવશે અને એમની પણ પ્રકૃતિના અર્થકારણમાં, માત્ર અહંકારી કજિયા-ખોરી, આવેશો અને મહેચ્છાઓના સંતોષ માટે નહિ પરંતુ અન્યાય, કચરાઈ જતા હક્કો અને દબાવી દેવામાં આવેલી શકયતાઓની અકળામણના નિર્ગમ દ્વાર અને ધ્યેય તરીકે અનિવાર્ય જરૂર પડશે. કાયદો હમેશાં એક જ છે, કે જ્યાં પણ કર્મનું મૂળ અહંભાવ છે ત્યાં એણે એનાં ઉચિત પરિણામો અને પ્રત્યાઘાતો ભોગવવાં જ પડશે અને, બાહ્ય યાંત્રિક સાધનો વડે એમને ગમે તેટલાં ઓછાં કરવામાં આવે કે અંકુશમાં રાખવામાં આવે તો પણ એમનો આખરી ધડાકો ચોક્કસ છે અને એને વિલંબમાં નાખી શકાય પરંતુ સદાકાળ માટે અટકાવી નહિ શકાય.

એટલું તો ચોખ્ખું છે કે નજદીકના ભવિષ્યમાં વિકાસ પામી શકે એવી આપણને અત્યારે નજરે પડતી કોઈ પણ શિથિલ રચના અત્યારે છે તેના કરતાં ઘણી ઓછી શિથિલ અને ઘણી વધુ સુગ્રથિત હોય તો પણ શક્તિશાળી કેન્દ્રીય નિયમન સિવાય સંતોષકારક કાર્યસાધક કે કાયમી બની શકે નહિ. વસ્તુઓની પ્રકૃતિ જોતાં, બીજું પગલું, વધુ મોટી દૃઢતા પ્રત્યે, રાષ્ટ્રીય સ્વતંત્રતાઓના સંકોચન પ્રત્યે અને પૃથ્વીના લોકો પર એકરૂપ શાસનવાળી એક અદ્વિતીય કેન્દ્રીય સત્તાના નિર્માણ પ્રત્યે હોવું જ જોઈએ.

પ્રકરણ ૧૫

# સાફલ્યના કેટલાક જમાના

અત્યારે શકય લાગે છે એવાં કે પાછળથી બહાર આવે એવાં વરણીય રૂપો, શકિતઓ કે પદ્ધતિઓમાંથી કોને, વસ્તુઓની ગૂઢ ચિત્શકિત માનવજાતિના બાહ્ય એકીકરણનું કામ સોંપશે એ પ્રશ્ન રસપ્રદ છે અને ચાલુ બનાવોની સાંકડી ક્ષિતિજની પેલી પાર જે જોઈ શકે એમને માટે એ તર્કનો આકર્ષક વિષય છે; પરંતુ કમનસીબે અત્યારે તો એથી કંઈ વધુ બને એમ નથી. શકયતાઓનાં વૃંદ પોતે જ માનવજાતિના વિધવિધ અને જોરાવર બળોથી ભરપૂર અને નવા આત્મપરક વિચારો અને વસ્તુપરક રૂપાન્તરોના ફળવાળા આ કાળમાં, ભેદી ન શકાય એવું ધુમ્મસ પેદા કરે છે જેમાં કેવળ બૃહત્કાય સત્ત્વોનાં ઝાંખાં સ્વરૂપો અર્ધાંપર્ધાં નજરે પડે છે. બળોની અત્યારની અવસ્થા અને ભૂતકાળના અનુભવો જે કેટલાક વિચારોનું સૂચન કરે છે તેમને આપણે આવા જોખમવાળા ક્ષેત્રમાં સ્વીકારવાનાં છે.

અત્યારના આંતરરાષ્ટ્રીય સંયોગોમાં અને આંતરરાષ્ટ્રીય માનસ અને નીતિની અત્યારની અવસ્થામાં, મુકત રાષ્ટ્રીયતાઓના સંમેલનના પાયા પર, પ્રશ્નના તાત્કાલિક નિરાકરણના ખ્યાલને વ્યવહારુ અશકયતા ગણી આપણે આપણા વિચારક્ષેત્રમાંથી બહાર કાઢી નાખ્યો છે, જોકે એ દેખીતી રીતે આદર્શ રસ્તો છે. કારણ કે એ પાયાના પ્રેરક બળ તરીકે બે વર્તમાન સિદ્ધાંતો રાષ્ટ્રવાદ અને આંતરરાષ્ટ્રીયવાદનો સુમેળ માગશે, એનો સ્વીકાર કરવો એટલે કે માનવએકતાના પ્રશ્નનું નિરાકરણ સીધું, બુદ્ધિગમ્ય અને નૈતિક ધોરણ પર શોધવામાં આવશે. એક બાજુએ સર્વ મોટા કુદરતી માનવસમૂહોને જીવવાનાં અને પોતાના પોતને સાચ-વવાના હક્કનો અને માનવવ્યવહારના સ્થાપિત સિદ્ધાન્ત તરીકે રાષ્ટ્રની સ્વતંત્રતાના સન્માનનો સ્વીકાર થશે અને બીજી બાજુએ એકીકૃત અને સંમિલિત માનવ-જાતિમાં વ્યવસ્થા, સહાય, પરસ્પર વ્યાપક સહકાર, સામૂહિક જીવન અને હિતોની આવશ્યકતાનો પર્યાપ્ત ખ્યાલ કરવામાં આવશે. આદર્શ સમાજ કે

રાજ્ય એ છે કે જેમાં વ્યકિતની સ્વતંત્રતાનો અને વ્યકિતરૂપ સત્ત્વના એની પૂર્ણતા સુધી મુકત વિકાસનાં સન્માનનો, સમાજ કે રાષ્ટ્રરૂપ સામૂહિક સત્ત્વની જરૂરતો; કાર્યશકિત, સુગકિતતા, કુદરતી વિકાસ અને એની આંગિક પૂર્ણતા માટેના સન્માન સાથે એક રાગ કરવામાં આવ્યો હોય. સમગ્ર માનવજાતિના આદર્શ સંઘમાં, આંતરરાષ્ટ્રીય સમાજ કે રાજ્યમાં, રાષ્ટ્રીય સ્વતંત્રતા અને મુકત રાષ્ટ્રીય વિકાસ અને આત્મસાક્ષાત્કારને એ જ પ્રમાણે ક્રમેક્રમે માનવજાતિની સંઘટ્ટતા અને એકીકૃત વિકાસ અને પૂર્ણતા સાથે એકરાગ કરવાં જોઈએ.

એટલે જો આ પાયાના સિદ્ધાંતનો સ્વીકાર કરવામાં આવે તો, જોકે એને પૂરી રીતે વ્યવહારમાં મૂકતાં ઊભી થતી મુશ્કેલીઓને કારણે વચમાં એકથી બીજી બાજુએ ખેંચાવું પડે કે જેમ રાષ્ટ્રરૂપ સમૂહના વિકાસમાં થતું હતું, કોઈ વખત સ્વતંત્રતા ઉપર ભાર દેવો પડે અને કોઈ બીજી વખત કાર્યક્ષમતા અને નિયમન ઉપર; પરંતુ પ્રશ્નની ખરી જરૂરતો પહેલેથી સમજી લેવાઈ હશે અને અંધ ગજગ્રાહની પદ્ધતિ પર એનો ઉકેલ છોડી દેવામાં નહિ આવ્યો હોય તો માર્ગમાં બહુ ઓછાં ઘર્ષણ અને અથડામણીઓ સાથે વહેલા અને ન્યાયી ઉકેલની કંઈક વકી રહેશે.

પરંતુ માનવજાતિ માટે આવા અપૂર્વ સદ્‌ભાગ્યનો થોડો જ સંભવ છે. આદર્શ સંયોગોની આશા રાખી શકાય એમ નથી કારણ કે એ માગે છે ચૈતસિક સ્વચ્છતા, વ્યાપક સમજણ અને વૈજ્ઞાનિક જ્ઞાનભંડોળ અને સૌથી વધુ પ્રમાણમાં નૈતિક ઉચ્ચતરતા અને સત્યપરાયણતા કે જેને માટે માનવસમૂહે કે એના નેતાઓ અને રાજકર્તાઓએ હજી કોઈ ઉપક્રમ કર્યો નથી. એ વસ્તુઓની ગેરહાજરીમાં સમજૂતી, ન્યાય અને પરસ્પર પ્રેમ નહિ પણ બળોની ગતિવિધિ અને એમની વ્યવહારમાં અને કાયદા અનુસાર ગોઠવણ, જેમ બીજા પ્રશ્નોનો થાય છે તેમ આ પ્રશ્નનો પણ નિકાલ લાવશે. અને જેમ રાજ્ય અને વ્યકિતનો પ્રશ્ન માત્ર વ્યકિતના અને સમાજના સામૂહિક અહંભાવથી નહિ પરંતુ વચ્ચેનાં બળોની અથડામણોથી,— વર્ગવિગ્રહ, ધર્મસંસ્થાન અને રાજ્ય, રાજા અને ઉમરાવો, રાજા અને પ્રજા, કુલીનો અને લોકો, મૂડીવાદી મધ્યમવર્ગ અને શ્રમજીવી નિશ્કિંચનો વચ્ચેની અથડામણીઓથી; કિલષ્ટ અને સંકુલ બન્યો છે તેવી જ રીતે રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય માનવજાતિ વચ્ચેનો આ પ્રશ્ન પણ આવાં જ વચ્ચેનાં બળોના દાવાઓથી કિલષ્ટ બની જશે. વ્યાપારી હિતો અને જૂથ-બંધીઓ, સાંસ્કૃતિક કે જાતિપરક સહાનુભૂતિઓ, પાન-ઈસ્લામવાદ, પાન-સ્લાવ-વાદ, પાન-જર્મનવાદ, પાન-ઍન્ગ્લો સેક્ષનવાદ અને ભવિષ્યમાં ઉપર આવતા પાન-અમેરિકનવાદ અને પાન માંગોલીઅનવાદની વાતને જવા દઈએ અને બીજા હજી નહિ જન્મેલા રાક્ષસોની વાત પણ જવા દઈએ તો પણ

સામ્રાજ્યવાદનો મોટો પ્રશ્ન સર્વદા રહેશે; એ પ્રચંડ સશસ્ત્ર અને દમામદાર દૈત્ય કે જે એની પ્રકૃતિ પ્રમાણે એની પોતાની સંતુષ્ટિરૂપ બલિ પ્રત્યેક દબાવી દેવામાં આવેલા કે આડે આવતા રાષ્ટ્રીય એકમને ભોગે માગશે. અને પોતાની જરૂરતોને નવા જન્મેલા આંતરરાષ્ટ્રીય સમાજની જરૂરતો પર ઉપરવટ કરીને આગળ ધરશે. એ બલિ એ થોડો વખત તો લેશે એમ માની લેવું જોઈએ. એની માંગ લાંબા વખત સુધી ટાળી શકાશે નહિ. કોઈ પણ રીતે એની માંગો અવગણવી કે લેખકની કલમના ફડાકાથી એ માંગોને બાજુએ ખસેડી દઈ શકાશે એમ ધારવું એ અવ્યવહારુ આદર્શવાદની સોનેરી રેતી પર સમપ્રમાણ કોટ-કિલ્લા ચણવા બરાબર છે.

કોઈ પણ પ્રક્રિયામાં શકિતઓનું પ્રથમ સ્થાન હોય છે; નૈતિક સિદ્ધાંતો સમજણ, ન્યાય,—એમનું સ્થાન માત્ર એટલા પૂરતું હોય છે કે શકિતઓ એમને પરાણે કે રાજીખુશીથી દાખલ થવા દે અથવા તો જેમ ઘણી વાર બને છે તેમ એમનો ગૌણ મદદગાર તરીકે કે યુદ્ધના ઉત્તેજક પડકાર તરીકે, પોતાના હિતોના ઢાંકપિછોડા રૂપે ઉપયોગ કરે. વિચારો કવચિત્ શસ્ત્રસજ્જ શકિતઓ રૂપે કૂદી પડે છે અને અનાદર્શ બળોની વાડ ભેદીને રસ્તો કરે છે; કવચિત્ એ સ્થિતિ બદલીને હિતોને ગૌણ સેવક બનાવે છે, એમની જ્વાળામાં ઇંધન રૂપે, કોઈ વાર એ જીતે છે શહીદ થઈને : પરંતુ સામાન્ય રીતે એમને અર્ધા છૂપા દબાણથી કામ કરવું પડે છે એટલું જ નહિ પરંતુ શકિતશાળી બળોની સાથે બાંધછોડ કરીને અથવા તો ઉત્કોચ અને સમજૂતીથી કે એમની વચમાં થઈને કે પાછળ રહીને કામ કરવું પડે છે. જ્યાં સુધી સામાન્ય અને સામૂહિક માણસ વધુ બુદ્ધિમાન, નૈતિક અને આધ્યાત્મિક સત્ત્વવાળો નથી બન્યો અને એનું પ્રાણપ્રધાન અને અર્ધબુધ માનવપ્રાણીપણું ઓછું નથી થયું ત્યાં સુધી અન્ય કોઈ રસ્તો નથી. સિદ્ધિની અપેક્ષા રાખતા આંતરરાષ્ટ્રીયતાના વિચારે થોડા વખત માટે તો આ ઉપમાર્ગે અને રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદની પ્રસિદ્ધ શકિતઓ સાથે સમજૂતી અને તડજોડથી કામ લેવું પડશે.

એ પ્રશ્ન કરવામાં આવે કે આ વસ્તુઓ દૃઢ અને ચોક્કસ પદ્ધતિએ અને સર્વાંગે તૈયાર થાય તે પહેલાં મુકત રાષ્ટ્રીયતાના સિદ્ધાંતને માન આપી સાચી આંતરરાષ્ટ્રીયતાનો વિચાર, જગતના ચિંતકો અને બુદ્ધિમાન પુરુષોના પ્રયત્નોને પરિણામે શું એટલી પ્રગતિ નહિ કરે કે જેથી એ રાજ્યો અને સરકારો પર અનવરોધ્ય દબાણ લાવી શકે અને પોતાનો પૂરો નહિ તો મોટે ભાગે સ્વીકાર કરાવી શકે? એનો ઉત્તર એ છે કે રાજ્યો અને સરકારો નૈતિક દબાણને સામાન્ય રીતે માત્ર એટલી હદ સુધી નમે છે કે જ્યાં સુધી એમને એમના પ્રાણભૂત હિતોનો ત્યાગ કરવો ન પડે. કોઈ સ્થાપિત સામ્રાજ્ય એના તાબાના

ભાગોને સહેલાઈથી મુકત નહિ કરે કે ફરજ પાડવામાં આવ્યા વગર એના આધીન રાષ્ટ્રને આંતરરાષ્ટ્રીય સંસ્થાની કાર્યવાહી સમિતિ પર સમાન દરજ્જે બેસવા નહિ દે. સ્વતંત્રતા માટેનો જૂનો ઉત્સાહ એક એવો આદર્શ છે કે જેના જોરે ફ્રાન્સ મુકત ઈટલીના વિકાસને સહાય કરવા કે ફ્રાન્સ અને ઇંગ્લૅન્ડ નવા ગ્રીક રાષ્ટ્રને મદદ કરવા બહાર પડયાં. જે રાષ્ટ્રીય સ્વતંત્રતાઓનું માન રાખવાની માગણી લડાઈ દરમિયાન તલવારની અણીથી કે હવે કહેવાય તેમ તોપગોળના ધડાકા સાથે કરવામાં આવી હતી તે તો કયારનીયે સ્થપાયેલી હતી અને એથી જીવવાના હકવાળી ગણાતી હતી. એ સીમાની બહાર પ્રસ્તુત કરવામાં આવ્યું તે એટલું જ કે જે લોક-સમૂહો, પરદેશી સત્તા નીચે હતા, તેમને તેમની જ રાષ્ટ્રીયતાવાળા સ્વતંત્ર રાજ્યોનાં ભેળવી દેવામાં આવે. બૃહત્ સર્બીઆ અને બૃહત્ રૂમાનીઆની સ્થાપના. "અનુદ્ધૃત" ઈટલીનું પરાવર્તન અને ફ્રાન્સને આલ્સાસ—બોરેનના પ્રત્યર્પણનો પ્રસ્તાવ કરવામાં આવ્યો હતો. પોલૅન્ડને રૂશીઆના આધિપત્ય નીચે આંતરિક સ્વાયત્તતાનું વચન આપવામાં આવ્યું હતું — રૂશીઆ પર જર્મનીના વિજયે મિત્રરાજ્યોનાં હિતોને અને એ કારણે એમના આદર્શોને બદલી નાખ્યા ત્યાં સુધી. સામ્રાજ્યના આધિપત્ય નીચે 'રક્ષા' અથવા 'અસર' એ હવે ઘણાંને રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની પુન: સ્થાપના કરતાં વધુ વ્યવહારુ યોજના લાગે છે. કદાચ એ સામ્રાજ્યોના સમવાયતંત્રના વિચારના ધૂંધળા પુનર્વિકાસની નિશાની હોય કે જેની આપણે ભવિષ્યની શકયતાઓમાંની એક તરીકે ચર્ચા કરી છે. એક પરમ આદર્શના રૂપમાં રાષ્ટ્રીય સ્વાતંત્ર્યનો વિચાર પહેલાંની જેમ સર્વસામાન્ય સ્વીકાર પામતો નથી કે નથી ધરાવતો પહેલાં એનામાં હતી એ સર્જનાત્મક શકિત. સ્વાતંત્ર્ય માટે પરિશ્રમ કરતાં રાષ્ટ્રોને પોતાની શકિત અને ઉત્સાહ પર આધાર રાખવો પડે છે; એ માત્ર થોડી મન્દોષ્ણ અથવા અનિશ્ચિત બાહ્ય સહાયની આશા રાખી શકે સિવાય કે ઉત્સાહી વ્યકિતઓ કે નાના સમૂહોની કે જેમની સહાય કેવળ વાણીની અને નિષ્પ્રભ હોય છે. બહુ આગળ વધેલા બુદ્ધિપ્રધાન માણસોમાંના પણ ઘણા, અત્યારે પરાધીન છે એવાં રાષ્ટ્રોની ગૌણ સ્વાયત્તતાના વિચારને ઉમંગથી વધાવે છે પરંતુ, એમની પૂર્ણ સ્વાતંત્ર્યની આળસુ ઇચ્છા પ્રત્યે અધીરાઈથી જુએ છે. સામ્રાજ્યવાદ એના સુખ અને સંપત્તિના માર્ગ પર એટલો આગળ વધી ગયો છે અને સામ્રાજીય સમૂહે મુકત અને કલ્પનાશીલ માણસોના મન પર પણ માનવપ્રગતિના કાર્યમાં એક નિપુણ શકિત તરીકેની એવી છાપ પાડી છે.

માનવજાતિના આંતરરાષ્ટ્રીય અસ્તિત્વને વધુ વિશાળ અને સુગમ રેખાઓ પર વ્યવસ્થિત કરવાના એના નવા ઉત્સાહ નીચે આ ભાવના કેટલી આગળ નહિ વધે! એ પણ શકય છે કે જર્મનોએ એમના સામ્રાજીય દિવસોમાં, જે

નાની રાષ્ટ્રીય એકતાઓ એમની સ્થાપિત હક્કોની દીવાલો મોટા રાજકીય અને વ્યાપારિક સંઘોની સામે ધરતી તેમની સામે, ખુલ્લી રીતે બતાવેલી અધીરાઈ એની તીખાશ ઓછી કરીને પણ ભવિષ્યમાં પોતાનો દાવો પુરવાર કરે અને માનવજાતિની સામાન્ય સમજ એનો સ્વીકાર કરે — જોકે એના ઓછા નિર્દય, ઉદ્ધત અને ઓછા આક્રમક કે અહંકારી રૂપમાં. કહેવાનો અર્થ એ છે કે માનવજાતિની રાજકીય વિચારસરણીમાં એવું દૃઢ વલણ પેદા થાય જે એમ ઇચ્છે અને કદાચ આખરે એમ આગ્રહ કરે કે રાજ્યોની પુનર્વ્યવસ્થા મોટાં સામ્રાજ્ય સંઘોમાં થાય, અને નહિ કે અગાઉ હતાં તેમ સામ્રાજ્યો અને મુક્ત રાષ્ટ્રીયતાઓના પાયા પર.[1]

પરંતુ આ વિકાસ ન થાય કે વખતસર ન થાય તો પણ અત્યારે સ્વતંત્ર હયાતી ધરાવતાં અને બિનસામ્રાજ્ય રાષ્ટ્રોને ખબર પડશે કે આંતરરાષ્ટ્રીય પરિષદમાં કે બીજી જે કોઈ સ્થપાય એ પદ્ધતિમાં એમનો ખરેખર સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ એ એવા પ્રકારનો કે જેવો મધ્યયુગમાં સામન્તોનો મોટા સરદાર કે રાજાની નીચે કરવામાં આવતો હતો, સમાન રૂપે નહિ પણ આધીન રૂપે. યુદ્ધે એક વસ્તુ સ્પષ્ટ રીતે બહાર આણી કે આંતરરાષ્ટ્રીય તુલામાં મોટી તાકાતોની જ ગણના થાય છે; બીજાં બધાં કેવળ અસ્તિત્વ ધરાવે છે — અનુમતિ, રક્ષા કે સંધિથી. જ્યાં સુધી જગતની વ્યવસ્થા જુદી રાષ્ટ્રીયતાના સિદ્ધાન્ત પર થતી હતી, ત્યાં સુધી આ વસ્તુ સુષુપ્ત રહેતી હશે અને એની અસર નાનાં રાષ્ટ્રોના જીવન પર થોડી જ હશે પરંતુ આ નિરાપદતા તો જ્યારે સંયુક્ત પ્રવૃત્તિની આવશ્યકતા કે સતત સક્રિય આઘાત પ્રત્યાઘાત વૈશ્વિક પદ્ધતિના સ્વીકૃત ભાગ તરીકે કે પાયા તરીકે થયાં ત્યારે નાશ પામે. મોટી સત્તાઓના કે સત્તાઓના પક્ષના સંકલ્પની સામે ઊભા રહેતા નાના રાજ્યની સ્થિતિ, વર્તમાન યુદ્ધમાં નાના બિનપક્ષીયની, કે મોટા નિગમોની વચમાં નાની પેઢીની જે સ્થિતિ હોય તે કરતાં પણ બદતર થાય. એણે એને વીંટી રહેલા મહાકાય દૈત્યો જેવા એક કે બીજા સમૂહની આગેવાની સ્વીકારવી પડશે અને રાષ્ટ્રોની પરિષદમાં એનું સ્વતંત્ર વજન કે પ્રવૃત્તિ શૂન્યવત્ હશે.

નિ:સંદેહ, નાનાં રાષ્ટ્રોનો, પોતાનું અસ્તિત્વ ટકાવવાનો અને સામ્રાજ્ય આક્રમણ સામે પોતાનાં હિતોને આગળ કરવાનો હક્ક હજીયે એક શક્તિ છે; આંતરરાષ્ટ્રીય વિગ્રહ થવામાં એ કમમાં કમ એક વિવાદ-પ્રશ્ન તો હતો. પરંતુ એક મહેચ્છુક સત્તાના આક્રમણ સામે એ હક્કની ઘોષણા કરવી એ એક વસ્તુ છે; મોટી સત્તાઓની બહુમતીએ રાષ્ટ્રોના સર્વસામાન્ય હિત માટે કરેલા નિર્ણયની

---

૧. જો ઈટલી, જર્મની અને જાપાનની મહેચ્છાઓ અને ફાસીસ્ટ વિચારનો સામાન્ય રીતે વિજય થયો હોત તો વસ્તુઓનું આવું તંત્ર પેદા થયું હોત.

સામે એ હક્કનો આગ્રહ કરવામાં આવે એ ભવિષ્યમાં જુદી દૃષ્ટિથી જોવાશે. સંખ્યાબંધ નાનાં તટસ્થ રાજ્યો મહાન આંતરરાષ્ટ્રીય વિગ્રહમાંથી જુદાં રહે અને જેમ બને તેમ એ વિગ્રહ એમની ઉપર ઓછામાં ઓછી અસર કરે એવો દાવો કરે એની અગવડનો અનુભવ યુદ્ધમાં ભાગ લેતાં રાષ્ટ્રોને કે જેમને એ અવગડની અસર ઓછી કરવા સીધાં અને આડકતરાં દબાણ વાપરવાં પડયાં હતાં તેમને થયો હતો, એટલું જ નહિ પરંતુ નાનાં તટસ્થોને પોતાને પણ થયો હતો કે જેમને એમની તટસ્થતા લડાઈમાં સીધો ભાગ લેવા કરતાં એક ઓછા અશુભ તરીકે સ્વીકારવા જેવી થઈ પડી હતી. કોઈ પણ આંતરરાષ્ટ્રીય પદ્ધતિમાં, આ નાની સ્વતંત્રતાઓનો આગ્રહ એક ક્ષુદ્ર અહંભાવ જેવો અને મોટા સામાન્ય હિતોના માર્ગમાં કે મોટા વિશ્વવ્યાપી હિતો વચ્ચેના સંગ્રામોના નિરાકરણમાં એક અસહ્ય અંતરાય રૂપ દેખાશે. એ સંભવ છે કે માનવજાતિની એકતાના કોઈ પણ બંધારણમાં મોટી સત્તાઓ ધ્યાન રાખશે કે એમનો અવાજ એમની શકિત અને પ્રભાવના પ્રમાણમાં રહે; પરંતુ જોકે બંધારણ બાહ્યરૂપે લોકશાહી પ્રકારનું હશે તો પણ એ વસ્તુત: મહાસત્તાઓનું અલ્પજન શાસન હશે. બંધારણો હકીકતોને માત્ર છુપાવી શકે, એમને મિટાવી શકે નહિ; કારણ કે બંધારણનું રૂપ ગમે તે વિચારોને પોતાનામાં સ્વીકારે પરંતુ એનો અમલ તો હમેશાં એને અસરકારક રીતે વાપરી શકે એવાં વ્યવહારમાં સ્થપાયેલાં બળોનો જ હોય છે. ઘણીખરી સરકારો કાં તો અત્યારે લોકશાહી રૂપની છે કે લોકશાહી રૂપોમાં થઈને પસાર થઈ રહી છે, પરંતુ કયાંય હજી સાચી લોકશાહી થઈ નથી; બધે લોકોને નામે, મૂડીદારી કે ધંધાદારી કે મધ્યમ વર્ગે રાજ્ય કર્યું છે. એવી જ રીતે કોઈ પણ આંતરરાષ્ટ્રીય પરિષદમાં કે શાસનમાં થોડાં મોટાં સામ્રાજ્યો માનવજાતિને નામે રાજ્ય કરતાં હશે.

બહુ તો, જો સ્થિતિ જુદી હોય તો એ થોડા વખત માટે હશે, સિવાય કે કોઈ નવાં બળો પોતાનું પોત પ્રકાશે અને મોટાં સામ્રાજ્ય સમૂહોની તરફેણ કરતા જગતમાં અત્યારે પ્રભાવ પાડતા વલણને રોકે કે પીગળાવી દે. તો પછી અમુક વખત માટે સ્થિતિ એવી થશે કે જેવી સામન્તશાહી યુરોપમાં હતી જ્યારે એ સંયુકત ખ્રિસ્તી રાજ્યના ગર્ભપાતની યાતના ભોગવતું હતું,–વિજાતીય, સંકીર્ણ, દોઢવાતાં, એકબીજામાં ઊંડાં ઊતરેલાં અને એકબીજાને કાપતાં હિતોની એક મોટી સંકુલતા, નાની પણ કંઈક અંશે ગણનાપાત્ર પરંતુ થોડી મોટી સત્તાઓથી આચ્છાદિત અને સંત્રસ્ત સંખ્યાબંધ સત્તાઓ, મોટી સત્તાઓ એમના સંધિબદ્ધ વિભાજિત અને વિરોધી હિતોની અનિવાર્ય ગૂંચવણોને નવી રચનાએ પેદા કરેલાં સાધનોથી ઉકેલવા પ્રયાસ કરતી અને એ માટે જે કોઈ વર્ગો, વિચારો, વલણો અને સંસ્થાઓ હસ્તગત થાય એના ટેકાનો ઉપયોગ કરતી. એમાં સમસ્યા રૂપ હશે એશીઅન, આફ્રિકન અમેરિકન ક્ષેત્રો અને બજારો,

રાષ્ટ્રીય પ્રશ્નો રૂપે શરૂ થઈ આંતરરાષ્ટ્રીય રૂપ લેતી વર્ગો વર્ગોની અથડામણીઓ; સમાજવાદ, અરાજકતાવાદ અને માનવજાતિના સ્પર્ધાસકત યુગના બાકી રહેલા આધિપત્ય માટે પરસ્પર આથડતા અંશો, યુરોપવાદ, એશીઆવાદ, અમેરિકા-વાદના સંઘર્ષો. અને આ મોટી સંકીર્ણતામાંથી કોઈ પરિણામ સિદ્ધ કરવું પડશે. એમ પણ બને કે ઇતિહાસે આપણને જે રીતોથી વાકેફ કર્યા છે તેથી તદ્દન જુદી રીતોએ એ આવે; યુદ્ધ અદૃશ્ય થઈ જાય અથવા તો એ આંતરરાષ્ટ્રીય સમસંગ કે સમવાયની અંદર (International Common-wealth or Confederacy) કવચિત્ બનતા આંતર વિગ્રહ જેવી ઘટના બની જાય; સતામણીનાં નવાં સ્વરૂપો જેવાં કે વ્યાપારી જે આપણે હવે વધતી જતી ઝડપથી ફરી ફરી બનતાં જોઈએ છીએ તે સામાન્ય રીતે એનું સ્થાન લે; બીજી તરકીબો પેદા કરવામાં આવે કે જેનો આપણને અત્યારે કોઈ ખ્યાલ નથી. પરંતુ માનવજાતિ માટે સામાન્ય રીતે એકંદર સ્થિતિ જેવી ભૂતકાળમાં નાના અવ્યવસ્થિત સમૂહોની સમક્ષ હતી એવી જ રહેશે અને એણે પ્રગતિ કરવી પડશે એવાં જ પરિણામો માટે જેવાં કે સફળતા, આંશિક સિદ્ધિ કે પરાભવ.

આ પ્રશ્નને સહેલો બનાવવાની સૌથી કુદરતી રીત, જોકે એ હવે શકય નથી લાગતી, જગતનું થોડાં સામ્રાજ્ય સમૂહોમાં વિભાજન થાય એ હોય. એમાંનાં કેટલાંક સમવાયતંત્રી અને કેટલાંક સંયુકત સમાનાધિકારી રાજ્યો (Confederate Common-wealths) કે સામ્રાજ્યો હોય. જોકે એ રાષ્ટ્રીય અહંભાવોના વર્તમાન જોરને કારણે અસાધ્ય છે છતાં, વિચારોનો વિકાસ અને બદલાતા સંયોગોની શકિત એક દિવસ આવું સર્જન સિદ્ધ કરે અને એને વધુ ગાઢ સંયુકત સમવાય સંઘ (Closer Confederacy) પ્રત્યે લઈ જાય. અમેરિકા વધતી જતી બહુ જાતિયતાવાળાં સંયુકત રાજ્યો અને મધ્ય તથા દક્ષિણ અમેરિકાનાં લૅટીન પ્રજાસત્તાકોની વચ્ચે અસ્પષ્ટ રીતે પણ વધુ સારી સમજૂતી તરફ વળતું દેખાય છે કે જે અમુક સંયોગોમાં આંતર-અમેરિકન સંયુકત સમવાયી રાજ્યનું (Confederate inter-American State) રૂપ લે. યુદ્ધને પરિણામે જર્મની અને ઑસ્ટ્રીઆ આટલાં, તૂટી પડયાં ન હોત તો ટ્યુટોનિક સમવાયી સામ્રાજ્યનો (Confederate Teutonic empire) વિચાર નિકટના ભવિષ્યમાં સિદ્ધ થઈ શકયો હોત; અને જોકે એ હમણાં તૂટી પડયાં છે તો પણ દૂરના ભવિષ્યમાં એ સિદ્ધ થાય એવો સંભવ છે. એવા સંઘો એશીઆટિક જગતમાં પણ બહાર આવે. માનવજાતિની આવાં મોટાં કુદરતી સમૂહોમાં વહેંચણી જગતના અનેક વિકટ પ્રશ્નોને સહેલા બનાવે એ લાભ છે અને શાંતિ, પરસ્પર સમજૂતી અને વધુ મોટા વિચારોના વધવા સાથે સરખામણીએ વિનાકષ્ટે, વિશ્વ-રાજ્ય રૂપ સમૂહીકરણમાં દોરી જાય.

બીજું શક્ય નિરાકરણ, શિથિલ સામંતશાહીમાં રાષ્ટ્રરૂપના વિકાસના પૂર્વ-વૃત્તામાંથી (Precedent) સૂચિત થયું છે, જેમ ત્યાં વિવિધ બળો અને સમધ્રુવ સત્તાઓના ચાલુ ઘર્ષણને પરિણામે એમાંની એક, શરૂઆતમાં માત્ર સમાનમાં મુખ્ય રૂપે, એક સામન્ત રાજા રૂપે, કેન્દ્રિત રાજાશાહીના એક પ્રકાર રૂપે, આગળ આવે એ આવશ્યક બન્યું. તેમ અહીં ધારી શકાય કે જો જગતનાં સામ્રાજ્યો અને રાષ્ટ્રો અંદર અંદર શાન્તિમય નિરાકરણ ન લાવી શકે, જો વર્ગ વર્ગના કજીઆ, વ્યાપારી સમૂહોની ખેંચાતાણી, નવા વિચારો અને વલણોની તકરારો લાંબા ગૂંચવાડામાં, ઉત્પાતોમાં અને સતત પરિવર્તનોમાં પરિણમે તો કોઈ રાજ-રાષ્ટ્ર ( king-nation ) અંધાધૂંધી અને અર્ધી વ્યવસ્થાને સ્થાને સાચી અને સ્થિર વ્યવસ્થા સ્થાપવાની નિયુકિત સાથે ઉપર આવે. આપણે એ નિર્ણય પર આવ્યા છીએ કે એક રાષ્ટ્રનો આખા જગત પર વિજય શકય નથી, સિવાય કે અત્યારે નથી, જેની નિશાનીઓ અત્યારે દેખાતી નથી એવા સંયોગો નીચે. પરંતુ એક સામ્રાજીય રાષ્ટ્ર, દાખલા તરીકે ઇંગ્લૅન્ડ જેવું, આખી પૃથ્વી પર ફેલાયેલું, સાગરો પર સામ્રાજ્ય ભોગવતું, એનાં ઘટકોને સફળતાથી સમવેત કરવાની અને એમની સમસ્ત શકિતને વ્યવસ્થિત-એકતંત્રી બનાવવાની આવડતવાળું, નવા યુગના સૌથી વધુ પ્રગતિમાન અને ઉદ્દાત્ત વલણોનું પ્રતિનિધિ અને રક્ષક બનવાની નિપુણતાવાળું અને એમના વિજયમાં રસ લેતાં બીજાં રાષ્ટ્રોની સાથે મૈત્રીબદ્ધ અને ન્યાયી અને સફળ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાની સ્થાપના કરવાનું રહસ્ય એ જાણે છે એ વ્યકત કરતું, રાષ્ટ્રોનું લવાદ અને આંતરરાષ્ટ્રીય રાજ્યનું કેન્દ્ર બને એમ કલ્પી શકાય. આવી શકયતા કોઈ પણ રૂપે અત્યારે તો અત્યંત દૂર છે, પરંતુ નવા સંયોગોમાં ભવિષ્યની શકયતા બને.

અનુમાનતઃ જો જગતની રચનાનું કામ અતિવિકટ પુરવાર થાય, કોઈ કાયમી સમજૂતી ન થઈ શકે, અથવા તો કોઈ દૃઢ બંધારણવાળી કાનૂની સત્તા ન રચી શકાય તો એ કામ એકલું એક સામ્રાજ્ય નહિ પરંતુ બે કે ત્રણ મોટી સામ્રાજીય સત્તાઓ ઉપાડી લે કે જે પોતાનાં હિતોમાં જરૂરી નિકટતાવાળી અને વિચારોમાં સંભાવી મતભેદોને અને દ્વેષોને ડુબાવી દેવાની ઇચ્છામાં સંમત અને સર્વ વિરોધોને દબાવી દેવાને અને કોઈ એક પ્રકારના આંતરરાષ્ટ્રીય કાનૂન અને શાસનને સફળતાથી સ્થાપવા સશકત હોય. તો પછી એ પ્રક્રિયા કષ્ટકારી થાય અને ઘણી ઘાતકી, નૈતિક અને આર્થિક પ્રાસયુકત હોય, પરંતુ જો એ સફળતાનો યશ પ્રાપ્ત કરે અને જો એ કોઈ નભી શકે એવી કાનૂની અને ઇન્સાફી પદ્ધતિનો કે માત્ર સમૃદ્ધ તંત્રનો પણ વિકાસ કરે તો અંતે એ સર્વસામાન્ય નૈતિક ટેકો મેળવી લે અને વધુ મુકત અને વધુ સારી રચનાઓનું પ્રસ્થાન બિંદુ પુરવાર થાય.

એથી યે બીજી શકયતા કે જેની ઉપેક્ષા કરી શકાય એમ નથી તે એ છે કે કેવળ આંતર સરકારી અને રાજકીય વિકાસ જેનો એકલાનો આપણે વિચાર કર્યો છે તેને લાંબા વખતથી ઝઝૂમી રહેલો વર્ગ-વિગ્રહ તોડી પાડે. શ્રમિક આંતરરાષ્ટ્રીયવાદ બીજા દરેક વૈજ્ઞાનિક, સાંસ્કૃતિક, શાંતિવાદી અને ધાર્મિક આંતરરાષ્ટ્રીયવાદની જેમ — યુદ્ધની આકરી કસોટી નીચે તૂટી પડયો અને એ મોટી કટોકટી દરમિયાન મજૂરી અને મૂડી વચ્ચેનો સંઘર્ષ સ્થગિત રહ્યો. તે વખતે આશા રાખવામાં આવી હતી કે યુદ્ધ પછી એકતાની, સમજૂતી અને સમાધાનની ભાવનાનો પ્રભાવ ચાલુ રહેશે અને ઝઝૂમતો ભય ટાળી શકાશે. મનુષ્ય પ્રકૃતિમાં કે ઈતિહાસમાં એવું કંઈ નથી કે જેને કારણે ક્ષણિક આશાઓ પર ખાત્રીથી આવો વિશ્વાસ રાખવો ઉચિત હોય. આંતરવર્ગીય વિગ્રહ યુરોપી યુદ્ધની પેઠે લાંબા વખતથી ઝઝૂમી રહ્યો છે. એ યુદ્ધ આવી પહોંચ્યું તે પહેલાં વિશ્વશાન્તિની મોટી આશાઓ અને યુરોપીઅન સહકારના પ્રયાસો અને લવાદ માટેની સંધિઓ આવી હતી. મજૂર અને મૂડી વચ્ચે સહકાર સ્થપાય અને ઉચ્ચતર રાષ્ટ્રીય હિતાર્થે મીઠી સમજૂતીથી સત્યયુગને અનુરૂપ માધુર્યભર્યા મિલાપના પરસ્પર ઉત્તર દેતી કાવ્ય-પંકિતઓમાં વિગ્રહનાં કારણોનાં નિરાકરણ આવે એવી આશા એટલી જ કપરી અને ભ્રામક નીવડવા સંભવ છે. સરકારો સમાજવાદી બને અને ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ થાય તે પણ વર્ગવિગ્રહના મૂળનો ઉચ્છેદ નહિ કરે. કારણ કે ત્યારે પણ નવા રાષ્ટ્રીય-સમાજવાદનું રૂપ અને સંયોગોનો નિર્ણાયક પ્રશ્ન બાકી રહેશે કે એ રાજ્ય કોના હિતમાં ચાલશે, મજૂરોના કે મૂડીવાદી રાજ્યના અને એનું સંચાલન મજૂરો પોતે લોકશાહી રીતે કરશે કે અલ્પજનિક કે અમલદારશાહી પદ્ધતિએ અત્યારે ચલાવે છે તે વર્ગોના હાથમાં રહેશે. આ પ્રશ્ન સંભવ છે કે નવા વિગ્રહો પ્રત્યે લઈ જાય કે જે સહેલાઈથી આંતરરાષ્ટ્રીય કે કંઈ નહિ તો આંતરયુરોપીય યુદ્ધરૂપે વધી પડે; દરેક રાષ્ટ્રને એ યુદ્ધમાં એક થય હતાં એમ કરવા બદલે બે ભાગમાં ચીરી નાખે. અને આવા સંઘર્ષનાં પરિણામ અણધારી અસર કરે, માણસોના વિચારો અને જીવનને જોરથી નવી દિશામાં વાળે અથવા તો હયાત રાષ્ટ્રો અને સામ્રાજ્યોની સીમાઓને તોડી નાખે.[૧]

૧. આ સંયોગાધીન ભવિષ્યવાણી સર્વરીતે યુકિતયુકત હતી—અને વધુ ને વધુ પુરવાર થતી જતી હતી—રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જીવનના યુદ્ધોત્તર વિકાસથી. સ્પેઈનના અમાનુષી અત્યાચારો, રૂશીઆ, ઈટલી અને જર્મનીમાં બે વિરુદ્ધ પ્રકારના સમાજવાદોનો વિકાસ અને ફ્રાન્સની અસ્થિર રાજકીય અવસ્થા એ સર્વ આ વલણનાં આગાહિત પરિણામોનાં દૃષ્ટાંત છે. પરંતુ આ વલણ સામ્યવાદના

ઉદ્‌ભવરૂપે પરાકાષ્ઠાએ પહોંચ્યું છે અને સંભવ છે કે ભવિષ્ય, સામ્યવાદની અને નવા જગતના હજી બચી ગયેલા મૂડીવાદી ઉદ્યોગવાદની વચ્ચેના વિગ્રહના હાથમાં છે અથવા તો એ જૂના જગતના બે ખંડોના સામ્યવાદ અને નરમ સમાજવાદી લોકશાહીની વચ્ચેના વિગ્રહમાં છે. પણ સામાન્ય રીતે કહીએ તો, આ પ્રકરણમાં નોંધેલાં અનુમાનો જ્યારે ભવિષ્યની શકયતાઓ અત્યારે છે એનાથી તદ્દન ભિન્ન પ્રકારની હતી અને બધું જ ડામાડોળ હાલતમાં અને સંશયાત્મક ગૂંચવાડાની ભુલભુલામણીમાં હતું ત્યારની છે તે હવે જૂનાં થઈ ગયાં છે કારણ કે એથીયે વધુ મોટો વિગ્રહ આવી પડયો છે અને એણે જૂની પરિસ્થિતિઓને અસ્તિત્વમાંથી સાફ કરી નાખી છે. તે છતાં, એમાંની કેટલીક હજી હયાત છે અને એ નવી શરૂ થતી જગત-વ્યવસ્થાને કે ખરેખર કોઈ પણ ભાવિ જગત-વ્યવસ્થાને જોખમમાં મૂકે છે.

# એકરૂપતા અને સ્વતંત્રતાની સમસ્યા

જે પ્રશ્નથી આપણે શરૂઆત કરી તે હવે કોઈક પ્રકારના ઉત્તર સુધી પહોંચ્યો છે. આપણી જ્ઞાનજ્યોતિ પહોંચી શકે ત્યાં સુધી, બની શકે એટલી રીતે, રાજકીય અને આર્થિક હેતુઓથી અને માત્ર રાજકીય અને વહીવટી સાધનોથી માનવજાતિની રાજકીય અને વહીવટી એકતાની શકયતાને તપાસ્યા પછી, એ નિર્ણય થઈ શકયો છે કે આવી એકતા શકય છે એટલું જ નહિ પરંતુ માનવજાતિનાં વિચારો અને વલણો અને વર્તમાન ઘટનાઓ, ચાલુ પરિબળો અને આવશ્યકતાઓ પણ નિર્ણયાત્મક રીતે એ દિશામાં વળ્યાં છે. માનવજાતિના વિકાસપ્રવાહમાં વિશ્વ-પ્રવૃત્તિએ ઉછાળેલા મહાન તરંગોમાંનો એ એક છે, અને એ માનવજાતિના ભૂતકાળના ઇતિહાસનું અને આપણા વર્તમાન સંયોગોનું પરિણામ છે. એ સાથે કોઈ કારણ નથી કે એનો વિકાસ કષ્ટહીન કે ત્વરિત થશે કે એનો ચોક્કસ અને અંતિમ વિજય થશે એમ આપણે કહી શકીએ. આપણે માર્ગમાંની કેટલીક મુશ્કેલીઓનો વિચાર કર્યો છે; આપણે એ પણ જોયું છે કે એ મુશ્કેલીઓને ઓળંગી જવા માટે કઈ રેખાઓ પર વ્યવહારમાં એ આગળ વધી શકશે. આપણે નિર્ણય કર્યો છે કે જે એક રસ્તે એ જાય એવો સંભવ નથી તે છે આદર્શ માર્ગ—ન્યાય, પરમ આવશ્યકતા અને માનવજાતિના ઉત્કૃષ્ટ વિચારો માગે છે, અને જે કાયમી સિદ્ધિની વધુમાં વધુ શકયતાની ખાત્રી આપે છે તે માર્ગ. આપણા સામૂહિક વિકાસના બહુ આગળના કાળ સુધી કદાચ, મુકત અને સમાન રાષ્ટ્રોના સમવાયનો માર્ગ એ સંપૂર્ણ રીતે નહિ સ્વીકારે કે રાષ્ટ્રીયતા અને આંતરરાષ્ટ્રીયતાના પરસ્પર સ્પર્ધા કરતા સિદ્ધાંતોની વચ્ચે પૂર્ણ સુમેળને એના હેતુ તરીકે નહિ સ્થાપે.

અને હવે આપણે પ્રશ્નની બીજી બાજુનો, માનવજીવન અને પ્રગતિનાં ઝરણો પર એની અસરનો વિચાર કરવાનો છે. માનવજાતિની રાજકીય અને વહીવટી એકતા શકય છે એટલું જ નહિ પરંતુ આપણો વર્તમાન વિકાસ પણ

એની આગાહી કરે છે; રાષ્ટ્રોનો સામૂહિક અહંભાવ જે એનો વિરોધ કરે છે તે યુરોપીય યુદ્ધના અંતર્દાહે જેને દેહ અને વાચા આપી તે વર્તમાન એકીકરણના વલણની આગળ વધતી ભરતીમાં તણાઈ જાય. પણ પ્રશ્ન એ રહે છે કે એની પ્રથમ શિથિલ રચનામાં નહિ પરંતુ એ જેમ વિકાસ પામે અને સંપૂર્ણ થતું જાય અને સશકત બને ત્યારે એના સખત એકીકૃત શાસનમાં શું અવશ્ય રીતે માનવજાતિની વ્યકિતગત અને સામૂહિક સ્વતંત્રતાઓનું મહદંશે ઉલ્લંઘન થશે અને એનામાં એક પ્રકારની દુ:ખદાયી યાંત્રિકતા આવશે કે જેનાથી માનવ-જાતિના આત્મ-જીવનનો મુકત વિકાસ થોડા વખત માટે તો અટકે, ઓછો થાય કે અનિચ્છનીય દબાણના જોખમમાં આવી પડે. આપણે જોયું છે કે આવા વિકાસમાં, શિથિલ રચનાના સમય પછી અંકુશ અને સંકોચનનો સમય આવે છે જેમાં વધુ દૃઢ એકીકરણ માટે પ્રયત્ન થાય કે જેથી નવી એકતાને દૃઢ આકાર આપી શકાય. અને ભૂતકાળનાં એકીકરણોમાં એનો અર્થ એવો થયો છે અને અહીં પણ એવો થાય કે માનવજીવનમાં સ્વતંત્રતાનો સિદ્ધાંત દબાઈ જાય કે જે સિદ્ધાંત માનવજાતિના આધ્યાત્મિક, રાજકીય અને સામાજિક સંઘર્ષોનું અત્યાર સુધીનું સૌથી મૂલ્યવાન ઉપાર્જન છે. ઉન્નતિનું ચક્ર ફરીથી પ્રગતિની આ નવી રેખા પર પોતાનું કામ પૂરું કરે એવો સંભવ છે.

જો માનવજાતિનું એકીકરણ, એક યોગ્ય સામ્રાજ્ય કે રાષ્ટ્ર કે જાતિના જગત પર વધતા જતા અને એકહથ્થુ આધિપત્યની જર્મન માન્યતા પ્રમાણે, આગળ વધે તો આવો વિકાસ સંભવિત બને એટલું જ નહિ પણ અવશ્ય થાય. દૈવ, જો બે કે ત્રણ મોટાં સામ્રાજ્ય રાષ્ટ્રોના માનવજાતિ પરના આધિપત્યનો, સાધન તરીકે ઉપયોગ કરે અથવા તે જો ગાઢ રીતે સંયુકત એવું યુરોપ કાર્ય-સાધક શકિત હોય કે જે અમુક પ્રકારના રાજકીય વિચારકોની યોજનાનો વિકાસ કરી બાકીની દુનિયાને હાથમાં લઈ લે અને વધુ શ્યામ-રંગી માનવપ્રજાને અચોક્કસ મુદત માટે શિખાઉ વર્ગમાં રાખી દે, તો એવો વિકાસ એટલો જ અનિવાર્ય બને.

આવી પ્રશિક્ષણ પદ્ધતિનો બહાર દેખાડવાનો ઉદ્દેશ અને કારણ અલ્પ-વિકસિત પ્રજાઓને સભ્ય બનાવવાનો એટલે કે યુરોપી બનાવવાનો હશે. વ્યવહારમાં એનો અર્થ આપણને ખબર છે તે પ્રમાણે એમનું શોષણ થશે, કારણ કે માનવસ્વભાવ જે રીતે કામ કરે છે તેમાં શુભેચ્છક પરંતુ બળજબરીથી જાતે થઈ બેઠેલા સંરક્ષકને પોતાના લાભકારી સ્થાનનો વધુમાં વધુ ફાયદો લેવાનું ઉચિત લાગે છે,—અલબત્ત હમેશાં એના પોતાના વિકાસના હિતમાં અને જગતના સર્વસામાન્ય વિકાસ માટે. એ શાસન પોતાની હસ્તી માટે વધારે પ્રબળ શકિત ઉપર આધાર રાખતું હશે અને શાસિતોની સ્વતંત્રતા માટેની

ઇચ્છાઓનો એ આધારે એ વિરોધ કરશે કે તેઓ હજી એને માટે યોગ્ય નથી કે એમની ઇચ્છાઓ અપરિપકવ છે; બંને દલીલો સદાકાળ અખંડ રહેવાની કારણ કે એમને રજૂ કરનારાઓને સંતોષી શકે એવી રીતે એ કદી તોડી શકાશે નહિ. પ્રથમ તો આ રાજ્ય એવી રીતે ચાલે કે જેમાં રાજ્યકર્તા પ્રજા માટે વ્યકિતસ્વાતંત્ર્યનો સિદ્ધાંત સચવાય અને શાસિત પ્રજા પરની પરોપકારી પરતંત્રતા તો જડાયેલી રહે; પરંતુ આ લાંબું ન ચાલે. ભૂતકાળનો અનુભવ આપણને શીખવે છે કે સ્વતંત્રતાના સિદ્ધાંતને બદલે સત્તાના સિદ્ધાંતની પસંદગી સામ્રાજ્ય પ્રજામાં એની આદત જન્માવે છે, અને ઘરમાં પણ એ એની ઉપર પ્રતિક્રિયા કરે છે, અને એને પ્રથમ અજાણ્યે અને પછી વિચારતા પરિવર્તનથી અને સંયોગોમાં ભાગ્યના પરિપાક રૂપે, આંતરિક સ્વતંત્રતાના પરિત્યાગ પ્રત્યે દોરી જાય છે. આ સ્થિતિમાંથી બહાર નીકળવાના બે માર્ગો હોઈ શકે, હજી પરાધીન પ્રજાઓમાં અથવા તો એમના જ લાભાર્થે બીજાઓના વહીવટ નીચે રખાયેલી પ્રજાઓમાં સ્વતંત્રતાના સિદ્ધાંતની અભિવૃદ્ધિ કે સમગ્ર જગતમાં એનો વિનિપાત, કાં તો ઉપરી સત્તા નીચેનાને સમાવી લે અથવા તો નીચેની પ્રજા ઉપરનીને; એ બંને ચિરકાલ પર્યંત એક જ માનવ અર્થતંત્રમાં જુદી જુદી રહી શકતી નથી. પરંતુ દશમાંથી નવ વાર, એ સંબંધનો અંત લાવે એવા સંયોગોની ગેરહાજરીમાં, ઉપર જણાવી એ શકયતાઓમાંથી વધુ દુ:ખદાયી શકયતા જીતે છે.[૧]

એકીકરણનાં આ સર્વ સાધનો વ્યવહારમાં બળજબરી અને અનુરોધથી આગળ વધશે અને કોઈ પણ, વિચારપૂર્વક, લાંબા કાળ સુધી અને વધુ ને વધુ પ્રમાણમાં અનુરોધનાં સાધનોના ઉપયોગથી, સ્વતંત્રતાના સિદ્ધાંતનું સન્માન બળજબરીનો ઉપયોગ કરનાર માણસોમાં અને ખુદ સ્વતંત્રતા માટે એમનો અનુરોધ કરવામાં આવે છે તે પ્રજામાં ઘટતું જશે, એનાથી એકહથ્થુ સત્તાના સિદ્ધાન્તને ઉત્તેજન મળે છે જેનું વલણ સખ્તાઈ, એકરૂપતા, યાંત્રિકતા અને એ કારણે અપ્રાગતિક જીવનની પદ્ધતિને દાખલ કરવાનું હોય છે. આ છે ચૈતસિક કર્મ અને પરિણામનો સંબંધ કે જેની અસર સત્તાનો સર્વ ઉપયોગ મુકત સંમતિ સાથે જ કરવામાં આવે તે સિવાય ટાળી શકાતી નથી. પરંતુ આ રીતે એકીકરણ માટે કામ કરતાં શાસનતંત્રો સ્વભાવે અને ઉદ્ભવે ભૂલસુધારની

---

૧. અત્યારની પરિસ્થિતિમાં આ વિચારણા હવે નિરર્થક થઈ છે. એશીઆ હવે મોટે ભાગે સ્વતંત્ર થયું છે અથવા તો સ્વતંત્ર થવાના માર્ગ પર છે. સત્તાધીશ યુરોપ કે સત્તાધીશ પશ્ચિમનો ખ્યાલ હવે બળવાન નથી રહ્યો અને ખરે જ માણસોના મનમાંથી ખસી ગયો છે અને અસ્તિત્વમાંથી લગભગ નીકળી ગયો છે.

આ પદ્ધતિનો છૂટથી ઉપયોગ નહિ કરી શકે; કારણ કે એમને અનિચ્છુક દ્રવ્યોનો અવરોધ કરવો પડશે અને એમણે વિરોધી શકિતઓ અને વલણોને દૂર કરવા સંકલ્પપૂર્વક કામ લેવું પડશે. એમને બંડખોર, લાગતાં અને સામનો કરતાં, સ્વતંત્રતાનાં સર્વ સ્વરૂપોને દાબી દેવાની, ઓછાં કરવાની કે નાબૂદ કરવાની ફરજ પડશે; અર્થાત્ મુકત પ્રવૃત્તિ અને આત્મ-આવિર્ભાવ માટેની એવી સર્વ વધુ મોટી સ્વતંત્રતાઓને કે જે માનવમુકિતનો ઉત્તમ, બલવાન અને પ્રોત્સાહક ભાગ છે. એમણે પ્રથમ બળથી અને પછી કાનૂની દબાણ અને સતામણીથી આપણે જેને રાષ્ટ્રીય સ્વતંત્રતા કહીએ છીએ તેનો નાશ કરવો પડશે; એ પ્રક્રિયામાં, માનવજાતિના દબાયેલા ભાગોમાં અને અનિવાર્ય પ્રતિક્રિયા અને સંસ્પર્શથી સામ્રાજ્ય રાષ્ટ્ર અથવા રાષ્ટ્રો, બંનેમાં, વ્યકિતસ્વાતંત્ર્યનો નાશ થશે. આ દિશામાં અવનતિ હમેશાં સહેલી છે; કારણ કે માનવીએ માનવ-પ્રતિષ્ઠા અને સ્વાતંત્ર્યનું સમર્થન કરવાનો સદ્ગુણ લાંબા વિકાસ અને કષ્ટમય પ્રયાસને પરિણામે પ્રાપ્ત કર્યો છે; બીજાઓની સ્વતંત્રતાને માન આપવામાં એ હજી પ્રકૃતિએ ઓછો રાજી છે—જોકે એ સિવાય એનું પોતાનું સ્વાતંત્ર્ય કદાપિ ખરી રીતે સલામત નથી; પરંતુ દબાવવું અને જ્યાં બની શકે ત્યાં ઉપરીપણું કરવું, એ નોંધ લેવાય કે ઘણી વાર અતિ સુંદર હેતુઓને બહાને—અને બીજી બાજુએ સત્તાધારીની અર્ધી દબામણી અને અર્ધી ગુલામીમાં રહેવું એ છે એની પશુ તરીકેની સહજાત કુટેવો. એ કારણથી, માણસે જે થોડી સર્વસામાન્ય સ્વતંત્રતાઓ પોતાને માટે વ્યવસ્થિત કરી છે તેની ઉપરનાં બધાં બિનજરૂરી બંધનો સાચે જ ગમે તેવાં તાત્કાલિક લાભ લાવે તો પણ પીછેહઠનાં સ્વરૂપો છે, અને માનવ-પ્રકૃતિ અને સમાજની અપૂર્ણતાઓને કારણે અનિવાર્ય હોય તેથી જરા પણ વધુ દબાણ કે સતામણીની કોઈ પણ પદ્ધતિ સમસ્ત માનવ-જાતિની પ્રગતિ સામે ફટકા સમાન થાય છે, પછી ભલે એનો અમલ કોઈ પણ કરતું હોય અને કયાંય પણ થતો હોય; એથી કંઈ ફરક પડતો નથી.

જો, બીજી બાજુએ જાતિના એકીકરણનું સ્વરૂપ મુકત રાષ્ટ્રો અને સામ્રાજ્યોના સમવાયથી કરવામાં આવે અને જો આ સામ્રાજ્યો ચૈતસિક વાસ્તવિકતાઓ બનવા પ્રયાસ કરે અને એથી મુકત અંગીઓ બને અથવા તો ત્યાં સુધીમાં માનવજાતિએ એટલી પ્રગતિ સાધી લીધી હોય કે એકીકૃત માનવજાતિમાં મુકત રાષ્ટ્રીય કે સાંસ્કૃતિક સામૂહિકતાનો સિદ્ધાંત અખત્યાર કરી શકાય તો પછી પીછેહઠનું જોખમ બહુ ઓછું થઈ જશે. છતાં, એ અસ્તિત્વમાં રહેશે. કારણ કે જેમ આપણે જોયું છે તેમ, શાસનનો સિદ્ધાંત, એકરૂપતાનો સિદ્ધાન્ત એ એકીકરણના સમયનું કુદરતી વલણ છે. સ્વતંત્રતાનો સિદ્ધાંત એકરૂપતાના વિકાસમાં કુદરતી અંતરાય રૂપ હોય છે અને જોકે સાચા શાસનતંત્રની સાથે એના સુમેળ

શકય છે અને જેમાં એ સારી રીતે ગોઠવાઈ ગયો છે તે શાસનમાં એ સાથે જીવી શકે છે, પરંતુ નવા શાસનની સાથે એટલી સહેલાઈથી વ્યવહારમાં એ સુમેળ સાધી શકાતો નથી કે જે શાસન એની પાસે નવા ત્યાગ માગે છે જેને માટે એ ચૈતસિક રીતે હજી તૈયાર નથી. આ પણ બહુ મહત્ત્વનું નથી, કારણ કે બધી પ્રગતિમાં અમુક ઘર્ષણ અને નવેસરની ગોઠવણની આવશ્યકતા ઊભી થાય છે; અને એમાં જો એક બાજુ સ્વતંત્રતાને અને બીજી બાજુ શાસનને થોડા આઘાતો સહન કરવા પડે તો પણ થોડા અનુભવ પછી તેઓ પોતપોતાની જગા કરી લેશે. કમનસીબે પ્રત્યેક આત્મ-સમર્થન કરતા વલણની એ પ્રકૃતિ છે અથવા તો એના વિકાસ કાળનો એ સિદ્ધાન્ત છે કે જ્યારે સંયોગો અનુકૂળ હોય ત્યારે એ પોતાનું વધુ પડતું સમર્થન કરે છે અને એના દાવાની અત્યુક્તિ કરે છે. એની એકપક્ષી સફળતા માટે અત્યુત્સાહ રાખે છે, એના આપખુદ અમલનો આગ્રહ રાખે છે અને બીજાં વલણો અને સિદ્ધાંતોને અને ખાસ કરીને જે એને એની પોતાની પ્રકૃતિથી સ્વાભાવિક રીતે દૂરના લાગે છે તેમને દબાવી દેવા અને પદાક્રાન્ત કરવા માગે છે. અને જો એ આ વિરોધી બળોમાં સામનો દેખે છે તો એનો આત્મ-સમર્થનનો જુસ્સો ગુસ્સે ભરાય છે, પ્રમાથી થાય છે, નિષ્ઠુર બને છે; પુનર્વ્યવસ્થાના ઘર્ષણને સ્થાને આપણી સામે શત્રુતાયુકત અથડામણી, તોફાની ક્રિયા-પ્રતિક્રિયાઓ અને વિકાસ અને ક્રાન્તિ એક કે બીજી બાજુ સંઘર્ષમાં વિજયી ન થાય ત્યાં સુધી આવે છે.

માનવજાતિના ભૂતકાળના વિકાસમાં જે બન્યું છે તે આ છે; બધી મોટી માનવીય—ધાર્મિક, સામાજિક રાજકીય—રચનાઓ અને વિકાસોમાં વ્યવસ્થા અને એકરૂપતાનો સ્વતંત્રતા સામે સંઘર્ષ એ મુખ્ય હકીકત બની છે. અને નિકટના ભવિષ્યમાં વિકાસના વધુ સમજદાર સિદ્ધાંતની આગાહી કરવા માટે કોઈ કારણ હજી દેખાતું નથી. માણસ એના ઈતિહાસના જાણીતા ભૂતકાળમાં હતો તેથી વધુ પ્રમાણમાં તર્ક-પ્રધાન પ્રાણી બનતો જતો જણાય છે, પરંતુ એ કારણે એક કે બે દિશાઓ સિવાય એ વધુ સમજદાર માનસવાળો કે વધુ સંવાદી સ્વભાવવાળો થયો એમ નથી; કારણ કે એ હજી એની બુદ્ધિને ડહાપણ-ભર્યા સમાધાન કરતાં વધુ પ્રમાણમાં ઝઘડા અને પરસ્પર વિરોધના પક્ષમાં વાપરે છે. અને સર્વદા એનાં મન અને બુદ્ધિ બહુધા એની પ્રાણિક ઇચ્છાઓ અને આવેશોને વશવર્તી રહ્યાં છે. એથી આપણે ધારી શકીએ કે સારામાં સારા સંયોગોમાં પણ વિકાસની જૂની રીત એનું પોત પ્રકાશશે અને જૂની લડાઈ માનવજાતિની એકતાના પ્રયાસમાં નવે રૂપે આવશે. સત્તા અને વ્યવસ્થાનો સિદ્ધાંત યાંત્રિક વ્યવસ્થા માટે પ્રયત્ન કરશે; સ્વતંત્રતાનો સિદ્ધાંત સામનો કરશે અને વધુ લવચીક, મુકત અને વિશાળ પદ્ધતિની માગણી કરશે. એ બે પુરાણા શત્રુઓ

માનવએકતાને પોતાને હસ્તક રાખવા, જેવી રીતે એ ભૂતકાળમાં રાષ્ટ્રની વિકાસ પામતી રચનાને પોતપોતાને હસ્તક રાખવા લડતા હતા તેમ લડશે. એ પ્રક્રિયામાં ટૂંકા ક્ષેત્રમાં કામ કરતી શકિતને સંયોગો અનુકૂળ હોવાથી રાષ્ટ્રીય તેમજ વ્યકિતગત બન્ને પ્રકારનાં સ્વાતંત્ર્યો ભીંત ભણી ધકેલાઈ જશે. જો એમને લશ્કરી શાંતિ સ્વીકારવા વિધિવિધાનોની ગોળીઓ છોડતી ટુકડી સામે ભીંતે અડાડી ઊભા રાખવામાં ન આવે તો એમનું સદ્ભાગ્ય.

આમ ન પણ બને જો રાષ્ટ્રોની પોતાની અંદર વ્યકિતસ્વાતંત્ર્યની ભાવના એના જૂના જોમમાં હજી ફૂલીફાલી રહે, કારણ કે તો એ એને માટેની કુદરતી સહાનુભૂતિને લીધે અને પોતાના લાભાર્થે એ બે કારણોએ બધાં ઘટક રાષ્ટ્રોની સ્વતંત્રતાઓના સન્માનની માગણી કરશે. પરંતુ, અત્યારના દેખાવો બતાવે છે તે પ્રમાણે તો, આપણે એવા સમયમાં પ્રવેશ કરીએ છીએ કે જેમાં વ્યકિતસ્વાતંત્ર્યના આદર્શનું રાજ્ય-વિચારની છાયામાં, જો કોઈ એક પ્રકારનું સામયિક મૃત્યુ કે ઓછામાં ઓછું લાંબી નિદ્રા, મોહ કે શૈત્યીકરણ નહિ તો પણ ખગ્રાસ ગ્રહણ તો નિયત છે. એકીકરણની પ્રક્રિયાનાં સંકોચન અને યાંત્રિકતા, તેની સાથે સાથે થઈ રહેલી પ્રત્યેક ઘટકની અંદરની સંકોચન અને યાંત્રિકતાની પ્રક્રિયા બંને એક સાથે બને એ શકય છે. તો પછી આ બેવડી પ્રક્રિયામાં સ્વાતંત્ર્યની ભાવના એનું રક્ષણ કે એનું પોષણ કયાં પામશે? સ્વાતંત્ર્યનાં જૂનાં સ્વરૂપો આ બેધારી પ્રક્રિયામાં અદૃશ્ય થઈ જશે અને સ્વસ્થ પ્રગતિની એકમાત્ર આશા માનવમનની નવી અને પ્રબળ આધ્યાત્મિક કે બૌદ્ધિક નવજાગૃતિએ પેદા કરેલા નવનિરૂપણમાં રહેશે કે જે સ્વાતંત્ર્યનો કોમી જીવનના સંઘવાદી આદર્શ સાથે અને સમૂહ-એકમના સ્વાતંત્ર્યનો માનવજાતિના વધુ સંયુકત જીવનની નવી આવશ્યકતા સાથે સુમેળ સાધશે.

દરમિયાન, આપણે વિચારવાનું રહે છે કે એકીકરણના સિદ્ધાંતને એના વધુ બાહ્ય અને યાંત્રિક આવિર્ભાવોમાં કયાં સુધી આગળ લઈ જવો શકય કે સંભવિત છે કે જેને બાહ્ય એટલે કે રાજકીય અને શાસનિક રીત પસંદ કરે એમ છે, અને કેટલા સુધી એ એમની વધુ અંતિમ કક્ષાની રચનાઓમાં માનવ-જાતિની પૂર્ણતા પ્રત્યેની પ્રગતિમાં સહાયક કે બાધક થાય એમ છે. આપણે એ પણ વિચારવું પડશે કે નવા એકત્રિત જીવનમાં રાષ્ટ્રીયતાના સિદ્ધાન્તની પોતાની ઉપર કેટલી અસર થશે, કે એનું વિસર્જન થશે, કે જો એ જીવતો રહે તો, ગૌણ બનેલા રાષ્ટ્રીય એકમનું નવા સંયુકત જીવનમાં કયું સ્થાન રહેશે. આમાં નિયંત્રણનો પ્રશ્ન, માનવ-સંસદનો વિચાર અને સાંઘિક જીવનના વિજ્ઞાનમાં આ નવા મહાકાય પ્રશ્નને લાગુ પડતા રાજકીય વ્યવસ્થાના બીજા વિચારો સમાવિષ્ટ છે. ત્રીજી બાબત છે એકરૂપતાનો પ્રશ્ન, એ કે એકરૂપતા

ક્યાં સુધી માનવજાતિ માટે આરોગ્યપ્રદ અને એકતા માટે આવશ્યક છે. એ ચોખ્ખું છે કે અહીં આપણે એવા પ્રશ્નોમાં પ્રવેશ કરીએ છીએ કે જે આપણે અત્યાર સુધી હાથ પર લીધા છે તે કરતાં વધુ સૂક્ષ્મ રીતે અને વાસ્તવિકતાના વધુ ઓછા સંવેદન સાથે વિચારવા જોઈશે. કારણ કે આ બધું અસ્પષ્ટ ભવિષ્યમાં છે, અને જે કંઈ પ્રકાશ આપણે મેળવી શકીએ છીએ તે ભૂતકાળના અનુભવમાંથી અને જીવન, પ્રકૃતિ અને સમાજશાસ્ત્રના સિદ્ધાંતોમાંથી મળે છે; વર્તમાન આપણને નિરાકરણ માટે માત્ર ઝાંખો પ્રકાશ આપે છે કે જે થોડા દૂરના કાળમાં અગણ્ય શકયતાઓથી ભરેલા ધૂંધળા અંધકારમાં ઊતરી જાય છે. આપણે કંઈ આગળથી જોઈ શકતા નથી; આપણે માત્ર વિચારવિમર્શ કરી શકીએ અને સિદ્ધાંતો સ્થાપી શકીએ.

આપણે જોઈ શકીએ છીએ કે હમેશાં અંતિમ શકયતાઓ બે હોય છે અને એમની વચ્ચે વત્તોઓછે અંશે શકય સમાધાનો સંખ્યાબંધ હોય છે. અત્યારે માનવ સમુદાયનું સુસ્થિર સામૂહિક એકમ છે રાષ્ટ્ર કે જેને અધીન રહેવાની બીજાં બધાં એકમોની વલણ હોય છે; હજી સુધી સામ્રાજ્ય પણ રાષ્ટ્રનું જ એક પ્રકારનું વિકસિત રૂપ છે અને અર્વાચીન યુગમાં સામ્રાજ્યો, જેમ સામ્રાજ્ય રોમન જગત બન્યું તેમ, યોજનાપૂર્વક મોટો સંઘ બનવા માટે નહિ, પરંતુ શક્તિશાળી અને સમૃદ્ધ રાષ્ટ્રોના પ્રભુત્વ, વિસ્તાર, જમીનભૂખ, સંપત્તિસુખ અને પ્રાણિક, બૌદ્ધિક અને સાંસ્કૃતિક આક્રમકતાની વૃત્તિના વલણની પરિપુષ્ટિ અર્થે અસ્તિત્વમાં આવ્યાં છે. પરંતુ, એ રીતે રાષ્ટ્ર-એકમ એનાથી વધુ મોટી સાંઘિકતાના સિદ્ધાંત કે યોજનામાં વિસર્જિત થઈ જવાની શકયતામાંથી બચી જતું નથી. કોઈ પણ માનવએકતામાં નાનાં સામૂહિક એકમો સર્વદા રહેશે. ગમે તેટલી સર્વગ્રાહી, અસહનશીલ અને એકરૂપ એકતામાં પણ રહેશે, કારણ કે એ માત્ર મનુષ્ય સ્વભાવનો નહિ પણ સમસ્ત જીવનનો અને પ્રત્યેક સમૂહનો મુખ્ય સિદ્ધાંત છે; અહીં આપણે વૈશ્વિક અસ્તિત્વની પ્રતિષ્ઠાના ધર્મને સ્પર્શીએ છીએ, સર્જનના મૂળભૂત ગણિતશાસ્ત્ર અને વસ્તુશાસ્ત્રને સ્પર્શીએ છીએ. પરંતુ એનો અર્થ એ નથી કે રાષ્ટ્ર એક સમૂહ-એકમ તરીકે સદૈવ રહેશે. એ સર્વથા અદૃશ્ય પણ થઈ જાય; અત્યારથી જ રાષ્ટ્ર-વિચારનો પરિત્યાગ થવા માંડયો છે, સામે નિષ્પ્રદેશ માનવી (Sans-patric) વિશ્વ-નાગરિકનો વિચાર જન્મ પામ્યો છે અને યુદ્ધ પહેલાં એ સબળ થતો જતો હતો; અને જોકે એ થોડા વખતથી દબાઈ ગયો છે, ચૂપ છે અને નિરાશામાં છે, પણ કોઈ રીતે હણાઈ તો ગયો નથી, પરંતુ હવે પછી જોરશોરથી સજીવન થવા સંભવ છે. બીજી બાજુએ, રાષ્ટ્ર-વિચાર, પૂરી શક્તિથી અથવા ગમે તેવા ઝઘડા અને દેખીતી હાર પછી પણ વધુ મોટી એકતાની અંદર કાયમ રહે એનું જીવન, સ્વાતંત્ર્ય

અને એની તાકાતભર વિશિષ્ટતા આગળ કરે. આખરે, એ અલ્પ અને આધીન પ્રાણ સાથે, અથવા તો સાચી પ્રાણશકિત વિના, સગવડ રૂપે, માનસિક કરતાં વધુ વહીવટી વસ્તુ તરીકે, ફ્રેન્ચ ડિપાર્ટમેન્ટ અથવા ઇંગ્લિશ કાઉન્ટીની જેમ કાયમ રહે. પણ તેમ છતાં એ પાછળથી થવાના માનવજાતિની એકતાના વિસર્જન માટેનું પ્રસ્થાન બિન્દુ બનવા પૂરતી યાંત્રિક વિશિષ્ટતા જાળવી રાખે, જે વિસર્જન, એકતા જો સાચા સત્ત્વવાળી હોવાને બદલે વધુ પ્રમાણમાં યાંત્રિક હશે — એટલે કે જો એ રાજકીય અને શાસનિક ઉદ્દેશથી, આર્થિક, સામાજિક કે માત્ર સાંસ્કૃતિક સુગમતા, સગવડ અને સંયોગોને આધારે માનવજાતિની આધ્યાત્મિક એકતાની પાર્થિવ પ્રતિષ્ઠારૂપે ચાલુ રહે તો, અવશ્ય થાય તેમ છે.

એવું જ એકરૂપતાના આદર્શમાં પણ; કારણ કે ઘણાં મન, ખાસ કરીને કઠણ અને યાંત્રિક ઢબનાં, જેમાં તર્ક અને બુદ્ધિ, કલ્પના અને મુકત પ્રાણિક સ્ફુર્જન કરતાં વધુ બળવાન હોય છે, અથવા તો એવાં મન કે જે વિચારની મર્યાદાઓને ભૂલી જઈને, એની સુંદરતાથી આકર્ષાય છે, તેમને એકરૂપતા એક આદર્શ વસ્તુ છે, કેટલીક વાર તો એવા માણસો વિચારી શકે તેવો એ ઉત્તમમાં ઉત્તમ આદર્શ છે. માનવજાતિની એકરૂપતા અશકય સંભવિતતા નથી, જોકે એ વર્તમાન સંયોગોમાં અવ્યવહારુ અને અમુક દિશામાં બહુ દૂરના ભવિષ્ય સિવાય ભાગ્યે જ કલ્પી શકાય એવી બાબત છે, કારણ કે જીવનની આદતોની એકરૂપતા, જ્ઞાનની એકરૂપતા, રાજકીય, સામાજિક, અર્થિક અને શૈક્ષણિક એકરૂપતા પ્રત્યે ખૂબ ધસારો થઈ રહ્યો છે કે થઈ ગયો છે અને આ સર્વ, એના અંતિમ બિંદુ સુધી લઈ જવામાં આવે તો સંસ્કૃતિની એકરૂપતા સુધી લઈ જાય એમ છે. જો એ સિદ્ધ થાય તો સંપૂર્ણ એકરૂપતાની શબવત સમતલતા સામે એક અંતરાય બાકી રહ્યો હશે,—ભાષાની ભિન્નતાનો; કારણ કે ભાષા વિચારને સર્જે છે અને સાથોસાથ એનાથી એ સર્જાય છે અને એનું રૂપ નિર્ધારિત થાય છે, અને જ્યાં સુધી ભાષાની જુદાઈ છે ત્યાં સુધી હમેશાં વિચારની, જ્ઞાનની અને સંસ્કૃતિની અમુક પ્રમાણમાં વિવિધતા રહેશે. પરંતુ, એ સહેલાઈથી સમજી શકાય એમ છે કે સંસ્કૃતિની વ્યાપક એકરૂપતા અને જીવનની નિકટ સંગતિ, વિશ્વભાષાની જરૂરત કે જે કયારની જણાઈ છે તેને અનવરોધ્ય શકિત આપશે અને એક વિશ્વભાષા એક વખત સર્જાય અથવા તો એક વખત સ્વીકારાય એટલે એ અંતે પ્રાદેશિક ભાષાઓને હણી નાખશે, જેમ લૅટીન ભાષાએ ગૉલ, સ્પેઈન અને ઈટલીની ભાષાઓને હણી નાખી છે કે જેમ અંગ્રેજી ભાષાએ કોર્નિશ, ગૅલીક, એર્સને મારી નાખી અને વેલ્સવાણી પર છવાતી ગઈ છે. બીજી બાજુએ આજકાલ માનવમનમાં વધતા જતા આત્મપરકતાવાદને કારણે મુકત વૈવિધ્યના સિદ્ધાંતનો પુનર્વિકાસ અને એકરૂપતાનો ઇન્કાર થવા

લાગ્યો છે. જો આ વલણ જીતે તો જાતિની એકતાએ એવી રીતે રચાવું પડશે કે જેમાં એનાં ઘટક તત્ત્વોની મુકત સંસ્કૃતિ, વિચાર અને જીવનનું સન્માન થાય. પરંતુ એક ત્રીજી શકયતા પણ છે, એવી પ્રભાવક એકરૂપતાની, કે જે એના શાસનના પાયાઓને જોખમાવે નહિ એવી થોડા મહત્ત્વની વિવિધતાઓને રહેવા દે કે ઉત્તેજન આપે. અને આમાં પણ વિવિધતાઓ એમની સીમામાં મહત્ત્વની અને પ્રાણવાન, શકિતમાન અને અમુક અંશે વિશિષ્ટતાવાળી હોય, જોકે ભેદજનક નહિ, અથવા તો એ માત્ર ગૌણ સ્વરો અને છાયાઓ જેવી હોય, છતાં જે અનેકવિધ પ્રગતિના નવા યુગ ચક્રમાં એકરૂપતાના વિસર્જન માટે પ્રસ્થાનબિંદુ રૂપ બનવા માટે પૂરતી હોય.

અને એવી જ રીતે માનવજાતિના શાસનતંત્ર વિષે કહી શકાય. એ એક કેન્દ્રીય સત્તા નીચે, લશ્કરી ટુકડીમાં હોય છે તેવું કઠોર શાસન હોય જેવું કેટલીક સમાજવાદી પદ્ધતિઓ રાષ્ટ્ર માટે કલ્પે છે; એવું પ્રશાસન કે જે માનવ પ્રશિક્ષણ, આર્થિક જીવન, સામાજિક આદતો, નીતિનિયમો, જ્ઞાન, ધર્મ પણ અને માનવીય પ્રવૃત્તિઓનાં બધાં ક્ષેત્રોની દૃઢ અને એકરૂપ વ્યવસ્થા માટે સર્વ વ્યકિતગત અને પ્રાદેશિક સ્વતંત્રતાને દબાવી દે. આવો વિકાસ અશકય જણાય, કેમ કે નિકટના ભવિષ્યમાં તો એ શકય બને તે પહેલાં એને જે મોટા માનવસમૂહો સાથે કામ લેવું પડે, જે મુશ્કેલીઓ પાર કરવી પડે અને ઘણા કોયડાઓ ઉકેલવા પડે એ બધાં કારણોને લીધે એ ખરે જ અવ્યવહારુ બને. પરંતુ, એ અશકયપણાના વિચારમાં બે મહત્ત્વનાં તત્ત્વો બહાર રહી ગયાં છે, વિશાળ માનવસમુદાયોને સહેલાઈથી વાળવાનું શકય બનાવતો અને વિશાળ પ્રશ્નોને પહોંચી વળતો વિજ્ઞાનનો વિકાસ—જુઓ ચાલુ યુદ્ધ અને સમાજવાદની ઝડપી આગેકૂચ.[1] સમાજવાદના વિચારનો વિજય કે કોઈ પણ વેશમાં એનો વ્યવહાર. બધા ખંડોમાં—ધારી લઈએ તો એ સ્વાભાવિક રીતે આંતરરાષ્ટ્રીય સમાજીકરણમાં લઈ જશે કે જે વિજ્ઞાનના વિકાસથી અને વૈજ્ઞાનિક વ્યવસ્થાથી અને દેશાંતર અને લોકસંખ્યાની મુશ્કેલીઓ દૂર થવાથી શકય બનશે. બીજી બાજુએ, એ શકય છે કે લશ્કરમાં હોય એવા દૃઢ નિયંત્રણના આદર્શ અને સ્વાતંત્ર્યના આદર્શ વચ્ચેના ઉગ્ર સંઘર્ષના કાળચક્ર પછી માનવજાતિનો સમાજવાદી કાળ યુરોપના આપખુદ રાજાશાહી કાળ ટૂંકા ગાળાનો પુરવાર થાય, અને પછી આવે બીજો તાત્ત્વિક અરાજકતાવાદના સિદ્ધાંતોની પ્રેરણાવાળો કાળ—અર્થાત્

---

૧. ઈટલીમાં હવે હારી ગયેલા ફાસીસ્ટ રાજય જેવી પ્રત્યાઘાતી ઘટનાઓ માત્ર નવી શકયતાઓને તૈયાર કરે છે કે રાજ્યના અંકુશ અને દોરવણીના સિદ્ધાંતને સદેહ કરે છે કે જે સમાજવાદનો સાર છે.

વ્યકિતની સંપૂર્ણ સ્વતંત્રતા તેમજ કુદરતી અને ઐચ્છિક સામૂહિકતાની સ્વતંત્રતા પર પ્રતિષ્ઠિત એકતાનો કાળ. એક સમાધાન પણ થાય, પ્રભાવક નિયંત્રણ અને એને વત્તોઓછે અંશે આધીન એવા જીવન્ત સ્વાતંત્ર્યનું; પરંતુ એ ઓછું પ્રાણવાન હોય તો પણ જ્યારે માનવજાતિને લાગવા માંડે કે નિયંત્રણ એ કંઈ એનું અંતિમ ભાગ્ય નથી અને એના ભાવિ માટે શોધ અને પ્રયોગનું યુગચક્ર ફરી આવશ્યક બન્યું છે, ત્યારે રાજ્યના વિસર્જન માટે પ્રસ્થાનબિંદુ થઈ શકે તેવું.

અહીં આ મોટા પ્રશ્નોની સંપૂર્ણ વિચારણા શકય નથી. એકીકરણના પ્રશ્ન પ્રત્યેની આપણી પ્રગતિમાં દોરવણી આપી શકે એવા થોડા વિચારો રજૂ કરવા જેટલો જ પ્રયાસ આપણે અત્યારે કરી શકીએ. પ્રશ્ન વિશાળ અને અસ્પષ્ટ છે અને એની ઉપર પ્રકાશનું અહીંતહીં એક કિરણ પણ એની મુશ્કેલી અને અંધકાર ઓછાં કરવામાં સહાયભૂત થાય.

# ભાગ ૨

# આપણી પ્રગતિમાં પ્રકૃતિનો કાનૂન—વિવિધતામાં એકતા, કાનૂન અને સ્વતંત્રતા

પૃથ્વી પરનાં પ્રાણીઓમાં કેવળ માણસો માટે જ સાચી રીતે જીવવા માટે કાં તો જેમ બુદ્ધિવાદ દંભ કરે છે તેમ એના બુદ્ધિરૂપ એકમાત્ર કે મોટે ભાગે પ્રભાવક સાધન દ્વારા અથવા તો વધુ વિશાળ અને સંકુલ રીતે એની શકિતઓના સામૂહિક ઉપયોગ દ્વારા, સાચી રીતે જાણવું જરૂરી છે; અને એણે જે જાણવાનું છે તે છે સત્ત્વની સાચી પ્રકૃતિ અને જીવનનાં મૂલ્યોમાં એની ચાલુ અવિરત આત્મ-રચના, ઓછી સૂક્ષ્મ ભાષામાં, પ્રકૃતિના કાનૂનને, અને ખાસ કરીને એની પોતાની પ્રકૃતિના, અને એની અંદરની તથા એની આજુબાજુની શકિતઓ અને એની પોતાની વધુ મોટી પૂર્ણતા અને સૌખ્ય માટે, સાથે સાથે એના માનવબંધુઓની પણ વધુ મોટી પૂર્ણતા અને સૌખ્ય માટે એમના સાચા ઉપયોગને. જૂના સૂત્ર પ્રમાણે એનું કર્તવ્ય પ્રકૃતિના નિયમ પ્રમાણે જીવતાં શીખવું તે છે. પરંતુ હવે, પ્રકૃતિ વિષેની કલ્પના એક વખત કરવામાં આવતી હતી તેવી એક કાલાતીત અફર કાનૂન કે જેમાંથી માણસ ભ્રષ્ટ થઈ ગયો છે તે રૂપની કરી શકાય એમ નથી. કારણ કે એ જાતે જ બદલાતી, પ્રગતિમાન, વિકાસ કરતી, એક શિખરથી બીજા વધુ ઊંચા શિખર પ્રત્યે આરોહણ કરતી, એની પોતાની શકયતાઓની સીમામાંથી વધુ વિશાળ સીમાઓમાં વિસ્તૃત થતી વસ્તુ છે. પરંતુ આ બધા પરિવર્તનમાં કેટલાક સનાતન આત્મિક સિદ્ધાંતો અને સત્યો છે કે જે એનાં એ રહે છે અને જેના પાયા પર, જેમને પ્રાથમિક દ્રવ્યો રૂપે લઈ, જેમની અંદર અને જેમના ઢાંચામાં આપણી પ્રગતિ અને પૂર્ણતાએ સિદ્ધ થવાનું છે. એમ ન થાય તો, અસીમ અવ્યવસ્થા થાય, નહિ કે એની શકિતઓના સંઘર્ષમાંથી થયેલું કોઈ નવું જગત.

અવમાનવીય પશુ અને વનસ્પતિનું જીવન, જ્ઞાનની આવી આવશ્યકતાને આધીન નથી. તેમજ જ્ઞાનની આવશ્યક સંગતિરૂપે જ્ઞાન જેમ બતાવે તે પ્રમાણે

કર્મ કરવાની પ્રેરણાવાળી સભાન સંકલ્પશકિતને પણ આધીન નથી. આ મુકિતને કારણે એ અસંખ્ય ભૂલો, વિકૃતિઓ અને રોગોમાંથી બચી જાય છે, કારણ કે એ સ્વાભાવિક રીતે પ્રકૃતિના નિયમ અનુસાર જીવે છે, એનું જ્ઞાન અને ભાન પ્રકૃતિનાં છે અને એ અચેતન હોય કે સચેતન, પરંતુ પ્રકૃતિના કાનૂન કે હુકમથી બહાર જવા અશકત છે. એથી વિરુદ્ધ, માણસ એના મન અને ચેતન્યને પ્રકૃતિ તરફ વાળવાની અને એની ગતિનું સંચાલન કરવાની, અને એણે દોરેલા માર્ગમાં ફેરફાર કરવાની શકિત પણ ધરાવતો હોય એમ લાગે છે. પરંતુ, અહીં ખરે જ ભાષાની એક વૈકારિક જાદુગરી છે. કારણ કે માણસનું મન એ પણ પ્રકૃતિનો એક ભાગ છે; એની માનસિકતા એની પ્રકૃતિનો સૌથી મોટો ન હોય તો પણ સૌથી મહત્ત્વનો ભાગ છે. આપણે કહી શકીએ કે એ અમુક અંશે એના નિયમો અને શકિતઓથી સભાન, પ્રગતિ માટેના એના પ્રયાસ વિષે સચેતન અને જીવન અને સત્ત્વની એની પ્રક્રિયાઓ પર વધુ ને વધુ ઊંચા ધર્મો લાગુ કરવાના સભાન સંકલ્પથી પ્રેરિત પ્રકૃતિ છે. અવમાનવીય જીવનમાં પ્રાણનાં બળો અને સ્થૂળ તત્ત્વોમાં ઘર્ષણ હોય છે પરંતુ માનસિક ઘર્ષણ હોતું નથી. માણસ આ માનસિક ઘર્ષણને આધીન છે, એ બીજાઓની સાથે જ માત્ર નહિ પણ પોતાની સાથે પણ લડયા કરે છે અને કારણ કે એ પોતાની સાથે યુદ્ધ કરવા શકિતમાન છે, —કે જે પશુ માટે શકય નથી—તેથી એ આંતરિક વિકાસ, ઉચ્ચથી ઉચ્ચતર પ્રકારની પ્રગતિ અને સતત આત્માતિક્રમણ માટે પણ શકિતમાન છે.

આ ઉદ્‌વિકાસ અત્યારે જીવનમાં લાગુ પાડવામાં આવતા વિચારોના સંઘર્ષ અને વિકાસથી થાય છે. એમના પ્રાથમિક રૂપમાં જીવન વિષેના માનુષી વિચારો તો જરૂરિયાતો, ઇચ્છાઓ અને રસોના રૂપમાં બહાર આવતી જીવનની શકિતઓ અને વલણોનાં માનસિક રૂપાંતર માત્ર હોય છે. માનવીય મનમાં વત્તી કે ઓછી સ્પષ્ટ અને સચોટ એક વ્યવહારુ સમજ-શકિત છે કે જે આ વસ્તુઓને ગણનામાં લે છે અને એક કે બીજાનું પોતાના અનુભવ, પસંદગી, વિવેક કે અભિપ્રાય પ્રમાણે વધુ કે ઓછું મૂલ્ય આંકે છે. એમાંની કેટલીક માણસ 'વિકાસમાં મદદ રૂપે, સંકલ્પ અને બુદ્ધિપૂર્વક સ્વીકારે છે. કેટલીકનો એ ત્યાગ કરે છે, ઉપેક્ષા કરે છે અને કંઈકનો એ નાશ કરવામાં પણ સફળ થાય છે. પરંતુ આ પ્રાથમિક પ્રક્રિયામાંથી, જીવન વિષેના માણસના વિચારોનો બીજો અને વધુ આગળ વધેલો પ્રકાર બહાર આવે છે; માત્ર માનસિક રૂપાંતર અને ત્વરિત ગતિશીલ પ્રબંધથી આગળ વધી એનામાં અને એની આસપાસ ઉત્પન્ન થયેલી કે ઉત્પન્ન થતી શકિતઓ અને વલણોનું નિયમ પ્રમાણેનું મૂલ્યાંકન કરવા સુધી એ પહોંચે છે. એ એમનો પ્રકૃતિની સ્થાપિત પ્રક્રિયાઓ અને નિયમો રૂપે અભ્યાસ કરે છે અને એમનાં વિધિ અને માન-પ્રતિમાન સમજવા પ્રયત્ન કરે છે. એ એનાં મન,

જીવન અને શરીરના ધર્મો અને વાતાવરણને રચનાર વસ્તુઓ અને શક્તિઓના ધર્મ અને નિયમ અને પોતાની પ્રવૃત્તિનું ક્ષેત્ર અને ઢાળ નક્કી કરવા પ્રયાસ કરે છે. કારણ કે આપણે અપૂર્ણ છીએ અને વિકાસશીલ સત્ત્વો છીએ એટલે જીવનના કાનૂનોનો આ અભ્યાસ બે રૂપ લેશે : એ જોશે આપણી જે વાસ્તવિકતા છે તેનો નિયમ અને જે થઈ શકે કે થવું જોઈએ તેવી આપણી શક્યતાઓનો નિયમ. બીજું રૂપ માનવી બુદ્ધિ, કે જે સર્વદા વસ્તુઓનાં એકમાર્ગી અને ભારપૂર્વક નિવેદનો કરવાની પ્રેરણાવાળી છે તેને માટે, એક દૃઢ આદર્શનું અથવા તો સિદ્ધાંતોની શ્રેણીનું છે, જેમાંથી આપણું વાસ્તવિક જીવન એક વિનિપાત રૂપ અથવા તો તેની પ્રત્યે પ્રગતિ અને અભીપ્સારૂપ દેખાય છે.

પ્રકૃતિ અને જીવનની ઉત્ક્રાંતિ અંગેનો વિચાર આપણને એક વધુ ગહન દર્શન પાસે લાવે છે. જે છે અને જે બની શકે એમ છે એ બન્ને અસ્તિત્વની અને આપણી પ્રકૃતિનાં બળો કે શક્તિઓની એક જ પ્રકારની વાસ્તવિકતાઓ છે કે જેમાંથી આપણે ભાગી શકતા નથી અને ભાગી છૂટવા સર્જાયા પણ નથી, કારણ કે સર્વ જીવન પ્રકૃતિના સત્ત્વના સાફલ્યનું રૂપ છે, નહિ કે પ્રકૃતિના વિલોપનનું કે પ્રતિષેધનું; પરંતુ આપણે આપણી પ્રકૃતિ અને અસ્તિત્વની કાયમી વાસ્તવિકતાઓને અને શક્યતાઓને ઉદ્‌ધૃત, રૂપાન્તરિત અને વિસ્તૃત કરી શકીએ છીએ અને એમ કરવા સર્જાયા છીએ, અને આપણી પ્રગતિના પ્રવાહમાં એ પરિવર્તન અને પૂર્ણીકરણ આમૂલ રૂપાંતર જેવાં દેખાય, જોકે કોઈ મૌલિક વસ્તુ બદલાતી નથી. આપણી વાસ્તવિકતાઓ છે આપણી પ્રકૃતિ અને જીવનને સંપન્ન થયેલાં આવિષ્કારનાં રૂપ, મૂલ્ય કે શક્તિ; એમનો આદર્શ અને કાનૂન છે વિકાસની એ મંઝીલને યોગ્ય નિશ્ચિત વ્યવસ્થા અને પ્રક્રિયા. આપણી સંભાવ્યતાઓ આપણને આવિષ્કારનાં નવાં રૂપ, મૂલ્ય અને શક્તિ એમની નવી અને યથાયોગ્ય વ્યવસ્થા અને પ્રક્રિયા સાથે બતાવે છે, જે એમનો યોગ્ય કાનૂન અને આદર્શ છે. વાસ્તવિક અને સંભાવ્યની વચ્ચે ઊભી રહીને આપણી બુદ્ધિ વર્તમાન કાનૂન અને રૂપને આપણી પ્રકૃતિ અને અસ્તિત્વના શાશ્વત ધર્મ તરીકે ગણવાની અને એમાં કોઈ ફેરફારને વ્યત્યય અને પતન રૂપે જોવાની ભૂલ કરે છે અને એમ નહિ તો, સામી બાજુએ કોઈ ભવિષ્યના અને સંભાવ્ય કાનૂન અને રૂપને આપણા જીવનના આદર્શ નિયમ રૂપ ગણી એમાંથી સર્વ પ્રસ્તુત વ્યતિક્રમને આપણી પ્રકૃતિની ક્ષતિ કે પાપરૂપ ગણવાની ભૂલ કરે છે. વસ્તુતઃ, માત્ર એ સનાતન છે કે જે બધાં પરિવર્તનોમાં એકનું એક રહે છે અને આપણો આદર્શ એની પ્રાગતિક અભિવ્યક્તિથી કંઈ વિશેષ હોઈ શકે નહિ. મનુષ્ય માટે શક્ય એવા આત્મ-આવિષ્કારની પૂર્ણતા, બૃહત્તા અને ઉચ્ચતાની ચરમ સીમાને, જો એવી કોઈ સીમા હોય તો, જો એની

આપણને ખબર હોય તો,—અને હજી આપણે આપણી પરમ શકયતાઓને તો જાણતા નથી,—શાશ્વત આદર્શરૂપ ગણી શકાય.

મનુષ્યનું મન જીવનમાંથી જે કોઈ વિચારો કે આદર્શો તારવી કાઢે છે કે જીવનમાં લાગુ પાડવા પ્રયાસ કરે છે, તે જેમ જેમ જીવન એના પોતાના કાનૂનને વધુ અને વધુ શોધે છે અને ઊંચે અને વધુ ઊંચે સ્થિર કરતું જાય છે અને એની સંભાવ્યતાઓને સિદ્ધ કરે છે તેના આવિષ્કારથી કંઈ વધુ હોઈ શકે નહિ. આપણું માનસ, પ્રકૃતિના માનવીય જીવનનાં માર્ગનાં મૂલ્યો અને શકયતા-ઓની પ્રાગતિક સિદ્ધિ અને સાફલ્યમાં, પ્રકૃતિની ગતિનો સભાન ભાગ છે. જો એ માનસ એના જ્ઞાન અને સંકલ્પમાં પૂર્ણ હોય તો પ્રકૃતિ જે ગૂઢ જ્ઞાન અને સંકલ્પનો આવિર્ભાવ કરવા પ્રયાસ કરે છે તેની સાથે એ એક હોય અને કોઈ સંઘર્ષ થાય નહિ. કારણ કે તો આપણે એની ગતિ સાથે આપણી એકતા સાધી શકીએ, એનું ધ્યેય જાણી શકીએ, એને માર્ગે સમજણપૂર્વક ચાલી શકીએ,—ગીતા જે સત્ય પર ભાર મૂકે છે તેને સાક્ષાત્ કરીને કે એક પ્રકૃતિ જ કામ કરે છે અને આપણાં મન અને જીવનની પ્રવૃત્તિઓ એના ગુણોની ક્રિયા માત્ર છે. અવમાનવીય જીવન પ્રાણથી, અંતઃસ્ફુરણથી અને યંત્રવત્ આ જ કામ કરે છે. એ પ્રકૃતિ અનુસાર એના પોતાના પ્રકારની સીમામાં જીવે છે અને આંતરિક સંઘર્ષથી મુકત છે, જોકે અન્ય જીવન સાથેના સંઘર્ષથી મુકત નથી. માનવાતીત જીવન સભાન રીતે આ પૂર્ણતામાં પહોંચશે, વસ્તુઓનાં ગૂઢ જ્ઞાન અને સંકલ્પને પોતાનાં કરશે અને પ્રકૃતિમાં થઈને પોતાની મુકત, સહજ અને સંવાદી ગતિથી સત્વર અશ્રાન્ત એવા પૂર્ણ વિકાસના રૂપમાં પોતાનું સાફલ્ય પામશે કે જે એનું પૂર્વ નિયત ધ્યેય છે. સત્યતઃ આપણું માનસ અપૂર્ણ છે એટલે આપણે એનાં વલણો અને હેતુઓની માત્ર ઝાંખી કરી શકીએ છીએ અને આપણને મળતી પ્રત્યેક ઝાંખીને એક અબાધિત સિદ્ધાંત કે આપણા જીવન અને ચાલચલન માટે એક આદર્શ માન્યતા રૂપે ઘડી લઈએ છીએ; આપણે એની પ્રક્રિયાની એક બાજુ જોઈએ છીએ અને એને પર્યાપ્ત અને પૂર્ણ પદ્ધતિ તરીકે આપણા જીવનના આપણા સંચાલન માટે આગળ કરીએ છીએ. અપૂર્ણ વૈયકિતક અને એથીયે વધુ અપૂર્ણ સામૂહિક માનસ દ્વારા, પ્રકૃતિ આપણા અસ્તિત્વની વાસ્તવિકતાઓ અને શકિતઓને પરસ્પર લડતા સિદ્ધાંતો અને શકિતઓ રૂપે ખડી કરી દે છે કે જેમની સાથે આપણે આપણી બુદ્ધિ અને આવેશોથી આપણી જાતને એક કરી દઈએ છીએ, અને હમણાં આના અને પછી બીજાના પક્ષપાત કે ઉપેક્ષા દ્વારા એ માણસના મનમાં સંઘર્ષ અને વિગ્રહમાં થઈ એમને પરસ્પરનું જ્ઞાન કરાવે છે, એકબીજાની આવશ્યકતા સમજાવે છે અને એમની શકયતાઓના પ્રગતિમાન સુસંબંધ અને સમન્વયમાં લઈ જાય

છે જે માનવજાતિની પરિવર્તનશીલ અને વિવિધ, સંભાવ્યતાઓમાં સિદ્ધ થયેલી શકિતઓના વધતા જતા સહકાર અને સમાગમ રૂપે દેખાય છે.

માનવજાતિની સામાજિક ઉત્ક્રાંતિ, વ્યકિતઓ, જુદી જુદી કોમો અને માનવજાતિ રૂપ ત્રણ કાયમી તત્ત્વોની વચ્ચેના સંબંધોનો વિકાસ છે. પ્રત્યેક પોતાનું સાફલ્ય અને સંતોષ શોધે છે, પરંતુ પ્રત્યેકને, એમનો વિકાસ, સ્વતંત્ર રીત નહિ પરંતુ એકબીજાની સાથેના સંબંધમાં રહીને કરવાની ફરજ પડે છે. વ્યકિતનું પ્રથમ કુદરતી ધ્યેય હોય છે પોતાની આંતરિક વૃદ્ધિ અને પૂર્ણતાનું અને બાહ્ય જીવનમાં એના આવિષ્કારનું; પરંતુ એ આ કામ બીજી વ્યકિતઓ સાથેના સંબંધો દ્વારા, જુદી જુદી જાતની ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય સંસ્થાઓ કે જેનો એ ભાગ છે એમની સાથેના સંબંધોથી, અને સમગ્ર માનવજાતિના વિચાર અને એની આવશ્યકતાના સંબંધ દ્વારા કરી શકે છે. કોમે એનું પોતાનું સાફલ્ય શોધવું જોઈએ છે, પરંતુ એની સામૂહિક ચેતના અને વ્યવસ્થાનું બળ ગમે તેટલું હોય તો પણ એ એનો વિકાસ એની પરિસ્થિતિએ નક્કી કરેલા સંયોગોના દબાણ પ્રમાણે અને બીજી કોમો અને વ્યકિતઓ અને સમગ્ર માનવજાતિ સાથેના એના સંબંધોએ નક્કી કરેલી શરતો અનુસાર એની વ્યકિતઓ દ્વારા જ સાધી શકે છે. માનવજાતિનું અત્યારે કોઈ ભાનપૂર્વક વ્યવસ્થિત થયેલું પોતાનું સર્વસામાન્ય જીવન નથી, એની માત્ર એક અધૂરી વ્યવસ્થા માણસોની બુદ્ધિ કે સંકલ્પ કરતાં વધુ પ્રમાણમાં સંયોગોએ નક્કી કરેલી રીતની છે. અને છતાં આપણાં સર્વસામાન્ય માનવીય અસ્તિત્વ, પ્રકૃતિ અને ભાવિના ખ્યાલ અને વાસ્તવિકતાએ માનવી બુદ્ધિ અને સંકલ્પ ઉપર સર્વદા જોરદાર અસર કરી છે. નીતિશાસ્ત્ર અને ધાર્મિક સંપ્રદાયોના વ્યવસાયોમાંનો એક મુખ્ય વ્યવસાય રહ્યો છે વ્યકિતનું જાતિ પ્રત્યેનું કર્તવ્ય. મોટી સંખ્યામાં એક સ્થાનેથી બીજે સ્થાને માનવસમૂહોનાં સ્થળાંતર અને હેરફેરના દબાણે, જુદા જુદા સમુદાયોના ભાવિ ઉપર સર્વદા અસર કરી છે અને જુદા જુદા સામાજિક સાંસ્કૃતિક, રાજકીય અને ધાર્મિક સમૂહોનો પોતે વિસ્તરવાનો અને બને તો પોતામાં આખી માનવજાતિને સમાવી લેવાનો પ્રત્યાઘાતરૂપ દબાવ થતો રહ્યો છે. અને જો, અને જ્યારે સમગ્ર માનવજાતિ એક વ્યવસ્થિત અને સર્વસામાન્ય જીવનમાં પ્રવેશ કરશે અને બધાના સામાન્ય સાફલ્ય અને સંતોષ માટે પ્રયાસ કરશે, તો એ કેવળ આ સમષ્ટિના એની વ્યકિતઓ સાથેના સંબંધ દ્વારા, માનવવ્યકિતઓ અને સમૂહોના વિસ્તૃત થતા જીવનની સહાયથી બની શકશે કે જેમનો વિકાસ માનવજાતિના જીવનના વધુ વિશાળ તબક્કા બનશે.

પ્રકૃતિ હમેશાં આ ત્રણ પગથિયે કામ કરે છે અને એમાંના એકેયનો નાશ થઈ શકે એમ નથી. એ શરૂઆત કરે છે એક અને અનેકની દૃશ્યમાન

અભિવ્યક્તિથી, સમષ્ટિ અને એના ઘટક એકમોથી અને એ બેની વચ્ચે અંતરગત એકતાઓ રચે છે કે જેમના વિના સમષ્ટિનો કે એકમોનો પૂરો વિકાસ થઈ શકતો નથી. જીવનના પ્રકારમાં પણ એ હમેશાં ત્રણ ચક્રોની રચના કરે છે—જાતિ, કુળ અને વ્યક્તિરૂપ. અને જોકે પશુજીવનમાં એ જીવનને સખતાઈથી જુદાં પાડી અને મોટા—જોટા વર્ગો રચી સંતોષ માને છે. પરંતુ, બીજી બાજુએ મનુષ્યોમાં એ પોતે રચેલા વર્ગોની સીમાઓ ઓળંગી જઈ સમગ્રને એકતાની ભાવના અને એકતાની સિદ્ધિ તરફ લઈ જાય છે. માનવકોમો એક કુળ કે જાતિની સંખ્યાબંધ વ્યક્તિઓનાં ટોળાં આપોઆપ ભેગાં થવાથી નહિ પરંતુ સ્થાનિક સંબંધથી, હિતોનાં અને વિચારોનાં સામંજસ્યથી રચાય છે; અને જાતિઓ, રાષ્ટ્રો, હિતો, વિચારો, સંસ્કૃતિઓના ગાઢ સંપર્કથી વિસ્તૃત બનતી માનવવિચારસરણીઓ અને સહાનુભૂતિમાં એ સીમાઓ હમેશાં ઓળંગાઈ જાય છે. તે છતાં, એમનો વસ્તુતઃ નાશ થતો નથી, કારણ કે એમની સ્થાપના પ્રકૃતિની એકતામાં વિવિધતાના મૂળભૂત સિદ્ધાન્ત પર થયેલી છે. તેથી એમ દેખાય છે કે પ્રકૃતિનો આદર્શ કે અંતિમ ઉદ્દેશ વ્યક્તિને અને બધી વ્યક્તિઓને એમની પૂરી શક્તિ સુધી વિકસાવવાનો હોવો જોઈએ. સમુદાયને અને બધા સમુદાયોને એમનાં અનેક દેશીય અસ્તિત્વ અને શકયતાઓ કે જે દર્શાવવા માટે એમની ભિન્નતા સર્જાઈ હતી તેમની પૂરી શક્તિ સુધી વિકસાવવાનો, માનવજાતિના સંયુક્ત જીવનનો એની પૂરી શક્તિ અને પૂરા સંતોષ સુધી ઉત્ક્રાન્તિ કરવાનો. વ્યક્તિના કે નાના સમુદાયના જીવનની પૂર્ણતાને દબાવી દઈને નહિ, પરન્તુ એ જે વિવિધતા સર્જે છે તેનો પૂરો લાભ લઈને વિકસાવવાનો હોવો જોઈએ. માનવજાતિની સમસ્ત સમૃદ્ધિઓને વધારવાનો અને એમને એક સર્વસામાન્ય સંપત્તિરૂપે સર્વસામાન્ય ઉપભોગ માટે એકત્રિત કરવાનો આ સારામાં સારો માર્ગ દેખાય છે.

માનવજાતિની સંયુક્ત પ્રગતિ આમ વ્યક્તિ અને વ્યક્તિ વચ્ચે અને વળી વ્યક્તિ અને સમાજ વચ્ચે, સમાજ અને સમાજ વચ્ચે નાના સમુદાય અને સમસ્ત માનવજાતિ વચ્ચે, માનવજાતિના જીવન અને ચેતના અને એના મુક્ત રીતે વિકસતા સમાજરૂપ અને વ્યક્તિરૂપ ઘટક તત્ત્વો વચ્ચે પરસ્પર આદાન-પ્રદાન અને સંમિશ્રણના સિદ્ધાન્ત પ્રમાણે સિદ્ધ થશે. વસ્તુતઃ જોકે આ આદાન-પ્રદાન કરાવવામાં પ્રકૃતિ અમુક અંશે અત્યારે પણ સફળ થાય છે તો પણ જીવન સ્વૈચ્છિક અને સંવાદી અન્યોન્યાશ્રયતાના સિદ્ધાન્ત પર ચાલવાથી બહુ દૂર છે. એમાં વિચારોનો, આવેશોનો સંઘર્ષ અને હિતોનો વિરોધ છે. પ્રત્યેકનો બીજાઓ સાથે જાતજાતના યુદ્ધ દ્વારા લાભ ઉઠાવવાનો પ્રયાસ છે. બૌદ્ધિક, પ્રાણિક, ભૌતિક લૂંટ અને ચોરીથી કે મુક્ત અને વિપુલ આદાન-

પ્રદાનને બદલે એના બંધુઓનાં દબાણ, લક્ષણ અને સંપાચન દ્વારા માનવજાતિ એના ઉચ્ચ વિચાર અને અભીપ્સામાં સમજે છે કે જીવનની આ બાજુમાંથી એણે નીકળી જવું પડશે. પરંતુ હજી એનાં સાધન એને જડયાં નથી કે એ વાપરવાની એનામાં શકિત નથી. એ અત્યારે એને બદલે વૃદ્ધિ અને વિકાસનાં ઘર્ષણ અને અવ્યવસ્થાને મીટાવવા માટે વ્યકિતના જીવનને સમાજની નીચે આકરી ગૌણતા કે દાસત્વમાં મૂકી પ્રયાસ કરે છે અને એ જ ન્યાયે સમૂહ સમૂહ વચ્ચેના ઘર્ષણને મીટાવવા માટે સમૂહોને માનવજાતિના સંયુકત અને વ્યવસ્થિત જીવનમાં આકરી ગૌણતા કે દાસત્વમાં મૂકી પ્રયાસ કરશે. અવ્યવસ્થા, સંઘર્ષ અને અપવ્યયને દૂર કરવા માટે સ્વાતંત્ર્યને દૂર કરવું, જુદાઈ અને કર્કશ સંકીર્ણતામાંથી છૂટવા માટે વૈવિધ્યને દૂર કરવું એ વ્યવસ્થા અને લશ્કરી નિયંત્રણનું વલણ છે, કે જે દ્વારા બુદ્ધિવાદની આપખુદ કડકાઈ પ્રકૃતિની પ્રક્રિયાના દુષ્કર વળાંકોને સ્થાને એની સીધી રેખા દોરી દેવા માગે છે.

પરંતુ જીવનને સ્વાતંત્ર્ય એટલું જ જરૂરી છે કે જેટલાં જરૂરી કાનૂન અને સરકાર છે. આપણી સાચી પૂર્ણતા માટે વૈવિધ્ય એટલું જ જરૂરી છે જેટલી એકતા. અસ્તિત્વ એનાં સત્ત્વમાં અને એની સમગ્રતામાં એક જ છે, એની લીલામાં એ અવશ્ય બહુરૂપ છે. અપ્રતિબદ્ધ એકરૂપતા એટલે જીવનની સમાપ્તિ. જયારે બીજી બાજુએ જીવનના સ્પંદનનું જેમ એ જે વૈવિધ્યો પેદા કરે છે એની સમૃદ્ધિથી મપાય છે. ઉપરાંત જીવનની શકિત અને સાફલ્ય માટે વિવિધતા જરૂરી છે તેમ એની વ્યવસ્થા, ગોઠવણી અને સ્થિરતા માટે એકતા જરૂરી છે. એકતા તો આપણે સર્જવી જ જોઈએ, પરંતુ એકરૂપતા સર્જવાની જરૂર નથી. જો માણસ પૂર્ણ આધ્યાત્મિક એકતા સાધી શકે તો કોઈ પણ પ્રકારની એકરૂપતાની જરૂર નહિ પડે, કારણ કે એ પ્રતિષ્ઠા પર વૈવિધ્યની વિપુલ લીલા નિર્ભીક રીતે શકય બનશે. વળી જો એ સુરક્ષિત, સ્પષ્ટ, સુદૃઢ એકતા સિદ્ધાંતરૂપે સ્થાપી શકે તો સમૃદ્ધ અને વ્યવહારમાં નિ:સીમ વિવિધતા પણ, અવ્યવસ્થા, અસ્તવ્યસ્તતા કે સંઘર્ષના કોઈ પણ ભય વિના શકય બને. કારણ કે મનુષ્ય એ બેમાંથી એક પણ વસ્તુ કરી શકતો નથી એટલે એ સાચી એકતાને બદલે એકરૂપતાથી ચલાવી લેવા આકર્ષાય છે. જયાં માણસની પ્રાણશકિત વૈવિધ્ય માગે છે ત્યાં એની તાર્કિક બુદ્ધિ એકરૂપતા માગે છે. એ એને પસંદ કરે છે કારણ કે એક-રૂપતા એને સાચી એકતા કે જયાં પહોંચવું એટલું બધું દુષ્કર છે તેની એક જોરદાર અને ત્વરિત ભ્રાન્તિ કરાવે છે. એ એને બીજે કારણે પણ પસંદ કરે છે કારણ કે એકરૂપતા કાયદો, વ્યવસ્થા અને નિયંત્રણનાં અન્યથા દુ:સાધ્ય કામો એને પાટે સહેલાં કરી આપે છે. એ એને માટે પણ એ પસંદ કરે છે કે માણસનાં મનનો આવેગ પ્રત્યેક મોટી વિવિધતાને સંઘર્ષ અને વિભાજનના

બહાના તરીકે ઝડપી લે છે અને તેથી એને એકરૂપતા એ એકતાનો સહેલો અને સલામત માર્ગ લાગે છે. વધુમાં જીવનની કોઈ પણ એક દિશામાં કે ક્ષેત્રમાં એકરૂપતા એને બીજી દિશાઓમાં વિકાસ માટે એની શકિતઓના મિતવ્યયમાં મદદ કરે છે. જો એ એના આર્થિક અસ્તિત્વને ધોરણસરનું કરી શકે અને એની સમસ્યાઓમાંથી છૂટો થઈ શકે તો એને વધુ સમય અને અવકાશ, બૌદ્ધિક અને સાંસ્કૃતિક વિકાસ માટે મળે એવો સંભવ રહે છે. અથવા તો જો એ એના સમગ્ર સામાજિક જીવનને ધોરણસરનું કરી શકે અને એના ભવિષ્યનાં શકય પ્રશ્નોની જવાબદારીઓને ફેંકી દે તો એને શાંતિથી અને મુકત મને એના આધ્યાત્મિક વિકાસ પર વધુ ઉત્સાહથી ધ્યાન દેવા માટે અવકાશ મળે એવો સંભવ રહે છે. અહીં પણ અસ્તિત્વની સંકુલ એકતા એના સત્યને આગળ ધરે છે. આખરે તો માણસની બૌદ્ધિક અને સાંસ્કૃતિક સર્વાંગી પ્રગતિ, સામાજિક સ્થિતિચુસ્તતાના કારણે એના આર્થિક જીવનની કોઈ સંકડામણ કે દારિદ્ર્યથી પણ જોખમાય છે. માનવજાતિનું આધ્યાત્મિક અસ્તિત્વ જો બહુ દૂરની ઊંચાઈઓમાં પહોંચે છે તો પણ જ્યારે એ બહુ ધોરણબદ્ધ અને લશ્કરી અનુશાસનમાં હોય એવા સમાજ પર આધાર રાખવા લાગે છે ત્યારે આખરે એની ..સમૃદ્ધિ અને સ્ફૂર્તિ અને ઉત્સાહનાં મૂળોને નિર્બળ કરી નાખે છે; નીચેની જડતા ઉપર ચઢે છે. અને શિખરોને પણ સર કરે છે.

આપણા માનસની ઊણપોને કારણે એકરૂપતાનો અમુક અંશે સ્વીકાર કરવો પડે છે અને એને શોધી લેવી પડે છે; છતાં પ્રકૃતિની ખરી નેમ સમૃદ્ધ વિવિધતાવાળી એકતા છે. એનું રહસ્ય બહુ સ્પષ્ટ છે એ બિનામાં કે પ્રકૃતિ વસ્તુને એક સામાન્ય યોજના પ્રમાણે ઢાળે છે, પરંતુ હમેશાં એ અનંત વૈવિધ્ય માટે આગ્રહ રાખે છે. માનવદેહની યોજના એક જ છે છતાં કોઈ બે માણસો એમની ભૌતિક લાક્ષણિકતાઓમાં એક સરખા હોતા નથી. માનવીય પ્રકૃતિ એનાં ઘટક તત્ત્વો અને એની પ્રધાન રેખાઓથી એક છે પરંતુ કોઈ બે માનવીઓ એમનાં સ્વભાવ, લક્ષણો અને ચૈતસિક સત્ત્વોમાં એકસરખાં નથી. જીવનમાત્ર એમની મૂળભૂત યોજના અને સિદ્ધાન્તમાં એક છે. એક છોડ પણ પશુનું ઓળખી શકાય એવું બંધુજન છે, પરંતુ જીવનની એકતા નમૂનાઓની અનંત વિવિધતાઓનો સ્વીકાર કરે છે અને ઉત્તેજે છે. માનવીય સમાજોના રૂપભેદ એ જ યોજના પર ચાલે છે કે જેવા વ્યકિતથી વ્યકિતના રૂપભેદ; દરેક વ્યકિત એની પોતાની વિશિષ્ટતા, ભિન્ન સત્ત્વ અને પ્રાકૃતિક ધર્મનો વિકાસ કરે છે. આ વૈવિધ્ય અને એના પોતાના જુદા ધર્મ અનુસાર મૌલિક વર્તન એના જીવન માટે આવશ્યક છે. પરંતુ એ માનવજાતિના સમગ્ર અને સ્વસ્થ જીવન માટે પણ એટલું જ આવશ્યક છે, કારણ કે ભિન્નરૂપતાનો સિદ્ધાન્ત

પરસ્પરના આદાનપ્રદાનને રોકતો નથી; સર્વસામાન્ય ભંડોળમાંથી સર્વની સંપન્નતાનો અને સર્વના સહકારથી સર્વસામાન્ય ભંડોળની સંપન્નતાનો વિરોધ કરતો નથી કે જેને આપણે અસ્તિત્વતા આદર્શરૂપે સ્વીકાર્યો છે. એથી ઊલટું સ્થિર વૈવિધ્ય વિના આવાં આદાન-પ્રદાન કે સંમિશ્રણનો પ્રશ્ન જ ઊભો થતો નથી. એથી આપણે જોઈએ છીએ કે આપણી આ એકતા અને વિવિધતાની સંવાદિતામાં જીવનનું રહસ્ય રહેલું છે; પ્રકૃતિ એની સર્વ ક્રિયામાં એકતા અને વિવિધતા માટે આગ્રહ રાખે છે. આપણે એ પણ જોઈશું કે સાચી આધ્યાત્મિક અને ચૈતસિક એકતા મુક્ત વિવિધતાને માન્ય રાખી શકે છે અને પ્રાકૃતિક સમાજ અને મૌલિક સિદ્ધાન્તને સદેહ કરવા જરૂરી હોય તે સિવાયની સર્વ એકરૂપતા વગર ચલાવી લે છે. આપણે એ પૂર્ણતાએ પહોંચીએ ત્યાં સુધી એકરૂપતા લાગુ કરવી પડે છે, પરંતુ એને જરૂરથી વધુ વાપરવાની નથી, નહિ તો જીવન એની શકિત, સમૃદ્ધિ અને જ્ઞાનમય કુદરતી આવિષ્કારના મૂળોમાં જ નિરુત્સાહ થવાનો ભય છે.

કાયદા અને સ્વતંત્રતા વચ્ચેનો કલહ એ જ આધારે ઊભો છે અને એ જ નિરાકરણ પ્રત્યે ઉપક્રમ કરે છે. વિવિધતા અને ભિન્નતા એક મુકત ભિન્નરૂપતા હોવી જોઈએ. પ્રકૃતિ નમૂના કે નિયમ ઘડતી નથી કે પરાણે વળગાડતી નથી; અ જીવનને અંદરથી વધવા અને એના પોતાના કુદરતી ધર્મો અને વિકાસને માત્ર એની પરિસ્થિતિ સાથે એના વ્યવહારને ધ્યાનમાં રાખીને આગળ કરવા પ્રોત્સાહિત કરે છે. સર્વ વૈયકિતક, રાષ્ટ્રીય, ધાર્મિક, સામાજિક, નૈતિક સ્વાતંત્ર્ય પોતાનું સ્થાન આપણા અસ્તિત્વના આ મૌલિક સિદ્ધાન્ત પર લે છે. સ્વાતંત્ર્ય એટલે આપણા સત્ત્વના ધર્મને આધીન રહેવાની સ્વતંત્રતા એવો અર્થ આપણે કરીએ છીએ; આપણા સ્વાભાવિક આત્મસાફલ્ય સુધી વિકસવાની સ્વતંત્રતા અને સ્વાભાવિક રીતે, મૂંગી રીતે આપણી આસપાસના જગત સાથે આપણી સંવાદિતા શોધી લેવાની સ્વતંત્રતા, એમ કહેવા માગીએ છીએ. સ્વતંત્રતાનાં ભયસ્થાનો અને ગેરલાભો, અવ્યવસ્થા, સંઘર્ષ અપવ્યય અને અસ્તવ્યસ્તતા કે જેમની પ્રત્યે એમનો દુરુપયોગ લઈ જાય છે તે તો દેખીતાં છે. પરંતુ એ ઊભાં થાય છે વ્યકિત વ્યકિત વચ્ચેની, કોમ કોમ વચ્ચેની, એકતાના અભાવ કે ઊણપમાંથી કે જે એમને પરસ્પર સહાય અને આદાનપ્રદાનથી વિકસવાને બદલે બીજાઓને ભોગે પોતાની જાતને આગળ કરવા ધકેલે છે અને જે એમને એમના બંધુઓના મુકત વિકાસ પર આક્રમણ કરીને એમની પોતાની સ્વતંત્રતા આગળ ધરવા પ્રેરે છે. જો એક સાચી, એક આધ્યાત્મિક અને ચૈતસિક એકતા પેદા કરવામાં આવે તો સ્વતંત્રતાને કોઈ જોખમ કે ગેરલાભ રહે નહિ; કારણ કે સ્વતંત્ર મનુષ્યો એકતાના આકર્ષણથી પોતાની મેળે પોતાની આવશ્યકતાએ પોતાની

વૃદ્ધિને એમનાં માનવબંધુઓની વૃદ્ધિ સાથે સુમેળમાં રાખવા પ્રેરાશે અને બીજાઓના મુકત વિકાસ વગર પોતે પૂર્ણ છે એમ એમને નહિ લાગે. આપણે આપણી અત્યારની અપૂર્ણતા અને આપણાં મન અને સંકલ્પના અજ્ઞાનને કારણે, કાનૂન અને નિયંત્રણને બહારથી નિયમન કરવા અને ફરજ પાડવા બોલાવવાં પડે છે. કડક કાયદા અને બળજબરીના સુગમ લાભો તો જાણીતા છે પરંતુ એમના ગેરલાભ પણ એટલા જ મોટા છે. જે પ્રકારની પૂર્ણતા એ સર્જી શકે છે તે મોટે ભાગે યાંત્રિક હોય છે અને એ જે વ્યવસ્થા સ્થાપે છે તે પણ કૃત્રિમ નીવડે છે અને ધૂંસરી શિથિલ કરવામાં આવે કે ખસેડી લેવામાં આવે કે તરત ભાંગી પડે એવી હોય છે. પરાણે ઠોકી બેસાડવામાં આવેલી વ્યવસ્થા જો હદથી બહાર વધી જાય તો જીવનની સાચી પ્રણાલીરૂપ કુદરતી વિકાસના સિદ્ધાન્તને એ ભગ્નોત્સાહ કરી દે છે અને એ વસ્તુ સાચા વિકાસની શકિતને પણ હણી નાખે છે. આપણે જીવનનો નિગ્રહ અને વધુ પડતો નિરોધ કરી જોખમ વહોરી લઈએ છીએ. હદ બહારનાં નિયંત્રણથી આપણે પ્રકૃતિની ઉપક્રમ અને આત્મસંવરણની ટેવને કચરી નાખીએ છીએ. આપણું બની ગયેલું કે જડ થઈ ગયેલું અલ્પપ્રાણ વ્યકિતત્વ બહારથી રૂપાળું અને સુઘડ દેખાય તો પણ એ અંદરથી ખવાઈ જાય છે. દીર્ઘજીવી કાનૂન કરતાં અરાજકતા વધુ સારી—જો એ આપણી પોતાની ન હોય અથવા જેને આપણી પ્રકૃતિ આત્મસાત્ કરી શકે નહિ તેવી હોય તો. બધા દમનકારી કે પ્રતિષેધાત્મક કાનૂન માત્ર કામચલાઉ ગોઠવણ હોય છે. સાચા કાનૂન અંદરથી વિકસે છે અને સ્વતંત્રતાને રોકતા નથી પરંતુ એની બાહ્ય-મૂર્તિરૂપ દૃશ્યમાન આવિષ્કાર હોય છે. માનવસમાજ સાચી અને પ્રાણવાન પ્રગતિ એટલા પ્રમાણમાં જ કરે છે કે જેટલા પ્રમાણમાં કાનૂન સ્વતંત્રતાનું સંતાન બની રહે છે; જ્યારે માણસ એના બંધુઓ સાથેની એની આધ્યાત્મિક એકતાને પારખવાનું શીખી લઈ એમની સાથે એક બનશે અને એના સમાજનો સ્વતઃ પ્રવૃત્ત કાનૂન કેવળ એની સ્વયંસંચાલિત આંતરિક સ્વતંત્રતાના બાહ્ય આવિર્ભાવરૂપે જ અસ્તિત્વ ધરાવતો હશે, ત્યારે સમાજ એની પૂર્ણતાએ પહોંચશે.

# આદર્શ નિરાકરણ – માનવજાતિનું ઐચ્છિક સંધિકરણ

માનવજીવનના વિકાસમાં પ્રકૃતિનાં મૂળભૂત અને સ્થાયી વલણો પર સ્થાપાયેલા આ સિદ્ધાન્તો માનવજાતિના એકીકરણના કોઈ પણ સમજદાર પ્રયાસમાં નિયામક વિચારો રૂપે હોવા જોઈએ એ સ્પષ્ટ છે. અને જો એ એકીકરણ "લાયકરગન" બંધારણ કે કોઈ એક પૂર્ણજ્ઞાની અને રાજાના આદર્શરૂપ મનુના ધર્મ પ્રમાણે સિદ્ધ થાય તો એ એમ બની શકે તેવું છે. પરંતુ જે તદ્દન જુદી રીતે એ પ્રયાસ થવાનો સંભવ છે તે છે માણસોના મોટા સમૂહોની વાસનાઓ, કામનાઓ અને હિતો પ્રમાણે અને દુનિયાના બુદ્ધિપ્રધાન માણસોની માત્ર અર્ધ-પ્રકાશિત તાર્કિક બુદ્ધિ અને પ્રયોગાશ્રિત સમયાનુવર્તિતાની દોરવણી નીચે, અસ્તવ્યસ્ત પ્રયોગો, પીછેહઠો અને પરિવર્તનો, વિરોધો અને હઠાગ્રહોની ગૂંચવાયેલી પરંપરાની રીતે; પરસ્પર સ્પર્ધા કરતા વિચારો અને હિતોના સંઘર્ષની વચમાં, મનુષ્યની અણસમજણ છતાં એ પ્રગતિ કરશે, સિદ્ધાંતોના સંગ્રામોમાં થઈને અથડાતો એ ઝનૂની પક્ષોનાં યુદ્ધોમાં થઈને આગળ વધશે અને વત્તાં-ઓછાં કઢંગાં સમાધાનોમાં પરિણમશે. જેમ આપણે પહેલાં કહ્યું તેમ એ બહુ અનાદર્શરૂપે આવે જોકે સૌથી વધુ અગવડભરી રીતે નહિ, અમુક પ્રમાણમાં મારામારી અને રકતપાત દ્વારા, થોડાં મોટાં અને શકિતશાળી સામ્રાજ્યોના પ્રભુત્વથી કે કોઈ એક પ્રભુત્વવાળા વિશ્વસામ્રાજ્ય કે રાજા-રાજ્યના ઉદ્ભવથી, કે જે માનવજાતિનું પ્રશાસક નહિ તો નિયામક તરીકે સ્વીકારાય કે બની બેસે. કોઈ સમજદાર સિદ્ધાંત નહિ પરંતુ આવશ્યકતા અને સગવડ, પ્રખર પ્રકાશ નહિ પરંતુ આગ્રહી તાકાત, જાતિના રાજકીય, વહીવટી અને આર્થિક એકીકરણમાં કાર્યસાધક શકિત પુરવાર થાય એવો સંભવ છે.

તે છતાં જોકે આદર્શ વસ્તુ તાત્કાલિક રીતે વ્યવહાર્ય ન હોય તો પણ એની પ્રત્યે આપણી પ્રવૃત્તિ વધુ ને વધુ પ્રમાણમાં આગળ વધવી જોઈએ. અને જો સારામાં સારી રીત હમેશાં વાપરી ન શકાય તો પણ સારામાં સારી

રીત જાણી લેવી સારી છે કે જેથી સિદ્ધાંતો અને શકિતઓ અને હિતોનાં સંઘર્ષમાં એમાંનું કંઈક તત્ત્વ તો આપણા પરસ્પરના વ્યવહારમાં દાખલ થાય અને આપણી પ્રગતિના મૂલ્ય તરીકે આપણું અજ્ઞાન અને અણસમજ વસૂલ કરે છે તે ભૂલો, ગડમથલ અને કષ્ટોની અસર ઓછી કરે. તો સિદ્ધાંતરૂપે, માનવજાતિનું આદર્શ એકીકરણ એ પ્રકારનું હશે કે જેમાં સર્વસામાન્ય અને સંવાદી જીવનના પ્રથમ સિદ્ધાંત તરીકે માનવપ્રજાઓને એમના સંઘો, એમનાં કુદરતી, સ્થાનિક, જાતીય, સાંસ્કૃતિક વિભાજન અને આર્થિક સગવડ પ્રમાણે કરવા દેવામાં આવશે અને ઈતિહાસના વધુ તોફાની અકસ્માતો કે શકિતશાળી રાષ્ટ્રોના અહંભાવી સંકલ્પો પ્રમાણે નહિ કરી દેવાય કે જેમની નીતિ હમેશાં એમનાથી નાનાં કે વખતસર વ્યવસ્થિત નહિ થયેલાં એવાં રાષ્ટ્રો કે પ્રજાઓને પોતાનાં હિતો માટે આશ્રિત બનવા કે તાબેદાર થવાની ફરજ પાડે છે. જગતની વર્તમાન વ્યવસ્થા, આર્થિક બળો, રાજકીય ગુહ્ય મંત્રણાઓ, સંધિઓ અને ખરીદીઓ વડે અને કોઈ નૈતિક સિદ્ધાંત કે માનવજાતિના કલ્યાણના કોઈ સર્વસામાન્ય નિયમના ખ્યાલ વગરના લશ્કરી બળજબરીથી કરવામાં આવી છે. એણે એના વિકાસમાં વિશ્વશકિતના અમુક ઉદ્દેશો પાર પાડયા છે. અને ઘણાં રકતપાત, કષ્ટ, ક્રૂરતા, પીડા અને વિદ્રોહના મૂલ્યે માનવજાતિને વધુ નજીક લાવવામાં મદદ કરી છે. બધી વસ્તુઓ કે જે પોતે અનાદર્શ છે અને પોતાનું પ્રતિપાદન બળજબરી દ્વારા કરે છે તેમની માફક એનો વ્યપદેશ પણ, નૈતિક નહિ પરંતુ જીવ-વિજ્ઞાન પ્રમાણે, પશુ-સૃષ્ટિની માફક, અર્ધપશુ માનવજાતિની સાથે પ્રકૃતિને જે કઠોર રીતો અખત્યાર કરવી પડે છે તેવો હતો. પરંતુ એકીકરણનું મોટું પગલું એક વખત ભરાઈ જાય એટલે જે કૃત્રિમ વ્યવસ્થાઓ પેદા થઈ હતી તેમના અસ્તિત્વ માટે કોઈ કારણ નહિ રહે. એમ બનવાનું પ્રથમ કારણ એ છે કે એમાં સમગ્ર જગતનું કલ્યાણ અને સગવડ અને નહિ કે અમુક રાષ્ટ્રોની અહંતા, અભિમાન કે લોભ-વૃત્તિને નજર સમક્ષ રાખવામાં આવશે અને બીજું એ કારણ છે કે કોઈ પણ રાષ્ટ્રને બીજાઓ ઉપર આર્થિક સુખાકારી અને વિસ્તારની આવશ્યકતાઓ જેવો જે કોઈ દાવો હોય તેનો ચુકાદો સુવ્યવસ્થિત વિશ્વરાજ્યમાં સંઘર્ષ અને સ્પર્ધાના સિદ્ધાન્ત પર નહિ પરંતુ પરસ્પર સહકાર અને સમજૂતીના પાયા પર કે કમમાં કમ કાયદા અને સમાનતાના સિદ્ધાંતથી નિયંત્રિત એવી સ્પર્ધા અને યોગ્ય આપ-લેના પાયા પર કરવામાં આવશે. એટલે ઐતિહાસિક પરંપરા કે સંપાદિત વાસ્તવિકતા સિવાય અનીચ્છિત કે કૃત્રિમ સમૂહીકરણ માટે કોઈ કારણ રહેશે નહિ, જેનું મહત્ત્વ દેખીતી રીતે જગતની પરિસ્થિતિના મહાન પરિવર્તનમાં થોડું જ રહેશે; એવું પરિવર્તન કે જે માનવજાતિ એની સો સો પરંપરાઓને તોડવા અને મોટા ભાગની વાસ્તવિકતાઓને ઊથલાવી પાડવા તૈયાર નહિ થાય

ત્યાં સુધી પ્રાપ્ત થવું અશકય છે.

માનવએકતાનો પ્રથમ સિદ્ધાંત, સમૂહો આવશ્યક છે, એટલે ઐચ્છિક અને સ્વાભાવિક સમૂહીકરણની પદ્ધતિનો હોવો જોઈએ જેમાં જાતિ જાતિ વચ્ચે કે પ્રજા પ્રજા વચ્ચેનો આંતરિક સંઘર્ષ, અસામંજસ્ય, દમન કે વિદ્રોહને કોઈ સ્થાન ન હોય. કારણ કે આમ ન થાય તો વિશ્વરાજ્ય અમુક અંશે વૈધાનિક અન્યાય અને દમનનીતિના પાયા પર અથવા તો એ ગમે તેવાં નરમ હોય તો પણ બહુધા તાકાત અને શાસનના સિદ્ધાંત પર રચાયું હશે. આવી પદ્ધતિમાં એવાં અસંતુષ્ટ તત્ત્વો રહી જશે કે જે ફેરફારના કોઈ પણ સંયોગને ઝડપી લેવા અને એમની નૈતિક અને બાકી રહી હોય એવી બધી ભૌતિક શકિતને, જાતિની જે કોઈ ઇચ્છાઓ એ પદ્ધતિની અવ્યવસ્થા, અપસરણ અને વિસર્જન માટે અને બની શકે તો વસ્તુઓની પુરાણી પદ્ધતિને પાછી લાવવા માગતી હોય તેમના પક્ષે મદદરૂપે નાખવા માટે આતુર હશે. વિદ્રોહનાં નૈતિક કેન્દ્રો આમ સચવાઈ રહેશે કે જે માનવીના મનની અસ્થિરતા જોતાં, એમને અનુકૂળ સમયે ચેપ અને વિસ્તરણની શકિત વિનાનાં રહે એવો સંભવ નથી. વસ્તુત: કોઈ પણ પદ્ધતિ કે જે અસંગતતાને રૂપ બનાવે, અન્યાય અને અસમાનતાને શાશ્વત કરે, બળજબરી અને અનિચ્છિત પરાધીનતાના સિદ્ધાંત પર કાયમ આધાર રાખી બેસી રહે તેને માટે કોઈ સલામતી નથી અને એની પ્રકૃતિ એ જ એ નશ્વરતામાં ફેંકાઈ જાય છે.

યુદ્ધ દરમિયાન પ્રવર્તતા વલણની મુખ્ય ખામી એ હતી કે જગતના પ્રશ્નોનું સમાધાન યુદ્ધને અંતે ઊભી થાય એ પરિસ્થિતિ પર કરવાની એની ધારણા હતી. આ સમાધાનમાં પ્રકૃતિએ જ અસ્થાયી એવી સ્થિતિને સ્થિર કરવાનો મુખ્ય દોષ હશે જ. એનો એ અર્થ થાય કે આ કે તે રાષ્ટ્રનું શાસન અસંતુષ્ટ વિદેશી અલ્પસંખ્યક પ્રજાઓ ઉપર ચાલુ રહે એટલું જ નહિ પરંતુ એશીઆ અને આફ્રિકાના મોટા ભાગ પર યુરોપનું આધિપત્ય ચાલુ રહે. આવી પરિસ્થિતિમાં રાષ્ટ્રોનું પ્રારંભિક ઐકય એટલે થોડી સફેદ પ્રજાઓની મંડળીનું માનવજાતિના વિશાળ સમુદાયો પર અનુશાસન. કારણ કે એ રીતે તો બેમાંથી એક વિકલ્પ અનિવાર્ય બને. નવી પદ્ધતિએ કાયદા અને તાકાતને આધારે અત્યારની સ્થિતિને રક્ષણ આપવું પડે અને મહત્ત્વના ફેરફારોનો વિરોધ કરવો પડે; પરંતુ આ વસ્તુઓ મોટા કુદરતી અને નૈતિક બળોને અકુદરતી રીતે દબાવી દેવા તરફ અને ભયાનક અરાજકતામાં કે કદાચ દુનિયાના ટુકડે ટુકડા કરી નાખે એવા પ્રસ્ફોટ પ્રત્યે દોરી જાય. એમ નહિ તો કોઈ સામાન્ય વૈધાનિક સત્તા અને ફેરફારનું એવું સાધન સ્થાપિત કરવું પડશે કે જેના વડે માનવજાતિના અભિપ્રાય અને ભાવનાઓ સામ્રાજ્ય અહંભાવો પર પ્રભુત્વ પ્રાપ્ત કરી શકે અને જે

પરાધીન યુરોપીય, એશીઆઈ અને આફ્રિકી પ્રજાઓને એમની વિકસતી અસ્મિતાના દાવાઓને દુનિયાની પરિષદોમાં અસરકારક બનાવવામાં સહાયક થઈ શકે.[1] પરંતુ આવું શાસન મોટાં અને શકિતશાળી સામ્રાજ્યોનાં અહંભાવોમાં ડખલ કરે એવું, મુશ્કેલીથી સ્થાપી શકાય. એવું અને મંદ ગતિવાળું હશે, તથા એની સત્તા વાપરવામાં કે નૈતિક અસર કરવામાં કોઈ રીતે સ્વસ્થ નહિ હોય અને એની ચર્ચાઓ શાંત કે મૈત્રીપૂર્ણ નહિ રહે. એ કાં તો મોટી સત્તાઓના અલ્પસાંખ્યક જૂથની લાગણીઓ અને હિતોનું પ્રતિનિધિ બની જશે અથવા તો એનો અંત એવા સંબંધ વિચ્છેદનની ચળવળમાં અને સભ્ય રાજ્યોની વચ્ચે આંતરવિગ્રહમાં આવશે કે જે રીતે અમેરિકામાં ગુલામી પ્રથાના પ્રશ્નનું નિરાકરણ થયું. એ સિવાય એક જ બીજો નિર્ણય બાકી રહે છે કે યુરોપમાં યુદ્ધ દરમિયાન પ્રથમ જાગી ઊઠેલા ઉદાત્ત ભાવ અને સિદ્ધાંત સ્થિર અને કાર્યશીલ શકિતઓ રૂપ બને અને યુરોપી રાષ્ટ્રોની બિનયુરોપી આશ્રિત પ્રજાઓ સાથેના વ્યવહાર પર અસર કરતાં થાય. બીજા શબ્દોમાં યુરોપનાં રાષ્ટ્રોએ એક પાક્કો નિર્ણય કરવો જોઈએ કે જેથી બની શકે એટલી ત્વરાએ એમનાં સામ્રાજ્યવાદનાં લક્ષણ બદલાઈ જાય. અને એનામાં સામ્રાજ્ય કૃત્રિમ મટી જઈ ચૈતસિક એકમો બની જાય.

પરંતુ એ તો અંતે આપણે રજૂ કરેલા સિદ્ધાંતના સ્વીકારમાં, એક ઐચ્છિક અને કુદરતી પદ્ધતિએ જગતની વ્યવસ્થામાં પરિણમે અને નહિ કે અત્યાર સુધી છે તેમ અમુક અંશે ઐચ્છિક અને અમુક અંશે ફરજિયાત સમૂહીકરણમાં. કારણ કે એવી ચૈતસિક એકતા તો જે રાષ્ટ્રો અત્યારે પરાધીન હોવાથી સામ્રાજ્ય સમૂહોમાં છે તેમની ઐચ્છિક સંમતિ દ્વારા જ દૃઢ થઈ શકે છે અને ઐચ્છિક સંમતિના અધિકારમાં ઐચ્છિક ઇન્કાર અને વિભાજનનો અધિકાર પણ આવી જાય છે. જો સંસ્કૃતિ, સ્વભાવ કે આર્થિક હિતોની વિષમતા કે વિરોધને કારણે ચૈતસિક એકતા અશકય હોય તો આવું વિભાજન અનિવાર્ય બની જશે અથવા તો બળજબરીના પુરાણા સિદ્ધાન્તનો આશ્રય લેવો પડશે કે જ્યારે જે મનુષ્યોના મોટા સમૂહોની સાથે કામ લેવાનું હશે અને એ સમૂહો નવી પ્રક્રિયા

---

૧. આવા કોઈ ઝાંખા આદર્શ સાથે રાષ્ટ્રસંઘની (League of Nations) શરૂઆત થઈ, પરંતુ સામ્રાજ્ય અહંભાવોનો વિરોધ કરવાના શરૂઆતના અચકાતા પ્રયાસોનો અંત સંબંધો તૂટી જવા સુધી આવ્યો અને સભ્યોમાં આંતરવિગ્રહ ત્યારે જ ટાળી શકાયો જ્યારે સભ્યોએ પોતે કરેલા ઠરાવોને પડતા મૂકયા; સાચે જ એ થોડી મોટી સત્તાઓની નીતિઓના આજ્ઞાંકિત સાધન કરતાં કયારેય કાંઈ વધારે નહોતો.

દરમિયાન આત્મભાનવાળા થયા હશે અને એમણે એમની સંયુક્ત બુદ્ધિ શકિત અને પ્રાણિક તાકાત પુન: પ્રાપ્ત કરી હશે ત્યારે એક કષ્ટપ્રદ વસ્તુ થઈ જશે. માનવજાતિના સમૂહીકરણમાં આ પ્રકારનાં સામ્રાજિક એકયો એક શકયતારૂપે સ્વીકારવાં જોઈએ, પરંતુ અત્યારના સંયોગોમાં સંયુક્ત માનવજાતિ કરતાં વધુ સહેલાઈથી સિદ્ધ થઈ શકે એવા હવે પછી તરતના અનિવાર્ય બીજા પગલા તરીકે તો નહિ જ, પરંતુ આવા એકયોના કેવળ બે જ બુદ્ધિગમ્ય ઉદ્દેશો હોઈ શકે, એક તો જગતનાં બધાં રાષ્ટ્રોના એકતાના માર્ગ પર એક વિસામા રૂપે અને મોટા માપના શાસનિક અને આર્થિક સમવાય તંત્રના પ્રયોગરૂપે, બીજો ઉદ્દેશ હોય ભિન્ન ભિન્ન જાતિઓ, પરંપરાઓ, વર્ણ અને સભ્યતાવાળા રાષ્ટ્રોને એક સર્વસામાન્ય રાજકીય કુટુમ્બમાં ભેગા રહેવાની ટેવ પાડવાનો કે જેવી રીતે સમગ્ર માનવજાતિએ એકતાની કોઈ પણ એવી એક પદ્ધતિમાં રહેવું પડશે જે વિવિધતાનાં તત્ત્વને સન્માનતી હશે અને એકરૂપતાની શબવત્ સમતલતાની ફરજ નહિ પાડતી હોય. સામ્રાજિક વિજાતીય એકમનું મૂલ્ય પ્રકૃતિની પ્રક્રિયાઓમાં કેવળ આવી વધુ મોટી એકતાના એક સાધનરૂપે છે અને જો એ પાછળથી કોઈ કુદરતી આકર્ષણ કે કોઈ સંમિશ્રણરૂપ ચમત્કારથી ટકી રહે નહિ—જે એક શકય પરંતુ અસંભવ વસ્તુ છે, તો એ વધુ મોટી એકતા એક વાર સ્થપાઈ જાય એટલે અસ્તિત્વમાંથી નીકળી જશે. અને ખરેખર વિકાસના આ કે કોઈ અન્ય માર્ગમાં પણ પ્રજાઓના ઐચ્છિક અને કુદરતી સમૂહીકરણનો સિદ્ધાંત જ આખરી નિર્ણયમાં હશે અને એની કાયમી અને પૂર્ણપ્રતિષ્ઠા એ જ રીતે થવી જોઈએ કારણ કે બીજા કોઈ પાયા પર માનવજાતિનું એકીકરણ સુરક્ષિત અને દૃઢ બનશે નહિ. અને એમ જ હોવું જોઈએ કારણ કે એક વાર એકીકરણ દૃઢતાપૂર્વક સધાઈ જાય અને યુદ્ધને અને દ્વેષીલી રાષ્ટ્રીય સ્પર્ધાને પરસ્પર વ્યવહાર અને સુમેળની વધુ સારી રીત સ્થાનભ્રષ્ટ કરી દે પછી બીજી કોઈ કૃત્રિમ પદ્ધતિને સાચવી રાખવાનો કોઈ અર્થ હોઈ શકે નહિ અને તેથી બુદ્ધિ અને સગવડ બન્ને પરિવર્તનની ફરજ પાડશે. સમૂહીકરણની કોઈ એક કુદરતી પદ્ધતિની પ્રતિષ્ઠા એવી સ્વાભાવિક વસ્તુ બની જશે કે જેવી એક દેશની એના પ્રાન્તો પ્રમાણે વહીવટી ગોઠવણ થઈ ગઈ છે. અને જેમ કોઈ પ્રકારની નિક્ષેપની પદ્ધતિમાં કે સમવાયતંત્રમાં જાતિ કે રાષ્ટ્રીય ભાવના કે ચિરસ્થાયી સ્થાનિક એકમો પર પૂરતું ધ્યાન આપવું એ જરૂરી ગણવામાં આવે છે તેવી જ રીતે આમાં પણ બુદ્ધિ અને સગવડ એ વસ્તુને જરૂરી ગણશે. આ સિદ્ધાંતના અમલમાં બીજી ધ્યાન દેવા જેવી બાબતો અસર કરે પરંતુ એ કોઈ આ સિદ્ધાંતનો પરિત્યાગ કરવાની ફરજ પાડે એવી જોરદાર કે મહત્ત્વની નહિ હોય.

આવા સમૂહીકરણમાં રાષ્ટ્ર એકમાત્ર કુદરતી એકમ છે, કારણ કે આ

પાયો કુદરતી ક્રમવિકાસે દૃઢ રીતે સર્જ્યો છે અને મહત્તર એકતા માટે તૈયાર કર્યો હોય એમ લાગે છે. એટલે, એકીકરણને આપણા ઇતિહાસની કોઈ દૂરની તારીખ સુધી મુલતવી રાખવામાં આવે અને તે દરમિયાન સમૂહીકરણનું રાષ્ટ્રરૂપી તત્ત્વ એની શકિત અને પ્રાણ ખોઈ બેસે અને બીજા કોઈ તત્ત્વમાં ભળી જાય તે સિવાય મુકત અને કુદરતી રાષ્ટ્ર-એકમ અને કદાચ રાષ્ટ્રોના સમૂહ સધ્ધર અને સંવાદી વિશ્વપદ્ધતિનો યોગ્ય અને સજીવન પાયો બનશે. જાતિ હજી ગણનાપાત્ર વસ્તુ છે અને એકતત્ત્વ તરીકે દાખલ થશે, પરંતુ ગૌણ તત્ત્વરૂપે. અમુક સમૂહોમાં એ પ્રભુત્વ ભોગવે અને નિર્ણાયક તત્ત્વ બને; બીજા સમૂહોમાં એ, અમુક અંશે ઐતિહાસિક અને રાષ્ટ્રીય ભાવનાએ, ભાષા અને જાતિના ભેદોને અભિભૂત કરવાથી તો અમુક અંશે સ્થાનિક સંપર્ક અને ભૌગોલિક એકતાએ પેદા કરેલા આર્થિક અને બીજા સંબંધોને કારણે, શૂન્યવત્ બની જશે. સાંસ્કૃતિક એકતા ગણનાપાત્ર રહેશે, પરંતુ બધા જ સમૂહોમાં એ વિજયી નીવડે એવું કંઈ નથી; જાતીયતા અને સંસ્કૃતિનું સંયુકતબળ પણ સર્વત્ર નિર્ણાયક તત્ત્વ બનવા જેટલું જોર ન દાખવે એવો સંભવ પણ છે.

આ જટિલતાનાં દૃષ્ટાંત સર્વત્ર છે. સ્વીટ્ઝરલૅન્ડ ભાષા, જાતીયતા, સંસ્કૃતિ અને ભાવનાએ ભિન્ન ભિન્ન રાષ્ટ્રીય સમૂહો સાથે સંબંધવાળું છે. ભાવના અને સંસ્કૃતિએ લૅટિન અને ટ્યુટોનિક બે સમૂહો સાથે, જાતિ અને ભાષાએ જર્મન, ફ્રેન્ચ અને ઈટાલીઅન એ ત્રણ સમૂહો સાથે, અને આ ભિન્નતાઓએ રાષ્ટ્રોનાં સંઘર્ષમાં સ્વીસ સહાનુભૂતિને ગૂંચવવામાં અને વિભાજિત કરવામાં પૂરો ભાગ ભજવ્યો છે. પરંતુ બીજી બધી લાગણીઓથી ઉપર ચઢી જતી લાગણી હેલ્વેશીઅન રાષ્ટ્રીયતાની છે અને એ અત્યારે હમેશાં સ્વીટ્ઝરલૅન્ડની લાંબા સમયથી સ્થિર થયેલી કુદરતી, સ્થાનિક અને ઐતિહાસિક એકતાના ઐચ્છિક વિભાજન કે વિસર્જનનો પ્રતિષેધ કરતી હોય એમ લાગે છે. આલ્સાસ જાતિ, ભાષા અને શરૂઆતના ઇતિહાસથી જર્માનિક ઐક્ય સાથે મોટે ભાગે સંબંધિત છે, પરંતુ જર્મને એ દાવાઓ પર વૃથા મદાર બાંધ્યો અને એને આલ્સાસ –લોરેનને આલ્સાસ–લોથરિંગનમાં ફેરવી નાખવાના મિથ્યા પ્રયાસ કર્યા; પ્રજાની રાષ્ટ્રીય, ઐતિહાસિક, સાંસ્કૃતિક સજીવન ભાવનાઓ અને સામ્યોએ એને ફ્રાન્સ સાથે બાંધી રાખ્યું. કેનેડા અને ઑસ્ટ્રેલીઆને બ્રિટિશ ટાપુઓ સાથે કે એકબીજા સાથે કોઈ ભૌગોલિક સંબંધ નથી અને કેનેડા પૂર્વનિયતિએ અમેરિકન સામૂહિક ઐક્યના ભાગ જેવું દેખાય છે; પરંતુ એ ચોક્કસ છે કે ભાવનાઓમાં અત્યારે સહેલાઈથી દેખાતું નથી એવું કોઈ પરિવર્તન ન થાય ત્યાં સુધી એમાંનું પહેલું એક વધતી જતી વૈશ્વિકતાવાળા અમેરિકી રાષ્ટ્રમાં ભળી જવા કરતાં કે બીજું ઑસ્ટ્રેલેશીઅન ઐક્યરૂપે જુદું ઊભું રહેવા કરતાં

બન્ને બ્રિટિશ સમૂહમાં રહેવાનું પસંદ કરશે. બીજી બાજુએ ઑસ્ટ્રો—હંગરીનાં સ્લાવોનિક અને લૅટીન તત્ત્વો જોકે ઐતિહાસિક અને ભૌગોલિક પરિસ્થિતિએ અને આર્થિક સગવડે એ સામ્રાજ્ય સાથે સંબંધમાં હતાં છતાં જુદાં થવા જોરથી પ્રયત્ન કરતાં હતાં અને જ્યાં સ્થાનિક ભાવનાઓ વિરુદ્ધમાં નહોતી ત્યાં જાતિએ, સંસ્કૃતિએ અને ભાષાએ સંબંધવાળા એમના લોકો સાથે એક થવા એમણે જોરદાર પ્રયાસ કર્યા. જો ઑસ્ટ્રીઆએ એની પરાધીન સ્લાવ પ્રજા સામે જેમ મગ્યારો સાથે રાખ્યો એવો સંબંધ રાખ્યો હોત અથવા તો એ એનાં જર્મન, સ્લાવ, મગ્યાર અને ઈટાલીઅન તત્ત્વોમાંથી એની પોતાની એક રાષ્ટ્રીય સંસ્કૃતિનું નિર્માણ કરી શકયું હોત તો સ્થિતિ જુદી થાત અને એની એકતા એને છૂટું પાડવા માગતાં બહારનાં બધાં બળોની સામે સુરક્ષિત બની હોત. જાતિ, ભાષા, સ્થાનિક સંબંધો અને આર્થિક સગવડ એ બળવાન ઘટક તત્ત્વો છે, પરંતુ જે નિર્ણાયક બને તે એકતા રચે એ એવું પ્રભાવક ચૈતસિક તત્ત્વ હોવું જોઈએ. એ વધુ સૂક્ષ્મ શકિતને બીજાં બધાં તત્ત્વોએ, એ ગમે તેવાં ઉપદ્રવી હોય તો પણ નમવું જોઈશે; એ વધુ મોટી એકતાની અંદર પોતાની વિશિષ્ટ અને મુકત અભિવ્યકિત અને આત્મસંપન્નતા માટે ગમે તેટલી માગણી કરે તો પણ એમણે વધુ સમર્થ આકર્ષણ સામે પોતાને ગૌણ બનાવવાં પડશે.

કેવળ આ કારણે ઐચ્છિક સમૂહીકરણને પાયાના સિદ્ધાંત તરીકે સ્વીકારવો જોઈએ અને નહિ કે વ્યવહારુ નિયમ કે રાષ્ટ્રો પર પરાણે જડી દીધેલી સ્થિતિ તરીકે. મનમાં એક યોજના ઘડવી અને પહેલી નજરે યોગ્ય અને સગવડભર્યા લાગે એવા પાયા પર તેને ઊભી કરવા પ્રસ્તાવ મૂકવો એ સહેલું છે. પહેલી નજરે એમ દેખાય કે માનવજાતિની એકતા સારામાં સારી રીતે, બુદ્ધિપૂર્વક અને સગવડતાપૂર્વક આપોઆપ યુરોપી, એશીઆઈ અને અમેરિકી સમૂહીકરણના પાયા પર થઈ શકે એમ છે. અમેરિકામાં બે કે ત્રણ લૅટીન અને ઇંગ્લિશ બોલતા ઉપસમૂહો સાથે, એશિયામાં ત્રણ—મોંગોલીઅન હિન્દી અને પશ્ચિમી-એશીઆઈ—કદાચ એની સાથે કુદરતી રીતે જોડાયેલા મુસ્લિમ ઉત્તર આફ્રિકા સાથે યુરોપમાં ચાર, લૅટીન, સ્લાવોનિક, ટયુટોનિક અને ઍન્ગ્લો—કેલ્ટીક, છેલ્લું, એની સાથે રહેવા માગે તે વસાહતો સાથે, જ્યારે મધ્ય અને દક્ષિણ આફ્રિકાને અત્યારની પરિસ્થિતિ પ્રમાણે પરંતુ સંયુકત માનવજાતિની ભાવના આગ્રહ રાખે એવા વધુ માનવતાવાળા અને પ્રગતિમાન સિદ્ધાંતો સાથે, વિકાસ માટે રાખી શકાય. કેટલીક વાસ્તવિક અને સ્પષ્ટ મુશ્કેલીઓ જગતની વધુ સારી વ્યવસ્થા નીચે બહુ મહત્ત્વની ન પણ રહે. ઉદાહરણ તરીકે, આપણે જોઈએ છીએ કે દેખીતાં દરેક બાહ્ય બંધન વડે નિકટતાથી જોડાયેલાં કેટલાંક રાષ્ટ્રોને વધુ આકરા વિદ્વેષો

ખરેખર વિભકત રાખે છે. એવાં રાષ્ટ્રો કરતાં કે જેમનાં બાહ્ય બંધનો ઓછાં છે પરંતુ જેમની સાથે એમના વિચાર કે ભાવનાના સંબંધ બગડયા નથી. મોંગોલીઅન જાપાન અને મોંગોલીઅન ચીન, ભાવનાએ વધુ જુદાં પડી ગયાં છે. તુર્ક અને ઈરાની ઈસ્લામ ધર્મ અને સંસ્કૃતિમાં એક હોવા છતાં જો એમની વર્તમાન ભાવનાઓ કાયમ રહે તો એક સુખી કુટુમ્બરૂપે ભેગાં નહિ રહી શકે. સ્કેન્ડેનેવીઅન નોર્વે અને સ્વીડનને ભેગાં કરી એમની એકતાને કાયમી બનાવે એવી ઘણી બાબતો હતી છતાં કોઈ અતકર્ય લાગણીને કારણે એમને ભેગાં રહેવું અશકય બની ગયું હતું. પરંતુ આવા અણગમા અને વિદ્વેષ ત્યાં સુધી જ રહે છે જ્યાં સુધી કોઈ ખરેખર જબરજસ્તી કે પરાધીનતાની લાગણી રહી હોય અથવા તો એકનું વ્યકિતત્વ બીજાથી કચરાઈ જવાનો ભય હોય; એક વાર એ ભય જતો રહે એટલે અણગમો પણ જતો રહેવાનો સંભવ છે. એ નોંધપાત્ર વસ્તુ છે કે નોર્વે અને સ્વીડન છૂટાં પડયાં ત્યાર બાદ ત્રણ સ્કેન્ડેનેવીઅન રાષ્ટ્રો એકબીજા સાથે વધુ ને વધુ પ્રમાણમાં કામ લેવા લાગ્યાં છે. અને પોતાને યુરોપમાં એક કુદરતી સમૂહ તરીકે ગણવા લાગ્યા છે. એટલે એ સહેલાઈથી સમજી શકાય એમ છે કે જે પદ્ધતિમાં શત્રુતાનાં કારણો અદૃશ્ય થઈ જાય છે તેમાં કુદરતી સામ્યો કામ કરતાં થઈ જાય છે અને ઉપર આવે છે, અને જે પ્રકારનું સમૂહીકરણ કલ્પ્યું હોય છે તે સહેલાઈથી વ્યવહારુ બની જાય છે. એમ પણ કરી શકાય કે એકીકરણના જોરદાર દબાણ નીચે માનવજાતિ આવું સમરેખ સર્જન કરવા કુદરતી રીતે વળશે, એમ બને કે જગતમાં કોઈ મોટું પરિવર્તન કે ક્રાન્તિ બધી અડચણોનો જોરથી અને ત્વરાથી નાશ કરી દે, જેમ એકરૂપ લોકશાહી પદ્ધતિ સામેના જૂના શાસનનાં અવરોધોનો ફ્રેન્ચ ક્રાંતિએ નાશ કર્યો. પરંતુ આવી કોઈ પ્રક્રિયા બિલકુલ અવ્યવહારુ નીવડશે જ્યાં સુધી પ્રજાની ભાવનાઓ આવી સકારણ અને સગવડવાળી દેખાતી પદ્ધતિને સાનુકળ ન થાય. જગતની અત્યારની અવસ્થા આવી કોઈ આદર્શ સમજૂતી કે સંગતિથી બહુ દૂર છે.

રાષ્ટ્રભાવનાના સિદ્ધાંત પર સ્થપાયેલી નવી યોજનાનો વિચાર એક વખત તો સીમિત ક્ષેત્રમાં વ્યવહારુ પ્રસ્તાવનું રૂપ લેતો હોય એમ જણાતું હતું. એ યુરોપની પુનર્વ્યવસ્થા પૂરતો સીમિત હતો. અને ત્યાં પણ એ યુદ્ધના ન્યાયે, બળજબરીથી અને કેવળ હારેલાં રાષ્ટ્રો પર બેસાડી દેવાનો હતો. બીજાઓએ એ સિદ્ધાંતને પોતા માટે અમુક સીમામાં સ્વીકારવાનું કબૂલ કર્યું હતું; રૂશીઆએ પોલૅન્ડની સ્વાયત્તતા પૂરતું, ઇંગ્લૅન્ડે આયર્લૅન્ડના સ્વરાજ્ય અને ઉપનિવેશોના સમવાય પૂરતું; જ્યારે એ સિદ્ધાંતના ઈન્કાર અન્યત્ર ચાલુ રહેવાના હતા અને એક બે ઈન્કાર સામ્રાજ્ય મહેચ્છાઓ અને ખાસ સંયોગોને આધીન નવેસર સ્થાપવાનાં

હતાં. આ નવા સિદ્ધાંતનું નામાભિધાન પણ થયું હતું અને થોડા વખત માટે આત્મનિર્ણયને નામે અને સાધિકાર અનુમોદન અને લગભગ એક ધાર્મિક માન્યતાનું સ્થાન મળ્યું હતું. એનો અમલ ગમે તેટલો અપૂર્ણ હતો તો પણ વ્યવહારમાં એનો અમલ થયો હોત તો એ એક નવા વિચારનો ભૌતિક જન્મ અને બાલ્યાવસ્થા ગણાત અને માનવજાતિની આશાઓ સામે વધુ વિશાળ ક્ષેત્રમાં એના અમલની શકયતા એક વિશ્વવ્યાપી આદર્શ બની જાય ત્યાં સુધી ખડી કરી દેત. મિત્રરાજ્યોના વિજયે આવી ઊંચી ઘોષણાઓનો અંત આણ્યો છે તો પણ ઐચ્છિક રાષ્ટ્રીય સમૂહીકરણના આધારે જગતની પુનર્વ્યવસ્થાનો આદર્શ એક અસંભાવ્ય સ્વપ્ન કે એક બિલકુલ અવાસ્તવિક આદર્શ છે એમ માનવું હવે શકય રહ્યું નથી.

છતાં એની વિરુદ્ધ ધ્યાન દેવા જેવાં ઘણાં પરિબળો છે અને લાંબી અને મુશ્કેલ ગડમથલ કે સંઘર્ષ વગર એમને હરાવી શકાશે એવી આશા નકામી છે. રાષ્ટ્રીય અને સામ્રાજ્ય અહંતા, એ વિરોધીઓમાં પહેલી અને સૌથી બળવાન શકિત છે. પ્રભુત્વ માટેની આકાંક્ષા અને જ્યાં પ્રશાસન અને આધિપત્ય ગતકાલીન પ્રયાસોની બક્ષિસ છે ત્યાં શાસક અને અધિપતિ રહેવાની ઇચ્છાને છોડી દેવી. પ્રભુત્વ અને આધિપત્યના પુનરાનુમોદનથી જ સચવાઈ શકે એવા આશ્રિત દેશો અને ઉપનિવેશોના વ્યાપારિક શોષણને જતાં કરવાં, એક વખતનાં કેવળ સમૃદ્ધિનાં નિરવરોધ સાધનો રૂપ પરંતુ હવે પછી સમાન દરજ્જાના થાય એટલે કદાચ મોટા પ્રતિસ્પર્ધી થાય એવા જોરાવર અને કોઈ તો વિશાળ માનવ-સંખ્યાવાળા સમુદાયોની મુકત રાષ્ટ્રીય પ્રવૃત્તિઓને ઉદાસીન દૃષ્ટિથી જોવી એ માનવીની અહંભાવી પ્રકૃતિ સામે રાજીખુશીથી અને સહેલાઈથી સ્વીકારવા માટે બહુ મોટી માગણી છે, સિવાય કે સંયોગો અથવા તો તાત્કાલિક અને દેખીતા નુકસાનનો બદલો વાળી દે એવા મોટા અને હાથ પહોંચી શકે એવા લાભની આશા એવી માગણીના અનુમોદનની ફરજ પાડે.

વળી, યુરોપનો બાકીના જગતને સભ્યતાના હિતમાં એટલે કે યુરોપીય સભ્યતાના હિતમાં રાખવાનો દાવો છે અને એશીઆઈ જાતિઓને કોઈ જાતની સમાનતા અને સ્વતંત્રતાના સ્વીકારની શરત તરીકે યુરોપી સભ્યતાનો એમના તરફથી સ્વીકાર કરવામાં આવે એવો આગ્રહ પણ છે. આ દાવો એશીઆ પૂરતો હવે ત્વરાએ બલહીન થવા સર્જાયો છે પરંતુ એમાં હજી જરૂર આફ્રિકા ખંડની અત્યારની અવસ્થામાં અમુક તથ્ય છે. અત્યારે તો આપણે એટલી નોંધ લઈએ કે યુરોપીયનોના એ દાવા નવા જન્મેલ આદર્શના બહોળા સ્વીકાર વિરુદ્ધ કામ કરે છે અને એમનું નિરાકરણ ન થાય ત્યાં સુધી જગતનું આવા

કોઈ સિદ્ધાંત પર સમાધાન, નવી શકિતઓના ઉદ્‌વિકાસ પર અને એશિયા અને યુરોપ ઉભયમાં હજી સિદ્ધ નહિ થયેલી આધ્યાત્મિક બૌદ્ધિક અને ભૌતિક ક્રાંતિ માથું ઊંચકે એના પર આધાર રાખે છે.[૧]

૧. આ ક્રાંતિઓ હવે થઈ છે અને આ અંતરાયો જોકે સંપૂર્ણ રીતે નહિ પરંતુ ઓછા તો થયા છે અથવા તો અસ્તિત્વમાંથી ભૂંસાઈ જવા લાગ્યા છે.

# કેન્દ્રીકરણ અને એકરૂપતા પ્રત્યે પ્રયાણ

પ્રશાસન અને પરદેશ સાથેના સંબંધોનું નિયંત્રણ એમ ધારી લઈએ કે રાષ્ટ્રોનું એમનાં કુદરતી સામંજસ્યો, ભાવનાઓ, આર્થિક અને બીજી સગવડો. પ્રમાણે ઐચ્છિક સમૂહીકરણ એ સુસ્થિર વિશ્વઐક્યની અંતિમ પ્રતિષ્ઠા છે. તો પછી ઊભો થતો પ્રશ્ન એ છે કે માનવજાતિની વધુ મોટી અને સંકુલ એકતામાં રાષ્ટ્રીય એકમોનું શું સ્થાન હશે? એમની જુદાઈ શું નામની જ હશે અને એ શું એક યંત્રના ભાગો જેવાં થઈ જશે કે સાચું અને જીવંત વ્યકિતત્વ અને સક્રિય સ્વતંત્રતા અને કોઈ પ્રકારનું યાંત્રિક જીવન રાખી શકશે? વ્યવહારમાં એ વસ્તુ આ પ્રશ્ન પર આવીને ઊભી રહે છે કે માનવજાતિની એકતાનો આદર્શ શું માનવજાતિને એક મોટા અનેક પ્રાન્તોવાળા રાષ્ટ્ર અને કેન્દ્રીકૃત વિશ્વરાજ્યમાં જબરજસ્તીથી સંમિશ્રણ અને સંઘટન તરફ દોરી જાય છે કે મુકત રાષ્ટ્રીયતાઓના વિશ્વઐક્યની અંદર એક વધુ સંકુલ, શિથિલ અને વળાંકશીલ પદ્ધતિ નીચે એના સંધિકરણમાં? જો પહેલો વધુ કડક વિચાર, વલણ કે આવશ્યકતા વિજયી નીવડે તો ભાવિ જે પ્રકારની આંતરરાષ્ટ્રીય વિચાર. દૃષ્ટિ અને વ્યવહારની પ્રચંડ ક્રાંતિઓની આગાહી કરે છે તે જોતાં, આપણે એને માત્ર અંતિમ શકયતા રૂપે ધ્યાનમાં લેવી જોઈએ.

જો વસ્તુઓ સતત એક જ દિશામાં વિજયી રીતે આગળ વધતી જાય અને જો વિજ્ઞાન હજીયે વધુ દેશો વચ્ચેનાં અંતર અને વર્તમાન ભૌગોલિક અને માનસિક વિભાજનના અંતરાય દૂર કરવામાં અને વિશાળ અને સુઘડ વ્યવસ્થાનાં એનાં સાધનો અને શકિતઓને વધારવામાં પ્રગતિ કરતું રહે તો એક કે બે સદીઓ કે બહુ તો ત્રણ કે ચાર સદીઓમાં એ સારી રીતે સિદ્ધ થાય. એ કોઈ પણ એવી પ્રક્રિયાનું યોગ્ય અને સ્વાભાવિક પરિણામ હશે જેમાં બળજોરી અને અંકુશ કે થોડાં મોટાં રાષ્ટ્રોનું આધિપત્ય કે એક રાજા-રાજ્યનો ઉદ્ભવ અથવા તો એક જળ અને સ્થળ પર પ્રભુત્વ ભોગવતું સામ્રાજ્ય એકીકરણનું પ્રધાન

સાધન બને. કોઈ એક પ્રકારની શિથિલ એકતા સ્થપાઈ ગઈ છે એમ માની લઈએ તો એ સમાજવાદી અને આંતરરાષ્ટ્રવાદી રાજકીય માન્યતાના સમગ્ર જગત પર વિજય દ્વારા અને એ મતનો આગ્રહ રાખતો હોય એવો પક્ષ સત્તા પર આવે તો બને. એવો પક્ષ કે જેનું માનસ ફ્રેન્ચ ક્રાંતિના જેકોબીનો જેવું હોય, જેમાં ભૂતકાળની ભાવનાઓ માટે કે કોઈ પ્રકારના સામૂહિક વ્યકિતવાદ માટે કૂણી લાગણીઓ ન હોય અને જે એમના બધા નજરે ચડતા આધારોને માનવીની સંપૂર્ણ સમાનતા અને એકતાના આદર્શોને પૂર્ણ રીતે સ્થાપવા માટે અસ્તિત્વમાંથી ઉખેડી નાખવા માગે.

એ પ્રકારની પદ્ધતિ, એ ગમે તે રીતે કે ગમે તે શકિતઓ વડે સ્થાપવામાં આવે, આધુનિક સમાજવાદને પ્રેરણા આપે એવા લોકતંત્રીય રાજ્યવિચાર પ્રમાણે ચાલતી કે માત્ર રાજવિચારની કદાચ સમાજવાદી, પરંતુ બિનલોકતંત્રી કે લોકતંત્રથી વિરુદ્ધની હોય તો પણ, એ પૂર્ણ એકતા કેવળ એકરૂપતાને માર્ગે જ સિદ્ધ થઈ શકે છે એ સિદ્ધાંત પર ઊભી રહેતી હશે. સાચે જ જે બધી વિચારસરણીઓ યાંત્રિક અને ભૌતિક રીતોએ એકતા સ્થાપવા પ્રયાસ કરે છે તે કુદરતી રીતે એકરૂપતા પ્રત્યે આકર્ષાય છે. એનો પ્રબંધ ઈતિહાસ અને ભૂતકાળે શીખવેલા પદાર્થપાઠ પર આધાર રાખતો દેખાય છે; કારણ કે રાષ્ટ્રીય એકતાની રચનામાં, કેન્દ્રીકરણ અને એકરૂપતા પ્રત્યેનો ઝોક નિર્ણયાત્મક તત્ત્વરૂપે હતો અને એકતા એનું અંતિમ બિંદુ હતું. એક રાષ્ટ્રીય-રાજ્યમાં લોકોના ભિન્ન ભિન્ન અને ઘણી વાર પરસ્પર વિરોધી તત્ત્વોની રચના રૂપ પૂર્વ સિદ્ધાંત, પૃથ્વીનાં લોકોની એક વિશ્વ રાષ્ટ્ર અને વિશ્વરાજ્ય રૂપ વ્યવસ્થા માટે નિર્ણયાત્મક દૃષ્ટાંત બનશે. અર્વાચીન કાળમાં એકરૂપતા પ્રત્યેના આ વલણની શકિતના અર્થસૂચક દાખલા બન્યા છે કે જેમ જેમ સભ્યતા વધે છે તેમ તેમ એકરૂપતા પણ વધતી જાય છે. તુર્કી આંદોલન જૂના જર્જરિત તુર્કી સામ્રાજ્યનાં જાતિઓ, ભાષાઓ, ધર્મો, સભ્યતાઓ રૂપ બધાં વિજાતીય તત્ત્વો માટે સહિષ્ણુતાના આદર્શ સાથે શરૂ થયું પરંતુ અનિવાર્ય રીતે એ આંદોલનમાં જોરાવર યુવાન તુર્ક તત્ત્વ એકરૂપ ઓટોમન સંસ્કૃતિ અને ઓટોમન રાષ્ટ્રીયતાને બળજોરીથી પણ સ્થાપવાના વલણમાં તણાઈ ગયું. આ વલણ ગ્રીક તત્ત્વ દૂર થયું અને સામ્રાજ્ય ખોવાઈ ગયું, અને આજનું નાનું શુદ્ધ તુર્કી રાજ્ય બાકી રહ્યું ત્યારે શમ્યું, પરંતુ વિચિત્ર વાત છે કે એ રાષ્ટ્રીય એકરૂપતા ઉપર યુરોપીઅન સંસ્કૃતિ અને સામાજિક રીતરિવાજોનાં સંપર્ક અને સંમિશ્રણ સર્વત્ર ફેલાઈ ગયાં છે. ટ્યુટોનિક ફ્લૅમિંગ અને ગૅલિક વાલુનનાં બે લગભગ સરખાં તત્ત્વોના બનેલા બેલ્જીઅમે, ફ્રાંકો-બેલ્જીઅન સંસ્કૃતિ અને મુખ્યત્વે ફ્રેન્ચ ભાષાનાં પ્રભુત્વ નીચે રાષ્ટ્રીયતાનો વિકાસ કર્યો, ફ્લૅમિંગ આંદોલન કે જેણે બે

ભાષાઓ માટે સમાન હક્કોથી ન્યાયી રીતે સંતોષ માનવો જોઈતો હતો તેણે ખરેખર આખી પરિસ્થિતિને બદલી નાખવાનું અને ફ્લૅમીશ ભાષા અને સ્થાનિક ફ્લૅમીશ સંસ્કૃતિના અસ્તિત્વનું માત્ર નહિ પરંતુ પ્રભુત્વનું ધ્યેય રાખ્યું. જર્મનીએ એમાં પુરાણાં તત્ત્વોને એક દેહમાં સંયુકત કરીને, એનાં હયાત રાજ્યોને એમની સરકારો અને વહીવટ સાથે રહેવા દીધાં પરંતુ આ રીતે ખુલ્લી રહેલી ઘણા પ્રકારની વૈવિધ્યની શકયતાને રાષ્ટ્રીય જીવનને બર્લિનમાં કેન્દ્રિત કરી દઈને રદ કરી નાખી; રાજ્યોનું નામનું જુદું અસ્તિત્વ રહ્યું પરંતુ ખરેખરી અને પ્રબળ એકરૂપતાની છાયા નીચે કે જેથી જર્મની લગભગ વધુ મોટા પ્રુશીઆની આકૃતિ રૂપ બની ગયું. દક્ષિણનાં રાજ્યોનાં વધુ લોકતંત્રી અને માનવતાવાદી વલણો અને સંસ્થાઓ હોવા છતાં, સમવાયતંત્રતા વધુ મુકત પ્રકારનાં દૃષ્ટાંત ખરેખર નજરે પડે છે જેવાં કે સ્વીટ્ઝરલૅન્ડ, અમેરિકાનાં સંયુકત રાજ્યો, ઑસ્ટ્રેલીઆ, દક્ષિણ આફ્રિકા; પરંતુ અહીં પણ એકરૂપતાની ભાવના પ્રબળ છે કે પ્રબળ થવા પ્રયાસ કરે છે, વિગતોમાં વિવિધતા હોવા છતાં અને ઘટક રાજ્યોને ગૌણ બાબતોમાં ધારાધોરણ બનાવવાની સ્વતંત્રતા દેવામાં આવે છે તે છતાં, સર્વત્ર એકતા એના પાકા પાયા રૂપે વત્તોઓછે અંશે એકરૂપતા માટે માગણી કરતી અને એનું સર્જન કરવા પ્રયાસ કરતી હોય એમ દેખાય છે.

પ્રથમ એકરૂપતા જેમાંથી બીજી બધી એકરૂપતાઓની શરૂઆત થાય છે એ છે કેન્દ્રીકૃત સરકાર; જેનું સ્વાભાવિક કર્તવ્ય છે એકરૂપ શાસન સ્થાપવાનું અને કાયમ કરવાનું. પ્રત્યેક સંઘ જે પોતાના રાજકીય અને આંગિક જીવનની આંગિક એકતા સિદ્ધ કરવા માગે છે તેને એક કેન્દ્રિત સરકાર આવશ્યક છે. જોકે નામમાં કે શરૂઆતમાં આ કેન્દ્ર સરકાર કેવળ અનેક રાજ્યો કે જે એમની સીમામાં પ્રભુસત્તાઓ હોવાનો દાવો કરે છે તેમણે રચેલું તંત્ર હોય છે, જેને એ પોતાની સગવડ માટે એમના કેટલાક અધિકારો, કેટલાક સામાન્ય ઉદ્દેશો માટે સુપ્રત કરે છે, છતાં વસ્તુત: એ પ્રમાણે રચાયેલું એ તંત્ર હમેશાં પોતે પ્રભુસત્તા બનવાના વલણવાળું હોય છે અને વધુ ને વધુ અધિકાર પોતાના હાથમાં લેવા પ્રયાસ કરતું રહે છે. અને રાજ્યોની સ્થાનિક ધારાસભાઓ અને સરકારો પાસે માત્ર એણે પ્રદાન કરેલા અધિકાર રાખવા ઇચ્છે છે. શિથિલ પદ્ધતિની વ્યવહારુ મુશ્કેલીઓ આ વલણને મજબૂત બનાવે છે અને ક્રમે ક્રમે સર્વસામાન્ય ઉપયોગિતાના ન્યાયી લાગતા વિચારને આધારે સર્વ રીતે વધુ ને વધુ લાભકારી જણાવાથી સોંપાયેલા અધિકાર સામે ઊભી કરવામાં આવેલી સુરક્ષાઓની તાકાતને નરમ બનાવતી જાય છે. અમેરિકાનાં સંયુકત રાજ્યોમાં પણ એના આદ્ય બંધારણ માટે જોરદાર આસકિત હોવા છતાં અને સ્થાનિક બાબતો સિવાય બીજા વિષયોમાં બંધારણીય ફેરફારો સ્વીકારવાની અનિચ્છા છતાં

એ વલણ બહાર આવતું જાય છે. અને એને પરિણામે મોટા અને ધરમૂળના ફેરફારો થયા હોત જો આદ્ય બંધારણમાં ધારાસભાના હસ્તક્ષેપનો પ્રતિષેધ કરવાની ફરજ જેને માથે છે એવી ઉચ્ચ ન્યાયાધીશી ન હોત તો, કે અમેરિકાની વિદેશી બાબતોની આંટીઘૂંટીઓમાંથી અલગ રહેવાની નીતિએ આવશ્યકતાઓના દબાણને દૂર ન કર્યું હોત તો, કે જે વસ્તુઓ બીજાં રાષ્ટ્રોમાં કેન્દ્ર સરકારોને બધી સત્તાનો ઈજારો લેવામાં અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓનાં મૂળ મથક કે કેન્દ્ર બનવામાં મદદ કરે છે. સંયુકત રાજ્યોની પરંપરાગત નીતિ, એનો શાંતિવાદ, લશ્કરવાદનો એનો વિરોધ, એનો યુરોપીય સમસ્યાઓમાં અટવાઈ જવા તરફ કે યુરોપીય રાજકારણના સંપર્ક પ્રત્યે અણગમો, એની અમેરિકન બાબતોમાં યુરોપના હસ્તક્ષેપ સામે ઈર્ષ્યા–પશ્ચિમ ગોળાર્ધમાં યુરોપી વસાહતો અને હિતો હોવા છતાં, આ બધાં મોટે ભાગે એની એ કુદરતી લાગણીને લીધે છે કે આ જુદાઈ એની સંસ્થાઓ માટે અને એના રાજકીય જીવનની વિશિષ્ટતાઓ માટે એક સલામતી છે. એક વાર એ લશ્કરવાદમાં સંડોવાય, એક વાર જૂના જગતના રાજકીય વમળમાં પડી જાય, જેની અણી પર એ કોઈ કોઈ વાર આવી જાય છે, ત્યાર પછી રાજ્યોને કેન્દ્રીકરણની દિશામાં મોટા ફેરફારોની આવશ્યકતામાંથી કોઈ વસ્તુ લાંબો કાળ બચાવી નહિ શકે કે સમવાયતંત્રનો સિદ્ધાન્ત નિર્બળ બની જાય એમાંથી નહિ બચાવી શકે.[૧] સ્વીટ્ઝરર્લૅન્ડ એના સમવાયતંત્રની સુરક્ષિતતા માટે એવી જ આત્મકેન્દ્રિત નિષ્પક્ષતાનું ઋણી છે.

કારણ કે રાષ્ટ્રીય કેન્દ્રીકરણનો વિકાસ બે પ્રાથમિક આવશ્યકતાઓને લીધે થાય છે, જેમાંની પહેલી અને વધુ આગ્રહી છે. બીજાં રાષ્ટ્રો સામેની બાહ્ય આક્રમણો સામેની, રક્ષણ માટે અથવા તો રાષ્ટ્રીય હિતો અને મહેચ્છાઓની પૂર્તિ માટે અન્યની ઉપર આક્રમણ માટેની સંહતિ, એકચિત્તતા અને એકાગ્રકર્મની આવશ્યકતા. યુદ્ધ અને લશ્કરવાદની કેન્દ્રીકારક અસર, એની અધિકારોને એકાગ્ર કરવાની માગણી એ ઇતિહાસની પુરાતનકાળથી સામાન્ય થઈ પડેલી વસ્તુ છે. કેન્દ્રિત અને સર્વસત્તાધીશ રાજાશાહીઓના વિકાસમાં અને સુસંબદ્ધ, શકિતશાળી અભિજાતતંત્રોની સાચવણીમાં અને અસમાન તત્ત્વોના સખત જોડાણમાં અને કેન્દ્રમાં વિરોધી અવરોધનમાં એ જ તત્ત્વ મુખ્ય હતું. જે રાષ્ટ્રો આ આવશ્યકતા એમની સમક્ષ ઊભી થતાં અધિકારોની આવી એકાગ્રતા વિકસાવવામાં કે સાચવવામાં નિષ્ફળ નીવડયાં છે તે જીવન સંગ્રામમાં દુ:ખી થઈ ગયાં છે. યુરોપમાં

---

૧. રૂઝવેલ્ટની નીતિ અને એને પડતી મુશ્કેલીઓ સંયુકત રાજ્યોમાં કામ કરતી અને પરસ્પર વિરોધ કરતી બે શકિતઓનું જીવંત દૃષ્ટાંત પૂરું પાડે છે; અને સમવાયતંત્રનું ધીરે ધીરે પણ મજબૂત થતું જતું વલણ સ્પષ્ટ છે.

ઈટલીને અને પોલૅન્ડને અને એશીઆમાં હિન્દને માથે ઊતરેલા કમભાગ્યમાં એ ભાગીદાર ન થયા હોય તો પણ, કેન્દ્રીકૃત જાપાનની શકિત અને વિકેન્દ્રીકૃત ચીનની અશકિત એ જીવતો જાગતો પુરાવો હતો કે આધુનિક પરિસ્થિતિમાં પણ એ પ્રાચીન નિયમ ચાલુ છે. હજી તો ગઈ કાલે જ પાશ્ચિમાત્ય યુરોપનાં મુકત રાજ્યોને, દુષ્કર સાધના વડે સંપન્ન કરેલાં સ્વાતંત્ર્યો સ્થગિત કરવાની અને જૂની રોમન પદ્ધતિની બિનજવાબદાર રાજ્યસભા (Senate) અને પ્રચ્છન્ન સરમુખત્યારીનો, સશકત અને કેન્દ્રીકૃત તથા લશ્કરી રક્ષણ અને આક્રમણ માટે વ્યવસ્થિત થયેલા રાષ્ટ્રની શકિતનો સામનો કરવા, પુન: સ્વીકાર કરવાની ફરજ પડી હતી. યુદ્ધ પૂરું થયા પછી આ વસ્તુઓની આવશ્યકતાનો ખ્યાલ ઉઘાડી કે પ્રચ્છન્ન રીતે જીવતો રહેશે તો નિ:સંદેહ છે કે લોકશાહી અને સ્વતંત્રતા પર એમની અર્વાચીન સમયમાં પુન: સ્થાપના થયા પછી એમણે સહન કરવા પડેલા ફટકાઓમાં આ ફટકો સૌથી વધુ ભયંકર અને પ્રાણઘાતક નીવડે.[1]

જર્મનીના જીવનને એની મુઠ્ઠીમાં લઈ લેવાની પ્રુશીઆની શકિત મોટે ભાગે, બે મોટાં શત્રુરાષ્ટ્રો વચ્ચે એની બિનસલામત અવસ્થાનું ભાન અને યુરોપમાં એના વિસ્તારને રૂંધતી એની ઘેરાયેલી ભૌગોલિક સ્થિતિની લાગણીને લીધે હતી. એ જ વલણનું બીજું દૃષ્ટાંત છે. ઇંગ્લૅન્ડ અને એના ઉપનિવેશોમાં સમવાયતંત્રના વિચારે યુદ્ધને કારણે મેળવેલું પ્રાબલ્ય, જ્યાં સુધી ઉપનિવેશો જુદા અને ઇંગ્લૅન્ડનાં યુદ્ધો અને પરદેશનીતિથી અસ્પૃષ્ટ ઊભાં રહી શકયાં ત્યાં સુધી આ વિચારને સફળ થવાનો થોડો પણ યોગ નહોતો; પરંતુ યુદ્ધ અને એની પરેશાની-ઓના અનુભવે લગભગ સંપૂર્ણ વિકેન્દ્રીકરણની પદ્ધતિ નીચે સામ્રાજ્યની પ્રચ્છન્ન પણ છુટ્ટી પડી ગયેલી તાકાતને ફરજિયાત રીતે એકાગ્ર કરવાની દેખીતી અશકિતના અનુભવે બ્રિટિશ સામ્રાજ્યના શિથિલ અને નરમ બંધારણનું દૃઢી-કરણ અનિવાર્ય કરી દીધું હોય એમ દેખાય છે, કે જે સિદ્ધાંતનો એક વાર સ્વીકાર થાય અને એને અમલમાં મૂકવામાં આવે એટલે બહુ આગળ સુધી વધી શકે.[2] એક યા બીજા પ્રકારનું શિથિલ સમવાયતંત્ર જ્યાં શાન્તિ સામાન્ય

---

૧. અત્યારે એ રીતે પરિબળોનો ધસારો સ્પષ્ટ રીતે લોકશાહીથી વિરુદ્ધ દિશામાં અને વધુ કડક રાજ્યશાસન અને લશ્કરી નિયંત્રણ તરફ છે.

૨. હજી સુધી આ વસ્તુ માત્ર પરદેશી મામલાઓમાં વિચારની નિકટ આપ-લે સાથે પ્રતિષ્ઠાની સમાનતા અને વધુ ગાઢ આર્થિક સહકાર સુધી પહોંચી છે, પરંતુ યુદ્ધોનું સાતત્ય, એના ભાગ્ય પ્રમાણે, કાં તો હજી શિથિલ પદ્ધતિને પીગાળી દે કે વધુ સુશ્લિષ્ટ થવાની ફરજ પાડે. અત્યારે તો આ શકયતા સાચી

રીતે સ્થિર હોય છે ત્યાં ઉપયોગી નીવડે છે, પરંતુ એ જ્યાં અસલામત હોય છે. અને જીવનસંગ્રામ મુશ્કેલ અને ભયજનક હોય છે ત્યાં શિથિલતા પ્રતિકૂલ બને છે અને એ પ્રાણઘાતક અને વિનાશ ઇચ્છતા ભાવિ માટે અનુકૂળ પ્રસંગ પણ બની જાય છે.

બહારથી તાકીદ કરતા ભય અને વિસ્તારની આવશ્યકતા, મજબૂત રાજકીય અને લશ્કરી કેન્દ્રીકરણની તરફદારી કરતું માત્ર વલણ પેદા કરે છે; એકરૂપતા વધે છે, સુબદ્ધ આંતરિક વ્યવસ્થાની આવશ્યકતાને કારણે કે જેના હાથમાં આમ સર્જાયેલું કેન્દ્ર સાધન બને છે. જે આવશ્યકતાઓ સાધન સર્જે છે તે જ એ માટેની વ્યવસ્થા અસ્તિત્વમાં લાવે છે, પરંતુ વધારે અંશે તો સુશાસિત સામાજિક અને આર્થિક જીવનમાં એકરૂપતાના ફાયદાઓને કારણે અસ્તિત્વમાં આવે છે કે જેની જીવન દરકાર કરતું નથી, પરંતુ જેની માનવ-બુદ્ધિ સતત માગણી કર્યા કરે છે,—એક સાદો, સ્પષ્ટ અને જીવનની સંકીર્ણતા ચાલવા દે એવો શાસનનો સહેલો સિદ્ધાંત. માનવબુદ્ધિ જીવનને, જીવનની કુદરતી આંગિક વ્યવસ્થાની જરૂર પ્રમાણે આપોઆપ વળી શકે એવા સિદ્ધાંત પ્રમાણે નહિ, પરંતુ એની પોતાની રીતે ચલાવવાની શરૂઆત કરે છે કે તરત આવશ્યક રીતે એ ભૌતિક પ્રકૃતિનું એની ગોઠવણના એકરૂપ અને મૂળભૂત સિદ્ધાંતોની સ્થિરતામાં અને બની શકે એટલા પ્રમાણમાં એમને વ્યવહારમાં પણ એકરૂપતા આપવા અનુકરણ કરે છે. એ એકરૂપતા બધી મહત્ત્વની વિવિધતાઓને દબાવી દેવા જોર કરે છે. અને જ્યારે એ પોતાનો વિકાસ પૂરો કરી લે છે અને પોતે કુદરતી સંકુલતાને સમજવા અને પહોંચી વળવા હોશિયાર થઈ ગઈ છે એમ એને ખાત્રી થાય છે ત્યારે જ એ, સિદ્ધાંત માગે છે તેવી, એકરૂપ સિદ્ધાંતોના વિવિધ અને સૂક્ષ્મ જુદાઈવાળા અમલ માટે કંઈક સ્વસ્થતા પ્રાપ્ત કરે છે. રાષ્ટ્રીય સમાજની વ્યવસ્થામાં સૌથી પ્રથમ એ સ્વાભાવિક રીતે, અસ્તિત્વમાં આવેલી વ્યવસ્થાના કેન્દ્રની આવશ્યકતા સાથે સંબંધ ધરાવતાં રાજકીય અને લશ્કરી કર્તવ્યના ક્ષેત્રમાં શરૂઆતમાં જરૂર પૂરતી અને પછી શાસનની સંપૂર્ણ એકતા અને એકરૂપતા માગે છે.

એકાગ્રતાની આવશ્યકતાએ જે રાજાશાહીઓને અસ્તિત્વમાં આણી તેમણે પ્રથમ પ્રાથમિક એકાગ્રતા માટે કેન્દ્રીય સત્તાના હાથમાં વહીવટનાં મુખ્ય સૂત્રો

---

પ્રાદેશિક પ્રતિષ્ઠાના (Dominion Status) આગમનથી અને વેસ્ટમિન્સ્ટર વિધાનને કારણે બાજુએ મૂકી દેવામાં આવી છે, કે જેથી કોઈ વ્યવહારુ ઉપયોગ માટે સમવાયતંત્ર બિનજરૂરી બની ગયું છે અને કદાચ વ્યવહારુ સ્વતંત્રતા પ્રત્યેની ભાવનાને લીધે અનિચ્છનીય પણ છે.

ભેગાં કરવાનો પ્રયાસ કર્યો. આ આપણે સર્વત્ર જોઈએ છીએ, પરંતુ એ પ્રક્રિયાના તબક્કા ફ્રાન્સના રાજકીય ઇતિહાસમાં બહુ સ્પષ્ટતાથી નજરે પડે છે, કારણ કે ત્યાં સામંતિક વિભાગો અને શાસનતંત્રોએ બહુ વિકટ મુશ્કેલીઓ ઊભી કરી હતી અને છતાં સતત કેન્દ્રકારી આગ્રહ અને આખરે એમના બાકી રહેલા અવશેષો સામેની પ્રતિક્રિયા રૂપ હિંસાત્મક સંગ્રામથી એમનું ત્યાં જ સફળ નિરાકરણ અને નિષ્કાસન થયું. કેન્દ્ર સર્જક રાજાશાહી, અંગ્રેજોની ચઢાઈઓએ ફરી ફરી શીખવેલા પાઠોને પરિણામે, સ્પેઈનનાદ બાણથી અને આંતર વિગ્રહોને કારણે સર્વાધીશ અધિકારયુક્ત થઈ. અનિવાર્ય રીતે એ એક અપ્રતિહત અનુશાસન રૂપે વિકાસ પામી જેને લૂઈ ચૌદમાની મહાન ઐતિહાસિક આકૃતિ અસાધારણ રીતે વ્યક્ત કરે છે. એની "હું છું રાજ્ય" એ પ્રખ્યાત ઉક્તિએ સાચે જ દેશ સમસ્તને જરૂરી જણાયેલી સામંતશાહી ફ્રાન્સના શિથિલ અને પ્રાય: અસ્તવ્યસ્ત શાસનને બદલે પોતાની અંદર સર્વ લશ્કરી, કાનૂની અને વહીવટી અધિકારોને એકાગ્ર કરતી હોય એવી અપ્રતિષેધ્ય પ્રભુ સત્તાના વિકાસની આવશ્યકતાને અભિવ્યક્ત કરી. બુર્બોનોની પદ્ધતિએ પ્રથમ શાસનિક કેન્દ્રીકરણ અને એકતા પ્રત્યે ધ્યાન દીધું અને ગૌણ રીતે, અમુક અંશે, શાસનિક એકરૂપતા પ્રત્યે આ બીજું ધ્યેય એ પૂરું કરી શકી નહિ, કારણ કે એને એ કુળવાનશાહી પર આધાર રાખવો પડતો હતો કે જેને એણે સત્તાથી વંચિત કરી હતી, પરંતુ જેમની પાસે સામંતશાહીના કેટલાક અસ્તવ્યસ્ત ભંગાર જેવા અધિકાર રાખવા પડયા હતા. ક્રાંતિએ આ કુળવાનશાહીને ખતમ કરી નાખી અને પુરાણી પદ્ધતિના અવશેષોને સાફ કરી નાખ્યા. કઠોર એકરૂપતાને સ્થાપવામાં એણે રાજાશાહીએ એ દિશામાં કરેલા કામને મીટાવી દેવાને બદલે પૂરું કર્યું. સંપૂર્ણ એકતા અને ધારાકીય, નાણાંકીય, આર્થિક, ન્યાયતંત્રીય, સામાજિક એકરૂપતા એ હતું લક્ષ્ય કે જેના પ્રત્યે ફ્રેન્ચ આધિપત્ય—રાજાશાહી કે લોકશાહી બન્ને—એના મૂળ આવેગથી જ સંકલ્પબદ્ધ હતું. જેકોબીનોની હકૂમતે અને નેપોલીઅનના અમલે સામંતશાહી ફ્રાંસની સંકીર્ણ આંગિકતામાં, રાજાશાહીની એ ધીરે ધીરે વિકાસ પામતી વસ્તુને ત્વરાથી સફળ બનાવી.

બીજા દેશોમાં આંદોલન ઓછું એકમાર્ગી હતું અને જૂની સંસ્થાઓનું એમની ઉપયોગિતાનો અંત આવ્યા પછી પણ ચાલુ અસ્તિત્વ વધુ આગ્રહી હતું પરંતુ યુરોપમાં[1] જર્મની અને રૂશીઆમાં પણ વલણ એ જ દિશામાં છે

---

૧. જર્મનીમાં હીટલરની એ રાષ્ટ્રીય સમાજવાદી શાસનની અપૂર્વ કેન્દ્રીયતા, કડક ધારાબદ્ધતા અને એકરૂપતામાં આ પ્રબળ પ્રવાહની અંતિમ ઉત્કટતા જોઈ શકાય છે.

અને એ જ અંતિમ પરિણામ અનિવાર્ય છે. એ વિકાસનું અધ્યયન ભવિષ્ય માટે બહુ મહત્ત્વનું છે; કારણ કે ઓળંગેલી અડચણો, સ્વરૂપે અને માપે, આધુનિક, સભ્ય જગતની શિથિલ અને સંકીર્ણ આંગિકતામાંથી વિશ્વ-રાજ્યના વિકાસના માર્ગમાં આડે આવનારી અડચણોથી ગમે તેટલી જુદી દેખાય છતાં મુખ્યત્વે સરખી જ હશે.

## પ્રકરણ ૨૦

# આર્થિક કેન્દ્રીકરણ પ્રત્યેનો ઝોક

રાષ્ટ્રીય એકતાનું વાસ્તવિક સંયોજન, એને એકકેન્દ્રીય શાસન મળે અને રાજકીય, સૈનિક અને વહીવટી અધિકારોની એકતા અને એકરૂપતા પ્રાપ્ત થઈ જાય ત્યારે પણ પૂરું થયું નથી હોતું. એના આંગિક જીવનની બીજી બાજુ છે વૈધાનિક અને એના ઉપાંગ રૂપે ન્યાયતંત્ર કે જે એટલું જ ઉપયોગી છે; વૈધાનિક અધિકારનો અમલ આખરે સત્તાધીશનું લાક્ષણિક ચિહ્ન બને છે, જોકે હમેશાં એમ નહોતું. તાર્કિક રીતે એમ માની શકાય કે જીવનના પોતાના નિયમોનું ભાનપૂર્વક કરેલું નિર્ણયન એ સમાજનું પ્રથમ કર્તવ્ય હોવું જોઈએ જેમાંથી બીજાં બધાં નીકળી આવે અને જેની ઉપર એ બધાં આધાર રાખે અને તેથી એનો સૌથી પ્રથમ વિકાસ થયો હોય. પરંતુ જીવન વિકાસ કરે છે એના પોતાના કાનૂન પ્રમાણે અને શકિતઓના દબાણ નીચે અને નહિ કે સભાન મનની રીતે; એની પહેલી ગતિ નક્કી થાય છે અવચેતનામાંથી અને એ માત્ર ગૌણ અને નિષ્પન્ન રૂપે સચેતન હોય છે. માનવસમાજનો વિકાસ આ નિયમમાં અપવાદ નથી, કારણ કે માણસ જોકે એની પ્રકૃતિના મૂળે એક મનોમય સત્ત્વ છે, પરંતુ વ્યવહારમાં એની શરૂઆત મોટે અંશે એક યાંત્રિક મનોમયતાથી, સચેતન જીવંત સત્ત્વરૂપે, આત્મવિકાસશીલ મનુરૂપે થઈ છે. એ જ માર્ગ વ્યકિતએ લેવાનો છે; અને વ્યકિતની પાછળ પાછળ સંઘીય માનવ જાય છે અને એ હમેશાં વ્યકિતના ઉત્તમ વિકાસની બહુ પાછળ રહી જાય છે. તેથી સમાજ એનો આંગિકરૂપે એટલે કે ભાનપૂર્વકનો વિકાસ અને એની પોતાની જરૂરતોનાં વિધાનો સંપૂર્ણ રીતે પોતે જ નક્કી કરતો હોય એ તાર્કિક બુદ્ધિના ન્યાયે જરૂરી પ્રથમ પગલું હોવું જોઈએ, પરંતુ એ જીવનના કાનૂનના ન્યાયે છેલ્લું અને ક્રમે ક્રમે આવે છે. તે આખરે સમાજને રાજ્યરૂપી સાધન દ્વારા એના લશ્કરી, વહીવટી, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવનની પૂર્ણ વ્યવસ્થા કરવાની શકિત આપે છે. એ પ્રક્રિયાની પૂર્ણાહુતિનો આધાર રહે

છે વિકાસની પૂર્ણતા પર, જે વડે રાજ્ય અને સમાજ બની શકે તેટલા સમાનાર્થી બને છે. લોકશાહીનું એ મહત્ત્વ છે, સમાજવાદનું પણ એ જ મહત્ત્વ છે. એ ઇંગિતો છે કે સમાજ પૂરો સભાન બનવા અને એ કારણે મુકત રીતે અને ભારપૂર્વક આત્મનિયમન કરતો સાંઘિક જીવ બનવા તૈયાર થઈ રહ્યો છે.[૧] પરંતુ એ યાદ રાખવું જોઈએ કે અર્વાચીન લોકશાહી અને સામ્યવાદ એ સિદ્ધિ માટેનો પ્રાથમિક, અશિક્ષિત અને ભૂલવાળો પ્રયાસ છે, એક અક્ષમ ઇંગિત છે, નહિ કે બુદ્ધિયુકત સિદ્ધિ.

શરૂઆતની પ્રથમ અવસ્થામાં આપણે જેને કાનૂન–રોમનોનો Lex કહીએ છીએ એવું કંઈ હોતું નથી; માત્ર બંધનકારક આદતો—નોમોઈ, મોરેસ, આચાર હોય છે કે જે સંઘીય માનવની આંતરિક પ્રકૃતિ અને એ પ્રકૃતિ પર આજુ-બાજુની પરિસ્થિતિ અને વાતાવરણની શકિતઓ આવશ્યકતાઓની પ્રક્રિયા પ્રમાણે નક્કી થાય છે. એ બને છે પ્રથાઓ, સ્થિર અને પ્રતિષ્ઠિત વસ્તુઓ—Institute અને ધારાઓ રૂપે દૃઢ થાય છે. વધારામાં એ સમાજના સમગ્ર જીવનને આવરી લે છે; એમાં રાજકીય કે ધાર્મિક એવો ભેદ પણ હોતો નથી; એ બધા એક પદ્ધતિમાં મળે છે એટલું જ નહિ પરંતુ એકબીજાથી છૂટા પડી ન શકે એવી રીતે ભળી પણ જાય છે અને એકબીજાથી નિર્ણિત થાય છે. આવો પ્રકાર પુરાણા યહૂદી કાયદાનો અને હિંદુશાસ્ત્રનો હતો કે જેણે અર્વાચીન કાળ સુધી સમાજના એ પુરાણા સિદ્ધાંતને માનવજાતિની વિશ્લેષાત્મક અને વ્યવહારુ બુદ્ધિના સામાન્ય વિકાસને પરિણામે જે અન્યત્ર સફળ થયા એ વૈશિષ્ટય અને વિભાજનનાં વલણોને ગણકાર્યા વિના સાચવી રાખ્યો હતો. પ્રથા રૂપ આ જટિલ કાયદો સાચે જ વિકાસ કરતો ગયો પરંતુ એ બદલાતા વિચાર અને વધતી જતી આવશ્યકતાઓને આધીન સામાજિક આદતોના કુદરતી વિકાસને લીધે થયું. કોઈ એક અને સ્થિર ધારાકીય સત્તા એમનો ભાનપૂર્વક, રચના કે પસંદગી દ્વારા કે લોકમતના પ્રવાહની દિશા પ્રમાણે અથવા તો આવશ્યકતા અને અભિપ્રાયની સામાન્ય સમજણને આધારે સીધી વિચારણાથી નિર્ણય કરવા નહોતા રાજાઓ અને પેગંબરો, ઋષિઓ અને બ્રાહ્મણ નૈયાયિકો, એમની પોતાની શકિત અને પ્રભાવ અનુસાર આ કામ કરતા, પરંતુ આમાંના કોઈ સ્થાપિત ધારાકીય અધિકાર ધરાવતા નહોતા; ભારતમાં રાજા ધર્મનો વહીવટ કરતો હતો પરંતુ તે દ્વારા ઘડનાર તરીકે બિલકુલ નજરે નથી પડતો અથવા તો ભાગ્યે

---

૧. ફેસીઝમ અને નેશનલ સોશીઆલીઝમે આ સિદ્ધાંતમાંથી “મુકત રીતે” કાઢી નાખ્યું છે અને વ્યવસ્થિત આત્મનિયંત્રિત ચેતના સર્જવાનું કામ હિંસાત્મક સંગઠન દ્વારા કરવા માંડયું છે.

જ એ રીતે નજરે પડે છે.

એ નોંધવું જોઈએ કે ખરેખર આ પ્રથારૂપ કાયદો ઘણી વાર એક આદિ ધર્મસંસ્થાપકને નામે, કોઈ મનુ, મોઝીઝ કે લાયક રગસને નામે ચઢાવી દેવામાં આવતો હતો. પરંતુ આવી કોઈ પરંપરાની ઐતિહાસિકતા, આધુનિક અન્વેષણથી, અને કદાચ વાજબી રીતે, નિર્ણિત થઈ શકે એવી હકીકતો અને માનવમનની સામાન્ય પ્રણાલી અને વિકાસ એકલાંનો વિચાર કરીએ તો અવિશ્ર્વસનીય પુરવાર થાય છે. વાસ્તવમાં આપણે ભારતની રહસ્યમય પરંપરાને તપાસીએ તો જોઈએ છીએ કે એનો મનુ વિષેનો ખ્યાલ બીજી કોઈ વસ્તુ કરતાં પ્રતીક રૂપ વધારે છે, એના નામનો અર્થ છે મનોમય સત્ત્વ. એ છે દિવ્ય વૈજ્ઞાનિક, માનવજાતિમાં મનોમય દેવતા કે જે રેખાઓ દોરી આપે છે, જે પ્રમાણે જાતિએ કે પ્રજાએ એનો વિકાસ સાધવાનો હોય છે. પુરાણમાં મનુ કે એના પુત્રો સૂક્ષ્મ પૃથ્વીઓ કે લોકોમાં રાજ્ય કરે છે. એમ કહેવામાં આવ્યું છે, અથવા તો આપણે કહીએ એ રીતે એ કોઈ એવા બૃહત્તર મનોમય લોકમાં રાજ્ય કરે છે કે જે આપણને અતિજ્ઞાત છે અને જ્યાંથી એ માનવના સભાન જીવનના વિકાસની રેખાઓ નક્કી કરી શકે છે. એનો કાયદો છે માનવધર્મશાસ્ત્ર, માનવસત્ત્વ કે મનોમય પ્રાણીના આચારનું વિજ્ઞાન: અને આ અર્થમાં આપણે કોઈ પણ માનવીય સમાજના કાયદાનો, એના મનુએ એને માટે નક્કી કરેલા પ્રકાર અને રેખાઓ પ્રમાણે સભાન વિકાસના રૂપમાં વિચાર કરી શકીએ. જો કોઈ મનુ સદેહે આવે, એક જીવતો મોઝીઝ કે મહમ્મદ તો એ માત્ર પ્રભુનો પેગંબર કે સંદેશવાહક છે કે જે અગ્નિના કે વાદળના પરદા પાછળ હોય છે, સીનાઈ પર્વત પર જેહોવાહ કે ફિરસ્તા મારફત બોલતો અલ્લાહ. આપણે જાણીએ છીએ તેમ મહમ્મદે આરબોના તે વખતે હયાત સામાજિક, ધાર્મિક અને વહીવટી રિવાજોનો નવી પદ્ધતિએ વિકાસ કર્યો કે જેમ દિવ્યાત્મા દ્વારા એમના પવિત્ર મનને ઊંડી ધ્યાનની અવસ્થામાં કહેવામાં આવ્યું હતું, જેમાં એ વારંવાર એમની જાગ્રત અવસ્થામાં પરચેતન આત્મમાં પ્રવેશ કરતા હતા, એ બધું બુદ્ધિથી ઉપરના ક્ષેત્રનું હોય કે તમે માનો તો બુદ્ધિ વગરનું હોય, પરંતુ એ, માનવવિકાસની જે અવસ્થામાં સમાજનું સંચાલન એના બુદ્ધિયુકત અને વ્યવહારુ માનસથી થાય છે. અને જે બદલાતી જરૂરિયાતો અને કાયમી આવશ્યકતાઓ સાથે સંબંધમાં રહીને સ્થિર ધારાકીય સત્તાએ, સમાજની વ્યવસ્થિત મગજશકિતએ કે કેન્દ્રે નક્કી કરેલો કાયદો માગે છે તેના કરતાં જુદી અવસ્થાનું પ્રતિનિધિ છે.

આ બુદ્ધિપ્રધાન વિકાસ, આપણે જોયું તેમ કેન્દ્રીય સત્તાના સર્જનના રૂપનો હોય છે,—પ્રથમ એક કેન્દ્રીય શકિત રૂપે પરંતુ પાછળથી સમાજ સાથે વધુ ને વધુ

સમસીમ અથવા તો એના પ્રતિનિધિરૂપ બની જાય છે. અને ક્રમે ક્રમે સામાજિક પ્રકૃતિના સર્વ વિશિષ્ટ અને જુદા વિભાગોનું સંચાલન પોતાના હાથમાં લે છે. પ્રથમ આવી સત્તાને સ્થાને ચૂંટાયેલા કે વૈશાનુગતા એના આદિરૂપે યુદ્ધનેતા, એના પ્રદેશમાં મુખ્ય જ્યેષ્ઠોનો કે બળવાનોનો અગ્રેસર અને રાષ્ટ્રની સેનાનો સંચાલક, એના કર્મનો વજાંગ પરંતુ પ્રધાન નિયામક નહિ એવો રાજા હતો: એ માત્ર યુદ્ધ વખતે, જ્યારે શકિતનું સર્વાંગી કેન્દ્રીકરણ કાર્યસાધક કર્મની પ્રથમ પૂર્વશરત હોય છે ત્યારે જ એ સર્વસત્તાધીશ હતો. સેનાઓના નેતા રૂપે એ 'સ્ટ્રાટેગોસ' રાજાધિરાજ, અફર આદેશ દેનાર પણ હતો. જ્યારે એ મુખી તરીકેના અને બહિર્મુખ અધિકારોના સંચાલનને અંદર વાળતો ત્યારે એ શાસકસત્તા બનતો, સામાજિક શાસનના મુખ્ય સાધન તરીકે નહિ પરંતુ કાર્યકારી પ્રશાસક રૂપ બનતો.

કુદરતી રીતે એને માટે આંતરિક કરતાં વિદેશીય રાજકારણમાં પરમ સત્તાધીશ થવું સહેલું હતું. અત્યારે પણ જે યુરોપી સરકારોને આંતરિક બાબતોમાં પ્રજામતને માન આપવું પડે છે તે પણ વિદેશીય રાજનીતિમાં સંપૂર્ણપણે કે મોટે ભાગે પોતાના વિચારો પ્રમાણે કામ કરી શકે છે; કારણ કે એમને એમના કામના નિર્ણયો પ્રચ્છન્ન કૂટનીતિથી કરવા દેવામાં આવે છે, જેમાં પ્રજાનો કોઈ અવાજ હોતો નથી અને રાષ્ટ્રના પ્રતિનિધિઓને માત્ર એમનાં કામોનાં પરિણામની આલોચના કે સમર્થનનો જ અધિકાર હોય છે. વિદેશીય રાજકારણમાં એમને માત્ર નામનો જ કે બહુ નાની સીમામાં કોઈ અધિકાર હોય છે. કારણ કે એ કોલ કરાર કે સંધિઓ થતી અટકાવી શકતા નથી; જે જલદી જાહેર કરી દેવામાં આવ્યા હોય તેમની બહુ તો અભિપુષ્ટિનો કે અનુમોદન આપવાનો ઇન્કાર કરી શકે અને તે પણ રાષ્ટ્રની બહિર્મુખ પ્રવૃત્તિની સચોટતા, સાતત્ય અને જરૂરી એકરૂપતાના ભોગે અને એ રીતે પરદેશી સત્તાઓનો વિશ્વાસ ખોઈ બેસવાનું જોખમ વહોરીને કે જે વિશ્વાસ વિના મંત્રણાઓ ચલાવી શકાય નહિ કે સ્થાયી મૈત્રી સંબંધો કે સંઘો રચી શકાય નહિ. અને સાચે જ એવી અનુમતિનો ઇન્કાર કરવાનું એમને માટે અશકય છે. ખાસ કરીને કટોકટીના વખતમાં, યુદ્ધ માટે કે શાન્તિ માટે, છેલ્લી ઘડીએ કે છેલ્લી પળે કે જ્યારે બેમાંથી એક અનિવાર્ય હોય છે. ખાસ કરીને જૂની રાજાશાહીઓમાં અનુમતિની ના પાડવી એ અશકય હતું જ્યારે યુદ્ધ અને શાન્તિનો નિર્ણય રાજા કરતો અને પરદેશો સાથેનો વ્યવહાર રાષ્ટ્રનાં હિતો વિષે એના પોતાના ખ્યાલ પ્રમાણે, બહુધા એના પોતાના આવેગ, પૂર્વગ્રહ અને કૌટુંબિક અને વ્યકિતગત હિતો અનુસાર પોતે ચલાવતો. પરંતુ ગમે તેવી અડચણો ઊભી થાય તો પણ યુદ્ધ અને શાન્તિ અને પરદેશ સાથેના સંબંધો વિષે નિર્ણય અને ખાસ કરીને સંગ્રામ દરમિયાન સૈન્ય-સંચાલન અને આચાર એટલું તો પરમ સત્તાના હાથમાં કેન્દ્રિત અને

એકીકૃત થતું હતું. આપણને અત્યારે આપણા ચાલુ વિચારો પ્રમાણે જે અશકય લાગે છે અને છતાં જે એક વખત બની શકતું અને હજી બની શકે એમ છે તેવા સંસદ દ્વારા વિદેશનીતિના ખરા નિયંત્રણની માગણી અને ખુલ્લી રાજનીતિની માગણી પણ જગતમાં ચાલતા રૂપાન્તરની એક વધુ નિશાની છે, જેની પૂર્ણતા લોકશાહીની બાંગો છતાં, રાજાશાહી અને શ્રીમંતશાહીના લોકશાહીમાં રૂપાન્તરની બધી કેન્દ્રિત સત્તાઓ એક શ્રેષ્ઠ શાસકના કે નાના જોરાવર શાસક વર્ગના હાથમાંથી લોકશાહી રૂપે વ્યવસ્થિત થયેલો સમસ્ત સમાજ લઈ લે એવા રૂપાન્તરની પૂર્ણતા હજી દૂર છે.

આંતરિક શાસનની પ્રક્રિયાઓને પોતાના હાથમાં લઈ લેવાનું કેન્દ્રને માટે વધુ મુશ્કેલ છે, કારણ કે એમને પોતાને હસ્તક કે પોતાને આધીન કરવામાં એને શકિતશાળી અને પ્રતિસ્પર્ધી કે અસરકારક શકિતઓ અને હિતોની સાથે અને રાષ્ટ્રની સ્થાપિત અને પ્રિય આદતો, વર્તમાન અધિકારો અને ખાસ હક્કોની સાથે કામ લેવું પડે છે. પરંતુ અંતે એ કોઈ એક પ્રકારના કેન્દ્રિત સંયમન સુધી પહોંચી જશે, ખાસ કરીને એ ક્ષેત્રોમાં કે જે સ્વભાવે કાર્યવાહી અને વહીવટ અંગેના છે. આ રાષ્ટ્ર વ્યવસ્થાના વહીવટી વિભાગનાં ત્રણ મુખ્ય અંગો છે, વિત્તીય, કાર્યવાહક અને આધિકારિક. વિત્તીય સત્તા એની પાસે જાહેર નાણાંકોષ પર અને રાષ્ટ્રીય કાર્યો માટે સમાજે ભરપાઈ કરેલી સંપત્તિના ખર્ચ પર અંકુશ રાખે છે અને એ તો દેખીતું છે કે આ અંકુશ એ સત્તાના હાથમાં હોવો જોઈએ કે જેણે કોમના એકીકૃત કર્મને વ્યવસ્થિત અને સફળ બનાવવાનું સ્વીકાર્યું છે; પરંતુ એ સત્તા એના અવિભાજિત અને અનિયંત્રિત અધિકારોના પૂર્ણ એકીકરણના આવેશમાં સ્વાભાવિક રીતે ખર્ચ વિષે એની પોતાની મરજી પ્રમાણે નિર્ણય કરવાની એટલું જ નહિ પરંતુ સમાજ પ્રજાકીય કોષમાં કેટલું ભરણું ભરે એનો નિર્ણય કરવાની પણ ઇચ્છા રાખશે, ભરવાની રકમ બાબત તેમજ રાષ્ટ્રના ઘટક વ્યકિતઓ અને વર્ગોમાં એના પુન: વિભાજન બાબત. રાજાશાહી એની આપખુદ કેન્દ્રીયતાના ઉત્સાહમાં હમેશાં આ સત્તાનો ઇજારો મેળવવા અને પોતાના હાથમાં રાખવા પ્રયત્નશીલ રહેલી; કારણ કે રાષ્ટ્રનાં નાણાં પરનો અંકુશ એ સાચી સર્વોપરિતાની સૌથી મહત્ત્વની નિશાની અને એ એનું સૌથી અસરકારક, કદાચ જીવન અને અંગ ઉપરના સ્વામિત્વ કરતાં પણ વધુ આવશ્યક તત્ત્વ છે. એકદમ નિરંકુશ શાસનમાં આ સત્તા અપ્રતિહત છે અને એ અદાલતી કારવાઈ વગર જપ્ત કરવાના અને તોડી ફોડી નાખવાના અધિકાર સુધી પહોંચે છે. બીજી બાજુએ જે શાસકને એની પ્રજા સાથે કરના દર અને પ્રકાર બાબત સોદા કરવા પડે એ એની પ્રભુસત્તા બાબત સીમાઓમાં બંધાયેલો રહે છે અને એ ખરેખર સર્વસત્તાધીશ નથી હોતો. રાજ્યના એક

નીચલા દરજ્જા પાસે એક પ્રાણ-અધિકાર હોય, એનો ઉપયોગ ઘાતક રીતે, એની અને એ નીચલા વર્ગ વચ્ચેની કોઈ પણ ખેંચાતાણી કે અથડામણીમાં એની સામે કરવામાં આવે. એટલે જ તો અંગ્રેજ પ્રજાની ઉચ્ચ આંતર પ્રેરણાએ એની રાજાશાહી સાથેની અથડામણીમાં આ કર નાખવાના પ્રશ્ન પર, કોષ પર કાબૂના પ્રશ્ન બાબતના ઘર્ષણમાં મહત્ત્વના ભાગ તરીકે એક ચિત્તે ધ્યાન આપ્યું. સ્ટુઅર્ટોના પરાજયથી એક વાર પાર્લમેન્ટમાં એનું નિરાકરણ થઈ ગયું એટલે સ્પષ્ટ રીતે, રાજ્ય દેહનું સંનિયમન રાજગાદી પાસેથી ખસીને પ્રથમ શ્રીમંતોના હાથમાં, પછી મધ્યમ વર્ગીય નાગરિકોના હાથમાં અને ત્યાર પછી સમસ્ત પ્રજાના હાથમાં આવ્યું,—છેલ્લા એંશી વરસના ત્વરિત વિકાસરૂપ પાછળનાં બે પગલાં એ તો કેવળ સમયનો પ્રશ્ન હતો. ફ્રાન્સમાં આ અધિકાર, વ્યવહારમાં રાજાશાહી પાસે રહ્યો, એ એનું મુખ્ય બળ હતું અને ન્યાય અને કરકસરથી જાહેર નાણાંની વ્યવસ્થા કરવાની એની અશક્તિ, જાગીરદારો અને શ્રીમંતો અને ધર્માધિકારીઓ પર કર નાખવાની અનિચ્છા અને એથી વિરુદ્ધમાં પ્રજાને કચરી નાખતી કર-પદ્ધતિ અને પરિણામે પાછા રાષ્ટ્રનું માન રાખી એની પાસે જવાની જરૂર આ વસ્તુઓએ ક્રાન્તિ માટે સાનુકૂળ સંયોગ કરી આપ્યો. પ્રગતિમાન અર્વાચીન દેશોમાં વત્તે કે ઓછે અંશે આખા રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતી એક નિયામક સત્તા હોય છે: વ્યક્તિઓ અને વર્ગોએ એને આધીન રહેવું પડે છે કારણ કે આખી પ્રજાના સંકલ્પની સામે અવાજ સાંભળનાર કોઈ હોતું નથી. પરંતુ એમ હોવા છતાં ભવિષ્યમાં આવનારી ક્રાન્તિઓને તૈયાર કરી રહ્યા છે તે કરવેરાના નહિ પરંતુ સમાજના અર્થિક જીવનની યોગ્ય વ્યવસ્થા અને સંચાલનના પ્રશ્નો છે.

# વૈધાનિક અને સામાજિક કેન્દ્રીકરણ પ્રત્યેનો ઝોક અને એકરૂપતા

જ્યારે ન્યાયતંત્રની ખાસ કરીને ગુનાહિત બાજુની એકતા અને એકરૂપતા સ્થપાઈ જાય ત્યારે વરિષ્ઠ સત્તાના હાથમાં પ્રશાસનના આવશ્યક અધિકારો ભેગા કરવાનું કામ પૂરું થાય છે; કારણ કે આ વસ્તુ વ્યવસ્થા અને આંતરિક શાંતિની સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. ઉપરાંત, શાસક માટે ગુનાહિત ન્યાયનો અધિકાર પોતાના હાથમાં રાખવો આવશ્યક છે કે જેથી એ સર્વ વિદ્રોહોને રાજદ્રોહ તરીકે કચરી નાખી શકે અને બનતા પ્રમાણમાં ટીકા અને વિરોધને રૂંધી શકે, મુક્ત વિચાર અને વાણીને દંડી શકે કે જે વસ્તુઓ એમની વધુ પૂર્ણ સામાજિક સિદ્ધાંતની શોધમાં અને પ્રગતિ માટેના એમના સૂક્ષ્મ અને સીધા ઉત્તેજનના કારણે બધી સ્થાપિત સત્તાઓ અને સંસ્થાઓ માટે એટલી બધી ભયજનક અને હજી બનતી જતી વધુ સારી વસ્તુના ઉત્સાહમાં અત્યારે અસ્તિત્વમાં છે તેવી પ્રભાવી વસ્તુની ઉન્મૂલક થઈ પડે છે. ન્યાયતંત્રની એકતા, અદાલતો સ્થાપવાનો અધિકાર, ન્યાયાધીશો નીમવાની, એમના વેતનની અને બરતરફીની સત્તા, અને અપરાધો અને દંડ નક્કી કરવાનો અધિકાર એ વરિષ્ઠ સત્તાના સમગ્ર ન્યાયતંત્રીય અધિકારનો ફોજદારી વિભાગ છે. એ જ પ્રમાણે ન્યાયતંત્રની એકતા, દીવાની કાયદાના અમલ માટે અદાલતો સ્થાપવાનો, સંપત્તિ, લગ્ન અને બીજી સામાજિક બાબતો કે જે સમાજની જાહેર વ્યવસ્થાના પ્રશ્નો છે તે અંગેના કાયદાઓમાં જરૂરી ફેરફાર કરવાનો અધિકાર એ એની દીવાની બાજુ છે, પરંતુ દીવાની કાયદાની એકતા અને એકરૂપતા રાજ્ય માટે એટલી તાકીદની કે એકદમ મહત્ત્વની નથી હોતી જ્યારે એ કુદરતી આંગિક સમાજને સ્થાને પોતે આવે છે; એક સાધન તરીકે એ વસ્તુ અત્યારે એટલી આવશ્યક નથી હોતી. એટલે ફોજદારી ન્યાયતંત્ર પૂર્ણ અંશે કે મોટે ભાગે વરિષ્ઠ સત્તાના હાથમાં પ્રથમ લઈ લેવામાં આવે છે.

શરૂઆતમાં આ બધા અધિકાર આંગિક સમાજના હાથમાં હતા અને એમનો અમલ મુખ્યત્વે, જુદી જુદી કુદરતી અને શિથિલ પ્રકારની અને પૂર્ણ રીતે રિવાજરૂપ બની ગયેલી પદ્ધતિએ કરવામાં આવતો જેમ કે હિન્દની પંચાયતો કે ગ્રામ કચેરીઓ, મહાજનોનાં ન્યાયતંત્ર કે બીજી કુદરતી સંસ્થાઓ, નાગરિક સંમેલનો કે સભાઓના ન્યાય કરવાના અધિકારો—જેવા કે રોમન સમિતિઓ-(કોમીટીઓ)ના, અથવા તો જેમ રોમ અને આથેન્સમાં ચીઠ્ઠી નાખીને કે અન્ય રીતે નીમવામાં આવતી મોટી અને અનિયંત્રેય કચેરીઓના અને બહુ ઓછા પ્રમાણમાં રાજા કે જ્યેષ્ઠોનો શાસનિક અધિકારોની રૂએ. આમ, માનવ-સમાજોએ એમના શરૂઆતના વિકાસમાં લાંબા વખત સુધી એમના ન્યાયતંત્રના પ્રશાસનમાં ઘણી સંકીર્ણતા સંઘરી રાખી હતી અને એમને ન તો ન્યાયતંત્રની એકરૂપતાની કે ન્યાયતંત્રની સત્તાના ઉદ્‌ગમની કેન્દ્રીય એકતાની જરૂર જણાઈ હતી. પરંતુ જેમ જેમ 'રાજ્ય' વિચાર વિકાસ પામતો જાય છે તેમ તેમ આ એકતાએ અને એકરૂપતાએ આવવું જ જોઈએ. પ્રથમ આ બધા વિવિધ અધિકારો રાજારૂપ સંસ્થામાં એમના ઉદ્‌ગમ તેમજ અમલદાર તરીકે અને મૂળભૂત અધિકારોના સ્વામી તરીકે એકત્રિત થવાથી સિદ્ધ થાય છે, જેમનો અમલ કેટલીક વાર પ્રાચીન ભારતમાં ન્યાયપદ્ધતિ પ્રમાણે થતો તેવી રીતે કરવામાં આવતો પરંતુ ક્યારેક વધુ આપખુદ અનુશાસનમાં આજ્ઞા રૂપે કરવામાં આવતો, છેલ્લી રીતે, ફોજદારી ક્ષેત્રમાં રાજાના દેહની અને રાજ્યસત્તાની સલામતી સામેના અપરાધોમાં ખાસ કરીને થતો. એકીકરણના અને રાજ્યાધિકારના આ વલણની વિરુદ્ધ ઘણી વાર પૂર્વના બધા દેશોમાં હોય છે તેમ ધારા અને રિવાજો પવિત્ર હોવાની કોમી ધાર્મિક ભાવના અંતરાયરૂપ બને છે અને એ રાજા અને રાજ્યને માપમાં રાખે છે, ન્યાયતંત્રના શાસક અધિકારી તરીકે એને સ્વીકારવામાં આવે છે પરંતુ એ પોતે કાનૂનથી બંધાયેલો હોય છે તથા તેનો એ ઉત્પાદક નહિ પણ પ્રવાહક ગણાય છે. કોઈ કોઈ વાર આ ધાર્મિક ભાવના સમાજમાં એક ઈશ્વરવાદી તત્ત્વનો— એનાં જુદાં ધાર્મિક કર્તવ્યોની સત્તા અને અધિકારવાળા, એના બ્રાહ્મણ નૈયાયિકોના અધિકાર નીચે એક શાસ્ત્રવાળા કે ઉલેમાઓને સુપ્રત થયેલા કાનૂન સહિતના ધર્મસંસ્થાનનો વિકાસ કરે છે. જ્યાં ધાર્મિક ભાવના સૌથી પ્રબળ હતી ત્યાં રાજા કે ન્યાયાધીશ સાથે નૈયાયિક પંડિતો બેસતા અને રાજાએ નીમેલાં બધાં ન્યાયાલયોમાં ન્યાયના બધા વિવાદાસ્પદ પ્રશ્નોમાં પંડિતો કે ઉલેમાઓના અભિપ્રાયોને નિર્ણયાત્મક મહત્ત્વ આપવામાં આવતું હતું. જ્યાં યુરોપની માફક ધાર્મિક ભાવના કરતાં રાજકીય ભાવના વધુ પ્રબળ હોય છે ત્યાં ધર્મસંસ્થાનના ન્યાય અંગેના અધિકાર વખત જતાં રાજતંત્રને આધીન થાય છે અને અંતે એમાં વિલીન થઈ જાય છે.

આમ આખરે રાજ્ય કે રાજાશાહી, આંગિક સમાજની બુદ્ધિપ્રધાન સમાજમાં સંક્રાંતિનું એ મોટું સાધન કાનૂનનું તેમજ જાહેર વ્યવસ્થા અને કાર્યક્ષમતાનું અધ્યક્ષ બન્યું. આપખુદ અને બિનજવાબદાર વહીવટને સંપૂર્ણ રીતે આધીન ન્યાયતંત્રનાં ભયસ્થાનો તો સ્પષ્ટ છે; પરંતુ માત્ર ઇંગ્લૅન્ડમાં—એ એક દેશ કે જ્યાં હમેશાં સ્વાતંત્ર્યને વ્યવસ્થા જેટલું જ મૂલ્યવાન ગણવામાં આવે છે અને જ્યાં એને ઓછા મૂલ્યનું કે મૂલ્ય વગરનું તો કદી ગણવામાં નથી આવતું ત્યાં પહેલાંના વખતથી રાજ્યના ન્યાયાધિકારને સીમિત કરવાનો સફળ પ્રયત્ન થયો હતો. અમુક અંશે ન્યાયતંત્રની સ્વતંત્રતાની દૃઢ પરંપરા અને એક વાર નીમાયા પછી ન્યાયાધીશોની પ્રતિષ્ઠા અને વેતનની સંપૂર્ણ સલામતી દ્વારા અને અમુક અંશે ન્યાયપંચની (Jury) પદ્ધતિ દ્વારા આ થયું હતું. બધી માનવીય અને સામાજિક તેમજ રાજકીય સંસ્થાઓમાં હોય છે તેમ જુલમ અને અન્યાય માટે ઘણો અવકાશ રહેતો, પરંતુ ધ્યેય મોટે ભાગે સચવાયું હતું. એ નોંધવું જોઈએ કે બીજા દેશોએ ન્યાયપંચની પદ્ધતિ સ્વીકારી છે પરંતુ વ્યવસ્થા અને પદ્ધતિની ભાવનાના દબાણ નીચે એમણે ન્યાયતંત્રને કાર્યવાહીની નીચે આધીન રાખ્યું છે. જોકે આ ખામી જ્યાં કાર્યવાહી સમાજનું પ્રતિનિધિત્વ કરે છે એટલું જ નહિ પણ સમાજ એની નિમણૂંક કરે છે અને એને નિયમમાં રાખે છે ત્યાં એટલી ગંભીર નથી થઈ પડતી જેટલી ગંભીર એ જાહેર અંકુશથી સ્વતંત્ર કાર્યવાહી હોય ત્યાં થાય છે.

ન્યાયતંત્રની એકતા અને એકરૂપતા કરતાં કાનૂનની એકરૂપતાનો વિકાસ જુદે માર્ગે થાય છે. કાનૂન એની શરૂઆતમાં પ્રથાના રૂપમાં હોય છે અને જ્યાં એ મુક્તપણે પ્રથામય જ હોય છે એટલે કે જ્યાં એ માત્ર પ્રજાના સામાજિક રિવાજોની આવિષ્કાર રૂપ છે ત્યાં, નાના સમાજો સિવાય, બધે રિવાજોની વિપુલતા પેદા કરે છે કે થવા દે છે. હિંદમાં, કોઈ પણ સંપ્રદાયને કે કોઈ પણ કુટુંબને ધાર્મિક તેમજ દીવાની રિવાજોમાં પોતા પૂરતા ફેરફાર કરવાની છૂટ હતી જેને અમુક અસ્પષ્ટ સીમાઓની અંદર સમાજનો સર્વસાધારણ કાનૂન પણ માન્ય રાખતો હતો અને આ સ્વતંત્રતા હજી હિંદુ ધારાના સિદ્ધાંતનો એક ભાગ છે, જોકે હવે વ્યવહારમાં આ ક્ષેત્રે કોઈ નવા પ્રસ્થાનનો સ્વીકાર મુશ્કેલ થઈ ગયો છે. સ્વેચ્છાએ કરી શકાય એવા ફેરફારોની આ સ્વતંત્રતા હજી સમાજના જૂના કુદરતી આંગિક જીવન અને બુદ્ધિપ્રધાન, તર્કસંગત કે યાંત્રિક જીવનની જુદાઈની અવશિષ્ટ રહેલી નિશાની છે. આંગિક સમૂહજીવન એના ક્ષેત્રનું અને એનાં ગૌણ અંગોનું રેખાંકન તાર્કિક બુદ્ધિના વધુ કડક સંયોજન કરતાં વધુ પ્રમાણમાં સમૂહજીવનની સામાન્ય સમજ અને સ્ફુરણા કે પ્રેરણાથી કરી લેતું હતું.

આ ક્ષેત્રમાં બૌદ્ધિક વિકાસની સહેલી સ્પષ્ટ નિશાની રિવાજ કે પ્રથા ઉપર કાનૂન અને બંધારણનું વર્ચસ્વ છે. પરંતુ કાનૂન કાનૂનના પ્રકાર હોય છે. કારણ કે પ્રથમ એવી પ્રણાલીઓ છે કે જે લેખિત નથી કે માત્ર અમુક અંશે જ લેખિત છે અને સંહિતાના કડક રૂપમાં ઉતારવામાં આવી નથી, પરંતુ અસ્થિર કાનૂનોના સમૂહ જેવી, આજ્ઞપ્તિઓ, પૂર્વનિર્ણયો અને મોટી સંખ્યામાં કેવળ રિવાજો રૂપી કાયદાઓને પોતાનામાં સમાવે છે. અને એવી પ્રણાલીઓ પણ છે કે જે સ્પષ્ટ સંહિતાઓનું રૂપ લે છે — હિંદુશાસ્ત્ર જેવું, પરંતુ વસ્તુત: એ સ્થિર થયેલા રિવાજોનું કેવળ અસ્થિકરણ છે અને એ સમાજના જીવનને સ્થિર બનાવવામાં મદદ કરે છે પરંતુ બુદ્ધિયુકત બનાવતું નથી. છેવટે આવે છે વિચાર-પૂર્વક વ્યવસ્થિત કરવામાં આવેલી કાનૂની સંહિતાઓ કે જે બુદ્ધિગમ્ય પદ્ધતિકરણ છે; એક વરિષ્ઠ સત્તા કાનૂનોની ઈમારત નક્કી કરે છે જેમાં એ વખતોવખત નવી જરૂરના પ્રમાણે ફેરફાર સ્વીકારે છે. એવા ફેરફાર કે જે પદ્ધતિની સમજ-પૂર્વકની એકતાને અને સ્થિરતાને હલાવી નાખતા નથી, પરંતુ માત્ર અમુક અંશે એનું રૂપ બદલે છે અને એનો વિકાસ કરે છે. આ છેલ્લો પ્રકાર પૂર્ણ બને એ સમાજમાં વધુ મોટા પરંતુ વધુ અસહાય અને અસ્પષ્ટ પ્રાણમય આવેગ પર વધુ સીમિત પરંતુ વધુ સભાન અને સ્વસહાય બૌદ્ધિક પદ્ધતિનો વિજય છે. જ્યારે સમાજ એક બાજુએ એક સ્થિર અને એક રૂપ બંધારણ વડે અને બીજી બાજુએ એકરૂપ અને બુદ્ધિયુકત દીવાની અને ફોજદારી કાનૂન વડે એના જીવનના પૂર્ણ સભાન અને પદ્ધતિસરના નિર્ણયન અને સંયોજન પર પહોંચે છે, ત્યારે એ એના વિકાસના બીજા તબક્કા માટે તૈયાર થયો હોય છે, એ સમાજ સમગ્ર જીવનને સભાન રીતે, એકરૂપતાએ, તર્કશુદ્ધ બુદ્ધિ પ્રમાણે, વ્યવસ્થિત કરવાનું કામ હાથ પર લઈ શકે છે કે જે આધુનિક સમાજવાદનો સિદ્ધાંત છે અને જે દિશામાં વિચારકોના આદર્શવાદની સર્વ યોજનાઓ વળી રહી છે.

પરંતુ આપણે આ તબક્કે પહોંચીએ તે પહેલાં એ મોટા પ્રશ્નનો નિર્ણય થવો જોઈએ કે રાજ્ય કોણ હોય? સમાજની બુદ્ધિ, સંકલ્પ અને અંતરના અવાજ મૂર્તિમંત ક્યાં થશે, રાજા અને એના સલાહકારો રૂપે, એક ઈશ્વરવાદી કે આપખુદ તંત્રમાં, શ્રીમંતશાહી વર્ગમાં, સમગ્ર સમાજને નામે ઊભી રહેતી કોઈ સંસ્થામાં કે પછી આ બધી શકયતાઓમાંથી અમુકની કે બધાંની વચ્ચે કોઈ સમાધાનના રૂપમાં? બંધારણના ઈતિહાસનો પ્રવાહ આ જ પ્રશ્ન પર આગળ વધતો રહ્યો છે, પરંતુ સાચી રીતે આપણે જોઈ શકીશું કે એક સતત આવશ્યકતાનું દબાણ કામ કરતું રહ્યું છે જેણે રાજાશાહી, શ્રીમંતશાહી અને અન્ય તબક્કાઓમાં થઈને પ્રગતિ કરી છે પરંતુ જે આખરે લોકશાહી શાસનપદ્ધતિ

રૂપે બહાર આવ્યું છે. રાજાએ એના રાજ્ય બનવાના પ્રયાસમાં કે જે એને એના વિકાસના આવેગે વળગાડયો હતો, ખરે જ કાનૂનના ઉત્પાદક તેમજ પ્રવાહક બનવાનો યત્ન કરવાનો હતો, એણે સમાજમાં વૈધાનિક તેમ જ પ્રશાસનિક કર્તવ્યો, સમાજના કાર્યસાધક વિચાર અને કર્મને પોતાના અધિકારમાં લેવાનો યત્ન કરવાનો હતો પરંતુ એમ કરવામાં પણ એ માત્ર લોકશાહી રાજ્યનો માર્ગ તૈયાર કરતો હતો.

રાજા, એની લશ્કરી અને દીવાની પરિષદ, ધર્માધિકારીઓ અને મુકત લોકોની સભા કે જે યુદ્ધ માટે સેનાનું રૂપ લેતી તે, કદાચ બધે પરંતુ આર્ય પ્રજાઓમાં તો ખચીત એ તત્ત્વો છે કે જેમાંથી સમાજનો સભાન વિકાસ શરૂ થયો; એ સ્વતંત્ર રાષ્ટ્રના પ્રારંભિક અને પ્રાથમિક સ્વરૂપના ત્રણ વર્ગોનાં દ્યોતક છે અને રાજાએ રાષ્ટ્રરૂપ ઇમારતની આધારશિલા રૂપે હતો. એ ધર્માધિકારી-તંત્રનો અંત લાવે, એની પરિષદોને એના સંકલ્પનું સાધન બનાવી દે કે લશ્કરી અને દીવાની ઉમરાવો કે જેની એ પ્રતિનિધિ હોય છે એમને પોતાની પ્રવૃત્તિ-ઓના રાજકીય અને લશ્કરી ટેકેદાર બનાવી દે, પરંતુ એ લોકસભામાંથી મુકત ન થાય કે એને બોલાવવાની ફરજમાંથી છૂટે નહિ — ફ્રેન્ચ રાજાશાહીની માફક કે જેણે સામાન્ય લોકોને સદીઓ દરમિયાન એક કે બે વખત જ અને તે પણ સંકટના સમયમાં બોલાવ્યા હતા — ત્યાં સુધી એ મુખ્ય વૈધાનિક સત્તા બની શકે નહિ, તો પછી પૂર્ણ સત્તા તો કયાંથી થાય? જો એ ફ્રેન્ચ પાર્લામેન્ટો જેવી બિનરાજકીય નૈયાયિક સંસ્થા ઉપર કાયદા ઘડવાનું કામ છોડી દે તો પણ ત્યાં એને વિરોધનું કેન્દ્ર જોવા મળશે. એટલે, (Assembly) લોકસભા અદૃશ્ય થઈ જાય કે રાજા એને મરજી પ્રમાણે બોલાવે કે ના બોલાવે એવું થાય તો જ એની અબાધિત સત્તાધીશતા સિદ્ધ થઈ ગણાય. પરંતુ જ્યારે એણે સામાજિક જીવનની બીજી બધી સત્તાઓને દૂર કરી દીધી કે પોતાને આધીન કરી લીધી હોય ત્યારે એના પરમ સાફલ્યની ક્ષણે એના પરાજયની શરૂઆત થઈ હોય છે; રાજાશાહીએ સામાજિક વિકાસમાં પોતાનો ફાળો પૂરો કર્યો હોય છે અને એને માટે કાં તો રાજ્યસંસ્થાનું રૂપાંતર થઈ જાય ત્યાં સુધી તેને અકબંધ રાખવાનું કે જુલમ અને દમન દ્વારા લોકોની સર્વોપરિતા પ્રત્યેના આંદોલનને ઉશ્કેરી મૂકવાનું બાકી રહ્યું હોય છે.

કારણ એ છે કે ધારાકીય અધિકાર પોતાના એકલાના હાથમાં રાખીને રાજાશાહીએ પોતાના સત્ત્વના સાચા કાનૂનનો વ્યતિક્રમ કર્યો, એ પોતાના સાચા ધર્મથી આગળ વધી ગઈ અને પોતે દુરસ્ત રીતે, અસરકારક રીતે કરી શકે તેથી વધુ કામ ઉપાડી લીધું. સર્વ પ્રકારનું શાસન પ્રજાના બાહ્ય જીવનનું નિયમન છે, એની વિકાસ પામેલી કે વિકાસ પામતી બાહ્ય પ્રવૃત્તિઓનું

વ્યવસ્થિત સંરક્ષણ છે. અને રાજ્ય ભલે નિયામક હોય; એ ભારતીય રાજનીતિએ એને સોંપેલું કામ "ધર્મરાજ્ય" પણ સફળ રીતે બજાવે, પરંતુ વિધાન, સામાજિક વિકાસ, સંસ્કૃતિ, ધર્મ, પ્રજાના આર્થિક જીવનનું નિર્ણયન એ બધી એના ક્ષેત્રની બહારની વસ્તુઓ છે; એ પ્રવૃત્તિઓ સમાજના જીવનવિચાર અને અંતરાત્માનો આવિષ્કાર છે જેમની ઉપર જો એ યુગભાવનાથી સંસ્પૃષ્ટ પ્રભાવશાળી વ્યકિત હોય તો અસર કરે પરંતુ જેમનો એ નિર્ણય કરી શકે નહિ. એ વસ્તુઓ છે રાષ્ટ્ર-ધર્મ, આપણે એ હિંદી શબ્દ વાપરવો જોઈએ કે જે સમગ્ર વિચારને દર્શાવવાની શકિતવાળો છે; કારણ કે આપણો ધર્મ એટલે આપણી પ્રકૃતિનો ધર્મ અને એની સૂત્રાત્મક અભિવ્યકિત છે. સમાજ પોતે જ પોતાના ધર્મનો વિકાસ કરી શકે કે એના આવિષ્કારનું રૂપ ઘડી શકે અને જો આ કામ કુદરતી આંગિક અને અંતઃપ્રેરણાના જૂના માર્ગે નહિ પરંતુ વ્યવસ્થિત રાષ્ટ્રીય બુદ્ધિ અને સંકલ્પ દ્વારા સભાન રીતે કરવાનું હોય તો, એક એવા શાસનતંત્રનું સર્જન થવું જોઈએ કે જે સમગ્ર સમાજની બુદ્ધિ અને ચિત્શકિતને પૂરી મૂર્તિમાન ન કરે તો પણ એનું પ્રતિનિધિત્વ તો કરે. એક પ્રશાસક વર્ગ, શ્રીમંત વર્ગ કે સમજદાર ઈશ્વરવાદીઓ આના તો નહિ પરંતુ રાષ્ટ્રીય બુદ્ધિ અને ચિત્શકિતના ઉત્સાહી કે ઉદ્દાત્ત અંશના પ્રતિનિધિ બની શકે. અવશ્ય, અત્યારે વ્યવહારમાં જેનો અમલ થઈ રહ્યો છે એ લોકશાહીનું છેલ્લું કે છેલ્લાની પહેલાંનું પગથિયું પણ નથી; કારણ કે ઘણી વાર એ કેવળ દેખાવમાં જ લોકશાહી છે અને એ સારામાં સારા રૂપે પણ માત્ર બહુમતીનો અમલ હોય છે અને પક્ષની સરકાર રૂપ ઝેરીલી પ્રથા દ્વારા કામ કરે છે, એ ખામીઓ આ વર્તમાન લોકશાહીની કે જેનું વધતું જતું ભાન (પાર્લામેન્ટરી) સંસદીય પદ્ધતિઓ પ્રત્યેના આજકાલના અસંતોષમાં મોટો ભાગ ભજવે છે. એક પૂરી લોકશાહી પણ સામાજિક વિકાસનો છેલ્લો તબક્કો નથી પરંતુ એ સમાજના સત્ત્વના ચૈતન્યને પૂરી રીતે પ્રકાશવાની આવશ્યક અને વિશાળ ભૂમિકા છે.[1] લોકશાહી અને સમાજવાદ આપણે આગળ કહ્યું તેમ, આત્મચેતના પૂર્ણ રીતે પકવ થવા લાગી છે એની નિશાની છે.

પહેલી દૃષ્ટિએ વિધાનો કોઈ બાહ્ય વસ્તુ જેવાં, અનુશાસનની એક રીત જેવાં દેખાય અને સામાજિક જીવનના અંતરંગ ભાગ જેવાં કે એની આર્થિક,

---

૧. એનો અર્થ એ નથી કે સાચી લોકશાહી કોઈક વખત તો આવશે જ, કારણ કે માણસ વ્યકિત રૂપે કે સમૂહ રૂપે સંપૂર્ણ ભાનવાન બને એ બહુ આંટીઘૂંટીવાળી વાત છે. સાચી લોકશાહી સ્થપાતાં પહેલાં સમાજવાદી પ્રયોગ આગળ આવી જશે એવો સંભવ છે.

ધાર્મિક, એની શૈક્ષણિક અને સાંસ્કૃતિક પદ્ધતિઓ જેવાં ન દેખાય. એમ લાગે છે કારણ કે યુરોપનાં રાષ્ટ્રોની ભૂતકાળની રાજનીતિમાં વિધાનો પૂર્વના દેશોના કાનૂન કે શાસ્ત્ર જેવાં નહોતાં પરંતુ અત્યાર સુધી એ માત્ર રાજકારણ, બંધારણ, કાનૂન, શાસનિક સિદ્ધાંતો અને પ્રક્રિયાઓ, સંપત્તિ અને જાહેર વ્યવસ્થાના રક્ષણ માટે અતિજરૂરી સામાજિક અને આર્થિક બાબતોને જ આવરી લેતાં હતાં. આ બધું રાજાના અધિકાર ક્ષેત્રમાં યોગ્ય રીતે સમાવી શકાય અને લોકશાહી સરકારની માફક જ એ એને કાર્યક્ષમ રીતે નિભાવી શકે એમ લાગે, પરંતુ હકીકતે એમ નથી એની ઇતિહાસ સાક્ષી પૂરે છે; રાજા એક અક્ષમ વૈજ્ઞાનિક છે અને નરી ઉમરાવશાહી પણ એથી વધુ સારી નથી. સમાજના ધારાઓ અને સંસ્થાઓ તો સમાજે એના જીવન અને ધર્મ માટે ઊભાં કરેલાં માળખાં છે. જ્યારે એ પોતાની મેળે, એની બુદ્ધિ અને ચિત્શકિતની સભાન ક્રિયા દ્વારા એમનો નિર્ણય કરવાની ગમે તેવા નાના ક્ષેત્રમાં પણ શરૂઆત કરે છે ત્યારે એણે એના સમગ્ર સામાજિક અને સાંસ્કૃતિક જીવનને ભાનપૂર્વક નિયમન કરવાના પ્રયાસનું પ્રથમ પગલું ભર્યું હોય છે; અને જેમ એનું આત્મભાન વિકસિત થતું જાય છે તેમ તેમ વિચારકોના આદર્શ સમાજ (Utopia) જેવી કોઈ વસ્તુ સિદ્ધ કરવા પ્રયાસ થવો જોઈએ; કારણ કે આદર્શ સમાજવાદી વિચારક એ તો સમાજે અંતે જે વલણ લેવું જોઈએ એના વિચારની દિશામાં આગળ દોડતું વ્યકિત-કેન્દ્રિત મન છે.

પરંતુ જેમ કોઈ એક વિચારક વ્યકિત એની સ્વતંત્ર એકાકી બુદ્ધિથી સમજદાર અને સભાન સમાજના વિકાસનો નિર્ણય કરી શકતો નથી, તેવી જ રીતે કોઈ કારભારી વ્યકિત કે કારભારીઓની પરંપરા એના કે એમના સ્વતંત્ર અધિકારથી એ કાર્યક્રમ અમલી બનાવી શકતા નથી. એ દેખીતું છે કે એ રાષ્ટ્રના સમગ્ર જીવનનો નિર્ણય કરી શકે નહિ. એમને માટે એ બહુ મોટી વસ્તુ છે; કોઈ સમાજ એના સમગ્ર સામાજિક જીવન પર કોઈ આપખુદ વ્યકિતનો ભારે હાથ સહન કરે નહિ. એ આર્થિક જીવન નક્કી કરી શકશે નહિ, એ પણ એને માટે બહુ મોટી વસ્તુ છે; એ એની ઉપર ધ્યાન રાખી શકે અને જ્યાં જરૂરી હોય ત્યાં આ કે તે દિશામાં મદદ કરી શકે. એ ધાર્મિક જીવન નક્કી કરી શકે નહિ, જોકે એવો પ્રયાસ કરવામાં આવ્યો છે; એ એને માટે બહુ ગહન વસ્તુ છે, કારણ કે ધર્મ એ વ્યકિતનું આધ્યાત્મિક અને નૈતિક જીવન છે, એના આત્માનો ભગવાન સાથેનો સંબંધ છે, અને બીજી વ્યકિતઓ સાથેના એના ચિત્ત અને ચારિત્ર્યના હાર્દિક વ્યવહારો છે; અને કોઈ રાજા કે શાસક વર્ગ કે ધર્માધિકારીઓ કે કોઈ પાદરીઓ પણ વ્યકિતના કે રાષ્ટ્રના આત્માનું સ્થાન લઈ શકે નહિ, કે ન તો એ રાષ્ટ્રની સંસ્કૃતિ નક્કી કરી શકે; માત્ર એ સંસ્કૃતિની

મહાન વસંતમાં—એનું રક્ષણ આપીને એ સંસ્કૃતિ પોતે જે વલણ એની પોતાની શક્તિથી લેતી હોય એને સ્થિર થવામાં મદદ કરી શકે. એથી વધારે કરવાનો પ્રયાસ એક અબુધ પ્રયાસ છે કે જે બુદ્ધિયુક્ત સમાજના વિકાસને દોરવણી આપી શકે નહિ. એ પ્રયાસને આપખુદ દમન દ્વારા ટેકો આપી શકે કે જે અંતે સમાજની નિર્માલ્યતા અને નિષ્પ્રવાહિતામાં દોરી જાય અને એ કામને એ રાજાઓના દિવ્ય અધિકારને કે રાજાશાહીના પોતે ખાસ દૈવી સંસ્થા હોવાના દાવાથી કોઈ રહસ્યમય અનૃત દ્વારા ન્યાયી ઠેરવવા પ્રયત્ન કરી શકે. શાર્લમાન, ઑગસ્ટસ, નેપોલીઅન, ચંદ્રગુપ્ત, અશોક કે અકબર જેવા અસાધારણ શાસકો પણ અમુક નવીન સંસ્થાઓ કે જેને તે તે કાળ માગે છે. એમને દૃઢ અને સ્થિર કરવાથી અને સંક્રાંતિ કાળમાં એમનાં ઉત્તમ કે બળવાન વલણોને ઉપર આવવામાં મદદ કરવાથી કંઈ વધુ કરી શકે નહિ. જો એથી વધુ કરવા જાય તો એ એમાં હારે છે. હિન્દી રાષ્ટ્ર માટે, એની જ્ઞાનવાન બુદ્ધિ દ્વારા નવો ધર્મ રચવાનો અકબરનો પ્રયત્ન તેજસ્વી પરંતુ વૃથા પરિશ્રમ હતો. અશોકના આજ્ઞાપત્રો, સ્તંભો અને શિલાલેખો પર અંકિત થયેલા રહ્યા છે. પરંતુ હિંદના ધર્મ અને સંસ્કૃતિએ પોતાની જુદી અને વધુ સંકુલ દિશાઓ સ્વીકારી છે, એ મહાન પ્રજાના આત્માના નિર્ણય પ્રમાણે. માત્ર કોઈ અદ્વિતીય વ્યક્તિ મનુ, અવતાર કે પેગંબર જ પૃથ્વી પર કદાચ હજાર વરસે એક વાર આવે છે, તે જ બોલી શકે એના દૈવી અધિકાર વિષે, કારણ કે એવી શક્તિનું રહસ્ય રાજકીય નહિ પરંતુ આધ્યાત્મિક હોય છે. એક સામાન્ય રાજકીય શાસક મનુષ્ય કે સંસ્થા એવો દાવો કરે એ માનવમનની ઘણી મૂર્ખતાઓમાંની સર્વથી વધુ આશ્ચર્યકારક મૂર્ખતા છે.

પરંતુ એ પ્રયાસ, એના અસત્યવાદ અને વ્યવહારમાં એના પરાજય છતાં અનિવાર્ય હતો, ફળપ્રદ હતો અને સામાજિક વિકાસમાં એક આવશ્યક પગલા રૂપ હતો. એ અનિવાર્ય હતો કારણ કે સંક્રાંતિ કાળનું એ સાધન માનવપ્રજ્ઞા અને ચિત્શક્તિની પ્રથમ સંકલ્પાત્મક વિચારણાનું સમૂહજીવનને હાથમાં લઈ, એને છંદ, શક્તિ અને બુદ્ધિ અનુસાર ઘડવા અને ગોઠવવાની, માનવસમૂહમાં પ્રકૃતિનું સંચાલન કરતાં શીખવાની, કે જેમ અમુક અંશે મનુષ્ય વ્યક્તિમાં એનું સંચાલન કરતાં એ શીખી હતી તે વિચારણાનું પ્રતિનિધિ હતું. કારણ કે સમૂહ તો અંધકારમાં છે અને આવા સમજદાર પ્રયાસ માટે શક્તિમાન નથી એટલે એને માટે આ પ્રયાસ જો શક્તિશીલ વ્યક્તિ કે સમજદાર અને શક્તિમાન વ્યક્તિઓની સંસ્થા ન કરે તો કોણ કરે? એ છે આપખુદ રાજાશાહી, સામંતશાહી, શ્રીમંતશાહી અને ઈશ્વરવાદની સમગ્ર બૌદ્ધિક પ્રક્રિયા, એની વિચારણા અસત્ય કે અર્ધસત્ય કે ક્ષણિક સત્ય છે. કારણ કે આગળ વધેલા વર્ગ કે વ્યક્તિનો ખરો ધંધો,

સામૂહિક દેહને જ્ઞાન આપી ક્રમે ક્રમે કેળવવાનો છે કે જેથી એ એનું પોતાનું કામ પોતે ભાનપૂર્વક કરી શકે; ચીરકાળ સુધી એનું કામ કરી આપવાનો નહિ[1] પરંતુ વિચારે એનો માર્ગ લેવો જ રહ્યો અને વિચારમાં રહેલી ચિત્શકિતએ— કારણ કે દરેક વિચારની અંદર એની સફળતાની પ્રસાધક સંકલ્પશકિત હોય છે—તેથી એના અંતિમ સાફલ્ય માટે પ્રયત્ન અનિવાર્ય હતો. મુશ્કેલી એ હતી કે પ્રશાસક વ્યકિત કે વર્ગ સમાજજીવનના વધુ યાંત્રિક ભાગને હાથમાં લઈ શકયા, પરંતુ જે કાંઈ એના અંતરંગ સત્ત્વને લગતું હતું તે એમના હાથમાં આવી શકયું નહિ; એ એના અંતરાત્મા પર હાથ લગાડી શકયા નહિ. છતાં એ જો એમ ન કરી શકે તો એમના વલણમાં નિષ્ફળ રહેતા અને એમની પ્રાપ્તિ પણ અરક્ષિત રહેલી. કારણ કે કોઈ પણ ક્ષણે એમનું સ્થાન વધુ પર્યાપ્ત શકિતઓ કે જે માનવજાતિના વધુ વિશાળ માનસમાંથી અનિવાર્ય રીતે ઉદ્ભવે છે — એમને ખસેડી એમની ગાદી પર બેસવા, લઈ લે એવો સંભવ રહેતો.

કેવળ બે પ્રધાન ઉપાયો પર્યાપ્ત જણાયા હતા અને સંપૂર્ણ સ્વામિત્વના બધા પ્રયાસોમાં એમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એક હતો નકારાત્મક, એ સમાજના આત્મા અને પ્રાણ પર અત્યાચારથી, ઘણી વાર અતિ ઘૃણાજનક પદ્ધતિથી અને સાધનોથી વ્યકિત અને સમાજરૂપ મનુષ્યના પવિત્રતમ સંબંધો અને સ્વાતંત્ર્યોમાં અતિપરીક્ષણ હસ્તક્ષેપ અને અત્યાચાર વડે અને અબાધિત રાજ્યશાસનનો સ્વીકાર કરે, ખુશામત કરે અને સહાયક બને એવા જ વિચારો, સંસ્કારો અને પ્રવૃત્તિઓને ઉત્તેજન આપીને અને પોષીને સમાજનાં વિચાર, વાણી, સંપર્ક, વૈયકિતક અને સામૂહિક પ્રવૃત્તિને વત્તે કે ઓછે અંશે જડવત્ બનાવી દઈને કામ કરતો હતો. બીજો હતો હકારાત્મક; એમાં સમાજના ધર્મ પર અંકુશ સ્થાપી દેવામાં આવતો અને પાદરીને રાજાના આધ્યાત્મિક સહાયક તરીકે રાખવામાં આવતો. કારણ કે કુદરતી સમાજોમાં તથા અલ્પાંશે પણ બૌદ્ધિક થયા હોય એવા સમાજોમાં પણ ધર્મ આપણા સત્ત્વનાં કુદરતી તત્ત્વો પર ચોંટી રહ્યો છે એટલે એ આપણા સમગ્ર જીવન રૂપ ન બન્યો હોત તો પણ એ વ્યકિત અને સમાજના સમગ્ર જીવન પર નજર રાખે છે અને અસર કરે છે, જેમ એ હિંદના અને એશીઆના બધા દેશોમાં મોટે ભાગે અત્યાર સુધી કરતો હતો. રાજ્યધર્મો આ પ્રયાસના આવિર્ભાવ છે. પરંતુ રાજ્યધર્મ તો

---

૧. કહેવાનો આશય એ નથી કે પૂર્ણ વિકસિત સમાજમાં રાજાશાહી, ઉમરાવશાહી કે ધર્માધિકારી તત્ત્વોને કંઈ સ્થાન નહિ હોય; પરંતુ ત્યાં એ તત્ત્વો સભાન સમાજ દેહમાં એમનું સ્વાભાવિક કામ કરશે; નહિ કે અચેતન ટોળાને ધકેલવાનું અને સાચવવાનું.

એક કૃત્રિમ રાક્ષસિતા છે, જોકે રાષ્ટ્રધર્મ એક જીવંત વાસ્તવિકતા હોઈ શકે; પરંતુ એ પણ જો જડવત્ ન બની જવાનો હોય અને અંતે ધાર્મિક ભાવનાને મારી નાખવાનો કે આધ્યાત્મિક વિકાસને હણી નાખવાનો ન હોય તો, એણે સહિષ્ણુ, પરિવર્તનશીલ, નમનીય અને સમાજના ગહનતર આત્માના દર્પણ રૂપ થવું જોઈશે. આ બન્ને ઉપાય થોડા સમય માટે ગમે તેટલા સફળ દેખાય તો પણ અંતે નિષ્ફળતાને શરણ થવાના છે. પીડીત સમાજના સત્ત્વના વિદ્રોહથી કે એનાં ક્ષય, નિર્બળતા અને મૃત્યુથી કે મૃત્યુરૂપ જીવનને માર્ગે નિષ્ફળતાથી. જે ગતિ શૂન્યતા અને નિર્બળતા અંતે ગ્રીસ, રોમ, ઈસ્લામી રાષ્ટ્રો, ચીન, ભારત વગેરે પર ચઢી વાગ્યાં તે અથવા તો એક ઉદ્ધારક, આધ્યાત્મિક, સામાજિક અને રાજકીય ક્રાંતિ, આ નરી અબાધિત રાજ્યસત્તાની સંતતિ છે, છતાં માનવવિકાસનો એ એક અનિવાર્ય તબક્કો હતો, થયા વિના રહે નહિ એવો એક પ્રયોગ હતો. બીજી રીતે પણ એ એની હાર છતાં અને એની હાર દ્વારા પણ ફળદાયી હતો; કારણ કે અબાધિત રાજાશાહી અને ઉમરાવશાહી રાજ્ય અર્વાચીન, અબાધિત સમાજવાદી રાજ્યનો જે વિચાર અત્યારે જન્મ લેતો દેખાય છે તેનું જનક હતું. એના બધા અવગુણો છતાં એ એક જરૂરી પગલું હતું, કારણ કે એ રીતે જ બુદ્ધિપૂર્વક આત્મશાસિત સમાજનો સ્પષ્ટ વિચાર દૃઢતાથી વિકસી શકે એમ હતો.

કારણ કે રાજા કે અભિજાત વર્ગ જે ન કરી શકયા તે માટે લોકશાહી રાજ્ય, કદાચ, સફળતાના વધુ સારા સંયોગ સાથે અને વધુ મોટી સલામતી સાથે પ્રયાસ કરે અને સફળતાને વધુ નિકટ લાવે,—સભાન અને વ્યવસ્થિત એકતા, એકસરખા અને તર્કશુદ્ધ સિદ્ધાંતો પર સંયત ક્ષમતા, બુદ્ધિયુકત શાસન અને વિકસિત સમાજનું આત્મશાસિત પૂર્ણીકરણ. એ છે વિચાર અને ગમે તેવી અપૂર્ણ રીતે પણ, આધુનિક જીવનનો પ્રયાસ; અને આ પ્રયાસ આધુનિક પ્રગતિનો સંપૂર્ણ બુદ્ધિગમ્ય અર્થ છે. એકતા અને એકરૂપતા એનું પ્રધાન વલણ છે, કારણ કે બીજી કઈ રીતે, આપણે જેને જીવન કહીએ છીએ તે વિશાળ અને ગહન વસ્તુની અસંખ્ય ગૂંચવણો હાથમાં લેવામાં આવે, કાબૂમાં લેવામાં આવે, તર્કશુદ્ધ બુદ્ધિ અને એકીકૃત ચિત્શકિતથી ગણનીય અને નિયમ્ય બનાવી શકાય? સમાજવાદ આ વિચારનો પૂર્ણ આવિષ્કાર છે. સામાજિક અને આર્થિક સિદ્ધાંતો અને પ્રક્રિયાઓની સર્વની મૂળભૂત સમાનતા દ્વારા સુરક્ષિત એકરૂપતા અને રાજ્ય દ્વારા સમગ્ર સામાજિક અને આર્થિક જીવનનું સંચાલન; વૈજ્ઞાનિક રીતે વ્યવસ્થિત રાજ્યની કેળવણીની પદ્ધતિ દ્વારા સંસ્કૃતિની એકરૂપતા; સમગ્ર સમાજરૂપ સત્ત્વને માટે બોલે અને વર્તે એવા એકીકૃત, એકરૂપ અને પૂર્ણ રીતે વ્યવસ્થિત રાજ્ય અને પ્રશાસન દ્વારા સમગ્રને નિયમબદ્ધ કરવું અને

સાચવવું, આ છે આધુનિક 'આદર્શ સમાજ' જે એક યા બીજે રૂપે અનેક વર્તમાન અંતરાયો અને વિરોધી વલણો છતાં જીવંત વાસ્તવિકતામાં ફેરવી નાખવાની આશા રાખવામાં આવે છે, એમ લાગે છે કે માનવવિજ્ઞાન પ્રકૃતિની વિશાળ અને ધૂંધળી પ્રક્રિયાનું સ્થાન લેશે અને પૂર્ણતા લઈ આવશે કે સામૂહિક જીવનની પૂર્ણતા પ્રત્યે કંઈક ઉપક્રમ કરશે.

# વિશ્વઐકય કે વિશ્વરાજ્ય

સિદ્ધાંતરૂપે આ રાજ્યના વિકાસનો ઇતિહાસ છે. એ કેન્દ્રીય સત્તાના વિકાસ દ્વારા કડક એકીકરણનો અને અનુશાસન, ધારાધોરણ અને સામાજિક તથા આર્થિક જીવન અને સંસ્કૃતિમાં અને સંસ્કૃતિ, કેળવણી અને ભાષાનાં મુખ્ય સાધનોમાં વધતી જતી એકરૂપતાનો ઇતિહાસ છે. આ બધામાં કેન્દ્ર સરકાર વધુ ને વધુ નિર્ણાયક અને નિયામક સત્તા બનતી જાય છે. જ્યારે શાસક સત્તા એક મુખ્ય કાર્યવાહક વ્યકિત કે કાર્યક્ષમ વર્ગનું શાસન મટી જઈ, સમગ્ર સમાજના વિચાર અતે સંકલ્પનું પ્રતિનિધિત્વ કરવાના કર્તવ્યવાળી સંસ્થાનું રૂપ લે છે ત્યારે આ પ્રક્રિયા પૂરી થાય છે. સિદ્ધાંત રૂપે આ ફેરફાર સમાજનો, એની કુદરતી અને આંગિક અવસ્થામાંથી એની બુદ્ધિયુકત અને યંત્રવત્ વ્યવસ્થાની સ્થિતિમાં વિકાસ સૂચવે છે. કાર્યક્ષમતાના ઉદ્દેશવાળું, સમજપૂર્વકનું, એક બુદ્ધિયુકત કેન્દ્રીકૃત એકીકરણ એ શિથિલ અને નૈસર્ગિક એકતાનું સ્થાન લે છે જેની કાર્યક્ષમતા છે સંયોગોની આવશ્યકતા અને અસ્તિત્વની પ્રાથમિક શરતોના દબાણ નીચે એનાં અંગો અને શકિતઓનો અમુક સાહજિકતાથી વિકાસ કરતા જીવન રૂપ છે. એક પ્રકારની વિચારપૂર્વકની વ્યવસ્થિત કડક એકરૂપતા, એક શિથિલ અને કુદરતી સંકીર્ણતાઓ અને વિવિધતાઓથી ભરેલી એકતાનું સ્થાન લે છે. સમસ્ત સમાજના, ધ્યાનપૂર્વક વિચારવામાં આવેલા કાનૂન અને સુબદ્ધ નિયમનમાં અભિવ્યકત થયેલો બુદ્ધિયુકત સંકલ્પ, અસંખ્ય પ્રથાઓ અને સંસ્થાઓ જે એની પ્રકૃતિ અને સ્વભાવ પ્રમાણે વિકાસ પામી છે તેમાં વ્યકત થતા નૈસર્ગિક આંગિક સંકલ્પનું સ્થાન લે છે. રાજ્યની છેલ્લી પૂર્ણતામાં એક કાળજીપૂર્વક રચવામાં આવેલું, એના અંતિમ રૂપે એક ઉત્પાદન અને નિયમન કરતું પ્રચંડ તંત્ર, મોટી કુદરતી રેખાઓની સાદાઈવાળા અસ્પષ્ટ સંકીર્ણ અને વિગતોથી સમૃદ્ધ જીવનના પ્રોત્સાહ અને ફળદ્રૂપતાનું સ્થાન લે છે. રાજ્ય એ માણસનું કાર્યક્ષમ પરંતુ આપખુદ અને અસહિષ્ણુ વિજ્ઞાન અને પ્રજ્ઞા છે કે જે સફળતાથી પ્રકૃતિની અંતઃપ્રેરણા અને વિકાસાત્મક પ્રયોગોનું સ્થાન લે છે, બુદ્ધિયુકત વ્યવસ્થા, કુદરતી આંગિકતાનું સ્થાન લે છે.

રાજકીય અને શાસનિક સાધનો દ્વારા માનવજાતિની એકતાનો અર્થ, અંતે, માનવજાતિની નવી રચાયેલી છતાં હજી શિથિલ, નૈસર્ગિક આંગિક એકતામાંથી એક વિશ્વરાજ્યની રચના અને વ્યવસ્થાનો છે. કારણ કે કુદરતી આંગિક એકતા અત્યારથી જ અસ્તિત્વમાં છે, જીવનની એકતા, અનિચ્છિત સંપર્કની એકતા, એકબીજા પર આધાર રાખતા ઘટક ભાગોની એકતાનું અસ્તિત્વ જેમાં એકનાં જીવન અને પ્રવૃત્તિઓ બીજાઓનાં જીવન પર એવી રીતે અસર કરે છે કે જેવી સો વરસ પહેલાં અશક્ય હતી. એક ખંડનું જીવન હવે બીજા ખંડના જીવન કરતાં જુદું નથી, કોઈ રાષ્ટ્ર હવે સ્વેચ્છાએ જુદું પડી, જુદું જીવન જીવી શકતું નથી. વિજ્ઞાન, વ્યાપાર અને વ્યવહારનાં ઝડપી સાધનોએ વસ્તુઓની એવી સ્થિતિ પેદા કરી દીધી છે કે જેમાં અસમાન માનવસમૂહો જે પહેલાં સ્વપર્યાપ્ત જીવન જીવતા હતા તે સૂક્ષ્મ એકીકરણની પ્રક્રિયામાં થઈને એવા એક સમૂહમાં ભેગા ખેંચાઈ આવ્યા છે કે જે કયારનાયે એક પ્રાણ બની ગયા છે અને ત્વરાથી એક માનસિક અસ્તિત્વ સર્જી રહ્યા છે. એક મોટા અવક્ષેપક અને રૂપાંતર કરનાર આઘાતની જરૂર હતી કે જે સૂક્ષ્મ અને આંગિક એકતાને બહાર લાવે અને એની આવશ્યકતાને ખુલ્લી કરે અને ગાઢ અને વ્યવસ્થિત ઐકય માટેનો સંકલ્પ સર્જે, અને એ આઘાત મહાયુદ્ધ રૂપે આવ્યો. વિશ્વરાજ્ય કે વિશ્વઐકયોનો વિચાર માત્ર વિચારકના અગમચેતી મનમાં જ નહિ પરંતુ માનવજાતિની ચેતનામાં પણ, આ નવા સર્વસામાન્ય અસ્તિત્વની આવશ્યકતામાંથી જ જન્મ્યો છે.

વિશ્વરાજ્ય હવે પરસ્પરની સમજૂતીથી અથવા તો પરિસ્થિતિના જોરે અથવા તો નવા અને વિનાશકારી આઘાતોની પરંપરા દ્વારા અસ્તિત્વમાં લાવવું જોઈશે. કારણ કે વસ્તુઓની હજી ચાલતી જૂની વ્યવસ્થા, હવે અસ્તિત્વમાં નથી રહી એવી પરિસ્થિતિઓ અને શરતો પર સ્થપાયેલી હતી. નવી અવસ્થાઓ નવી વ્યવસ્થા માગે છે અને જ્યાં સુધી એ નહિ સર્જાય ત્યાં સુધી સંક્રાંતિકાળ ચાલુ રહેશે, સતત ત્રાસ અને પુનઃ પુનઃ આવતી અવ્યવસ્થાનો, અનિવાર્ય કટોકટીઓનો કાળ જેમાં થઈને પ્રકૃતિ એના પોતાના સંઘર્ષના માર્ગે, એણે વિકસાવેલી આવશ્યકતાને કાર્યાન્વિત કરશે. એ પ્રક્રિયામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અહંભાવોના સંઘર્ષથી વધુમાં વધુ નુકસાન અને પીડા થાય પરંતુ જો ડહાપણ અને સદ્‌ભાવ પ્રવર્તે તો ઓછામાં ઓછી. એ રીતે વિચારતાં બે વિકલ્પો સામે આવે છે, કેન્દ્રીકરણ અને એકરૂપતાના સિદ્ધાન્ત પર રચાયેલું વિશ્વરાજ્ય, એક યાંત્રિક અને કૃત્રિમ એકતા અથવા તો મુકત અને સમજદાર એકતામાં સ્વતંત્રતા અને વિવિધતાના સિદ્ધાન્ત પર સ્થપાયેલું વિશ્વઐકય આ બે શકયતાઓ આપણે હવે અનુક્રમે વિચારવાની છે.

પ્રકરણ ૨૩

# શાસનતંત્રના પ્રકાર

મુકતરાષ્ટ્રો અને સામ્રાજ્યોના વિશ્વઐક્યનો પ્રથમ શિથિલ, પરંતુ સમય જતાં અને અનુભવે વધુ સજ્જડ ગૂંથાતા ઐક્યનો વિચાર, જો જાતિના મનમાં એકતાનો સંકલ્પ ત્વરાથી અસરકારક બની ગયો માની લઈએ તો, પ્રથમ દૃષ્ટિએ, રાજકીય એકતાનું સર્વથી વધુ વ્યવહારુ રૂપ દેખાય છે. બીજી બાજુએ અત્યારે જે વિચાર પ્રભાવક છે તે 'રાજ્ય'નો વિચાર છે. રાજ્ય એ એકતાનું સૌથી સફળ અને કાર્યક્ષમ સાધન બન્યું છે અને એ સમાજોના પ્રગતિશીલ જીવને જે આવશ્યકતાઓ ઊભી કરી છે અને ફરતું જાય છે એમને પહોંચી વળવા શક્તિમાન થયું છે. વધુમાં માનવમન અત્યારે એ સાધનથી ટેવાઈ ગયું છે, અને એ એની ઉપયુક્તતા અને વ્યવહારક્ષમતાને લીધે કામ લઈ શકાય એવું સૌથી તૈયાર સાધન છે. કારણ કે આપણી ટૂંકી માનવબુદ્ધિને સારામાં સારું લાગે એવું, એક સુઘડ વ્યવસ્થિત તંત્ર અને વ્યવસ્થાની કડક પ્રણાલી પૂરી પાડે છે, એટલે શિથિલ ઐક્યથી શરૂઆત કરીને, રાષ્ટ્રો ત્વરાથી એમની આવશ્યકતાઓ અને હિતોની વધતી જતી સંકુલતાને કારણે પેદા થતી અનેક સમસ્યાઓના દબાણ નીચે એને વિશ્વરાજ્યના વધુ સંઘટિત રૂપમાં ફેરવી નાખે એ કોઈ રીતે અશક્ય નથી લાગતું. એના સર્જનની તાત્કાલિક અવ્યવહારુતા વિષે કે એના માર્ગમાં ઊભી થાય એવી મુશ્કેલીઓ બાબત આપણે કોઈ દૃઢ નિર્ણય નહિ બાંધી શકીએ, કારણ કે ભૂતકાળનો અનુભવ બતાવે છે કે અવ્યવહારુતાનો વાદ બહુ ઓછા મૂલ્યનો છે. આજનો વ્યવહારુ માણસ જે વસ્તુનો, હાસ્યાસ્પદ અને અવ્યવહાર્ય ગણી ઇન્કાર કરે છે તે જ વસ્તુને ભાવિ પેઢીઓ સિદ્ધ કરવા માંડી પડે છે અને એક કે બીજા રૂપમાં એને અસરકારક રીતે અસ્તિત્વમાં લઈ આવે છે.

પરંતુ વિશ્વરાજ્ય રાષ્ટ્રોના સંયુક્ત સંકલ્પને મૂર્તિમંત કરે કે કંઈ નહિ તો એનું સમર્થન કરે એવા સત્તાના મજબૂત કેન્દ્રીયતંત્રની અપેક્ષા રાખે છે.

આ કેન્દ્રીય અને સર્વસામાન્ય શાસનતંત્રના હાથમાં સર્વઅધિકારોનું એકીકરણ, કંઈ નહિ તો મૂળભૂત લશ્કરી, અનુશાસનિક, ન્યાયિક, આર્થિક, ધારાકીય, સામાજિક શૈક્ષણિક અધિકારોનું એકીકરણ અપરિહાર્ય બનશે અને લગભગ અનિવાર્ય પરિણામ રૂપે, આ સર્વ ક્ષેત્રોમાં, સમસ્ત જગત ઉપર માનવજીવનની એકરૂપતા આવશે, કદાચ એક સર્વસામાન્ય વિશ્વભાષા પણ પસંદ કરવામાં આવે કે એનું સર્જન થાય. આ, ખરેખર, એકીકૃત જગતનું સ્વપ્ન છે જેને આદર્શ સમાજના વિચારકો આપણી સમક્ષ મૂકવા વધુ ને વધુ ઉત્સુક રહ્યા છે. આ ધ્યેયે પહોંચવાના માર્ગ પર વિઘ્નો સ્પષ્ટ છે, પરંતુ એ પહેલી નજરે લાગે છે એટલાં અઘરાં નથી અને એમાંના કોઈ અવિલેય નથી. એ હવે આદર્શવાદી વિચારકના અવ્યવહાર્ય સ્વપ્ન તરીકે દૂર મૂકી દેવાય એવો આદર્શ સમાજ નથી રહ્યો.

પહેલી મુશ્કલી હશે આ શાસનતંત્રના પ્રકાર અને રચનાની, જે એક સંદેહ અને સંકટોથી ભરેલી સમસ્યા છે. પુરાતનકાળમાં એ નાના ક્ષેત્રમાં ત્વરાથી અબાધિત રાજાશાહીના માર્ગે ઉકેલાતી હતી, શરૂઆતમાં વિજયવંત જાતિના શાસનથી, જેમ ઈરાની અને રોમન સામ્રાજ્યોમાં બન્યું હતું. પરંતુ માનવસમાજની નવી પરિસ્થિતિમાં એ માર્ગ હવે આપણે માટે સહેલો નથી રહ્યો, એનાં ગમે તેવાં સ્વપ્ન ભૂતકાળમાં શકિતશાળી રાષ્ટ્રો કે એમના ઝાર કે કૈસરોના મનોદેશમાં પ્રવેશ્યાં હોય તો પણ. રાજાશાહીનો વિચાર પોતે જ ટૂંકા અને ભૂલભરેલા, ટકી રહેવાના અને ફરી સજીવન થવાના પ્રયાસ પછી અદૃશ્ય થતો જાય છે. એ લગભગ એની અંતિમ યાતનાની નિકટ પહોંચી હોય એમ દેખાય છે; રાત્રીની મુદ્રા એની ઉપર લાગી ગઈ છે. સમકાલીન દેખાવો ઘણી વાર વંચક બની જાય છે પરંતુ વર્તમાન સમયમાં એ બીજા સમય કરતાં એવા ઓછા દેખાય છે, કારણ કે જે શકિત હજી હયાત એવી રાજાશાહીઓના વિલયશ માટે કામ કરે છે તે બળવાન, દૃઢ-મૂલ અને વર્ધમાન છે. સામાજિક સંઘો સભાન પ્રૌઢતામાં પરિપકવ થયા છે અને એમને હવે એમના અનુશાસન માટે કે સમર્થન માટે વંશાનુગત રાજાશાહીની કોઈ જરૂર નથી રહી—સિવાય કે કદાચ અમુક બ્રિટિશ સામ્રાજ્ય જેવા અપવાદરૂપ દાખલાઓમાં, એમની એકતાના માત્ર પ્રતીક રૂપે. તો પછી રાજાશાહી કાં તો નામની જીવતી રહે જેમ કે ઇંગ્લૅન્ડમાં કે જ્યાં રાજાને ફ્રાન્સના પ્રમુખ કરતાં પણ ઓછી સત્તા હોય છે. જો એ શકય હોય તો—અને અમેરિકન પ્રજાસત્તાકોના ઉપરીઓ કરતાં તો ઘણી જ ઓછી,—અથવા એમ નહિ તો એ દુ:ખદાયક બની જશે, પ્રજાની વર્ધમાન લોકશાહી ભાવનાના માર્ગમાં એ અવરોધ રૂપ અને પ્રત્યાઘાતી બળો માટે, નાના કે મોટા અંશે કેન્દ્ર, આશ્રય કે અનુકૂળતા

રૂપ બની જાય. એ કારણથી એની પ્રતિષ્ઠા અને લોકપ્રિયતા વધતી નથી પણ ઘટતી જાય છે અને કોઈ કટોકટીના સમયે એ રાષ્ટ્રની ભાવના સાથે બહુજોરથી સંઘર્ષમાં આવે ત્યારે પુનરુત્થાનની કોઈ આશા વગર એનું પતન થાય છે.

રાજાશાહીનું આવું પતન થયું છે કે સર્વત્ર એની ઉપર એવો ભય ઝઝૂમી રહ્યો છે. અને ખાસ કરીને એકાએક એ દેશોમાં કે જ્યાં એની પરંપરા એક વખતે બહુ મજબૂત હતી. આ દિવસોમાં પણ જર્મની અને ઑસ્ટ્રીઆમાં, ચીનમાં, પોર્ટુગાલમાં, રૂશીઆમાં એનું પતન થયું છે. ગ્રીસ અને ઈટલીમાં પણ એ ભયમાં છે,[1]—એને સ્પેઈનમાંથી ફેંકી દેવામાં આવી છે, કોઈ ખંડસ્થ દેશમાં એ સલામત નથી સિવાય કે નાનાં રાજ્યોમાં. એમાંના ઘણામાં રાજાશાહી એ કારણે અસ્તિત્વમાં છે કે હવે એ ભૂતકાળની બની ગઈ છે અને જો એણે એની શકિત ગુમાવી નથી દીધી તો ગુમાવી રહી છે. યુરોપ ખંડ બે અમેરિકાઓની માફક વખત જતાં પૂર્ણ રીતે પ્રજાસત્તાક બની જવાના માર્ગ પર છે. કારણ કે રાજાશાહી હવે ત્યાં ભૂતકાળના અવશેષ રૂપ રહી છે; અર્વાચીન માનવતાની વ્યવહારુ જરૂરતો, આદર્શો કે સ્વભામાં એનું કોઈ ઊંડું મૂળ રહ્યું નથી. જ્યારે એ અદૃશ્ય થઈ જશે ત્યારે એને માટે એ જીવતી બંધ થઈ ગઈ છે એમ કહેવા કરતાં એ જીવતી રહી શકી નથી એમ કહેવું વધુ સાચું હશે.

પ્રજાસત્તાવાદી વલણ એની ઉત્પત્તિએ પાશ્ચાત્ય છે. જેમ જેમ આપણે પશ્ચિમ તરફ જઈએ તેમ તેમ એ વધુ જોરદાર દેખાય છે, અને ઐતિહાસિક રીતે એ મુખ્યત્વે પશ્ચિમી યુરોપમાં શકિતશાળી અને અમેરિકાના નવા સમાજોમાં પ્રભુતાવાળું થયું છે. એ વિચાર આવે કે જગતના સક્રિય અને સંયુકત જીવનમાં એશીઆના પ્રવેશ સાથે, જ્યારે એ પૂર્વીય મહાદ્વીપ એની સંક્રાંતિની વર્તમાન યાતનાઓમાંથી પસાર થઈ ગયો હશે ત્યારે રાજાશાહી વિચાર ફરી બળવાન બને અને જીવનનું નવું પોષણ મેળવે. કારણ કે એશીઆમાં રાજાશાહી માત્ર રાજકીય આવશ્યકતા અને સંયોગ પર આધાર રાખતી પાર્થિવ વસ્તુ નહિ પરંતુ એક આધ્યાત્મિક પ્રતીક છે. પરંતુ જેમ યુરોપમાં તેમ એશીઆમાં પણ રાજાશાહી એક ઐતિહાસિક વિકાસ છે, સંયોગોનો પરિપાક છે અને તેથી જ્યારે એ સંયોગો અસ્તિત્વમાં નહિ હોય ત્યારે એવું વિસર્જન પણ નક્કી છે. એશીઆનું ખરું માનસ સહાયે, ઉપરના દેખાવો છતાં, રાજકીય નહિ પરંતુ સામાજિક રહ્યું છે; ઉપર ઉપરથી રાજાવાદી અને કુળવાનવાદી પરંતુ લોકશાહી

---

૧. હવે ઈટલીમાંથી પણ રાજાશાહી ચાલી ગઈ છે અને પાછી આવે એવો સંભવ રહ્યો નથી.

વલણવાળું અને ઈશ્વરવાદી ભાવનાવાળું છે. આ વ્યાપક નિયમમાં જાપાન એની દૃઢ મૂળ રાજાશાહી ભાવનાથી એક મુખ્ય અપવાદરૂપ છે. ક્યારનુંયે એક મહાન પરિવર્તનનું વલણ નજરે પડે છે. ચીન કે જે હમેશાં લોકશાહી દેશ છે, જોકે એની પ્રણાલી બુદ્ધિમાનોની સરકારી ભદ્ર શ્રેણીને અને સામ્રાજ્યના પ્રતીકરૂપે રાજાને પણ સ્વીકારે છે, તે પણ હવે તો નિશ્ચયપૂર્વક પ્રજાસત્તાક રાજ્ય બન્યું છે. રાજાશાહીની પુનઃસ્થાપનાના પ્રયાસમાં પડતી મુશ્કેલીઓ અથવા તો એને સ્થાને તાત્કાલિક સરમુખત્યારી સ્થાપવામાં પડતાં વિઘ્નો પણ એ જ અંતરગત લોકશાહી ભાવનાને કારણે જ છે કે જે હવે કેન્દ્ર માટે લોકશાહી પદ્ધતિના સ્વીકારથી વધુ પ્રબળ બની છે, જે એ પ્રશ્નના નિરાકરણમાં યુરોપના અનુભવનું મૂલ્યવાન પ્રદાન છે, જેને પૂર્વની જૂની કેવળ સામાજિક લોકશાહી ઉકેલી શકી નહોતી. એની લાંબી વંશાવળીઓની છેલ્લી સાથેનો સંબંધ તોડી નાખીને ચીને એના ભૂતકાળના એ તત્ત્વને તોડી નાખ્યું કે જે એના સામાજિક સ્વભાવ કે પ્રથાઓના હાર્દ કરતાં વધુ પ્રમાણમાં ઉપરછલ્લું હતું. હિંદમાં, રાજાશાહી ભાવના કે જે ઈશ્વરવાદી અને સામાજિક ભાવનાઓ સાથે અસ્તિત્વ ભોગવતી હતી પરંતુ કયારેય એની ઉપરી થઈ શકી નહોતી, સિવાય કે મોગલોના ટૂંકા રાજ્યકાળ દરમિયાન, તે બ્રિટિશ અમલદારશાહીના અમલથી અને જાતિના સચેતન મનન રાજકીય યુરોપી કારણથી આશાતીત રીતે નિર્બળ થઈ ગઈ હતી: જોકે ભૂંસાઈ ગઈ નહોતી.[1] પશ્ચિમ એશીઆમાં રાજાશાહી તુર્કીમાં અદૃશ્ય થઈ ગઈ છે; એ માત્ર અસ્તિત્વમાં રહી છે એ રાજ્યોમાં કે જેમને એની એક કેન્દ્ર રચનાર શકિતરૂપે અથવા તો આધારશિલા રૂપે જરૂર છે.

એશીઆઈ જગતના બે છેડા પર, જાપાનમાં અને તુર્કીમાં યુદ્ધના અંત પછી પણ રાજાશાહીએ પ્રજાના માનસમાં એની પુરાણી પવિત્રતાની કંઈક લાક્ષણિકતા અને આકર્ષકતા સાચવી રાખી. હજી અપૂર્ણ રીતે લોકતંત્રી બનેલા જાપાનમાં મીકાડોની આસપાસ જે ભાવના રહે છે તે દેખી શકાય એવી રીતે નિર્બળ બની રહી છે. એની પ્રતિષ્ઠા સજીવન છે પરંતુ વ્યવહારમાં એનો અધિકાર બહુ સીમિત છે, અને લોકશાહી તથા સમાજવાદનો ફેલાવો અને વધુ નિર્બળ અને સીમિત કરવામાં સહાયભૂત થાય અને યુરોપમાં કર્યાં તેવાં ફળ પેદા કરે. મુસ્લિમ ખિલાફત જે મૂળે તો ધાર્મિક લોકશાહી સિદ્ધાંત પર પ્રતિષ્ઠિત હતી અને જેનું મુસ્લિમ સામ્રાજ્યના

---

૧. હવે દેશના સ્વતંત્ર થવાથી અને પ્રજાસત્તાક લોકશાહીની સ્થાપનાથી શાસક રાજાઓ અદૃશ્ય થઈ ગયા છે અથવા તો એમનાં નાનાં રાજ્યો સાથે ગૌણ સત્તાઓ રૂપ બની ગયા છે અને એ રાજ્યો પણ અમુક અંશે કે સંપૂર્ણ રીતે લોકશાહી બન્યાં છે અને સંયુકત હિંદમાં સંમિશ્ર થઈ જવાનાં છે.

ત્વરિત વિકાસથી રાજકીય સંસ્થામાં રૂપાંતર થયું હતું તે ટુકડે ટુકડા થઈ ગઈ છે. હવે નાશ પામેલી ખિલાફત કેવળ ધાર્મિક અધ્યક્ષતા રૂપે જીવતી રહી શકી હોત. અને એ સ્વરૂપે પણ એની એકતા પર ઈરાન, અરબસ્તાન અને મિસરનાં નવાં આધ્યાત્મિક અને રાષ્ટ્રીય આંદોલનો રૂપી નવીન જાગૃતિનો ભય લટકતો હતો. પરંતુ આજના એશીઆમાં એક ખરી અને મહત્ત્વની વસ્તુ આ છે કે એના ભાવિની સમગ્ર ક્રિયાશીલ શકિત એના પાદરીઓ, પુજારીઓ કે શ્રેણિકોમાં નહિ પરંતુ ક્રાંતિ પહેલાં રૂશીઆમાં હતું તેમ એના નવસર્જિત બુદ્ધિપ્રધાન વર્ગમાં કેન્દ્રિત થઈ છે. શરૂઆતમાં સંખ્યામાં નાના, પરંતુ વધતી જતી શકિતવાળા અને સિદ્ધિ માટે દૃઢ સંકલ્પ અને આધ્યાત્મિકતાની વારસામાં મળેલી શકિતને કારણે અધિક ઉર્જાત્મક બનવાને સર્જાયેલા એ વર્ગમાં સંભવ છે કે એશીઆ એની પ્રાચીન આધ્યાત્મિકતા સાચવી લે; એ એની આકરી દુર્બળતાના વખતમાં પણ યુરોપના હકારાત્મક માનસ પર એની પ્રતિષ્ઠા વધારે દૃઢ કરી શકી છે. પરંતુ એ આધ્યાત્મિકતા ગમે તે દિશામાં વળે તો પણ એ આ નવા બુદ્ધિપ્રધાન વર્ગના માનસથી નિર્ણિત થશે અને પ્રતીકોને બદલે નવા ઢાળમાં વહેશે. એશીઆની જૂની રાજાશાહી અને ધર્મતંત્રનાં જૂનાં રૂપ અદૃશ્ય થવાનાં છે; અત્યારે એમને ફરી સજીવન થવાનો કોઈ સંયોગ નથી, જોકે એ ભવિષ્યમાં થાય.

રાજાશાહી વિચાર માટે અંતે નજરે પડતું એક જ સ્થાન એ છે કે વિજાતીય સામ્રાજ્યોની એકતાના પ્રતીક તરીકે સચવાય. એ સામ્રાજ્યો કે જે જગતના વર્તમાન રાજકીય રેખાંકન પર રચાયેલી કોઈ પણ એકતામાં સૌથી મોટાં તત્ત્વો હશે. પરંતુ આ સામ્રાજ્યો માટે પણ એ પ્રતીક અનિવાર્ય નીવડયું નથી. ફ્રાંસે એના વિના ચલાવી લીધું છે, રૂશીઆએ એનો હમણાં જ ત્યાગ કર્યો છે. ઑસ્ટ્રીઆ તૂટી પડયું ન હોત તો પણ ત્યાં રાજાશાહી નાશ પામવાની તૈયારીમાં હતી. માત્ર ઇંગ્લૅન્ડમાં અને કેટલાક નાના દેશોમાં એ અનપકારી અને ઉપયોગી વિચાર છે અને તેથી ત્યાં સામાન્ય ભાવના એવું સમર્થન કરે છે. બ્રિટિશ સામ્રાજ્ય કે જે અત્યારે પણ આગેવાન, વધુમાં વધુ લાગવગવાળું, જગતમાં સૌથી બળવાન સત્તાવાળું છે તે જો ભાવિ એકતાનું કેન્દ્ર કે દૃષ્ટાંત બને તો એ સંયોજનમાં રાજાશાહી તત્ત્વને સજીવન રહેવાનો યોગ છે. ખાલી મૂર્તિ પણ કોઈ વાર ભાવિ શકયતાઓના વિકાસના આધાર અને કેન્દ્ર તરીકે અને પ્રાણપ્રતિષ્ઠા માટે ઉપયોગી થાય છે. પરંતુ એ શકયતાની સામે સમગ્ર અમેરિકાની દૃઢ પ્રજાસત્તાકવાદી ભાવના અને પ્રજાસત્તાક રૂપનો વધતો જતો ફેલાવો છે; એ જોતાં સર્વસામાન્ય એકીકરણમાં, અનેક પ્રકારે વિજાતીય એવી સમગ્રતાના એક અંશની પ્રતિનિધિરૂપ, નામની પણ રાજાશાહી સ્વીકારાય એવી બહુ થોડી શકયતા છે. કંઈ નહિ તો ભૂતકાળમાં તો કેવળ વિજયના દબાણ નીચે એ શકય બન્યું છે. જો વિશ્વરાજ્યને,

અનુભવને પરિણામે, રાજાશાહી તત્ત્વને એના બંધારણમાં ફરી દાખલ કરવાનું સગવડભર્યું જણાય તો પણ એ કોઈ તદ્દન નવી લોકસત્તાક રાજાશાહીના રૂપનું જ હોવું જોઈશે. પરંતુ રાજાશાહીની નિષ્કર્મણ્ય આકૃતિથી જુદી જાતની લોકસત્તાક રાજાશાહીનો વિકાસ અર્વાચીન જગત હજી કરી શક્યું નથી.

બે નિર્ણાયક વસ્તુઓ જે આધુનિક સંયોગોમાં આ પ્રશ્નને બદલી નાખે છે તે એ છે કે આ પ્રકારના એકીકરણમાં વ્યકિતઓને સ્થાને રાષ્ટ્રો છે અને આ રાષ્ટ્રો પરિપકવ અને સભાન સમાજો છે અને તેથી એ કોઈ સ્પષ્ટ સમાજવાદી લોકતંત્રમાં થઈને અથવા તો સમાજવાદના બીજા કોઈ રૂપમાં થઈને પસાર થવા સર્જાયાં છે. એમ માની શકાય કે વિશ્વરાજ્ય, રચનાના એ જ સિદ્ધાન્તને અનુસરવાનું વલણ રાખશે કે જે સિદ્ધાન્ત એનાં ઘટક તત્ત્વોમાં પ્રવર્તતો હશે. જો આપણે ધારી લઈએ કે જુદાઈવાળી રાષ્ટ્રવાદી લાગણીઓ દબાઈ જવાથી અને વૈશ્વિક આંતરરાષ્ટ્રીયવાદના ફેલાવાથી, પરસ્પર અથડાતી રાષ્ટ્રીય પ્રકૃતિઓ, હિતો અને સંસ્કૃતિઓએ સર્જેલી મુશ્કેલીઓ કાં તો નિર્મૂળ થઈ જાય કે સફળતાથી કાબૂમાં લાવી શકાય કે એની અસર નહિવત્ કરી શકાય તો આ પ્રશ્ન વધુ સરળ બને. આંતરરાષ્ટ્રીયવાદના માર્ગમાં વિશ્વયુદ્ધને લીધે આવી પડેલા ગંભીર અંતરાયો છતાં, કે એણે લીધેલી રાષ્ટ્રવાદી લાગણીઓની જોરદાર વૃદ્ધિ છતાં, એ પ્રકારનું નિરાકરણ તદ્દન અશકય તો નથી જ. કારણ કે એમ કલ્પી શકાય કે આંતરરાષ્ટ્રીયવાદ, યુદ્ધે પેદા કરેલી લાગણીઓ ઠંડી પડી જાય ત્યાર પછી બેવડા જોરથી જાગી ઊઠે એવો સંભવ છે. એ સંયોગોમાં, એકીકરણનું વલણ વિશ્વવ્યાપક પ્રજાસત્તાકના આદર્શ પ્રત્યે નજર માંડશે જેમાં રાષ્ટ્રો પ્રાંતોને સ્થાને હશે. જોકે શરૂઆતમાં બહુ સ્પષ્ટ જુદાઈવાળા પ્રાન્તોને સ્થાને અને એમની ઉપર જગતની સંયુકત લોકશાહીઓને જવાબદાર સમિતિ કે સંસદ રાજ્ય કરતી હશે. અથવા તો એ કોઈક આંતરરાષ્ટ્રીય સભારૂપ પ્રચ્છન્ન શિષ્ટ મંડળ પોતાનું શાસન શરૂઆતમાં જેને અર્ધસક્રિય કહી શકાય એવી લોકશાહીએ કરેલી વરણી કે બીજી કોઈ રીતે મેળવેલી સંમતિના પાયા પર સ્થાપે, કારણ કે અત્યારે આધુનિક લોકશાહી સાચે એવી જ છે. એમાં લોકશાહી તત્ત્વો અત્યારે તો માત્ર લોકમત વખત વખત પર વરણીઓ અને જે એમને નાખુશ કરે એમની ફરી વરણી ન કરવાનો પ્રજાનો હક્ક એ છે. શાસન તો સાચે જ મધ્યમ-વર્ગના હાથમાં ધંધાદારી, વેપારી અને જ્યાં એ હજી છે ત્યાં જમીનદારોના હાથમાં છે. થોડા શ્રમિક વર્ગમાંથી નવા આગળ આવેલા માણસોની સહાય સાથે કે જે વહેલા મોડા શાસક વર્ગના રાજકીય સ્વભાવ અને વિચારો સાથે એક થઈ જાય છે.[1]

---

૧. આ વસ્તુ હવે બદલાઈ ગઈ છે અને કામદારસંઘો અને એવી બીજી સંસ્થાઓએ હવે બીજા વર્ગો જેટલી શકિત પ્રાપ્ત કરી છે.

જો વિશ્વરાજ્ય માનવસમાજના વર્તમાન પાયા પર રચાવાનું હોય તો, સંભવ છે કે એ સિદ્ધાંત પર એ પણ એનું શાસન વિકસાવશે.

પરંતુ અત્યારે આ સંક્રાંતિની ઘડી છે અને મધ્યમવર્ગી વિશ્વરાજ્યની કોઈ સંભવિત શકયતા નથી લાગતી. પ્રત્યેક વધુ પ્રગતિશીલ રાષ્ટ્રમાં મધ્યમ વર્ગનું પ્રભુત્વ બે બાજુની ભીંસમાં છે. પ્રથમ છે બુદ્ધિપ્રધાન વ્યકિતઓનો અસંતોષ કે જે મધ્યમ વર્ગની કલ્પના વિહીન ધંધાદારી વ્યવહારિકતા અને હઠીલી વ્યાપારિક લેવડદેવડને એમના આદર્શોની સિદ્ધિમાં અંતરાય રૂપ જુએ છે. અને બીજો છે શ્રમિક વર્ગની મોટી અને વધતી જતી શકિતનો અસંતોષ કે જે લોકશાહી આદર્શો અને પરિવર્તનોનો ફાયદો મધ્યમ વર્ગના સ્વાર્થમાં ચૂસાઈ જતો જુએ છે, જોકે એ વર્ગ પોતાનું શાસન ચાલુ રાખવામાં જે સાધનોનો ઉપયોગ કરે છે તે સંસદવાદ (Parliamentarism)નું સ્થાન લે એવી બીજી કોઈ વસ્તુ હજી એમને હાથ નથી લાગી.[1] આ બે અસંતુષ્ટિઓનો મૈત્રી-સંબંધ શું પરિણામ લાવે તે આગળથી જોઈ શકાય એમ નથી. રૂશીઆમાં, જ્યાં એ વધુમાં વધુ મજબૂત હતો ત્યાં આપણે જોયું કે એણે ક્રાન્તિની આગેવાની લીધી અને મધ્યમ વર્ગને એનો અંકુશ સ્વીકારવાની ફરજ પાડી; જોકે એ પ્રકારનું સમાધાન યુદ્ધની આવશ્યકતાઓ પૂરી થયા બાદ આગળ ચાલી શકયું નહિ. ત્યાર પછી જૂની પ્રણાલીને નિર્મૂળ કરી દેવામાં આવી છે અને નવાં વલણોનો વિજય સંપૂર્ણ બન્યો છે. એ બે દિશાઓમાં લોકશાહીના પાયા પર રચાયેલા કંઈક ફેરફારવાળા સ્વલ્પ તંત્રના નવા પ્રકાર પ્રત્યે દોરી જાય. આધુનિક સમાજનું શાસન હવે એક એવું અતિ સંકીર્ણ વ્યવસાય બનતું જાય છે કે જેના પ્રત્યેક વિભાગમાં અમુક વિશિષ્ટ જ્ઞાન, વિશિષ્ટ ક્ષમતા, વિશિષ્ટ શકિતઓની જરૂર રહે છે અને રાજ્ય-સમાજવાદ પ્રત્યેનું પગલું, આ વલણમાં વધારો કરશે. સભાસદ અને શાસનકાર કે અમલદારમાં વિશિષ્ટ પ્રશિક્ષણ અને શકિતની આ જરૂરત અને ચાલુ જમાનાની લોકશાહી વલણ એ જૂના ચીનાઈ શાસન સિદ્ધાંતના કોઈ નવા રૂપ પ્રત્યે દોરી જાય એવો સંભવ છે. નીચેના જીવનની લોકતંત્રીય વ્યવસ્થા ઉપર એક પ્રકારની બુદ્ધિપ્રધાન અમલદાર-શાહી, વર્ગભેદ વગર ભરતી કરવામાં આવતી વિશિષ્ટ જ્ઞાન અને શકિતશાળી અધિકારયુકત શ્રીમંતશાહી. સમાન અવસર અનિવાર્ય રહેશે પરંતુ આ શાસક શિષ્ટવર્ગ ત્યારે પણ સમાજના બંધારણમાં એક જુદો વર્ગ બની રહેશે. બીજી બાજુએ, જો અર્વાચીન રાષ્ટ્રોનો ઉદ્યોગવાદ જેમ ઘણા માને છે તેમ બદલાઈ

---

૧. રૂશીઆમાં સોવિયેટ રાજ્ય અને ફાસીસ્ટ રાજ્યોનાં ઉદ્‌ગમ પહેલાંનું આ લખાણ છે. ફાસીસ્ટ રાજ્યોમાં મધ્યમ વર્ગ જાતે જ લોકશાહી સામે ઊઠયો અને થોડો વખત એણે નવા પ્રકારની સરકાર અને સમાજની સ્થાપના કરી.

જાય અને વ્યવસાયવાદી સમાજવાદના કોઈ એક પ્રકારમાં વિકાસ પામે, તો શ્રમિક વર્ગની વ્યવસાય મંડળીઓના નેતાઓ સમાજનો શાસનકર્તા વર્ગ બને.[૧] જો આમાંની એક વસ્તુ પણ બને, તો વિશ્વરાજ્ય પ્રત્યેનું કોઈ પણ આંદોલન પણ એ જ દિશામાં જશે અને એ જ પ્રકારનો શાસક વર્ગ પેદા કરશે.

પરંતુ આ બે શક્યતાઓમાં આપણે રાષ્ટ્રવાદના મોટા તત્ત્વનો અને એ જેને સર્જે છે તે પરસ્પર વિરોધી હિતો અને વલણોનો વિચાર કર્યો નથી. આ વિરોધી હિતોને કાબૂમાં લેવાનો સારામાં સારો રસ્તો, એમ માનવામાં આવે છે કે, કોઈ એક પ્રકારની વિશ્વ-સંસદનો વિકાસ કરવો કે જેમાં બહુમતીએ મુક્ત રીતે લીધેલા અને બાંધેલા અને દર્શાવેલા અભિપ્રાયો પ્રમાણે કામ ચાલશે એમ માની લઈએ. પાર્લામેન્ટવાદ, ઈંગ્લિશ રાજકીય પ્રતિભાનું સંશોધન, લોકશાહીના વિકાસમાં એક આવશ્યક તબક્કો છે. કારણ કે એના સિવાય મોટા માનવ-સમૂહોના રાજકારણ, શાસન, અર્થશાસ્ત્ર, વિધાન વગેરેને લગતા મોટા પ્રશ્નોની ઓછામાં ઓછા ઘર્ષણ સાથે વિચારણા અને સંચાલનની વ્યાપક ક્ષમતા સહેલાઈથી વિકસાવી શકાય નહિ. અને એ હજી સુધી જડી આવેલું વ્યક્તિ અને રાષ્ટ્રની સ્વતંત્રતાઓને રાજ્યના વહીવટી તંત્રથી કચરાઈ જતી અટકાવવાનું એક સફળ સાધન છે. એટલે સમાજના આધુનિક રૂપમાં ઉપર આવતાં રાષ્ટ્રો કુદરતી રીતે, અને યોગ્ય રીતે અનુશાસનના આ સાધન તરફ આકર્ષાયાં છે. પરંતુ સંસદવાદ અને વધુ જનતંત્રીય લોકશાહી પ્રત્યેના વલણને સંમીલિત કરવાનું હજી શક્ય જણાયું નથી; હમેશાં એ થોડા ફેરફાર સાથે કુળવાનશાહી અને મધ્યમ વર્ગના શાસનનું હથિયાર બની ગયું છે. ઉપરાંત, એની કાર્યપદ્ધતિમાં સમય અને શક્તિનો અતિશય અપવ્યય થાય છે અને એનું કાર્ય સંકીર્ણ, અસ્થિર અને અનિશ્ચિત હોય છે કે જે આખરે માત્ર ચલાવી લેવું પડે એવું પરિણામ ડહોળી કાઢે છે. આ પદ્ધતિ, કાર્યક્ષમ સરકાર અને વહીવટ વિષેના જે વધુ કડક વિચારો અત્યારે આવશ્યક અને સબળ બનતા જાય છે તેમની સાથે અસંગત અને એ જગતના પ્રશ્નોના કારભાર જેવી કોઈ પણ વસ્તુમાં કાર્યક્ષમતા માટે ઘાતક નીવડે એવો સંભવ છે, સંસદવાદનો અર્થ વ્યવહારમાં, બહુમતીની નિર્ણાયકતા અને ઘણી વાર બહુમતીનો અત્યાચાર તથા બહુ નાની બહુમતીનો પણ અત્યાચાર એવો થાય છે, જ્યારે આધુનિક માનસ લઘુમતીના અધિકારોને

૧. સોવિયેત રૂશીઆમાં થોડા વખત માટે આવો પ્રયાસ થયો હતો, પરંતુ તે વખતે પ્રવર્તતા સંયોગો અનુકૂળ નહોતા અને ક્રાંતિકારી ન હોય અને તાત્કાલિક ન હોય એવો પ્રકાર ક્યાંય નજરે પડતો નથી. ફાસીસ્ટ ઈટલીમાં સહકારી રાજ્યની ઘોષણા કરવામાં આવી હતી, પરંતુ એણે કોઈ અસરકારક કે પૂર્ણ આકાર લીધો નહોતો.

વધુ ને વધુ મહત્ત્વ આપવા લાગ્યું છે. અને આ અધિકારો વિશ્વરાજ્યમાં એથી યે વધુ મહત્ત્વના બનશે કે જ્યાં એમનું ઉલ્લંઘન કરવાનો કોઈ પણ પ્રયાસ સહેલાઈથી ગંભીર અસંતોષ અને અવ્યવસ્થા પેદા કરી શકે. અને એ સમસ્ત રચનાને ઘાતક થઈ પડે એવી સ્થિતિ હશે. સૌથી વધારે તો, રાષ્ટ્રોની સંસદ, આવશ્યક રીતે મુક્ત રાષ્ટ્રોની સંયુક્ત સંસદ હોવી જોઈએ 'અને એ અત્યારે જગતમાં પ્રવર્તે છે તેવા સત્તાના અસંગત અને ઊંધાછતા વિભાજનમાં સફળતાથી અસ્તિત્વમાં આવી શકે એમ નથી. એશીઆઈ પ્રશ્ન એકલો પણ અણઊકલ્યો રહી જાય તો એ પણ ઘાતક અંતરાય થઈ પડે એવો છે, અને એ એકલો નથી; એવી અન્ય અસમાનતાઓ અને અસંગતતાઓ વ્યાપક અને અસંખ્ય છે.

અત્યારે હયાત વિશ્વ-પદ્ધતિનાં મુક્ત અને સામ્રાજ્ય રાષ્ટ્રોની વરિષ્ઠ ષરિષદ એક વધુ વ્યવહારુ યોજના થઈ પડે, પરંતુ આમાં પણ મુશ્કેલીઓ તો છે. એ શરૂઆતમાં ઉપયોગી થાય, એ જો વસ્તુત: થોડાં શક્તિમાન સામ્રાજ્ય રાષ્ટ્રોની એવી મંડળી હોય કે જેમાં એમનો અવાજ અને ભાર દરેક બાબતમાં, વધુ સંખ્યાવાળાં પણ નાનાં અસામ્રાજ્ય રાષ્ટ્ર મંડળો કરતાં વધુ નિર્ણાયક ગણાય અને એ પણ તો જ ટકી શકે જો એ પ્રગતિમાન અને શાંતિમય ઉત્ક્રાંતિ દ્વારા, આવી સત્તાઓની મંડળીના રૂપમાંથી વધુ ન્યાયી આદર્શવાળી પદ્ધતિમાં બદલાઈ જાય જેમાં સામ્રાજ્ય વિચારો પીગળી જાય અને મોટાં સામ્રાજ્યો પોતાનાં ભિન્ન અસ્તિત્વોને એકીકૃત માનવજાતિમાં મિલાવી દે. કેટલા સુધી રાષ્ટ્રીય અહંભાવો એવો વિકાસ ઝનૂની વિરોધ અને ભયાનક ઉત્પત્તિ વિના થવા દેશે એ તો છીછરા ઉદાર મતવાદની બહુ ફેલાયેલી જાહેરાતો છતાં ગંભીર અને જોખમી સંદિગ્ધતાથી ભરેલો પ્રશ્ન છે.

એકંદરે, તો આપણે ગમે તે બાજુએ વળીએ તો પણ વિશ્વ-રાજ્યના પ્રકાર વિષેનો પ્રશ્ન અત્યારે તો ન ઊકલી શકે એવા સંદેહ અને મુશ્કેલીઓથી ભરેલો છે. કેટલીક મુશ્કેલીઓ અને સંદેહો ભૂતકાળની હજી જીવતી ભાવનાઓમાંથી અને સ્વાર્થોમાંથી અને કેટલીક ભવિષ્યની ઝડપથી વધતી જતી ક્રાંતિકારી શક્તિઓ ઉભી કરે છે, એનો અર્થ એ નથી કે એમનો કદાપિ ઉકેલ થઈ શકે એમ નથી કે કદી ઉકેલ થશે નહિ. પરંતુ આવો કોઈ ઉકેલ કયે રસ્તે અને કયારે થશે એ અત્યારે ગણના બહારની વસ્તુ છે અને એનો નિરધાર વ્યવહારુ અનુભવ અને પ્રયોગ દ્વારા આધુનિક જગતની શક્તિઓ અને આવશ્યકતાના દબાણ નીચે થઈ શકે. બાકી તો શાસનનું રૂપ બહુ મહત્ત્વનું નથી. ખરો પ્રશ્ન છે સત્તાઓના સંયોજનનો અને એ એકરૂપતાનો કે જે વિશ્વરાજ્યની ઉપયોગમાં લઈ શકાય એવી કોઈ પણ પદ્ધતિમાં અપરિહાર્ય હશે.

# સૈન્ય-શક્તિના એકીકરણની આવશ્યકતા

કેન્દ્રીકરણની પ્રક્રિયામાં જે દ્વારા એક સંઘટિત લોકસમાજના બધા અધિકારો એક પ્રભુ શાસન તંત્રમાં કેન્દ્રિત થાય છે અને જે પ્રક્રિયા રાષ્ટ્રીય રચનાઓની સહુથી મુખ્ય લાક્ષણિકતા છે—તેમાં સૈનિક આવશ્યકતાએ શરૂઆતમાં સૌથી પ્રમુખ ભાગ ભજવ્યો છે. આ જરૂરત બાહ્ય તેમજ આંતરિક બંને પ્રકારની હતી. બાહ્ય એટલે બહારથી પ્રવેશતી છિન્નભિન્નતા પરાધીનતા સામે રાષ્ટ્રની રક્ષા માટે; આંતરિક એટલે પ્રજાના વિદ્રોહ કે અવ્યવસ્થા સામે એની રક્ષા માટે. જો એક સર્વસામાન્ય પ્રશાસનિક પ્રાધિકાર રચાતા રાષ્ટ્રના ઘટક વિભાગોને સુસંબદ્ધ કરવા જરૂરી હોય તો, તે કેન્દ્રીય પ્રાધિકારની પ્રથમ આવશ્યકતા અને માગ એ હોય છે કે સર્જાતા રાષ્ટ્રદેહને નિર્બળ બનાવે કે ભાંગી નાખે એવી વિઘાતક વિશૃંખલતા અને હિંસાત્મક વલણને અટકાવવાનાં સાધનો એના હાથમાં રહેવાં જોઈએ. રાજાશાહી કે અન્ય કોઈ કેન્દ્રીય તંત્રે આ વસ્તુ અમુક અંશે નૈતિક અસર અને ચૈતસિક સૂચના દ્વારા સાધવી જોઈએ. કારણ કે એ ઐક્યના પ્રતીક રૂપે છે અને ઘટક વિભાગો ઉપર એમની દૃશ્યમાન અને પ્રતિષ્ઠિત એકતા માટે પ્રભાવ પાડે છે, એમની સ્થાનિક, જાતીય, કૌટુંબિક કે વર્ગીય જુદાઈની લાગણીઓ ગમે તેવી મજબૂત હોય તો પણ. એ રાષ્ટ્રના સંયુક્ત પ્રાધિકારને મૂર્ત કરે છે કે જેને રાષ્ટ્રના જુદાજુદા વિભાગોના નૈતિક હક્ક કરતાં પોતાના વધુ મોટા નૈતિક બળનો પ્રભાવ બેસાડવાનો અધિકાર છે. એ વિભાગો કંઈક અંશે ઉપરાષ્ટ્રો જેવાં હોય તો પણ, અને એમનું આજ્ઞાપાલન માગવાનો અધિકાર પણ છે. પરંતુ અંતે, કારણ કે જ્યારે વિદ્રોહી હિતો કે ભાવનાઓ જોરદાર હોય છે અને આવેગો ચઢી વાગે છે ત્યારે આ ઉદ્દેશો કોઈ પણ ક્ષણે ભાંગી પડે છે એટલે શાસનતંત્ર પાસે સર્વદા સર્વથી મોટું સૈનિક બળ એના આદેશ નીચે હોવું જોઈએ કે જેથી ઘટક તત્ત્વોને પ્રભાવ નીચે રાખી શકાય અને છિન્નભિન્ન કરી નાખે એવો આંતરવિગ્રહ થતો રોકી શકાય કે જો આંતર-

વિગ્રહ કે વિદ્રોહ જે ગમે ત્યારે ફાટી નીકળે ત્યારે જો રાજાશાહી કે સરકાર કલહ કરતા બે પક્ષોમાંથી કોઈ એકની સાથે વધુ નિકટતાવાળી હોય અગર એ પોતે જ અસંતોષ અને હુમલાનો ભોગ બને તો, એની પીઠે સૈનિક બળનો એટલો મોટો પ્રભાવ હોવો જોઈએ કે જેથી સંગ્રામમાં એના વિજયની નૈતિક શકયતા અવશ્ય હોય. આ સારામાં સારી રીતે તો જ સિદ્ધ થઈ શકે,— સંપૂર્ણ રીતે તો અસરકારક નિ:શસ્ત્રીકરણથી જ થઈ શકે.— જો સમગ્ર સૈનિક અધિકાર કેન્દ્રીય તંત્રમાં એકત્રિત થાય અને સમાજની સમગ્ર વર્તમાન કે પ્રચ્છન્ન સૈનિક શકિત એના અવિભકત અંકુશ નીચે વશીકૃત રહે.

વિશ્વ-રાજ્યની રચનાના વલણમાં, એ ગમે તેટલું હજી અવચેતન, અસ્પષ્ટ અને નિરાકાર હોય તો પણ, સૈનિક આવશ્યકતાએ એટલો જ મોટો દૃશ્યમાન ભાગ ભજવવા માંડયો છે. જગતની પ્રજાઓ પહેલેથી જ જીવનની એક શ્લથ અને અવ્યવસ્થિત એકતાથી સંપન્ન છે કે જેમાં કોઈ પણ હવે એકાકી, સ્વતંત્ર અને સ્વાવલંબી અસ્તિત્વ ચલાવી શકતું નથી. દરેકને એની સંસ્કૃતિ, રાજકીય ઝુકાવ અને આર્થિક અસ્તિત્વમાં જગતના બીજા ભાગોની ઘટનાઓ અને આંદોલનોની અસર અને અપ્રત્યક્ષ પ્રભાવ લાગે છે. દરેક એના જુદા જીવન પર સૂક્ષ્મ કે પ્રત્યક્ષ રીતે સમગ્રના જીવનની છાયા અત્યારથી જ અનુભવે છે. વિજ્ઞાન, આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને એશીઆ અને આફ્રિકામાં પ્રભાવી યુરોપનો પ્રવેશ, આ મહાન પરિવર્તનનાં કારણો છે. આ શિથિલ, અસ્વીકૃત અને પાયામાં દટાયેલી એકતામાં પણ, મોટાં યુદ્ધોની ઘટના કે શકયતા, આખા બંધારણને વિક્ષુબ્ધ કરે એવું બળવાન તત્ત્વ બની ગયું છે,— એવો વિક્ષોભ કે જે એક દિવસ જાતિને માટે પ્રાણઘાતક બની જાય. યુરોપી મહાયુદ્ધ પહેલાં પણ, વિઘાતક થઈ પડે એવા એક કે બેની વચ્ચેના સંઘર્ષને રોકવા કે એને સીમિત કરવાની આવશ્યકતા બહુ તીવ્રતાથી બધાંને જણાઈ હતી અને અનેક શુભાશયી પરંતુ નિર્બળ અને ડગમગતી યુકિતઓ, પ્રયોગાત્મક રીતે દાખલ કરવામાં આવી હતી કે જેમને એ જ આશય હતો. આ કામચલાઉ કરામતોમાંથી કોઈ એક, થોડી પણ અસરકારક નીવડી હોત તો જગત એની વર્તમાન અનાદર્શ હાલતથી લાંબો કાળ સંતુષ્ટ રહ્યું હોત, અને ગાઢ આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાની તાકીદની જરૂરત માનવજાતિના સામાન્ય મન પર જોરથી છપાઈ શકી ન હોત, પરંતુ યુરોપી સંઘર્ષ જૂની અસ્તવ્યસ્ત અવસ્થા અચોક્કસ મુદત સુધી ચાલતી રહે એ અશકય કરી દીધું. એ આફતના પુનરાગમનને અટકાવવાની જરૂરત, અમુક સમય સુધી સર્વત્ર સ્વીકારાઈ હતી. આંતરરાષ્ટ્રીય શાંતિ સાચવવાનાં અને એક એવી સત્તા સર્જવાનાં કે જેને જોખમકારક આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનું નિરાકરણ કરવાનો અધિકાર હોય અને માનવએકતાની નવી દૃષ્ટિએ

જેને માનવપ્રજાનો આંતરવિગ્રહ કહી શકાય, એને રોકવાનો અધિકાર હોય, એવાં સાધનો કોઈ એક કે બીજી રીતે શોધવાનાં કે સર્જવાનાં જ હતાં.

આંતરરાષ્ટ્રીય શાંતિ માટે જરૂરી શરતો બાબત, વત્તા કે ઓછા અધિકાર-પૂર્વક જુદા જુદા વિચાર રજૂ થયા હતા. એમાંનો સૌથી કઢંગો, એકપક્ષી પ્રચારથી સર્જવામાં આવેલો એ મૂર્ખ વિચાર હતો કે જેમાં એમ માનવામાં આવતું હતું કે જર્મન સૈનિકવાહનો નાશ એ જગતની ભાવિ શાંતિની સિદ્ધિ માટે એક જ જરૂરી અને સ્વપર્યાપી વસ્તુ હતી. જર્મનીની લડાયક શકિત, રાજકીય અને વ્યાપારિક મહેચ્છાઓ અને એની ગૂંગળાવતી ભૌગોલિક અવસ્થાનું અને દુશ્મનીવાળી સંધિબદ્ધ સત્તાઓના ઘેરાનું તીવ્ર ભાન, એ આ યુદ્ધનાં તાત્કાલિક નૈતિક કારણો હતાં. પરંતુ ખરું કારણ હતું આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં અને રાષ્ટ્રીય જીવનની મનોવૃત્તિમાં. આ મનોવૃત્તિનું પ્રધાન લક્ષણ છે દેશભકિતના પવિત્ર નામ નીચે રાષ્ટ્રીય અહંભાવનું પ્રાધાન્ય અને પૂજા. દરેક રાષ્ટ્રીય અહંતા, દરેક આંગિક જીવન પ્રમાણે બેવડું આત્મસાફલ્ય ઇચ્છે છે, અંતર-આતાનક ગહન અને વ્યાપક બહિરાતાન કે વિસ્તારક. પોતાની સીમાઓની અંદર એની સંસ્કૃતિની ગહનતા અને સમૃદ્ધિ, રાજકીય પ્રાબલ્ય અને આર્થિક સુખાકારી એ બધું; જો સીમાઓથી બહાર એને પોતાની સંસ્કૃતિનો ફેલાવો અને વધારો, એની રાજકીય પહોંચ, આધિપત્ય, બળ, લાગવગ અને જગતના વ્યાપારિક શોષણ માટે એનો સલામત અને વર્ધમાન વિસ્તાર ન હોય તો, પર્યાપ્ત નથી લાગતું. આ કુદરતી અને ફરજ ઈચ્છા અપ-સામાન્ય નૈતિક વિકૃતિ નથી પરંતુ અહંભાવી જીવનની લાક્ષણિક વૃત્તિ છે; અને અત્યારે કયું જીવન અહંભાવી નથી? પરંતુ એ બહુ થોડા પ્રમાણમાં શાંતિમય અને અનાક્રમક ઉપાયોથી સંતોષી શકાય છે. અને જ્યાં એને લાગે છે કે એને બધી બાજુએથી અંતરાયો ઘેરી વળ્યા છે અને એ એમને દૂર કરી શકે એમ છે, ત્યારે અંતરાયોના વિરોધવાળો, ઘેરાએલો, એની જરૂરતો અને શકિત જોતાં એની સંપત્તિ અને સત્તાના હિસ્સાથી અસંતુષ્ટ, અથવા તો જ્યાં વિસ્તારની નવી શકયતાઓ એની સામે ઊઘડે કે જેમાં માત્ર એનું બળ એને જોઈતો ભાગ મેળવી શકે એમ લાગે તો એ કોઈ એક રીતનું બળ વાપરવા એકદમ ગતિમાન થાય છે, અને ત્યારે સામે થનાર વિરોધની શકયતાથી જ એને રોકી શકાય એમ હોય છે. જો એને અવ્યવસ્થિત કે અપર્યાપ્ત રીતે વ્યવસ્થિત થયેલા લોકોનો વિરોધ હોય છે તો તે અચકાતો નથી; જો એને શકિતમાન સ્પર્ધા કરનારનો ડર હશે તો રોકાશે અને સંધિ કરી શકાય એવા મિત્રો ખોળશે કે અનુકૂળ સમયની રાહ જોશે. આ પ્રકારના વિસ્તાર માટેની સહજ વૃત્તિ કે અહંભાવ પર જર્મનીનો ઈજારો નહોતો; પરંતુ એનો અહંભાવ સર્વથી વધુ વ્યવસ્થિત હતો, કમમાં કમ સંતોષાયેલો.

આયુષ્યમાં સૌથી નાનો, સર્વથી વધુ અણઘડ, ભૂખ્યામાં ભૂખ્યો, સૌથી વધુ આત્મવિશ્વાસુ અને ધૃષ્ટ, એની ઇચ્છાઓની દાંભિક પાશવિકતાથી સંતુષ્ટ હતો. જર્મન સૈનિકવાદ તોડવાથી ક્ષણભર અનેક માથાંવાળા વ્યાપારિક દંગલની તીવ્રતા ઓછી થાય પરંતુ એક ભયંકર અને બેચેન હરીફને દૂર કરવાથી એનો અંત ન આવે. જયાં સુધી કોઈ પ્રકારનો સૈનિકવાદ જીવતો રહે, જયાં સુધી રાજકીય કે વ્યાપારિક આક્રમણનાં ક્ષેત્રો હોય અને જયાં સુધી રાષ્ટ્રીય અહંભાવો જીવતા હોય અને પવિત્ર ગણાતા હોય ત્યાં સુધી એમના વિસ્તારની બુભુક્ષા પર કોઈ અંકુશ હોય નહિ. યુદ્ધ ત્યાં સુધી શકય રહેશે અને માનવપ્રજાઓના જીવનમાં લગભગ આવશ્યક રહેશે જ.

બીજો વિચાર કે જે એની પીઠે મોટા અધિકારો સાથે રજૂ કરવામાં આવ્યો હતો તે હતો મુકત લોકશાહી રાષ્ટ્રોના મંડળનો કે જે લાગવગના દબાણથી કે જરૂર પડયે બળના ઉપયોગથી પણ શાંતિ સાચવે. જોકે આ ઓછું અણઘડ છે તો પણ બીજા કરતાં વધુ સંતોષકારક નિરાકરણ તો નથી જ. એ જૂનો વિચાર છે, નેપોલીઅનના પતન પછી મેટરનીકે અમલમાં મૂકયો હતો તે; માત્ર અહીં રાજાશાહીના રક્ષણ અને લોકશાહીને દબાવી દેવા માટેના રાજાઓના પવિત્ર મિત્રસંઘને બદલે મુકત અને સામ્રાજીય પ્રજાઓના સંઘનો પ્રસ્તાવ લોકશાહી સ્થાપવા અને શાંતિ સાચવવાના ઉદ્દેશ સાથે કરવામાં આવ્યો હતો. એક વસ્તુ બિલકુલ ચોક્કસ છે કે નવો સંઘ જૂના સંઘને માર્ગે જશે; એ એની ઘટક સત્તાઓનાં હિતો અને મહેચ્છાઓ જુદી કે તરત તૂટી પડશે, અથવા તો નવી પરિસ્થિતિ ઊભી થાય કે જે ઈ. ૧૮૭૦માં દબાવી દેવામાં આવેલી લોકશાહીના હિંસાત્મક ઉપદ્રવથી સર્જાઈ હતી અથવા તો જેવી પરિસ્થિતિ જુવાન દૈત્ય સમાજવાદ અને મધ્યમવર્ગી લોકશાહીરૂપ જગતના જૂના ઓલિમ્પીઅન દેવોની વચ્ચેના દ્વંદ્વ યુદ્ધથી સર્જાશે. એ સંગ્રામ એનો અતિકાય પડછાયો ક્રાંતિકારી રૂશીઆમાં કયારનો અંકિત કરી રહ્યો હતો, એ હવે સશરીર બન્યો છે, અને એને સમગ્ર યુરોપમાં ફેલાતો લાંબા વખત સુધી રોકી શકાશે નહિ, કારણ કે યુદ્ધ અને એના પછીનાં યુદ્ધોત્તર પરિણામોએ થોડો વખત એની શકિતને અવરોધી ખરી પરંતુ સંભવ છે કે એ રીતે એના આગમનને ખરે જ અણધાર્યું આવી પડે. એવું બનાવ્યું હોય અને એની શકિતને આકરી બનાવી હોય. એક કે બીજું કારણ અથવા તો બેઉ એનું વિલયન કરશે. કોઈ ઐચ્છિક મંડળ એની પ્રકૃતિએ સ્થાયી હોઈ શકે નહિ. જે વિચારો એને ટેકો આપતા હતા તે બદલાય છે; જે હિતો એને શકય અને અસરકારક બનાવતાં હતાં તે ઘાતક રીતે બદલાઈ જાય કે કાલાનુચિત થઈ જાય.

ધારણા એવી છે કે લોકશાહીઓ રાજાશાહીઓ કરતાં યુદ્ધમાં પડવા ઓછી

તત્પર હશે, પરંતુ સર્વત્ર મધ્યમ વર્ગે, અમુક ફેરફારો સાથે રાજનૈતિક રીતભાતો, પરદેશનીતિઓ અને આંતરરાષ્ટ્રીય વિચારસરણીઓ એમની પહેલાં થઈ ગયેલી રાજાશાહી કે કુળવાનશાહી સરકારો પાસેથી અપનાવી લીધી છે.[૧] આ પ્રકારનું સાતત્ય શાસક વર્ગના માનસનો કુદરની કાનૂન હોય એમ લાગે છે. જર્મનીમાં સંયુકત થયેલા કુળવાન અને મૂડીદાર વર્ગે એની અતિશયતાવાળી અને લગભગ ગાંડી મહેચ્છાઓ સાથે પાન-જર્મન પક્ષ રચ્યો. નવા રૂશીઆમાં મધ્યમ વર્ગે એના ટૂંકા અમલ દરમીઆન ઝારશાહીના આંતરિક બાબતો અંગેના રાજકીય વિચારો દૂર ફેંકી દીધા અને આપખુદીને ઊથલાવી પાડી. પરંતુ જર્મન અસર સિવાય એની વૈદેશિક નીતિઓ ચાલુ રાખી અને રૂશીઆના વિસ્તાર અને કૉન્સ્ટેન્ટીનોપલના કબજાનું સમર્થન ચાલુ રાખ્યું. અવશ્ય, એક મહત્ત્વનો ફેર છે. રાજાશાહી કે કુળવાનશાહી રાજ્ય એની વિચારસરણીમાં રાજકીય છે; અને એ સર્વ પ્રથમ પ્રાદેશિક આક્રમક વિસ્તાર અથવા તો રાષ્ટ્રોમાં રાજકીય પ્રભુતા કે નેતાગીરી ચાહે છે. વ્યાપારિક ઉદ્દેશો એમને માટે કેવળ ગૌણ અને પહેલા પર આધાર રાખનાર હોય છે. મધ્યમવર્ગી રાજ્યમાં ક્રમ બદલાય છે, કારણ કે એની નજર મુખ્યત્વે બજારોના કબજા પર, ધનનાં નવાં ક્ષેત્રોના અધિકાર પર, વસાહતો અને આશ્રિત પ્રદેશોની રચના કે વિજય પર કે જેમનું વ્યાપારિક અને ઔદ્યોગિક શોષણ થઈ શકે, અને રાજકીય વિસ્તાર એને માટે પહેલા વધુ પ્રિય પ્રાપ્તવ્ય માટેના માત્ર એક સાધન તરીકે હોય છે. વધુમાં રાજાશાહી કે કુળવાનશાહી રાજનીતિજ્ઞો પ્રથમ ઉપાય તરીકે યુદ્ધ તરફ વળતા, જેવા એ એમની રાજનીતિના પ્રત્યુત્તરથી અસંતુષ્ટ થતા કે તરત તલવાર કે બંદૂક હાથમાં લેતા; મધ્યમવર્ગી રાજનીતિજ્ઞ અચકાય છે, ગણતરી કરે છે, કૂટનીતિને લાંબો સમય આપે છે, એના હેતુઓ સિદ્ધ કરવા સોદા કરે છે, ગોઠવણ કરે છે; શાંત લાગવગ કે દબાણ અજમાવે છે, શાંતિપ્રિયતાનું પ્રદર્શન કરે છે. અંતે, એ યુદ્ધમાં ઊતરવા તૈયાર થાય છે, પરંતુ ત્યારે જ કે જ્યારે અન્ય યુકિતઓ અને સાધનો નાકામિયાબ નીવડયાં હોય અને તો જ કે જો સાધનો ધ્યેયના પ્રમાણમાં ઉપયુકત હોય, યુદ્ધની સફળતાનો પાયો મજબૂત દેખાય અને નફો સધ્ધર દેખાય. પરંતુ બીજી બાજુએ, મધ્યમવર્ગી લોકશાહી રાજ્યે પ્રચંડ સૈનિક વ્યવસ્થાનો વિકાસ કર્યો છે કે જેનો સ્વપ્ને પણ રાજાઓ કે કુળવાનોને ખ્યાલ ન આવી શકે અને જો આ વસ્તુ મોટાં યુદ્ધોને મુલતવી રાખવામાં ઉપયોગી નીવડે છે તો અંતે એ આવે છે ત્યારે એમનાં આગમન

---

૧. સમાજવાદી રૂશીઆએ પણ એવી જ રીતે ઝાર પાસેથી વિચારો અને પ્રથાઓ થોડા કે બિલકુલ ફેરફાર વગર લઈ લીધી છે.

અને પ્રમાણ પ્રચંડ અને અત્યારના સંયોગોમાં ગણનાતીત અને અમેય હોય છે.

તે વખતે જોરથી કહેવામાં આવતું હતું કે વધુ સાચી લોકશાહી અને તે કારણે વધુ શાંતિપ્રિય સ્વભાવ અને લોકમતને માન દેનાર સંસ્થાઓ યુદ્ધની આખરે ઉદારમતવાદી રાષ્ટ્રોના વિજયથી અસ્તિત્વમાં આવશે. નવી આંતરરાષ્ટ્રીય સ્થિતિમાં રાષ્ટ્રો પોતાનું ભાવિ પોતે નક્કી કરે અને એમનું શાસન એમની મુકત સંમતિથી જ થાય એવો નિયમ રહેવાનો હતો. બીજી શરત યુરોપ સિવાય બીજે બધે તાત્કાલિક અમલ માટે અશકય છે, અને યુરોપ માટે પણ એ સિદ્ધાંત એના પૂરા અર્થમાં કે પૂરા વ્યવહાર માટે સ્વીકારાયો નથી. જો એ આખા જગત પર અમલી બની શકે, જો પ્રજાઓના અત્યારના સંબંધો અને રાષ્ટ્રોનું માનસતંત્ર એટલાં બદલી શકાય કે એ સિદ્ધાંત વ્યવહારમાં ઉતારી શકાય તો યુદ્ધો અને ક્રાંતિઓ પેદા કરનાર ફળદ્રૂપ કારણો દૂર કરી શકાય. પરંતુ એટલાથી જ બધાં કારણો અદૃશ્ય નહિ થાય. યુરોપી પ્રજાઓનું વધુ મોટું લોકતંત્રીકરણ એ કોઈ ખાત્રી ભરી બાંહેધરી નથી. અવશ્ય, અમુક પ્રકારની, એના કુદરતી બંધારણથી વ્યકિતસ્વાતંત્ર્ય પર પ્રતિષ્ઠિત થયેલી લોકશાહી યુદ્ધ પ્રત્યે અણગમાવાળી હોવાનો સંભવ છે, સિવાય કે વાતાવરણ બહુ વ્યાપક રીતે ગરમાગરમ થઈ ગયું હોય. યુદ્ધ માગે છે સર્વશકિતઓની હિંસાત્મક એકાગ્રતા, આજ્ઞાપાલક ભાવના અને મુકત સંકલ્પ, મુકત કર્મ અને સમાલોચનાના હકની મોકૂફી કે જે બધું સાચી લોકશાહી ભાવનાથી વિરુદ્ધ છે. પરંતુ ભવિષ્યની લોકશાહીઓ દૃઢ રીતે કેન્દ્રીકૃત શાસનો હોવાનો સંભવ છે કે જેમાં સ્વાતંત્ર્યનો સિદ્ધાંત, રાષ્ટ્રીય સમાજવાદના કોઈ પણ સ્વરૂપમાં, કોમના કાર્યક્ષમ જીવનને અધીન રહેશે. આ પ્રકારના લોકશાહી રાજ્ય પાસે યુદ્ધની શકિત હોવાનો સંભવ છે, મધ્યમવર્ગી લોકશાહી રાજ્યો કરતાં વધુ હિંસક એકાગ્રતાવાળી સૈનિક વ્યવસ્થા એ યુદ્ધમાં ઉતારી શકશે અને એ ચોક્કસ કહી શકાય નહિ કે એનાં સાધનો અને શકિતનો ઉપયોગ કરવામાં એ ઓછી લલચાશે. સમાજવાદ એનાં વલણોમાં આંતરરાષ્ટ્રીય અને શાંતિવાદી રહ્યો છે, કારણ કે યુદ્ધ માટે તૈયાર રહેવાની આવશ્યકતા ઉપલા વર્ગોના અમલને લાભદાયી હોય છે, કારણ કે યુદ્ધ જાતે જ સરકારો અને મૂડીદારોના હિતમાં વપરાય છે; જે વિચારો અને વર્ગોનું સમાજવાદ પ્રતિનિધિત્વ કરે છે તે અત્યારે દબાયેલા છે અને યુદ્ધનો ઉપયોગ કરી શકતા નથી કે એના ફાયદામાં ભાગ પડાવી શકતા નથી. જયારે શાસન તંત્ર અને પ્રલોભનો અને સગવડો એના હાથમાં આવશે ત્યારે શું થશે એ જોવાનું છે, પરંતુ એ ભાખી શકાય એવું છે. બધા આદર્શવાદોની મોટી પરીક્ષા સત્તા એમના હાથમાં આવે ત્યારે થાય છે અને હજી સુધી ધાર્મિક કે લૌકિક કોઈ આદર્શ એનાથી અપરાજિત કે ક્ષીણ કે ભ્રષ્ટ થયા વિના રહ્યા નથી.

પરસ્પર વિરોધી અહંભાવોની સામાન્ય સંમતિ પર રાષ્ટ્રોરાષ્ટ્રો વચ્ચે શાંતિના સંરક્ષણ માટે આધાર રાખવો એટલે તાર્કિક અસંગતિ પર આધાર રાખવા જેવી એક વ્યવહારુ અસંભાવ્યતા કે જે આપણે વિચારથી અને અનુભવથી તોળી જોઈએ તો અસાધ્ય લાગે છે, તે ભાવિની રચના માટે ભાગ્યે જ મજબૂત પાયો થઈ શકે. એક શાંતિ સંઘ, લડાઈને થોડો વખત અટકાવી શકે. ફરજિયાત લવાદની કોઈ પદ્ધતિ, ગુનેગારની સામે મોટા શસ્ત્રસજ્જ સંગઠનની ધમકી સાથે પણ, લડાઈનો સંયોગ ઓછો કરે અને નાનાં કે નિર્બળ રાષ્ટ્રો માટે એનો પ્રતિનિધિ કરે; પરંતુ કોઈ મોટું રાષ્ટ્ર જે, સ્થાપિત વ્યવસ્થાને ઊથલાવી પાડવામાં પોતાના લાભ માટે રસ લેતાં રાષ્ટ્રોના જૂથના કેન્દ્ર બનવાનો લાભ જુએ છે તે, એની ગણતરીમાં જોખમ કરતાં વધુ ભારે લાભ ઝડપી લેવાની આશાએ, લડાઈ જેવાં ખતરનાક સાહસ કરવાનું સર્વદા પસંદ કરશે.[1] વધુમાં મોટા ઉત્પાતો અને આંદોલનોના સમયમાં, જ્યારે બહોળા વિચાર, મહાકાય હિતો અને પ્રજ્વલિત આવેશો જગતની પ્રજાઓને વિભાજિત કરતા હોય, ત્યારે એ આખી પદ્ધતિ ટુકડે ટુકડા થઈ જવાનો સંભવ છે, અને એની ક્ષમતાનાં તત્ત્વો પણ અસ્તિત્વમાંથી નીકળી જાય એવો પણ સંભવ છે. કોઈ પણ પ્રયોગાત્મક અને અપૂર્ણ યોજના એની અક્ષમતા બહુ સમય વહી જાય તે પહેલાં દર્શાવ્યા વગર રહેશે નહિ, અને આંતરરાષ્ટ્રીય જીવનની યોજનાપૂર્વક વ્યવસ્થાનો પ્રયાસ છોડી દેવો પડશે અને એ કામ સંયોગોના બળથી અવ્યવસ્થિત રીતે થવા દેવું પડશે. એક સાચી કાર્યક્ષમ અને શકિતશાળી સત્તાનું સર્જન કે જે માનવજાતિની સામાન્ય સમજ અને શકિતની પ્રતિનિધિરૂપ હોય, એના સામૂહિક જીવન અને ભાવનામાં અને કેવળ નૈતિક સંમતિના નિર્બળ તંતુથી ઢીલાંઢીલાં બંધાયેલાં અને પોતાની જુદાઈને જોરશોરથી આગળ ધરતાં રાજ્યો કરતાં કંઈક વધારે થાય તો એ આ માર્ગ પર એકમાત્ર અસરકારક અને શકય પગલું છે. આવી સત્તા ખરેખર સંમતિથી સ્થાપી શકાશે કે અમુક અંશે વિચારોના પ્રાબલ્યથી પરંતુ વધુ અંશે શકિતઓના આઘાતથી પોતાની જાતને રચી લેશે એ પ્રશ્નનો ઉત્તર તો ભવિષ્ય જ આપી શકે.

આ પ્રકારની સત્તાએ માનવજાતિની ચૈતસિક સંમતિ સંપન્ન કરવી પડશે, રાષ્ટ્રો પર એણે પોતાની નૈતિક અસર એમની પોતાની રાષ્ટ્રીય સરકારો કરતાં વધુ પ્રમાણમાં બેસાડવી પડશે; અને સર્વસામાન્ય સંયોગો નીચે એમનું વધુ તત્પર અજ્ઞાપાલન ફરજિયાત કરવું પડશે. એને માનવજાતિની એકતાનું

---

૧. રાષ્ટ્રસંઘ કે જે આ લખતી વખતે રચાયો ન હતો તેનો ઇતિહાસ આવી કરામતોની અક્ષમતા પુરવાર કરે છે.

પ્રતીક અને કેન્દ્રમાત્ર બનવાનું નથી પરંતુ એણે પોતાની જાતને જગતની સેવાના કામમાં સતત પરોવી રાખવી પડશે, મોટાં સર્વસામાન્ય હિતો અને લાભોની અસરકારક સાચવણી અને વિકાસને બધાં જુદાં રાષ્ટ્રીય હિતો કરતાં વધુ વજનદાર અને સધ્ધર બનાવીને જે આવશ્યકતાને કારણે એ અસ્તિત્વમાં આવે છે તેને એણે બરાબર પૂરી કરવી પડશે. સર્વસામાન્ય માનવતા અને સર્વ-સામાન્ય જીવનની ભાવનાને સ્થિર કરવામાં એણે વધુ ને વધુ પ્રમાણમાં મદદ કરવી જોઈશે કે જેથી દેશથી દેશને, જાતિથી જાતિને, વર્ણથી વર્ણને, ખંડથી ખંડને જુદા પાડે છે તે તીવ્રભેદો એમનું બળ ગુમાવતાં થાય અને અંતે ભૂંસાઈ જાય. આ શરતો સ્વીકારાય તો એ એની નૈતિક સત્તા વિકસાવશે કે જે એને માનવજાતિના એકીકરણ પ્રત્યે ઓછા થતા જતા વિરોધ અને ઘર્ષણથી પ્રગતિ કરવાની શકિત પ્રદાન કરશે. પહેલેથી એને જે પ્રકારની ચૈતસિક સંમતિ સંપન્ન થશે તેનો આધાર એના બંધારણ અને ચારિત્ર્ય પર રહેશે અને એ સંમતિના પ્રકાર પર પૃથ્વીની પ્રજાઓ ઉપર એની નૈતિક સત્તાનાં પ્રકાર અને શકિતનો આધાર રહેશે. જો એનું બંધારણ અને ચારિત્ર્ય એવું હશે કે જેથી સર્વની લાગણીઓ સંતોષાય અને એને ટકાવવામાં રસ ઉત્પન્ન કરી શકાય, સર્વમાં કે મનુષ્ય જાતિના ઘણાખરા ભાગોમાં કે કંઈ નહિ તો એમનામાં કે જેમનો ટેકો બળવાન ગણાતો હોય, અને જો એ તે વખતના મુખ્ય રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક વિચારો અને હિતોનું પ્રતિનિધિત્વ કરતાં હશે તો એને વધુમાં વધુ ચૈતસિક સંમતિ અને નૈતિક ટેકો મળશે અને એનો માર્ગ પ્રમાણમાં નિર્વિઘ્ન થશે. જો આ બાબતોમાં ખામી રહી જશે, તો એણે એ ખામી બીજે માર્ગે પૂરી કરવી પડશે, એની પીઠે વધુ મોટા સૈનિક બળના કેન્દ્રીકરણ અને પ્રદર્શનથી અને માનવજાતિના સર્વસામાન્ય જીવન, સંસ્કૃતિ અને વિકાસનાં ક્ષેત્રોમાં અસાધારણ અને ચમત્કારિક સેવાઓથી, એ પ્રકારની સેવાઓ કે જેણે સામ્રાજ્ય રોમને મધ્ય સમુદ્ર અને પશ્ચિમની પ્રજાઓની લાંબી અને વ્યાપક સંમતિ, એમની તાબેદારી અને રાષ્ટ્રીય અસ્તિત્વની પરિશૂન્યતા માટે પણ નિશ્ચિત કરી આપી હતી.

પરંતુ ઉભય અવસ્થામાં, સૈનિક શકિતનું સંપાદન અને કેન્દ્રીકરણ લાંબા સમય સુધી એની સલામતી અને એના કબજાની અસરકારકતાની પહેલી શરત રહેશે અને જેમ બને તેમ જલ્દી એ સૈનિક સંપત્તિ એની એકતાની પાસે જ રહે એમ કરવું પડશે. અત્યારે જગતની પ્રજાઓ એમના નિ:શસ્ત્રીકરણ માટે સંમત થાય એ ઘણું મુશ્કેલ દેખાય છે, કારણ કે જ્યાં સુધી કોઈ પણ પ્રકારના જોરાવર રાષ્ટ્રીય અહંભાવો અને સાથે સાથે પરસ્પર અવિશ્વાસ રહે ત્યાં સુધી રાષ્ટ્રો એમની સશસ્ત્ર બળ રૂપી સંપત્તિનો ત્યાગ નહિ કરે કે જેની ઉપર એ સ્વરક્ષણ માટે જ્યારે એમનાં હિતો અથવા તો કમમાં કમ એ વસ્તુઓ

કે જે એ એમની સુખસંપત્તિ અને અસ્તિત્વ માટે જરૂરી ગણતાં હોય, તે જોખમમાં આવી પડે ત્યારે આધાર રાખી શકે છે. આંતરરાષ્ટ્રીય સરકારની નિશ્ચિત નિષ્પક્ષતામાં કોઈ જાતનો અવિશ્વાસ પણ એ જ દિશામાં કામ કરશે. તે છતાં આવું નિઃશસ્ત્રીકરણ યુદ્ધને ખાત્રીપૂર્વક અટકાવવા માટે આવશ્યક છે — કોઈ ધરમૂળના ચૈતસિક અને નૈતિક પરિવર્તનના અભાવે જો રાષ્ટ્રીય સૈન્યો અસ્તિત્વમાં રહેશે તો એમની સામે યુદ્ધની શકયતા, નિશ્ચિતતા પણ અસ્તિત્વમાં રહેશે. શાંતિના વખતમાં એમને ગમે તેટલાં નાનાં બનાવી દેવામાં આવે તો પણ જ્યાં સુધી એ હયાત હશે ત્યાં સુધી આંતરરાષ્ટ્રીય સત્તા, એની પીઠે એનું સૈન્ય હોવા છતાં, સામંતશાહી રાજાના જેવી સ્થિતિમાં રહેશે કે જેને કદી ખાત્રી રહેતી નહિ કે એના સામંતો પર એનો કેટલો કાબૂ છે. એકલી આંતરરાષ્ટ્રીય સત્તા પાસે જ, એને જ તાબે એવું, એક કેળવાયેલું સૈન્ય રાષ્ટ્રો પર ચોકીપહેરો રાખવા માટે રહેવું જોઈશે. અને વળી સરંજામ અને હથીઆર બનાવવાનાં સાધનો પર એનો સંપૂર્ણ કબજો અને હેરફેરનો અધિકાર નહિ હોય તો એનો સૈનિક શકિતનો ઈજારો પણ અસરકારક નહિ નીવડે. દારૂગોળા અને હથીઆર વગેરે બનાવવાનાં રાષ્ટ્રીય તેમજ ખાનગી કારખાનાં અદૃશ્ય થઈ જવાં જોઈએ. રાષ્ટ્રીય સૈન્યો જૂનાં સામંતોનાં સૈન્યોની પેઠે ગતકાલીન અને મૃતકાલીન સ્મૃતિમાત્ર થઈ જવાં જોઈશે.

આ સિદ્ધિ વિશ્વ-રાજ્યની સ્થાપનાનું અત્યારની આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિને સ્થાને નિશ્ચિત ચિહ્ન બનશે. કારણ કે એ અસરકારક રીતે અસ્તિત્વમાં તો જ આવી શકશે જો આંતરરાષ્ટ્રીય સત્તા, માત્ર કજિયા મટાડનાર સંસ્થા રહેવાને બદલે કાનૂનનું ઉદ્‌ગમ સ્થાન અને એને અમલી બનાવનાર અંતિમ તાકાત પણ બનશે. ઉપદ્રવી દેશો કે વર્ગો સામે એના હુકમોની બજવણી માટે, બધા જ પ્રકારના સંઘર્ષોને અટકાવવા વાસ્તે, નહિ કે માત્ર રાજકીય પરંતુ વ્યાપારિક, ઔદ્યોગિક અને બીજા અથવા તો કમમાં કમ કાનૂની અને લવાદી સિવાય બીજા કોઈ માર્ગે એનો નિર્ણય થતો રોકવા માટે, હિંસક પરિવર્તન અને ક્રાંતિ માટેના કોઈ પણ પ્રયાસને દાબી દેવા માટે, વિશ્વરાજ્યને, એ એની શકિતને શિખરે હોય ત્યારે પણ બધી જ સૈનિક શકિતની એના હાથમાં કેન્દ્રીકરણની જરૂર રહેશે. જ્યાં સુધી માણસ જેવો છે તેવો રહેશે, ત્યાં સુધી બધા આદર્શવાદો અને ઉદાર શાંતિવાદી આશાઓ છતાં, શકિત એ જ એના જીવનનો અંતિમ લવાદ અને સંચાલક રહેશે અને શકિતનો સ્વામી જ ખરો પ્રશાસક રહેશે, શકિત એની કઠોર ઉપસ્થિતિ સામાન્ય સમયમાં આચ્છાદિત રાખે અને માત્ર મૃદુ અને સંસ્કૃત સ્વરૂપ ધારણ કરે,— સરખામણીમાં મૃદુ—કારણ કે કારાગાર અને વધિક શું હજી સમાજશાસનના બે મોટા સ્તંભો નથી? પરંતુ એ શકિત ત્યાં નિઃશબ્દ રીતે

આપણી સંસ્કૃતિના ઉપરના દેખાવોને સ્થિર રાખતી અને સાદ પડે કે તરત સામાજિક જગતના રૂપાળા છતાં વધુ નિર્બળ દેવતાઓની કાર્યવાહીમાં હસ્તક્ષેપ કરવા તત્પર ઊભી છે. વિખરાયેલી શકિત પ્રકૃતિની મુકત ક્રિયાઓને સફળ કરે છે અને એ જીવનની અને વિસંવાદ તેમજ સંઘર્ષની પણ દાસી છે. કેન્દ્રીકૃત શકિત વ્યવસ્થાની પ્રત્યાભૂતિ અને પ્રશાસનનો બાંધ બને છે.

# યુદ્ધ અને આર્થિક એકતાની આવશ્યકતા

સૈન્યોની આવશ્યકતા, રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે યુદ્ધનું દબાણ અને એક આંતરરાષ્ટ્રીય સંસ્થાના હાથમાં સૈનિક શકિત અને સત્તાના કેન્દ્રીકરણ વડે યુદ્ધો અટકાવવાની જરૂરત, વિશ્વરાજ્ય કે સમવાયતંત્ર કે શાન્તિ-સંઘ, એ વસ્તુઓ બહુ સીધી રીતે માનવજાતિને, આખરે, કોઈ પ્રકારના ઐક્ય પ્રત્યે લઈ જશે, પરંતુ એની પાછળ એક બીજી આવશ્યકતા પણ છે કે જે આધુનિક માનસ પર એની ક્રિયામાં વધુ સબળ છે. એ છે વ્યાપારિક, ઔદ્યોગિક અને આર્થિક અન્યોન્યાશ્રિતતામાંથી જન્મતી આવશ્યકતા. વ્યાપારવાદ એ એક આધુનિક સમાજશાસ્ત્રીય ઘટના છે; લગભગ એમ કહી શકાય કે આધુનિક સમાજની એ જ આખી ઘટના છે. એક સુવ્યવસ્થિત કોમ માટે જીવનનો આર્થિક વિભાગ સર્વદા મહત્ત્વનો છે અને પાયાનો પણ છે. પરંતુ પહેલાંના સમયમાં એ માત્ર પ્રથમ જરૂરત હતી; માણસોના વિચારતંત્રને સતત ભરી રાખનાર ભાગ ન હતો, સામાજિક જીવનને એ એના જ સૂરથી ભરી દેતો નહિ; એ સમાજને માથે ન હતો કે એને સામાજિક સિદ્ધાંતોના મૂળરૂપ ગણવામાં આવતો નહિ. પ્રાચીન માનવી એના સમૂહમાં મુખ્યત્વે રાજકીય સત્ત્વરૂપ હતો—એરીસ્ટોટલના અર્થમાં. એના આ વ્યવસાયમાં એણે જ્યાં પણ એ સુખશાંતિમાં હતો ત્યાં વિચાર, કળા અને સંસ્કૃતિ ઉમેર્યાં. સમૂહના આર્થિક પ્રોત્સાહો યાંત્રિક આવશ્યકતાની પેઠે મનમાં આગળ પડતા વિચાર કરતાં વધારે પ્રમાણમાં પ્રાણમય સત્ત્વમાં એક બળવાન ઇચ્છા રૂપે કાર્યાન્વિત થતા અને સમાજને આર્થિક તંત્ર માનવામાં આવતું ન હતું કે એનો એક આર્થિક આંગિક રૂપે અભ્યાસ કરવામાં આવતો ન હતો સિવાય કે ઉપર ઉપરથી. આર્થિક માનવનું સમાજમાં માનવંતું સ્થાન હતું, પરંતુ સરખામણીમાં નીચું, એ કેવળ ત્રીજી કોટિ કે વર્ગ હતો, વૈશ્ય. દોરવણી હતી બુદ્ધિપ્રધાન અને રાજકારણી વર્ગોના હાથમાં, બ્રાહ્મણ—વિચારક, સાક્ષર, તાત્ત્વિક અને પુરોહિત, ક્ષત્રિય-શાસક અને સૈનિક : એમના

વિચારો અને વ્યવસાયો સમાજને સૂર પૂરો પાડતા એના ચિત્તનાં વલણ અને પ્રવૃત્તિનો પ્રકાર નક્કી કરતા અને એના સર્વ હેતુઓને પ્રબળ રીતે રંગતા. વ્યાપારિક હિતો રાજ્યોના સંબંધોમાં અને યુદ્ધ અને શાંતિના હેતુઓમાં પ્રવેશ કરતા: પરંતુ એ પ્રવેશ પામતા મૈત્રી કે શત્રુતાના ગૌણ અને દ્વિતીય તત્ત્વો તરીકે અને માત્ર જવલ્લે અને જાણે કે અકસ્માત રૂપે શાંતિ સમાધાન કે વિગ્રહનાં ખુલ્લાં અને ધ્યાનમાં લેવા યોગ્ય કારણોમાં એની ગણના થતી. રાજકીય ચેતના અને રાજકીય હેતુ નિર્ણાયક હતા; ધનદોલતનો વધારો મુખ્યત્વે રાજ્યની રાજકીય શકિત, મહત્તા અને આવશ્યકતા પ્રમાણે એકત્રિત થઈ શકે એવી સમૃદ્ધિની વિપુલતા રૂપે મહત્ત્વનો ગણાતો, એના પોતાના મહત્ત્વને કારણે નહિ કે પ્રથમ મહત્ત્વનો પણ નહિ.

હવે બધું બદલાઈ ગયું છે. આધુનિક સામાજિક વિકાસની ઘટના બ્રાહ્મણ અને ક્ષત્રિય, ધર્મસંસ્થાન, સૈનિક કુળવાનશાહી અને શબ્દ અને સંસ્કૃતિની કુળવાનશાહીના અસ્તની અને વ્યાપારિક અને ઔદ્યોગિક વર્ગો, વૈશ્ય, શૂદ્ર, મૂડી અને મજૂરીના ઉદયની છે. બંનેએ ભેગા થઈ એમના હરીફોને હજમ કર્યા છે કે બહાર કાઢી નાખ્યા છે અને હવે એકલા સ્વામિત્વ માટે ભ્રાતૃઘાતક સંઘર્ષમાં વ્યસ્ત થઈ ગયા છે કે જેમાં સામાજિક ગુરુત્વાકર્ષણની નિમ્નગામી શકિતની પૂર્ણાહુતી, શ્રમિકોનો અંતિમ વિજય અને એ બધી સામાજિક વિચારણાઓ અને સંસ્થાઓનો વિજય કે જેમાં "શ્રમ એ પ્રથમ" એ પ્રતિષ્ઠિત સૂત્ર બીજાં બધાંનું મૂલ્ય આંકશે એવા ભાવિનું લખાણ દૃષ્ટિગોચર થાય છે. અત્યારે તો હજી વૈશ્યનું પ્રભુત્વ છે અને એની જગત ઉપરની છાપ વ્યાપારવાદની છે, આર્થિક માનવનું પ્રભુત્વ, વ્યાપારિક મૂલ્યની વ્યાપકતા કે માનવજીવનમાં સર્વ વસ્તુની ઉપયોગિતા અને ભૌતિક ક્ષમતા અને ઉત્પાદકતાના મૂલ્યની છાપ છે. જ્ઞાન, વિચાર, વિજ્ઞાન, કળા, કાવ્ય અને ધર્મ વિષેના દૃષ્ટિબિંદુમાં પણ જીવનનું આર્થિક દર્શન બીજાં બધાંને અતિક્રાન્ત કરે છે.[૧]

જીવનની આધુનિક આર્થિક દૃષ્ટિ માટે, સંસ્કૃતિ અને એની પેદાશો માત્ર શોભારૂપ છે; તેથી એ મોંઘા અને ઇચ્છનીય વિલાસનાં ઉપકરણો બની ગયાં છે; અપરિહાર્ય આવશ્યકતાઓરૂપ રહ્યાં નથી. આ દૃષ્ટિએ ધર્મ માનવમનનું સીમિત ઉપયોગિતાવાળું ગૌણ ઉત્પાદન છે, જો ખરે જ એક અપવ્યય

---

૧. તે નોંધપાત્ર છે કે, મધ્યમવર્ગી અર્થતંત્ર અને તેના નફાની નવી વહેંચણીના પ્રયાસો વધુ લાક્ષણિકતા દ્વારા રાજ્યના હાથમાં વધુ કેન્દ્રિત કરવાને બદલે શ્રમના પાયા પર, નવા સમાજવાદી સમાજો દ્વારા વાણીજ્યવાદની પ્રબળ મધ્યમવર્ગી ટેવો હજી મોટા પ્રમાણમાં ચાલુ રખાઈ છે.

અને અંતરાય ન હોય તો, કેળવણીનું મહત્ત્વ સ્વીકારાયું છે, પરંતુ એનો હેતુ અને સ્વરૂપ હવે સાંસ્કૃતિક નથી જેટલું એ વૈજ્ઞાનિક, ઉપયોગવાદી અને આર્થિક છે. એનું મૂલ્ય કાર્યક્ષમ વ્યકિતરૂપ એકમને આર્થિક તંત્ર માટે તૈયાર કરવા પૂરતું છે. વિજ્ઞાન બહુ જ મહત્ત્વનું છે, પ્રકૃતિનાં ગૂઢ રહસ્યોને એ જ્ઞાનની વૃદ્ધિ માટે શોધી કાઢે છે તે માટે નહિ પરંતુ એ રહસ્યોને નવાં યંત્રો બનાવવામાં વાપરે છે તેથી; અને કોમની આર્થિક સંપત્તિનો વિકાસ કરે છે અને એને વ્યવસ્થિત કરે છે તેથી. સમાજની વિચારશકિત, લગભગ એનું આત્મબળ,— જો હજી એનામાં આત્મા જેવી કોઈ અભૌતિક, અનુત્પાદક વસ્તુ હોય તો — એના ધર્મમાં નથી કે નથી એના સાહિત્યમાં, જોકે ધર્મ એનું નિર્માલ્ય અસ્તિત્વ હજી ઢસરડે છે અને સાહિત્ય મુખ્યત્વે દૈનિક છાપામાં વ્યાપારવાદના સાધનરૂપે અને રાજકીય અને વ્યાપારિક ભાવનાથી પ્રચુરપણે પેદા થયા કરે છે, પરંતુ સાહિત્યની માફક સંસ્કૃતિના સીધા સાધન રૂપે નહિ. રાજકારણ અને શાસનતંત્ર પોતે પણ વધુ ને વધુ ઔદ્યોગિક સમાજનાં વિકાસનાં સાધન બનતાં જાય છે, એમની સેવા બે પક્ષમાં વહેંચાઈ જાય છે. મધ્યમવર્ગી મૂડીવાદ અને અંદર આવતા આર્થિક સમાજવાદની અર્ધી અનૈચ્છિક કચેરી રૂપે. મુકત વિચાર અને સંસ્કૃતિ વ્યાપારવાદના આ મોટા વધતા જતા ઢગલાની ઉપલી સપાટી પર રહી જાય છે અને એની ઉપર અસર કરે છે, અને એની રીતભાત બદલે છે, પરંતુ એ પોતે વધુ ને વધુ પ્રમાણમાં માનવજીવનના આર્થિક, વ્યાપારિક અને ઔદ્યોગિક દૃષ્ટિબિંદુથી પ્રભાવિત થાય છે, ઓતપ્રોત થાય છે, રંગાય છે, તાબેદાર થાય છે.

આ મહાન પરિવર્તને ભૂતકાળમાં આંતરરાષ્ટ્રીય સંબંધો પર બહુ ઊંડે સુધી અસર કરી છે અને ભવિષ્યમાં વધુ ખુલ્લી રીતે અને બળપૂર્વક અસર કરશે એમ લાગે છે. કારણ કે નિકટના ભવિષ્યમાં નવી દિશામાં પરિવર્તનની કોઈ દેખીતી સંભાવના નથી. કેટલાક પેગંબરી અવાજો ખરેખર જાહેર કરે છે વ્યાપારવાદના યુગનું ત્વરિત અવસાન, પરંતુ એ કેવી રીતે આવશે એ સહેલાઈથી જોઈ શકાતું નથી; અવશ્ય, એ ભૂતકાળની મુખ્યત્વે રાજકીય ભાવનામાં પાછા જવાથી નહિ બની શકે કે નહિ બની શકે જૂના આભિજાતિક સમાજના સ્વભાવ અને સ્વરૂપોમાં પાછા વળવાથી. અત્યંત રૂઢિચુસ્ત માનસનો ભૂતકાળના સુવર્ણયુગ માટેનો નિઃશ્વાસ, કે જે યુગ એટલો સોનેરી ન હતો જેટલો કલ્પનાની નજરે દૂરથી દેખાય છે; એ વૃથા ઉચ્છ્વાસ છે, કાલ ભગવાનના મહારથની પ્રગતિના ઘસારાથી ફૂંકાતા વાયુમંડળ પર. વ્યાપારવાદનો અંત તો આવી શકે કાં તો વ્યાપારવાદમાં જ કોઈ અણધાર્યું પરિવર્તન થાય તો, અથવા તો જાતિમાં આધ્યાત્મિકતાની પુનર્જાગૃતિ થાય અને જીવનના રાજકીય અને

આર્થિક હેતુઓને જાતિના પોતાના બળથી આધ્યાત્મિક હેતુની નીચે આધીનતામાં મૂકવામાં આવે.

કેટલીક નિશાનીઓ આ દિશાની હોય એમ માનવામાં આવે છે. ધાર્મિક ભાવના ફરી જાગી રહી છે અને જૂની નિરાશિત ધાર્મિક માન્યતાઓ અને પદ્ધતિઓ પણ એક પ્રકારનું જોર પકડતી જાય છે. પરંતુ આ બધું હજી થોડું અને ઉપર ઉપરનું છે; વિચાર અને કર્મની કાયા, અસરકારક હેતુ, ગતિપ્રદાયક પ્રોત્સાહન અસ્પૃષ્ટ અને અચલ રહ્યાં છે. હજી આવેગ માનવજાતિના ઔદ્યોગીકરણ પ્રત્યે અને સમાજ જીવનને આર્થિક અને ઉત્પાદક વસ્તુ તરીકે પૂર્ણ બનાવવા તરફ છે. આ ઉત્સાહ હજી થાકીને ઠંડો પડી જાય એમ લાગતું નથી કારણ કે હજી એનું સાફલ્ય થયું નથી. હજી એ વર્ધમાન છે અને હજીએ શકિતક્ષીણ થયો નથી. વળી એને આધુનિક સમાજવાદ કે જે ભાવિનો માલિક થવાનું વચન આપી રહ્યો છે તે સહાય કરે છે. માર્કસવાદી સમાજવાદ એ સિદ્ધાંત પર ચાલે છે કે એના પોતાના અનુશાસન પહેલાં મધ્યમવર્ગી રાજ્ય આવવાનું છે કે જેનો એ વારસદાર થવાનો છે અને એનાં કામ અને વ્યવસ્થાને એને પોતાના ઉપયોગમાં લેવા માટે અને પોતાના સિદ્ધાંતો અને રીતો પ્રમાણે બદલવા માટે ઝડપી લેવાનો છે, એની ધારણા, ખરે જ મૂડીને સ્થાને શ્રમને સ્વામી તરીકે સ્થાપવાની છે,[1] પરંતુ આનો અર્થ એટલો જ છે કે બધી પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન એમાં કામે લાગેલી મજૂરી અને પેદા થએલા માલથી થશે, એમાં રોકાયેલી મૂડી અને ઉત્પાદનથી નહિ. એ ફેરફાર અર્થવાદની એક બાજુ પરથી બીજી બાજુ પર જવા જેવો થશે, નહિ કે અર્થવાદમાંથી માનવજીવનના કોઈ બીજા વધુ ઊંચા હેતુના પ્રભુત્વ પ્રત્યે જવાનો. આંતરરાષ્ટ્રીય એકીકરણે જે મુખ્ય તત્ત્વો સાથે કામ લેવું પડશે તેમાં આ ફેરફાર એક હશે અને એ એની સર્વથી મોટી સહાય કે એનું સર્વથી મોટું વિઘ્ન બને એવો પણ સંભવ છે.

ભૂતકાળમાં, વ્યાપારવાદની અસર માનવજાતિને એની બાહ્ય રાજકીય જુદાઈની પાછળ એક સાચી આર્થિક એકતામાં ભેગી બાંધવામાં થઈ છે, પરંતુ આ એકતા છૂટા ન પડી શકે એવા ઓતપ્રોત સંબંધોની અને ગાઢ અન્યોન્યા-

---

૧. સમાજવાદ અને લોકશાહી કે સમાનતાવાદી વિચાર અથવા તો નિષ્કિંચનોના વિદ્રોહ વચ્ચેનો સંબંધ એ તો ઈતિહાસનો અકસ્માત છે, એનું સત્ત્વ નહિ. ઈટાલીઅન ફાસીવાદમાં રૂપ, વિચાર અને મિજાજે બિનલોકશાહી અને અસમાનતાના સિદ્ધાંત પર સ્થપાયેલ સમાજવાદ પેદા થયો હતો. ફાસીવાદ ચાલ્યો ગયો છે, પરંતુ સમાજવાદ અને શ્રમિકોના પ્રભુત્વ વચ્ચે કોઈ અનિવાર્ય સંબંધ નથી.

શ્રયતાની હતી, કોઈ ભાવના કે આત્માની એકતા નહિ કે કોઈ સભાન વ્યવસ્થિત જીવનની પણ નહિ. એ કારણે આ પરસ્પર સંબંધોએ શાંતિની અને અનિવાર્ય યુદ્ધની આવશ્યકતા પેદા કરી. એમની સામાન્ય પ્રવૃત્તિ માટે શાંતિ આવશ્યક હતી, યુદ્ધ એમના અસ્તિત્વની આખી પદ્ધતિ માટે ભયંકર રીતે ઉદ્વેજક હતું. પરંતુ, કારણ કે વ્યવસ્થિત એકમો રાજકીય રીતે જુદાં અને હરીફ રાષ્ટ્રો હતાં એટલે એમના વ્યાપારિક સંબંધો હરીફાઈ અને ઘર્ષણના સંબંધો, અથવા તો ઘણી રીતે વિનિમય, પરસ્પર આશ્રિતતા અને વિરોધી પૃથક્તાવાદની ગૂંચવાયેલી ઉલઝન જેવા બન્યા. એકબીજા સામે શુલ્કભિત્તિઓથી આત્મરક્ષા, શોષણ માટે રક્ષિત બજારો અને ક્ષેત્રો માટે દોડાદોડ, ઈજારો ન મળી શકે એવા બજારો કે ક્ષેત્રોમાં પોતાના સ્થાન કે પ્રભુત્વ માટે ગડમથલ અને શુલ્કભિત્તિઓ છતાં એકબીજાનાં ક્ષેત્રોમાં અંતઃપ્રવેશના પ્રયાસ એ આ શત્રુતા અને જુદાઈનાં પ્રધાન ચિહ્નો છે, આવા સંયોગોમાં યુદ્ધ એ માત્ર સમયનો પ્રશ્ન રહે છે; એ તો એક રાષ્ટ્ર કે રાષ્ટ્રોનું મંડળ શાંતિથી આગળ વધી શકશે નહિ એમ માનવા લાગે કે તરત, અથવા તો એના હરીફોના વધતા જતા એક્કાથી પોતાની વૃદ્ધિ અટકી જવાનાં જોખમ દેખે કે તરત જ આવવાનું હતું. રાજકીય હેતુઓથી નિર્ધારિત ફ્રાન્કો-જર્મન યુદ્ધ છેલ્લું હતું. ત્યારથી માંડીને રાજકીય હેતુ કેવળ વ્યાપારિક હેતુને આચ્છાદિત કરવા માટે હોય છે. ઑસ્ટ્રીઆની રાજનીતિ સર્બીઆની રાજકીય તાબેદારી માટે નહોતી. એ તો કેવળ સામ્રાજ્ય માટે નવી મૂંઝવણ થઈ પડત પરંતુ સાલોનીકામાં થઈને જતા માર્ગ પર એ વ્યાપારિક કાબૂ ઈચ્છતું હતું. સર્વ-જર્મનવાદ (પાન-જર્મનવાદ) જર્મન ઉદ્યોગની, હ્રાઈન નદીના તટપ્રદેશોમાં થઈ ઉત્તર સમુદ્રમાં પ્રવેશ માટેની અને એમની વિશાળ સમૃદ્ધિના કબજા માટેની મહેચ્છાઓ ઢાંકતો હતો. શોષણ માટેનાં આફ્રિકન ક્ષેત્રો અને કદાચ ફ્રેન્ચ કોલસાની ખાણો ઝડપી લેવાનો એનો ખરો ઉદ્દેશ હતો, ફ્રેન્ચ પ્રદેશ પર રાજ્ય કરવાનો નહિ. આફ્રિકામાં, ચીનમાં, પર્શીઆમાં, મેસોપોટેમીઆમાં, વ્યાપારી ઉદ્દેશો રાજકીય અને સૈનિક કારવાઈ નક્કી કરતા. યુદ્ધ હવે મહેચ્છા અને જમીન ભૂખનું ઔરસ બાળક નથી પરંતુ ધનલાલસા કે વ્યાપારવાદનું નીરજ સંતાન છે અને રાજકીય મહેચ્છા તો એનો જન્મોત્તર અનુમાનિત (Putative) પિતા છે.

બીજી બાજુએ યુદ્ધની અસર અને એના આઘાત, માનવજાતિની ઔદ્યોગિક વ્યવસ્થાને કારણે અને રાષ્ટ્રોના વ્યાપારિક અન્યોન્યાશ્રયને અસહ્ય થઈ પડયાં છે. એમ કહેવું કે યુદ્ધે એ વ્યવસ્થાને તોડીફોડી નાખી હતી તો એ અત્યુક્તિ થાય, પરંતુ એણે એને ઊંધીચત્તી કરી નાખી હતી, એની પદ્ધતિને અવ્યવસ્થિત કરી નાખી હતી અને અકુદરતી ધ્યેયો પ્રત્યે વાળી દીધી હતી અને એણે

બહોળા ક્ષેત્રમાં યુદ્ધ-ગ્રસ્ત દેશોમાં દુ:ખ, કષ્ટ અને જાણે કે એક જીન અને જીવનની બેચેની નિષ્પક્ષ દેશોમાં પણ ફેલાવ્યાં કે જેની જોડ જગતના ઈતિહાસમાં મળતી નથી. આ ફરી થવા દેવું જોઈએ નહિ અને જગતની આધુનિક ઔદ્યોગિક વ્યવસ્થા કે જે પોતાને સભ્યતા કહે છે તેની ઉપર ઊતરેલી આ આફત અને ઉપદ્રવનાં સર્જકોને સમુચિત શિક્ષા દેવાવી જોઈએ, અને કેટલાક સમય માટે આંતરરાષ્ટ્રીય વ્યવહારમાંથી એમને બહિષ્કૃત કરવા જોઈએ, આવા ક્રોધાન્વિત ચિત્કાર બતાવે છે કે પાઠ કેટલો ઊંડો ઘર કરી ગયો છે. પરંતુ એણે એ પણ બતાવ્યું, જેમ યુદ્ધોત્તર માનસે બતાવ્યું છે તેમ, કે ખરું અંદરનું સત્ય તો હજી પણ સમજણમાં ઊતર્યું નથી કે એનું હાર્દ પકડાયું નથી. અવશ્ય, આ દૃષ્ટિએ પણ, આંતરરાષ્ટ્રીય જીવનની નવી વ્યવસ્થાના પ્રથમ વ્યવસાયોમાં એક વ્યવસાય હોવો જોઈએ યુદ્ધબંધીનો. પરંતુ જો જુદાં રાષ્ટ્રોની જૂની વ્યાપારિક હરીફાઈની સ્થિતિ ચિરસ્થાયી રાખવાની હોય તો યુદ્ધનો સદંતર અટકાવ કેવી રીતે કરી શકાશે? જો શકિત એ હજી પણ પ્રચ્છન્ન યુદ્ધ રૂપ, સંઘર્ષ અને હરીફાઈની એક રીત જેવી રહેવાની હોય તો ભૌતિક આઘાત કેવી રીતે રોકાશે? જવાબમાં એમ કહેવામાં આવે કે સમાજવાદના આગમન પહેલાં રાષ્ટ્રના સ્પર્ધાધર્મી વ્યાપારિક જીવનમાં થતું તેમ સંઘર્ષ અને હરીફાઈનું કાનૂની નિયમન કરીને. પરંતુ એ શકય હતું માત્ર એ કારણથી કે હરીફ વ્યકિતઓ કે મંડળો એક આંગિક સમાજના ભાગ હતા. એક સરકારી સત્તાને આધીન હતા અને સત્તા સામે એમના વ્યકિતગત અસ્તિત્વનું સમર્થન કરી શકે એમ ન હતા. રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે આવું નિયમન કરવું હોય તો તો વ્યવહારમાં કે વિચારમાં કેન્દ્રીકૃત વિશ્વ-રાજયની રચના સિવાય બીજો કોઈ નિર્ણય શકય દેખાતો નથી.

પરંતુ આપણે ધારીએ કે યુદ્ધનો ભૌતિક આઘાત અટકાવી શકાયો છે, કાયદાથી નહિ પરંતુ યુદ્ધ જગાડે એવા નિતાન્ત મામલાઓમાં ફરજીઆત લવાદના સિદ્ધાંતથી એક આંતરરાષ્ટ્રીય સત્તાના સર્જનથી નહિ પરંતુ આંતરરાષ્ટ્રીય દબાણના ઝઝૂમતા ભયથી. પ્રચ્છન્ન યુદ્ધની સ્થિતિ તો ચાલુ રહેશે, એ નવાં અને વિનાશક રૂપ પણ લે. બીજાં હથીઆર છીનવી લેવાય તો રાષ્ટ્રો વ્યાપારિક દબાણનું હથીઆર વધુ ને વધુ પ્રમાણમાં વાપર્યા વિના રહેશે નહિ, જેમ મૂડી અને મજૂરી એમની નિત્યની થઈ પડેલી શાંતિમય સંગ્રામની સ્થિતિમાં રાષ્ટ્રીય જીવનની સીમાઓમાં કરે છે તેમ. સાધનો જુદાં હશે, પરંતુ એ સિદ્ધાંત તો એક જ અનુસરશે, હડતાલ અને તાળાબંધીનો કે જે એક બાજુએ છે નિર્બળ પક્ષનો સંયુકત શાંત વિરોધ અને પોતાની બીજી બાજુએ પોતાની ઇચ્છાઓ પ્રમાણે સામા પક્ષ પાસે બળવત્તર પક્ષ તરફથી શાન્ત દમન વર્તન કરાવવા માટે. રાષ્ટ્રોની વચ્ચે સરખામણીમાં હડતાલ જેવું સાધન વ્યાપારિક બહિષ્કાર હોય છે

કે જે એશીઆ અને યુરોપમાં એકથી વધુ વાર અવ્યવસ્થિત રીતે વાપરવામાં આવ્યું છે, અને એ બહુ અસરકારક અને સચોટ થવા સંભવ રહે છે—જો રાજકીય રીતે નિર્બળ રાષ્ટ્ર એ સાધન પ્રયોજે તો પણ—કારણ કે નિર્બળ રાષ્ટ્ર સબળ રાષ્ટ્ર માટે આવશ્યક છે, કોઈ બીજી રીતે નહિ તો એક બજાર તરીકે પણ અથવા તો વ્યાપારિક કે ઔદ્યોગિક શિકાર રૂપે. તાળાબંધીની સરખામણીમાં સબળ રાષ્ટ્રનાં સાધનો મૂડી કે યાંત્રિક સામગ્રી વેચવા કે આપવાનો નિષેધ, અપરાધી કે શિકાર થયેલા દેશને બધા આવશ્યક માલ કે અમુક માલની આયાતનો નિષેધ કે દરિયાઈ નાકાબંધી છે, જે લાંબી ચાલે તો ઔદ્યોગિક બરબાદી કે રાષ્ટ્રીય ભૂખમરામાં લઈ જાય. નાકાબંધી એ પહેલાં તો યુદ્ધની પરિસ્થિતિમાં વાપરવામાં આવતું હથીઆર હતું, પરંતુ એ ગ્રીસની સામે યુદ્ધને બદલે વાપરવામાં આવ્યું હતું અને આ ઉપયોગ ભવિષ્યમાં વધુ લંબાવી કે ફેલાવી શકાય એમ છે તે ઉપરાંત નિષેધાત્મક શુલ્કનું હથીઆર તો છે જ.

એ સ્પષ્ટ છે કે આ શસ્ત્રો માત્ર વ્યાપારિક હેતુઓ કે ઉદ્દેશો માટે જ વપરાય એવું કાંઈ નથી. કોઈ પણ રાષ્ટ્રીય હિતની રક્ષા કે વિનાશ માટે અને રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના ન્યાયી કે અન્યાયી દાવાના અમલ માટે પણ વાપરવામાં આવે. એ પણ બતાવવામાં આવ્યું છે કે વ્યાપારિક નાકાબંધી યુદ્ધના સહાયક અંગ તરીકે વપરાય ત્યારે એ કેટલું વિનાશક હથીઆર બની જાય છે. જર્મની જો અંતે કચરાઈ ગયું તો વિજયનું ખરું શસ્ત્ર હતું નાકાબંધી, ધન, દૌલત અને અન્નની આયાત કપાઈ જવી તે અને ઉદ્યોગ અને વેપારની બરબાદી. કારણ કે એનો સૈનિક પરાજય સીધો સૈનિક નિર્બળતાને કારણે નહિ પરંતુ મુખ્યત્વે સાધન-સામગ્રી ઘટી જવાથી અને પહોંચતી બંધ થવાથી, થકાવટથી, અમુક અંશે ભૂખમરાથી અને યુદ્ધસામગ્રી અને ખોરાક મેળવી લેવાની અને ફરી તૈયાર થઈ જવાની બધી આશા કપાઈ જતાં અસહ્ય થઈ પડેલી સ્થિતિના નૈતિક વિષાદના કારણે હતો. આ પાઠ ભવિષ્યમાં પણ "શાંતિ"ના સમયમાં કામ આવી શકે. એક સમયે કેટલાંક સ્થળોએ રાજકીય યુદ્ધ સમાપ્ત થયું ત્યાર પછી પણ વ્યાપારિક યુદ્ધ ચાલુ રાખવાનો એ જ માર્ગ સૂચવવામાં આવ્યો હતો, કે જે દ્વારા જર્મનીને મોટાં સામ્રાજ્ય દેશોની નામાવલીમાંથી કાઢી નાખવામાં આવે એટલું જ નહિ, પરંતુ એ હમેશને માટે અવરુદ્ધ થાય, અપંગ થઈ જાય કે વ્યાપારિક અને ઔદ્યોગિક હરીફ તરીકે બરબાદ પણ થઈ જાય. મૂડી અને વ્યાપારના સંબંધો કાપી નાખવાની નીતિ અને એક પ્રકારનો ઘેરો અને શત્રુતાવાળી નાકાબંધી ઉઘાડી રીતે બોલ્શેવીસ્ટ રૂશીઆ સામે સૂચવવામાં આવી છે અને એ અમુક વખત સુધી અમલમાં પણ

હતી અને એમ પણ સૂચવવામાં આવ્યું છે કે "શાંતિ સંઘ"[1] આ વેપારી દબાણનું હથીઆર સૈનિક બળને બદલે કોઈ પણ ઉદ્દંડ રાષ્ટ્ર સામે વાપરે.

પરંતુ જ્યાં સુધી એક દૃઢ આંતરરાષ્ટ્રીય સત્તા નથી, ત્યાં સુધી આ હથીઆરનો ઉપયોગ આવા પ્રસંગો પૂરતો સીમિત રહે કે ન્યાયી અને તર્કસંગત ધ્યેય માટે જ વપરાય એ સંભવિત નથી. શકિતશાળી સામ્રાજ્ય સત્તાઓનો સંઘ એમના સ્વાર્થી અને દુષ્ટ સંકલ્પો જગત પર ઠોકી બેસાડવા માટે એ સાધન વાપરે. કોઈ પણ પ્રકારનું બળ કે બળજોરી ન્યાયી અને નિષ્પક્ષ સત્તાના હાથમાં કેન્દ્રીકૃત ન હોય તો એનો કુપ્રયોગ કે દુરુપયોગ થવાનો સંભવ રહે છે. તેથી અવશ્ય માનવજાતિની વધતી જતી એકતામાં આવી સત્તાનો વિકાસ વહેલો અને તાકીદની આવશ્યકતા તરીકે થવો જોઈએ. વિશ્વ-રાજ્યે એની પ્રાથમિક અને અપૂર્ણ વ્યવસ્થામાં પણ સૈનિક શકિત એના હાથમાં કેન્દ્રિત કરવી પડશે એટલું જ નહિ, પરંતુ એણે શરૂઆતથી જ એ કામ હાથ પર લેવું પડશે કે જે રાષ્ટ્રીય સરકારોએ બહુ લાંબા કાળે ધીરે ધીરે કુદરતી વિકાસરૂપે કર્યું. જાતિના વ્યાપારિક, ઔદ્યોગિક, આર્થિક જીવનની વ્યવસ્થા હાથમાં લેવાનું અને શરૂઆતમાં આંતરરાષ્ટ્રીય વ્યાપારના મુખ્ય સંબંધો પર અંકુશ રાખવાનું,[2] પરંતુ આખરે અનિવાર્ય રીતે વેપારની સમગ્ર પદ્ધતિ અને સિદ્ધાંતોનું નિયમન કરવાનું કારણ કે ઉદ્યોગ અને વેપાર સામાજિક જીવનનો પંચ સપ્ટાંશ ($\frac{5}{6}$) ભાગ છે અને આર્થિક સિદ્ધાંત સમાજનો શાસક સિદ્ધાંત છે, તેથી જે વિશ્વ-રાજ્ય માનવજીવનને એના મુખ્ય તત્ત્વમાં અને મોટામાં મોટી પ્રવૃત્તિમાં સંનિયમિત નહિ રાખે તે માત્ર નામનું જ અસ્તિત્વ ધરાવતું હશે.

---

૧. પાછળથી રાષ્ટ્ર-મંડળને નામે આ સિદ્ધ થયું.

૨. આ પ્રકારની પ્રવૃત્તિની કોઈ પ્રાથમિક શરૂઆત તો હવે લગભગ જડ થઈ ગયેલા રાષ્ટ્રસંઘની પ્રવૃત્તિઓમાં દેખાવા લાગી હતી. આ પ્રવૃત્તિઓ હજી માત્ર અફલાતુની અને સુફિયાણી હતી, જેવી કે એની નિ:શસ્ત્રીકરણની ચર્ચાઓ અને મૂડી અને મજૂરીના કેટલાક સંબંધોને નિયમમાં લાવવાના પરંતુ કોઈ નિર્ણયે નહિ પહોંચેલા પ્રયત્નો, પરંતુ એ પ્રયત્નોએ દેખાડી આપ્યું કે એ આવશ્યક છે અને એ ભવિષ્ય માટે માર્ગ પરના ચિહ્નસ્તંભ બન્યા છે.

# શાસનિક એકતાની આવશ્યકતા

આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા પ્રત્યે પ્રથમ પગલાના લગભગ બધા ચાલુ વિચારોમાં એમ માની લેવામાં આવે છે કે રાષ્ટ્રો એમનાં જુદાં અસ્તિત્વો અને સ્વાતંત્ર્યો ભોગવતાં રહેશે અને આંતરરાષ્ટ્રીય કર્તવ્યો તરીકે યુદ્ધને રોકવું, મુશ્કેલ ઝઘડાઓનું નિયંત્રણ અને સામાન્ય ઉપાયોથી રાષ્ટ્રો પોતે જેનું સમાધાન ન કરી શકે તે આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનું સમાધાન કરવાના અધિકાર એટલી વસ્તુઓ, છોડી દેશે. વિકાસ એટલેથી જ અટકે એ અશક્ય છે; આ પગલું અવશ્ય બીજાં પગલાં તરફ લઈ જશે કે જે કેવળ એક જ દિશામાં જઈ શકશે. જે કોઈ શાસન સ્થપાશે એ જો કોઈ અંશે પણ સાચી સત્તા થવાની હોય અને નહિ કે માત્ર વાર્તાલાપ માટેનું સંમિલન, તો તેને ખબર પડશે કે એને ફરી ફરી નવું કામ હાથ પર લેવાનું અને વધતા જતા અધિકારો હાથમાં લેવાનું કહેવામાં આવશે. નિવારી શકાય એવા ઉપદ્રવ અને ઘર્ષણને રોકવું, જે તકલીફો અને આફતો પહેલાં આવી ભારે જરૂરી અધિકારોના અભાવે એ નવી સત્તા રોકી શકી ન હતી તેમને ફરી ઉગ્ર બને તે પહેલાં વખતસર હસ્તક્ષેપથી ટાળવી, સર્વ-સામાન્ય હેતુઓ માટે પ્રવૃત્તિઓનું સંયોજન કરવું, એ માનવજાતિને શિથિલ ઐક્યમાંથી ગાઢ ઐક્ય પ્રત્યે આગળ વધવાનો ઉત્સાહ આપવામાં અને મોટી અને અસાધારણ બાબતોમાં રાષ્ટ્રોની ઐચ્છિક અધીનતાને બદલે ઘણીખરી બાબતોમાં ફરજિયાત અધીનતા પ્રત્યે ધકેલવામાં મુખ્ય ઉદ્દેશો હશે. બળવાન રાષ્ટ્રોની, એમના પોતાના ઉદ્દેશો માટે એનો ઉપયોગ કરવાની ઇચ્છા, નિર્બળ રાષ્ટ્રો માટે એમનાં હિતોની રક્ષા માટેના પુનર્વાદમાં એની ઉપયોગિતા, આવી પડેલા કે ઝઝૂમતા આંતરિક ઉપદ્રવો અને ક્રાંતિઓના આઘાત, આ બધાં આંતરરાષ્ટ્રીય સત્તાને વધુ મોટા અધિકાર આપવામાં અને એના સામાન્ય કર્તવ્યને વિસ્તૃત કરવાના પ્રસંગો આપવામાં મદદ કરશે. વિજ્ઞાન, વિચાર, ધર્મ એ જાણે મહાન બળો કે જે આધુનિક જમાનામાં રાષ્ટ્રીય જુદાઈ-ઓને ઓળંગી જવાનું વધુ ને વધુ પ્રમાણમાં વલણ બતાવે છે અને જાતિને

જીવન અને આત્માની એકતા પ્રત્યે વાળતાં જાય છે, તે રાષ્ટ્રીય હદબંધીઓ, શત્રુતાઓ અને વિભાગોથી અધીરાં થશે અને એમનો પ્રબળ પ્રભાવ પરિવર્તનના પક્ષમાં ઉતારશે. મૂડી અને મજૂરી વચ્ચેનો મોટો સંઘર્ષ સત્વર વિશ્વ-વ્યાપક બને, અને એની આંતરરાષ્ટ્રીય સંહતિ સિદ્ધ કરે કે અપરિહાર્ય પગલું એકાએક લેવાઈ જાય કે એવી કટોકટી ઊભી કરે કે જે પરિસ્થિતિને પલટી નાખે—રૂપાંતર કરી દે.

અત્યારે તો આપણી ધારણા એ છે કે રાષ્ટ્રો જેના પ્રાંત હોય એવું સારી રીતે એક થયેલું વિશ્વરાજ્ય આખરે પરિણામ રૂપે આવશે. પ્રથમ, આંતરરાષ્ટ્રીય ઝઘડાઓ અને આર્થિક સંધિઓ અને સંબંધોને હાથમાં લઈ, આંતરરાષ્ટ્રીય સત્તા એક લવાદ અને પ્રસંગોપાત્ત કાર્યવાહી અધિકારી તરીકે કામ શરૂ કરશે અને થોડે થોડે વૈધાનિક સભા અને સ્થાયી કાર્યવાહી અધિકાર તંત્રમાં ફેરવાઈ જશે. એનું વૈધાનિક કામ આંતરરાષ્ટ્રીય બાબતોમાં જો નવા સંઘર્ષ દૂર રાખવા હશે તો અત્યંત આવશ્યક બનશે. કારણ કે મોટા યુદ્ધ અને ઉત્પાતના અંતે કરવામાં આવેલી ગોઠવણ કે જગતની વ્યવસ્થા કાયમી અને નિર્ણાયક બને એમ ધારવું એ તો એદીપણું છે. અન્યાય, અસમાનતાઓ, અપ્રસન્નતાઓ, કજિયા કે અસંતોષનાં કારણો; રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના, ખંડ ખંડ વચ્ચેના સંબંધોમાં ચાલુ રહેશે જે નવા વિદ્વેષો અને વિદ્રાંસોમાં લઈ જશે. જેવી રીતે આ વસ્તુઓને, રાષ્ટ્રરાજ્યમાં વૈધાનિક સત્તાથી રોકવામાં આવે છે કે જે નવા વિચારો, હિતો, બળો અને આવશ્યકતાઓ અનુસાર વસ્તુઓની ચાલુ પદ્ધતિમાં ફેરફાર કરતી રહે છે, તેવી જ રીતે વિકાસ પામતા વિશ્વરાજ્યમાં પણ થશે. આ વૈધાનિક સત્તા જેમ જેમ વિકાસ પામતી જશે, વિસ્તૃત થશે અને એનાં કાર્યો, અધિકારો અને પ્રક્રિયાઓમાં નિયમબદ્ધ થશે તેમ તેમ વધુ સંકુલ બનશે અને જુદી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં એણે ઘણી બાબતોમાં હસ્તક્ષેપ કરવો પડશે, એમને ઓળંગી જવી જોઈએ કે એમનું સ્થાન લેવું પડશે. એમ કરવામાં એની કાર્યવાહક સત્તાની વૃદ્ધિ અને એક આંતરરાષ્ટ્રીય કાર્યવાહી તંત્રનો વિકાસ પણ આવી જશે. શરૂઆતમાં બહુ મહત્ત્વના પ્રશ્નો પર અને જેમાં એના નિયંત્રણની આવશ્યકતા હશે એવી જ બાબતોમાં એ પોતાનું કામ સીમિત કરશે, પરંતુ જે બાબતો આંતરરાષ્ટ્રીય અસર અને મહત્ત્વવાળી હશે તેમાં એ એનો હાથ વધુ ને વધુ લંબાવશે. લાંબા કાળ પહેલાં એ એવાં ક્ષેત્રોમાં પ્રવેશ કરશે અને કબજો લેશે કે જેને અત્યારે રાષ્ટ્રો પોતાના હાથમાં રાખવા સતર્ક રહે છે. અને વખત જતાં એ રાષ્ટ્રજીવનની આખી પદ્ધતિ પર અસર કરશે અને એને માનવજાતિનાં સંયુકત જીવન, સંસ્કૃતિ, વિજ્ઞાન, વ્યવસ્થા, કેળવણી અને કાર્યક્ષમતાના વધુ સારા સમન્વય માટે આંતરરાષ્ટ્રીય નિયમનમાં લાવશે. અત્યારનાં મુકત અને જુદાં રાષ્ટ્રોને પ્રથમ એ અમેરિકન ઐકયનાં રાજ્યો જેવાં

કે જર્મન સામ્રાજ્યનાં રાજ્યો જેવાં બનાવશે અને અંતે કદાચ એમને ભૌગોલિક પ્રાંતો જેવાં કે માનવજાતિરૂપ એક રાષ્ટ્રના વિભાગો જેવા બનાવી દેશે.

આવી કોઈ નિતાન્ત પૂર્ણતા સામે અત્યારે અંતરાય છે રાષ્ટ્રીયતાનું હજી બળવાન તત્ત્વ, સામૂહિક જુદાઈનો ખ્યાલ, સાંઘિક સ્વાતંત્ર્યની ભાવના, એનું અભિમાન, એનો એના પોતાનામાં આનંદ, એના અહંભાવી આત્મસંતોષના વિવિધ માર્ગ, રાષ્ટ્રીયતાના વિચારથી માનવતાના વિચારને ગૌણ રાખવાનો આગ્રહ. પરંતુ આપણે ધારી લઈએ કે આંતરરાષ્ટ્રીયવાદનો નવો જન્મેલો ખ્યાલ વધતો જશે, એ ભૂતકાળના રાષ્ટ્રવાદના ખ્યાલ અને મિજાજને પોતાનાથી ગૌણ બનાવશે, પોતાનું પ્રભુત્વ સ્થાપશે અને માનવ-માનસનો કબજો લેશે. જેમ વધુ મોટો રાષ્ટ્રરૂપ સમૂહ બીજાં બધાં નાનાં કુલ, જાતિ અને પ્રાદેશિક સમૂહોને પોતાને આધીન કરવાના અને પોતામાં સમાવી લેવાના વલણવાળો હતો, જેમ વધુ મોટા સામ્રાજ્ય સમૂહો અત્યારે વધુ નાનાં રાષ્ટ્રસમૂહોને પોતાને આધીન કરવાના, અને જો એનો વિકાસ થવા દેવામાં આવે તો, અંતે પોતાની અંદર સમાવી લેવાના વલણવાળો હોય છે, તેવી રીતે આપણે માની લઈએ કે સંયુકત માનવ-જાતિનો પૂર્ણ માનવ-સમૂહ વિભકત માનવજાતિના બધા વધુ નાના સમૂહોને પોતાને આધીન કરશે અને પોતાનામાં સમાવી લેશે. જો જૂની કુદરતી લશ્કરી વિજય કે બીજી બાહ્યકર શકિતથી બાહ્ય એકીકરણની રીત હવે શકય ન હોય તો કેવળ આંતરરાષ્ટ્રીયતાના વિચારના વિકાસથી કે માનવજાતિની એકતાના વિચારના વિકાસથી રાષ્ટ્રવાદ અદૃશ્ય થઈ શકે. કારણ કે યુદ્ધની રીતો અતિ વિનાશક બની ગઈ છે અને કોઈ એક સામ્રાજ્ય પાસે બાકીના જગતને ત્વરાથી કે જૂની રોમન ક્રમિક રીતે પરાજિત કરવાનાં સાધનો કે શકિત રહ્યાં નથી. બેશક હવે પછીના એકીકરણમાં રાષ્ટ્રવાદ વધુ બળવાન અંતરાય છે. જૂનાં વધુ નાનાં અને ઓછી દૃઢતાથી સભાન સમૂહોની જુદાઈ કરતાં કે જે રાષ્ટ્ર રાજ્ય વિકસ્યું તે પહેલાં હયાત હતાં, માનવીય સાંઘિક માનસમાં એ હજી સર્વથી વધુ બળવાન ભાવના છે, એ હજી પણ રાષ્ટ્રને અક્ષુણ્ણ પ્રાણબળ આપે છે અને જ્યાં એનો નાશ થયો છે એમ દેખાતું હોય ત્યાં પણ એ ફરી દેખાઈ આવે એવો સંભવ રહે છે. પરંતુ વર્તમાન બળાબળના આધારે આપણે આ સંક્રાન્તિઓના મહાયુગની શરૂઆતમાં ખાત્રીપૂર્વક વિવાદ નહિ કરી શકીએ. કયારનીયે માત્ર વિચારો નહિ પરંતુ શકિતઓ પણ કામ કરવા લાગી છે, અને ખાસ કરીને વધુ જોરાવર, કારણ કે એ અત્યારની સ્થાપિત શકિતઓ નથી પરંતુ ભાવિની શકિતઓ છે કે જે રાષ્ટ્રવાદને આપણે અત્યારે કલ્પી શકીએ તેથી વધારે સત્વર પોતાને આધીન કરી દે.

જો વિશ્વરાજ્યનો સિદ્ધાંત એની તાર્કિક નિષ્પત્તિ સુધી અને એના નિતાન્ત

પરિણામો સુધી લઈ જવામાં આવે, તો એ પ્રક્રિયા, રીત, રૂપ કે કાર્ય-પ્રણાલીમાં વત્તાઓછા ફેરફાર સાથે, પરંતુ સિદ્ધાંતે સમાન પ્રક્રિયાથી થશે કે જે દ્વારા રાષ્ટ્રરાજ્યની રચનામાં કેન્દ્ર સરકારે, પ્રથમ રાજાશાહી રૂપમાં, પછી લોકશાહી પરિષદ અને કાર્યવાહીરૂપે રાષ્ટ્રજીવનનું સંપૂર્ણ શાસન હાથ કરી લીધું. એક આંતરરાષ્ટ્રીય સત્તાના હાથમાં સૈનિક અને આરક્ષક, વહીવટી, વૈધાનિક, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક બધું નિયંત્રણ કેન્દ્રિત થશે. કેન્દ્રીયતાના આત્મારૂપે વધુમાં વધુ વ્યાવહારિક સગવડ માટે અમલમાં મૂકવામાં આવેલા શકિતમાન ઐકયવાદી વિચાર અને એકરૂપતાનો સિદ્ધાંત હશે અને એનું ફળ સમગ્ર જગતમાં માનવજીવન અને પ્રવૃત્તિઓમાં એક બુદ્ધિયુકત એકતંત્રીતા હશે કે જેનો મુખ્ય ઉદ્દેશ ન્યાય, વિશ્વવ્યાપી સુખાકારી, મિતવ્યયીશ્રમ, વૈજ્ઞાનિક કાર્યક્ષમતા હશે. પ્રત્યેક પોતાને માટે વધુમાં વધુ ઘર્ષણ અને અપવ્યય અને અથડામણીમાં કરનાં હોય એવાં રાષ્ટ્રરૂપ સમૂહોની વ્યકિતગત પ્રવૃત્તિઓને સ્થાને સંયોજન માટેનો પ્રયાસ હશે કે જે સુવ્યવસ્થિત આધુનિક રાજ્યમાં આપણે હવે જોઈએ છીએ, જેનો સંપૂર્ણ વિચાર એક સર્વાંગી રાજ્ય-સમાજવાદ છે, કે જે જોકે હજી કયાંય સિદ્ધ નથી થયો છતાં ત્વરાથી અસ્તિત્વમાં આવી રહ્યો છે.[1] જો ટૂંકમાં આપણે કોમી પ્રવૃત્તિના પ્રત્યેક વિભાગ પર નજર નાખીશું તો આપણે જોઈશું કે આ વિકાસ અનિવાર્ય છે.

આપણે જોયું છે કે બધું સૈનિક બળ અને વિશ્વરાજ્યમાં એનો અર્થ થશે આંતરરાષ્ટ્રીય સશસ્ત્ર આરક્ષક દળ—એક સર્વસામાન્ય સત્તાના હાથમાં કેન્દ્રિત કરવું જોઈશે, નહિ તો રાજ્ય ટકી શકે નહિ. આર્થિક બાબતોમાં પણ નિર્ણયની અંતિમ સત્તાનું કેન્દ્રીકરણ વખત જતાં અનિવાર્ય બનશે. અને આ પરમ સત્તા પૂરો અંકુશ સ્થાપી દે ત્યાં સુધી અટકશે નહિ, કારણ કે જગતનું આર્થિક જીવન વધુ ને વધુ એક અને અવિભાજ્ય બનતું જાય છે; પરંતુ આંતરરાષ્ટ્રીય સંબંધોની વર્તમાન હાલત પરસ્પર વિરોધી સિદ્ધાંતની અસંગત પરિસ્થિતિ છે, અમુક અંશે આપસમાં લઢતી, અમુક અંશે સગવડ કરી લેતી, બને એટલું ઉત્તમ સમાધાન કરી લેતી, પરંતુ એ ઉત્તમ પણ ખરાબ અને સર્વસામાન્ય હિત માટે હાનિકારક હોય છે. એક બાજુએ પાયાની એકતા છે કે જે પ્રત્યેક રાષ્ટ્રને વ્યાપારિક રીતે બાકીનાં બધાંનું આશ્રિત બનાવે છે. બીજી બાજુએ અસૂયા છે, અહંભાવ છે અને જુદા અસ્તિત્વનું ભાન છે કે જે દરેક રાષ્ટ્રને

---

૧. આ લખાયું ત્યાર પછી વધુ મોટા દેશોમાંના ત્રણમાં આ આગમન વધુ ત્વરિત અને સર્વાંગી રીતે અને બીજા નાના દેશોમાં અચકાતું અચકાતું અને ઓછા સભાન અનુકરણરૂપે થયું છે.

એની ઔદ્યોગિક સ્વતંત્રતા માટે આગ્રહી બનાવે છે અને સાથે સાથે પરદેશી બજારોમાં એની વ્યાપારિક નિકાસ પ્રવૃત્તિઓ પ્રભુત્વ મેળવે એવા પ્રયાસ કરવા પ્રેરે છે. આ બે તત્ત્વોનું કાર્ય-પ્રતિકાર્ય અત્યારે નિયમમાં રહે છે અમુક અંશે કુદરતી રીતે બહારની ડખલ વગર, અમુક અંશે વ્યાવહારિક સંમતિ અને સમજૂતીથી, અમુક અંશે આયાત પર રક્ષણાત્મક વેરાની પદ્ધતિથી, એક યા બીજા પ્રકારની સરકારી મદદથી અને બીજી બાજુએ વ્યાપારિક સંધિઓ અને કોલકરારોથી; વિશ્વ-રાજ્ય જેમજેમ વૃદ્ધિગત થશે તેમ તેમ, અનિવાર્ય રીતે આ વસ્તુ એક અસંગતિરૂપ, એક અપવ્યયી અને હાનિકારક પ્રક્રિયા લાગશે. કાર્યક્ષમ આંતરરાષ્ટ્રીય સંસ્થાને વધુ ને વધુ પ્રમાણમાં રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના મુકત વ્યાપારિક સંબંધોમાં હસ્તક્ષેપ કરવાની ફરજ પડશે. સમગ્ર માનવજાતિનાં વ્યાપારિક હિતોને પ્રથમ સ્થાન આપવામાં આવશે: આગવી પોતાને ફાવતી પ્રવૃત્તિઓ અને આ કે તે રાષ્ટ્રની મહેચ્છાઓ કે અસૂયાઓને માનવકલ્યાણને અધીન રહેવાની ફરજ પાડવામાં આવશે. પરસ્પર શોષણને સ્થાને જાતિના સંયુકત આર્થિક જીવનમાં યોગ્ય અને ન્યાયી ભાગનો આદર્શ સ્થપાશે. ખાસ કરીને એ કારણથી કે સમાજવાદ આગળ વધશે અને જુદા જુદા દેશોના આખા અસ્તિત્વને નિયંત્રિત કરવાની શરૂઆત હશે, એટલે એ જ સિદ્ધાંત આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં પણ સ્થાન પામશે અને આખરે વિશ્વરાજ્યને જગતનું ઔદ્યોગિક ઉત્પાદન અને વિતરણ એના હાથમાં લઈ લેવાનું કહેવામાં આવશે. દરેક રાષ્ટ્રને અમુક વખત સુધી એની પોતાની અપરિહાર્ય આવશ્યકતાઓનું ઉત્પાદન કરવા દેવામાં આવે, પરંતુ આખરે એમ લાગશે કે આ વસ્તુ વધુ આવશ્યક નથી. વેલ્સ કે સ્કોટલૅન્ડને બ્રિટિશ દ્વીપોના બાકીના ભાગોથી સ્વતંત્ર રીતે એની બધી આવશ્યકતાઓ ઉત્પન્ન કરવા કરતાં, કે હિંદુસ્તાનના એક પ્રાંતને દેશના બાકીના ભાગથી સ્વતંત્ર આર્થિક એકમ બનવા કરતાં, પ્રત્યેક પેદા કરશે અને વિતરણ કરશે માત્ર એ વસ્તુઓને કે જે એ વધુમાં વધુ લાભદાયી, કુદરતી, કાર્યક્ષમ અને સસ્તી રીતે માનવજાતિની સર્વસામાન્ય જરૂરત અને માંગ માટે પેદા કરી શકે, કે જેમાં એની પોતાની જરૂરતો અવિભાજ્ય રીતે આવી જશે. એ આ કામ, માનવજાતિની સર્વસામાન્ય સમજૂતીથી નિર્ણિત થયેલી પદ્ધતિ પ્રમાણે, એની રાજ્ય સરકાર દ્વારા અને અના સિદ્ધાંતોમાં એકરૂપ બનાવવામાં આવેલી પદ્ધતિ નીચે, સ્થાનિક વિગતમાં ગમે તેવા ફેરફાર કરીને કરશે કે જેથી એક આવશ્યક રીતે સંકુલ તંત્રની સાદામાં સાદી, સરળ અને બુદ્ધિયુકત કામગીરી સિદ્ધ થઈ શકે.

સમાજની સામાન્ય વ્યવસ્થાનું પ્રશાસન રાષ્ટ્રરાજ્યના રચના કાળમાં એમને માટે હતું એના કરતાં હવે ઓછી ફિકર કરવા જેવું રહ્યું છે, કારણ કે એ

સમય એવો હતો કે જ્યારે વ્યવસ્થાનું તત્ત્વ લગભગ નવેસરથી પેદા કરવાનું હતું અને હિંસા,અપરાધ અને વિદ્રોહ વધુ સહેલાં હતાં અને વધુ તો માનવજાતિની એક કુદરતી અને સર્વસામાન્ય વૃત્તિઓ જેવાં હતાં. અત્યારના વખતમાં, સમાજો આ બાબતમાં સંતોષજનક રીતે સુવ્યવસ્થિત થયા છે અને દેશદેશની વચ્ચે ખાસ જરૂરી કરારોથી સજ્જ થયા છે એટલું જ નહિ, પરંતુ વ્યવહારનાં ઝડપી સાધનોથી સંકળાયેલાં રાષ્ટ્રીય, પ્રાદેશિક અને નાગરિક શાસનતંત્રોની વિગતવાર પદ્ધતિથી પણ સજ્જ થયા છે. એટલે એ રાજ્ય જીવનની વ્યવસ્થાના એ ભાગોનું પણ નિયંત્રણ કરી શકે છે કે જેની સાથે જૂના વખતની જાડઘરી સરકારો પૂરી અસરકારક રીતે કામ લેવા શક્તિમાન ન હતી. એમ માનવામાં આવે છે કે વિશ્વરાજ્યમાં બધા દેશો એમની આંતરિક વ્યવસ્થામાં સ્વતંત્ર રહેશે અને એમના જુદા રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં છૂટથી વર્તશે. પરંતુ આમાં પણ એ સંભવ છે કે વિશ્વરાજ્ય વધુ કેન્દ્રીયતા અને એકરૂપતાની આપણે અત્યારે સહેલાઈથી માની શકીએ તેથી વધુ પ્રમાણમાં માગણી કરશે.

દૃષ્ટાંત તરીકે, સમાજના દેહમાં જ જન્મતા અને હજી નિર્મૂળ ન થઈ શકતા અપરાધના તત્ત્વની સામે સમાજની ચાલુ ગડમથલની બાબતમાં અત્યારની પદ્ધતિના કઢંગાપણાને ઓળખી લેવામાં આવશે અને એનો સંપૂર્ણ રીતે વિચાર કરવામાં આવશે. પહેલી આવશ્યકતા રહેશે પુનઃ પુનઃ સર્જાતા ભ્રષ્ટ માનવસત્ત્વના નિકટ નિરીક્ષણ અને અધીક્ષણની કે જેમાં અપરાધના જંતુને પોતાનું કુદરતી પ્રજનન સ્થાન મળી રહે છે. આ અત્યારે બહુ કઢંગી રીતે, અપૂર્ણ રીતે અને મોટે ભાગે અપરાધ થયા પછી દરેક રાષ્ટ્રના જુદા આરક્ષક દળ દ્વારા, નિષ્કાસન સંધિઓ અનુસાર અને સ્થળાંતર વિરુદ્ધ પરસ્પર સહાયથી કરવામાં આવે છે. વિશ્વરાજ્ય સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય અધીક્ષણ માટે, માત્ર આંતરરાષ્ટ્રીય અપરાધ અને ઉપદ્રવને નામે ઓળખવામાં આવે છે, અને જે ભવિષ્યના સંયોગોમાં વધવાનો સંભવ છે તેમની સાથે કામ લેવા માટે નહિ પરંતુ અપરાધોને અટકાવવાના વધુ મહત્ત્વના ઉદ્દેશથી આગ્રહ રાખશે.

કારણ કે વિશ્વરાજ્ય અને અપરાધને એના મૂળમાં અને એની ઉત્પત્તિ વખતે જ હાથ પર લેવાનું જરૂરી લાગશે. એ આનો પ્રથમ પ્રયાસ, કેળવણીની વધુ જ્ઞાનયુક્ત પદ્ધતિ અને નૈતિક અને ભાવનાત્મક પ્રશિક્ષણ દાખલ કરીને કરે કે જેથી અપરાધપ્રિય માનસનો વિકાસ મુશ્કેલ બને; બીજો પ્રયાસ કરે વૈજ્ઞાનિક કે જાતિશાસ્ત્રની રીતે ચિકિત્સા, ઉપચાર, પાર્થકય, કદાચ વિકૃત માનવબીજના વ્યંડનથી; ત્રીજો પ્રયાસ માનવતાવાન અને જ્ઞાનદીપ્ત કારાગાર પદ્ધતિ અને શિક્ષણ-પ્રણાલી દાખલ કરીને કરે કે જેનો ઉદ્દેશ દંડ નહિ પરંતુ વિકસતા કે વિકસેલા અપરાધીની પુનઃરચના કરી હોય. એ આગ્રહ રાખશે સિદ્ધાંતની અમુક એકરૂપતા

માટે કે જેથી એવા દેશ ન રહી જાય કે જે જૂની પછાત અને પુરાણા જગતની કે નીચી કક્ષાની કે અનિશ્ચિત પદ્ધતિઓ ચાલુ રાખે અને એ રીતે સર્વસામાન્ય ધ્યેયનો પરાભવ કરે. આ ઉદ્દેશ માટે કેન્દ્રિકૃત નિયંત્રણ જરૂરી કે કંઈ નહિ તો ખાસ સલાહકારક રહેશે. એવી જ રીતે ન્યાયતંત્રમાં પણ થશે. વર્તમાન પદ્ધતિ હજી સુધરેલી અને જ્ઞાનદીપ્ત માનવામાં આવે છે અને મધ્યયુગી પદ્ધતિઓની સરખામણીમાં એ એવી છે, પરંતુ એવો સમય આવશે કે જ્યારે એને ધિક્કારવામાં આવશે, ઢંગધડા વગરની અક્ષમ, અબુધ અને એની ઘણી મુખ્ય લાક્ષણિકતાઓમાં અર્ધી જંગલી, બહુ પહેલાનાં સમાજના વિહાર, લાગણી અને સામાજિક જીવનની અર્ધી સુધરેલી પદ્ધતિ ગણવામાં આવશે. વધુ બુદ્ધિયુકત પદ્ધતિના વિકાસ સાથે જૂના ન્યાયશાસ્ત્ર અને જૂની ન્યાયપદ્ધતિના સિદ્ધાંતો કે રીતોને જગતના કોઈ પણ ભાગમાં સંઘરી રાખવામાં આવે એ અસહ્ય થઈ પડશે અને વિશ્વરાજ્યે નવા સિદ્ધાંતો, અવનવી પદ્ધતિઓ, સર્વસામાન્ય વિધાન અને કદાચ સામાન્ય કેન્દ્રિત નિયંત્રણ દ્વારા એમને એકરૂપ બનાવવાં પડશે.

આ સર્વ બાબતોમાં, એમ માની શકાય કે, એકરૂપતા અને કેન્દ્રીયતા લાભદાયી અને અમુક અંશે અપરિહાર્ય બનશે; રાષ્ટ્રીય જુદાઈ અને સ્વતંત્રતાની કોઈ અસૂયાને આ સંયોગોમાં માનવજાતિના સર્વસામાન્ય કલ્યાણમાં હસ્તક્ષેપ કરવાની અનુજ્ઞા નહિ મળે. પરંતુ એમની રાજ્યપદ્ધતિની પસંદગી અને સામાજિક જીવનનાં અન્ય ક્ષેત્રોમાં રાષ્ટ્રોને એમના આદર્શો અને વલણોને અનુસરવા સ્વસ્થતાથી અને કુદરતી રીતે સ્વતંત્ર રહેવા દેવામાં આવશે. એમ પણ કહી શકાય કે આ બાબતોમાં રાષ્ટ્રો કદાપિ કોઈ ગંભીર ડખલ સહન નહિ કરે અને એમ પણ કહી શકાય કે વિશ્વરાજ્ય—તેમનો આ ઉદ્દેશ માટે ઉપયોગ કરવામાં આવે, એ એના અસ્તિત્વને માટે ઘાતક નીવડશે પરંતુ, વસ્તુતાએ, રાજકીય તટસ્થતાનો સિદ્ધાંત ભવિષ્યમાં ક્રમે ક્રમે ભૂતકાળમાં સ્વીકારાતો તેનાથી કે અત્યારે સ્વીકારાય છે તેનાથી પણ ઓછો અને ઓછો સ્વીકારાવા સંભવ છે. સર્વદા, પરસ્પર વિરોધી રાજકીય વિચારોના મોટા અને આવેશપૂર્ણ સંઘર્ષોના સમયમાં, પુરાણા ગ્રીસનાં કુલતંત્ર અને લોકતંત્રની વચ્ચે,— આધુનિક યુરોપમાં ફ્રેન્ચ ક્રાંતિના વિચારો અને જૂના શાસન વચ્ચે—તટસ્થતાનો સિદ્ધાંત ઊંચે મૂકી દેવામાં આવ્યો છે. પરંતુ આપણે હવે બીજી ઘટના, બીજી દિશામાંથી હસ્તક્ષેપનો સિદ્ધાંત આંતરરાષ્ટ્રીય જીવનના એક સામાન્ય નિયમ રૂપે ઊભો થતો જોઈએ છીએ. ક્યુબામાં અમેરિકન દરમીઆનગીરી જેવા હસ્તક્ષેપ વધુ ને વધુ પ્રમાણમાં શક્ય બની રહ્યા છે. જાહેર કરેલાં હિતોના કારણે નહિ પરંતુ ખુલ્લી રીતે સ્વાતંત્ર્યના બંધારણીયતા અને લોકશાહીના ટેકામાં કે એથી વિરુદ્ધના સામાજિક કે રાજકીય સિદ્ધાંતના ટેકામાં, અને એ રીતે આંતરરાષ્ટ્રીય કારણોસર અને વ્યવહારમાં આ

વિચારોના જોરે કે એક દેશની આંતરિક બાબતો, જેવી કે અવ્યવસ્થા અને અપર્યાપ્તિની અમુક અવસ્થાઓ અને એકલાને અસર કરતી બાબતો નથી, એના પડોશીઓ અને સમગ્ર માનવજાતિ માટે ચિંતાનો વિષય છે. એવો જ સિદ્ધાંત મિત્રરાજ્યોએ ગ્રીસની બાબતમાં આગળ ધર્યો હતો. એનો અમલ દુનિયાની સર્વથી શકિતશાળી પ્રજાઓમાંની એક ઉપર કરવામાં આવ્યો હતો, જ્યારે જર્મની એની ચાલુ રાજકીય પદ્ધતિ અને સિદ્ધાંતો બાજુએ મૂકી દે નહિ, આધુનિક લોકશાહી સ્વીકારે નહિ અને આપખુદ તંત્રના બધા અવશેષોને બરતરફ કરે નહિ ત્યાં સુધી[1] એની સાથે મિત્રરાજ્યોએ કોઈ સંબંધ રાખવાનો અથવા તો એને રાષ્ટ્રોના સમાજમાં ઇન્કાર કર્યો.

રાષ્ટ્રની આંતરિક બાબતોમાં માનવજાતિના સામાન્ય હિતનો વિચાર જેમ માનવજાતિનું જીવન વધુ ને વધુ સંયુકત થશે તેમ તેમ વધતો જશે. ભવિષ્યનો મોટો રાજકીય પ્રશ્ન થવાનો સંભવ છે, સમાજવાદનો પડકાર અને સર્વસત્તાધારી રાજ્યતંત્રનો પૂર્ણ વિકાસ. અને જો સમાજવાદ જગતના અગ્રેસર રાષ્ટ્રોમાં વિજયી થાય તો એ સર્વત્ર પોતાનો અમલ, માત્ર આડકતરા દબાણથી નહિ, પરંતુ સીધા હસ્તક્ષેપ દ્વારા, જેને એ પછાત ગણતો હશે એવા દેશોમાં સ્થાપવા પ્રયત્ન કરશે. આંતરરાષ્ટ્રીય શાસન, સંસદીય કે અન્ય કે જેમાં એને બહુમતી પ્રાપ્ત હશે કે એની પ્રધાન લાગવગ હશે એનો એ ઉપયોગ કર્યા વિના રહી શકશે નહિ; એ એટલું તૈયાર સાધન થઈ પડશે કે જેની અવગણના થઈ શકશે નહિ. વધુમાં પોતે મોટે ભાગે સમાજવાદી હોવાને કારણે વિશ્વરાજ્ય માટે મૂડીવાદી સમાજો ચાલતા રહે એ સહી લેવાનું શકય નહિ રહે,—મૂડીવાદી કે સમાજવાદી ગ્રેટબ્રિટન, સમાજવાદી કે મૂડીવાદી સ્કોટલૅન્ડ કે વેલ્સને સહી લે એથી વધુ તો નહિ જ. બીજી બાજુએ જો બધાં રાષ્ટ્રો સમાજવાદી થઈ જાય તો, આ બધા સમાજવાદોને માનવજાતિની એક મોટી પદ્ધતિમાં સુસંગત કરવાનું વિશ્વરાજ્ય માટે કુદરતી થઈ પડશે. પરંતુ એના તર્કશુદ્ધ પૂર્ણ વિકાસની સ્થિતિમાં સમાજવાદનો અર્થ થાય છે, રાજકીય અને સામાજિક પ્રકારની પ્રવૃત્તિ-ઓમાં ભેદનો ઉચ્છેદ; એનો અર્થ થાય છે એની પોતાની વ્યવસ્થિત સરકાર

---

૧. સ્પેનમાં એ દેશની લોકશાહી સરકાર સામે લડવા અને એને તોડી પાડવા ફાસીસ્ટ સત્તાઓની લગભગ ખુલ્લી દરમીઆનગીરી ભવિષ્યમાં શું બનવા સંભવ છે એનું સચોટ દૃષ્ટાંત છે. ત્યાર પછી એ જ દેશમાં ફ્રાન્કોના શાસનમાં એથી વિરુદ્ધ પ્રકારની દરમીઆનગીરીનો પ્રયાસ થયો છે, ગમે તેવું અધુરું અને શિથિલ તો પણ એની રાજ્યપદ્ધતિ અને સિદ્ધાંતમાં ફેરફાર કરવા વાસ્તે એના પર દબાણ મૂકવામાં આવ્યું છે.

અને શાસન નીચે સામાન્ય જીવનનું સમાજીકરણ અને એની સર્વાંગે આધીનતા. નાનું કે મોટું કોઈ એની નજર બહાર રહી જતું નથી. જન્મ અને લગ્ન, શ્રમ કે મનોરંજન અને આરામ, કેળવણી, સંસ્કૃતિ, શરીર અને ચારિત્ર્યનું પ્રશિક્ષણ કાંઈ, સમાજવાદી માનસ એના ક્ષેત્રની બહાર અને એના સર્વગ્રાહી અને અસહિષ્ણુ અંકુશ બહાર રહેવા દેતું નથી. તે કારણે આંતરરાષ્ટ્રીય સમાજવાદને સ્વીકારી લઈએ તો જુદી પ્રજાઓનાં ન તો રાજકારણ કે સામાજિક જીવન, વિશ્વરાજ્યના કે કેન્દ્રીય અંકુશમાંથી બહાર રહી જાય એવો સંભવ છે.[1]

આવી વિશ્વ-પદ્ધતિ આપણા વર્તમાન વિચારો અને આપણા જીવનની આદતોથી ખરે જ બહુ દૂરની વસ્તુ છે, પરંતુ આ વિચારો અને આદતો એમનાં મૂળોમાં જ પરિવર્તનનાં મહાન બળોની અસર નીચે આવી ગયાં છે, એકરૂપતા વધુ ને વધુ પ્રમાણમાં જગતનો કાનૂન બનતી જાય છે; એમની સાચવણી અને એમને પુનઃ સજીવન કરવાના સભાન પ્રયાસ છતાં સ્થાનિક વ્યકિતતાઓને સજીવન રહેવું મુશ્કેલ થતું જાય છે. પરંતુ એકરૂપતાનો વિજય કુદરતી રીતે કેન્દ્રીયતાને સહાય કરશે; અને જુદાપણાના મૂળભૂત લાભો અદૃશ્ય થશે. એક વાર કેન્દ્રીકરણ પૂરું થશે એટલે એકરૂપતા પણ સંપૂર્ણ થવાના માર્ગે ચઢી જશે. જે વિકેન્દ્રિતતા એકરૂપ થયેલી માનવજાતિમાં અનિવાર્ય રહેશે, તો શાસનિક સગવડ માટે હશે નહિ કે સાચી જુદાઈની વિવિધતા માટે. એક વાર પ્રભુત્વમાંથી આંતરરાષ્ટ્રીયતા સમક્ષ રાષ્ટ્રીય ભાવના દબાઈ જાય, એટલે સંસ્કૃતિ અને જાતિનાં વિશાળ કારણો જ વિશ્વ-રાજ્યની અંદર જુદાઈમાં બળવાન પરંતુ ગૌણ સિદ્ધાંત રૂપે રહેશે. પરંતુ સામૂહિક વૈવિધ્યના અન્ય સિદ્ધાંતોની પેઠે સાંસ્કૃતિક જુદાઈનો સિદ્ધાંત પણ આજકાલ એટલો જ જોખમમાં છે. યુરોપીય રાજ્યોની જુદાઈઓ કેવળ એક સર્વસામાન્ય પાશ્ચાત્ય સંસ્કૃતિના ગૌણ ભેદો છે, અને હવે જ્યારે વિજ્ઞાન-જીવન વિચાર અને પદ્ધતિની એકરૂપતા માટેની મોટી શકિત—સંસ્કૃતિ (અને) જીવનનો મોટો ભાગ બનતું જાય છે, અને એમની સમગ્રતારૂપ બનવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે આ વિવિધતાઓનું મહત્ત્વ ઘટી જવાનો સંભવ છે. કેવળ એક આત્યંતિક જુદાઈ પશ્ચિમના માનસ અને પૂર્વના માનસ વચ્ચે અસ્તિત્વમાં છે પરંતુ અહીં પણ એશીઆ યુરોપવાદનો આઘાત સહી રહ્યું છે અને યુરોપને ગમે તેટલો થોડો

૧. વ્યવહારમાં સમાજવાદની આ બાજુનું ધ્યાન ખેંચે એવું સમર્થન જર્મની અને ઈટાલીના સર્વાંગી શાસનમાં મળ્યું છે. રાષ્ટ્રીય (ફાસીસ્ટ) સમાજવાદ અને શુદ્ધ માર્કીસ્ટ સમાજવાદનો સંઘર્ષ લખતી વખતે આગળથી જોઈ શકાય એમ ન હતો; એમાંનું ગમે તે રૂપ આખરે જીતે, પરંતુ સિદ્ધાંત એક જ છે.

પણ એશીઆવાદનો વળતો પ્રવાહ અસર કરવા લાગ્યો છે. એક સર્વસામાન્ય વિશ્વસંસ્કૃતિ એ સર્વથી વધુ સંભાવ્ય નિષ્કર્ષ દેખાય છે, કેન્દ્રીકરણની સામેનો વજૂદવાળો વાંધો બિલકુલ દૂર ન થાય તો પણ ઓછા બળવાળો થઈ જશે. જાતિ-ભાન કદાચ વધુ મોટું વિઘ્ન છે કારણ એ વધુ સયુક્તિક છે; પરંતુ આ પણ નિકટતર બૌદ્ધિક, સાંસ્કૃતિક અને ભૌતિક સંસર્ગથી દૂર થાય કે જે બહુ દૂરના નહિ એવા ભવિષ્યમાં અનિવાર્ય છે.

વિશ્વવ્યાપક સમાજવાદના વિચારકનું સ્વપ્ન આમ અંતે સિદ્ધ થાય અને વિશ્વ-શક્તિઓનું વર્તમાન વલણ ચાલુ રહેશે એમ માની લઈએ તો, એ અમુક રીતે અનિવાર્ય છે. અત્યારે જે અવાસ્તવિક લાગે છે– એક સર્વ-સામાન્ય ભાષા તે પણ એક વસ્તુતા બને. કારણ કે એક રાજ્ય કુદરતી રીતે એના સર્વ વ્યવહાર, વિચાર અને સાહિત્યના સાધન તરીકે એક ભાષા સ્થિર કરવાનું વલણ રાખે છે. બાકીની, સ્થાનિક ઉપભાષાઓ કે પ્રાંતિક વાણીઓ બની જાય છે. ગ્રેટ બ્રિટનમાં, વેલ્સ કે ફ્રાન્સમાં પ્રોવેન્શાલની માફક; સ્વીટ્ઝર્લૅન્ડ જેવા અપવાદો થોડા છે. સંખ્યામાં એક કે બેથી ભાગ્યે જ વધારે અને એ અસાધારણ અનુકૂળ સંયોગોને લીધે સચવાઈ ગયા છે. એમ માનવું મુશ્કેલ છે કે શક્તિમાન સાહિત્યવાળી, કરોડો સુસંસ્કૃત લોકો બોલતા હોય એવી ભાષાઓ પોતાને ગૌણ સ્થાને મુકાઈ તે જવા દેશે કે પોતાને કોઈ જૂની કે નવી માનવીય ભાષાથી ફેંકાઈ જવા દેશે. પરંતુ એ ખામીથી ન કહી શકાય કે વૈજ્ઞાનિક સતર્કતા, માનવજાતિના માનસનો કબજો લઈ, જુદાઈની ભાવનાને જંગલી કઢંગાઈ ગણી, એક દિવસ આ માનસિક ચમત્કાર પણ સિદ્ધ ન કરે. ગમે તેમ પરંતુ સંભવ છે કે ભાષાનું વૈવિધ્ય, સંસ્કૃતિની, કેળવણીની, જીવનની અને સમાજવ્યવસ્થાની એકરૂપતામાં અનુબંધનીય અંતરાય ન નાખે કે માનવજાતિનાં સંયુક્ત સંકલ્પ અને બુદ્ધિએ, સર્વના કલ્યાણ માટે નક્કી કરેલી અને જીવનનાં સર્વ ક્ષેત્રોને લાગુ પાડવામાં આવતી વૈજ્ઞાનિક નિયંત્રણ પદ્ધતિના માર્ગમાં અંતરાય રૂપ ન નીવડે. કારણ કે જે પ્રકારનું વિશ્વ-રાજ્ય આપણે કલ્પ્યું છે તે એનું સમર્થન કરશે, એને માટે પ્રયત્નશીલ રહેશે, એની ભાવના, એની સયુક્તિકતા, એના માનવીય ઉદ્દેશ માટે ખડે પગે તૈયાર રહેશે. એ ખરેખર સંભવ છે, કે આખરે આ અને એથી કંઈ જ ઓછું એના અસ્તિત્વનું ઔચિત્ય પુરવાર કરવા પૂરતું ગણવામાં નહિ આવે.

પ્રકરણ ૨૭

# વિશ્વ-રાજ્યનાં ભયસ્થાનો

તો આ છે વિશ્વરાજ્યનું અંતિમ શક્ય રૂપ, જેનાં સ્વપ્ન સમાજવાદી, વૈજ્ઞાનિક, માનવતાવાદી વિચારકોએ સેવ્યાં છે કે જે વિચારકો આધુનિક ચેતનાની ઉચ્ચતમ કક્ષાનું પ્રતિનિધિત્વ કરે છે અને તેથી એનાં વલણોની દિશા પારખી શકે છે, જોકે સામાન્ય માણસ કે જેની દૃષ્ટિ એક દિવસ અને પછી તરત આવતી કાલથી આગળ જઈ શકતી નથી તેના અર્ધ-પ્રકાશિત માનસને એમનાં ચિંતનો અવાસ્તવિક અને અવ્યવહારુ લાગે. આપણે જોયું એમ, ખરી રીતે એ ચિંતનો કાંઈ એવાં નથી. એમના બાહ્ય રૂપમાં ન હોય તો પણ એમના સાર રૂપમાં એ ન કેવળ એક સતર્ક નિષ્પત્તિ પરંતુ માનવએકતા માટેની આરંભિક ધગશની અનિવાર્ય વ્યવહારુ અંતિમ સીમા છે, જો એને યાંત્રિક એકીકરણના સિદ્ધાંત પ્રમાણે અનુસરવામાં આવે તો. આ કારણથી આપણને એ કારક સિદ્ધાંતો અને આવશ્યકતાઓ સ્પષ્ટ રીતે બતાવવાનું જરૂરી લાગ્યું હતું, કે જે સંયુક્ત અને આખરે સમાજવાદી રાષ્ટ્ર-રાજ્યના વિકાસના પાયામાં રહેલી છે,— કે જેથી આંતરરાષ્ટ્રીય એકીકરણમાં એવું જ આંદોલન, વિકાસની એ જ પ્રકારની આવશ્યકતાને કારણે એ જ પરિણામ પર કેવી રીતે લઈ જશે એ જોઈ શકાય. 'રાજ્ય'નો સિદ્ધાંત, આવશ્યક રીતે એકરૂપતા, નિયમન, યાંત્રિકતા પ્રત્યે દોરી જાય છે; એનો અનિવાર્ય અંત છે સમાજવાદ. રાજકીય કે સામાજિક વિકાસમાં કોઈ નહિ ધારેલા બનાવ કે અકસ્માત માટે સ્થાન નથી, અને સમાજવાદનું આગમન કોઈ અકસ્માત નથી અથવા તો અનિશ્ચિત એવી કોઈ વસ્તુ નથી, પરંતુ 'રાજ્ય' વિચારના બીજમાં જ સમાવિષ્ટ થયેલું એ અનિવાર્ય પરિણામ છે. જ્યારથી એ વિચાર વ્યવહારમાં ઘડાવા લાગ્યો ત્યારથી એ અનિવાર્ય હતું. આલ્ફ્રેડો અને શાર્લમાનો અને બીજા વખત પાકે તે પહેલાં રાષ્ટ્રીય કે સામ્રાજ્ય એકીકરણ કરનારાઓના કામમાં આ પરિણામ ગૂઢ હતું. કારણ કે માણસો લગભગ હમેશાં એ શા માટે કામ કરે છે એ જાણ્યા વગર કરતા હોય છે.

પરંતુ અર્વાચીન કાળમાં નિશાનીઓ એટલી સ્પષ્ટ છે કે છેતરાવાની કોઈ આવશ્યકતા નથી અથવા તો એમ માનવાની કે જયારે આપણે વિશ્વ-એકીકરણના તંત્રનો પાયો નાખવાની શરૂઆત કરીએ ત્યારે એ પ્રયાસમાં જ સમાવિષ્ટ થયેલું પરિણામ વિકસવા આગ્રહ નહિ રાખે, એ અત્યારે ગમે તેટલું નિકટની કે દૂરની શકયતા રૂપ દેખાય. એક પ્રકારનું કડક એકીકરણ, એક વિશાળ એકરૂપતા અને સંયુકત માનવજાતિનું સમાજવાદી રૂપાંતર આપણા પરિશ્રમનું પૂર્વ નિર્મિત ફળ છે.

આ પરિણામ તો જ રોકી શકાય, જો કોઈ વિરોધી શકિત વચમાં આવી જાય અને પ્રતિષેધ કરે જેમ એશીઆમાં થયું હતું કે જ્યાં 'રાજ્ય' વિચાર, જો કે એની મર્યાદાઓમાં સમર્થન પામ્યો હતો તો પણ અમુક હદથી આગળ એની સિદ્ધિમાં આગળ જઈ શકયો ન હતો, કારણ કે રાષ્ટ્રીય જીવનનો પ્રતિષ્ઠારૂપ સિદ્ધાંત એના પૂરા અસહિષ્ણુ વિકાસની વિરુદ્ધ હતો. એશીઆની સૌથી વધુ વ્યવસ્થિત થયેલી જાતિઓ પણ હમેશાં એના આધુનિક અર્થમાં પ્રજાઓ રહી છે. એ રાષ્ટ્રો હતાં એક સર્વસામાન્ય આત્મિક જીવન, સંસ્કૃતિ, સામાજિક વ્યવસ્થા, રાજકીય આધિપત્યવાળાં હોવાના અર્થમાં, પરંતુ રાષ્ટ્ર-રાજ્યોના અર્થમાં નહિ. રાજ્યતંત્રનું અસ્તિત્વ માત્ર સીમિત અને ઉપર ઉપરના કામ પૂરતું હતું; લોકોના ખરેખરા જીવનને બીજી શકિતઓ નિર્ણિત કરતી હતી કે જેમાં રાજ્ય માથું મારી શકતું નહિ. એનું મુખ્ય કાર્ય રહેતું રાષ્ટ્રીય સંસ્કૃતિના પોષણ અને રક્ષણનું અને પ્રજાના સાચા જીવનને ડખલ વગર એની પોતાની રીતે અને પોતાનાં સ્વાભાવિક વલણો પ્રમાણે ચાલતા રહેવા માટે રાજકીય, સામાજિક અને શાસનિક વ્યવસ્થાનું હતું,– જ્યાં સુધી બની શકે ત્યાં સુધી એક અચલ વ્યવસ્થાનું, એક વ્યવસ્થિત વિશ્વ-રાજયને બદલે માનવજાતિની આવી કોઈ એકતા શકય છે, જો માનવજાતિનાં રાષ્ટ્રો પોતાની વિકસિત રાષ્ટ્રીયતાની ભાવનાને સાચવી રાખવામાં સફળ થાય અને 'રાજ્ય' વિચારના પ્રભુત્વને રોકવા શકિતમાન થાય. તો જે પરિણામ આવે તે માનવજાતિનું એક રાષ્ટ્ર અને એક વિશ્વ-રાજ્ય નહિ પરંતુ એનાં રાષ્ટ્ર-એકમોના ઐચ્છિક સંમેલન સાથે એક માનવપ્રજા અથવા તો, એમ બને કે, આપણે ઓળખીએ છીએ એ રૂપનું રાષ્ટ્ર અદૃશ્ય થઈ જાય, પરંતુ સામૂહિક એકમોનો, આંતરરાષ્ટ્રીય હકૂમતના કોઈ જરૂરી તંત્ર નીચે, એમના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક સંબંધોનાં શાંતિમય અને કુદરતી કર્તવ્યોમાં સુરક્ષિત, કોઈ નવો પ્રકાર અસ્તિત્વમાં આવે.

તો પછી આ બે શકયતાઓમાંથી કઈ પસંદ કરવા યોગ્ય છે? આ પ્રશ્નના ઉત્તર માટે આપણે આપણી જાતને પૂછવું જોઈએ કે માનવજાતિના જીવન માટે એક સંયુકત વિશ્વ-રાજ્યના સર્જનનો નફાનુકસાનનો હિસાબ કેવો છે,

સર્વ રીતે સંભવ છે કે પરિણામ તે વખત અને અત્યારના વખતના મોટા તફાવતને ધ્યાનમાં લેતાં, સારરૂપે આપણે પ્રાચીન રોમન સામ્રાજ્યમાં જોઈએ છીએ તેના જેવાં આવશે. જમા બાજુએ આપણને પહેલો લાભ મળશે, જગતની નિશ્ચિત શાંતિનો. એ શાન્તિ આંતરિક આઘાત કે ઉપદ્રવથી તદ્દન સલામત ન પણ રહે પરંતુ જો અમુક બાકી રહેલા મુખ્ય પ્રશ્નોનો પ્રમાણમાં સ્થાયી ઉકેલ આવી ગયો છે એમ માની લઈએ તો આંતર વિગ્રહના આવા પ્રસંગોપાત્ત ઉપદ્રવો કે જે જૂના રોમન સામ્રાજ્ય અર્થતંત્રને પજવતા, તેમનો પણ અંત આવી જાય અને જે કોઈ અવ્યવસ્થા તે છતાં પણ થઈ આવે તે એવી નહિ હોય કે જે સભ્યતાના સ્થિર બંધારણને હલાવી નાખે અને બધું ફરી મોટા અને તોફાની પરિવર્તનના વર્તુળમાં ખેંચાઈ જાય. શાંતિ નિશ્ચિત થઈ જાય, એટલે એક અસામાન્ય અપૂર્વ સુખાકારી અને સ્વાસ્થ્યનો વિકાસ થશે. છૂટા છૂટા ટુકડારૂપે નહિ પરંતુ એક રૂપે કામ કરતા માનવજાતિની સંયુકત સમજશકિત બાકી રહેલા મોટા પ્રશ્નોમાંના ઘણાનું નિરાકરણ લાવશે. જાતિનું પ્રાણમય જીવન એક બુદ્ધિગમ્ય સુવ્યવસ્થિત, બહુશ્રુત, બધાં વિઘ્નો, અકસ્માતો અને સમસ્યાઓને કમમાં કમ ઘર્ષણ, અવ્યવસ્થા અને સાહસ અને ભયની અનિશ્ચિતતા સાથે પહોંચી વળે એવી સંતોષકારક વ્યવસ્થાવાળા તંત્રમાં સ્થિર થશે. પ્રથમ તો, એક સાંસ્કૃતિક અને બૌદ્ધિક ઉત્ફુલ્લ વિકાસ થશે. વિજ્ઞાન માનવજાતિની પ્રગતિ માટે, જ્ઞાનની વૃદ્ધિ માટે અને યાંત્રિક કાર્યક્ષમતા માટે વ્યવસ્થિત થશે. જગતની વિવિધ સંસ્કૃતિઓ કે જે હજી જુદી જુદી વાસ્તવિકતાઓ રૂપે અસ્તિત્વ ધરાવે છે તે વધુ નિકટતાથી વિચારોની આપ લે કરશે એટલું જ નહિ પરંતુ એમની સિદ્ધિઓને એક સામાન્ય ભંડોળમાં એકત્રિત કરશે અને અમુક વખત સુધી તો વિચાર અને સાહિત્ય અને કળામાં નવાં ધ્યેયો અને સ્વરૂપો ઉત્પન્ન થશે. માણસો એકબીજાને પહેલાંના કરતાં વધુ આત્મીયતાથી અને પૂર્ણતાથી મળતા થશે, અત્યારે છે એવાં ઘર્ષણ, વિદ્વેષ અને અણગમાના ઘણા આકસ્મિક ઉદ્દેશોમાંથી મુકત થઈ વધુ પરસ્પર સમજૂતીનો વિકાસ કરશે અને જો બંધુત્વ પર નહિ તો,—કે જે માત્ર રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક એકયથી આવી શકતું નથી,—એની કોઈ અનુકૃતિ કે એક પ્રકારના પૂરતા માયાળુ સમાગમ પર પહોંચશે. એક અભૂતપૂર્વ તેજસ્વિતા, સૌખ્ય અને સગવડ, માનવજીવનના આ વિકાસમાં બની આવશે, અને નિઃસંદેહ યુગનો કોઈ મુખ્ય કવિ સર્વસામાન્ય કે રાજ્ય ભાષામાં— આપણે એને ઉત્સાહી આદર્શવાદીઓ કહીશું? વિશ્વાસ સાથે દૃઢતાથી સુવર્ણ યુગના ઉપક્રમ વિષે ગાશે કે એના વાસ્તવિક આગમન અને શાશ્વત સ્થાયિત્વની ઘોષણા કરશે. પરંતુ, થોડા વખત પછી જુસ્સો નરમ પડી જશે, માનવમન અને માનવજીવન સ્થિતિચુસ્ત થશે, પછી આવશે અપ્રવાહીતા,

સડો અને વિનષ્ટિ. માનવનો આત્મા એની સંપત્તિઓની મધ્યમાં સુકાવા લાગશે.

આ પરિણામ આવશે રોમન દૃષ્ટાંતમાં હતાં તેવાં જ મુખ્ય કારણોથી. પ્રાણવાન જીવનને માટે જરૂરી સંયોગો, સ્વતંત્રતા, ગતિમાન વિવિધતા અને મુકત રીતે વિકાસ કરતાં જીવનોની પારસ્પરિક ક્રિયા-પ્રતિક્રિયા ખોવાઈ ગયાં હશે. એમ કહેવામાં આવે કે આવું નહિ બને, કારણ કે વિશ્વ-રાજય એક મુકત લોકશાહી રાજય હશે— નહિ કે સ્વતંત્રતાને રૂંધનાર સામ્રાજય કે આપખુદી, અને કારણ કે સ્વતંત્રતા અને પ્રગતિ અર્વાચીન જીવનના મૂળ સિદ્ધાંત છે અને એ સિદ્ધાંતોની વિરુદ્ધ જાય એવો કોઈ વિકાસ સહન નહિ કરી લેવામાં આવે. પરંતુ આ બધામાં, વસ્તુત: કોઈ સલામતી આપવામાં આવતી હોય એમ લાગતું નથી. કારણ કે અત્યારે જે છે તે જુદા સંયોગો નીચે ટકે એવું કોઈ કારણ નથી અને એમ બનશે એવો વિચાર, એ વર્તમાન સંયોગોએ ભવિષ્યના તદ્દન જુદા હોય એવા સંયોગો પર નાખેલી ભ્રમજાળ છે. લોકશાહી એ સ્વતંત્રતાની કોઈ વિશ્વાસપાત્ર સંરક્ષક નથી; વિરુદ્ધમાં આજે આપણે લોકશાહી શાસન પદ્ધતિ સ્થિર પગલે વ્યકિતગત સ્વાતંત્ર્યના વિનાશ માટે એવી રીતે કૂચ કરતી જોઈએ છીએ કે જેનું આપણને જૂની કુલીનશાહી કે રાજાશાહી પદ્ધતિમાં સ્વપ્ન પણ આવી શકત નહિ. એ ખરું કે એ પદ્ધતિઓના પાશવી અને હિંસક અત્યાચારોમાંથી લોકશાહીએ એ રાષ્ટ્રોને ઉગારી લીધાં છે કે જે ઉદારમતવાદી શાસન સ્થાપવા ભાગ્યશાળી થયાં છે, અને એ બેશક મોટો લાભ છે. એ ફરી ક્રાંતિના કે ઉશ્કેરાટના સમયમાં, ઘણી વાર ટોળાઓના જુલમ રૂપે અથવા તો ઘાતકી ક્રાંતિકારી કે પ્રત્યાઘાતી નિરોધના રૂપમાં સજીવન થાય છે. પરંતુ દેખાવમાં વધુ માન ભરી રીતે છતાં વધુ સૂક્ષ્મ રીતે પદ્ધતિપૂર્વક મુલાયમ રીતે સ્વતંત્રતા છિનવાય છે કારણ કે એની પાછળ વધુ શકિત છે પરંતુ એ કારણે જ વધુ અસરકારક અને વ્યાપક છે. બહુમતીનો ત્રાસ એ હવે જાણીતી ઉકિત થઈ છે અને એની જડ બનાવી દેતી અસરો કેટલીક આધુનિક બુદ્ધિપ્રધાન વ્યકિતઓએ પ્રબળ રોષ સાથે વર્ણવી છે,[1] પરંતુ ભવિષ્ય આપણે માટે વધુ પ્રચંડ સમગ્રનો જુલમ, સ્વસંમૂઢ માનવસમૂહનાં એનાં ઘટક સમૂહો અને એકમો પરના જુલમની આગાહી કરે છે.[2]

---

૧. ઈબ્સને એના લોકશત્રુ નામના નાટકમાં.

૨. આ ઘટનાની આકરી શરૂઆત ફાસીસ્ટ ઈટલીમાં અને સોવીએત રશીઆમાં જોવામાં આવી. આ લખાણ લખાયું ત્યારે આ વિકાસ માત્ર કલ્પનામાં અગાઉથી જોઈ શકાયો હતો; પછીથી એણે વધતી જતી ઘટનાનું રૂપ લીધું અને હવે આપણે એનો પૂરો અને પ્રચંડ દેહ જોઈ શકીએ છીએ.

આ એક નોંધપાત્ર વિકાસ છે. ખાસ કરીને એ કારણે કે લોકશાહી આંદોલનની શરૂઆતમાં એ વ્યકિતસ્વાતંત્ર્યનો આદર્શ હતો કે જે એણે પ્રાચીન તેમજ અર્વાચીન કાળમાં આગળ રાખ્યો હતો. ગ્રીકોએ લોકશાહીને બે વિચારો સાથે સાંકળી લીધી હતી. પહેલો, કોમના શાસનિક, વૈધાનિક, વહીવટીતંત્રમાં પ્રત્યેક નાગરિકનો અસરકારક અને વૈયકિતક હિસ્સો, બીજો વ્યકિતના સ્વભાવ અને કર્તવ્યની વિસ્તૃત સ્વતંત્રતા. પરંતુ, આ બેમાંથી એકેય લાક્ષણિકતા લોકશાહીના આધુનિક પ્રકારમાં ખીલી શકે એમ નથી, જોકે અમેરિકાનાં સંયુકત રાજ્યોમાં એક વખત આ દિશામાં વલણ હતું. મોટાં રાજ્યોમાં, સરકારી તંત્રમાં દરેક નાગરિકનો વ્યકિતગત હિસ્સો અસરકારક નીવડી શકે નહિ; એને વ્યકિત રૂપે તો ભ્રમજનક પરંતુ સમૂહ રૂપે અસરકારક, વખત વખત પર એનાં સંસદીય રાજ્યો અને શાસનકારોની પસંદગીમાં સરખો ભાગ મળે. જોકે એમની પસંદગી વ્યવહારમાં લોક સમસ્તમાંથી કે એમની બહુમતીમાંથી ન થવી જોઈએ એવો નિયમ નથી, તો પણ અત્યારે લગભગ બધે આ મધ્યમવર્ગી સંસદ સભ્યો અને શાસકો એમના મતદારોના ખરેખરા પ્રતિનિધિ હોતા નથી. જે શકિતનું એ પ્રતિનિધિત્વ કરે છે એ બીજી છે, નિરાકાર અને અશરીરી સત્ત્વ છે કે જેણે રાજા અને કુળવાનશાહીનું સ્થાન લીધું છે, એ અવ્યકત સમૂહ-સત્ત્વ કે જે એક પ્રકારનું બાહ્યરૂપ અને શરીર ધારણ કરે છે અને આધુનિક રાજ્યના અતિકાય યંત્રમાં સભાન કર્મ કરે છે. આ શકિતની સામે માનવ-વ્યકિત જૂની આપખૂદીઓની સમક્ષ હતો તેથી પણ વધુ પ્રમાણમાં અસહાય છે, જ્યારે એને એનું દબાણ એની એકરૂપતાનાં બીબાંમાં પોતાને વાટી નાખતું લાગે છે ત્યારે અને માટે એક નિર્વીર્ય અરાજકતાવાદ કે પછી પીછેહઠ સિવાય કોઈ ઉપાય રહેતો નથી, જે પીછેહઠ કંઈક અંશે હજી એના આત્માની મુકિતમાં, કે એના બૌદ્ધિક સત્ત્વની સ્વતંત્રતામાં શકય રહી છે.

કારણ કે આ એક લાભ આધુનિક લોકશાહીનો છે કે જેનો એણે હજી ત્યાગ કર્યો નથી અને જે પ્રાચીન સ્વતંત્રતા એટલા પ્રમાણમાં સિદ્ધ કરી શકી ન હતી—એ છે વાણી અને વિચારની પૂર્ણ સ્વતંત્રતા; અને જ્યાં સુધી આ સ્વતંત્રતા ટકી રહેશે, ત્યાં સુધી માનવજાતિની અપ્રાગતિક અવસ્થા અને અપ્રવાહિતાનો ભય અસ્થાને લાગે—ખાસ કરીને જ્યારે એની સાથે વ્યાપક કેળવણીનો પ્રચાર હોય છે કે જે કાર્યસાધક શકિત પેદા કરવા માટે ખૂબ મોટું માનવીય ક્ષેત્ર પૂરું પાડે છે. વિચાર અને વાણીનું સ્વાતંત્ર્ય ઉભય, આવશ્યક રીતે સાથે ચાલે છે કારણ કે વિચારનું ખરું સ્વાતંત્ર્ય ન હોઈ શકે જ્યાં સુધી વાણીસ્વાતંત્ર્ય પર તાળુ વાસવામાં આવ્યું હોય અને એ પૂરું ન હોઈ શકે જો સભાસ્વાતંત્ર્ય ન હોય તો; કારણ કે વાણીસ્વાતંત્ર્યનો અર્થ છે મુકત પ્રચારવાદ

અને મુકત પ્રચાર અસરકારક થાય છે સભાથી, એના ઉદ્દેશોની પૂર્તિ માટે સમાગમથી. આ ત્રીજી સ્વતંત્રતા બધાં લોકશાહી રાજ્યોમાં વત્તીઓછી હદમાં અને વ્યવહારમાં જરૂરી લાગતા ડહાપણભર્યા અપવાદ સાથે પણ અસ્તિત્વમાં છે. પરંતુ એ પ્રશ્ન છે કે આ મોટાં મૌલિક સ્વાતંત્ર્યો માનવજાતિએ શું સંપૂર્ણ રીતે અને કાયમ માટે જીતી છે ? કોઈ કોઈ વાર અમુક સમય માટે એ સ્વતંત્ર રાષ્ટ્રોમાં પણ સ્થગિત કરવામાં આવે છે અને પરાધીન દેશોમાં જ્યાં એને અનેક મહત્ત્વના અંકુશોથી સીમિત કરવામાં આવે છે તેને અપવાદ ગણીએ તે સિવાય પણ ? એ શકય છે કે આ દિશામાં આપણે માટે અમુક આશ્ચર્યો ભાવિએ સંઘરી રાખ્યાં હોય.[1] વિચારસ્વાતંત્ર્ય છેલ્લી માનવીય સ્વતંત્રતા હશે કે જેની ઉપર સર્વ-નિયામક રાજ્ય સીધી રીતે હુમલો કરશે, પ્રથમ તો એ વ્યકિતના સમગ્રજીવનનું નિયમન કરવા, કોમી માનસ દ્વારા કે એના નિયમો-એ માન્ય રાખેલા ધોરણ પ્રમાણે પ્રયાસ કરશે પરંતુ જ્યારે એ જોશે કે જીવનને ઘડવામાં વિચાર કેટલો વ્યાપક મહત્ત્વનો છે ત્યારે એને પણ હાથમાં લેવા દોરાશે; વ્યકિતના વિચારો ઘડવા પ્રત્યે, રાજ્ય સંચાલિત કેળવણીતંત્ર દ્વારા અને વ્યકિતને રાજ્ય-સંમાનિત સામૂહિક, નૈતિક, સામાજિક, ધાર્મિક વિચારો સ્વીકારવાનું શીખવીને કે જેમ ઘણી પ્રાચીન શિક્ષણ-પ્રણાલીઓમાં કરવામાં આવતું હતું. માત્ર જો એને આ હથીઆર અસરકારક નહિ લાગે તો જ એ વિચાર-સ્વાતંત્ર્યને એ સ્વતંત્રતા રાજ્ય અને સભ્યતા માટે ભયરૂપ છે એવું બહાનું કાઢીને સીધી રીતે કુંઠિત કરવા પ્રયાસ કરશે. અત્યારથી જ આપણે જોવા લાગ્યા છીએ કે બહુ સૂચક નિશાનીઓ રૂપે વ્યકિતના વિચારોમાં ડખલ કરવાના રાજ્યના હક્કની ઘોષણાઓ થઈ રહી છે. કોઈ ધારે કે ધર્મની સ્વતંત્રતા તો માણસજાતિ માટે સિદ્ધ થઈ ગઈ હશે. પરંતુ હમણાં જ આપણે "રાજ્ય માટે વિચારનો સ્વીકાર ફરજીઆત નથી, સગવડ રૂપે એનું માન રાખવામાં આવે, નહિ કે હક્ક રૂપે." એ સિદ્ધાંતનું સમર્થન કરતા નવા વિચારના પ્રચારકને જોયો છે. એમ કહેવામાં આવે છે કે સંપ્રદાયોને ધાર્મિક સ્વાતંત્ર્ય આપવું એ કંઈ કાનૂની આવશ્યકતા નથી, અને ખરેખર આ સતર્ક દેખાય છે, કારણ કે જો રાજ્યને વ્યકિતના સમગ્ર જીવનનું નિયમન કરવાનો અધિકાર હોય તો એને અવશ્ય એના ધર્મનું નિયમન કરવાનો અધિકાર હોવો જોઈએ, જે એના જીવનનો અને એના વિચારનો પણ મહત્ત્વનો ભાગ છે અને જેની એના જીવન

---

૧. હવે એ આશ્ચર્ય નથી રહ્યું. પરંતુ વધુ ને વધુ વસ્તુતા રૂપ બન્યું છે. આ ક્ષણે વાણી અને વિચારનું સ્વાતંત્ર્ય રશીઆમાં હયાત નથી અને અમુક વખત માટે જર્મની અને દક્ષિણ યુરોપમાં બિલકુલ સ્થગિત કરી દેવામાં આવ્યું હતું.

પર આટલી પ્રબળ અસર છે.[1]

ધારી લઈએ કે સર્વનિયામક સમાજવાદી રાજ્ય સ્થપાઈ ગયું છે, તો પછી એવા શાસન નીચે વિચારસ્વાતંત્ર્યનો અર્થ જરૂર માત્ર વિગતોની ટીકા કરવાનો નહિ પરંતુ વર્તમાન પરિસ્થિતિના ખુદ સિદ્ધાંતોની ટીકા કરવાનો પણ થાય. આ પ્રકારની ટીકા, જો માત્ર મરી પરવારેલા ભૂતકાળની પ્રત્યે નજર રાખે નહિ પરંતુ ભવિષ્ય પ્રત્યે પણ નજર દોડાવે તો, એ એક જ દિશા લઈ શકે, અરાજકતાવાદની દિશા, કાં તો આધ્યાત્મિક ટોલ્સ્ટોયન પ્રકારના કે પછી બુદ્ધિવાદી અરાજકતાવાદની કે જે અત્યારે નાની બુદ્ધિમતીની માન્યતા છે પરંતુ જે યુરોપી દેશોમાં એક વધતી જતી શકિત છે. એ એમના સંદેશ તરીકે વ્યકિતના મુકત વિકાસની ઘોષણા કરશે અને શાસન માત્રને એક અશુભ વસ્તુ તરીકે અને હવે બિલકુલ આવશ્યક નહિ એવા અશુભ તરીકે ધિક્કારી કાઢશે. એ પોતાની માન્યતા જાહેર કરશે માનવજીવનના સાચા આદર્શ તરીકે. વ્યકિતના ધાર્મિક, નૈતિક, બૌદ્ધિક અને સ્વભાવના આંતરિક વિકાસ અને સંવર્ધનની અને બીજી બધી વસ્તુઓ પ્રાપ્ત કરવાના પ્રયાસને અયોગ્ય ગણશે જો એ આ આદર્શનો ત્યાગ કરીને મળતી હોય તો, અને એવા ત્યાગને એ પોતાના આત્માના વેચાણ જેવો ગણશે. સમાજના આદર્શ તરીકે એ દબાણ વિનાના મુકત સહજીવનને અથવા તો વ્યકિતઓના બંધુત્વને ઉપદેશશે.

આ પ્રકારના વિચારસ્વાતંત્ર્યને વિશ્વરાજ્ય શું કરશે ? એ એને સહી લે, એ વ્યકિતરૂપે કે સમૂહ રૂપે, એ વિચારોને ક્રિયામાં ન ઉતારે ત્યાં સુધી. પરંતુ જેવા એ ફેલાવા લાગે અને જીવનમાં સક્રિય રીતે પોતાનો આવિર્ભાવ કરે કે તરત 'રાજ્ય' વિષેના આખા સિદ્ધાંત અને અસ્તિત્વ ઉપર આક્રમણ થશે અને અનો પાયો જ ડગમગી જશે. વિનાશને એના મૂળમાંથી રોકવો કે પોતાના ઉચ્છેદનમાં સંમત થવું એ બે વિકલ્પો સ્થાપિત સત્તા માટે ખુલ્લા રહેશે. પરંતુ આવી કોઈ આવશ્યકતા ઊભી થાય તે પહેલાં રાજ્ય દ્વારા સર્વ વસ્તુઓના નિયમનનો સિદ્ધાંત પોતે જ માનવના માનસિક તેમજ શારીરિક જીવનના કોમી માનસ દ્વારા નિયંત્રણ કરવા સુધી ફેલાયો હશે કે જે પહેલાંની સભ્યતાઓનો આદર્શ હતો. સમાજની અચલ, સ્થિર વ્યવસ્થા પરિણામે

---

૧. પૂર્વદર્શનમાં એ ભૂલ હતી—એ ધારણા કે રાજ્ય વિચારસ્વાતંત્ર્યને સંપૂર્ણ રીતે દબાવી દેતાં અચકાશે; એ ત્વરાથી અને નિર્ણયાત્મક રીતે બાલ્શેવીસ્ટ રૂશીઆએ અને સર્વગ્રાહી રાજ્યતંત્રોએ કર્યું છે. ધાર્મિક સ્વતંત્રતા હજી પૂરી નાશ પામી નથી, પરંતુ એ રૂશીઆમાં રાજ્યના દબાણથી નિર્દય રીતે દબાઈ જઈ રહી છે, જે જર્મનીમાં રાજ્યની ભીંસ નીચે કરવામાં આવ્યું હતું.

અનિવાર્ય બનશે, કારણ કે વ્યકિતના સ્વાતંત્ર્ય વિના સમાજ પ્રગતિમાન રહી શકે નહિ. એ એક ચીલામાં ફસાઈ જાય, એક નિયત પૂર્ણતાના ખાંચામાં અથવા એવી અવસ્થામાં કે જેને એ એમાં સદેહ બનેલી પદ્ધતિની સતર્કતા અને વ્યવસ્થાની સુઘડતાને કારણે પૂર્ણતાનું નામ આપશે. સમાજરૂપી સમૂહ સર્વદા એની ચેતનામાં સ્થિતિચુસ્ત હોય છે અને એ ધીમી ગતિએ અવચેતન પ્રકૃતિની વિલંબિત પદ્ધતિએ ચાલે છે. મુકત વ્યકિત એક સભાન પ્રગતિમાન સત્ત્વ છે; જ્યારે એ એની પોતાની સર્જક અને ગતિમાન ચેતના સમૂહને પ્રદાન કરી શકે છે, ત્યારે જ પ્રગતિમાન સમાજ શકય બને છે.

# એકતામાં વિવિધતા

જો, આપણે તાર્કિક બુદ્ધિના આપખુદ નિયમ અને એના કઠોર અને પ્રતિબંધક વિચાર માટેના પક્ષપાતથી એવા પ્રયોગોમાં ફસાઈ પડવું ન હોય કે જે વ્યવહારમાં ગમે તેટલા સગવડીઆ અને ઐકયપ્રિય અને સમપ્રમાણ વિચારને ગમે તેટલા આકર્ષક લાગતા હોય તો પણ જે જીવનના જોમનો નાશ કરે અને એનાં મૂળોને ચીમળાવી દે એવા હોય, તો આપણે જીવનની મૂળભુત શકિતઓ અને વાસ્તવિકતાઓને સતત નજર સામે રાખવી એ આવશ્યક છે. કારણ કે એ શકય છે કે કોઈ વસ્તુ તાર્કિક બુદ્ધિની દૃષ્ટિએ આપણને પૂર્ણ અને સંતોષકારક લાગે તો પણ તે જીવનના સત્ય અને મનુષ્યની જીવંત આવશ્યકતાઓને અવગણતી હોય. એકતા એક એવો વિચાર છે કે જે બિલકુલ એકતરફી કે અવાસ્તવિક નથી, કારણ કે એકતા તો અસ્તિત્વની પ્રતિષ્ઠા છે. એકતા કે જે ગૂઢ રીતે, સર્વ વસ્તુઓના પાયામાં છે, તેને પ્રકૃતિમાં વિકાસ પામતો આત્મા એની ઉન્નતિના શિખરે સભાન રીતે સાક્ષાત્ કરવા માગે છે; ઉત્ક્રાંતિ અનેકતામાંથી સરળ એકતામાં, સંકુલ એકતા પ્રત્યે ગતિમાન થાય છે. જાતિ એકતા પ્રત્યે ગતિ કરી રહી છે અને એક દિવસ તે એને સિદ્ધ કરશે.

પરંતુ એકરૂપતા એ કંઈ જીવનનો નિયમ નથી. જીવન વિવિધતામાં અસ્તિત્વ ધરાવે છે. એ આગ્રહ રાખે છે કે પ્રત્યેક સમૂહ, પ્રત્યેક સત્ત્વ એની વૈશ્વિકતામાં બાકીના બધાની સાથે એક છે તે છતાં, વિવિધતાના કોઈ સિદ્ધાંત વડે કે સુયોજિત વિગતથી એ એક અદ્વિતીય વસ્તુ બને. કેન્દ્રીકરણ કે જે સક્રિય એકરૂપતાની પૂર્વ શરત છે તે જીવનની સ્વાસ્થ્યયુકત રીત નથી. વ્યવસ્થા એ ખરે જ જીવનનો નિયમ છે, પરંતુ કૃત્રિમ નિયંત્રણ નહિ. સધ્ધર વ્યવસ્થા એ છે કે જે અંદરથી આવે છે, પ્રકૃતિના ફળરૂપે આવે છે, કે જે પ્રકૃતિએ એનો પોતાનો નિયમ અને બીજાઓની સાથેના એના સંબંધોનો નિયમ પણ શોધી લીધો હોય. એટલા માટે સાચામાં સાચો નિયમ એ છે કે જે વધુમાં વધુ

સ્વાતંત્ર્ય ઉપર પ્રતિષ્ઠિત થયેલો હોય છે; કારણ કે સ્વાતંત્ર્ય એ એક સાથે જોરદાર વિવિધતાની અને આત્મોપલબ્ધિની પૂર્વ શરત છે. પ્રકૃતિ સમૂહોમાં વિભાજન કરીને વિવિધતા સિદ્ધ કરે છે, અને સમૂહના ઘટકોમાં વ્યકિતત્વની શકિત દ્વારા સ્વાતંત્ર્ય માટે આગ્રહ રાખે છે. માટે માનવજાતિની એકતા, સંપૂર્ણ રીતે સ્વસ્થ અને જીવનના ઊંડામાં ઊંડા નિયમો અનુસાર થાય એ માટે, ઐચ્છિક સમૂહના પર સ્થાપવી જોઈએ અને સમૂહો વળી મુકત વ્યકિતઓના કુદરતી સમાગમ રૂપ હોવા જોઈએ. આ એક એવો આદર્શ છે કે જે વર્તમાન પરિસ્થિતિઓમાં અથવા તો કદાચ માનવજાતિના નજદીકના ભવિષ્યમાં પણ સિદ્ધ થવો અશકય છે. પરંતુ એ એવો આદર્શ છે કે જે નજર સમક્ષ રખાવો જોઈએ, કારણ કે આપણે એની જેટલા નિકટ હોઈશું તેટલા પ્રમાણમાં આપણે સાચે રસ્તે હોવાનો વિશ્વાસ રાખી શકીશું. માનવજીવનના ઘણા ભાગની કૃત્રિમતા એના ઊંડે બેઠેલા ઘણાખરા રોગોનું મૂળ કારણ છે; એ એની પોતાની જાતને વફાદાર નથી કે પ્રકૃતિ સાથે સરલ નથી અને તેથી એ ગોથાં ખાય છે અને દુ:ખી થાય છે.

જો આપણે પ્રકૃતિમાં વિભાજનના એક મોટા સિદ્ધાંતના ઉદ્દેશ અને એની પ્રક્રિયાનો વિચાર કરીએ તો કુદરતી સમૂહોની ઉપયોગિતા અને આવશ્યકતા જોઈ શકાય. પાછલી સદીની આખરે અને આ સદીની શરૂઆતમાં આખી માનવજાતિ માટે એક સર્વસામાન્ય ભાષાની શોધ બહુ પ્રબળ હતી અને પરિણામે એ માટે ઘણા પ્રયોગો કરવામાં આવ્યા હતા, જેમાંથી એક પણ કોઈ પ્રાણવાન સ્થાયિત્વ સુધી પહોંચી શકયો નહિ. હવે માનવજાતિ માટે વ્યવહારના એક માધ્યમની ગમે તેટલી જરૂરત હોય અને એ જરૂરત ગમે તે માર્ગે પૂરી થાય, એક કૃત્રિમ અને સંમાનિત ભાષાથી કે કોઈ કુદરતી ભાષાથી. જેમ કે લૅટીન અને ત્યાર પછી થોડે અંશે ફ્રેન્ચ કેટલાક વખત સુધી યુરોપીય રાષ્ટ્રોની વચ્ચે વ્યવહારની સામાન્ય સાંસ્કૃતિક ભાષા હતી કે જેમ હિંદની પ્રજાઓ માટે સંસ્કૃત હતી, તો પણ કોઈ એકીકરણ કે જે માનવજાતિની ભિન્ન ભિન્ન પ્રકારની કુદરતી ભાષાઓનો નાશ કરે, આચ્છાદિત કરે, વામણી બનાવી દે અને એના બહોળા અને મુકત ઉપયોગને અનુત્સાહિત કરે, તે માનવજીવન અને પ્રગતિને નુકસાન કર્યા વિના રહેશે નહિ. બાબેલના મિનારાની દંતકથા વાણીની અનેકતાને માનવજાતિ પર મુકાયેલા શાપ રૂપે વર્ણવે છે; પરંતુ એના ગમે તેવા ગેરલાભ હોય તો પણ, અને એ સભ્યતા વધતા જતા વ્યવહારને કારણે ઓછા થતા જાય છે, એ શાપ કરતાં વધારે તો આશીર્વાદ રૂપ થઈ છે, એ માનવજાતિને મળેલી ભેટ છે, એની ઉપર લદાયેલી અશકિત નહિ. કોઈ પણ વસ્તુની અર્થહીન અતિશયતા અશુભ છે, અને જુદી જુદી ભાષાઓનો અતિશય ઉદ્‌ભવ જેનાથી આત્મા કે સંસ્કૃતિના સાચા વૈવિધ્યમાં કોઈ કામ સરતું ન હોય તો અંતરાય

રૂપ છે, સહાય રૂપ નહિ; પરંતુ આ અતિશયતા જોકે ભૂતકાળમાં હતી[1] પરંતુ ભવિષ્યમાં રહે એવો ભાગ્યે જ સંભવ છે. હવે તો વલણ બીજી દિશામાં છે. પહેલાંના વખતમાં ભાષાઓની ભિન્નતા જ્ઞાન અને સહાનુભૂતિમાં અંતરાય સર્જતી હતી અને એ ભિન્નતાનો ઉપયોગ જાતિ જાતિ વચ્ચે અણગમો ઉત્પન્ન કરવામાં થતો અને એમાંથી સામાન્ય રીતે દૃઢ વિભાજન થતું. જરૂરી પરસ્પર સંપર્કનો અભાવ, સમજૂતીનો નિષ્ક્રિય અભાવ અને ગેરસમજૂતીઓનો ફળદ્રૂપ પાક પેદા કરતો. પરંતુ આ તો વિકાસના અમુક તબક્કાનું અનિવાર્ય અશુભ હતું, માનવજાતિમાં દૃઢ વ્યકિતત્વ પ્રાપ્ત સમૂહાત્માઓના જોરાવર વિકાસ માટે તે વખતની આવશ્યકતાનો ઉદ્રેક હતો. આ ગેરલાભો હજી અદૃશ્ય થયા નથી, પરંતુ વધુ નિકટ પરસ્પર સંપર્કથી અને માણસો અને રાષ્ટ્રોની એકબીજાના વિચાર, આત્મા અને વ્યકિતત્વ વિષે જ્ઞાન મેળવવાની વધતી જતી ઇચ્છાથી, તે ઓછા થયા છે અને વધુ પ્રમાણમાં ઓછા થતા જાય છે અને કોઈ કારણ નથી કે શા માટે એ અંતે બિલકુલ નિષ્ફળ ન થઈ જાય.

ભાષાનું વૈવિધ્ય માનવઆત્માના બે મહત્ત્વના ઉદ્દેશોને ઉપયોગી થાય છે, એકીકરણ માટે અને વૈવિધ્ય માટે. ભાષા જે માણસો એ બોલે છે તેમને વધતા જતા વિચાર, ઘડાયેલા સ્વભાવ અને પરિપકવ આત્માની અમુક વિશાળ એકતામાં લઈ આવવામાં સહાય કરે છે. એ એક બૌદ્ધિક, કલાત્મક અને આવિષ્કારક સંબંધ પેદા કરે છે જેના વડે જ્યાં ભેદ અને વિભાગ અસ્તિત્વમાં હોય છે, ત્યાં એ એમની કઠણાઈ ઓછી કરે છે અને જ્યાં એકતા સ્થપાઈ છે ત્યાં એ એને દૃઢ કરે છે. ખાસ કરીને એ રાષ્ટ્રીય કે જાતિય એકતાને એક પ્રકારનો સ્વભાવ આપે છે અને એમને આત્માના આવિર્ભાવનું અને એમની સિદ્ધિઓના આલેખનનું એક સર્વસામાન્ય સાધન આપે છે. બીજી બાજુએ, એ રાષ્ટ્રીય વૈવિધ્યનું પણ સાધન છે. અને કદાચ સૌથી શકિતમાન સાધન. એ માત્ર વિભાજનનો અનુર્વર સિદ્ધાંત નથી પરંતુ એક સફળ અને સહાયકારક સિદ્ધાંત છે. કારણ કે પ્રત્યેક ભાષા જે પ્રજા એ કુદરતી રીતે બોલે છે, તે પ્રજાના આત્માનું ઇંગિત અને શકિત છે. પ્રત્યેક ભાષા તેથી એના વિશિષ્ટ આત્માનો વિચાર, મિજાજ, જીવન, જ્ઞાન અને અનુભવ સાથે કામ લેવાની રીતનો વિકાસ કરે છે. એ જો બીજાં રાષ્ટ્રોના વિચાર, જીવન-અનુભવ

---

૧. ભારતમાં વિદ્યાડંબરીઓ, મને ખબર નથી કે કેટલી સો ભાષાઓ ગણે છે. આ તો મૂર્ખાઈભરેલું કુવિધાન છે. બારેક મોટી ભાષાઓ છે; બાકીની સ્થાનિક ઉપભાષાઓ અથવા તો આદિમ જાતિઓની મૂળ બોલીઓના અવશેષ માત્ર છે કે જે વહેલા કે મોડા અદૃશ્ય થવા બંધાયેલા છે.

અને આધ્યાત્મિક સંસ્પર્શનો સ્વીકાર અને સત્કાર કરે છે તો એમને પોતાનું રૂપ આપે છે અને રૂપાંતરની શકિત દ્વારા માનવજાતિના જીવનને પોતે સ્વીકારેલી ફળદ્રૂપ આયાતથી સમૃદ્ધ કરે છે અને બીજેથી મેળવેલી વસ્તુઓનું કેવળ પુનરાવર્તન નથી કરતી. એ કારણે રાષ્ટ્ર માટે, માનવસમૂહ-આત્મા માટે એની ભાષાની સાચવણી અને એને મજબૂત અને જીવંત સાંસ્કૃતિક સાધન બનાવવી એ બહુ જ મૂલ્યવાન વસ્તુ છે. એક રાષ્ટ્ર, જાતિ અથવા તો પ્રજા કે જે પોતાની ભાષા ખોઈ દે છે તે એનું સમગ્ર કે સાચું જીવન જીવી શકતી નથી, અને રાષ્ટ્રીય જીવનનો આ લાભ સાથે સાથે માનવજાતિના સર્વસામાન્ય જીવન માટે પણ એક લાભ છે.

એક સ્પષ્ટ માનવસમૂહ એની પોતાની જુદી ભાષા ન હોય તો અથવા તો બીજા સમૂહની ભાષાને, પોતાના રાષ્ટ્રીય આવિર્ભાવ રૂપ ભાષાને બદલે સ્વીકારી લે છે તે શું ગુમાવે છે તે આપણને બ્રિટિશ ઉપનિવેશો, અમેરિકાનાં સંયુકત રાજ્યો અને આયર્લૅન્ડમાં જોવા મળે છે. ઉપનિવેશો સાચે જ ચૈતસિક રીતે જુદી પ્રજાઓ છે, જોકે એ હજી જુદાં રાષ્ટ્રો નથી, મોટે ભાગે અને કંઈ નહિ તો મહત્ત્વને અંશે, એમની ઉત્પત્તિએ, અને રાજકીય અને સામાજિક સહાનુભૂતિએ એ પ્રજાઓ ઇંગ્લિશ છે છતાં ઇંગ્લૅન્ડની પ્રતિકૃતિઓ નથી, પરંતુ મિજાજે તો એ કયારનીયે જુદી છે, એમનું વલણ જુદું છે અને એમની વિશિષ્ટ લાક્ષણિકતાઓનો વિકાસ કરતી જાય છે. પરંતુ આ નવું વ્યકિતત્વ એમના જીવનના બાહ્ય અને માત્ર યાંત્રિક ભાગમાં જ દેખાય છે અને ત્યાં પણ મહત્ત્વની, અસરકારક કે ફળદાયી રીતે નહિ. બ્રિટિશ ઉપનિવેશો જગતની સંસ્કૃતિની નામાવલીમાં હજી ગણાતા નથી કારણ કે એમની કોઈ સ્વદેશી સંસ્કૃતિ નથી અને કારણ કે ભાષાએ—તો એ ઇંગ્લૅન્ડના પ્રાંતો છે અને માત્ર પ્રાંતો રહેવા જોઈએ. એમના માનસિક જીવનમાં એ કેટલીક ખાસિયતો વિકસાવે તો તે માત્ર એક પ્રકારની પ્રાંતીયતા સર્જશે, નહિ કે એક કેન્દ્રભૂત પોતાનું જુદું—બૌદ્ધિક, કળામય, આધ્યાત્મિક, માનવજાતિ માટે ખાસ વિશિષ્ટ મહત્ત્વવાળું જીવન. એ જ કારણે સમગ્ર અમેરિકા એક બળવાન અને સ્વાયત્ત રાજકીય અને આર્થિક સત્ત્વ હોવા છતાં, સંસ્કૃતિમાં એનું વલણ યુરોપના એક પ્રાંતના વલણ જેવું લાગે છે, દક્ષિણ અને મધ્ય અમેરિકા સ્પેનીશ ભાષા પર આશ્રિત હોવાથી અને ઉત્તર અમેરિકા એના ઇંગ્લિશ પરના આશ્રયના કારણે. સંયુકત રાજ્યોનું જીવન એક મોટા અને જુદા સાંસ્કૃતિક અસ્તિત્વ માટે વલણ ધરાવે છે અને પ્રયાસ કરે છે. પરંતુ એ એની શકિતના પ્રમાણમાં સફળ થતું નથી. સંસ્કૃતિની દૃષ્ટિએ એ હજી મોટે ભાગે ઇંગ્લૅન્ડનો પ્રાંત છે, નહિ એનું સાહિત્ય—બે કે ત્રણ મોટાં નામો સિવાય, કે નહિ કળા કે વિચાર કે નહિ બીજું કંઈ મનના

ઉચ્ચતર સ્તર પર, એના આત્માની વિશિષ્ટ પ્રકારની સ્વતંત્ર પ્રબળ પરિપક્વતા પર પહોંચી શક્યું છે. અને એ આમ છે કારણ કે એના આત્માના આવિષ્કારનું સાધન ભાષા કે જે એના રાષ્ટ્રીય મને ઘડવી જોઈએ અને જેનાથી એનું માનસ ઘડાવું જોઈએ, તે ઘડાય છે અને ભવિષ્યમાં ઘડાતી રહેશે જુદા માનસવાળા દેશમાં, જે દેશ દ્વારા અને જે દેશમાં એને એનાં કેન્દ્ર અને વિકાસના નિયમ શોધવા રહેશે. જૂના વખતમાં અમેરિકાએ અંગ્રેજી ભાષા એની પોતાની જરૂરત પ્રમાણે, એક નવી બોલી બની જાય ત્યાં સુધી વિકસાવી અને બદલી નાખી હોત. જેવી રીતે મધ્યયુગીન રાષ્ટ્રોએ લૅટીનનું કર્યું અને એ રીતે આત્મ-આવિષ્કારનું લાક્ષણિક સાધન સંપાદન કર્યું, પરંતુ અત્યારની સ્થિતિમાં એ સહેલાઈથી બની શકે તેમ નથી.[1]

આયર્લૅન્ડની પોતાની ભાષા હતી જ્યારે એની પોતાની મુક્ત રાષ્ટ્રીયતા અને સંસ્કૃતિ હતી, અને એની હાનિ આઈરીશ રાષ્ટ્રની સાથે માનવજાતિની હાનિ બની ગઈ, કારણ કે આ કેલ્ટિક પ્રજા કે જેણે એની સૂક્ષ્મ ચૈતસિક વલણ અને ત્વરિત બુદ્ધિ અને કોમલ—મૃદુ કલ્પના દ્વારા યુરોપની સંસ્કૃતિ અને ધર્મ માટે શરૂઆતમાં આટલું બધું કર્યું હતું, તેણે કુદરતી સંયોગો નીચે આ બધી સદીઓ દરમિયાન જગતને શું ન આપ્યું હોત? પરંતુ જબરદસ્તીથી પરદેશી ભાષા ઠોકી બેસાડવામાં આવી અને રાષ્ટ્રને એક પ્રાંત બનાવી દેવામાં આવ્યો. એ રીતે આટલી બધી સદીઓ સુધી આયર્લૅન્ડને મૂગું અને અપ્રવાહિત સંસ્કૃતિવાળું, અને યુરોપના જીવનમાં એક મૃત-બળ જેવું છોડી દેવામાં આવ્યું; અને આવી ખોટની સામે એ પૂરતો બદલો ગણી શકાય નહિ કે આઈરીશ પ્રજા ઇંગ્લિશ સંસ્કૃતિ ઉપર પોતાની જાતિની થોડી આડકતરી અસર પાડી શકી કે આઈરીશ વિભૂતિઓએ એમની કુદરતી પ્રજ્ઞાને વિચારના પરદેશી બીબાંમાં ફરજીઆત રેડી. અને જ્યારે આયર્લૅન્ડ એની સ્વતંત્રતાના સંગ્રામ દરમિયાન એના મુક્ત આત્માને પુનઃ પ્રાપ્ત કરવા પ્રયાસ કરતું હતું અને શબ્દિત કરવા માગતું હતું ત્યારે પણ એને તકલીફ પડી છે, કારણ કે એને એના જુસ્સાને અને વિશિષ્ટ વલણને કુદરતી રીતે ન દર્શાવી શકે એવી પરદેશી ભાષા વાપરવી પડી હતી. વખત જતાં, આ અંતરાય ઉપર એ જીત મેળવે,

---

૧. એમ કહેવાય છે કે હવે એવો સ્વતંત્ર વિકાસ અમેરિકામાં થઈ રહ્યો છે; એ જોવાનું રહે છે કે એ ક્યાં સુધી એક પ્રાણવાન વસ્તુતા બને છે; અત્યારે તો એણે એક પ્રાંતીયતા જેટલું પરિવર્તન કર્યું છે, એક પ્રકારની રાષ્ટ્રીય લૌકિક કે ઉતાવળી વિચિત્રતા, આવા વિકાસને અંતે પણ એ એક ઉપભાષા જેવી થાય, પરંતુ રાષ્ટ્રીય ભાષા ન થઈ શકે.

આ ભાષાને એ પોતાની બનાવી લે અને એની પાસે પોતાનો આવિષ્કાર કરાવે, પરંતુ જેટલા સમૃદ્ધ, પ્રાણવાન અને મુકત વ્યકિતત્વ સાથે એ એની ગૅલીક ભાષામાં એ કામ કરી શકી હોત તે પ્રમાણે કરવામાં, એમ કરી શકે તો પણ વખત જશે. એણે એ ભાષા પુનઃ પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો છે પરંતુ એ પ્રયાસની પૂરી સફળતા માટે કુદરતી અંતરાયો અતિશય ભારે છે અને એ હમેશાં બહુ મજબૂત રીતે કાયમ રહેવાનો સંભવ છે.

આધુનિક ભારત એનું બીજું સચોટ દૃષ્ટાંત છે. ભારતમાં ઝડપી પ્રગતિના માર્ગમાં કોઈ વસ્તુ એટલી આડે નથી આવી. આધુનિક સંયોગોમાં એની આત્મખોજ અને વિકાસને એટલી સફળતાથી કોઈ વસ્તુએ રોકયાં નથી જેટલા પ્રમાણમાં એ સંસ્કૃતિનાં વાહનોરૂપ ભાષાઓ ઉપર ઇંગ્લિશ ભાષાના છવાઈ જવાથી થયું છે. એ નોંધપાત્ર વસ્તુ છે કે ભારતમાં એક ઉપરાષ્ટ્ર કે જેણે પહેલેથી આ ધૂંસરી સ્વીકારવાની ના પાડી દીધી, જે એની પોતાની ભાષાના વિકાસમાં લાગી ગયું, જેણે એ કામને લાંબા કાળ સુધી એનો મુખ્ય વ્યવસાય બનાવી દીધો, એને પોતાનાં સૌથી મૌલિક મન અને સૌથી પ્રાણવાન બળ આપ્યાં, જેણે બીજી બધી વસ્તુઓને ઉપર ઉપરથી જોઈ લઈ, વાણિજ્યને ભૂલી જઈ, રાજકારણને પણ માત્ર બુદ્ધિ અને વકતૃત્વની રમત જેમ ચલાવી લીધું,— તે બંગાળે પોતાનો આત્મા પુનઃ પ્રાપ્ત કર્યો, પોતાની જાતને પુનઃ આધ્યાત્મિક બનાવી, એની આધ્યાત્મિક વિભૂતિઓને સાંભળવાની સમસ્ત જગતને ફરજ પાડી. એણે પ્રથમ અર્વાચીન ભારતીય કવિ આપ્યો અને વિશ્વ-વ્યાપક કીર્તિ અને સિદ્ધિવાળો ભારતીય વિજ્ઞાની આપ્યો, ગોંધાઈ રહેલી ભારતીય કળાને ફરી સજીવન કરી અને બળ પ્રદાન કર્યું. જગતની સંસ્કૃતિમાં એને ફરી ગણનાપાત્ર કર્યું. પ્રથમ, બાહ્ય જીવનમાં એના પરિણામે જીવંત રાજકીય ચેતના પ્રાપ્ત કરી અને એના આત્મામાં અને એના કેન્દ્રીય આદર્શમાં અનુકરણ રૂપ નહિ એવું જીવતું રાજકીય આંદોલન સિદ્ધ કર્યું.[1] કારણ કે રાષ્ટ્રના જીવનમાં ભાષાનું એટલું બધું મહત્ત્વ છે, સમગ્ર માનવજાતિની એ એટલી મોટી સંપત્તિ ગણાય છે કે એના સામૂહિક આત્માઓએ સબળ સામૂહિક વ્યકિતત્વ દ્વારા, એમના કુદરતી આત્મઆવિષ્કારના એ સાધન રૂપે એને સાચવવી જોઈએ.

એક સર્વસામાન્ય ભાષા એકતા લાવવામાં મદદ કરે છે અને તેથી એમ કહેવાય કે માનવજાતિની એકતા ભાષાની એકતા માગે છે; આ વધુ મોટા કલ્યાણ માટે, તાત્કાલિક ત્યાગ ગમે તેવો ભારે હોય તો પણ વિવિધતાના

---

૧. હવે, જરૂર એ બદલાઈ ગયું છે. આ ઉકિતઓ ભારતની અત્યારની સ્થિતિને લાગુ પડતી નથી.

લાભો જતા કરવા જોઈએ. પરંતુ એ સાચી, ફળદાયી અને જીવંત એકતા તો જ લાવી શકે છે, જો એ જાતિનો કુદરતી આવિષ્કાર હોય કે, જો એને લાંબા આંતરિક સંસર્ગ અને વિકાસથી આવિષ્કારનું કુદરતી સાધન બનાવવામાં આવી હોય. વિશ્વ-ભાષાઓ કે જે એમના બોલનારાઓ માટે કુદરતી નહોતી તેમનો ઈતિહાસ ઉત્સાહજનક નથી. સર્વદા એવી ભાષાઓ મૃત ભાષાઓ થઈ જાય છે, જ્યાં સુધી એ એમની પકડ કાયમ રાખે છે ત્યાં સુધી એ અનુર્વર હોય છે, અને એ ફળદ્રૂપ થાય છે જ્યારે એમનું ખાતર થઈ જાય છે અને જુદી જુદી નવી ભાષાઓને પોતાની પાછળ મૂકતી જાય છે, જો એ જીવતી રહી હોય તો, એની ઉપર નવી છાપ અને અસર સાથે સજીવન થવા. લૅટીન પશ્ચિમમાં એની પહેલી એક સદીની ભાષાની પ્રભુતા પછી સર્જન માટે તે નિર્વીર્ય અને મરેલી વસ્તુ બની ગઈ, અને જે રાષ્ટ્રો એ બોલતાં હતાં એમનામાં કોઈ નવી કે જીવતી અને વિકસતી સંસ્કૃતિ પેદા કરી શકી નહિ; ખ્રિસ્તી ધર્મ જેવી મોટી શકિત પણ એને નવું જીવન આપી શકી નહિ. જે સમયમાં એ યુરોપીય વિચારોનું વાહન હતી તે કાળ દરમિયાન વિચારો ભારે, પરંપરાગત અને ઓછામાં ઓછા ફળદાયી હતા. ત્વરિત અને પ્રાણવાન નવજીવન ત્યારે વિકસી આવ્યું કે જ્યારે મરતી લૅટીનના મલબામાંથી જે ભાષાઓ નીકળી આવી અથવા તો જે જૂની ભાષાઓ લુપ્ત થઈ ગઈ ન હતી તેમણે રાષ્ટ્રીય સંસ્કૃતિનાં સંપૂર્ણ સાધનો તરીકે એનું સ્થાન લીધું. કારણ કે નૈસર્ગિક ભાષા લોકો બોલે એ પૂરતું નથી; એ એમના ઉચ્ચતર જીવન અને વિચારની અભિવ્યકિતરૂપ બનવી જોઈએ. જે ભાષા, અંગ્રેજોની જીત પછીની વેલ્સ કે ફ્રાન્સમાં બ્રેતાં કે પ્રોવેન્શાલ અથવા તો ઑસ્ટ્રીઆમાં એક વખતે ઝેક કે રૂશીઆમાં રૂથેનીઅન અને લીથુયેનીઅન જીવતી રહી તેમ કેવળ સ્થાનીય બોલી કે પ્રાન્તીય ઉપભાષા રૂપે જીવતી રહે છે, તે નિષ્પ્રાણ અને નિર્વીર્ય બની જાય છે અને જીવંત રહેવાનો બધો ખરો ઉદ્દેશ પૂરો કરતી નથી.

ભાષા એ તો પ્રજાના સાંસ્કૃતિક જીવનની નિશાની છે, વિચાર અને મનમાં એના આત્માની સૂચિ છે કે જે પાછળ ઊભી રહે છે અને એના કર્મ-પ્રધાન આત્માને સમૃદ્ધ કરે છે. એટલા માટે ભાષાઓની વિચારણામાં વિવિધતા અને એ ઉપયોગિતાનાં મૂલ્ય માત્ર બાહ્ય ચીજો કરતાં વધુ સહેલાઈથી અને બહુ ત્વરાથી જોઈ શકાય છે; પરંતુ આ સત્યો ઉપયોગનાં છે કારણ કે એ, જે વસ્તુનો એ આવિષ્કાર કરે છે અને મૂર્તિમંત કરે છે અને જેના સાધન રૂપે એ પોતે કામ કરે છે તેને પણ લાગુ પડે છે. ભાષાની વિવિધતા સાચવવા જેવી છે કારણ કે સંસ્કૃતિઓની વિવિધતા અને જીવસમૂહોની જુદાઈઓ સાચવવા યોગ્ય છે, કારણ કે વૈવિધ્ય વિના જીવન પૂરું ખીલી શકતું નથી; કારણ કે એના અભાવમાં એક

પ્રકારનું લગભગ પતન અને ગતિહીનતાનું જોખમ રહે છે. રાષ્ટ્રીય વૈવિધ્યનું કોઈ એકરૂપ થયેલી માનવએકતામાં વિલયન કે જે યોજનાપ્રિય વિચારકનું આદર્શ સ્વપ્ન છે અને જેની ઘણી વ્યાવહારિક શકયતા અને સંભાવ્યતા પણ આપણે જોઈ છે, અને જે અમુક વલણ પ્રભુત્વ મેળવે તો રાજકીય શાંતિ, આર્થિક સુખાકારી, સુવ્યવસ્થિત પ્રશાસન અને સો સો ભૌતિક પ્રશ્નોના નિરાકરણ પ્રત્યે લઈ જાય એમ છે, જેમ રોમન એકતા એ જૂના જમાનામાં, પ્રમાણમાં નાનાં ક્ષેત્રોમાં કર્યું હતું તેમ. પરંતુ આખરે એનો શો લાભ, જો એ સાથે સાથે જાતિના માનસને એક અસર્જક નિર્વીર્યતામાં અને જાતિના આત્માને ગતિહીનતામાં લઈ જાય? સંસ્કૃતિ અને માનસિક અને આત્મિક વસ્તુઓ પર આ ભાર મૂકવામાં જીવનના બાહ્ય ભૌતિક તત્ત્વનું મૂલ્ય ઓછું ગણવાનો કોઈ ઉદ્દેશ હોવાની જરૂર નથી; મારો એને ક્ષુદ્ર ગણવાનો બિલકુલ ઉદ્દેશ નથી કે જેને પ્રકૃતિ આટલા આગ્રહપૂર્વક મહત્ત્વ આપે છે. સામે પક્ષે, આંતરિક અને બાહ્ય એકબીજા પર આધાર રાખે છે. કારણ કે આપણે જોઈએ છીએ કે રાષ્ટ્રના જીવનમાં રાષ્ટ્રીય સંસ્કૃતિ અને પ્રાણવાન માનસિક અને આત્મિક જીવનનો મહાન સમય હમેશાં એક વ્યાપક હિલચાલ અને આંદોલનનો ભાગ હોય છે, જેનો સામો ભાગ રાષ્ટ્રના બાહ્ય રાજકીય, આર્થિક અને વ્યાવહારિક જીવનમાં છે. સંસ્કૃતિ ભૌતિક પ્રગતિને ઉત્પન્ન કરે છે અથવા વધારે છે. પરંતુ સંસ્કૃતિને પણ ભૌતિક પ્રગતિની જરૂર છે કે જેથી એ પોતે જોરથી અને તંદુરસ્ત રીતે ફૂલીફાલી શકે. માનવજગતની શાંતિ, સુખાકારી અને સુવ્યસ્થા એ બહુ જ ઇચ્છનીય વસ્તુ છે, એક મહાન વિશ્વસંસ્કૃતિના પાયારૂપે કે જેમાં સમગ્ર માનવજાતિ સંયુકત થવી જોઈશે. પરંતુ બન્ને એકતામાંથી એક પણ બાહ્ય કે આંતરિક શાંતિ, વ્યવસ્થા અને સુખાકારી કરતાં પણ વધુ મહત્ત્વના એક તત્ત્વ સ્વતંત્રતા અને જીવનોત્સાહ વગર ન રહેવી જોઈએ, જે માત્ર વૈવિધ્ય અને સમૂહ અને વ્યકિતની સ્વતંત્રતાથી સિદ્ધ કરી શકાય છે. તો પછી એકરૂપ એકતા નહિ, તાર્કિક રીતે સાદી, વૈજ્ઞાનિક રીતે કડક, સુંદર રીતે સુઘડ અને યાંત્રિક એકતા જ નહિ, પરંતુ એક જીવંત એકતા, સ્વાસ્થ્યયુકત, સ્વાતંત્ર્ય અને વૈવિધ્યથી ભરપૂર— એવો આદર્શ આપણી નજર સામે રાખવો જોઈએ અને એ માનવીના ભાવિમાં સિદ્ધ થાય એવો પ્રયાસ કરવો જોઈએ.

પરંતુ આ મુશ્કેલ ધ્યેય કેવી રીતે સિદ્ધ કરાશે? કારણ કે જો અતિ એકરૂપતા અને કેન્દ્રીયતાનું વલણ જરૂરી વૈવિધ્યો અને આવશ્યક સ્વાતંત્ર્યોને અદૃશ્ય કરવા તરફ છે, તો પ્રાણવાન વૈવિધ્ય અને જોરાવર સામૂહિક વ્યકિતવાદ પુરાણી જુદાઈની અસાધ્ય હઠીલાઈમાં કે સતત પુનરાવર્તનમાં લઈ જાય, જે માનવએકતાને પૂર્ણ બનતાં રોકે કે એને પૂરાં મૂળ પણ નહિ નાખવા દે. કારણ

કે ઘટક સમૂહો કે વિભાગો માટે અમેરિકન સંયુક્ત રાજ્યોમાં છે એવી અમુક દેખીતી વહીવટી અને વૈજ્ઞાનિક જુદાઈ પર્યાપ્ત નથી, જો, જેમ ત્યાં છે તેમ, સ્વતંત્રતા માત્ર યાંત્રિક ફેરફારો પૂરતી જ હોય અને સર્વસામાન્ય ધોરણમાંથી કોઈ ગહન આંતરિક નવસંચાર માટે આવશ્યક સર્વ કોઈ વિચલનને કે પ્રસ્થાનને નિરુત્સાહિત કરવામાં આવતું હોય કે એનો નિષેધ કરવામાં આવતો હોય. અને એકતાનું સંસ્થાપન અને સાથે સાથે જર્મન પદ્ધતિનું પ્રાદેશિક સ્થાનિક સ્વાતંત્ર્ય એ પણ પર્યાપ્ત નહિ થાય; કારણ કે ત્યાં તો મોટામાં મોટી પ્રભુત્વવાળી વસ્તુ હતી ઐક્યકારક શિસ્તબદ્ધ પ્રુશીઅનવાદ અને સ્વાતંત્ર્ય તો માત્ર બાહ્ય રૂપનું જ હતું. ઇંગ્લિશ ઉપનિવેશ પદ્ધતિ પણ આપણને કોઈ સૂચના આપી શકતી નથી, કારણ કે ત્યાં સ્થાનિક સ્વતંત્રતા છે અને જીવનની જુદી પ્રાણવત્તા છે, પરંતુ એમનાં દિમાગ, દિલ અને કેન્દ્રીય પ્રાણ એમનાં રાજધાની જેવા દેશ—ઇંગ્લૅન્ડમાં છે અને બાકીની બધી ચીજો બહુ તો ઍન્ગ્લો-સેક્ષનવાદની સરહદી ચોકીઓ જેવી છે.[1] સ્વીસ કેન્ટોનલ જીવન પણ કોઈ ફળદાયી સાદૃશ્ય આપી શકતું નથી. કારણ કે એમાં છે ક્ષેત્રફળ અને રૂપની સ્વલ્પતા ઉપરાંત, એક સ્વીસ જીવનની અને વ્યાવહારિક ઉમંગની ઘટના અને રાષ્ટ્રને વિભાજિત કરતી ત્રણ સંસ્કૃતિઓ પર આધાર રાખતી માનસિક પરાશ્રિતતા: એક વ્યાપક સ્વીસ સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવતી નથી. પ્રશ્ન છે ખરે જ મોટા માપનો, વધુ મુશ્કેલ માપનો અને વધુ આંટીઘૂંટીવાળો છે, જે બ્રિટિશ સામ્રાજ્ય સમક્ષ ઊભો હતો, કે થોડી પણ શકયતા હોય તો ગ્રેટબ્રિટન, આયર્લૅન્ડ, વસાહતો, ઇજીપ્ત, હિંદને એક સાચી એકતામાં કેવી રીતે સાંકળી લેવા, એમની શકિતઓને એક સામાન્ય ઉદ્દેશ માટે કેવી રીતે વાપરવી, એક રાષ્ટ્રાતીત જીવનમાં એમની રાષ્ટ્રીય વ્યકિતતાઓનો હિસાબ ખોળવામાં કેવી રીતે મદદ કરવી, છતાં એ વ્યકિતતાઓને સાચવવી,—આયર્લૅન્ડ આઇરીશ આત્મા અને જીવન અને સાંસ્કૃતિક સિદ્ધાંત સાચવી રાખે, હિંદુસ્તાન ભારતીય આત્મા અને જીવન અને સાંસ્કૃતિક સિદ્ધાંત સાચવી રાખે, બીજાં ઘટકો એમના એ તત્ત્વોનો વિકાસ કરે, એક સામાન્ય ઍન્ગ્લીકરણથી એકીકૃત નહિ કે જે ભૂતકાલીન સામ્રાજીય રચનાનો આદર્શ હતો, પરંતુ ઐચ્છિક એકતાના હજી સુધી કાર્યાન્વિત નહિ થયેલા સિદ્ધાંત દ્વારા. આ પ્રશ્નના ઉકેલ માટે કયારે પણ કંઈ જ સૂચવવામાં આવ્યુ ન હતું—સિવાય કે એક જાતના ગુચ્છમાં ભેગા કરવાનું, નહિ કે એક જીવતી ડાળ પર ઊગેલાં પાન કે ફૂલ રૂપે કે ઇતિહાસનાં પ્રકરણો રૂપે. કારણ કે એમનો એક સામાન્ય

---

૧. આ પહેલાં કરતાં ઓછું હોય, પરંતુ સુધારો બહુ દૂર સુધી જઈ શકયો નથી.

ભૂતકાળ નથી, પરંતુ એક શાસનિક એકતાના કૃત્રિમ તારથી બાંધીને કે જે કોઈ ક્ષણે કેન્દ્રત્યાગી શકિતઓના જોરે અસાધ્ય રીતે તૂટી જાય એવો છે.

પરંતુ, અંતે એમ કહી શકાય કે એકતા પ્રથમ આવશ્યક વસ્તુ છે અને એ કોઈ પણ ભોગે સંપાદન કરવી જોઈએ. જેમ રાષ્ટ્રીય એકતા સ્થાનિક એકમોના ભિન્ન અસ્તિત્વોને કચરી નાખીને સધાઈ હતી ત્યાર પછી રાષ્ટ્રીય એકમથી જુદા પ્રકારના સામૂહિક વૈવિધ્યનો નવો સિદ્ધાંત ખોળી શકાય, અહીં સાદૃશ્ય ભ્રમજનક થાય છે, કારણ કે એક મહત્ત્વનું કાંઈક તત્ત્વ ખૂટે છે. કારણ કે રાષ્ટ્રના જન્મનો ઈતિહાસ છે નાનાં સમૂહોના, અનેક બીજા મોટા સમૂહોમાંના એક એકમમાં વિલયનનો. નાનાં એકમોની જૂની સમૃદ્ધિ કે જેણે આવી ભવ્ય સાંસ્કૃતિક સફળતા પરંતુ નિર્માલ્ય રાજકીય પરિણામો ગ્રીસ, ઈટલી અને હિંદમાં આપ્યાં, તે અહીં ખોવાઈ ગઈ હતી. પરંતુ જીવનનો સિદ્ધાંત ભિન્નતાના વૈવિધ્યથી સજીવન થયેલાં રાષ્ટ્રો સાથે સચવાયો હતો અને ખંડનું સાંસ્કૃતિક જીવન એક સામાન્ય પૃષ્ઠ-ભૂમિકાને કારણે સચવાયું હતું. અહીં એવું કાંઈ શકય નથી. એક એકાકી ઐકય થશે, વિશ્વ-રાષ્ટ્ર, વિવિધતાનાં બધાં બાહ્ય મૂળ અદૃશ્ય થઈ જશે. તેથી અંદરનાં મૂળ, જોકે કંઈક ફેરફાર સાથે, કોઈ ગૌણસ્થાને સાચવવાં પડશે અને તેમને જીવતાં રહેવા પ્રોત્સાહિત કરવાં પડશે. સંભવ છે કે આમ ન બની શકે, એકતાવાદી ખ્યાલ જોરથી એનું પ્રભુત્વ સ્થાપે અને હયાત રાષ્ટ્રોને નર્યા ભૌગોલિક પ્રાંતોમાં અથવા તો એક સુયંત્રિત રાજ્યના શાસનિક વિભાગોમાં બદલી નાખે. પરંતુ એ અવસ્થામાં જીવનની અપમાનિત આવશ્યકતા એનું વેર, સ્થગિતતા, પતન અને નવી જુદાઈને સર્જનાર ફાટફૂટ રૂપે કે અંદરના કોઈ વિદ્રોહના તત્ત્વથી લેશે. દૃષ્ટાંત રૂપે અરાજકતાનો સંપ્રદાય જોર કરે અને જગતના શાસક ચક્રને નવા સર્જન માટે તોડી પાડે. પ્રશ્ન એ છે કે અનેકતામાં એકતાનો કોઈ સિદ્ધાંત કયાંય છે કે નહિ કે જેના વડે 'આ ક્રિયા અને પ્રતિક્રિયા, સર્જન અને વિનાશ, સિદ્ધિ અને અવગતિની આ રીતિને સંપૂર્ણ રીતે ટાળી ન શકાય તો પણ એની પ્રક્રિયામાં એની અસર ઓછી કરી શકાય અને એક વધુ સ્વચ્છ, અક્ષુબ્ધ અને સંવાદી કર્મ પ્રત્યે લઈ જઈ શકાય.

# રાષ્ટ્રસંઘ વિષેનો વિચાર

એક જ ઉપાય નજર સમક્ષ આવે છે કે જેનાથી જરૂરી સમૂહસ્વાતંત્ર્ય સચવાઈ શકે અને છતાં માનવજાતિનું એકીકરણ થઈ શકે, તે છે સુઘટિત વિશ્વરાજ્ય પ્રત્યે નહિ, પરંતુ એક સ્વતંત્ર, અસ્થગિત અને વિકાસ પામતા વિશ્વ-ઐક્યનો. આ જો કરવાનું હોય તો, આપણે એ લગભગ અનિવાર્ય વલણને અનુત્સાહિત કરવું પડશે કે જેને કોઈ રાજકીય, આર્થિક અને શાસનિક ઉપાયોથી થતા એકીકરણની—એક શબ્દમાં, તંત્રની શકિત દ્વારા થતા એકીકરણની, રાષ્ટ્ર-રાજયના વિકાસના માર્ગે લઈ જવાની ફરજ પડે. અને આપણે એ આદર્શ-પ્રિય રાષ્ટ્રવાદને ઉત્સાહિત અને પુનર્જીવિત કરવો પડશે કે જે યુદ્ધ પહેલાં એક બાજુએ ઇંગ્લૅન્ડ, રૂશીઆ, જર્મની અને ફ્રાન્સનાં વધતાં જતાં સામ્રાજ્યોના ભાર નીચે અને બીજી બાજુએ દેશ અને રાષ્ટ્ર વિષયક સાંકડા વિચારો સામેની મોટી અને વિધ્વંસક અવહેલના અને રાષ્ટ્રવાદી દેશપ્રેમનાં અનિષ્ટોની ભર્ત્સના કરતા વિરોધી આંતરરાષ્ટ્રીયવાદની પ્રગતિથી કચરાઈ જવાની અણી પર હતો. પરંતુ સાથે સાથે આપણે હજી સુધી અસાધ્ય રહેલી જુદાઈની ભાવનાઓનો ઈલાજ શોધવો પડશે કે જે આપણા વિચારમાં કુદરતી રીતે રહેલી છે અને જેને આપણે મજબૂત કરવા માગીએ છીએ. આ બધું કેવી રીતે કરી શકાય ?

આ પ્રયાસમાં આપણા પક્ષે ક્ષતિપૂરક પ્રતિક્રિયાનો સિદ્ધાંત છે. ક્રિયા અને પ્રતિક્રિયાનો કાનૂન, ભૌતિક વિજ્ઞાનમાં પણ—જે માનવ-પ્રવૃત્તિઓને ચૈતસિક શકિતઓ પર આધાર રાખવો પડે છે તેમાં,—વધુ સતત અને વ્યાપક સત્ય છે. જીવનમાં પ્રત્યેક સક્રિય બળોના દબાણની સામે વિરોધી કે ભિન્ન બળોની પ્રતિક્રિયાનું વલણ હોય છે કે જે તરત કામ કરતું નથી પરંતુ અંતે ક્ષેત્રમાં આગળ આવે છે અને એટલા જ ક્ષતિપૂરક જોરથી કામ ન કરે તો પણ કંઈક ક્ષતિપૂરક બળ તો વાપરે જ છે. એ સિદ્ધાંત તો સુસ્થાપિત છે એમ સ્વીકારી શકાય. એ એક આવશ્યકતા અને અનુભવની સતત ઘટના બન્ને છે. કારણ કે

પ્રકૃતિ પરસ્પર વિરોધી બળોની રમતનાં સમતુલાત્મક પદ્ધતિ દ્વારા કામ કરે છે, જ્યારે એણે અમુક વખત સુધી બીજાં વલણોની સામે એક ખાસ વલણની પ્રભુતા માટે આગ્રહ રાખ્યો હોય છે ત્યારે એ વલણની અતિશયતાને, સુધારવા પ્રયાસ કરે છે. એની બરોબર સામેના વલણને જો એ મરી ગયું હોય તો સજીવન કરીને અને જો એ સુષુપ્ત હોય તો ફરી જગાડીને એને નવા અને સુધારેલા રૂપે કાર્યક્ષેત્રમાં લાવીને સુધારવા પ્રયાસ કરે છે—કેન્દ્રીકરણ માટે લાંબો વખત આગ્રહ રાખ્યા પછી, એ એને કંઈ નહિ તો ગૌણરૂપના વિકેન્દ્રીકરણથી સુધારવા પ્રયાસ કરે છે. વધુ ને વધુ એકરૂપતા માટે આગ્રહ રાખ્યા પછી, એ ફરી બહુરૂપી વૈવિધ્યના જુસ્સાને રમતમાં ઉતારે છે, એનું પરિણામ બે વલણોની સમતુલામાં આવે એ જરૂરી નથી હોતું, એ કોઈ પ્રકારનું સમાધાન પણ હોય, અથવા તો, સમાધાનને બદલે એ સાચું સંમિશ્રણ હોય અને પરિણામે એવું નવું સર્જન હોય કે જે બંને સિદ્ધાંતોનું સંયુકત રૂપ હોય. આપણે અપેક્ષા રાખી શકીએ કે પ્રકૃતિ માનવજાતિના મોટા સામૂહિક એકમની બાબતમાં એકીકરણ અને સામૂહિક વૈવિધ્યનાં વલણો પર એ જ રીત અજમાવશે. અત્યારે, રાષ્ટ્ર એક ધરી જેવું છે જેનું બીજું વલણ, એની પ્રક્રિયાઓ માટે સામ્રાજીય પચનાત્મક એકીકરણની વલણ સામે ઉપયોગ કરે છે. હવે પ્રકૃતિનો માનવ-જાતિમાં થતો પ્રવૃત્તિપ્રવાહ રાષ્ટ્ર-એકમનો નાશ કરે, જેમ એણે ટોળીઓનો નાશ કર્યો અને જાતીઓનો નાશ કર્યો અને સામૂહિકતાના તદ્દન નવા સિદ્ધાંતનો વિકાસ કરે, પરંતુ એ એને સાચવે અને એને એકીકરણની અતિભારે શકિત પ્રત્યેના વલણને સમતોલ કરવા પ્રાણની પૂરતી શકિત અને સાતત્ય આપે. આ બીજી સંભાવ્યતાનો આપણે વિચાર કરવાનો છે.

યુદ્ધ પહેલાં કામ કરતી બે શકિતઓ હતી. સામ્રાજ્યવાદ—જુદા જુદા રંગનો, વધુ કઠોર સામ્રાજ્યવાદ જર્મનીનો, વધુ ઉદાર સામ્રાજ્યવાદ ઇંગ્લૅન્ડનો —અને રાષ્ટ્રવાદ. એ એક જ વસ્તુની બે બાજુઓ છે, રાષ્ટ્રીય અહંભાવની આક્રમક અને વિસ્તાર ધ્યેયી પાંખ અને રક્ષણાત્મક પાંખ. પરંતુ સામ્રાજ્યવાદના વલણમાં આ અહંભાવ આત્મવિસ્તારની અતિશયતાથી આખરે વિલય પામવાનો કંઈક સંયોગ હતો, જેમ આક્રમક કબીલો અદૃશ્ય થઈ ગયો તેમ દાખલા તરીકે પર્શીઅન કબીલો પ્રથમ પર્શીઅન સામ્રાજ્યમાં અને પછી પર્શીઅન પ્રજામાં, અથવા તો જેમ નગર રાજ્ય અદૃશ્ય થઈ ગયું, પ્રથમ રોમન સામ્રાજ્યમાં અને પછી કબીલો અને નગર રાજ્ય બંને પુનર્જીવનની આશા વગર વિલય પામ્યાં, એ રાષ્ટ્રોમાં કે જે નમતી જતી લૅટીન એકતામાં જર્મન કબીલાઓના કૂદી પડવાના પરિણામે ઉદ્‌ભવેલા સંમિશ્રણમાંથી ઉપર આવ્યા. એ જ માર્ગે કે એવા માર્ગે આક્રમક રાષ્ટ્રીય સામ્રાજ્યવાદ

જગતમાં ફેલાઈ જઈને અંતે રાષ્ટ્ર-એકમનો સંપૂર્ણ નાશ કરે; જેમ નગર રાજ્ય અને કોમી શાસન થોડાં પ્રભુતાવાન નગર રાજ્યોના અને ટોળીઓના આક્રમક વિસ્તારથી નાશ પામ્યાં. રક્ષણાત્મક રાષ્ટ્રીયતાની શકિતએ આ સામે પ્રતિક્રિયા કરી છે, એને સીમિત કર્યું છે અને નિરંતર એના ઉદ્‌વિકાસના ધ્યેયને અવરોધ્યું છે. પરંતુ યુદ્ધ પહેલાં, રાષ્ટ્રવાદની જુદાઈની શકિત નિર્વીર્ય બની ગઈ હોય અને અંતે વિજ્ઞાન, વ્યવસ્થા અને કાર્યદક્ષતાએ મોટાં સામ્રાજ્ય સમૂહોનાં શાસક રાજ્યોને જે પ્રચંડ તાકાતથી સજ્જિત કર્યાં હતાં તેની સમક્ષ દબાઈ ગઈ હોય એમ લાગતું હતું.

બધી બિનાઓ એક દિશામાં દોરતી હતી. એશીઆના ખંડ પ્રદેશમાં કોરીઆ નવા જન્મ લેતા જાપાની સામ્રાજ્યમાં અદૃશ્ય થઈ ગયું હતું. પર્શીઅન રાષ્ટ્રીયતા નમી પડી હતી અને લાગવગી ક્ષેત્રો કે જે ખરી રીતે રક્ષિત પ્રદેશો હતા તે અને સર્વ અનુભવો બતાવે છે કે રાષ્ટ્રની રક્ષિત રાજ્ય તરીકેની શરૂઆત રાષ્ટ્રના અંતની શરૂઆત હોય છે, એ છે પ્રિયોકિત—ગળી જતા પહેલાં ચાવવાની પ્રાથમિક પ્રક્રિયાનું મીઠું નામ. તિબેટ અને સિયામ એટલાં નિર્બળ હતાં અને દેખીતી રીતે નમતાં જતાં હતાં કે નિરાપદ અવસ્થા ચાલુ રહે એવી આશા રાખી શકાય એમ ન હતું; ચીન બચી ગયું વિશ્વ-સત્તાઓની પરસ્પર ઈર્ષાથી અને એના મોટા કદને લીધે કે જેથી એ કૉળીઆ રૂપે પણ બેઢંગું અને કષ્ટપ્રદ હતું. પચાવવાની વાત તો બાજુએ રહી; આખા એશીઆનું ચાર કે પાંચ કે વધુ હોય તો છ મોટાં સામ્રાજ્યોમાં વિતરણ નક્કી થઈ ગયું હોય અને એને કોઈ અસાધારણ આંતરરાષ્ટ્રીય ઉત્પાત સિવાય કોઈ વસ્તુ રોકી શકે એવું લાગતું ન હતું. ઉત્તર આફ્રિકા ઉપર યુરોપી વિજય મોરોક્કોના અદૃશ્ય થઈ જવાથી, ઈજીપ્ત ઉપર ઇંગ્લૅન્ડની રક્ષણ પદ્ધતિ સંમત થવાથી અને ટ્રીપોલી ઉપર ઈટલીના કબજાથી વસ્તુતઃ પૂરું થયું હતું. સોમાલી લૅન્ડને હજમ કરી જવાનું કામ શરૂ થઈ ગયું હતું, એક વખત મેનેલીકે સાચવી લીધેલું પણ હવે અંદરની ફાટફૂટથી નબળું પડી ગયેલું એબીસીનીઆ ઈટાલીઅન વસાહતી સામ્રાજ્ય પુનર્જીવિત થયેલા સ્વપ્નનું ધ્યેય બન્યું હતું. બોર પ્રજાસત્તાક રાજ્યો સામ્રાજ્યવાદી આક્રમણની આગળ વધતી ભરતી નીચે આવી ગયાં હતાં. બાકીનું બધું આફ્રિકા વસ્તુતાએ ત્રણ મોટી અને બે નાની સત્તાઓની ખાનગી મિલ્કત બની ગયું હતું. યુરોપમાં, બેશક, થોડાં નાનાં સ્વતંત્ર રાષ્ટ્રો હજી હતાં, બાલ્કન અને ટ્યુટોનિક, અને બે મહત્ત્વ વગરના નિષ્પક્ષી બનાવી દેવામાં આવેલા દેશો. પરંતુ બાલ્કન દેશો સતત બેચેની અને ઉધમાતનાં રણમેદાન હતાં અને કાં તો સર્બીઆ કે બલ્ગેરીઆની પ્રભુતા નીચે યુવાન, ભૂખ્યા અને મહેચ્છાવાન સ્લાવ સામ્રાજ્યની રચનાથી જો ટર્કીને યુરોપમાંથી દૂર કરવામાં આવત, અથવા તો ઑસ્ટ્રીયા અને

રૂશીઆની છત્રછાયામાં અદૃશ્ય થઈ ગયા હોત તો હરીફ રાષ્ટ્રોના અહંભાવો અટકી શકયા હોત. ટ્યુટોનિક રાજ્યોને જર્મની ગળી જવા માગતું હતું અને જો ફેલાતા જતા જર્મનીને એક નવા ડાહ્યા અને બહાદુર બિસ્માર્કની દોરવણી મળી હોત તો—અને એ કોઈ અશકય બાબત ન હતી, જો વિલ્યમ બીજો યુદ્ધના કૂતરા છૂટા મૂકતાં પહેલાં ઘોરમાં ગયો હોત,—તો એ રાજ્યો જર્મનીમાં સમાઈ ગયાં હોત. રહ્યું અમેરિકા જ્યાં સામ્રાજ્યવાદ હજી ફેલાયો ન હતો, પરંતુ રૂઝવેલ્ટીઅન રિપબ્લિકનવાદના રૂપમાં દેખાવા લાગ્યો હતો, અને મેક્સિકોમાં હસ્તક્ષેપ, જોકે અચકાતો હતો તો પણ, 'રક્ષિત રાજ્ય'ની દિશામાં અને મધ્ય અમેરિકાનાં અવ્યવસ્થિત પ્રજાસત્તાકોની આખરી સંપાચનની દિશા સૂચવતો હતો; અને તો દક્ષિણ અમેરિકાનાં રાષ્ટ્રોનું ઐકય આત્મરક્ષણ માટે જરૂરી બનત. માત્ર વિશ્વયુદ્ધરૂપી પ્રચંડ ઊથલપાથલને લીધે જ બારેક મોટાં સામ્રાજ્યોમાં, દુનીઆની આગળ વધતી વહેંચણી અટકી પડી.

યુદ્ધે અજાયબ પ્રબળતાથી મુકત રાષ્ટ્રીયતાના વિચારને ફરી જીવતો કર્યો, અને એને ત્રણ રૂપોમાં, ત્રણેની વિશિષ્ટ છાપ સાથે જગત સામે કર્યો. પહેલું, યુરોપમાં જર્મનીની સામ્રાજ્યવાદી મહેચ્છાઓના વિરોધમાં, મિત્રરાજ્યો પોતે સામ્રાજ્યો હતાં તે છતાં,— એમને મુકત રાષ્ટ્રીયતાના સિદ્ધાંતનો અમુક ક્ષેત્રો પૂરતો સ્વીકાર કરવો પડયો અને એ નામે પ્રચાર કરવાની જરૂર પડી અને એ સિદ્ધાંતના સમર્થક અને સંરક્ષક રૂપે બહાર આવવું પડયું તે, યુરોપ કરતાં રાજકીય રીતે વધુ આદર્શવાદી અમેરિકા, મુકત રાષ્ટ્રોના સંઘની ઘોષણા સાથે યુદ્ધમાં દાખલ થયું તે, છેલ્લું રૂશીઅન ક્રાંતિના મૌલિક આદર્શવાદે આ નવા સર્જનાત્મક મંથનમાં તદ્દન નવું તત્ત્વ ફેંકયું, સ્પષ્ટ, સકારાત્મક, સર્વાદ્રિઅર્થી રાજનૈતિક અપવાદો કે સ્વાર્થ વિના, બધા માનવસમૂહોના કે બીજા સમુદાયોથી કુદરતી રીતે જુદા પડતા હોય તેમને પોતાનું રાજકીય સ્થાન અને ભાવિ પોતે નક્કી કરવાના અધિકારના સ્વીકારનું. આ ત્રણ અવસ્થિતિઓ એકબીજાથી સ્પષ્ટ રીતે ભિન્ન હતી. પરંતુ પ્રત્યેકને માનવજાતિના, વસ્તુતાએ શકય ભાવિની સાથે સંબંધ છે. પ્રથમ દૃષ્ટિ હયાત હાલતો પર હતી અને એનો ઉદ્દેશ અમુક વ્યવહારુ પુનર્વ્યવસ્થાનો હતો. બીજી સ્થિતિ બહુ દૂરના નહિ એવા ભાવિની શકયતાને ઝડપથી એકદમ નિકટની વ્યવહારુતા બનાવવા પ્રયાસ કરતી હતી. ત્રીજો ઉદ્દેશ ક્રાંતિના રસાયણથી—કારણ કે આપણે જેને અયોગ્ય રીતે, ક્રાંતિ કહીએ છીએ, તે વિકાસની ઝડપી એકાગ્રીકૃત ગતિ છે,— હજી દૂરની શકયતા કે જે સામાન્ય હાલતમાં બહુ દૂરની ભવિતવ્યતા ગણાય, કદાપિ બનવાની હોય તો પણ તેને એકદમ નીચે ઉતારી લાવવાનો હતો. એ ત્રણેનો વિચાર કરવો જોઈએ, કારણ કે જે દૃષ્ટિબિંદુ હયાત બળોને જ ધ્યાનમાં લે છે, કે સિદ્ધ થવાના સંભવવાળી

સ્પષ્ટ શકયતાઓને જ ધ્યાનમાં લે છે, તે ભૂલભરેલું હોવાનો સંભવ છે. વધારામાં રૂશીઅન વિચાર પોતે સિદ્ધ થવાના એના પ્રયાસમાં જ, શરૂઆતમાં ગમે તેવો નિષ્ફળ દેખાય તો પણ એક નવું પરિબળ બન્યો છે કે જેની ગણના માનવજાતિના ભાવિમાં અસર કરનાર શકિતઓમાં કરવી પડશે. એક મોટો વિચાર પોતાની જાતને પ્રગતિના ક્ષેત્રમાં એકદમ કાર્યાન્વિત કરવા પ્રયત્ન કરતો થાય એ એવી શકિત છે કે જેને ગણના બહાર ન રાખી શકાય અને એનું મૂલ્ય પણ માત્ર એની આ ઘડીએ જ સિદ્ધ થવાની શકયતા ઉપરથી ન આંકવું જોઈએ.

ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ અને ઈટાલીએ—મિત્રરાજ્યોના યુરોપી ભાગે લીધેલા દૃષ્ટિબિંદુએ જગતની રાજકીય પુનર્વ્યવસ્થાનો ખ્યાલ માત્ર હયાત તંત્રની પુનર્વ્યવસ્થા પૂરતો રાખતો હતો, મૌખિક રૂપાંતરનો નહિ. એ સાચું છે કે એ વર્ગે મુકત રાષ્ટ્રીયતાનો સિદ્ધાંત જાહેર કર્યો હતો; પરંતુ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં—જે હજી કુદરતી બળો અને હિતોની રમત માત્ર છે અને જેમાં આદર્શો માત્ર માનવી મનનો તાજેતરનો વિકાસ છે, તેમાં સિદ્ધાંતો જ્યાં અને જેટલા પ્રમાણમાં હિતોને સાનુકૂળ હોય કે પછી જ્યાં અને જેટલા પ્રમાણમાં પ્રતિકૂળ હોય છે ત્યાં એમને, એ હિતોના વિરોધને ઓળંગી જવામાં, જેટલા પ્રમાણમાં કુદરતી શકિતઓ મદદ કરે છે, તેટલા પ્રમાણમાં સફળ થાય છે. આદર્શોને શુદ્ધ રૂપે લાગુ પાડવા રાજકારણમાં હજી કર્મની ક્રાંતિકારક રીતિ એ છે કે જેની આશા માત્ર અસાધારણ કટોકટીના સમયમાં રાખી શકાય; જે દિવસે એ જીવનનો નિયમ બનશે ત્યારે માનવપ્રકૃતિ અને જીવન જાતે જ નવી વસ્તુઓ બની ગયાં હશે, કોઈ લગભગ અતિભૌતિક અને દિવ્ય વસ્તુઓ – તે દિવસ હજી આવ્યો નથી. યુરોપમાં મિત્રરાજ્યો પોતે જ સામ્રાજીય ભૂતકાળવાળાં અને સામ્રાજીય ભવિષ્યવાળાં રાજ્યો હતાં; એ ઇચ્છતા હોત તો પણ, માત્ર એક વિચારના જોરે, એ ભૂતકાળ અને એ ભવિષ્યકાળમાંથી દૂર થઈ શકત નહિ. એમનું પહેલું હિત, અને એટલે એમના રાજધુરીણોની પહેલી ફરજ દરેક એના પોતાના સામ્રાજ્યને સાચવવાની, અને જ્યાં એ એમની દૃષ્ટિએ ન્યાયપૂર્વક થઈ શકે છે ત્યાં એને વધારવાની હોય. મુકત રાષ્ટ્રીયતાના સિદ્ધાંતનો અમલ એમને હાથે એના વિશુદ્ધરૂપે તો ત્યાં જ થઈ શકયો કે જ્યાં એમનાં પોતાનાં સામ્રાજીય હિતો પર અવળી અસર થતી નહોતી, તુર્કી અને મધ્યસત્તાઓ સામે, કારણ કે ત્યાં એ સિદ્ધાંત એમનાં પોતાનાં હિતોને અનુકૂળ હતો અને એનું સમર્થન જર્મન, ઑસ્ટ્રીઅન કે તુર્કી હિતોની વિરુદ્ધ યુદ્ધમાં મળેલા વિજયને પરિણામે ઉત્પન્ન થયેલી કુદરતી શકિતઓ દ્વારા થઈ શકે એમ હતું. જે યુદ્ધ નૈતિક રીતે પરિણામે ન્યાયી હતું કે ન્યાયી દેખાડી શકાતું હતું, કારણ કે એનું આવાહન જે સત્તાઓએ કર્યું હતું તેમને એનું પરિણામ સહન કરવાનું હતું. એ સિદ્ધાંતનો વિશુદ્ધ રૂપે અમલ

એમનાં પોતાનાં સામ્રાજીય હિતો સંડોવાયાં હતાં ત્યાં ન થઈ શકયો કારણ કે ત્યાં એ સિદ્ધાંત, અસ્તિત્વમાં હતી એવી શકિતઓની વિરુદ્ધમાં હતો અને એ શકિત-ઓના વિરોધનો પ્રતિરોધ કરે એવી કે પૂરતી બરાબરી કરે એવી શકિત અસ્તિત્વ-માં નહોતી. એટલે અહીંયાં એનો અમલ શુદ્ધ સામ્રાજયવાદને અમુક અંશે જ નરમ પાડનાર તરીકે થઈ શકે. એ પ્રમાણે એનો અમલ થાય તો એનો અત્યારે અર્થ થાય આંતરિક સ્વાયત્તતા કે ગૃહરાજયનું સંપ્રદાન, એટલા પ્રમાણમાં, એવે વખતે અને સામ્રાજયના અને આધીન દેશોના હિતોને શકય, વ્યવહારુ અને અનુકૂળ હોય તે તે પગલે અને સામ્રાજીય હિતો સાથે સગવડથી રહી શકે તે પ્રમાણમાં. બીજા શબ્દોમાં જે રીતે સામાન્ય માણસની વ્યવહારુ બુદ્ધિ સમજે છે તે પ્રમાણે એ સમજવું જોઈએ; એને એ રીતે સમજી શકાય નહિ અને એવું કોઈ સમજ્યું પણ નથી કે જે અર્થમાં રૂશીઅન આદર્શવાદ સમજે છે, જે એના આદર્શોની ઉઘાડી શુદ્ધિ સિવાય બીજી બધી બાબતોમાં બેફિકર છે.

તો પછી મુકત રાષ્ટ્રીયતાના આ આંશિક સિદ્ધાંતના વ્યવહારમાં કેવાં પરિણામ આવશે કે જે રીતે એનો અમલ એના સમર્થક મિત્રરાજયોના પૂરા વિજય પછી થવો શકય હશે? અમેરિકામાં એને લાગુ કરવાનું કોઈ ક્ષેત્ર નહિ હોય. આફ્રિકામાં કોઈ સ્વતંત્ર રાજયો નથી એટલું જ નહિ પરંતુ, બે અપવાદો સિવાય એના સાચા અર્થમાં કોઈ રાષ્ટ્રો નથી. કારણ કે આફ્રિકા જગતનો એક એવો ભાગ છે કે જયાં જૂની જાતીય ટોળીઓ હજી સજીવન છે અને કેવળ જાતીય પ્રજાઓ અસ્તિત્વમાં છે, રાજકીય અર્થમાં રાષ્ટ્રો નહિ. તો અહીં, મિત્રરાજયોના પૂરા વિજયનો અર્થ, એ ખંડનું ત્રણ વસાહતી સામ્રાજયો—ઈટલી, ફ્રાન્સ અને ઇંગ્લૅન્ડમાં વિભાજન, બેલ્જીઅન, સ્પેનીશ અને પોર્ટુગીઝ અંતઃક્ષેત્રો અને અમુક વખત પૂરતા અસ્થિર સાતત્યવાળા એબીસીનીઆનું રાજય એવો થયો. એશીઆમાં એનો અર્થ થયો તુર્કી સામ્રાજયના ખંડીએરમાંથી ત્રણ કે ચાર નવી રાષ્ટ્રીયતાઓનો ઉદ્ગમ; પરંતુ જે બધી એમની અપરિપકવતાને લીધે અમુક સમય સુધી મોટી સત્તાઓમાંથી એક કે બીજીની અસર કે રક્ષા નીચે સર્જાઈ છે. યુરોપમાં એનો અર્થ થયો જર્મનીનું લઘ્વીકરણ આલ્સાસ અને પોલૅન્ડના છૂટા પાડવાથી, ઑસ્ટ્રીઅન સામ્રાજયનું વિશૃંખલન, સર્બીઆ અને ઈટાલીને આડ્રીઆટિક કાંઠાની પુનઃપ્રાપ્તિ, ઝેક અને પોલીશ રાષ્ટ્રોનું સ્વાતંત્ર્ય, બાલ્કન દ્વિપકલ્પ અને એના નિકટના પ્રદેશોની કંઈક પુનર્વ્યવસ્થા. આ બધાનો અર્થ સ્પષ્ટ છે કે જગતના નકશામાં મોટો ફેરફાર, પરંતુ કોઈ મૌલિક ફેરફાર નહિ. અત્યારે અસ્તિત્વ ધરાવતું રાષ્ટ્રવાદી વલણ ઘણાં નવાં સ્વતંત્ર રાષ્ટ્રોના સર્જનથી કંઈક વિસ્તાર કરશે અને અત્યારે અસ્તિત્વ ધરાવતું સામ્રાજયવાદી વલણ એની સત્તા નીચેના પ્રદેશોના વધારાથી વ્યાપક લાગવગ અને વિજયવંત

સામ્રાજ્યોની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓના વધારાથી વધુ મોટો વિસ્તાર સાધશે.

આમ છતાં, અમુક ઘણાં મહત્ત્વનાં પરિણામો આવ્યા વગર રહ્યાં નથી કે જે અંતે ઐચ્છિક વિશ્વ-ઐક્યની સિદ્ધિમાં સહાયક થશે. એમાંનું સૌથી વધુ મહત્ત્વનું પરિણામ, યુદ્ધમાંથી જન્મેલી રૂશીઆની ક્રાંતિ અને એના મુક્ત રાષ્ટ્રીયતાના યુદ્ધનાદના ફળ સ્વરૂપે, પરંતુ જે ક્રાંતિવાદી સિદ્ધાંતની સફળતા અને કાયમિતા પર આધાર રાખે છે તે રૂશીઆનું એક આક્રમક સામ્રાજ્ય રૂપે અદૃશ્ય થવું અને એવું સામ્રાજ્યવાદી સંઘરૂપમાંથી મુક્ત પ્રજાસત્તાકોની મંડળી કે સમવાય તંત્રમાં રૂપાંતર થવું તે છે.[1] બીજું પરિણામ છે જર્મન પ્રકારના સામ્રાજ્યવાદનો નાશ અને એની નીચે દબાઈ ગયેલી સંખ્યાબંધ સ્વતંત્ર રાષ્ટ્રીયતાઓનો મોક્ષ. ત્રીજું પરિણામ, જગતના વ્યવહારમાં પોતાના અસ્તિત્વના સ્વીકારનો અને હક્ક-પૂર્વક બોલવાના અધિકારનો દાવો કરતી રાષ્ટ્રીયતાઓની સંખ્યામાં વધારો છે કે જે વિશ્વ-ઐક્યના વિચારને આંતરરાષ્ટ્રીય પ્રશ્નોના અંતિમ ઉકેલ તરીકે, વધુ બળવાન બનાવે છે. ચોથું પરિણામ બ્રિટિશ સામ્રાજ્ય દ્વારા સામ્રાજ્યની અનિવાર્ય પુનર્વ્યવસ્થામાં મુક્ત રાષ્ટ્રીયતાના આંશિક સિદ્ધાંતનો સ્વીકાર.

આ વિકાસે બે રૂપ લીધાં, આયર્લૅન્ડ અને હિંદુસ્તાન માટે ગૃહ-રાજ્યના સિદ્ધાંતનો અને પ્રત્યેક ઘટક રાષ્ટ્રના બોલવાના અધિકારનો સ્વીકાર, જેનો ગૃહ-રાજ્ય મળતાં[2] સામ્રાજ્યની સમિતિઓમાં એમનો મુક્ત અને સમાન દરજ્જે મતાધિકાર એવો અર્થ થાય. આ વસ્તુઓ ભેગી લેતાં, એનો અર્થ થયો જૂના રાષ્ટ્રીય સામ્રાજ્ય-વાદના સિદ્ધાંત પર રચાયેલું સામ્રાજ્ય કે જે એક પ્રભુરાષ્ટ્ર ઇંગ્લૅન્ડના આધિ-પત્યવાળી સરકારના રૂપનું હતું, તેનું એમની સર્વસામાન્ય બાબતોનું પરસ્પર સદ્ભાવ અને સમજૂતી સાથે સમન્વય દ્વારા સંચાલન કરતા મુક્ત અને સમાનાધિકારી રાષ્ટ્રમંડળમાં રૂપાંતર બીજા શબ્દોમાં, આવા વિકાસનો અર્થ આખરે અમુક હદની અંદર એ જ સિદ્ધાંતનો અમલ એવો થાય, કે જે ઐચ્છિક વિશ્વ-ઐક્યના બંધારણમાં વધુ મોટા માપમાં, પાયારૂપ હશે. આવું સમાનાધિકારી મંડળ એક સિદ્ધ સ્વરૂપ લે તે પહેલાં ઘણું કામ કરવાનું રહેશે; અનેક બાજુએ એનો વિસ્તાર

---

૧. સિદ્ધાંતમાં ઐચ્છિક અને સ્વતંત્ર પરંતુ બોલ્શેવીકોના વ્યવહારમાં એટલા ઐચ્છિક નહિ પરંતુ તો પણ એ સિદ્ધાંત તો છે અને વધુ મુક્ત ભવિષ્યમાં એનો વિકાસ કરી શકે એમ છે.

૨. હવે એને પ્રાદેશિક સ્વરાજ્ય. ( Dominion Status ) એવું નામ આપવામાં આવ્યું છે. કમનસીબે આ સ્વીકાર આયર્લૅન્ડની બાબતમાં લોહીઆળ યુદ્ધ સિવાય સ્વીકારવામાં ન આવ્યો અને એને વિકૃત કરવામાં આવ્યો એના બે ટુકડા કરીને, હિંદુસ્તાનમાં જુસ્સાદાર શાંત વિરોધ પછી એ સ્વીકારવામાં આવ્યો

કરવો પડશે, ઘણી પ્રત્યાઘાતી શકિતઓને ઓળંગી જવી પડશે, પરંતુ એ સિદ્ધાંત રૂપે અને બીજરૂપે પણ રચાઈ જાય એ જગતના ઈતિહાસમાં નોંધપાત્ર બિના છે. ભવિષ્યને માટે બે પ્રશ્નો રહ્યા છે. આ પ્રયોગની બીજાં સામ્રાજ્યો કે જે પ્રભાવી કેન્દ્રીકરણના સિદ્ધાંતને વળગી રહ્યાં છે તેમની ઉપર કેવી અસર થશે? ઘણુંખરું જો એ સફળ થાય તો આ અસર થશે કે જેમ આ સામ્રાજ્યોને જુસ્સાદાર રાષ્ટ્રવાદી આંદોલનોનો સામનો કરવો પડશે તેમ તેમણે પણ ઇંગ્લૅન્ડે લીધો તેવો જ રસ્તો થોડા જરૂરી ફેરફાર સાથે લેવો પડશે, જેમ રાષ્ટ્રની આંતરિક બાબતોની છણાવટમાં એમણે ઇંગ્લૅન્ડની સંસદીય પદ્ધતિ સ્વીકારી તેવી જ રીતે બીજો પ્રશ્ન જગતની આ નવી વ્યવસ્થામાં આ સામ્રાજ્યો અને ઘણાં સ્વતંત્ર પણ બિનસામ્રાજિક કે પ્રજાસત્તાક રાષ્ટ્રો વચ્ચે પરસ્પર સંબંધ કેવો હશે? એ કેમ બચી શકશે? અથવા તો એમના અસ્તિત્વનો આંતરરાષ્ટ્રીય સમાજમાં સામ્રાજ્યોની વિશાળ અને ઝઝૂમતી સત્તાઓ સાથે કેવો સંબંધ રચાશે? આ પરિસ્થિતિમાં મુકત રાષ્ટ્રોના સંઘ વિષેનો અમેરિકી વિચાર સામે આવી ઊભો અને સિદ્ધાંત રૂપે એ ઉપયોગી પુરવાર થયો.

કમનસીબે, વ્યવહારમાં આ વિચાર કેવું રૂપ લેશે એ જાણવું હમેશાં મુશ્કેલ હતું. એના મૂળ વકતા પ્રેસિડન્ટ વિલ્સનની જાહેરાતોની લાક્ષણિકતા પ્રેરણાત્મક વિચારો અને સૂત્રોથી ભરપૂર એક ભવ્ય નિહારિકા જેવી પરંતુ સ્પષ્ટ અને વિશિષ્ટ વિનિયોગ વગરના આદર્શવાદની હતી. પ્રેસિડન્ટના મગજની પાછળ રહેલા વિચાર માટે આપણે જરૂરી પ્રકાશ અમેરિકન પ્રજાના ભૂતકાળના ઈતિહાસ અને પરંપરાગત સ્વભાવમાં ખોળવો પડશે. સંયુકત રાજ્યો હમેશાં ભાવના અને સિદ્ધાંતમાં શાંતિપ્રિય અને બિનસામ્રાજિક છતાં રાષ્ટ્રવાદી ભાવુકતાથી રંગાયેલાં પણ હતાં અને થોડા વખત પહેલાં એ સામ્રાજિક વલણ લેવા તૈયાર

---

પરંતુ અધૂરા અર્થમાં અને દૂરના ભવિષ્યમાં વ્યવહાર્ય બનવા માટે. ઈજીપ્તમાં પણ સ્વતંત્રતા આપવામાં આવી પરંતુ બ્રિટિશ અંકુશવાળી મૈત્રીના કરાર સાથે. છતાં રાષ્ટ્રીયતાના સિદ્ધાંતનો સ્વીકાર ઈરાકના સર્જનમાં અને આરબ રાજ્ય અને સીરીઆના પ્રજાસસત્તાકના સર્જનમાં પણ કામિયાબ થયો. ઈરાનમાંથી સામ્રાજીય અંકુશ ખસી ગયો અને સૌથી વધુ તો સર્વાધિકારી સામ્રાજ્યને સ્થાને આંતરિક સ્વાતંત્ર્ય અને સમાન દરજ્જો ધરાવતી પ્રજાઓના રાષ્ટ્રમંડળની (Commonwealth) રચનામાં અને પ્રાદેશિક સ્વરાજ્યની પદ્ધતિની સ્થાપનામાં કામિયાબ થયો. છતાં, આ સર્વ પરિણામોએ એ ગમે તેટલાં અપૂર્ણ છતાં વધુ મોટાં સાફલ્યોને તૈયાર કર્યાં કે જે હવે આપણે સ્વતંત્ર પ્રજાઓના નવા જગતના ભાગ રૂપે જોઈએ છીએ.

થઈ ગયાં અને પરિણામે બે કે ત્રણ યુદ્ધોમાં સંડોવાયાં : એમણે પ્રદેશો પણ જીત્યા, જેનાં પરિણામોનું એમના બિનસામ્રાજિક શાંતિવાદ સાથે એમને સમાધાન કરવું પડ્યું. યુદ્ધથી એણે મેકસીકન ટેક્ષાસ સર કર્યું અને એને સંયુક્ત રાજ્યોમાં એક રાજ્ય બનાવી દીધું અને સાથે સાથે અમેરિકન વસાહતાઓથી ભરી દીધું. એણે સ્પેન પાસેથી ક્યુબા અને પ્રથમ સ્પેન પાસેથી અને પછી વિદ્રોહી ફિલિપીનો પાસેથી ફિલિપીન્સ જીતી લીધું, પરંતુ એને વસાહતીઓથી ભરી શકાયું નહિ એટલે અમેરિકન પ્રભુત્વ નીચે ક્યુબાને સ્વતંત્રતા આપી અને ફિલિપીનોને પૂર્ણ સ્વતંત્રતાનું વચન આપ્યું. અમેરિકન આદર્શવાદ હમેશાં અમેરિકન હિતોની ચકોર દૃષ્ટિથી દોરાય છે અને એમાં સર્વથી મહત્ત્વનું હિત ગણાય છે. અમેરિકન રાજકીય વિચાર અને બંધારણ કે જેમાં દરેક પરદેશી કે અમેરિકન સામ્રાજ્યવાદને એક ઘાતક આફત રૂપ ગણવો પડે છે.

પરિણામે, અને મિત્રરાજ્યોના વધુ સાંકડા ઉદ્દેશો સાથે અનિવાર્ય એકીકરણને લીધે રાષ્ટ્રસંગને અવસરવાદી અને આદર્શવાદી બંને તત્ત્વો મળવાનાં હતાં. અવસરવાદી તત્ત્વ એના પહેલા રૂપમાં યુદ્ધના ઉત્પાતમાંથી જગત જે રીતે બહાર આવ્યું તે વખતના એના નકશાને અને રાજકીય વ્યવસ્થાને કાયદેસર બનાવવા બંધાયેલું હતું. એની આદર્શવાદી બાજુ, રાષ્ટ્રમંડળમાં જો અમેરિકન લાગવગનો ટેકો મળત તો એના પોતાના કામમાં લોકશાહીના સિદ્ધાંતના ફેલાવાને પસંદ કરત, અને એનું ફળ અંતે જગતનાં સંયુક્ત રાજ્યોના રૂપમાં અને એના શાસનિક અધિકારી તરીકે 'રાષ્ટ્રોની લોકશાહી સંસદ'ના રૂપે આવત. યુદ્ધથી પેદા થયેલી સ્થિતિને કાયદેસર બનાવવાનું એક સારું પરિણામ એ આવત કે ભાવિ યુદ્ધના સંયોગો ઓછા થઈ શકત, જો ખરો રાષ્ટ્રસંઘ વ્યવહારુ અને સફળ બની શકત તો.—અને સારામાં સારા સંયોગો નીચે પણ એ કંઈ નિશ્ચિત સંભાવ્યત નહોતી.[1] પરંતુ એનું બૂરું પરિણામ એ આવે કે પરિસ્થિતિ જેવી હતી તેવી કાયમ રહે જેમાં કેટલોક ભાગ કૃત્રિમ, અવ્યવસ્થિત, અસંગત અને તાત્કાલિક ઉપયોગનો જ હોત. કાયદો વ્યવસ્થા અને સ્થિરતા માટે જરૂરનો છે પરંતુ જો એ પોતાને માટે સંયોગો અને નવી આવશ્યકતાઓ ઇચ્છનીય બનાવે કે તરત કાયદાઓ બદલવા માટે અસરકારક તંત્ર તૈયાર ન રાખે તો સ્થિતિચુસ્ત અને અંતરાય રૂપ શકિત બની જાય છે. એ તો ત્યારે જ બની શકે જ્યારે રાષ્ટ્રોની એક સાચી પાર્લામેન્ટ, કૅન્ગ્રેસ કે સંસદ સ્થપાઈ જાય. દરમિયાન જૂના સિદ્ધાંતો સાચવી રાખવા માગતી સ્થિતિચુસ્તતાની વધતી જતી શકિતને કેવી રીતે પહોંચી વળાશે અને લોકશાહી

---

૧. રાષ્ટ્રમંડળ આખરે રચાયું હતું, પરંતુ અમેરિકા વગર, યુરોપી રાજનીતિના સાધન રૂપે. જે એના ભવિષ્ય માટે અશુભ ચિહ્ન હતું.

આદર્શ માગે છે તે સિદ્ધિ પ્રત્યે લઈ જાય એવો વિકાસ નિશ્ચિત કેવી રીતે કરી શકાશે? આવા રાષ્ટ્રસંઘમાં અમેરિકાની હાજરી એકલી પૂરતી નહિ થઈ પડે, કારણ કે એની બીજી બાજુએ ત્યાં બીજી લાગવગો હાજર રહેશે. જેને જૂની સ્થિતિને ચાલુ રાખવાનો અને કેટલીકને સામ્રાજ્યવાદી નિરાકરણને પુનર્જીવિત કરવાનો રસ રહેશે. બીજી શકિતની અને બીજી લાગવગની જરૂર પડશે. આ સ્થળે રૂશીઅન આદર્શ, જો સાચી રીતે લાગુ પાડવામાં આવે અને સક્રિય અને સબળ બનાવવામાં આવે તો વચમાં આવી શકે અને ઉપયોગી પુરવાર થાય. આપણા ધ્યેય માટે સામ્રાજ્યવાદ વિરોધી જે ત્રણ તત્ત્વોને પ્રકૃતિ એના કોઈ હજી અદૃષ્ટ ઉદ્દેશ માટે, માનવીય પાર્થિવ-સમૂહની પુનઃરચના કરવા એના મોટા ચલાણામાં નાખે એવો સંભવ છે, તેમાં ત્રીજું તત્ત્વ સૌથી વધુ હિતકારી અને મહત્ત્વનું થશે.

પ્રકરણ ૩૦

# ઐચ્છિક રાજ્યસંઘનો સિદ્ધાંત

સ્વતંત્ર રાષ્ટ્રીયતાઓના ઐચ્છિક નિર્ણય પ્રમાણે સ્થપાતા સમવાયના મૌલિક રૂશીઅન વિચારનાં પરિણામો એની ક્રાંતિની સતત બદલાતી જતી સ્થિતિને લીધે બહુ રીતે ગૂંચવણમાં પડી ગયાં, જે ક્રાંતિએ, એની પહેલાંની ફ્રેન્ચ ક્રાંતિની જેમ, શાસન પદ્ધતિના સમગ્ર પાયાને એકલાને નહિ પરંતુ સમાજને પણ કોઈ વચ્ચેના પગથિયા સિવાય સીધેસીધી રીતે બદલી નાખવા પ્રયાસ કર્યો અને વધારામાં એ પ્રયાસ વિનાશકારક યુદ્ધના દબાણ નીચે કરવામાં આવ્યો. આ બેવડી પરિસ્થિતિ અનિવાર્ય રીતે અસાધારણ અરાજકતા પ્રત્યે અને પ્રસંગોપાત્ત અંતિમવાદી પક્ષની જબરજસ્તી પ્રત્યે દોરી ગઈ કે જે પક્ષ ક્રાંતિના વિચારોને એમના વધુમાં વધુ અટલ અને ઉત્કટ સ્વરૂપમાં રજૂ કરતો હતો. બોલ્શેવિક સરમુખત્યારી આ બાબતમાં ફ્રાન્સના ત્રાસવાદી અમલની જેકોબીન પદ્ધતિ જેવી છે. એ પછી કહી તે ક્રાંતિ એનું કામ પૂરું થયું ત્યાં સુધી, સમાજની સામંતશાહી પછીની શાસન પદ્ધતિમાંથી લોકશાહી વિકાસના પ્રથમ મધ્યમવર્ગી પાયા સુધીની સંક્રાંતિ બળજબરીથી અને અપરિવર્તનીય રીતે પૂરી કરવાનું કામ પૂરું થયું ત્યાં સુધી ચાલી. રૂશીઆની શ્રમિકોની સરમુખત્યારી—સોવિયેત (પંચ) રાજ્ય કબજો મેળવે અને પૂરતો સમય ચાલે તો સમાજની એ જ તબક્કાની બીજી અને વધુ પ્રાગતિક અવસ્થા સુધી કે એથી યે આગળના વિકાસ સુધી સંક્રાંતિ કરી શકે, પરંતુ આપણે અહીં એની મુકત રાષ્ટ્રીયતાના સિદ્ધાંત પરની અસરનો વિચાર કરી રહ્યા છીએ. આ બાબતમાં આખું રૂશીઆ, નાના પ્રત્યાઘાતી પક્ષ સિવાય, પહેલેથી જ એકમત હતું; પરંતુ જબરદસ્તીવાળી સરકારના સિદ્ધાંતના સ્વીકારથી વિરોધી તત્ત્વ દાખલ થયું કે જેણે રૂશીઆમાં પણ એની સ્થાપનાને જોખમમાં મૂકી અને તે રીતે જગતના નિકટના ભવિષ્યના વિકાસમાં એનું જે પ્રાબલ્ય હોત તે ઓછું

કર્યું.[1] કારણ કે એ ઊભું છે એ નૈતિક સિદ્ધાંત પર કે જે ભવિષ્યનો સિદ્ધાંત છે; જ્યારે બીજાં રાષ્ટ્રો પર બળજબરીથી ચલાવવાનું શાસન એ ભૂતકાળનું અને વર્તમાનનું છે અને મુક્ત પસંદગી અને સ્વતંત્રતા પર જગતની પુનર્વ્યવસ્થા સાથે એ મૌલિક રીતે અસંગત છે, એટલે એનો વિચાર સ્વતંત્ર રીતે રૂશીઆમાં કેવી રીતે લાગુ પડયો છે એ વિચાર બાજુએ રાખીને કરવો જોઈએ. કારણ કે ત્યાં તો એનો અમુક અંકુશો નીચે અપૂર્ણ પ્રયોગ જ થશે.

જગતની રાજકીય વ્યવસ્થા અત્યાર સુધી લગભગ સંપૂર્ણ રીતે, ભૌતિક અને પ્રાણાત્મક, અને એથી કહી શકાય કે ભૌગોલિક, વ્યાપારિક, રાજકીય અને સૈનિક પાયા પર આધાર રાખે છે. રાષ્ટ્રવિષયક વિચાર અને રાજ્યવિષયક વિચાર બંને આ પાયા પર રચાયા છે અને આ પાયા પર કામ કરે છે, પ્રથમ જે એકતાને ધ્યેય તરીકે નજર સામે રાખવામાં આવી તે ભૌગોલિક, વ્યાપારિક, રાજકીય અને સૈનિક એકતા હતી, અને આ એકતા સ્થાપવામાં, જાતીયતાનો પહેલાંનો પ્રાણવાન સિદ્ધાંત જેની ઉપર કુલ અને જાતિસમૂહો પ્રતિષ્ઠિત થયા હતા, તે પદ્દલિત થઈ ગયો. એ સાચું છે કે રાષ્ટ્રીયતા હવે પોતાને જાતિના વિચાર પર સ્થાપે છે, પરંતુ આ એક પ્રકારનો માત્ર વાણીવિલાસ છે. રાષ્ટ્રીયતા હવે તો અનેક જાતિઓના સંમિશ્રણની ઐતિહાસિક હકીકતને ઢાંકી દે છે અને ઐતિહાસિક અને ભૌગોલિક સમાગમમાં કુદરતી ઉદ્દેશનું આરોપણ કરે છે. રાષ્ટ્રીયતા અમુક અંશે આ સમાગમ પર, અમુક અંશે બીજા સંયોગો કે જે એને ટેકો આપે છે તેની ઉપર રચાય છે — સામાન્ય હિતો, ભાષાની એકતા, સંસ્કૃતિની એકતા અને આ બધી વસ્તુઓએ એક થઈને એક ચૈતસિક વિચાર, એક ચૈતસિક એકતા પેદા કરી છે કે જે રાષ્ટ્રીયતાના વિચારમાં પોતાનો આવિષ્કાર જુએ છે. પરંતુ રાષ્ટ્રવિષયક વિચાર અને રાજ્યવિષયક વિચાર સર્વ સ્થળે એકબીજા સાથે મેળ ખાતા નથી અને બહુધા પહેલો વિચાર બીજા વિચારની નીચે અને સર્વદા એકસરખાં ભૌતિક અને પ્રાણિક કારણોએ — ભૌગોલિક, રાજકીય અને સૈનિક જરૂરીઆત કે સગવડનાં કારણોએ દબાઈ ગયો દેખાય છે. એ બેની વચ્ચેના સંઘર્ષમાં જેમ બધા પ્રાણિક અને ભૌતિક સંગ્રામોમાં બને છે તેમ બળ આખરે

---

૧. સમાજવાદી રૂશીઆમાં એનાં ઘટક રાજ્યોને અમુક સાંસ્કૃતિક, ભાષાકીય અને અન્ય સ્વાયત્તતા આપવામાં આવી છે, પરંતુ બાકીનું સ્વાતંત્ર્ય ભ્રમજનક છે, કારણ કે એ સાચે જ મોસ્કોમાં સખ્તાઈની કેન્દ્રિત થયેલી આપખુદીના જોરે ચાલે છે.

હમેશાં નિર્ણાયક બનશે પરંતુ સૂચવાયેલો નવો સિદ્ધાંત,[૧] દરેક કુદરતી સમુદાય કે જેને પોતાની જુદાઈ લાગતી હોય તેને તેનું સ્થાન અને ભાગીદારી નક્કી કરવાના અધિકારનો સિદ્ધાંત, આ પ્રાણિક અને ભૌતિક કારણોને સાફ કરી નાખે છે અને ઐચ્છિક સ્વસંકલ્પ અને ઐચ્છિક પસંદગીના સિદ્ધાંતને રાજકીય અને આર્થિક આવશ્યકતાઓને સ્થાને મૂકે છે, અથવા તો એમ કે પ્રાણિક અને ભૌતિક કારણો સમૂહરચનાનાં એટલા પૂરતાં જ બંધનકારક કે ઉચિત ગણવામાં આવશે કે જેટલા પ્રમાણમાં એમને ચૈતસિક અનુમોદન મળે અને એના પાયા પર જ એમનું સ્થાપન થાય.

આ બે હરીફ સિદ્ધાંતો કેવી રીતે કામ કરે છે તે રૂશીઆના પોતાના જ દાખલામાં જોઈ શકાય છે, જે સ્પષ્ટરૂપે આપણી નજર સામે છે. રૂશીઆ કદાપિ શબ્દના શુદ્ધ અર્થમાં રાષ્ટ્ર-રાજ્ય ન હતું. ફ્રાન્સ, ઈટલી, ગ્રેટ બ્રિટન કે આધુનિક જર્મનીની પેઠે, એ તો રાષ્ટ્રોનો સમૂહ છે. ગ્રેટ રૂશીઆ, રૂથેનીઅન ઉક્રેઈન, સફેદ રૂશીઆ, પોલૅન્ડ, સાઈબીરીઆ, બધાં સ્લાવ થોડાં તાર્તર અને જર્મન લોહીના સંમિશ્રણ સાથે, કુરલૅન્ડ જે મોટે ભાગે સ્લાવ છે તે અમુક અંશે જર્મન પણ છે, ફીન્લૅન્ડ કે જેને બાકીના રૂશીઆ સાથે કોઈ સંબંધ નથી. અને હમણાં હમણાંના તુર્કીસ્તાનનાં એશીઆઈ રાષ્ટ્રો, બધાં માત્ર ઝારના અમલથી એક બંધનથી બંધાયેલાં છે, આવા ઐક્યનું એક જ ચૈતસિક ઔચિત્ય ભવિષ્યમાં એક રાષ્ટ્રના રૂપમાં સંભાવી સંમિશ્રણમાં હતું, રૂશીઅન ભાષા, સંસ્કૃતિ, વિચાર અને શાસનના એક વાહન સાથે અને આ વસ્તુ જૂના રૂશીઆઈ તંત્રની દૃષ્ટિમાં હતી. આ વસ્તુ સિદ્ધ કરવાનો એક જ માર્ગ હતો. સરકારી શકિતનો માર્ગ કે જે ઇંગ્લૅન્ડે લાંબા વખત સુધી આયર્લૅન્ડમાં વાપર્યો હતો, અને જેમ જર્મનીએ જર્મન પોલૅન્ડ અને લોરેનમાં વાપર્યો હતો. જે ઑસ્ટ્રીઅન સમવાય પદ્ધતિ, હંગરીની ભાગીદારીમાં વાપરવામાં આવી તે અથવા તો દબાણ અને સૌમ્યતા અને રીઆયત અને શાસનિક અર્ધ સ્વાયત્તતાનાં પગલાં યોજી શકાયાં હોત, પરંતુ ઑસ્ટ્રીઆમાં એમને બહુ ઓછી સફળતા મળી છે. સમવાયતંત્ર હજી સિદ્ધાંતરૂપે સફળ નીવડયું નથી સિવાય કે એવાં રાજ્યો, રાષ્ટ્રો કે ઉપરાષ્ટ્રો વચ્ચે કે જે એમ પણ સંસ્કૃતિ, સામાન્ય ભૂતકાળ કે વિકસેલા કે વિકસતા રાષ્ટ્રીયતાના ભાનથી એકત્ર થવાના વલણવાળાં છે; આવી પરિસ્થિતિઓ અમેરિકાનાં રાજ્યોમાં અને જર્મનીમાં અસ્તિત્વમાં હતી, અને ચીન અને હિંદુસ્તાનમાં અસ્તિત્વમાં છે.

---

૧. આ સિદ્ધાંત મિત્રરાજ્યોએ આત્મનિર્ણયને નામે સ્વીકાર્યો હતો, પરંતુ કહેવાની જરૂર નથી કે એનું કામ સર્યું એટલે એની ઘોષણાને ઉપેક્ષિત કરવામાં આવી છે.

પરંતુ ઑસ્ટ્રીઆ અને રૂશીઆમાં નથી. અથવા જો આ વસ્તુઓ અને વિચારો પરિપકવ થયા હોત તો આ પ્રયાસને બદલે રાષ્ટ્રોના ઐચ્છિક ઐકયનો પ્રયત્ન ઝારને રાષ્ટ્રાતીત થઈ શકયો હોત, વિચારના પ્રતીક તરીકે અને એકતાની ગ્રંથિ રૂપે રાખીને થઈ શકયો હોત; પરંતુ આ માટે જગતની પ્રગતિ હજી પૂરતી તૈયાર થઈ નહોતી. આગ્રહી ચૈતસિક વિરોધની સામે એકતાનો પ્રાણિક અને ભૌતિક ઉદ્દેશ કેવળ સૈનિક, શાસનિક અને રાજકીય બળજબરી વાપરે કે જે ભૂતકાળમાં બહુ વાર સફળ થઈ છે. રૂશીઆમાં, એ ઘણુંખરું આસ્તે આસ્તે સફળતાના માર્ગ પર આગળ વધતું હતું, ખાસ કરીને સામ્રાજ્યના સ્લાવ ભાગોમાં; પરંતુ ફીન્લૅન્ડમાં, અને પોલૅન્ડમાં પણ કદાચ, એ વધુ અપ્રતિહાર્ય રીતે નિષ્ફળ જાત—આયર્લૅન્ડમાં બળનું લાંબું રાજ્ય નિષ્ફળ નીવડયું તેથી પણ વધારે પ્રમાણમાં. કારણ કે રૂશીઅન કે જર્મન આપખુદી પણ ભૂલ વગર અને સીધેસીધી રીતે ક્રોમવેલ અને ઇલિઝાબેથની મોટી, સર્વાંગી અને સંપૂર્ણ રીતે નિર્દય અને લુટારુ પદ્ધતિઓ અજમાવી શકત નહિ.[1] અમુક અંશે એ કારણથી કે વિરોધી રાષ્ટ્રવાદનું ચૈતસિક તત્ત્વ બહુ સચેતન થયેલું હતું અને સક્રિય શાંત પ્રતિરોધ કરી શકે એમ હતું અથવા તો કંઈ નહિ તો પોતાનો બચાવ કરવાની શાંત શકિતવાળું હતું.

પરંતુ જોકે ચૈતસિક ઔચિત્ય પૂરું ન હતું અથવા તો સર્જાઈ રહ્યું હતું, તો પણ ફીન્લૅન્ડ સહિત સંયુકત રૂશીઆ માટેના પ્રાણિક અને ભૌતિક સંયોગો સર્વ બાધાઓને દૂર કરી શકે એવા હતા. પીટરો અને કેથેરિનોનું કામ જોરદાર રાજકીય, સૈનિક અને આર્થિક આવશ્યકતાઓ પર રચાયું હતું. રાજકીય અને સૈનિક દૃષ્ટિએ આ બધાં સ્લાવ રાજ્યોએ અનૈકયથી બધું ગુમાવવાનું હતું, કારણ કે ઐકય વગર એમાંના પ્રત્યેક એમના કોઈ પણ જોરાવર પડોશીના દબાણ સામે અરક્ષિત થઈ જાત અને એકબીજાને સ્વીડન, તુર્કી, પોલૅન્ડ—જ્યારે પોલૅન્ડ જોરાવર અને શાત્રવી રાજ્ય હતું, અથવા તો ઑસ્ટ્રીઆ કે જર્મનીના દબાણ સામે અરક્ષિત કરી દેત. રૂશીઆ સામે ઉક્રેનીઅન કોઝાકોનું ઐક્ય તો પોલૅન્ડ સામે સંરક્ષણના ઉદ્દેશથી કોલકરારથી થયું હતું. પોલૅન્ડ જાતે જ એક વાર નિર્બળ થઈ જતાં, રૂશીઆ સાથે એક થઈ પોતાની સ્થિતિ સુધારી શકત, ત્રણ શકિતશાળી પડોશીઓની વચમાં

---

૧. નાઝી જર્મનીમાં મધ્યકાલીન જંગલી ક્રૂરતાના પુનર્જીવન પછી આ "આધુનિક" માનવતાના અતિ આશ્ચર્યજનક આવિર્ભાવ પછી આ કહી શકાય નહિ, પરંતુ આ કદાચ તાત્કાલિક પતન જેવું ગણવું જોઈએ. જોકે એ માનવ-પ્રકૃતિની હજી અસ્તિત્વ ધરાવતી વધુ અંધારગ્રસ્ત શકયતાઓ પ્રત્યે ભીષણ પ્રકાશ ફેંકે છે.

ઘેરાયેલી અવસ્થામાં નિ:સહાય રીતે રહેવા કરતાં, અને એ આખુંયે રૂશીઆમાં ભળી ગયું હોત તો તે પણ ત્રણ ખાઉધરી શકિતઓની વચ્ચે રહેંસાઈ જવા કરતાં તેને માટે વધુ સારું નિરાકરણ થયું હોત. બીજી બાજુએ, ઐકયથી એક રાજ્ય પેદા કરવામાં આવ્યું, ભૌગોલિક સુસંહત અને છતાં વિસ્તારમાં એવું મોટું, વસ્તીએ મોટી સંખ્યાવાળું, કુદરતી પરિસ્થિતિએ સુરક્ષિત અને સમૃદ્ધિ-સંપન્ન કે, જો એ સારી રીતે વ્યવસ્થિત કરવામાં આવ્યું હોત તો એ પોતે સહીસલામત ઊભું રહી શક્યું હોત, એટલું જ નહિ પરંતુ અર્ધા એશીઆ પર પ્રભુત્વ, કે જે અત્યારે પણ છે, અને અર્ધા યુરોપ પર પણ જે એક વખત હતું—રાખી શકયું હોત, જે એ એક વખત પૂરી વ્યવસ્થા વગર પણ કરવાના માર્ગ પર હતું. જ્યારે એણે શસ્ત્રસજજ નિર્ણાયક તરીકે, અહીં મુકિત-દાતા રૂપે, ત્યાં ઑસ્ટ્રીઆ-હંગરીમાં અને બાલ્કન્સમાં જુલમના સાથીદાર તરીકે માથાં મારવા માંડયાં. એનો ફીન્લૅન્ડ પરનો વિજય પણ આ દૃષ્ટિએ ઉચિત હતો; કારણ કે મુકત ફીનલૅન્ડ રૂશીઆને ભૌગોલિક તેમજ આર્થિક રીતે અપૂર્ણ અને એના સાંકડા બાલ્ટીક દ્વારમાં સીમિત અને ઘેરાયેલી સ્થિતિમાં રાખત, જ્યારે બળવાન સ્વીડન કે જર્મનીની પ્રભુતા નીચે રૂશીઆની રાજધાનીને અને સામ્રાજ્યને માટે કાયમી જોખમ બની રહેત. બીજી બાજુએ ફીન્લૅન્ડના સમાવેશે રૂશીઆને બે ફિકર અને તાકાતભર, એના આ મર્મસ્થાનમાં સલામત કર્યું, અને એમ પણ કહી શકાય કે ફીન્લૅન્ડે કંઈ ખોયું નહિ. કારણ કે, સ્તનંત્ર રહીને પણ બહુ જ નાનું અને નિર્બળ હોવાથી પડોશી સામ્રાજીય આક્રમણો સામે એણે રૂશીઆ પર આધાર રાખવો પડત. આ બધા લાભોનો ક્રાંતિએ છુટ્ટાં મૂકેલાં કેન્દ્રાયગામી બળોને કારણે એના મુકત રાષ્ટ્રીયતાની પસંદગીના સિદ્ધાંતથી, હાલ પૂરતો તો નાશ થઈ ગયો છે.

એ સ્પષ્ટ છે કે આ દલીલો કે જે પ્રાણિક અને ભૌતિક આવશ્યકતાઓ પર સ્થાપિત છે અને જે નૈતિક અને ચૈતસિક ઔચિત્ય વિષે ફિકર કરતી નથી, તે બહુ આગળ લઈ જઈ શકાય; એ દલીલો ઑસ્ટ્રીઆના સ્લાવ પ્રદેશોના કબજા અને આધિપત્યને ઉચિત કરાવત, જેમ એ દલીલો આઈરીશ પ્રજાના વિરોધ છતાં ઇંગ્લૅન્ડના આયર્લૅન્ડ પરના વિજય અને કબજા માટે, કરવામાં આવે છે. પરંતુ થોડી વધુ આગળ લઈ જવામાં આવે તો જર્મનીની સર્વ-જર્મનવાદની યોજના અને એના વિસ્તાર અને સમાવેશના એથી મોટા ખ્યાલોને પણ એ ન્યાયી ઠરાવે. એ જ દલીલ આગળ વધીને યુરોપી રાષ્ટ્રોના એ બધા સામ્રાજીય વિસ્તારને કાયદેસર ગણાવે, જેમનું અત્યારે કોઈ નૈતિક ઔચિત્ય નથી અને જે ભવિષ્યમાં જો એ રાષ્ટ્રાતીત ચૈતસિક એકતાઓ સર્જી શકે તો નૈતિક રીતે ઉચિત ઠરી શકે; કારણ કે પ્રાણિક અને ભૌતિક કારણો તો હમેશાં હોય છે જ. પરંતુ,

એની અતિશયતામાં એનો ગમે તેવો દુર્વ્યવહાર થવાનો સંભવ હોય તો પણ, હજી મોટે ભાગે બળના કાયદા નીચે ચાલતી બળજબરી ગમે તે રીતે ઓછી કરવામાં આવતી હોય તો પણ અને પ્રાણિક અને ભૌતિક જરૂરિયાતો પર ચાલતી દુનિયામાં પ્રાણિક આવશ્યકતાનો અવાજ કંઈ નહિ તો રૂશીઆ, સંયુક્ત રાજ્ય[1] અને એની કુદરતી સીમાઓમાં ઑસ્ટ્રીઆ જેવાં ભૌગોલિક ઐક્યો[2] એને સંભળાવા દેવો જોઈએ.

રૂશીઅન સિદ્ધાંત, સાચે જ એ સંભાવ્ય ભાવિનો છે કે જેમાં નૈતિક અને ચૈતસિક સિદ્ધાંતોને પોતાનું પ્રભુત્વ સ્થાપવાની શકયતા છે, અને જેમાં પ્રાણિક અને ભૌતિક આવશ્યકતાઓએ પોતાની સગવડ અત્યારે છે તેને બદલે બીજી દિશામાં કરી લેવી પડશે, એ સિદ્ધાંત વર્તમાન આંતરરાષ્ટ્રીય પદ્ધતિથી તદ્દન વિરુદ્ધ પ્રકારની વ્યવસ્થા માટે છે. અત્યારે જે વસ્તુસ્થિતિ છે, તેમાં એને એવી મુશ્કેલીઓ સામે લડવું પડે છે કે જે અનુલંઘનીય નીવડે. રાષ્ટ્રોની ઐચ્છિક પસંદગીના પાયા પર લોકશાહી શાંતિના રૂશીઅનોએ જર્મનીને કરેલા પ્રસ્તાવ માટે એમની ખૂબ મજાક ઉડાવવામાં આવી હતી,— એ આપખુદ અને સૈનિકવાદી જર્મનીને કે જે પોતે જ બીજાં સામ્રાજ્યોની પેઠે અપ્રમાણિક રાજનીતિ અને તલવારના જોરે વિસ્તાર કરવા આગ્રહ રાખતું હતું. વ્યવહારુ રાજનીતિની દૃષ્ટિએ એ મજાક ઉચિત હતી; કારણ કે એ પ્રસ્તાવે ઘટનાઓ અને બળોની અવગણના કરીને નગ્ન અને નિ:શસ્ત્ર વિચારની શક્તિ પર આધાર રાખ્યો હતો. રૂશીઅનો, કટ્ટર આદર્શવાદીઓ, જેમ એક વાર ફ્રેન્ચો એમની ક્રાંતિના ઉત્સાહના પહેલા જોશમાં વર્ત્યા હતા તેમ જુસ્સા સાથે વર્ત્યા. એમણે એમનો સ્વાતંત્ર્યનો અને લોકશાહી શાંતિનો નવો સિદ્ધાંત જગત સામે પેશ કર્યો,— નહિ કે શરૂઆતમાં જર્મની એકલાને,— એ આશાએ કે એની નૈતિક સુંદરતા અને સત્ય અને પ્રેરણાશક્તિ સરકારોને નહિ પરંતુ પ્રજાઓને એનો સ્વીકાર કરવાની ફરજ પાડશે અને પ્રજાઓ સરકારોને ફરજ પાડશે અથવા તો જો એ સામી થશે તો એમને ઉથલાવી પાડશે. ફ્રેન્ચ ક્રાંતિકારીઓની પેઠે, એમણે પણ જોયું કે આપણી દુનિયા હજી એવી છે કે જેમાં આદર્શો તો જ અમલમાં મૂકી શકાય છે કે જો એમના હાથમાં કે એમની પીઠે અપ્રતિહન્ય પ્રાણિક અને ભૌતિક તાકાત હોય છે. ફ્રેન્ચ જેકોબીનો અવિભાજિત રાષ્ટ્રવાદના

---

૧. હવે આપણે ગ્રેટ બ્રિટન અને આયર્લૅન્ડ કહેવું જોઈએ, કારણ કે સંયુક્ત રાજ્ય હવે રહ્યું નથી.

૨. ઑસ્ટ્રીઅન સામ્રાજ્યના ટુકડા કરી નાખવાને પરિણામે એને સ્થાને પેદા થયેલાં નાનાં રાષ્ટ્રોમાં વિનાશક આર્થિક પરિણામોની આ દૃષ્ટિએ નોંધ લો.

આદર્શ સામે એમની શકિતઓ એકાગ્ર કરી શકયા અને અમુક વખત સુધી એમના સિદ્ધાંતને શસ્ત્રબળથી, જગતની શત્રુતા સામે, જીતાડી શકયા. રૂશીઅન આદર્શવાદીઓએ એમના સિદ્ધાંતનો અમલ કરવામાં જોયું કે એમનો સિદ્ધાંત જ એમની નિર્બળતાનું કારણ હતું, એમણે જોયું કે તેઓ જર્મનોના દોષદર્શી કઠણ વ્યવહાર સામે અસહાય હતા, નહિ કે એ અવ્યવસ્થિત હતા તેથી, કારણ કે એમ તો ફ્રેન્ચ ક્રાંતિકારીઓ પણ અવ્યવસ્થિત હતા અને એ મુશ્કેલીઓને ઓળંગી ગયા હતા,— પરંતુ એ કારણોથી કે જૂના રૂશીઅન બંધારણના વિશૃંખલનથી, જેમાં એમની સંમતિ હતી. એમણે સંયુકત અને વ્યવસ્થિત પગલાં ભરવાનાં સાધનો ખોઈ દીધાં હતાં. એ બધું છતાં યે એમનો સિદ્ધાંત આક્રમક રાષ્ટ્રવાદ કરતાં કે જે ફ્રેન્ચ ક્રાંતિનું એક માત્ર ફળ હતું; તેમ કરતાં વધુ કરતાં પ્રગતિશીલ હતો, કારણ કે નૈતિક હતો, એનો અર્થ ભવિષ્ય માટે બહુ મોટો છે.

કારણ કે એ સિદ્ધાંત ઐચ્છિક વિશ્વ-ઐકયના ભાવિનો ભાગ છે કે જેમાં આ ઐચ્છિક આત્મનિર્ણય ખાસ કરીને કાં તો શરૂઆતની પ્રવૃત્તિ રૂપે કે મુખ્ય અંતિમ ધ્યેય રૂપે હશે, વસ્તુઓની એ વ્યવસ્થાનો કે જેમાં જગતે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંબંધોના પાયા તરીકે યુદ્ધ અને બળનો ઉપયોગ હમેશાં માટે છોડી દીધો હશે અને એને બદલે ઐચ્છિક કોલકરારનો માર્ગ સ્વીકાર્યો હશે. જો એ વિચાર માત્ર રૂશીઆની સીમાઓની અંદર પણ વ્યવહારમાં મુકાય[1] અને રાષ્ટ્રીય કેન્દ્રીયતા આપી શકે એવી આક્રમક શકિતને ભોગે પણ જો એ સામાન્ય પ્રક્રિયાના કોઈ સિદ્ધાંત પર પહોંચે તો એ જગતમાં એક નવું નૈતિક સત્તાવાન સત્ય બની જશે. એનો બીજો સ્વીકાર નહિ થાય એ ચોક્કસ છે, સિવાય કે અણધારી ક્રાંતિઓને પરિણામે અને અગણિત અપવાદો અને ફેરફારો વિના; પરંતુ એ ત્યાં એક બળ તરીકે, કામ કરતું, જગતને પોતાના સ્વીકાર માટે તૈયાર કરતું અને જ્યારે એ તૈયાર થાય ત્યારે માનવ-એકતાની એ અંતિમ વ્યવસ્થામાં પોતાનો નિર્ણાયક અને મોટો ફાળો આપવા તૈયાર હશે, પરંતુ એ એના વર્તમાન પ્રયાસમાં સર્વ રીતે નિષ્ફળ જાય તો પણ એને વધુ સારી રીતે તૈયાર થયેલા ભવિષ્યમાં ભાગ ભજવવાનો રહેશે.

---

૧. તે વખતે પણ એ વિચાર તો સાચા દિલનો હતો, પરંતુ એનું મૂલ્ય ક્રાંતિવાદી હિંસાના સિદ્ધાંતને કારણે ઓછું થયું છે કે જેની ઉપર સોવિયેતવાદ આધાર રાખે છે.

# ઐચ્છિક વિશ્વ-ઐકયની શરતો

ઐચ્છિક વિશ્વ-ઐકય, એની પ્રકૃતિએ જ વિવિધતા પર પ્રતિષ્ઠિત સંકુલ એકતા થવી જોઈશે, અને એ વિવિધતા મુકતઆત્મ નિર્ણય પર પ્રતિષ્ઠિત હોવી જોઈશે. એક યાંત્રિક પ્રકારના એકીકરણની પદ્ધતિ એના વિચારોમાં માણસોના ભૌગોલિક સમૂહીકરણોને માત્ર પ્રાંતિક સગવડો રૂપે, શાસનની સગવડો રૂપે જોશે, એ જ ભાવનાએ કે જે પ્રમાણે ફ્રેન્ચ ક્રાંતિએ ફ્રાન્સને એના જૂના કુદરતી અને ઐતિહાસિક વિભાગોની બિલકુલ અવગણના કરીને પુનર્વ્યવસ્થિત કર્યું. એ સમગ્ર માનવજાતિને એક રાષ્ટ્રરૂપ ગણશે અને જૂની રાષ્ટ્રીય ભાવનાઓને સંપૂર્ણ રીતે ભૂંસી નાખવા પ્રયાસ કરશે; એ એની પદ્ધતિને કદાચ ખંડો પ્રમાણે ગોઠવશે અને ખંડોને સગવડ પડતી ભૌગોલિક સરહદો પ્રમાણે વિભાજિત કરશે. આ બીજા તદ્દન સામા વિચારમાં, ઐકયના ભૌગોલિક સિદ્ધાંતને ચૈતસિક સિદ્ધાંતથી ગૌણ સ્થાને મૂકવામાં આવશે, કારણ કે યાંત્રિક વિભાજન નહિ, પરંતુ જીવંત વૈવિધ્ય એનો ઉદ્દેશ હશે. જો આ ઉદ્દેશ સિદ્ધ કરવો હોય તો, માનવજાતિની પ્રજાઓને એમના મુકત-સંકલ્પ અને કુદરતી સામંજસ્યો પ્રમાણે સંઘીભૂત થવા દેવી જોઈએ; કોઈ દબાણ કે જોર વપરાવા દેવું જોઈએ નહિ, કોઈ અનિચ્છુક રાષ્ટ્ર કે પ્રજાના વિશિષ્ટ સમૂહને એની ઇચ્છા વિરુદ્ધ બીજી પદ્ધતિમાં જોડાવા કે જોડાયેલા રહેવા, કોઈ બીજી પ્રજાની કે સર્વસામાન્ય સગવડ, વિસ્તાર કે રાજકીય આવશ્યકતા માટે, એમની પોતાની ઇચ્છાઓની અવગણના કરીને કોઈ દબાણ કે બળજબરીથી ફરજ પાડવા દેવાય નહિ. રાષ્ટ્રો અને રાજ્યો ભૌગોલિક રીતે એકબીજાથી વિભાજિત હોવા છતાં, ઇંગ્લૅન્ડ અને કૅનેડા કે ઇંગ્લેન્ડ અને ઑસ્ટ્રેલીઆ પેઠે ભેગાં રહી શકે છે, અને સ્થાનિક રીતે નિકટતાવાળાં રાજ્યો ઇંગ્લૅન્ડ અને આર્યર્લૅન્ડ કે ફીન્લૅન્ડ અને રૂશીઆની માફક જુદાં રહેવાનું પણ પસંદ કરે. એકતા જીવનનો સૌથી મોટો સિદ્ધાંત

રહેશે. પરંતુ સ્વતંત્રતા એની આધારશીલા બનશે.[૧]

વર્તમાન રાજકીય અને વ્યાપારિક પાયા પર ગોઠવાયેલા જગતમાં સમૂહીકરણની આ પદ્ધતિ ઘણી વાર અનુલંઘનીય મુશ્કેલીઓ કે ગંભીર ગેરલાભ પેદા કરે; પરંતુ જે સંયોગોમાં જ માત્ર ઐચ્છિક વિશ્વ-ઐક્ય સિદ્ધ થવાની શક્યતા છે તેમાં આ મુશ્કેલીઓ કે ગેરલાભ કામ કરતાં બંધ થઈ ગયાં હશે. રક્ષણાત્મક બળ માટે કે આક્રમક શકિતરૂપે ફરજિયાત ઐક્યની લશ્કરી આવશ્યકતા અસ્તિત્વમાં રહી નહિ હોય કારણ કે યુદ્ધ શક્ય નહિ રહ્યું હોય; આંતરરાષ્ટ્રીય મતભેદોના નિરાકરણમાં બળપ્રયોગ અને ઐચ્છિક વિશ્વ-ઐક્ય એ બે તદ્દન અસંગત વિચારો છે અને વ્યવહારમાં એમનું સહઅસ્તિત્વ શક્ય નથી. રાજકીય આવશ્યકતા પણ અદૃશ્ય થઈ જશે; કારણ કે એ અથડામણીની વૃત્તિમાંથી અને એને પરિણામે ઉત્પન્ન થતી આંતરરાષ્ટ્રીય જીવનની અસ્થિર પરિસ્થિતિમાંથી પેદા થઈ છે કે જેણે નૈતિક બળમાં અને આંગિક રીતે બહુ બળવાન છે એવાં રાષ્ટ્રોને જગતમાં પ્રભુતા આપી હતી અને જેમાંથી લશ્કરી બળની આવશ્યકતા ઊભી થઈ હતી. ઐચ્છિક વિશ્વ-ઐક્યમાં, જે પોતાના વ્યવહારના નિર્ણયો પોતે કરતું હશે અને એના મતભેદોને પરસ્પર સમજૂતીથી કે જ્યાં સમજૂતી ન થઈ શકે ત્યાં મધ્યસ્થીથી કરતું હશે; તેમાં એક રાજ્યમાં પરસ્પર સંબંધ વગરના માણસોનો મોટી સંખ્યામાં સમાવેશ કરવાથી માત્ર એક જ રાજકીય લાભ થાય, મોટી વસ્તી અને સમૃદ્ધિથી પ્રાપ્ત થતી લાગવગ. પરંતુ જો એક રાજ્યમાં ભેગાં થયેલાં રાષ્ટ્રોનો સમાવેશ એમની ઇચ્છા વિરુદ્ધ કરવામાં આવ્યો હશે તો આ લાગવગ સફળ નહિ થાય; કારણ કે તો એ રાજ્ય આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં નિર્બળતાનું અને આંતરિક કુસંપનું ઉત્પાદક થશે — સિવાય કે એને આંતરરાષ્ટ્રીય પદ્ધતિમાં એના વિસ્તાર અને વસ્તીના પ્રમાણમાં એની ઘટક પ્રજાઓની ઇચ્છા કે અભિપ્રાયની અવગણના કરીને પણ મહત્ત્વ આપવામાં આવતું હોય. આ રીતે રાષ્ટ્રોની પરિષદોમાં ફીન્લૅન્ડ અને પોલૅન્ડ સંયુકત રૂશીઆના મતોની સંખ્યા વધારી દે, પરંતુ ફીન્સ અને પોલ લોકોની ઇચ્છા, ભાવના અને અભિપ્રાયને, એ યાંત્રિક અને અવાસ્તવિક એકતામાં, પોતાના આવિષ્કાર માટે કોઈ સાધન જ નહિ હોય.[૨] પરંતુ આ વસ્તુ ન્યાય અને બુદ્ધિની આધુનિક ભાવનાની વિરુદ્ધ જાય અને સ્વતંત્રતાના સિદ્ધાંત સાથે અસંગત થાય કે જે સિદ્ધાંત એકલો જ જગતની સ્થિર અને શાંતિમય વ્યવસ્થાને

---

૧. દરેક સિદ્ધાંતને એના વ્યવહારમાં બુદ્ધિદર્શિત સીમા હોય છે; નહિ તો વિચિત્ર અને અવ્યવહારુ અસંગતતાઓ જીવતા સત્યનું સ્થાન લઈ લે છે.

૨. રાષ્ટ્રસંઘમાં ભારતનો સમાવેશ આવી વ્યવસ્થાના ફળરૂપ દેખાય છે.

સલામત કરી શકે એમ છે. આ રસ્તે યુદ્ધનું નિકંદન અને મતભેદોનું શાંતિમય માર્ગે નિરાકરણ, જબરદસ્તીથી ઐકયો રચવાની લશ્કરી આવશ્યકતા દૂર કરશે, જ્યારે બધી પ્રજાઓનો જગતમાં મુકત અવાજ અને દરજ્જાનો અધિકાર એની રાજકીય આવશ્યકતા પણ દૂર કરશે. યુદ્ધનું નિકંદન અને સર્વ પ્રજાઓના સમાન અધિકારનો સ્વીકાર એકબીજા સાથે નિકટતાએ બંધાયેલાં છે. એ અન્યોન્યાશ્રય વખત પૂરતો અપૂર્ણ રીતે પણ, યુરોપી યુદ્ધ દરમિયાન માની લેવામાં આવેલો તે જો માનવજાતિનું કોઈ એકીકરણ થવાનું હશે તો સદાકાળ માટે સ્વીકારવો પડશે.

આર્થિક પ્રશ્ન રહે છે, અને પ્રાણિક અને ભૌતિક વ્યવસ્થામાં એ એક જ મહત્ત્વનો પ્રશ્ન છે કે જે આ પ્રકારના વિશ્વ-સંયોજનમાં કોઈ ગંભીર મુશ્કેલીઓ કદાચ ઊભી કરે, અથવા તો જેમાં ફરજિયાત એકતાવાળી પદ્ધતિના લાભ આ વધુ સંકુલ ઐકય કરતાં વજનદાર નીવડે. પરંતુ, બંને પદ્ધતિઓમાં એક રાષ્ટ્રનું બીજા રાષ્ટ્રને હાથે જોરજુલમથી આર્થિક શોષણ કે જે અત્યારની આર્થિક વ્યવસ્થાનો આવડો મોટો ભાગ છે તેનો તો અવશ્ય નાશ કરવામાં આવશે. એક પ્રકારની શાંત આર્થિક હરીફાઈની શકયતા રહે, એક પ્રકારની ભિન્નતા, કૃત્રિમ દીવાલો ઊભી થાય — જે ઘટના વર્તમાન વ્યાપારિક સભ્યતાની ખાસ ધ્યાન ખેંચતી અને વધતી જતી લાક્ષણિકતા છે, પરંતુ સંભવ છે કે એક વાર રાજકીય ક્ષેત્રમાંથી હરીફાઈનું તત્ત્વ દૂર થાય એટલે આર્થિક ક્ષેત્રમાં એ તત્ત્વનું મહત્ત્વ પણ ઘણું ઓછું થશે. આત્મનિર્ભરતા અને પ્રભુત્વના લાભો જેને રાજકીય હરીફાઈ અને સંઘર્ષ અને શત્રુતાવાળા સંબંધોની શકયતા અત્યારે એટલું બધું મહત્ત્વ આપે છે તે એમની ચુસ્તતા ખોશે અને વધુ ઐચ્છિક આદાનપ્રદાનના લાભો વધુ સ્પષ્ટ રીતે દેખાતા જશે. દૃષ્ટાંત તરીકે એ સ્પષ્ટ છે કે સ્વતંત્ર ફીન્લૅન્ડ રૂશીઅન વેપારને ફીનીશ બંદરોમાં થઈને જવાનું ઉત્તેજન આપવાથી વધુ લાભ મેળવશે. ઇટાલીઅન ત્રીએસ્ત વર્તમાન ઑસ્ટ્રીઅન પ્રાંતોના વેપારને સમુદ્ર પર માલ લઈ જવા ઉત્તેજન આપવાથી પોતાની અને પોતાના કુદરતી પોષકોની વચ્ચે અંતરાયો ઊભા કરવાને બદલે પોતાના પ્રદેશમાં થઈને વધુ લાભ મેળવશે. રાજકીય અને શાસનિક રીતે સ્વતંત્ર આયર્લૅન્ડ એની ખેતી–વિષયક અને ઔદ્યોગિક કેળવણીનો વિકાસ કરીને અને ઉત્પાદન-શકિત વધારીને એકલા રહેવા કરતાં ગ્રેટબ્રિટનની વ્યાપારી આયાત-નિકાસની ભાગીદારીમાં વધુ લાભ જોઈ શકશે. એ જ રીતે ગ્રેટબ્રિટન પણ એવા આયર્લૅન્ડ સાથે સમજૂતી કરીને એનો પોતાની જમીન પર ગરીબ અને ભૂખ્યા મજૂર તરીકે રાખવાને બદલે વધુ નફો મેળવી શકશે. આખા જગતમાં, એક વાર એકતાનો વિચાર અને વસ્તુતા પ્રવર્તે એટલે હિતોની એકતા વધુ સ્પષ્ટતાથી જોઈ શકાશે અને જુદાઈની દીવાલોને મહત્ત્વ આપવાથી સર્જાતી જ્વરગ્રસ્ત કૃત્રિમ સમૃદ્ધિ

કરતાં કુદરતી રીતે મૈત્રીભર્યા જીવનમાં સમજૂતી અને પરસ્પર સહકારના વધુ મોટા લાભો જોઈ શકાશે. જુદાઈ પર ભાર મૂકવો એ સંઘર્ષપ્રેરક વ્યવસ્થામાં અને આંતરરાષ્ટ્રીય હરીફાઈની સ્થિતિમાં અનિવાર્ય છે; એ જ વસ્તુ શાંતિ અને એકતા પર રચાયેલી પરસ્પર સમાધાનની પોષક વ્યવસ્થામાં કેટલી નુકસાનકારક છે એ પણ સ્પષ્ટ દેખાશે. ઐચ્છિક વિશ્વ-ઐક્યનો સિદ્ધાંત સામાન્ય પ્રશ્નોનું નિરાકરણ પરસ્પર સમજૂતીથી થાય એવો હોવાથી એને કેવળ રાજકીય મતભેદો અને રાજકીય સંબંધોની વ્યવસ્થામાં જ સીમિત કરી શકાય નહિ, પરંતુ એ કુદરતી રીતે, આર્થિક મતભેદો અને આર્થિક સંબંધોમાં પણ લાગુ પડશે. યુદ્ધનું દૂરીકરણ અને પ્રજાઓના આત્મનિર્ણયના અધિકારના સ્વીકારમાં જગતના નવા શાસનમાં એના આર્થિક જીવનની પરસ્પર અને સામાન્ય સમજૂતીથી વ્યવસ્થા, એ ઐચ્છિક ઐક્યની ત્રીજી શરત તરીકે ઉમેરવી પડશે.

હવે રહે છે ચૈતસિક પ્રશ્ન માનવીય આત્માના લાભનો, એની સંસ્કૃતિ, એના બૌદ્ધિક, નૈતિક, સૌન્દર્યદર્શી અને આધ્યાત્મિક વિકાસનો, અત્યારે માનવ-જાતિના ચૈતસિક જીવનની પ્રથમ મોટી આવશ્યકતા ગુરુત્તર એકતા પ્રત્યે વિકાસની છે, પરંતુ એની જરૂરત છે જીવંત એકતાની, સભ્યતાના બાહ્ય ઉપકરણોની નહિ,— વેશ, રિવાજ, જીવનની આદતો, રાજકીય, સામાજિક અને આર્થિક વ્યવસ્થાની વિગતો નહિ.— એકરૂપતા નહિ કે જે પ્રકારની એકતા પ્રત્યે સભ્યતાનો યંત્ર-યુગ દોડી રહ્યો છે, પરંતુ સર્વત્ર સતત મૈત્રીપૂર્ણ આદાન-પ્રદાનવાળો મુક્ત વિકાસ, નિકટતાવાળી સમજૂતી, આપણી સર્વસામાન્ય માનવતાની ભાવના, એના મોટા સામાન્ય આદર્શો અને એ સત્યો કે જેની પ્રત્યે એ દોડી રહી છે અને સંયુક્ત માનવપ્રગતિમાં પ્રયાસની અમુક એકતા અને સહચાર. અત્યારે એમ દેખાય કે ઘણાં જુદાં રાષ્ટ્રો અને સભ્યતાઓની રાજકીય જુદાઈ કરતાં એ બધાં એક રાજકીય પ્રકારનાં રાજ્ય-ઐક્યમાં રહે તો વધુ સારી રીતે સહાયક અને વધુ પ્રગતિકારક થાય. અમુક વખત માટે, અમુક અંશે, આ સાચું હોય, પરંતુ ચાલો આપણે જોઈએ કે કેટલા પ્રમાણમાં છે.

પ્રભુત્વ ભોગવતી પ્રજા પરાધીન રાષ્ટ્રનો જબરદસ્તીથી પોતાના પ્રદેશમાં સમાવેશ કરે એ માટે એની જૂની ચૈતસિક દલીલ હતી નિમ્નતર સભ્યતા પર કે અસભ્ય જાતિ પર ઉચ્ચતર સભ્યતા બેસાડી દેવાના હક્ક કે લાભની. આમ વેલ્સ અને આઈરીશ લોકોને કહેવામાં આવતું હતું કે એમની પરાધીનતા એમના પ્રદેશો માટે મોટા આશીર્વાદ રૂપ હતી, એમની ભાષાઓ ક્ષુદ્ર સ્થાનિક બોલીઓ હતી કે જે જેમ બને તેમ જલદી અદૃશ્ય થઈ જવી જોઈએ, અને ઇંગ્લિશ ભાષા, ઇંગ્લિશ સંસ્થાઓ અને ઇંગ્લિશ વિચારો અપનાવવા એ જ એમને માટે સભ્યતા, સંસ્કૃતિ અને સમૃદ્ધિ માટેનો રાજમાર્ગ હતો. ભારતમાં

બ્રિટિશ આધિપત્યનું બ્રિટિશ સભ્યતા અને બ્રિટિશ આદર્શોની અમૂલ્ય ભેટના બદલા રૂપે સમર્થન કરવામાં આવતું હતું. એક મૂર્તિપૂજક, વિધર્મી, પૂર્વીય અંધકારમાં ડૂબેલા અને અર્ધા જંગલી રાષ્ટ્રને એમના એક અને અનોખા ખ્રિસ્તી ધર્મરૂપી ભેટની ગણના ન કરીએ તો પણ આ મનફાવતી ગલ્પ હવે તો ફૂટી ગઈ છે. આપણે હવે જોઈ શકીએ છીએ કે કેલ્ટિક આત્મા અને સંસ્કૃતિ પર લાંબો ચાલેલો ત્રાસ અને પાયમાલી — જે સંસ્કૃતિ વ્યવહારમાં ઓછી કુશળ હોય તો પણ, લૅટીન કે ટ્યુટોનિક સંસ્કૃતિઓ કરતાં આધ્યાત્મિકતામાં વધુ ઊંચી હતી, એ ન કેવળ કેલ્ટિક પ્રજાની પરંતુ સમસ્ત જગતની ખોટ છે. ભારતે જુસ્સાથી બ્રિટિશ સભ્યતા, સંસ્કૃતિ અને ધર્મની ઉચ્ચતરતાના મિથ્યા આડંબરને ફગાવી દીધાં છે, છતાં બ્રિટિશ નહિ પરંતુ આધુનિક રાજકીય આદર્શો અને રીતો અને સામાજિક ક્ષેત્રમાં વધુ સમાનતાનાં વલણોનો સ્વીકાર કર્યો છે. અને વધુ સુશ્રુત યુરોપીઅન માનસને પણ ભારતનું ઍન્ગ્લીકરણ માત્ર ભારતની પોતાની નહિ પણ સમસ્ત જગતની સામે અપરાધરૂપ થાત એ સ્પષ્ટ થતું જાય છે.

છતાં એમ કહી શકાય કે, જો સમાગમનો જૂનો સિદ્ધાંત ભૂલભરેલો હોય તો પણ સમાગમ પોતે તો અંતે સારાં પરિણામ પર લઈ જાય છે. જોકે આમ આયર્લૅન્ડે મોટે ભાગે એની જૂની રાષ્ટ્રીય ભાષા ગુમાવી છે અને વેલ્સને હવે જીવંત સાહિત્ય રહ્યું નથી છતાં મોટા બદલા રૂપે કેલ્ટિક આત્મા હવે સજીવન થવા માંડયો છે અને ઇંગ્લિશ ભાષા ઉપર પોતાની છાપ પાડી રહ્યો છે કે જે જગતના કરોડો માણસો વાપરે છે, અને બ્રિટિશ સામ્રાજ્યમાં કેલ્ટિક પ્રદેશોનો સમાવેશ જુદા તત્ત્વોના જુદા વિકાસ કરતાં ઍન્ગ્લો કેલ્ટિક જીવન અને સંસ્કૃતિના વિકાસ પ્રત્યે દોરી જશે, જે જગતના લાભમાં છે. ઇંગ્લિશ ભાષાની આંશિક પ્રાપ્તિ વડે ભારત આધુનિક જગતના જીવન સાથે સંપર્ક સ્થાપી શક્યું છે, હવે કારણ કે એ પોતાના આત્મા અને આદર્શોને નવા બીબામાં સજીવન કરી રહ્યું છે, એટલે પશ્ચિમના વિચારો પર અસર પેદા કરે છે: તો એ બે દેશોનું કાયમી જોડાણ અને નિકટ સંસર્ગથી એમની સભ્યતાઓનું સતત પરસ્પર આદાનપ્રદાન એમને અને જગતને પણ એમના અસ્તિત્વની એકબીજાથી જુદી સાંસ્કૃતિક એકલવાયી સ્થિતિ કરતાં વધુ ઉપયોગી થશે.

આ વિચારમાં ક્ષણિક નજરે ચડતું સત્ય છે, જોકે પરિસ્થિતિનું સમગ્ર સત્ય નથી, અને આપણે એ વિચારને સામ્રાજીય નિરાકરણના દાવાઓની વિચારણામાં કે એકતા પ્રત્યેની પ્રગતિની રેખામાં પૂરું વજન આપ્યું છે, પરંતુ સત્યનું એ તત્ત્વ પણ તો જ સ્વીકારી શકાય, જો એક ઐચ્છિક અને સમાન એકતા, અત્યારના અકુદરતી, કષ્ટદાયક અને દાંભિક સંબંધોને દૂર કરે તો. વધુમાં આ લાભો તો જ મૂલ્યવાન બને જો એ માત્ર એથી વધુ મોટી એકતા

પ્રત્યેના માર્ગમાં વિશ્રામસ્થાનરૂપ હોય કે જેમાં આ નિકટ સંબંધ એટલા મહત્ત્વનો નહિ રહે. કારણ કે અંતિમ ધ્યેય છે એવી સર્વસામાન્ય વિશ્વ-સંસ્કૃતિ કે જેમાં પ્રત્યેક રાષ્ટ્રીય સંસ્કૃતિ, એનાથી સિદ્ધાંતે કે સ્વભાવે ભિન્ન સંસ્કૃતિમાં મળી જાય કે ડૂબી જાય એમ નહિ, પરંતુ પોતાની પૂરી શકિતથી વિકાસ પામે અને પછી બીજી બધીઓની સિદ્ધિઓનો લાભ લે અને એમને પોતાની કમાણીઓ અને અસરોનો લાભ આપે, બધી પોતાની ભિન્નતાથી અને પારસ્પરિક ક્રિયા પ્રતિક્રિયાથી માનવપૂર્ણતાના સર્વસામાન્ય ધ્યેય અને વિચારને સિદ્ધ કરવામાં સહાયક થાય. આ સારી રીતે થઈ શકે, નહિ કે જુદાઈ અને એકલવાયા-પણાથી, કે જેનો ભય એમાં નહિ રહે, પરંતુ એ કૃત્રિમ એકતાના યાંત્રિક રીતે બાંધી રાખનાર બળને આધીન નહિ એવા જીવનની અમુક વિશિષ્ટ અને સ્વતંત્રતાથી થઈ શકે. સ્વતંત્ર રાષ્ટ્રની અંદર પણ, વિકાસ અને વૈવિધ્ય માટે વધુ છૂટવાળી સ્થાનિક સ્વતંત્રતાઓનું વલણ લાભદાયી થાય એમ છે, જૂના ગ્રીસ, હિંદ અને મધ્યકાલીન ઈટલીના ચમકદાર સ્થાનિક અને પ્રાદેશિક જીવન પ્રત્યે એક પ્રકારનું પ્રત્યાવર્તન; કારણ કે સંઘર્ષ રાજકીય નિર્બળતા અને રાષ્ટ્રની સ્વતંત્રતાની અસ્થાયિતારૂપી જોખમો વસ્તુઓની નવી સ્થિતિમાં અસ્તિત્વમાં નહિ રહ્યાં હોય જેમાંથી ભૌતિક સંઘર્ષની જૂની શરતો — રીતો નિર્વાસિત કરવામાં આવી હશે, અને બધા સાંસ્કૃતિક અને ચૈતસિક લાભો પ્રાપ્ત કરી શકાતા હશે. શાંતિ અને સ્વતંત્રતામાં સ્વસ્થ જગત, સંયુકત માનવજાતિના દૃઢ તંત્ર નીચે વ્યકિતગત, સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય માનસ અને શકિતપૂર્ણ ઉત્તેજન અને પ્રફુલ્લન દ્વારા જીવનની સાચી માનવી શકિતઓને તીવ્રતમ બનાવવાના કામમાં છૂટથી લાગી જઈ શકશે.

ચોકકું ચોકસ કયા રૂપનું થશે એ વિષે ભવિષ્ય ભાખવું અશકય છે અને એને વિષે તર્કવિતર્ક કરવા વ્યર્થ છે; માત્ર અત્યારે પ્રચલિત છે એવા અમુક વિચારોમાં ફેરફાર કરવા પડશે કે એમનો ત્યાગ કરવો પડશે. પહેલી દૃષ્ટિએ વિશ્વ-સંસદનો વિચાર આકર્ષક લાગે છે કારણ કે સંસદીય પદ્ધતિથી આપણું માનસ ટેવાયું છે; પરંતુ વર્તમાન એકતાવાદી રાષ્ટ્રના પ્રકારની સંસદ આવા મોટા અને સંકુલ પ્રકારના ઐચ્છિક વિશ્વ-ઐકયનું યોગ્ય સાધન નહિ થઈ શકે; એ સાધન થઈ શકે માત્ર એકતાવાદી વિશ્વ-રાજ્યનું, વિશ્વ-સમવાયનો વિચાર—જો એ શબ્દથી જર્મન કે અમેરિકન રૂપ સમજવામાં આવતું હોય તો, એ પણ રાષ્ટ્રીય વિકાસની વધુ મોટી વિવિધતા અને સ્વતંત્રતા માટે એટલું જ અયોગ્ય નીવડશે કે જેને વિશ્વ-ઐકયનો આ પ્રકાર એના મૌલિક સિદ્ધાંતોમાંનો એક ગણશે. વધુ સંભવ છે કે આવી એકતા માટે, સર્વસામાન્ય માનવધ્યેયોની પ્રાપ્તિ માટે, સંઘર્ષ અને મતભેદોનાં સર્વ કારણોને દૂર કરવા માટે, પરસ્પર

સહાય અને આદાનપ્રદાનને જરૂરી સંબંધ અને વ્યવસ્થા માટે, છતાં પ્રત્યેક એકમને પૂર્ણ આંતરિક સ્વતંત્રતા અને આત્મનિર્ણયનો અધિકાર આપતો હોય એવો કોઈ પ્રકારનો પ્રજાઓનો સમવાય એ વધુ યોગ્ય સિદ્ધાંત થાય.

પરંતુ આ વધુ શિથિલ પદ્ધતિ છે એટલે, પૃથક્તાની ભાવના અને સંઘર્ષ અને મતભેદરૂપી કારણોને, એકતાના વધુ મોટા તત્ત્વની સહનશકિતને જોખમાવે, એવા જોરાવર રૂપમાં સજીવન રહેતાં, કઈ વસ્તુ રોકશે? — જો એ ભાવના અને એ કારણો એકતાને અમુક હદ સુધી સફળ થવા દે તો પણ? એની વિરુદ્ધ એકતાવાદી વિચાર, આ વિરુદ્ધ વલણોને એમનાં રૂપોમાં અને એમનાં મૂળકરણમાંથી ભૂંસી નાખવા માગે છે અને એમ કરીને સ્થાયી ઐકયને સલામત રાખે એવું દેખાય છે. પરંતુ જવાબમાં એમ કહી શકાય કે જો રાજકીય વિચારો અને તંત્ર દ્વારા, રાજકીય અને આર્થિક ભાવનાના દબાણ નીચે આ એકતા સ્થાપવાની હોય, એટલે કે એકીકરણથી પ્રાપ્ત થતા ભૌતિક લાભો, સગવડો, સુખાકારીના વિચાર અને અનુભવથી એકતા સ્થાપવાની હોય, તો એકતાવાદી પદ્ધતિ પણ સ્થાયિત્વની ખાત્રી નહિ રાખી શકે. કારણ કે માનવમન અને પાર્થિવ સંયોગોની સતત પરિવર્તનશીલતામાં, જીવન જયાં સુધી સક્રિય છે ત્યાં સુધી, નવા વિચાર અને ફેરફારો અનિવાર્ય છે. વિવિધતા, પૃથક્તા સ્વતંત્ર જીવનના તત્ત્વને પુન:પ્રાપ્ત કરવાની દબાવી દીધેલી ઇચ્છા તો એમને એક દુરસ્ત અને જરૂરી પ્રતિક્રિયારૂપ ગણી એમનો લાભ લેશે. સધાયેલી નિર્જીવ એકતા જીવનની અંદરની આવશ્યકતાઓના દબાણથી છુટ્ટી પડી જશે કે જેવી રીતે રોમન એકતા એની નિર્જીવતાને કારણે બહારના દબાણના અસહાય જવાબરૂપે છુટ્ટી પડી ગઈ હતી અને એ એક વાર ફરીથી સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અહંભાવ પોતાને માટે નવાં રૂપો અને નવાં કેન્દ્રો રચી લેશે.

બીજી બાજુએ, મુકત વિશ્વ-ઐકયમાં એ રાષ્ટ્રીયતાના પાયા પર શરૂઆત કરશે. તો પણ રાષ્ટ્ર વિષેના ખ્યાલમાં જ મૌલિક ફેરફાર થવાની આશા રાખી શકાય; એ એક નવા ઓછા કઠણ રૂપમાં અને સામૂહિક સંઘિકરણના વિચારમાં અદૃશ્ય થઈ જાય, જે જુદાઈની ભાવનાવાળું નહિ હોય છતાં સ્વતંત્રતા અને વિવિધતાનું જરૂરી તત્ત્વ સાચવશે કે જે વ્યકિત અને સમૂહ બંનેને એમના પૂરા સાફલ્ય માટે જરૂરી છે. વધુમાં રાજકીય અને યાંત્રિક વિચાર અને પ્રતિષ્ઠાની માફક ચૈતસિક તત્ત્વ પર એટલો જ આધાર રાખીને એ બૌદ્ધિક અને ચૈતસિક રૂપાંતર માટે વધુ ઐચ્છિક અને ઓછું કૃત્રિમ રૂપ અને સગવડ પૂરાં પાડશે; કારણ કે આવું આંતરિક પરિવર્તન જ એકીકરણને સ્થાયી થવાની કંઈક અનુકૂળતા કરી આપે. એ પરિવર્તન સજીવ વિચારના વિકાસનું કે માનવતાના ધર્મનું હશે. કારણ કે માત્ર એ રીતે જ જીવનનું, ભાવનાનું અને દૃષ્ટિનું ચૈતસિક રૂપાંતર

આવી શકશે કે જે વ્યક્તિ અને સમૂહ બંનેને એમની સર્વસામાન્ય માનવતામાં પ્રથમ અને એમની વ્યક્તિગત અને સામૂહિક અહંતાને દબાવીને વધુમાં વધુ જીવવાની છતાં મનુષ્યની અંદર રહેલી દિવ્યતાને એની પોતાની રીતે વિકસાવવા અને આવિર્ભૂત કરવાની એમની વ્યક્તિગત અને સામૂહિક શક્તિ ગુમાવ્યા વગર આદત પાડશે. અને એક વાર ભૌતિક અસ્તિત્વ સલામત થશે એટલે એ માનવઅસ્તિત્વના સાચા ધ્યેય રૂપે બહાર આવશે.

# આંતરરાષ્ટ્રીયવાદ

માનવસમૂહ એક સામાન્ય જીવન અને સામાન્ય હિતવાળી એક જાતિ છે, એ વિચાર આધુનિક વિચારસરણીની વધુમાં વધુ લાક્ષણિક અને મહત્ત્વની પેદાશમાંનો એક છે. એ ઉત્પત્તિ છે યુરોપીયનની કે જે જીવન–અનુભવમાંથી વિચાર સુધી પહોંચે છે અને ઊંડે જવાને બદલે જીવનનાં બાહ્ય રૂપો અને સંસ્થાઓને, એની ગોઠવણી અને પદ્ધતિને બદલવાના પ્રયાસમાં વિચારમાંથી જીવન પ્રત્યે પાછું વળે છે. યુરોપી માનસમાં એ પ્રવૃત્તિએ અત્યારે આંતરરાષ્ટ્રીયવાદને નામે ઓળખાતું રૂપ લીધું છે. આંતરરાષ્ટ્રીયવાદ માનવમન અને જીવનનો, રાષ્ટ્ર-વિચાર અને રૂપમાંથી વિકસીને બહાર આવવાનો અને અમુક અર્થમાં એને માનવજાતિના વધુ મોટા સમન્વયના હિતાર્થે નાબૂદ કરવાનો પ્રયાસ છે. આ માર્ગે કામ કરતા વિચારને એ કોઈ વ્યવહારુ અસર પેદા કરી શકે તે પહેલાં હમેશાં તે સમયના જીવનમાં હયાત કોઈ શકિત કે વધતા જતા બળની સાથે સંબંધ રાખવાની આવશ્યકતા રહે છે. પરંતુ સામાન્ય રીતે એને આવા વધુ સ્થૂલ મિત્રનાં હિતો અને વ્યવસાયોના સંસર્ગથી પોતાની કોઈ નાની કે મોટી ક્ષતિ કે વિકૃતિ સહન કરવી પડે છે અને એ રૂપે, પહેલા જેવો શુદ્ધ અને મૌલિક નહિ રહેલો એ વ્યવહારના પ્રથમ તબક્કામાં પ્રવેશ કરે છે.

આંતરરાષ્ટ્રીયવાદ અઢારમી સદીના વિચારમાંથી જન્મ્યો અને ફ્રેન્ચ ક્રાંતિની શરૂઆતની આદર્શવાદી અવસ્થામાં બોલતો થયો. પરંતુ એ વખતે એ વધુ પ્રમાણમાં વ્યવહારમાં ઊતરવા માગતા સ્પષ્ટ ખ્યાલ કરતાં એક બૌદ્ધિક ભાવના રૂપ હતો અને એને જીવનમાં સદેહ બનવામાં સહાય કરે એવી કોઈ જોરાવર શકિત મળી નહિ. ફ્રેન્ચ ક્રાંતિ અને એની આજુબાજુ પેદા થયેલા સંઘર્ષમાંથી જે વસ્તુ બહાર આવી તે પૂર્ણ અને સભાન રાષ્ટ્રવાદ હતો, આંતરરાષ્ટ્રીયવાદ નહિ. ઓગણીસમી સદીમાં આપણે વિચારકોના મનમાં એ વધુ મોટો વિચાર ફરી વિકાસ પામતો, કોઈ વખતે કંઈક બદલાયેલા રૂપમાં, કોઈ કોઈ વાર એના શુદ્ધ

સ્વરૂપમાં જોઈએ છીએ કે જે છેવટે સમાજવાદ, અને અરાજકતાવાદનાં વધતાં જતાં બળોના સહકારથી સશરીર અને અભિજ્ઞેય—ધ્યાન દેવા યોગ્ય રીતે સપ્રાણ બન્યો. એના પોતાના અસલ રૂપમાં એ, બુદ્ધિપ્રધાન લોકોનો, રાષ્ટ્રવાદને એક સાંકડા આદર્શરૂપ ગણી, એના પ્રત્યે અસહિષ્ણુ અને દેશપ્રેમને તિરસ્કૃત કરતો, એને એક બુદ્ધિહીન પક્ષપાત, અશુભ સામૂહિક અહંભાવ, સાંકડી બુદ્ધિવાળાઓની નિશાની અને અહંકાર, પૂર્વગ્રહ, ધિક્કાર, જુલમ, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે ભેદભાવ અને સંઘર્ષ પેદા કરનાર અને ભૂતકાળનો સ્થૂળ અવશેષ કે જેનો વિકસતી બુદ્ધિ નાશ કરશે એમ ગણીએ તો આંતરરાષ્ટ્રીયવાદ બન્યો. આ આદર્શ રચાયો છે એ દૃષ્ટિબિંદુથી કે જે માણસને માત્ર એની માનવતામાં જુએ છે, અને એ બધાં ભૌતિક અને સામાજિક — જન્મ, પદ, વર્ગ, વર્ણ, ધર્મ કે રાષ્ટ્રનાં આનુષંગિકોને દૂર ફેંકી દે છે કે જે આટલી બધી ભીંતો રૂપે ઊભાં કરી દેવામાં આવ્યાં છે અને જેની ઓથે માણસને માણસથી છુપાવી દેવામાં આવ્યો છે; અને જેની આજુબાજુએ એને માટે ખાઈઓ રચાઈ ગઈ છે જેમાં માણસની સહાનુભૂતિ માણસને પહોંચી શકતી નથી અને જેમાંથી માણસ રક્ષણાત્મક અને આક્રમણાત્મક રીતે રાષ્ટ્રોનું, ખંડોનું, વર્ગોનું, વર્ણનું વર્ણ સાથે, સંપ્રદાયનું સંપ્રદાય સાથે, સંસ્કૃતિનું સંસ્કૃતિ સાથેનું યુદ્ધ લડી શકે. બુદ્ધિપ્રધાન આંતરરાષ્ટ્રીયવાદીનો વિચાર આ બધી બર્બરતાનો, માણસને માણસ સામે મોંઢામોંઢ કરીને, એમની સામાન્ય માનવ અનુકંપા, ઉદ્દેશો અને ભવિષ્યના ઉચ્ચતમ હિતોના પાયા પર નાશ કરવા માગે છે, એની દૃષ્ટિ સંપૂર્ણ રીતે ભવિષ્યમાં નિહાળે છે; એ ભૂતકાળના અસ્પષ્ટ અને અંધકારગ્રસ્ત શુભ પરથી ભવિષ્યના વધુ શુભ પ્રત્યે વળી ગયું છે જ્યારે માણસ, આખરે સાચે જ સમજદાર અને નીતિમાન બનવાની શરૂઆત કરી પૂર્વગ્રહ અને વિકૃત આવેશો અને અશુભોનાં ઉત્પત્તિ સ્થાનોને ખંખેરી નાખશે. માનવજાતિ વિચાર અને ભાવનામાં એક થશે અને જીવન ભાનપૂર્વક પૃથ્વી પર એની પ્રતિષ્ઠામાં અને એના ભાવિમાં એક બનશે જેવું એ અત્યારે એની અનિચ્છાએ પણ છે.

એ વિચારની ઉચ્ચતા અને ઉદાત્તતા વિષે પ્રશ્ન જ નથી, અને અવશ્ય જે માનવજાતિ એનું જીવન આ પાયા પર ગોઠવે, તો અત્યારે આપણે જેની આશા રાખી શકીએ એવી કોઈ વસ્તુ કરતાં એ એક વધુ બહેતર, શુદ્ધ, શાંત અને જ્ઞાનદીપ્ત જાતિ હશે. પરંતુ અત્યારે માનવજાતિ જેવી બનેલી છે તેમાં શુદ્ધ વિચાર કે જે હમેશાં એક મોટી શકિત છે તે અમુક પ્રકારની અશકિતથી આક્રાન્ત પણ છે. એક વખત જન્મ લીધા પછી વિચારમાં, માનવસત્ત્વના બીજા ભાગોને હાથમાં લેવાની અને એના સત્યને સ્વીકારવા અને એને સશરીર બનાવવા કોઈ પ્રયાસ કરવા ફરજ પાડવાની આખરી શકિત છે,

એ એનું પ્રાબલ્ય છે. પરંતુ કારણ કે માણસ અંદર કરતાં બહાર વધુ જીવે છે; મોટે ભાગે એના ઉચ્ચતર વિચારાત્મક મન કરતાં એના પ્રાણિક અસ્તિત્વમાં ઐન્દ્રિય સંવેદનો, લાગણીઓ અને આદત પરેલા માનસથી વધુ પ્રમાણમાં દોરવાય છે, કારણ કે એ એનામાં પોતાને વધુ જીવંત હોવાનો અનુભવ કરે છે. પોતે ખરેખર છે અને પોતે વસ્તુતાએ એ છે એમ માને છે, જ્યારે વિચારોનું જગત એને માટે એની પોતાની રીતે અસરકારક અને આકર્ષક હોવા છતાં કોઈ દૂરની અને અમૂર્ત વસ્તુ રહે છે, જીવંત વસ્તુ નહિ. શુદ્ધ વિચાર જીવનમાં સશરીર ન બને ત્યાં સુધી કોઈ અવાસ્તવિક વસ્તુ દેખાય છે; એ અમૂર્તતા, અગ્રાહ્યતા અને દૂરતામાં એની નિર્બળતા છે.

આ અમૂર્તતાનું સંવેદન વિચાર પર અનુચિત ત્વરાથી જીવન પાસે પોતાનો સ્વીકાર કરાવવા અને સશરીર બનવા દબાણ કરે છે. જો એ પોતાની શકિતમાં વિશ્વાસ રાખી શકે અને વિકસવામાં સંતોષ માને, આગ્રહ રાખે, માનવ-આત્મામાં પૂરો ઊતરી જાય ત્યાં સુધી પોતાની છાપ પાડે તો સંભવ છે કે એ એના આધ્યાત્મિક જીવનનો ભાગ, એના માનસનું કાયમી પરિબળ બની જાય અને એને પોતાના રૂપમાં એનું આખું જીવન ફરી ઢાળવા શકિતમાન થાય. પરંતુ એને જેટલી બને એટલી ત્વરાએ જીવનના રૂપમાં સ્વીકારાવાની અનિવાર્ય રીતે ઇચ્છા હોય છે, કારણ કે ત્યાં સુધી એને પોતે શકિતમાન છે એમ લાગતું નથી અને એને ખાત્રી પડતી નથી કે એણે એનામાં રહેલા સત્યનું સમર્થન કર્યું છે. એને પોતાનું પૂરું જ્ઞાન થાય તે પહેલાં એ કામ કરવા દોડે છે અને જ્યારે એને પોતે જીવતો હોય અને ઉદ્દેશ સિદ્ધ કરતો હોય એમ લાગે છે તે જ વખતે એની પોતાની નિરાશા સર્જે છે. કારણ કે જીતવા માટે, એ એવી શકિતઓ અને આંદોલનો સાથે મૈત્રી કરે છે કે જે એના કરતાં જુદા ઉદ્દેશથી દોરાતાં હોય છે, પરંતુ જે એની મદદ મેળવવા રાજી હોય છે, જો એ રીતે એ શકિતઓ અને આંદોલનો એમના પોતાના દાવા અને હક્કોને વધુ મજબૂત કરી શકે એમ હોય તો. આમ જ્યારે એ પોતાને સ્થૂલ સ્વરૂપે જુએ છે ત્યારે એ મિશ્ર, અશુદ્ધ અને બિનઅસરકારક રૂપમાં હોય છે. જીવન એને આંશિક પ્રકૃતિ તરીકે અંગીકાર કરે છે પરંતુ સંપૂર્ણ રૂપે નહિ, કંઈક સચ્ચાઈના અભાવ સાથે. એક પછી એક પ્રત્યેક વિચારનો આ ઇતિહાસ છે અને ઓછામાં ઓછું આ એક કારણ છે જે હમેશાં માટે લગભગ હમેશાં માનવપ્રગતિમાં કોઈક અવાસ્તવિક, અનિર્ણાયક અને ઉત્પાદક એવું તત્ત્વ રહે છે.

વર્તમાનકાળમાં, માનવજીવનમાં આંતરરાષ્ટ્રીયતાના વિચારને સહાયક ઘણા સંયોગો અને વલણો છે. આવાં સહાયક પરિબળોમાં સૌથી વધુ શકિતશાળી છે આંતરરાષ્ટ્રીય જીવનની સતત દૃઢ થતી ગાંઠો, સંબંધોનાં બિંદુઓનું અને

વ્યવહારના દોરોનું ગુણીકરણ અને વિચાર, વિજ્ઞાન અને જ્ઞાનમાં વધતી આત્મીયતા. વિજ્ઞાન ખાસ કરીને આ દિશામાં મોટું પરિબળ છે; કારણ કે વિજ્ઞાન સર્વ માણસો એક-સમાન વસ્તુ છે એના નિર્ણયોમાં, ખુલ્લું છે સર્વને માટે એની રીતોમાં અને પ્રાપ્ય છે એની સિદ્ધિઓમાં : એ એની પ્રકૃતિએ જ આંતરરાષ્ટ્રીય છે : રાષ્ટ્રીય વિજ્ઞાન જેવી કોઈ ચીજ હોઈ શકતી નથી; પરંતુ માત્ર વિજ્ઞાનના કાર્ય અને વિકાસમાં રાષ્ટ્રોનાં યોગદાન હોઈ શકે કે જે સમગ્ર માનવજાતિનાં અવિભાજ્ય સંપત્તિ છે. તેથી વિજ્ઞાનીઓ કે વિજ્ઞાનની જેની ઉપર મોટી અસર છે એવા માણસો આંતરરાષ્ટ્રીય ભાવનામાં વધુ સહેલાઈથી પ્રગતિ કરી શકશે અને હવે તો આખું જગત વિજ્ઞાનની અસર અનુભવવા અને એમાં જીવવા લાગ્યું છે. વિજ્ઞાને વળી જગતના પ્રત્યેક ભાગ સાથે નિકટ સંપર્ક સર્જ્યો છે, જેમાંથી કોઈ એક જાતનું આંતરરાષ્ટ્રીય માનસ સર્જાતું જાય છે. જીવનની સાર્વલૌકિક આદતો પણ હવે અસાધારણ નથી અને એમના રાષ્ટ્રના નાગરિકો હોવા કરતાં વધુ પ્રમાણમાં વિશ્વનાગરિકો હોય એવા માણસો પણ સારી સંખ્યામાં છે. જ્ઞાનની વૃદ્ધિ લોકોને એકબીજાની કળા, સંસ્કૃતિ, ધર્મ અને વિચારોમાં રસ લેતા કરી રહી છે અને ઘણે ઠેકાણે પૂર્વગ્રહ, તુંડમિજાજ, જૂની રાષ્ટ્રવાદી એકાંતિકતાને તોડી પાડતી જાય છે. ધર્મ કે જેણે આ માર્ગમાં અગ્રેસર થવું જોઈતું હતું, પરંતુ એની એના બાહ્ય ભાગો પર અને એના આધ્યાત્મિક કરતાં અવચેતન આવેશો પર વધુ આશ્રિતતાને કારણે, એટલો જ કે એથીયે વધારે, એકતાના ઉપદેશક કરતાં વિદ્વેષનો વાવનાર થયો છે,— તે ધર્મ પણ હજી ઝાંખો ઝાંખો અને બિનઅસરકારક રીતે માનવા લાગ્યો છે, કે આધ્યાત્મિકતા તો એનો આખરે પ્રધાન વ્યવસાય અને સાચો ઉદ્દેશ છે અને એ પણ કે આધ્યાત્મિકતા સર્વ ધર્મોનું એક સામાન્ય તત્ત્વ અને સર્વસામાન્ય અને એકત્ર કરતો પાશ છે. જેમ જેમ આ પ્રભાવો વધશે અને એકબીજાની સાથે વધુ ને વધુ ભાવપૂર્વક સહકાર કરતા થશે, તેમ તેમ આશા રાખી શકાય કે જરૂરી ચૈતસિક ફેરફારો શાંતિથી, ધીરે ધીરે, પરંતુ એ છતાં અપ્રતિહત રીતે અને અંતે ત્વરાથી વધતી જતી શકિતથી, એમનું સ્થાન લેશે કે જે માનવજાતિના જીવનમાં સાચું અને મૌલિક પરિવર્તન તૈયાર કરશે.

પરંતુ અત્યારે આ પ્રક્રિયા મંદ છે અને તે દરમિયાન, આંતરરાષ્ટ્રીયતાનો વિચાર, સિદ્ધિ માટે આતુર અને બે વધતી જતી શકિતવાળાં આંદોલનો— સમાજવાદ અને અરાજકતાવાદ કે જે આંતરરાષ્ટ્રીય બની ગયાં છે એમની સાથે મૈત્રી સંબંધોવાળો કે લગભગ એક થઈ ગયો છે. ખરે જ—આ સંધિને જ સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીયવાદને નામે ઓળખવામાં આવે છે. પરંતુ, આ સમાજવાદી અને અરાજકતાવાદી આંતરરાષ્ટ્રીયવાદ થોડા વખત પહેલાં યુરોપી

યુદ્ધની અગ્નિપરીક્ષામાં એની ચકાસણી પર મુકાયો હતો, અને આ પરીક્ષામાં એ દુ:ખદ રીતે અપૂર્ણ માલૂમ પડયો હતો. પ્રત્યેક દેશમાં, સમાજવાદી પક્ષે એની આંતરરાષ્ટ્રવાદી પ્રત્યાશા ખૂબ સહેલાઈથી અને સ્ફૂર્તિ સાથે ઉતારી નાખી હતી, અને એ વિચારનો સમર્થક જર્મન સમાજવાદ એના સંખ્યાબંધ અનુયાયીઓ સાથે દોરવણી આપતો આ પ્રચંડ પ્રતિજ્ઞાભંગમાં આગળ થયો હતો. એ સાચું છે કે દરેક દેશમાં અમુક નાની અલ્પમતી એના સિદ્ધાંતોને વીરતાથી વળગી રહી અથવા તો એમના પ્રત્યે પાછી વળી અને જેમ અસીમ આંતરરાષ્ટ્રીય કત્લેઆમની સર્વવ્યાપક થકાવટ-અકળામણ વધતી ચાલી તેમ બહુમતીએ પણ એ જ દિશામાં ડાહ્યું વલણ લીધું; પરંતુ એ તો સિદ્ધાંત કરતાં વધારે સુયોગનું ફળ હતું. એમ કહી શકાય કે રૂશીઅન સમાજવાદે કંઈ નહિ તો એના વધુ અંતિમવાદી રૂપમાં પોતે આંતરરાષ્ટ્રીયવાદી ભાવનાનું, વધુ મજબૂત મૂળ છે એમ બતાવ્યું છે, પરંતુ જે વસ્તુને એણે સિદ્ધ કરવા વ્યવહારમાં પ્રયત્ન કર્યો છે તે વધુ મોટા આંતરરાષ્ટ્રીયવાદના પાયા પર નહિ પરંતુ પરિશુદ્ધ થયેલા રાષ્ટ્રવાદના પાયા પર, ક્રાંતિકારી ઉદ્દેશો સિવાય બીજી બાબતોમાં અનાક્રમક અને સંયમિત શ્રમજીવીઓના રાજ્યનો વિકાસ છે. ગમે તેમ પણ રૂશીઅન પ્રયાસનાં વસ્તુત: પરિણામ અત્યાર સુધી તો આંતરરાષ્ટ્રીય વિચારની; અને જીવનને યોગ્ય બનાવે એવા જુસ્સાદાર પ્રાણ અને કાર્યક્ષમતા પ્રાપ્ત કરવાની અશકિત બતાવે છે. એ પરિણામોને આંતરરાષ્ટ્રીયવાદના સત્યના સમર્થન કરતાં માનવપ્રગતિના અત્યારના સંયોગમાં એની અયુકતતા પુરવાર કરવા વાપરી શકાય.

પરંતુ જીવનના કઠણ પરીક્ષણ નીચે આંતરરાષ્ટ્રીય આદર્શની આ લગભગ સંપૂર્ણ નાદારીનું કારણ શું છે? અમુક ભાગે એમ હોય કે સમાજવાદની સફળતા આંતરરાષ્ટ્રીયવાદની પ્રગતિ સાથે આવશ્યક રીતે બંધાયેલી નથી. સમાજવાદ એ વ્યકિત પોતા કરતાં વધુ પ્રમાણમાં સમૂહ માટે જીવતો થાય એમ કરીને રાષ્ટ્રરૂપ સમુદાયના વિકાસને પૂર્ણ કરવાનો પ્રયાસ એ છે રાષ્ટ્રવાદનો આગળનો વિકાસ, આંતરરાષ્ટ્રીયવાદનો નહિ. બેશક જ્યારે રાષ્ટ્રનો સમાજ પૂર્ણ થયો હશે ત્યારે રાષ્ટ્રોનો સમાજ રચી શકાશે અને રચાવો જોઈએ, પરંતુ આ છે સમાજવાદનું આગળનું કે અંતિમ સ્વરૂપ, નહિ કે પ્રાથમિક પ્રાણિક આવશ્યકતા. જીવનની કટોકટીની વખતે પ્રાથમિક પ્રાણિક આવશ્યકતા પ્રમાણે નિર્ણય થાય છે, જ્યારે બીજું કે દૂરનું તત્ત્વ હજી સિદ્ધિ માટે તૈયાર નહિ એવા માત્ર વિચાર રૂપ પુરવાર થાય છે; એ ત્યારે જ શકિતશાળી થાય છે જ્યારે તે પ્રાણિક કે ચૈતસિક આવશ્યકતા બને છે. ખરું સત્ય, નિષ્ફળતાનું ખરું કારણ એ છે કે આંતરરાષ્ટ્રીયવાદ હજી સુધી કેટલીક અસાધારણ માણસોને બાદ કરતાં, માત્ર એક વિચાર રૂપે છે; હજી એ આપણી જુસ્સાદાર લાગણીઓને સ્પર્શતી વસ્તુ કે આપણા ચૈતસિક

તત્ત્વનો બીજી રીતે ભાગ બન્યો નથી. સામાન્ય સમાજવાદી કે વ્યવસાયવાદી સર્વસામાન્ય માનવીય ભાવનાઓમાંથી છૂટી શકતો નથી અને પરીક્ષા વખતે એ પણ દેખાઈ જાય છે કે એ સામાન્ય વખતે ભલેને 'પિતૃભોમ વગરનો' હોવાનો દાવો કરે, પરંતુ એ એના અંતરતમ હૃદયમાં અને સત્યમાં રાષ્ટ્રવાદી છે. એક પ્રાણિક સત્ય તરીકે વધુમાં આ આંદોલનો કેટલાક બુદ્ધિપ્રધાન માણસોની સદાય સાથે શ્રમજીવીઓનો વસ્તુઓની સ્થાપિત હાલત સામે બળવો છે, અને આંતરરાષ્ટ્રીયવાદ સાથે એ સંધિબદ્ધ થયો છે કારણ કે એ પણ બૌદ્ધિક બળવો છે અને કારણ કે એનો વચાર એમને સંગ્રામમાં મદદ કરે છે. જો મજૂરપક્ષ સત્તા પર આવે તો એ એના આંતરરાષ્ટ્રીય વલણો રાખશે કે ઉતારી નાખશે? જે દેશોમાં એ કારોબાર ચલાવે છે કે ચલાવતો હતો ત્યાંનો અનુભવ ઉત્સાહ-પ્રેરક ઉત્તર આપતો નથી અને એટલું તો કહી શકાય કે, સિવાય કે તે માનવ-જાતિમાં ચૈતસિક ફેરફાર અત્યારે થયો છે તેથી બહુ આગળ વધી ગયો હોય, સત્તા ઉપર આવેલો મજૂર પક્ષ આંતરરાષ્ટ્રીય ભાવનાને રાખવા કરતાં વધુ પ્રમાણમાં ફેંકી દેવાનો અને જૂના માનવીય ઉદ્દેશો પ્રમાણે વર્તવાનો સંભવ છે.

. બેશક, યુરોપી યુદ્ધ પોતે જ સફળ રાષ્ટ્રવાદમાં જે કોઈ આપત્તિકારક અને અશુભ હતું એનો જ પ્રસ્ફોટ હતો, અને એમાંથી ભડકી ઊઠેલો અગ્નિકાંડ એવી પાવક પ્રક્રિયા હતી કે જેણે એવી કેટલીયે વસ્તુઓ, બાળીને ભસ્મ કરી નાખી કે જેમણે મરવું જરૂરી હતું. એણે આંતરરાષ્ટ્રીયવાદી વિચારને મજબૂત કર્યો છે અને સરકારો અને લોકો પર એની જોરદાર છાપ પાડી છે. પરંતુ આપણે અસાધારણ કટોકટીની વખતે અસાધારણ સંયોગોના દબાણ નીચે, પેદા થયેલા વિચારો અને ઠરાવો પર વધુ પડતો આધાર ન રાખી શકીએ. આખરે એની કંઈક અસર, આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં વધુ ન્યાયી સિદ્ધાંતોનો કોઈ પહેલો સ્વીકાર કે કોઈ વધુ સારા, વધુ સમજદાર કે કાંઈ નહિ તો વધુ સગવડવાળા આંતર-રાષ્ટ્રીય પ્રબંધ માટે પ્રયાસ રૂપે રહેશે. પરંતુ જ્યાં સુધી માનવતાનો ખ્યાલ માત્ર બુદ્ધિમાં નહિ પરંતુ ભાવનાઓમાં, લાગણીઓમાં, કુદરતી સહાનુભૂતિમાં અને મનુષ્યની ટેવોમાં વૃદ્ધિ પામ્યો નથી, ત્યાં સુધી થયેલી પ્રગતિ જીવતી પ્રાણવાન બાબતો કરતાં વધુ પ્રમાણમાં બહારની વ્યવસ્થા પૂરતી અને હોવાનો એકદમ અને જલદી આદર્શની મોટી અને સાચી સિદ્ધિ કરતાં વધારે આદર્શના મિશ્ર અને અહંભાવી ઉદ્દેશો માટે ઉપયોગી થવા વધુ સંભવ છે. જ્યાં સુધી માણસ એના હૃદયમાં તૈયાર નથી, ત્યાં સુધી જગતના સંયોગોમાં ગહન પરિવર્તન આવી શકે નહિ, અથવા તો માત્ર શક્તિથી, ભૌતિક બળ-પ્રયોગથી કે સંયોગોના દબાણથી આવે અને એ તો બધું ખરું કામ બાકી રાખે છે. એક ચોકઠું તૈયાર થયું હશે, પરંતુ એ યંત્રવત્ શરીરમાં આત્માએ ત્યારે પણ વિકસવાનું બાકી રહેશે.

प्रकरण ૩૩

# આંતરરાષ્ટ્રીયવાદ અને માનવએકતા

તો મોટી આવશ્યકતા અને મોટી મુશ્કેલી છે માનવતાનો આ વિચાર કે જે આપણાં મન પર કામ કરવા લાગ્યો છે, અને કંઈક થોડે અંશે ઉપરથી આપણી પ્રવૃત્તિઓ પર પણ અસર કરવા લાગ્યો છે, તેને મદદ કરવાની અને એને એક ગમે તેવા જોરાવર વિચાર કરતાં પણ કંઈક વધુ બનાવી એને આપણી પ્રકૃતિનો કેન્દ્રીય ઉદ્દેશ અને સ્થિર અંશ બનાવવાની. એને સંતોષવો એ આપણા ચૈતસિક સત્ત્વ માટે આવશ્યક બનવું જોઈએ, જેવો કુટુંબનો અને રાષ્ટ્રનો વિચાર એના પોતાના સંતોષની આવશ્યકતા સાથે એક ચૈતસિક ઉદ્દેશ બન્યો છે પરંતુ આ કરવું કેવી રીતે? કુટુંબવિચારને એક અનુકૂળતા હતી કે એનો જન્મ થયો આપણા સત્ત્વની પ્રાથમિક પ્રાણિત આવશ્યકતામાંથી અને તે કારણે એને ચૈતસિક ઉદ્દેશ અને આવશ્યકતા બનવામાં અડચણ ન પડી કારણ કે આપણામાં, વધુમાં વધુ તૈયાર અને જોરાવર ચૈતસિક ઉદ્દેશો અને આવશ્યકતાઓ આપણી પ્રાણિક જરૂરિયાતો અને આવેગોમાં જન્મે છે. કુલ અને પરિવારના વિચારોની ઉત્પત્તિ એવી જ હતી, ઓછી પ્રાથમિક દબાણવાળી અને તેથી વધુ શિથિલ અને છોડી શકાય એવી; પરંતુ તે છતાં એ પણ જન્મી હતી માનવપ્રકૃતિમાં રહેલી સંઘ-જીવન માટેની પ્રાણિક આવશ્યકતામાંથી અને કુટુંબના કુલ અને પરિવારરૂપ અનિવાર્ય ભૌતિક વિકાસે એને આપેલી તૈયાર પ્રતિષ્ઠાથી. આ હતા કદરતી સમૂહો, પશુ કક્ષાએ ક્યારનાંયે તૈયાર થયેલાં ઉદ્‌વિકાસનાં રૂપો.

બીજી બાજુએ, રાષ્ટ્ર-વિચાર પ્રાથમિક પ્રાણની આવશ્યકતામાંથી ઉત્પન્ન નથી થયો, પરંતુ દ્વિતીય કે તૃતીય કહેવાય એવી આવશ્યકતામાંથી થયો છે કે જે આપણી પ્રાણમય પ્રકૃતિના કોઈ મૂળભૂત તત્ત્વમાંથી નથી નીકળી, પરંતુ સંયોગોમાંથી, આજુબાજુની પરિસ્થિતિના કારણે વિકાસ પામી છે; એ રાષ્ટ્ર-વિચાર પ્રાણિક આવશ્યકતામાંથી નહિ પરંતુ ભૌગોલિક અને ઐતિહાસિક આવશ્યકતામાંથી ઊભો થયો છે અને એક પરિણામરૂપે આપણે જોઈએ છીએ કે એ બહુધા જબરદસ્તીથી,

બેશક અમુક અંશે સંયોગોની જબરદસ્તીથી, ઉત્પન્ન કરવામાં આવ્યો હતો. પરંતુ ભૌતિક બળથી પણ, રાજા અને એના વિજયવંત પરિવારના સૈનિક શકિત અને પ્રભુરાજ્યમાં રૂપાંતરથી, કે પછી એ આવ્યો ભૌતિક બળ સામે પ્રતિક્રિયારૂપે, સૈનિક જીત અને પ્રભુસત્તાની સામે બળવા રૂપે કે જેણે ધીરે ધીરે કે ત્વરાથી લોકોમાં સંગઠન આણ્યું કે જેઓ જોકે ભૌગોલિક રીતે કે ઐતિહાસિક રીતે અને સાંસ્કૃતિક રીતે પણ એક હતા છતાં સંહતિની શકિત વિનાના હતા અને અગાઉની વિજાતીયતા કે સ્થાનિક, પ્રાદેશિક અને અન્ય જુદાઈઓના વધુ પડતા ભાનવાળા રહ્યા હતા. પરંતુ આવશ્યકતા તો હતી, એટલે ઘણી નિષ્ફળતાઓ અને ભ્રામક જીતે પછી પણ રાષ્ટ્ર રૂપ અસ્તિત્વમાં આણ્યું, અને દેશભકિત—સ્વદેશવાદની ચૈતસિક ભાવના, સભાન રાષ્ટ્રીય અસ્મિતાના વિકાસની નિશાની રૂપે, એના આત્માના આવિષ્કાર અને એના સ્થાયિત્વની પ્રત્યાભૂતિ રૂપે જાગી. કારણ કે આવા આત્મતત્ત્વ સિવાય, આવી ચૈતસિક શકિત અને ઉપસ્થિતિ દેહમાં ન હોય તો, સ્થાયિત્વની પ્રત્યાભૂતિ હોઈ શકે નહિ. એના સિવાય, સંયોગો જે કંઈ પેદા કરે છે તેના સંયોગો સહેલાઈથી નાશ કરશે. એ આ કારણે હતું કે પુરાણું જગત રાષ્ટ્રો રચી શકયું ન હતું; સિવાય કે નાના પાયા પર, નાનાં કુળો કે નાનાં પ્રાદેશિક, ટૂંકો સમય ચાલતાં અને સામાન્ય રીતે શિથિલ બંધનવાળાં રાષ્ટ્રો; એ કૃત્રિમ સામ્રાજ્યો રચી શકયું કે જે આખરે તૂટી પડયાં અને પાછળ અંધાધૂંધી મૂકતાં ગયાં.

તો પછી અત્યારે પ્રાથમિક રૂપ લેવાની પહેલાંની પ્રથમ ગૂઢ વેદનામાં પીડાતી, એકીકરણ માટે એકબીજા પ્રત્યે ખેંચાતાં કોષાણુઓના કિણ્વન જેવી આ આંતરરાષ્ટ્રીય એકતાનું શું? એની પાછળ અપ્રતિરોધ્ય આવશ્યકતા કઈ છે? જો આપણે માત્ર બહારની વસ્તુઓને જોઈએ તો એ આવશ્યકતા ઘણા ઓછા પ્રમાણમાં સીધી અને અપ્રતિરોધ્ય છે એની પહેલાં આવી ગઈ એના કરતાં. અહીં કોઈ પ્રાણિક આવશ્યકતા નથી; માનવજાતિ એકંદરે આંતરરાષ્ટ્રીય એકતા સિવાય સારી રીતે ચલાવી શકે એમ દેખાય છે, જ્યાં સુધી માત્ર જીવનને લાગેવળગે છે ત્યાં સુધી, એ જાતિ માટે કોઈ પૂર્ણ, સમજદાર કે આદર્શ સાંઘિક જીવન નહિ હોય,—પરંતુ માનવજીવનમાં કયું તત્ત્વ હજી પૂર્ણ, બુદ્ધિયુકત કે આદર્શ છે? હજી સુધી તો એક પણ નહિ; તે છતાં આપણે જીવન સાથે કોઈ રીતે ચલાવી રહ્યા છીએ, કારણ કે આપણી અંદરનો પ્રાણમય પુરુષ જે આપણા આવેગો અને કર્મોમાં પ્રભાવી તત્ત્વ છે, તે આ વસ્તુઓની કાંઈ ફિકર કરતું નથી અને કોઈ પણ સહન થઈ શકે એવા થોડે અંશે ફાવી શકે એવા રૂપથી સંતુષ્ટ રહે છે, કારણ કે એનાથી જ એ ટેવાયેલો છે અને એટલું જ એને આવશ્યક લાગે છે. જે લોકો સંતુષ્ટ નથી—વિચારકો, આદર્શવાદીઓ, એ તો હમેશાં અલ્પસંખ્યામાં હોય છે અને આખરે તો એ બિનઅસરકારક અલ્પમતી છે, કારણ કે જોકે એમનું ધાર્યું અમુક અંશે હમેશાં થાય છે, તો યે એમનો

વિજય હારમાં ફેરવાઈ જાય છે; કારણ કે પ્રાણપ્રધાન માનવ તે છતાં બહુમતીમાં રહે છે અને તે દેખાતી સફળતાને, એમની વિચારયુક્ત આશાને, એમના સ્પષ્ટદર્શન આદર્શને, કે એમના પૂર્ણતાના જોરદાર ઉપદેશને દયાપાત્ર વિડંબનાની નિમ્ન કક્ષાએ મૂકી દે છે.

આ પ્રકારના એકીકરણ માટે ભૌગોલિક આવશ્યકતા અસ્તિત્વમાં નથી, સિવાય કે આપણે માની લઈએ કે વિજ્ઞાને જગતને અને એના રહેવાસીઓને નિકટ આણીને ભૌતિક અંતરોને એની ચમત્કારિક રીતે ઓછાં કરીને સર્જી છે. પરંતુ ભવિષ્યમાં ગમે તે થાય, તો પણ અત્યારે આ પર્યાપ્ત નથી; પૃથ્વી હજી ઝાઝી મોટી છે અને એના વિભાગો હજી ખરેખરા અને કોઈ ખાસ એકતા વિના ચલાવી શકાય એવા છે. જો કોઈ જોરદાર જરૂરત છે તો એને ઐતિહાસિક આવશ્યકતાનું નામ આપી શકાય, જો આવું અભિધાન એ ચીજને આપી શકાતું હોય કે જે વર્તમાનમાં અને ભવિષ્યમાં રહેલી છે, એટલે કે, એવી જરૂરત કે જે આંતરરાષ્ટ્રીય સંબંધોના વિકાસ દરમિયાન ઊભા થયેલા અમુક સાચા સંયોગોના પરિણામ રૂપે પેદા થઈ છે. અને એ જરૂરત છે આર્થિક, રાજકીય, યાંત્રિક કે જે અમુક સંયોગોમાં કોઈ પ્રયોગાત્મક કે પ્રાથમિક માળખું સર્જી લે એવો સંભવ છે, પરંતુ શરૂઆતમાં એ એવી ચૈતસિક વસ્તુતા નહિ હોય કે જે આ માળખાને સજીવન કરે. વધુમાં એ જરૂરત હજી પૂરતી પ્રાણિક નથી બની કે જેથી એને આવશ્યકતા ગણી શકાય; કારણ કે એ કેટલાંક જોખમો અને અગવડોને દૂર કરવા પૂરતી જરૂરી છે, જેવાં કે યુદ્ધનો સતત ભય, અને બહુ તો વધુ સારા આંતરરાષ્ટ્રીય સંયોજનની ઇચ્છનીયતા. પરંતુ આ વસ્તુ એની મેળે તો માત્ર શક્યતા પેદા કરે છે, નૈતિક નિર્ણાયકતા પણ નહિ, માત્ર ઐક્યની પહેલી આછી રેખાકૃતિ અને શિથિલ ચોકઠું, કે જે કોઈ વધુ દૃઢ અને વાસ્તવિક ચીજ પાસે લઈ જાય કે ન પણ લઈ જાય.

પરંતુ બહારના સંયોગોથી જુદી એક શક્તિ છે કે જેને ગણતરીમાં લેવાનો આપણને હક્ક છે. કારણ કે બાહ્ય સંયોગો અને આવશ્યકતાઓ કે જેનું આપણને પ્રકૃતિમાં સહેલાઈથી ભાન થઈ શકે છે તેમની પાછળ, સત્ત્વમાં હમેશાં એક આંતરિક આવશ્યકતા રહેલી છે, પ્રકૃતિમાં પોતામાં એક સંકલ્પ અને યોજના કે જે એના વિકાસની બાહ્ય નિશાનીઓથી પહેલાં આવે છે અને જેણે બધા અંતરાયો અને નિષ્ફળતાઓને ન ગણકારતાં અનિવાર્ય રીતે લાંબે કાળે પણ પોતાને સિદ્ધ કરવાની હોય છે. હવે તો આપણે પ્રકૃતિમાં આ સત્યને એના નિમ્નતમ રૂપો સુધી જોઈ શકીએ છીએ; સત્ત્વના બીજમાં જ, એના દેહમાં જ એ પૂરા સભાન, નહિ કે માત્ર અમુક અંશે સભાન, પરંતુ ત્યાં પ્રકૃતિમાં ત્યારે પણ સંકલ્પરૂપે હાજર છે. એ અવચેતન કે તમને ગમે તો અચેતન પણ છે, પરંતુ એ હજી અંધ

ચેતના છે, એક મૂક વિચાર કે જે પહેલેથી પોતાની અંદર, એ દેહ કે જેનો એ આવિર્ભાવ કરવાની છે તેને સંઘરે છે અને જેને બહારના સંયોગોની આવશ્યકતાથી ભિન્ન એવી આંતિરક આવશ્યકતાનું ભાન છે, સત્ત્વમાં પોતામાં રહેલી આવશ્યકતાનું ભાન છે અને જે સતત ફરી ફરી અને અનિવાર્ય રીતે એ રૂપ સર્જે છે કે જે તે આવશ્યકતાને, આપણે ગમે તેટલા એની પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરીએ કે અવરોધ કરીએ તો પણ વધુમાં વધુ પૂરી કરી શકે.

આ જીવ-વિજ્ઞાનના ક્ષેત્રમાં સાચું છે, પરંતુ એવી જ રીતે વધુ સૂક્ષ્મ અને વિવિધરૂપે ચૈતસિક ક્ષેત્રે પણ સાચું છે. હવે માણસની પ્રકૃતિ જ એવી વ્યકિત તરીકેની છે કે અક બાજુએ એની પૂરી શકિતથી એના વ્યકિતરૂપ સત્ત્વનું હમેશાં સમર્થન કરે છે અને એનો વિકાસ કરે છે પરંતુ જે એની અંદરના વિચાર કે સત્યથી એની જાતનાં બીજાંઓ સાથે જોડાવા પ્રયાસ છે, એમને પોતાનામાં સમાવી લેવા, માનવસમૂહો, સંઘો અને સમુદાયો રચવા, અને જો કોઈ એવો સમુદાય કે સંઘ હોય કે જે સિદ્ધ કરવો એને માટે શકય છે તો આપણે ખાત્રી રાખવી કે એ અંતે એને પણ સિદ્ધ કરશે. આ એની અંદરની સંકલ્પશકિત હમેશાં કે બહુ વાર ભાનવાન કે અગમદૃષ્ટિ હોતી નથી. એ ઘણી વાર મોટે ભાગે અવચેતન હોય છે; પરંતુ તે છતાં એ આખરે અપ્રતિહન્ય હોય છે. અને જો એ એના સભાન મનમાં પ્રવેશે છે, જેમ આંતરરાષ્ટ્રીય વિચાર હવે પ્રવેશી ગયો છે, તો આપણે એનો ત્વરિત વિકાસ ધારી લઈ શકીએ. પ્રકૃતિમાં આવી ચિત્શકિત પોતાને માટે બાહ્ય સંયોગો અને ઘટનાઓ સર્જે છે કે ઘટનાઓના દબાણમાં એને માટે સર્જાયેલી જુએ છે. અને જો એ અપર્યાપ્ત હોય તો પણ, તે એમને એમની દેખાતી કાર્યક્ષમતાથી વધુ પ્રમાણમાં ઘણી વાર વાપરશે, નિષ્ફળતાની શકયતાની ફિકર કર્યા વિના, કારણ કે એ જાણે છે કે આખરે એ જીતશે અને હારનો પ્રત્યેક અનુભવ આખરની સફળતાને વધુ સારી બનાવવામાં સહાયક થશે.

ભલે તો એમ કહેવામાં આવે કે આપણે પ્રકૃતિમાં રહેલા આ અપ્રતિહન્ય સંકલ્પ પર શ્રદ્ધા રાખીએ અને એની કાર્યપ્રણાલીને આખર સુધી જોતા રહીએ. ચાલો આપણે આ માળખું તૈયાર કરીએ કોઈ પણ રીતે, સંઘ માટેનું માળખું : કારણ કે પ્રકૃતિ એ જે પૂર્ણરૂપ લેવા માગે છે તે પહેલેથી જાણે છે અને એ એને યોગ્ય સમયે, વિચાર બળે, અને એને સિદ્ધ કરવાની આપણી ઇચ્છાશકિતથી, સંયોગોની જોરદાર શકિતની સહાયથી, જો જરૂરી હોય તો ભૌતિક બળથી પણ પૂરું કરી લેશે, કારણ કે એ પણ હજી યોજનાનો જરૂરી ભાગ હોય એમ લાગે છે; તો ચાલો એને સર્જી લઈએ, ચાલો પ્રથમ દેહ રચી લઈએ; એની અંદર આત્મા વિકસશે. અને જો શારીરિક તત્ત્વ શરૂઆતમાં કૃત્રિમ હોય, અને એને જીવંત બનાવવા માટે જરૂરી ચૈતસિક તત્ત્વ બહુ નાનું હોય કે બિલકુલ ન હોય તો પણ

આપણે ફિકર ન કરવી જોઈએ. જેવું શરીર તૈયાર થશે કે તરત એ પોતાની રચના કરવા લાગશે કારણ કે રાષ્ટ્ર પણ પ્રથમ વત્તેઓછે અંશે અસંગત તત્ત્વોમાંથી કૃત્રિમ રીતે રચાયું હતું જેમને અવચેતન વિચારની આવશ્યકતાએ ભેગાં કર્યાં હતાં. જોકે એ બાહ્ય દૃષ્ટિએ માત્ર ભૌતિક બળથી અને સંયોગોની શકિતથી થયું હતું. જેવી રીતે રાષ્ટ્રીય અસ્મિતા પેદા થઈ અને રાષ્ટ્રના દેહ સાથે એકાત્મ બની અને એમાં રાષ્ટ્રીય ઐકયનો ચૈતસિક આવેગ અને એના સંતોષની આવશ્યકતા ઉત્પન્ન કરી, તેવી રીતે આ સાંઘિક માનવ-અસ્મિતા આંતરરાષ્ટ્રીય દેહમાં વિકસશે અને અમાં માનવઐકય માટેનો ચૈતસિક આવેગ અને આત્મસંતોષ માટેની આવશ્યકતા વિકસાવશે અને એ એના સ્થાયિત્વની બાંહેધરી બનશે. અને એમ શકય છે કે વસ્તુ એમ જ બનશે, માણસ જેવો છે તે કારણે; ખરે જ જો આપણે એથી વધુ સારું ન કરી શકીએ તો એ એમ જ થશે, કારણ કે એ ગમે તેવી રીતે બનશે તો જરૂર, ખરાબ માર્ગે કે વધુ સારે માર્ગે.

જો અહીં આપણે ટૂંકમાં, આ વિચારણાની દૃષ્ટિએ, જે મુખ્ય શકયતાઓ અને શકિતઓ આપણને જગતની અત્યારની પરિસ્થિતિમાં આ ધ્યેય પ્રત્યે દોરી રહી છે તેમને ફરીથી જોઈ જઈએ તો ઠીક થાય. એકીકરણનાં જૂનાં સાધનો, એક મોટી સત્તાનો વિજય કે જે જગતના મોટા ભાગને સર કરે અને બાકીનાં રાષ્ટ્રોને પરાધીન, રક્ષિત કે આશ્રિત મિત્રો બનાવીને પોતાના પ્રભુત્વ નીચે લાવે, પુરાણું રોમન પૂર્વ દૃષ્ટાંત આ પ્રકારનું હતું, આ બધું તત્કાલ શકય નથી લાગતું. એને એક સાથે સમુદ્ર અને જમીન પર શકિતનું મોટું પ્રાબલ્ય[1] અપ્રતિહન્ય ઉચ્ચતર વિજ્ઞાન અને વ્યવસ્થા અને આ બધા સાથે નિરંતર સફળ રાજનીતિ અને અજેય સદ્ભાગ્ય આવશ્યક રહે. જો ભવિષ્યમાં યુદ્ધ અને રાજનીતિ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં જેમ ભૂતકાલમાં હતાં તેમ નિર્ણાયક તત્ત્વો રહેવાનાં હોય તો આવો સમુચ્ચય ઊભો નહિ થાય એમ કહેવું એ તો દુ:સાહસ થાય, અને જો બીજાં સાધનો નિષ્ફળ જાય તો એ ઊભો થવો જ જોઈએ; કારણ કે એવું કોઈ નથી કે જે ભવિષ્યના સંભવોમાં અશકય તરીકે નીચે મૂકી દેવાય, અને પ્રકૃતિનો આવેગ એનાં પોતાનાં સાધનો સર્જે છે. પરંતુ અત્યારે ભાવિની શકયતાઓ એ દિશા તરફ આંગળી ચીંધતી નથી. બીજે પક્ષે, અત્યારે છે એથી વધારે પ્રદેશમાં ફેલાયેલાં, લાગવગનાં ક્ષેત્રો, રક્ષિત પ્રદેશો વગેરેના ઉમેરાથી વધી ગયેલાં, ત્રણ કે ચાર સામ્રાજ્યોના આધિપત્ય નીચે આખી પૃથ્વી કે પૂર્વ ગોળાર્ધના ત્રણ ખંડો આવી જાય એ જોરાવર શકયતા છે, અને એ રીતે પ્રભુત્વ ભોગવે કે જેને એ કોલકરારથી કે ઘર્ષણનાં કારણોથી દૂર રહીને સાચવે કે પછી હરીફાઈમાં ઊતરી નવાં યુદ્ધો અને

---

૧. હવે હવાઈ માર્ગે પણ.

પરિવર્તનનું કારણ બને. સામાન્ય રીતે મહાન યુરોપી વિગ્રહનું આ પરિણામ આવ્યું હોત.

પરંતુ આ શકયતાના માર્ગમાં રાષ્ટ્રીયતાના વિચારની પુનર્જાગૃત શકિતએ ઝપાટો માર્યો છે, આત્મનિર્ણયના સિદ્ધાંતના નવા સૂત્રમાં આવિષ્કૃત કે જેને વિશ્વસામ્રાજ્યોએ શાબ્દિક માન તો આપવું પડયું છે. આંતરરાષ્ટ્રીય એકતાના જે વિચાર પ્રત્યે આ રાષ્ટ્રીયતાની પુનઃજાગૃત શકિત દોરી રહી છે તેણે કહેવાતા 'રાષ્ટ્રસંઘ'નું રૂપ લીધું છે. વ્યવહારમાં તો અત્યારના સંયોગોમાં રાષ્ટ્રસંઘ કે કોઈ નિકટમાં બની શકે તેવા સંઘનો અર્થ જગતનો થોડી મોટી સત્તાઓના હાથમાં કબજો એવો થશે, એવો કબજો કે જેની ઉપર કેવળ જગતની ઓછી શકિતવાળી સંખ્યાબંધ પ્રજાઓને રાજી અને સંતુષ્ટ રાખવાની આવશ્યકતા એ એક જ અંકુશ રહેશે. વ્યવહારમાં આ થોડાઓનાં બળ અને લાગવગ પર, આધારમાં, જોકે કબૂલાતમાં નહિ, મહત્ત્વના બધા વિવાદાસ્પદ પ્રશ્નોના નિર્ણયોનો આધાર રહેશે. અને એ સિવાય, બહુમતીના નિર્ણયોનો કોઈ મોટી દુર્દાન્ત સત્તા પર કે સત્તાઓના સમૂહ પર અમલ કરવાનો કોઈ સંભવ નહિ રહે. લોકશાહી સંસ્થાઓનો વિકાસ કદાચ વિગ્રહની અને સત્તાના દુરુપયોગની શકયતાને કમ કરવામાં સહાય કરે,— જોકે એ તદ્દન ચોક્કસ નથી; પરંતુ એ આવા સમુચ્ચયની લાક્ષણિકતાને બદલી નહિ શકે.

આ બધામાં નજીકમાં એવા કોઈ એકીકરણની, શકયતા નથી કે જેમાં ઐકયની સાચી ચૈતસિક ભાવનાને સ્થાન હોય, એથીયે ઓછી કે જે એના વિકાસને આવશ્યક બનાવે. આવો ઉદ્‌વિકાસ થાય; પરંતુ એ માટે અકસ્માતોની શ્રેણી ઉપર, કે બહુ તો પ્રકૃતિમાં રહેલી અને કયારનીયે ઘોષિત થયેલી અને આંતરરાષ્ટ્રીય વિચારમાં આવિષ્કૃત થયેલી ધગશ પર આધાર રાખવો પડશે. એક સમયે એ બાજુએ એક શકયતા હતી કે જે અકાએક અને બહુ ઝડપથી કોઈ મોટી વસ્તુમાં વિકાસ પામતી લાગતી હતી,— જગતના બધા આગળ વધેલા દેશોમાં, આંતરરાષ્ટ્રીયવાદને વરેલા એમના બીજા ઉદ્દેશો માટે એને પૂર્વશરતરૂપે જરૂરી માનતા અને એને વધુ ને વધુ પ્રથમ રાખવાના અને એની સિદ્ધિ માટે આંતર-રાષ્ટ્રીય રીતે સંયુકત થવાના નિશ્ચયવાળા એક શકિતશાળી પક્ષનો ઉદય. એ બુદ્ધિ-પ્રધાન અને શ્રમિકોનું સંગઠન જેણે જર્મની, રશીઆ અને ઑસ્ટ્રીઆના સમાજ-વાદી પક્ષો સર્જ્યા, ઇંગ્લૅન્ડમાં મજૂર પક્ષને હમણાં હમણાં ફરી સર્જ્યો અને ઘણાખરા બીજા યુરોપી દેશોમાં જેનાં પ્રતિરૂપો છે, તે એ દિશામાં જતી લાગે છે. આ જગદ્‌વ્યાપી આંદોલન કે જેણે આંતરરાષ્ટ્રીયવાદ અને શ્રમિક રાજ્યને એના મુખ્ય સિદ્ધાંતો બનાવ્યા હતા અને જેણે કયારનીયે રશિયન ક્રાંતિ સર્જી હતી, તે મધ્ય યુરોપમાં બીજી મોટી સમાજવાદી ક્રાંતિ સર્જવા તૈયાર દેખાતું હતું. એ

કલ્પી શકાય એમ હતું કે આ પક્ષ સર્વત્ર ભેગો થાય. ઓગણીસમી સદીમાં થઈ હતી એવી ક્રાંતિ-પરંપરાથી અને ઓછા હિંસક પરંતુ તે કે જે અમનાં દૃષ્ટાંતના દબાણથી થવા પામે તેવા ત્વરિત વિકાસથી કે પ્રત્યેક દેશમાં બહુમતીમાં આવીને, એ પક્ષ યુરોપનો કબજો લે. એ એનાં પ્રતિરૂપો બધાં અમેરિકન પ્રજાસત્તાકોમાં અને અશીઆઈ દેશોમાં સર્જે. એ પક્ષ રાષ્ટ્રમંડળના તંત્રનો ઉપયોગ કરીને કે જ્યાં જરૂરી હોય ત્યાં, ભૌતિક બળથી કે આર્થિક કે બીજા દબાણથી બીજાં રાષ્ટ્રોને આંતરરાષ્ટ્રીય એકીકરણની કોઈ વધુ સુઘટિત પદ્ધતિમાં જોડાવા સમજાવે કે ફરજ પાડે. એક વિશ્વરાજ્ય અથવા તો લોકશાહી પ્રજાઓનું સિદ્ધાંતો અને મહત્ત્વના સામાન્ય વ્યવહાર કે ઓછી સ્પષ્ટ રીતે આંતરરાષ્ટ્રીય વ્યવસાયો અને પ્રશ્નોના નિર્ણય માટે એક સામાન્ય શાસનવાળું સુઘટ્ટ સમવાયતંત્ર રચવામાં આવે. રાષ્ટ્રોની એક સર્વસામાન્ય ધારાવહી વિકાસ પામે અને એના પ્રશાસન વાસ્તે આંતરરાષ્ટ્રીય ન્યાયાલયો અને આરક્ષક દળની પદ્ધતિ એમની રક્ષા અને હુકમ બજાવણી માટે કોઈ એક પ્રકારની આંતરરાષ્ટ્રીય અસ્તિત્વમાં આવે. આ માર્ગે, એક વિચારના વ્યાપક વિજયથી, સમાજવાદ માનવજાતિને પોતાની યોજના પ્રમાણે વ્યવસ્થિત કરે તે રીતે કે બીજા કોઈ અનાગાહિત માર્ગે એક ઔપચારિક અને પર્યાપ્ત એકતા અસ્તિત્વમાં આવે.

તો પ્રશ્ન ઊભો થાય છે કે આવી બિલકુલ ઔપચારિક એકતામાંથી સાચી ચૈતસિક એકતા કેવી રીતે સર્જી શકાય અને એને જીવતી એકતા બનાવી શકાય કે નહિ. કારણ કે માત્ર ઔપચારિક, યાંત્રિક, શાસનિક, રાજકીય અને આર્થિક ઐકય ચૈતસિક એકતા અવશ્ય સર્જે એવું કાંઈ નથી. મોટાં સામ્રાજ્યોમાંથી એક પણ હજી એમ કરવા શકિતમાન થયું નથી, અને રોમન સામ્રાજ્યમાં એકતાની ભાવના કંઈક અસ્તિત્વમાં આવી તો પણ એ કોઈ બહુ ગાઢ અને જીવંત વસ્તુ ન હતી; એ અંદરના કે બહારના બધા આઘાતોને હરાવી શકી નહિ. એ જીર્ણતા અને અલ્પ પ્રાણતાનું સંકટ રોકી ના શકી કે એ વસ્તુ વધુ ભયાવહ રોકી ના શકી કે જે મુકત વૈવિધ્યનાં કુદરતી તત્ત્વોની અને પરસ્પર સહાયક થાય છે તેવી ધક્કાધક્કી અને ઉદ્યમની અલ્પતા પોતાની સાથે લાવી. સંપૂર્ણ વિશ્વ-ઐકયને ખરે જ આ અનુકૂળતા હશે કે એને બહારના કોઈ બળોથી ડરવાનું નહિ રહે કારણ કે એવાં કોઈ બળો અસ્તિત્વમાં નહિ રહ્યાં હોય. પરંતુ આ બહારના દબાણનો અભાવ પોતે જ ખરેખર જીર્ણતાનાં આંતરિક તત્ત્વોને વધુ અવસર અને બળ પૂરાં પાડે અને એથી યે વધુ વિનાશની અનુકૂળતાઓ ઊભી કરી આપે. એ ખરે જ લાંબા વખત સુધી માનવજાતિમાં બૌદ્ધિક અને રાજકીય પ્રવૃત્તિ અને સામાજિક પ્રગતિ પોષે કે જે એને જીવતું રાખે; પરંતુ પ્રગતિનો આ સિદ્ધાંત થકાવટ અને સ્થગિત-તાના કુદરતી વલણ સામે હમેશાં સુરક્ષિત નહિ રહી શકે કે જેને વૈવિધ્યનું પ્રત્યેક

ઊણીકરણ અને દરેક પ્રકારની સામાજિક અને આર્થિક સુખાકારી ત્વરિત કરે. એ સ્થિતિમાં એકતાનું વિશૃંખલન માનવજાતિને ફરીથી જીવતી કરવા જરૂરી બનશે, વળી જ્યારે રોમન સામ્રાજ્યે માત્ર રોમન એકતાના વિચાર પર આધાર રાખ્યો કે જે એક કૃત્રિમ અને આકસ્મિક તત્ત્વ હતું, ત્યારે આ વિશ્વરાજ્ય આધાર રાખશે માનવએકતાના વિચાર પર જે એક સાચો અને પ્રાણિક સિદ્ધાંત છે. પરંતુ જો એકતાનો વિચાર માનવમનને આકર્ષી શકે છે તો એવી જ રીતે જુદા જીવનનો વિચાર પણ આકર્ષે છે, કારણ કે બંને એની પ્રકૃતિના પ્રાણિક ભાવોને સ્પર્શે છે. તો શી ખાત્રી છે કે બીજાની જીત નહિ થાય જ્યારે માણસે એકતાનો પ્રયોગ કરી લીધો હશે અને એને કદાચ ખબર પડશે કે એના લાભો એની સમગ્ર પ્રકૃતિને સંતોષતા નથી. માત્ર કોઈ એક બહુ પ્રબળ ચૈતસિક-કારક તત્ત્વનો વિકાસ ગમે તે બીજા ફેરફારો અને રચનાઓ એની અન્ય જરૂરતો અને આવેગોને સંતોષવા માટે ઈચ્છનીય હોય તો પણ એને માટે એકતા આવશ્યક બનાવે.

માનવજાતિનું ઔપચારિક એકીકરણ આપણી ઉપર એક પદ્ધતિના રૂપમાં આવશે કે જે જન્મશે, વિકસશે અને એની પરાકાષ્ઠાએ પહોંચશે. પરંતુ દરેક પદ્ધતિ એની પરાકાષ્ઠાએ પહોંચ્યા પછી, વસ્તુમાત્રની પ્રકૃતિ પ્રમાણે, ક્ષીણ થવાનું અને મરવાનું વલણ રાખે છે, આંગિકને ક્ષીણ થતો અને મરતો રોકવા એની અંદર એવું ચૈતસિક તત્ત્વ હોવું જોઈએ કે જે શરીરમાં થતા બધા ફેરફારો છતાં પોતાના અસ્તિત્વને દૃઢ રાખે અને જીવતું રહે. રાષ્ટ્રોમાં એ તત્ત્વ એક પ્રકારની સાંઘિક રાષ્ટ્રીય અસ્મિતા રૂપે છે જે બધા પ્રાણિક ફેરફારોમાં થઈને પણ પોતાના અસ્તિત્વને ટકાવી રાખે છે. પરંતુ આ અસ્મિતા કોઈ સ્વયંભૂ કે અમર તત્ત્વ નથી; એ પોતાને અમુક વસ્તુઓ પર ટકાવે છે કે જેની સાથે એનું એકાત્મ્ય છે. એને એક દેશરૂપી ભૌગોલિક દેહ છે; એક જ દેશમાં વસતાં બધાંનાં સર્વસામાન્ય હિતો છે, જેવાં કે રક્ષણ, આર્થિક સુખાકારી, પ્રગતિ અને રાજકીય સ્વાતંત્ર્ય; ત્રીજું એક સર્વસામાન્ય નામ ભાવના, સંસ્કૃતિ. પરંતુ આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે આ રાષ્ટ્રીય અસ્મિતા પોતાના જીવન માટે જુદાઈની નૈસર્ગિક વૃત્તિ અને એકતાની નૈસર્ગિક વૃત્તિના સમન્વય પર આધાર રાખે છે; કારણ કે રાષ્ટ્રને પોતે બીજાં રાષ્ટ્રોથી જુદું હોય એમ લાગે છે; એ પોતાની સપ્રમાણતા માટે એની પ્રકૃતિની સર્વ ક્રિયાઓમાં એમની સાથેના આદાનપ્રદાન અને ધક્કામુક્કીનું ઋણી છે. અને આ સર્વ ભેગાં મળીને પણ પૂરતાં નથી; એથી વધુ ગહન એક કારક તત્ત્વ છે. એમાં એક જાતનો દેશધર્મ હોવો જોઈએ. એક નિરંતર, હમેશાં ઉઘાડો ન હોય તો પણ, કેવળ ભૌતિક માતૃભૂમિની પવિત્રતાનો નહિ પરંતુ સાથે ગમે તેવા જેને અસ્પષ્ટ રૂપે, રાષ્ટ્રનો એક સામૂહિક સત્ત્વ રૂપે સ્વીકાર કે ત્રાસ કે અત્યાચારમાંથી જીવંત

રાખવા, સંહાર કે વિનાશમાંથી બચાવવા કે જો એ કચરાઈ જાય તો પછી નજર રાખવા અને રાહ જોઈ એની મુકિત અને પુનઃસ્થાપના માટે ઉદ્યમ કરવા અને જો કોઈ ઘાતક આધ્યાત્મિક બીમારીના સ્પર્શથી એ નંખાઈ જાય તો સતત પરિશ્રમ લઈ સાજો કરવા, પુનઃ પ્રાણવંત બનાવવા અને જીવંત રાખવા પ્રત્યેક માણસની પહેલી ફરજ અને જરૂરત છે.

વિશ્વ-રાજ્ય એના વસાહતીઓને શાંતિ, આર્થિક સુખાકારી, વ્યાપક સલામતી, બૌદ્ધિક, સાંસ્કૃતિક, સામાજિક પ્રવૃત્તિ અને પ્રગતિમાં, સંગઠનમાં મોટા લાભ આપશે. આ બધાં ભેગાં પણ કેવળ એમની મેળે આવશ્યક વસ્તુને સર્જી શકે એમ નથી. શાંતિ અને સલામતી આપણે બધા ઇચ્છીએ છીએ કારણ કે એ પર્યાપ્ત પ્રમાણમાં આપણી પાસે છે નહિ; પરંતુ આપણે યાદ રાખવું જોઈએ કે માણસને એના અંતરમાં મલકુસ્તી, સાહસ, ઉદ્યમ, સંઘર્ષની પણ જરૂર છે. લગભગ એ માગે છે આ વસ્તુઓ એના વિકાસ અને સ્વસ્થ તંદુરસ્ત જીવન માટે; એ આવેગ વિશ્વશાંતિ અને સમતલ સલામતીથી બુઝાઈ જાય અને એ ચગદાઈ જવા સામે તે સફળતાથી ખડો થઈ જાય. આર્થિક સુખાકારી એકલી સદાકાળ સંતોષ આપી શકતી નથી અને એને માટે આપવી પડતી કિંમત એટલી બધી વધારે થઈ પડે છે કે એ વસ્તુ એનું આકર્ષણ અને મૂલ્ય ઘટાડી નાખે છે. માનવમનનો સ્વાતંત્ર્ય માટેનો આવેગ, વૈયકિતક અને રાષ્ટ્રીય, વિશ્વ-રાજ્ય માટે ચાલુ ભયરૂપ રહે, સિવાય કે એ એની પદ્ધતિ એવી વિચક્ષણતાથી ચલાવે કે એમને પૂરતી છૂટ મળી રહે. સર્વસામાન્ય બૌદ્ધિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને પ્રગતિ ઘણું કરી શકે, પરંતુ એ એકલી, જરૂરી પૂર્ણ પ્રબળ ચૈતસિકકારક તત્ત્વને અસ્તિત્વમાં લાવવા માટે પર્યાપ્ત ન થાય; અને સર્જાયેલી સાંઘિક અસ્મિતાને એકલી એકતાની ભાવનાનો આધાર રાખવો પડશે; કારણ કે એ તો જુદાઈની સહજ ભાવના સામે કે વિરોધમાં હશે જે રાષ્ટ્રીય અસ્મિતાને એની અર્ધોઅર્ધ પ્રાણમયતા આપે છે.

એ અશકય નથી કે બહારના આ માળખા માટેનું એ અપરિહાર્ય આંતરિક ઘટક તત્ત્વ વધુ ને વધુ પ્રમાણમાં એના વિકાસની પ્રક્રિયા દ્વારા જ સર્જાય, પરંતુ અમુક ચૈતસિક તત્ત્વોની હાજરી મોટા પ્રમાણમાં આવશ્યક રહેશે. એ પરિવર્તનને ટકાવી રાખવાં જરૂરી રહેશે માનવધર્મ અથવા તો એવી કોઈ બીજી રાષ્ટ્રવાદીના દેશ ધર્મ કરતાં વધુ પ્રબળ, સ્પષ્ટ, સભાન, વ્યાપક સમાન-મૂલ્ય ભાવના; એની આકર્ષકતામાં મનુષ્યનો એના બધા વિચાર અને જીવનમાં, માનવજાતિના એક ચૈત્યાત્માનો સ્પષ્ટ સ્વીકાર કે જેનો પ્રત્યેક માણસ અને પ્રત્યેક પ્રજા અવતાર છે, પ્રાણવાન રૂપ છે; માણસનું જુદાઈ પર જીવતા અહંભાવના તત્ત્વથી ઉપર આરોહણ, અને છતાં વ્યકિતત્વનો નાશ ન થવો જોઈએ, કારણ કે એ સિવાય

માણસ સ્થગિત થઈ જશે; સર્વસામાન્ય જીવનનો એક સિદ્ધાંત અને વ્યવસ્થા કે જે વૈયક્તિક વૈવિધ્યને પૂરી છૂટ આપશે, વિવિધતામાં આદાનપ્રદાન અને સાહસ અને વિજયની જરૂર કે જેદ્વારા માણસનો અંતરાત્મા જીવે છે અને મહાન થાય છે, અને માનવસમાજની નમનીય અને પ્રગતિમાન રચનામાં જીવન અને વિકાસની આ બધી સંકુલતાના આવિષ્કાર માટેનાં પર્યાપ્ત સાધનો.

# માનવધર્મ

માનવતાનો ધર્મ કાં તો બૌદ્ધિક અને ભાવાત્મક આદર્શ, બૌદ્ધિક, ચૈતસિક અને વ્યવહારુ અસરવાળો એક જીવંત સિદ્ધાંત અથવા તો એક આધ્યાત્મિક અભીપ્સા અને જીવનનો નિયમ, અને માનવજાતિના ચૈત્યાત્મામાં થતા પરિવર્તનના અમુક અંશે ચિહ્નરૂપ અને અમુક અંશે કારણરૂપ હોય. અમુક અંશે બૌદ્ધિકરૂપ માનવધર્મનું બૌદ્ધિકરૂપ અત્યારે પણ અમુક અંશે થોડા માણસોના મનમાં, સભાન માન્યતારૂપે અને અમુક અંશે માનવજાતિની ચેતનામાં એક પ્રબળ છાયારૂપે અસ્તિત્વમાં છે, એ એક આત્માની છાયા છે, કે જે હજી જન્મ્યો નથી પરંતુ જન્મવાની તૈયારી કરી રહ્યો છે. આપણું આ ભૌતિક જગત, પૂર્ણરૂપે સશરીર વર્તમાન વસ્તુઓ ઉપરાંત આવી પ્રબળ છાયાઓથી, મરી પરવારેલી વસ્તુઓનાં પ્રેતોથી અને હવે પછી જન્મ લેનાર વસ્તુઓના આત્માથી ભરેલું છે. મરી ગયેલી વસ્તુઓનાં પ્રેતો ઘણી કષ્ટપ્રદ વસ્તુઓ છે અને હવે એ મોટી સંખ્યામાં છે, મરી ગયેલા ધર્મો, મરી ગયેલી કળાઓ, મરેલી નીતિઓ અને રાજકીય સિદ્ધાંતો કે જે એમનાં સડતાં શબોને અકબંધ રાખવા કે વસ્તુઓના હયાત શરીરને પોતાથી ભરવા હજી હક્ક કરે છે. ભૂતકાળનાં એમનાં પવિત્ર સૂત્રોના હઠપૂર્વક પાઠ કરતા, એ પશ્ચાદ્ દૃષ્ટિ માનસોને સમ્મોહિત કરે છે, અને માનવજાતિના પ્રગતિમાન ભાગને પણ ડરાવે છે. પરંતુ એવાં અજાત સત્ત્વો પણ છે કે જે હજી કોઈ ચોક્સ દેહ ધારણ કરી શકતાં નથી, પરંતુ કયારનાંયે મન:પ્રદેશમાં જન્મ્યાં છે અને અસર કરતાં સત્ત્વો રૂપે અસ્તિત્વમાં છે, જેમનું માનવમનને ભાન છે અને જેમની પ્રત્યે એ મન કદી કદી અને અવ્યવસ્થિત રીતે ઉત્તર દે છે. માનવ-ધર્મ અઢારમી સદીમાં બુદ્ધિવાદી વિચારકોના 'માનસ-પુત્ર'[૧] રૂપે જન્મ્યો હતો, કે જેમણે એને સંસ્થા-ગ્રસ્ત ખ્રિસ્તી ધર્મની ઔપચારિક આધ્યાત્મિકતાના અવેજમાં આગળ કર્યો હતો. એણે પ્રત્યક્ષવાદ રૂપે સશરીર થવા પ્રયત્ન કર્યો કે જે આ ધર્મને એ તર્કપ્રધાન

---

૧. માનસ-પુત્ર, હિંદની પૌરાણિક વિશ્વ-વિદ્યાનો વિચાર અને આવિષ્કાર છે.

યુગમાં પણ લોકોના સ્વીકાર માટે અતિભારે અને કડક તાર્કિકતાના પાયા પર સિદ્ધાંતો આપવાનો પ્રયાસ હતો. માનવતાવાદ એનું સૌથી વધુ ભાવપ્રધાન ફળ છે. પરોપકાર, સમાજસેવા અને બીજી સજાતીય પ્રવૃત્તિઓ એનો સારાં કર્મોરૂપ બાહ્ય આવિષ્કાર છે. લોકશાહી, સમાજવાદ, શાંતિવાદ, એ મોટે ભાગે એનાં ગૌણ ઉત્પાદનો અથવા તો કંઈ નહિ તો એ બધાં એમની સપ્રમાણતા માટે એની આંતરિક ઉપસ્થિતિનાં ઋણી છે.

મૌલિક વિચાર એ છે કે માનવજાતિ એ માણસોએ પૂજવા યોગ્ય અને સેવવા યોગ્ય દેવતા છે અને માનવી અને એના જીવન માટે સન્માન, સેવા અને પ્રગતિ એ માનવ સત્ત્વની મુખ્ય ફરજ અને ધ્યેય છે. બીજી કોઈ મૂર્તિએ, રાષ્ટ્ર, રાજ્ય, કુટુંબ કે બીજી કોઈએ એનું સ્થાન લેવું જોઈએ નહિ: એ બધાં માનાસ્પદ છે એટલા માટે માન કે એ માનવઆત્માનાં પ્રતીકો છે અને એના આવિર્ભાવને સહાયક થાય છે. પરંતુ આ પ્રતીકો સંપ્રદાય રૂપ બની જ્યારે આત્માનું સ્થાન ઝડપી લેવા પ્રયાસ કરે ત્યારે એમને દૂર કરવાં જોઈએ. કોઈ જૂની રાજકીય, સામાજિક કે સાંસ્કૃતિક માન્યતાઓ જ્યારે એના હક્કની વિરુદ્ધ જાય ત્યારે એમનું કોઈ મૂલ્ય નથી. વિજ્ઞાન કે જે એવાં વર્તમાન પ્રતીકોમાંનું મુખ્ય છે, તેને એના નૈતિક વલણ અને ધ્યેય વિરુદ્ધ હક્ક કરવા દેવો જોઈએ નહિ, કારણ કે વિજ્ઞાન જેટલા પ્રમાણમાં માનવધર્મને જ્ઞાન અને પ્રગતિ દ્વારા સહાય કરે છે અને સેવે છે તેટલા પૂરતું જ મૂલ્યવાન છે. યુદ્ધ, દેહાંતદંડ, માનવહિંસા, સર્વ પ્રકારની ક્રૂરતા પછી એ વ્યકિતએ રાજ્યે કે સમાજે કરી હોય; માત્ર ભૌતિક ક્રૂરતા નહિ પરંતુ નૈતિક ક્રૂરતા, કોઈ માનવસત્ત્વનું કે કોઈ વર્ગનું ગમે તે બહાને કે ગમે તે અર્થે અપમાન, માણસનો માણસ પર અત્યાચાર અને શોષણ, વર્ગથી વર્ગનું, રાષ્ટ્રથી રાષ્ટ્રનું અને જીવનની એવી બધી આદતો અને સંસ્થાઓ કે જેમને ધર્મ અને નીતિ પહેલાં સહન કરી લેતાં કે જેમનું વ્યવહારમાં કોઈ એમના આદર્શ, નિયમ કે માન્યતાથી અનુમોદન કરતાં તે સર્વ, માનવધર્મ વિરુદ્ધના અપરાધ છે, એના નૈતિક માનસ માટે ધિક્કારપાત્ર છે, એનાં પ્રાથમિક વિધાનોમાં નિષેધિત છે, એમની સામે સદાકાળ સંગ્રામ કરવો જરૂરી છે, અને એ કોઈ રીતે સહન કરવા યોગ્ય નથી. માણસ માણસ માટે પવિત્ર હોવો જોઈએ, જાતિ, વર્ણ, રાષ્ટ્રીયતા, પદવી, રાજકીય કે સામાજિક પ્રગતિ વગેરે બધા ભેદો વગર. મનુષ્યનો દેહ સન્માન્ય હોવો જોઈએ, હિંસા અને અત્યાચારથી મુકત, બીમારી અને નિવારી શકાય એવા મૃત્યુ સામે વિજ્ઞાન દ્વારા સુરક્ષિત બનવો જોઈએ. મનુષ્યનું જીવન પવિત્ર મનાવું જોઈએ, રક્ષાવું જોઈએ, પોષાવું જોઈએ, ઉદાત્ત અને ઉન્નત થવું જોઈએ. માણસનું હૃદય પણ પવિત્ર ગણાવું જોઈએ, એને ક્ષેત્ર મળવું જોઈએ; એને જુલમમાંથી, દબાણમાંથી, યંત્રીકરણમાંથી બચાવવું જોઈએ અને એને સાંકડું

કરી નાખે એવી અસરમાંથી મુકત કરવું જોઈએ. માણસના મનને બધાં બંધનોમાંથી છોડાવવાનું છે. એને મુકિત, વિસ્તાર અને સંયોગ મળવા દેવાં જોઈએ, અને આત્મપરીક્ષણ અને આત્મવિકાસનાં બધાં સાધનો આપવાં જોઈએ, અને માનવજાતિની સેવામાં એની શકિતઓની ક્રીડાને સુરક્ષિત કરવી જોઈએ અને આ બધું, માત્ર વિચાર કે પવિત્ર દયામય ભાવના રૂપે રાખવાનું નથી, પરંતુ એનો માણસોનાં અને રાષ્ટ્રોનાં અને માનવજાતિનાં વ્યકિતત્વોમાં પૂર્ણ અને વ્યવહારુ રીતે સ્વીકાર કરવાનો છે. આ છે મોટે ભાગે, માનવતાના બૌદ્ધિક ધર્મનો વિચાર અને ભાવના.

આ માનવધર્મે કેટલી મોટી અસર પહોંચાડી છે અને કામ કેટલું ફળદાયી થયું છે એ જોવા માટે આપણે માત્ર બે કે ત્રણ સદીઓ પહેલાંના માનવજીવન અને વિચાર અને ભાવનાને યુદ્ધ પહેલાંનાં માનવજીવન, વિચાર અને ભાવના સાથે સરખાવવાની છે. એણે ઘણી વસ્તુઓ ત્વરાથી સિદ્ધ કરી છે કે જે કરવામાં પરંપરાગત ધર્મ નિષ્ફળ ગયો હતો, બહુધા એ કારણે કે માનવ-ધર્મ સતત બૌદ્ધિક અને તાર્કિક વિલાયક તત્ત્વ તરીકે કાર્ય કર્યું કારણ કે જે છે તેના નિર્દય વિરોધી રૂપે અને જે થવાની છે તેના દૃઢ નીડર સમર્થક તરીકે અને સદાકાળ ભવિષ્યને વફાદાર સતત કાર્ય કર્યું, જ્યારે રૂઢીવાદી ધર્મે વર્તમાનનાં બળો સાથે અને ભૂતકાળનાં બળો સાથે પણ મૈત્રી રાખી પોતાની જાતને એમની સાથે કરારથી બાંધી અને તેથી એ માત્ર મંદક બળ તરીકે કાર્ય કરી શકયો, સુધારક બળ તરીકે નહિ. વધુમાં, માનવતાના ધર્મને માનવજાતિમાં અને એના પાર્થિવ ભાવિમાં શ્રદ્ધા છે અને તેથી એની પાર્થિવ પ્રગતિમાં એ મદદ કરી શકે છે, જ્યારે રૂઢિવાદી ધર્મોએ માનવીના પાર્થિવ જીવન પર દયા ખાતાં શોક અને નિરાશાની નજરે જોયા કર્યું અને હમેશાં એને શાંતિથી અને સંતોષથી સહન કરવાનો અને જીવનની અસંગતતાઓ, ક્રૂરતાઓ, જુલમો અને યાતનાઓનું પણ, હવે પછી અન્યત્ર આપવામાં આવશે એ વધુ સારા પારલૌકિક જીવનને માટે યોગ્યતા મેળવવા અને એને માટે કૃતજ્ઞ થવાનું શીખવા માટે રાજીખુશીથી સ્વાગત કરવા ઉપદેશ આપ્યા કર્યો. શ્રદ્ધા, બૌદ્ધિક શ્રદ્ધા પણ ચમત્કારોની સર્જક છે અને આ માનવતાના ધર્મે, કોઈ બાહ્ય દેહ ધારણ કર્યા વિના કે કોઈ પ્રભાવશાળી સંસ્થા કે આવિષ્કારના સાધનનો ઉપયોગ કર્યા વિના પણ કરવા ધારેલા કામમાંથી ઘણું સિદ્ધ કર્યું છે. એણે અમુક અંશે સમાજને માનવતાની ભાવનાવાળો બનાવ્યો, કાનૂન અને દંડની પદ્ધતિને માનુષી બનાવ્યાં, માનવના માનવ ઉપરના દૃષ્ટિબિંદુને માનવતાવાળું બનાવ્યું. વૈધાનિક અત્યાચારનો નાશ કર્યો, ગુલામીપ્રથાનો અંત આણ્યો, દલિતો અને પતિતોને ઊભા કર્યા, માનવજાતિને મોટી આશાઓ આપી; પરોપકારને, દાનપ્રથાને અને સેવાભાવને ઉત્તેજન આપ્યું અને સ્વતંત્રતાની ઇચ્છાને ઉત્સાહિત કરી, દમદાટીને અંકુશમાં આણી અને એના વધુ ઘાતકી

આવિષ્કારોને ઓછા કર્યા. એ યુદ્ધને પણ માનવતાવાળું બનાવવામાં લગભગ સફળ થયો હતો અને જો આધુનિક વિજ્ઞાનનાં વિરોધી વલણ ન હોત તો પૂરો સફળ થયો હોત. એણે માનવજાતિ માટે, ખ્રિસ્તી સુવર્ણયુગની રાહ જોયા વિના પણ, યુદ્ધમુકત જગતની કલ્પના કરવાનું શકય બનાવ્યું. કોઈ રીતે પણ આટલું પરિવર્તન તો થયું કે પહેલાંના વખતમાં શાંતિ સતત ચાલતા યુદ્ધમાં એક વિષ્કંભક તરીકે આવતી હતી, તો હવે શાંતિમાં યુદ્ધ વિષ્કંભક રૂપે આવે છે, જોકે હજી શસ્ત્રસજ્જ શાંતિમાં બહુ વાર આવતા વિષ્કંભક રૂપે. એ બહુ મોટું પગલું ના હોય, પરંતુ તે છતાં એ પ્રગતિનું પગલું છે. એણે માનવીની માન-મર્યાદાના મહિમાના નવા ખ્યાલ આણ્યા છે, અને એણે એનાં કેળવણી, આત્મવિકાસ અને શકયતાઓ વિષે નવા વિચારો અને ક્ષેત્રો ખુલ્લાં કર્યાં છે. એણે જ્ઞાન પ્રચાર કર્યો, એણે માનવને માનવજાતિની પ્રગતિ અને સુખાકારી માટે પોતાની જવાબદારી વધુ પ્રમાણમાં સમજતો કર્યો; એણે માનવજાતિની આત્મસન્માન અને શકિતની સામાન્ય કક્ષા ઊંચી આણી. એણે કૃષિદાસને આશાવંત બનાવ્યો, પદદલિતને સ્વાગ્રહી અને શ્રમજીવીને એની માનવતામાં, ધનવાન અને શકિતમાન સાથે, શકયતામાં સમાન કર્યો. સાચે જ, આપણે જે છે તેને જે હોવું જોઈએ તેની સાથે સરખાવીએ તો આ બધું છુટ્ટાછવાયા, શરૂઆતની તૈયારીના કામ જેવું લાગે. પરંતુ એ એક અને અર્ધીસદી અને કંઈક વધારે વખતનું, અને એક અશરીરી આત્માનું કે જેને, હાથ આવે તેવાં કોઈ પણ સાધનોથી કામ કરવું પડતું હતું અને જેને એની પોતાની એકાગ્ર પ્રવૃત્તિ માટે કોઈ રૂપ નહોતું. વાસ નહોતો કે દેખીતું યંત્ર નહોતું, તેનું નોંધપાત્ર વૃત્ત હતું. પરંતુ કદાચ આ સંયોગોમાં જ એનાં બળ અને અનુકૂળતા હતાં, કારણ કે એ વસ્તુએ એને એકરૂપમાં કઠણ થઈ જવામાંથી, અશ્મીકરણમાંથી કે કંઈ નહિ તો એની વધુ મુકત અને સૂક્ષ્મ ક્રિયાની રીત ખોઈ નાખવામાંથી ઉગારી લીધું.

પરંતુ એ છતાં, એના સમગ્ર ભવિષ્યને સિદ્ધ કરવા માટે, આ માનવજાતિ વિષેના વિચાર અને ધર્મે પોતાની જાતને હજુ વધુ સુસ્પષ્ટ, આગ્રહી અને નિરપેક્ષ રીતે અવશ્યં ભાવિ બનાવવાની જરૂર છે. કારણ કે નહિ તો એ માત્ર થોડાઓના મનમાં સ્પષ્ટતાથી કામ કરી શકશે અને સમૂહ ઉપર તો એ માત્ર થોડી અસર કરશે, પરંતુ માનવજીવનના નિયમ રૂપ નહિ બને. અને જ્યાં સુધી એમ છે, ત્યાં સુધી એ એના પ્રધાનશત્રુ પર પણ વિજય નહિ મેળવી શકે. એ શત્રુ, બધા સાચા ધર્મનો શત્રુ છે, માનવીય અહંભાવ, વ્યકિતનો અહંભાવ, વર્ગ અને રાષ્ટ્રનો અહંભાવ. આ બધાને એ થોડા વખત માટે નરમ બનાવે, અમુક અંશે, બદલી શકે, એમના વધુ ઉદ્ધત, ઉઘાડા અને પાશવિક આવિષ્કારોને અંકુશમાં રાખવા ફરજ પાડે, વધુ સારી સંસ્થાઓ બનાવવા સમજાવી શકે, પરંતુ માનવ-

જાતિના પ્રેમને સ્થાન નહિ અપાવી શકે કે માણસ માણસ વચ્ચેની સાચી એકતાને સ્વીકારાવી નહિ શકે. કારણ કે એ હોવું જોઈએ માનવજાતિના ધર્મનું મૂળભૂત ધ્યેય, જેમ એ હોવું જોઈએ ધ્યેય સર્વ માનવીય ધર્મનું—પ્રેમ, માનવબંધુત્વનો પરસ્પર સ્વીકાર, માનવએકતાનું જીવંત ભાન અને વિચાર, ભાવના અને જીવનમાં માનવએકતાનો વ્યવહાર,— એ આદર્શ કે જે પ્રથમ કંઈ હજારો વરસ પહેલાં પ્રાચીન વૈદિક ઋચામાં ઘોષિત થયો અને જે સદાકાળ રહેવો જોઈએ પૃથ્વી પર માનવજીવન પ્રત્યે આપણા અંતરઆત્માનો પરમ આદેશ રહેવો જોઈએ. એ વિના માનવધર્મ સિદ્ધ નહિ થાય અને એ સિદ્ધ થઈ જતાં, એ આવશ્યક ચૈતસિક પરિવર્તન થઈ ગયું હશે કે જેના વિના કોઈ ઔપચારિક અને યાંત્રિક, કોઈ રાજકીય કે પ્રશાસનિક એકતા વાસ્તવિક અને સુરક્ષિત થઈ શકશે નહિ. જો એ કરી દેવામાં આવે તો એ બાહ્ય એકીકરણ પણ અપરિહાર્ય ન રહે, અથવા જો, એ અપરિહાર્ય રહે તો પણ એ કુદરતી રીતે અત્યારે જેમ લાગે છે તેમ આપત્તિકારક ઉપાયોથી નહિ, પરંતુ માનવમનની માગણીથી આવશે અને આપણી પૂર્ણીકૃત અને ઉદ્‌વિકસિત માનવપ્રકૃતિની મૂળભૂત આવશ્યકતા એને સુરક્ષિત રીતે ધારણ કરી રાખશે.

પરંતુ આ પ્રશ્ન છે કે માનવજાતિનો કેવળ બૌદ્ધિક અને ભાવનાત્મક ધર્મ આપણી ચૈતસિકતામાં આવો મોટો ફેરફાર કરવા માટે પર્યાપ્ત છે કે નહિ. બૌદ્ધિક વિચારની નબળાઈ એ છે કે જ્યારે એ ભાવનાઓ અને લાગણીઓથી પોતાને મજબૂત કરે છે ત્યારે પણ એ માણસના સત્તાના કેન્દ્ર સુધી પહોંચી શકતો નથી. બુદ્ધિ અને લાગણીઓ સત્તાનાં માત્ર સાધનો છે અને એ સાધનો કાં તો એના બાહ્ય નિમ્ન સ્વરૂપના કે અંદરના અને ઉપરના માનવનાં, અહંભાવના અનુચરો થાય કે આત્માના પ્રણાલો થાય. માનવજાતિના ધર્મનું ધ્યેય અઢારમી સદીમાં એક પ્રકારની મૌલિક અંતઃપ્રેરણાથી સૂત્રબદ્ધ થયું હતું; એ ધ્યેય હતું અને હજી છે માનવસમાજનું, ત્રણ સગોત્રી વિચારો—સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આકારમાં નવસર્જન થયેલી બધી પ્રગતિ છતાં આમાંનો એકેય વિચાર હજી વસ્તુતઃ સિદ્ધ થયો નથી. સ્વતંત્રતા કે જેની આટલી બધી ઘોષણા, અર્વાચીન પ્રગતિના સારતત્ત્વ તરીકે કરવામાં આવી છે. તે છે બાહ્ય, યાંત્રિક અને અવાસ્તવિક સ્વાતંત્ર્ય. સમાનતા કે જેની આટલી શોધ ચાલી રહી છે અને જેને માટે સંગ્રામો થાય છે એ એટલી જ બાહ્ય અને યાંત્રિક છે અને એવી જ અવાસ્તવિક પુરવાર થશે. બંધુતા તો હજી જીવન-વ્યવસ્થાના વ્યવહારુ સિદ્ધાંત તરીકે પણ સ્વીકારાઈ નથી અને એને સ્થાને અવેજમાં આગળ ધરવામાં આવે છે બાહ્ય અને યાંત્રિક સિદ્ધાંત—સમાન રીતે સંસ્થાબદ્ધ થવાનો કે બહુ તો શ્રમમાં સાથીપણાનો. આમ છે કારણ કે માનવતાના વિચારે આ બુદ્ધિપ્રધાન યુગમાં પોતાની

સાચી ધર્મ તરીકેની લાક્ષણિકતાને અને જીવ અને આત્માની વસ્તુતાને ઢાંકી રાખવી પડે છે અને અંતરઆત્માને બદલે માણસના પ્રાણિક અને ભૌતિક મનને અરજગુજાર થવું પડે છે. એ વસ્તુએ એના પ્રયાસને રાજકીય અને સામાજિક સંસ્થાઓની ક્રાંતિમાં, માનવજાતિના સામાન્ય મનના વિચારો અને ભાવનાઓના એવા પરિવર્તનમાં સીમિત કર્યો છે કે જે આ સંસ્થાઓને વ્યવહારદક્ષ બનાવે; એણે જાતિના અંતરઆત્મા કરતાં માનવજીવનના યંત્ર પર અને બાહ્ય મન પર વધારે કામ કર્યું છે. એણે એક રાજકીય, સામાજિક અને વૈધાનિક સ્વતંત્રતા, સમાનતા અને સર્વસામાન્ય સંસ્થામાં પરસ્પર સહાયની સ્થાપના કરવાનો પરિશ્રમ કર્યો છે.

પરંતુ જોકે આ ઉદ્દેશો એમનાં પોતાનાં ક્ષેત્રોમાં બહુ મહત્ત્વનાં છે તો પણ એ કેન્દ્રીય વસ્તુઓ નથી; એ ત્યારે જ સુરક્ષિત થશે જ્યારે એમની પ્રતિષ્ઠા માનવની આંતરિક પ્રકૃતિ અને આંતરિક જીવનના વ્યવહારના પરિવર્તન પર થશે; તેઓ પોતે માત્ર એ પરિવર્તન પ્રત્યે માનવીના વિકાસ માટે વધુ મોટી સગવડ અને વધુ સારું ક્ષેત્ર પૂરું પાડવાનાં સાધનો તરીકે, અને જ્યારે એ એકવાર થઈ જાય, ત્યારે બૃહત્તર આંતરિક જીવનના આવિષ્કાર રૂપ બનશે. સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા એ આત્માના ત્રણ દેવતાઓ છે; એમની સાચી સિદ્ધિ સમાજની બાહ્ય યંત્રસામગ્રીથી કે માણસથી એ જ્યાં સુધી માત્ર એના વૈયકિતક અને સામૂહિક અહંભાવમાં જીવે છે ત્યાં સુધી થઈ શકતી નથી. જ્યારે અહંભાવ સ્વતંત્રતા માગે છે ત્યારે એ સ્પર્ધાત્મક વ્યકિતવાદ પર જઈ પહોંચે છે. જ્યારે એ સમાનતાને આગળ કરે છે ત્યારે એ પહેલાં કંકાસ કરે છે, પછી પ્રકૃતિના વૈવિધ્યને અવગણવા લાગે છે અને એ સફળતાના એક માત્ર માર્ગ તરીકે કૃત્રિમ અને યંત્ર-રચિત સમાજ ઊભો કરે છે. જે સમાજ આદર્શ તરીકે સ્વતંત્રતા પાછળ પડે છે, તે સમાનતા મેળવવા શકિતમાન નથી; જે સમાજ સમાનતાનું ધ્યેય રાખે છે તેણે સ્વાતંત્ર્ય જતું કરવું પડશે. અહંભાવે બંધુતાની વાત કરવી એ એની પ્રકૃતિની વિરુદ્ધ વાત કરવા જેવું છે. એ જાણે છે કે માત્ર અહંભાવી સામાન્ય ઉદ્દેશોની સિદ્ધિ માટેનો સમાગમ અને એ જે મોટામાં મોટી પ્રાપ્તિએ પહોંચે છે એ છે શ્રમ, ઉત્પાદન, ઉપભોગ અને આનંદપ્રમોદના સમાન વિતરણની વધુ સુદૃઢ વ્યવસ્થા.

અને એ છતાં બંધુતા, માનવતાના વિચારના વિવિધ સંદેશની સાચી ચાવી છે. સ્વતંત્રતા અને સમાનતાનું ઐકય માત્ર માનવબંધુત્વની શકિતથી સિદ્ધ થઈ શકે એમ છે અને એ અન્ય કોઈ વસ્તુ ઉપર સ્થાપી શકાય એમ નથી. પરંતુ બંધુત્વ અસ્તિત્વમાં છે માત્ર આત્મામાં અને આત્માથી; એ બીજી કોઈ વસ્તુથી અસ્તિત્વમાં નથી. કારણ કે આ બંધુત્વ કોઈ ભૌતિક સગોત્રતાની બાબત નથી, કે નથી

પ્રાણિક સમાગમ કે બૌદ્ધિક સંમતિની બાબત. જ્યારે અંતર-આત્મા સ્વતંત્રતા માગે છે ત્યારે એ સ્વતંત્રતા છે એના સ્વવિકાસની, માણસમાં એના સર્વ સત્ત્વમાં રહેલી દિવ્યતાના સ્વવિકાસની. જ્યારે એ સમાનતાનો દાવો કરે છે ત્યારે એ જે માગે છે તે છે. સર્વને માટે સમાનરીતે એ સ્વતંત્રતા અને સર્વમાનવ સત્ત્વોમાં રહેલા એક જ આત્મા અને એક જ દેવતાનો સ્વીકાર. જ્યારે એ બંધુત્વ માટે પ્રયાસ કરે છે, ત્યારે એ સ્વવિકાસની સમાન સ્વતંત્રતાને એક સર્વસામાન્ય ધ્યેય, એક સર્વસામાન્ય જીવન અને આંતરિક એકતાના સ્વીકાર પર સ્થિર થયેલા મન અને લાગણીની એકતા પર પ્રતિષ્ઠિત કરે છે. આ ત્રણે વસ્તુઓ સત્યત: આત્માની પ્રકૃતિ છે; કારણ કે સ્વતંત્રતા, સમાનતા, એકતા એ છે આત્માના સનાતન ધર્મો. એ સત્યનો વ્યવહારમાં સ્વીકાર, મનુષ્યમાં રહેલા અંતરાત્માનો વિકાસ અને એને આત્મામાંથી નહિ કે અહંભાવમાંથી જીવતો કરવાનો પ્રયાસ, એ છે ધર્મનો અંદરનો અર્થ, અને એ છે એ વસ્તુ કે જ્યાં માનવતાના ધર્મે પણ જાતિના જીવનમાં એ પોતાનું સાફલ્ય સિદ્ધ કરે તે પહેલાં પહોંચવાનું છે.

# છેવટનો સાર અને નિર્ણય

બીજા શબ્દોમાં,— આપણે એ નિર્ણય પર પહોંચીએ છીએ કે, જોકે રાજકીય અને શાસનિક સાધનોથી એક અસ્થિર અને તદ્દન યાંત્રિક એકતા રચી શકાય અને માનવજાતિની એકતા, સંપન્ન થાય તો પણ એ સુરક્ષિત અને વાસ્તવિક કેવળ તો જ થઈ શકે કે જો માનવ-ધર્મ કે જે અત્યારે માનવજાતિનો સર્વથી ઉન્નત સક્રિય આદર્શ છે તે પોતાને આધ્યાત્મિક બનાવે અને માનવજીવનનો સામાન્ય આંતરિક સિદ્ધાંત બની જાય.

બાહ્ય એકતા સિદ્ધ થાય,— સંભવત: જોકે કોઈ રીતે માપી શકાય એટલા વખતમાં નિશ્ચિત તો નહિ,— કારણ કે માનવસમાજમાં પ્રકૃતિની ક્રિયાનું એ અનિવાર્ય અંતિમ વલણ છે, કે જેનું ધ્યેય માનવજાતિના મોટા અને હજુ મોટા સમૂહો રચવાનું છે, અને જે એક વધુ ગાઢ આંતરરાષ્ટ્રીય પદ્ધતિમાં માનવ-જાતિનું પૂર્ણ સમૂહીકરણ કર્યા વિના રહેશે નહિ.

પ્રકૃતિની આ ક્રિયા એનાં સાફલ્યનાં સાધનો તરીકે બે શકિતઓ પર આધાર રાખે છે કે જે ભેગી થઈને વધુ મોટા સમૂહીકરણને અનિવાર્ય બનાવે છે. પ્રથમ, સામાન્ય હિતોની વધતી જતી ઘનિષ્ઠતા અથવા તો ક્રમમાં ક્રમ મોટા અને હજુ વધુ મોટા ક્ષેત્રમાં હિતોનું આંતર-ગ્રથન અને એમનો પરસ્પર સંબંધ કે જૂના વિભાગોને અંતરાય રૂપ, નિર્બળતા, અડચણ અને સંઘર્ષના કારણરૂપ બનાવે છે, અને આ સંઘર્ષમાંથી પેદા થતી અથડામણી અને વિગ્રહોને બધાંને માટે વિનાશક આફતરૂપ બનાવે છે,— જીતનારને માટે પણ, કે જેને એના લાભો માટે બહુ મોટી કિંમત ભરવી પડે છે; અને આ આશા રાખેલા લાભો પણ જેમ યુદ્ધ વધુ ને વધુ સંકુલ અને આપત્તિકારક બનતું જાય છે તેમ તેમ મેળવવા વધુ ને વધુ મુશ્કેલ બને છે અને વિજયનો વધુ ગૂંચવણભરેલો બનાવે છે. આ હિતોની બિરાદરી કે પરસ્પર સંબંધનું વધતું જતું ભાન અને સંઘર્ષ અને વિનાશવંત વિગ્રહનાં પરિણામોને સ્વીકારવાની વધતી જતી અનિચ્છા

માણસોને આવી આફતો પ્રત્યે દોરી જનાર વિભાજનોને ઓછાં કરે એવાં હરકોઈ સાધનોનું સ્વાગત કરવાની ફરજ પાડશે. વિભાજનોનાં ઓછાં કરવાના વલણને એક વાર એક નિશ્ચિતરૂપ આપવામાં આવે, તો એ એક એવી પ્રેરક શકિતને ગતિમાન કરે છે કે જે વધુ ને વધુ ગાઢ ઐકય પ્રત્યે ધકેલે છે. જો એ આ સાધનોથી નહિ પહોંચી શકે, જો આ અસંગતતાઓ એકીકરણના વલણના વિજય માટે બહુ મોટી હશે તો પ્રકૃતિ બીજાં સાધનો વાપરશે, જેવાં કે યુદ્ધ અને વિજય કે થોડા વખત માટે એક બળવાન રાજય કે સામ્રાજયનું પ્રભુત્વ કે આવા પ્રભુત્વનો ભય કે જે એનાથી જોખમમાં આવતાઓને વધુ ગાઢ એકતાની પદ્ધતિ અપનાવવાની ફરજ પડશે. રાષ્ટ્રીય એકમો અને રાષ્ટ્રીય સામ્રાજ્યો રચવામાં પ્રકૃતિએ આ બાહ્ય આવશ્યક સાધનો અને શકિત વાપરી હતી. અને સંયોગો અને પ્રક્રિયાઓની ગમે તેવા ફેરફાર છતાં મૂળે તો એ જ શકિત અને એ જ સાધનો છે કે જે માનવજાતિને આંતરરાષ્ટ્રીય એકીકરણ પ્રત્યે આગળ ચલાવવા પ્રકૃતિ વાપરે છે.

પરંતુ ઉપરાંત સર્વને સંયુકત કરનાર ભાવનાનું એક સર્વસામાન્ય બળ પણ છે, એ બે માર્ગે કામ કરે એમ છે; એ પહેલાં શરૂઆત કરનાર તરીકે કે સહાયક તરીકે આવે અથવા તો પાછળથી દૃઢ સંયુકિત કરનાર પરિણામ રૂપે આવે પહેલી રીતે વધુ મોટી એકતાની ભાવના ઉત્પન્ન થાય છે, જે પહેલાં વિભાજિત હતા એ એકમોની વચ્ચે તે જાગી ઊઠે છે અને એકતાનું કોઈ રૂપ શોધવા પ્રેરે છે કે જે મુખ્યત્વે એની ભાવનાના જોરે અને વિચારથી બની આવે છે અથવા તો એ ભાવના અને વિચાર અન્ય, વધુ બહારની ઘટનાઓ અને બાહ્ય કારણોની સહાયે પાછળથી આવે છે. નાના પરિવાર કે પ્રાદેશિક રાષ્ટ્રોમાં પહેલાના વખતમાં આ ભાવના પૂરતી અસરકારક ન હતી એની આપણે નોંધ લેવી જોઈએ. સામાન્ય રીતે બહારના સંયોગોમાંથી ઘોરતમ યુદ્ધ અને વિજયથી, મોટે ભાગે પરસ્પર લઢતી કે પડોશી પ્રજાઓમાંની સર્વથી બળવાનની પ્રભુતાથી એકતા સધાય છે. પરંતુ ત્યાર પછીના વખતમાં એકતાની ભાવનાની શકિત, વધુ સ્પષ્ટ રાજકીય વિચારની મદદ સાથે વધુ ફળદાયક થઈ છે. સીધા સાદા સમવાય કે ઐકયની પ્રક્રિયા દ્વારા વધુ મોટા રાષ્ટ્રીય સમૂહો વૃદ્ધિ પામ્યા છે. જોકે કોઈ વખત આની પહેલાં સ્વતંત્રતા માટેની સામાન્ય લઢાઈ આવતી અથવા તો સામાન્ય શત્રુ સાથેની લઢાઈમાં ઐકય આવતું; અમેરિકાનાં સંયુકત રાજ્યો, ઈટલી, જર્મની અને વધુ શાંતિને માર્ગે ઑસ્ટ્રેલીઅન અને દક્ષિણ આફ્રિકાના સમવાયો આમ એક થયા. પરંતુ, બીજા પ્રસંગોમાં, ખાસ કરીને પહેલાંના રાષ્ટ્રીય સમૂહીકરણોમાં, બહારના કે યાંત્રિક ઐકયથી એકતાની ભાવના વિકાસ પામી હતી. પરંતુ ભાવનાને પેદા કરવામાં

કે સાચવવા માટે ચૈતસિક કારક તત્ત્વ અનિવાર્ય છે, એના વિના કોઈ સલામત કે કાયમી ઐક્ય થઈ શકે નહિ. એની ગેરહાજરી ઑસ્ટ્રીઆ—હંગરી જેવા સમૂહોની અસ્થિરતા માટે અને ભૂતકાળનાં સામ્રાજ્યોની ક્ષણભંગુરતા માટે, આવી ભાવનાને પેદા કરવામાં કે એને પૂરતી જીવંત અને કુદરતી જોરદાર બનાવવાની નિષ્ફળતા માટે જવાબદાર છે. મોટાં વર્તમાન સામ્રાજ્યોના પતન કે વિસર્જન માટે, સંયોગો ન બદલાય તો એ નિષ્ફળતા કારણભૂત બનવા સંભવ છે.

દૂર ભવિષ્યમાં કોઈ પ્રકારની આંતરરાષ્ટ્રીય વિશ્વ-વ્યવસ્થા માટે કામ કરતી શક્તિઓનું વલણ—જે અત્યારે એક વિચાર કે ઉમંગ રૂપે બહાર આવી રહ્યું છે; જેને અનિવાર્ય બનાવનાર કારણો કેટલાક વખતથી કામ કરી રહ્યાં છે તે, આવશ્યકતા, પરિસ્થિતિ અને બહારના સંયોગોના દબાણથી વધુ જોરદાર બન્યું છે. સાથે સાથે આ બહારના સંયોગોથી સાહાય્યિત અને ઉત્તેજિત એક સર્વદેશીય, આંતરરાષ્ટ્રીય ભાવના, હજી વધુ પ્રમાણમાં નીહારિકા જેવી અને અસ્પષ્ટ આદર્શરૂપ છે, જે ઔપચારિક ઐક્યના વિકાસને ઝડપી બનાવે. આ ભાવના માત્ર એની મેળે, જે સર્જી શકાય એવા કોઈ યાંત્રિક ઐક્યની સાચવણી માટે જરૂરી સંશ્લેષણ દ્રવ્યરૂપે અપર્યાપ્ત થઈ પડે; કારણ કે એ સહેલાઈથી રાષ્ટ્રીય લાગણી જેટલી ગાઢ કે બળવાન થઈ શકે નહિ. એણે એના પૌષ્ટિક અંશ તરીકે માત્ર ઐક્યે પેદા કરેલી સગવડો પર આધાર રાખવો પડશે. પરંતુ ભૂતકાળનો અનુભવ બતાવે છે કે માત્ર સગવડની આવશ્યકતા અંતે પ્રતિકૂલ સંયોગોને અને જૂનાં કેન્દ્રત્યાગી બળોના પુન: પ્રવેશનો કે અસરકારક વિકાસનો સામનો કરવા શક્તિમાન થતી નથી. પરંતુ, એક વધુ જોરદાર શક્તિ કામ કરી રહી છે, એક પ્રકારનો માનવતાનો બુદ્ધિ-પ્રધાન ધર્મ, થોડાં માણસોના મનમાં સ્પષ્ટ, એનાં પરિણામોમાં અને એના પટાન્તરોમાં ઘણાઓના અનુભવમાં આવતી, જેણે આધુનિક માનસના અને એની વિકસતી સંસ્થાઓના વલણના મોટા અંશને પેદા કરવામાં મદદ કરી છે. આ ચૈતસિક શક્તિ રાષ્ટ્રના સૂત્રથી આગળ વધવા માગે છે અને દેશધર્મને પદચ્યુત કરવા અને એનાં અંતિમ રૂપોમાં રાષ્ટ્રભાવનાનો નાશ અને એનાં વિભાજનોનો સદંતર ઉચ્છેદ કરવાની વલણ રાખે છે કે જેથી માનવજાતિનું એક રાષ્ટ્ર બની શકે.

તો આપણે કહી શકીએ કે રાષ્ટ્રરચનામાં આવી હતી તેના કરતાં પણ વધારે મોટી, ગમે તેવી મુશ્કેલીઓ હોય તો પણ આ વલણ આખરે સફળ થશે. જો વર્તમાન આંતરરાષ્ટ્રીય સંબંધોની હાલત અસંતોષકારી હોય અને તે પ્રલયોની પરંપરામાં લઈ જાય, જો એ સંબંધો વધુ મોટા અને હાલની લડાઈ જેવા વૈશ્વિક કે વધુ સીમિત ક્ષેત્રના હોય, છતાં હિતોના પરસ્પર વધતા જતા સંબંધોને લીધે સરવાળે વ્યાપક અને અનિવાર્ય રીતે એમના સીધા સ્પર્શ નીચે

ન આવતા હોય, એવાઓની ઉપર પણ અસર કરતાં પ્રલયોમાં, માનવજાતિને સ્વરક્ષાને માટે એક નવી, વધુ ગાઢ અને વધુ કડકતાથી સંયુક્ત વ્યવસ્થા કરવાની ફરજ પડશે. એને એની અને વિલંબિત આત્મહત્યાની વચ્ચે પસંદગી કરવાની રહેશે. જો માનવીની સમજશક્તિ માર્ગ શોધી નહિ શકે, તો પ્રકૃતિ પોતે આ ઉત્પાતો એવી રીતે ઘડશે કે જેથી ધ્યેય સિદ્ધ થાય. તેથી જલદી કે લાંબે ગાળે કાં તો એકતા માટે વધતી જતી એની ભાવનાથી, કે સર્વસામાન્ય હિત અને સગવડથી પ્રોત્સાહિત થઈ, કે સંયોગોના વિકસતા જતા દબાણથી આપણે માની શકીએ કે અંતે એકીકરણ કે ઓછામાં ઓછું પૃથ્વી ઉપર માનવજીવન કોઈ ઔપચારિક સંગઠન જોકે ગણનાતીત વસ્તુનો સંભવ અપવાદ તરીકે સ્વીકારી લેવાનો રહે છે—એ રીતે અનિવાર્ય બન્યું છે.

રાષ્ટ્રના ભૂતકાળના વિકાસના દૃષ્ટાંત પરથી આ આંતરરાષ્ટ્રીય એકીકરણ બેમાંથી એક રૂપે આવશે કે કંઈ નહિ તો આવવાની શકયતા છે એ બતાવવા મેં પ્રયત્ન કર્યો છે. કાં તો કેન્દ્રીકૃત વિશ્વ-રાજ્ય કે વધુ શિથિલ વિશ્વ-ઐક્ય કે જે સુઘટિત સમવાયતંત્ર હોય કે એક સાદો માનવજાતિના સામાન્ય ધ્યેયો માટે પ્રજાઓનો સમવાયસંઘ હોય. છેલ્લું રૂપ સર્વથી વધુ અભીષ્ટ છે, કારણ કે વૈવિધ્યના સિદ્ધાંતને એ પૂરતું ક્ષેત્ર આપે છે અને જે જીવનની મુક્ત લીલા અને જાતિની સ્વસ્થ પ્રગતિ માટે આવશ્યક છે. જે પ્રક્રિયાથી વિશ્વ-રાજ્ય આવી શકે એમ છે તેની શરૂઆત એક કેન્દ્રવર્તી સંસ્થાના સર્જનથી થાય. એનાં કર્તવ્યો પ્રથમ બહુ સીમિત હશે, પરંતુ એક વાર સર્જાયા પછી, ક્રમે ક્રમે કેન્દ્રીભૂત આંતરરાષ્ટ્રીય શાસનની બધી જુદી જુદી લોકોપયોગી પ્રવૃત્તિઓ એણે પોતાની અંદર સમાવી લેવી પડશે; જેવી રીતે રાજ્ય, પ્રથમ રાજાશાહી રૂપે અને પછી સંસદીય રૂપે ક્રમે ક્રમે રાષ્ટ્રના જીવનનો સંપૂર્ણ અંકુશ પોતાના હાથમાં લેતું રહ્યું છે કે જેથી હવે આપણે કેન્દ્રીભૂત સમાજવાદી રાજ્યના પરિમેય અંતરે આવી પહોંચ્યા છીએ કે જે વ્યક્તિઓના જીવનના કોઈ પણ ભાગને અનનુશાસિત નહિ રહેવા દે. વિશ્વરાજ્યમાં એવી જ પ્રક્રિયા લોકોના સમગ્ર જીવનને પોતાના હાથમાં ઉપાડી લેશે અને સંનિયમિત કરશે; એ આખરે રાષ્ટ્રીય વ્યક્તિત્વનો નાશ કરે અને એણે સર્જેલા વિભાગોને એક સામાન્ય રાજ્યના પ્રાંતો, જિલ્લાઓ કે તાલુકા જેના બનાવી દે. આવું પરિણામ અત્યારે અવાસ્તવિક સ્વપ્ન જેવું કે અસાધ્ય કલ્પના જેવું લાગે; પરંતુ એ એવી વસ્તુ છે કે અમુક સંયોગો, જે શકયતાના ક્ષેત્રની તદ્દન બહારના નથી, તેમની નીચે સાધ્ય બને અને અમુક સ્થિતિએ પહોંચ્યા પછી એ અનિવાર્ય પણ થાય. બીજી બાજુએ સમવાયતંત્રનો અને એથી યે વધુ સમવાયી રાજ્યોના સંઘનો અર્થ રાષ્ટ્રીય પાયાની સાચવણી અને રાષ્ટ્રીય જીવનની વત્તી કે ઓછી સ્વતંત્રતા એમ

થાય, પરંતુ જુદાં રાષ્ટ્રીય હિતોની વધુ મોટા સામાન્ય હિતો નીચે આધીનતા અને વધુ મોટી આંતરરાષ્ટ્રીય આવશ્યકતાઓ નીચે પૂરી જુદી સ્વતંત્રતાની આધીનતા એવો થાય.

એમ પૂછવામાં આવે કે ભૂતકાળનાં દૃષ્ટાંતો આવી નવી સમસ્યામાં યોગ્ય માર્ગદર્શક છે કે કેમ અને એ સમસ્યામાંથી જ કોઈ બીજું ન વિકસાવી શકાય કે જે એની વધુ નિકટ પરંતુ સ્વતંત્ર હોય અને એની સંકુલતાઓને વધુ સુસંગત હોય? પરંતુ માનવજાતિ એની નવી સમસ્યાઓને ઉકેલવાના કામમાં ભૂતકાળના ઉદ્દેશો અને દૃષ્ટાંતોના અનુભવ પર કામ કરે છે. જ્યારે એ નવા વિચાર પ્રત્યે ઝડપ મારે છે ત્યારે પણ એમને આપવાના રૂપ માટે એ ભૂતકાળમાં જાય છે. વધુમાં વધુ મૌલિક ક્રાંતિઓનાં નજરે પડતાં પરિવર્તનો પાછળ, નવવિધાનના હૃદયમાં જીવતો આ સાતત્યનો અપરિહાર્ય સિદ્ધાંત આપણે જોઈએ છીએ. વધુમાં માર્ગરૂપે આ વિકલ્પો જ દેખાય છે કે જેમાં બંને સહઉપસ્થિત શકિતઓ એમની લડાઈ લડી લે અને બેમાંથી એક અદૃશ્ય થઈ જાય કે જુદી રાષ્ટ્રીય ભાવના અદૃશ્ય થઈ જાય કે બે વચ્ચે સમાધાન થાય. બીજી બાજુએ એ તદ્દન શકય છે કે માનવવિચાર અને કર્મ એવું નવું વલણ લે કે જે સંખ્યાબંધ અણધારી શકયતાઓને લઈ આવે અને તદ્દન જુદા પરિણામ પર લઈ જાય, અને આ રેખાઓ પર કોઈ માણસ પોતાની કલ્પનાને કામ કરવા દે અને કદાચ વધુ સારો સ્વસ્થ સમાજ ઉત્પન્ન કરે. માનવકલ્પનાના આવા સર્જનાત્મક પ્રયાસોનું મૂલ્ય હોય છે, ઘણી વાર બહુ મોટું મૂલ્ય હોય છે, પરંતુ આવી કોઈ અટકળો દેખીતી રીતે મેં હાથ પર લીધેલા અભ્યાસના ક્ષેત્રની બહાર જાય.

નિ:સંદેહ, આપણે વિચારેલા બે વિકલ્પો કે ત્રણ રૂપોમાંથી એક પણ ગંભીર વાંધાઓથી મુકત નથી. કેન્દ્રીકૃત વિશ્વ-રાજ્ય, યાંત્રિક એકતા કે બરાબર કહીએ તો એકરૂપતાના વિચારનો વિજય સૂચવશે. અનિવાર્ય રીતે એનો અર્થ એ કે જેમાં માનવજીવન અને પ્રગતિના જોમમાં જરૂરી એવું અપરિહાર્ય તત્ત્વ વ્યકિતનું મુકત જીવન અને પ્રજાઓનું મુકત વૈવિધ્ય વૃથા દબાઈ જાય. જો એ કાયમી બને અને એનાં વલણો પૂરાં કરે તો અંતે જીવનમાં મૃત્યુ, સ્થગિતતા કે કોઈ નૂતન ઉદ્ધારક પરંતુ ક્રાંતિકારક શકિત આવે કે પછી સિદ્ધાંતનો વિદ્રોહ થાય કે જે સમગ્ર રચનાના ટુકડે ટુકડા કરી નાખે. યાંત્રિક વલણ એવું છે કે જેનું માણસની તાર્કિક બુદ્ધિને જે પોતે જ ચોક્કસ યંત્રસમાન છે,— તેને સહેલાઈથી વ્યસન પડે છે અને એ દેખીતું છે કે એની ક્રિયાઓ બહુ સહેલાઈથી ચલાવી શકાય છે અને જલદી હાથે બેસી જાય છે; એનો પૂરો વિકાસ બુદ્ધિને અભીષ્ટ, આવશ્યક, અનિવાર્ય લાગે છે પરંતુ એનો અંત

પહેલેથી નિશ્ચિત થયેલો હોય છે. કેન્દ્રીભૂત સમાજવાદી રાજ્ય એ જો એક વાર સ્થપાઈ જાય એટલે ભવિષ્યની આવશ્યકતા બને પરંતુ અંતે એની પ્રતિક્રિયા ભવિષ્યની એવી જ આવશ્યકતા બનશે. જેટલું એનું દબાણ વધારે એટલું વધારે ચોક્કસ છે કે એ યાંત્રિક દબાણની વિરુદ્ધ અરાજકતાવાદના સિદ્ધાંતનો, આધ્યાત્મિક, બૌદ્ધિક, પ્રાણિક અને વિદ્રોહી ફેલાવો એને સામેથી આવીને મળશે. એવી જ રીતે કેન્દ્રીકૃત યાંત્રિક વિશ્વ-રાજ્ય અંતે એ જ પ્રકારના બળને એની સામે જગાડશે અને માનવતાના ચક્રની પુનરાવૃત્તિની આવશ્યકતા જે સમસ્યાના ઉકેલ માટે વધુ સારા પ્રયાસમાં પરિણમી શકે એવી છે, તેને એ અંતે વિશીર્ણ અને ભસ્મીભૂત કરશે. એને માત્ર તો જ ટકાવી શકાય, જો માનવ-જાતિ શાંતિ અને સલામતી ખાતર એનું બાકીનું સમગ્ર જીવન વિશ્વરાજ્ય ચલાવે એમ કબૂલ કરે અને એની વૈયકિતક સ્વતંત્રતા માટે એ આધ્યાત્મિક જીવનનો આશ્રય લે, જેમ એક વાર રોમન સામ્રાજ્ય નીચે બન્યું હતું. પરંતુ એ પણ માત્ર કામચલાઉ નિરાકરણ થશે. સમવાયતંત્ર પણ માનવજીવન, સંસ્થાઓ અને પ્રવૃત્તિઓ માટે એક સામાન્ય પ્રકાર સ્થાપવા તરફ અવશ્ય રીતે વળશે; પરંતુ એ માત્ર ગૌણ ફેરફારની રમત થઈ શકશે. પરંતુ જીવન્ત પ્રકૃતિમાં ફેરફારની જરૂર હમેશાં એવા અલ્પ આહારથી સંતુષ્ટ રહેતી નથી. બીજી બાજુએ વધુ નિર્બંધ રાજ્ય-સંઘ સામે એ વાંધો રહેશે કે એ કેન્દ્રત્યાગી તત્ત્વો નવાં બળ સાથે ઊભાં થાય તો એમને વધુ હથીઆર પૂરાં પાડશે. નિર્બંધ રાજ્યસંઘ સ્થાયી નહિ થઈ શકે; એણે એક યા બીજી દિશામાં, કાં તો દૃઢ અને સખત કેન્દ્રીકરણ પ્રત્યે કે કમમાં કમ એ નિર્બંધ એકતા તૂટી પડતાં એનાં મૂળ ઘટકો પ્રત્યે વળવું જોઈશે.

એક નવું ચૈતસિક કારક તત્ત્વ એ જ એવી આવશ્યક ઉદ્ધારક શકિત છે કે જે એકદમ સંયુકત જીવનને માનવજાતિ માટે જરૂરી બનાવશે અને એને સ્વતંત્રતાના સિદ્ધાંતને માન આપવાની ફરજ પાડશે. માનવજાતિનો ધર્મ એ આ દિશામાં વલણવાળી એક વધતી જતી શકિત દેખાય છે; કારણ કે એ માનવએકતાનું ભાન પેદા કરે છે, એનામાં જાતિત્વની કલ્પના છે અને છતાં સાથે સાથે એ માનવીના વ્યકિતત્વને તેમજ માનવીની કુદરતી સામૂહિકતાને માન આપે છે. પરંતુ એનું વર્તમાન બૌદ્ધિક રૂપ પર્યાપ્ત દેખાતું નથી. જોકે વિચાર પોતે અને એની અસર પણ બળવાન છે છતાં એ સમગ્ર માનવ-જીવનને એના પોતાના ઘાટમાં ઢાળી શકે એટલો બળવાન હજી થયો નથી. કારણ કે એને માનવપ્રકૃતિની અહંભાવી બાજુને બહુ વધુ પ્રમાણમાં નમતું આપવું પડે છે. આ અહંભાવી પ્રકૃતિ આપણા સત્ત્વની સર્વસ્વ હતી અને હજીયે એનો નવદશાંશ ભાગ છે જેની સાથે એનો વધુ ઉત્કૃષ્ટ વિચાર ઘર્ષણમાં છે. બીજી બાજુએ એને મોટે ભાગે બુદ્ધિ ઉપર આધાર રાખવો પડે છે, તેથી

એ બહુ જલદી યાંત્રિક નિરાકરણ તરફ વળે છે. કારણ કે બુદ્ધિ-પ્રધાન વિચાર આખરે એના યંત્રનો કેદી બની જાય છે, એની પોતાની અતિ બંધનકારી પ્રક્રિયાનો ગુલામ બને છે. નવો વિચાર તર્કપ્રધાન યંત્રનો માત્ર એક વધુ આંટો મારવામાં આવે કે તરત એની સામે બળવો કરે છે અને એને સ્થાને અંતે બીજી કોઈ યાંત્રિક પદ્ધતિ, અન્ય માન્યતા, સૂત્ર કે વ્યવહાર સ્થાપિત કરવા માટે એને તોડી પાડે છે.

આધ્યાત્મિક માનવધર્મ એ જ ભવિષ્યની આશા છે. આનો અર્થ સામાન્ય રીતે જેને વિશ્વ-વ્યાપી ધર્મ કહેવામાં આવે છે, એવી એક પદ્ધતિ, માન્યતાની વસ્તુ, બૌદ્ધિક સમાધાન અને મત કે બાહ્ય વિધિ એ નથી. એ માર્ગે માનવજાતિએ એકતાનો પ્રયત્ન કર્યો છે; એમાં એ નિષ્ફળ ગઈ છે અને એ ઉચિત હતું, કારણ કે કોઈ વિશ્વવ્યાપી ધર્મ-પદ્ધતિ મનોમય સિદ્ધાંત અને પ્રાણિક રૂપમાં એક હોઈ શકે નહિ. અંદરનો આત્મા ખરેખર એક છે, પરંતુ બીજા કોઈ કરતાં વધુ પ્રમાણમાં આધ્યાત્મિક જીવન એના આત્મ-આવિષ્કારમાં અને વિકાસનાં સાધનોમાં સ્વતંત્રતા અને વિવિધતા માટે આગ્રહ રાખે છે. માનવધર્મ એટલે વર્ધમાન સાક્ષાત્કાર એ એક એવું ગૂઢ આત્મતત્ત્વ છે, એક એવી દિવ્ય વાસ્તવિકતા છે કે જેમાં આપણે બધા એક છીએ; માનવજાતિ પૃથ્વી પર અત્યારે એનું ઉત્કૃષ્ટ વાહન છે, માનવજાતિ અને માનવી એનાં સાધનો છે કે જેના વડે એ અહીં પોતાનો વધુ ને વધુ આવિર્ભાવ કરશે. આ જ્ઞાન પ્રમાણે જીવન ગુજારવાનો અને પૃથ્વી પર આ દિવ્ય આત્માનું રાજ્ય સ્થાપવાના પ્રયત્નનો આમાં સમાવેશ થાય છે. આપણી અંદર એના વિકાસથી આપણા બંધુજનો સાથેનું ઐકય એ આપણા સમગ્ર જીવનનો અંતિમ સિદ્ધાંત થશે. કેવળ સહકારનો સિદ્ધાંત નહિ પરંતુ વધુ ગહન બંધુત્વ, એકતા અને સમાનતાનું સાચું અને આંતરિક ભાન અને સર્વસામાન્ય જીવન. વ્યકિતને ભાન થવું જોઈએ કે એના બંધુજનોના જીવનમાં જ એનું પોતાનું જીવન પૂર્ણ બને છે. માનવજાતિને ભાન થવું જોઈએ કે વ્યકિતના મુકત અને પૂર્ણ જીવન ઉપર જ એની પોતાની પૂર્ણતા અને સ્થાયી સુખ સ્થાપી શકાય એમ છે. આ ધર્મ પ્રમાણે એક શિસ્ત અને મુકિતનો માર્ગ પણ હોવો જોઈએ, એટલે કે એવાં સાધનો કે જે વડે પ્રત્યેક માણસથી એની પોતાની અંદર એનો વિકાસ થઈ શકે કે જે માર્ગે જાતિના જીવનમાં એ વિકસી શકે. આ બધામાં જે કોઈ સમાવિષ્ટ છે તેમાં અહીં ઊતરવું એ બહુ મોટો વિષય છે. એ બતાવવું પૂરતું છે કે માર્ગ આખરે આ દિશામાં જાય છે. બેશક, જો આ પણ બીજા બધા વિચારો જેવો માત્ર એક વિચાર જ હશે તો જે માર્ગે બધા વિચારો જાય છે તે જ માર્ગે એ પણ જશે. પરંતુ જો એ આપણા અસ્તિત્વનું કંઈક અંશે પણ સત્ય હોય તો એક

મૂળભૂત આંતરિક, પૂર્ણ, સાચી માનવએકતાનાં સાધનો કે જેના પ્રત્યે આ બધું ગતિ કરી રહ્યું છે એ સર્વ આપણને એમાં પ્રાપ્ત થશે કે જે માનવજીવનના એકીકરણનો એક સલામત પાયો બનશે. એક આધ્યાત્મિક એકતા કે જે કોઈ બૌદ્ધિક કે બાહ્ય એકરૂપતા પર આધાર નહિ રાખનારી ચૈતસિક એકતા પેદા કરે અને એકીકરણનાં યાંત્રિક સાધનોમાં નહિ બંધાઈ ગયેલા એવા જીવનની એકતા માટે ફરજ પાડે, પરંતુ જે એની સલામત એકતાને મુકત આંતરિક વિવિધતાથી અને અનેક રૂપવાળા બહારના આવિષ્કારથી સમૃદ્ધ કરવા સદા તત્પર હશે. માનવઅસ્તિત્વના ઉચ્ચતર પ્રકારની પ્રતિષ્ઠા આ હશે.

માનવજાતિમાં આવું ભાન ત્વરાથી વિકાસ પામે તો, આપણે એકીકરણનો પ્રશ્ન વધુ ગહન અને સાચા માર્ગે અંદરના સત્યથી બહારનાં રૂપો સુધી ઉકેલી શકીએ. ત્યાં સુધી, એને યાંત્રિક સાધનોથી લાવવાનો પ્રયાસ ચાલુ રહેવો જોઈએ. પરંતુ માનવજાતિની વધુ ઊંચી આશા સંખ્યામાં વધતા જતા એવા માણસો પર રહી છે; જેઓ આ સત્યનો સાક્ષાત્કાર કરે અને એને પોતાનામાં વિકસાવે કે જેથી જ્યારે માણસનું મન એના યાંત્રિક વલણમાંથી છૂટવા તૈયાર થાય,—કદાચ જ્યારે એને ભાન થાય કે એનાં યાંત્રિક સાધનો ક્ષણિક અને નિરાશાજનક છે,— ત્યારે આત્માનું સત્ય પ્રવેશ કરે અને માનવજાતિને ઉત્તમ સુખ અને પૂર્ણતાના માર્ગ પર દોરી જાય.

# ઉત્તર પ્રકરણ

જ્યારે આ પુસ્તક પૂરું કરવામાં આવતું હતું ત્યારે સરકારો અને પ્રજાઓ ઉભયને એવો ખ્યાલ આવવા લાગ્યો હતો કે જો આ જગતમાં કોઈ પણ વ્યવસ્થા રાખવી હોય તો નવી વિશ્વ-વ્યવસ્થાની કાયમી આવશ્યકતા છે. આવી કોઈ નવી વિશ્વ-વ્યવસ્થા માટેના કોઈ પ્રાથમિક શરૂઆતના પાયા માટેનો પ્રથમ પ્રયાસ, ચર્ચા-વિચારણામાં હતો; જોકે એને કોઈ સ્થૂલ અને વ્યવહારુ રૂપ આપવામાં આવ્યું ન હતું. પરંતુ એ જરૂર થવાનું તો હતું જ; અને છેવટે એક શુભ આરંભ કરવામાં આવ્યો, જેણે નામ અને રૂપ લીધું 'રાષ્ટ્ર-સંઘ'નું એ એના અવધારણમાં સુખી ન હતું કે નહોતું સુપ્રેરિત એની રચનામાં, કે નહોતું લાંબા આયુષ્યની પરમ સફળ કારકિર્દીની નિયતીવાળું. પરંતુ આવા કોઈ વ્યવસ્થિત પ્રયાસની શરૂઆત પણ થાય એ એને માર્ગે થોડો વખત પણ તૂટી પડયા વગર ચાલે એ પણ ઘણી મહત્ત્વની બીના હતી અને જગતના ઇતિહાસમાં એક નવા યુગનાં મંડાણનું શુભ ચિહ્ન હતું. ખાસ કરીને એ એક એવું ઉપક્રમણ હતું કે જેને એ નિષ્ફળ જાય તો પણ એના ઉત્તર કથાનક વિના રહેવા દઈ શકાય નહિ, પરંતુ માનવજાતિનું ભાવિ કેવળ ચાલુ અવ્યવસ્થા અને ઘાતક વિપત્તિમાંથી નહિ પરંતુ એવી વિનાશક શકયતાઓમાંથી પણ સફળતાપૂર્વક સુરક્ષિત કરી શકાય ત્યાં સુધી ફરી હાથમાં લેવું જ પડે. આમ 'રાષ્ટ્ર-સંઘ' અદૃશ્ય થઈ ગયો અને એને સ્થાને 'સંયુકત-રાષ્ટ્ર-સંગઠન' આવ્યું કે જે હવે જગતની સામે ઊભું છે અને કોઈ એક પ્રકારના સુરક્ષિત સ્થાયિત્વ અને સફળતા માટે પ્રયાસ કરી રહ્યું છે. જગતનું ભાવિ આ મહા પ્રયાસની ઉપર આધાર રાખે છે.

આ એક એવી મહત્ત્વની ઘટના છે કે જેને પ્રકૃતિએ એનાં વિશ્વવ્યાપી વલણોના સંગીન અને નિર્ણાયક આવિષ્કાર રૂપે એના નિયત ધ્યેય માટે ગતિમાં મૂકી છે. માનવપ્રયાસની ચાલુ ઊણપો અને એની લથડતી મનોદશા છતાં, પ્રત્યાઘાતી શકયતાઓ કે જે આ મહા સાહસની સફળતાને થોડા વખત માટે

રોકે કે રૂંધે છે; એમને ગણકાર્યા વિના, આ એવી ઘટના છે કે જેમાં જે થવું જોઈએ એનો નિશ્ચય રહેલો છે; જાતિની પ્રગતિ અને એના અસ્તિત્વ માટે પણ જે આવશ્યક બન્યો છે; તેવા આ મહા પ્રયાસના સફળ ઉદ્‌ગમ અને વિકાસને, ઘટનાઓના પ્રવાહમાં જે બધી આફતો આવી પડી છે અને એના ધ્યેયની પ્રાપ્તિ માટે ચાલતી પ્રક્રિયાને રોકવા માટે હેતુપૂર્વક ઊભી થતી જણાય છે તે રોકી શકી નથી અને બીજી વધુ આફતો પણ રોકી શકશે નહિ. સ્તબ્ધ કરી નાખે એવા અને વિશ્વવિનાશક બે વિગ્રહો પૃથ્વી પર પથરાઈ ગયા અને એ એમની સાથે અથવા પાછળ બહુ વ્યાપક પરિણામોવાળી ક્રાંતિઓ લાવ્યા કે જેમણે પૃથ્વીનો નકશો બદલી નાખ્યો, જેમણે આંતરરાષ્ટ્રીય તેમ જ એક વખતની સુસ્થિર એવી પાંચ ખંડોની સમતુલાને ઊંધી વાળી અને સમગ્ર ભાવિને પલટી નાખ્યું છે. ત્રીજો, હજુ વધારે આપત્તિઓથી ભરેલો વિગ્રહ, અત્યાર સુધી ક્યારેય શોધાયાં હોય તેથી વધુ ઘાતક અને દૂરગામી આયુધો અને બીજાં વિનાશનાં વૈજ્ઞાનિક સાધનોના ઉપયોગના અગ્રદર્શન સાથે, એવાં આયુધો કે જેનો વિશાળ ક્ષેત્રમાં ઉપયોગ સભ્યતાને એક કડાકે નીચે તોડી પાડે અને જેનાં પરિણામ મોટા પાયા પર વિનષ્ટિ લાવે એ નજર સામે ધૂંધવાઈ રહ્યો છે, એની સતત આશંકા રાષ્ટ્રોના માનસ પર ભાર રૂપ તો થઈ રહી છે અને એમને યુદ્ધ માટે વધુ તૈયારીઓ કરવા ઉશ્કેરે અને લાંબા વિરોધનું, જોકે હજી સંઘર્ષનું નહિ પરંતુ શાંતિના સમયમાં પણ "ઠંડા યુદ્ધ" સુધી પહોંચતું વાતાવરણ સર્જે છે. પરંતુ જે બે વિગ્રહો આવ્યા અને ગયા તેમણે ઐક્ય માટેની શરૂઆત પ્રત્યેના પહેલા અને બીજા નોંધપાત્ર પ્રયાસોને અને એક સાકાર સંસ્થાની, એ ઉદ્દેશવાળા વ્યવસ્થિત સાધનની વ્યવહારુ રચનાને અટકાવી કે રોકી નથી; ઊલટા એ આ નવસર્જનનાં કારણ બન્યા છે અને એને ત્વરિત કર્યું છે. રાષ્ટ્ર-સંઘ પહેલા યુદ્ધના સીધા પરિણામ રૂપે અસ્તિત્વમાં આવ્યો અને સંયુક્ત-રાષ્ટ્ર-સંગઠન એવી જ રીતે બીજા વિશ્વ-વ્યાપક વિગ્રહનું પરિણામ છે. જો ત્રીજું યુદ્ધ કે જેને ઘણાખરા નહિ તો ઘણા માણસો અનિવાર્ય માને છે ને આવશે તો એ એવી જ અનિવાર્ય રીતે આ જગદ્‌વ્યાપી મહા-પ્રયાસના આગલા પગલાને કે કદાચ અંતિમ પગલાને ત્વરિત બનાવશે. પ્રકૃતિ આવાં સાધનો કે જે એના ધારેલા ઉદ્દેશથી વિરુદ્ધ અને ખતરનાક દેખાય છે તેમનો જ ઉપયોગ એના ઉદ્દેશના સાફલ્ય માટે કરે છે. જેમ યોગના વિજ્ઞાન અને કલાની સાધનામાં, પ્રકૃતિમાં જે છે અને એની આધ્યાત્મિક પૂર્ણતા અને સાફલ્યના માર્ગમાં પાછળથી જે આડે આવે એવી ચૈતસિક શક્યતાઓને, એમ બને કે એવી સુષુપ્ત શક્યતાઓને પણ કે જે ભવિષ્યમાં કરેલા કામને તોડી નાખવા કવખતે જાગી ઊઠે એવી હોય તેમને ખડી કરી દેવી પડે છે જેથી

એમને પહેલેથી દૂર કરી શકાય. તેવી જ રીતે પ્રકૃતિ પણ એના માર્ગમાં એની સામે આવતી વિશ્વ-શકિત સાથે કામ લે છે, માત્ર એને સહાયક થાય છે. એને બોલાવી લે છે એટલું જ નહિ પરંતુ જેને એ સામાન્ય કે અનિવાર્ય અંતરાયો રૂપે ઓળખે છે, કે જે એના ગૂઢ સંકલ્પને અવરોધવા સામી થયા વિના રહે નહિ તેવીને પોતાની સામે ખડી કરી દે છે કે જેથી એમને પહેલેથી ખતમ કરી શકાય. માનવજાતિના ઈતિહાસમાં આ ઘણી વાર જોવામાં આવ્યું છે; જે સિદ્ધ કરવાની છે એ વસ્તુની મહત્તાને અનુરૂપ એક વિરાટ શકિતરૂપે આજે એ દૃષ્ટાંત રૂપે જોઈ શકાય છે. પરંતુ હમેશાં આવા અવરોધો, એમના વિરોધથી, એ મહામાયા અને એના સંચાલકના ઉદ્દેશને રોકે તેના કરતાં વધુ પ્રમાણમાં, સહાયક નીવડે છે.

તો આપણે જે વસ્તુ અત્યાર સુધીમાં બની શકી છે અને ભવિષ્યની વધુ મોટી શકયતાઓ છે તેની ઉપર તર્કસંગત આશાવાદ સાથે જોઈ શકીએ. આ આશાવાદે આપણને, અનિચ્છનીય બાજુઓ, જોખમકારી વલણો, કામમાં વચ્ચે આવે એવી ગંભીર બાધાઓ અને માનવ-જગતમાં કરેલા કામને બગાડી નાખે એવી અંધાધૂંધીની શકયતાઓ પ્રત્યે પણ આંધળા બનાવવાની જરૂર નથી કે બનાવવા જોઈએ નહિ. અત્યારની પરિસ્થિતિને અંગે એટલું તો સ્વીકારી શકાય કે આજકાલ માણસો મોટાભાગે સંયુકત-રાષ્ટ્ર-સંગઠનની ખામીઓ, ભૂલો અને અનિષ્ટો કે જે એના અસ્તિત્વને જોખમમાં મૂકે છે તેમના પ્રત્યે અસંતોષથી જુએ છે અને ઘણા તો નિરાશ અને એની અંતિમ સફળતા માટે સાશંક થતા જાય છે. આ નિરાશાવાદમાં ભાગ લેવો એ બિનજરૂરી છે અને ડહાપણ વગરનું છે; કારણ કે આવો મનોભાવ જે પરિણામોની આગાહી કરે છે અને જે એવું કંઈ હોતું નથી તેમને લઈ આવવાની કે શકય બનાવવાની વલણવાળો હોય છે. સાથે સાથે આપણે ભયની ઉપેક્ષા કરવી જોઈએ નહિ; રાષ્ટ્રોના જે નેતાઓમાં વિજય માટેની સંકલ્પશકિત છે અને જેમને ભાવિ પ્રજા પરાજય માટે જવાબદાર ગણે એમ છે, તેમણે અવિદગ્ધ નીતિ સામે કે વિઘાતક વ્યતિક્રમથી સાવચેત રહેવું પડશે. સંસ્થામાં જે ખામીઓ હોય કે બંધારણમાં ક્ષતિઓ હોય તે જલદીથી સુધારી લેવી જોઈએ કે ધીરે ધીરે અને કાળજીપૂર્વક દૂર કરવી જોઈએ; જો આવશ્યક પરિવર્તન સામે હઠીલા વિરોધો હોય તો તેમને કોઈ પણ રીતે સંસ્થાને તોડયા વગર હઠાવી દેવા કે ઓળંગી જવા જોઈએ : એની પૂર્ણતા પ્રત્યેની પ્રગતિ સહેલાઈથી કે ઝડપથી થઈ ન શકે તો પણ હાથ પર લેવી જ જોઈએ અને જગતની આશાને વિફળ થતી અટકાવવી જોઈએ. માનવજાતિ માટે આ સિવાય અન્ય કોઈ માર્ગ નથી, સિવાય કે ખરેખર જે મહાશકિત માનવ-સંકલ્પમાં કે માનવપ્રકૃતિમાં કોઈ ઉદ્ધારક દિશાપલટ કે પરિવર્તન દ્વારા કે

ઉત્ક્રાંતિની કોઈ અચાનક પ્રગતિથી દોરવણી આપે છે તે કોઈ વધુ મહાન માર્ગ ખુલ્લો કરી આપે, કે જે માનવીના ભાવિના અન્ય અને વધુ મહાન નિરાકરણને શકય બનાવે.

વિશ્વ-ઐકયના આરંભ માટેનો પ્રથમ વિચાર અને યોજના કે જેણે રાષ્ટ્ર-સંઘનું રૂપ લીધું તેમાં જોકે બંધારણની ક્ષતિઓ હતી જેવી કે સર્વાનુમતિનો આગ્રહ જે એને ફલહીન બનાવતો હતો, કોઈ સચોટ કામ કરતાં રોકતો હતો કે કરવા દેતો નહિ અને મંડળની ઉપયોગિતાને સીમિત કરતો હતો, એની મુખ્ય ખામી તો એના અવધારણામાં અને એના સામાન્ય બંધારણમાં અંતર્ગત હતી, અને એ પણ તે વખતના જગતના સંયોગોના સીધા પરિણામ રૂપે કુદરતી રીતે ઊભી થઈ હતી. રાષ્ટ્ર-સંઘ વાસ્તવિક રીતે એક મહાસત્તાઓનું અલ્પતંત્ર હતું, પ્રત્યેક પોતાની પાછળ નાનાં રાષ્ટ્રો રૂપ પરિજન સાથે અને બને ત્યાં સુધી આખી સંસ્થાને સર્વસામાન્ય હિતો અને સમગ્ર જગતની ભલાઈ કરતાં વધુ પ્રમાણમાં પોતાના લાભો માટે વાપરતી મહાસત્તાઓનું અલ્પ તંત્ર હતું. એની આ લાક્ષણિકતા રાજકીય ક્ષેત્રમાં વધારે બહાર આવી અને આ સંયોગોમાં અનિવાર્ય ચાલબાજીઓ અને ફાટફૂટો, તડજોડો અને સમજૂતીઓ વગેરેએ સંઘના એ કામને લાભદાયી કે અસરકારક બનાવવામાં સહાય ન કરી કે જે કરવા એ સ્થપાયો હતો અને જે એનો ઉદ્દેશ હતો. અમેરિકાની ગેરહાજરી અને રૂશીઆની પરિસ્થિતિએ આ પ્રથમ પ્રયાસની અંતિમ નિષ્ફળતાને અનિવાર્ય નહિ તો એક કુદરતી ઘટના જેવી બનાવી દેવામાં મદદ કરી હતી. સંયુકત-રાષ્ટ્ર-સંગઠનના બંધારણમાં, કંઈ નહિ તો સિદ્ધાંત રૂપે, આ વ્યતિક્રમોમાંથી છૂટવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો; પરંતુ એ પૂર્ણતયા કરવામાં આવ્યો નથી અને પૂરો સફળ થયો નથી. સલામતી સમિતિમાં પાંચ મહાસત્તાઓને અપાયેલા પ્રભુ સ્થાન રૂપે સત્તાશાહી ભાવનાનું બળવાન તત્ત્વ ચાલુ રહ્યું છે; અને નિષેધ-અધિકારના (Power of Veto) ખીલાથી એને સજ્જડ કરવામાં આવ્યું છે. યથાર્થતાઓને અને વસ્તુઓની વર્તમાન વાસ્તવિક સ્થિતિના સ્વીકારની આવશ્યકતા અને બીજા મહાયુદ્ધનાં પરિણામોને આમ માન આપવામાં આવ્યું છે. અને કદાચ એ અનિવાર્ય પણ હતું, પરંતુ એમણે સૌથી વધુ પ્રમાણમાં તકલીફો ઊભી કરી છે, નવી સંસ્થાના કામને ઘણી રીતે અટકાવ્યું છે અને એની સફળતાને એના બંધારણની કોઈ બીજી ખામી જગતની પરિસ્થિતિ કે એની ઉપર પરાણે નાખેલા કામની રીત કે એની યોજનાની અંતર્ગત સંયુકત કામગીરીની મુશ્કેલીઓ કરતાં વધુ પ્રમાણમાં ઓછી કરી છે. આ ખામીઓને દૂર કરવાનો બહુ ઉતાવળો કે આકરો પ્રયાસ આખી ઇમારતને જમીનદોસ્ત કરી નાખે; અને એમનો ઈલાજ ન કરવામાં આવે તો બીમારી લંબાય, સહકાર અને સરળ કામગીરીનો અભાવ

અને એથી થતી બદનામી અને પરિમિત અને સફળ પરિશ્રમની લાગણી કે જે નિરર્થકતાનો ભાવ પેદા કરે છે અને સમસ્ત જગતની સાશંક દૃષ્ટિ આ મહાન અને આવશ્યક સંસ્થા પર એકાગ્ર કરે છે કે જેને આટલી મોટી આશાઓ સાથે સ્થાપવામાં આવી હતી અને જેના વિના જગતની પરિસ્થિતિ અનંત ગુણ ખરાબ અને ભયજનક અને કદાચ અસાધ્ય થાય એમ છે. જુદી રીતે રચાએલી સંસ્થા સ્થાપવાનો એક ત્રીજો પ્રયાસ ત્યારે જ બની શકે કે જો આ સંસ્થા કોઈ નવી આફતને પરિણામે તૂટી પડે. જો અમુક સંદિગ્ધ અપશુકનો એમના ભય સાચા પાડે તો એ અસ્તિત્વમાં આવે અને આવી વિપત્તિ ફરી ન આવવા દેવાના વધુ દૃઢ અને વૃદ્ધિ પામેલા નિશ્ચયને લીધે આ વખતે વધુ સફળ થાય; પરંતુ એના ત્રીજા એવા મહા ભયાનક ઉત્પાત પછી બને કે જે બે ઉત્પાતો તો પછી આટલી બધી મુશ્કેલી અને બેચેનીથી ઊભી રહેલી આંતર-રાષ્ટ્રીય ઈમારતને એના પાયમાંથી હલાવી નાખે. પરંતુ પ્રકૃતિનો ક્રિયમાણ હેતુ આવી કટોકટીમાં પણ એણે પોતે ઊભી કરેલી અડચણોને ઓળંગી જાય અને એમનો એક વાર અને હમેશને માટે અંત આવી જાય એવો સંભવ છે. પરંતુ એને માટે આખરે પણ કોઈ અપવાદ સિવાયનું વિશ્વ-રાજ્ય રચવું પડશે, સમાનતાના એવા સિદ્ધાંત પર કે જેમાં વિસ્તાર અને શકિતને લેખામાં લેવાશે નહિ. એમને દુનિયાની પ્રજાઓના, સુવ્યવસ્થિત અને આંતરરાષ્ટ્રીય તંત્રથી રક્ષાયેલા સમાજમાં જે કાંઈ કુદરતી હોય તે લાગવગ વાપરવાની છૂટ રહેશે. વિશ્વ-રાજ્યનો કાનૂન અને એની સમગ્ર રચનાનો પાયો વિશ્વાસપાત્ર ન્યાય, મૌલિક સમાનતા અને અધિકારો તથા હિતોનો સમન્વય હોવો જોઈએ.

એકતા પ્રત્યેની પ્રગતિના ચાલુ બીજા તબક્કામાં ખરું જોખમ, એ ગંભીર હોય તો પણ સંયુકત રાષ્ટ્ર પરિષદની ઈમારતમાં નથી, પરંતુ પ્રજાઓના બે શિબિરોમાં-વિભાજનમાં છે કે જેમનું વલણ કુદરતી વિરોધીઓનું છે અને જે કોઈ પણ ક્ષણે અશામ્ય પ્રગટ શત્રુઓ બની જાય અને એમનું સહઅસ્તિત્વ પણ પરસ્પર અસહ્ય બની જાય એમ દેખાય છે. આવી સ્થિતિ છે કારણ કે બોલ્શેવીસ્ટ રૂશીઆનો કહેવાતો સામ્યવાદ ત્વરિત વિકાસના પરિણામ રૂપે નહિ પરંતુ અપૂર્વ ભીષણતાવાળી લાંબી અને લોહીઆળ ક્રાંતિમાંથી જન્મ પામ્યો છે અને એની આપખુદ અને અસહિષ્ણુ રાજ્યપદ્ધતિનું સર્જન વર્ગવિગ્રહના પાયા પર કર્યું છે કે જેમાં શ્રમજીવીઓ સિવાય બીજા બધાઓને અસ્તિત્વમાંથી ચગદી નાખવામાં આવ્યા, "શ્રમજીવીઓની સરમુખત્યારી" પર 'પીગાળી' દેવામાં આવ્યા અથવા તો એક સંકુચિત પરંતુ સરમુખત્યાર પક્ષ પદ્ધતિ પર શ્રમજીવીઓને નામે આરક્ષક રાજ્ય સર્જાયું અને જેણે બહાર જગત સાથે પ્રાણઘાતક વિગ્રહ પેદા કર્યો, આ વિગ્રહની ભીષણતાએ એ નવા રાજ્યના

રચયિતાના મનમાં એક દૃઢ વિચારને જન્મ આપ્યો,— માત્ર પોતાની સલામતીની આવશ્યકતાનો નહિ પરંતુ સતત સંગ્રામની અને પ્રભુત્વના વિસ્તારની આવશ્યકતાનો, નવું શાસન જૂનાનો નાશ કરે, એને આખી પૃથ્વી પરથી નહિ તો મોટા ભાગમાંથી બહાર કાઢે અને એના નવા રાજકીય અને સામાજિક સંપ્રદાયની ફરજિયાત સ્થાપના થાય કે જગતના લોકો એને સામાન્ય રીતે સ્વીકારે ત્યાં સુધી, પરંતુ આ હાલત એની ઉગ્રતા અને કટુતાથી ઓછી પણ થાય, જે અમુક અંશે, સલામતીના આગમન અને સંઘર્ષની શરૂઆતની ભીષણતા, કટુતા અને વ્યાકુળતાના અંતથી થયું છે; જો નવા શાસનના વધુ અસહિષ્ણુ અને જુલ્મી તત્ત્વો નરમ પડયાં હોય તો ભેગા કે બાજુબાજુમાં રહેવાની અસંગતતા કે અશકિતના ખ્યાલ અદૃશ્ય થયા હશે અને સ્થાયી જીવનવ્યવહાર શકય બન્યો હશે. જો બેચેનીનો મોટો અંશ, અનિવાર્ય સંઘર્ષના સંભવનો ખ્યાલ, પરસ્પર સહિષ્ણુતા અને આર્થિક સમજૂતીની મુશ્કેલીઓ હજી હયાત છે તો એ બહુ તો વિશ્વ પર પ્રભુત્વ માટે આદર્શોના વિગ્રહનો ઉપયોગ કરવામાં આવે એ ખ્યાલ હજી છે અને એ રાષ્ટ્રોને પરસ્પર આશંકાની અવસ્થામાં અને સશસ્ત્ર આત્મરક્ષણ અને આક્રમણની તત્પરતામાં રાખે છે એ કારણથી છે, બે વિચારસરણીઓનું સહઅસ્તિત્વ અશકય છે એ કારણથી નહિ. જો આ તત્ત્વ નિર્મૂળ થાય તો, આ બે વિચારસરણીઓ જેમાં ભેગી રહી શકે, પરસ્પર આર્થિક આપલે કરે, નિકટ આવી શકે એવું જગત બિલકુલ અશકય નથી; કારણ કે જગત સમાજના જીવન પર રાજયના નિયમનના સિદ્ધાંતના વધુ વિકાસ પ્રત્યે ગતિ કરી રહ્યું છે, અને એક બાજુએ સમાજવાદી રાજ્યોની મંડળીઓ અને બીજી બાજુએ સીમિત મૂડીવાદને નિયંત્રિત અને સુવ્યવસ્થિત કરતાં રાજ્યો એકબીજાની બાજુબાજુમાં જ રહેતાં થાય અને પરસ્પર મૈત્રી સંબંધો સ્થાપે એવી સર્વ શકયતા છે. એક વિશ્વ-રાજ્ય કે જેમાં એમની ઉભય સંસ્થાઓ ચાલતી રાખી શકે અને સામાન્ય સંસદમાં ભેગા બેસી શકે એ અસ્તિત્વમાં આવે અને આ પાયા પર એક વિશ્વ-ઐકય અસંભાવ્ય નહિ હોય. સાચે જ આ વિકાસ સંયુકત-રાષ્ટ્ર-સંગઠનની પૂર્વકલ્પનાનું નિર્ધારિત અંતિમ પરિણામ છે; કારણ કે વર્તમાન સંગઠન પોતે અંતિમ રૂપનું હોઈ શકે નહિ, એ તો માત્ર ઉપયોગી અને આવશ્યક એવી પેલી વધુ વિશાળ સંસ્થાના પ્રાથમિક ચોકઠા રૂપે અપૂર્ણ આરંભ છે કે, જેમાં જેમાં પૃથ્વીની બધી પ્રજાઓ એક આંતરરાષ્ટ્રીય એકતામાં એકબીજાને મળી શકે; આ પ્રકારના આંદોલનમાં વિશ્વ-રાજ્યનું સર્જન એક તર્કસિદ્ધ અને અનિવાર્ય અંતિમ પરિણામ છે.

ભવિષ્યના આ દિગ્દર્શનને વર્તમાન સંયોગોમાં એક વધુ સુગમ આશાવાદ રૂપે નિંદવામાં આવે, પરંતુ વસ્તુઓનું આવું પરિવર્તન એટલું જ શકય છે કે

જેટલી નિરાશાવાદીઓની વધુ વિનાશક પરિણામની આશા, કારણ કે સમુત્પાત અને સભ્યતાનું પતન કે જેનું એ લોકો ભવિષ્ય ભાખે છે તે નવા યુદ્ધને પરિણામે ના પણ આવે. માનવજાતિને એણે પોતે કરેલા વ્યતિક્રમોએ કે પ્રકૃતિનાં તોફાની વલણોએ સર્જેલી ખરાબમાં ખરાબ વિપત્તિઓમાં થઈને પણ સજીવન બહાર નીકળી આવવાની ટેવ પડી ગઈ છે; અને જો એના અસ્તિત્વમાં કાંઈ અર્થ હોય તો એમ જ હોવું જોઈએ, જો એનો લાંબો ઇતિહાસ અને ચાલતું રહેલું જીવન કારણ વગર પોતાની મેળે ચાલતી યદૃચ્છા ન હોય તો કે જે માન્યતા જગત વિષેના શુદ્ધ ભૌતિકવાદી મત પ્રમાણે જરૂરી છે. જો માણસનું અવસ્થાન નિયત છે અને જો એણે ઉદ્‌વિકાસની પ્રક્રિયા ચાલુ રાખવાની હોય કે જેનો એ અત્યારે શિરમોર છે અને અમુક અંશે એની આગેકૂચનો અર્ધબુધ નેતા છે, તો એણે અત્યારના અંધાધૂંધ આંતરરાષ્ટ્રીય જીવનમાંથી બહાર નીકળી આવવું જોઈશે અને વ્યવસ્થિત અને સંયુક્ત કાર્યના આરંભ સ્થાન પર આવી પહોંચવું જોઈશે; કોઈ પ્રકારના વિશ્વ-રાજ્ય, એકકેંદ્રીય કે સમવાયી, અથવા તો એક રાજ્ય-સંઘ કે મૈત્રી-સંઘ, એમાંથી કોઈ એક પર એણે પહોંચવું જોઈશે, એથી કોઈ નાનું કે વધુ છૂટછાટવાળું કામચલાઉ તંત્ર ઉદ્દેશ સિદ્ધિ માટે પર્યાપ્ત નહિ થાય. એમ થાય તો, આ ગ્રંથમાં રજૂ કરેલી મીમાંસા ન્યાયી ઠરશે અને આપણે કંઈક વિશ્વાસપૂર્વક અત્યારથી પૂર્વ સંકેત આપી શકીએ કે કમમાં કમ માનવપ્રજાઓના ભાવિ ઇતિહાસના મુખ્ય વલણમાં ઘટના પ્રવાહ કઈ મુખ્ય રેખા પર પ્રગતિ કરે એવી શકયતા છે.

વિકાસ કરતી પ્રકૃતિ માનવજાતિ સામે જે સમસ્યા મૂકી રહી છે તે એ છે કે શું એની વર્તમાન આંતરરાષ્ટ્રીય પદ્ધતિ, જો એને પદ્ધતિ કહી શકાય તો, એક પ્રકારની કામચલાઉ, સતત, વૈકાસિક કે ક્રાંતિકારક પરિવર્તનોથી ચાલતી પદ્ધતિને સ્થાને એક સુકલ્પિત, સુચિંતિત, સ્થિર ગોઠવણીવાળી, એક સાચી પદ્ધતિ, અંતે પૃથ્વીની સર્વ પ્રજાઓના સામાન્ય સર્વહિતોને સંભાળતી, એક સાચી એકતા લાવી શકશે? એકબીજામાં ગૂંચવાયેલાં બળોવાળી એક આદિ અંધાધૂંધમાંથી બની શકે ત્યાં સભ્યતાઓ રચાઈ, જે નવી બહાર રહેલી અંધાધૂંધના આક્રમણથી તૂટી પડવાના કે હાલી જવાના સતત ભયમાં રહેતી એવી હતી માનવમેધાએ સફળતાથી પેદા કરેલી પ્રથમ સૃષ્ટિ. એક પ્રકારની આંતરરાષ્ટ્રીય પદ્ધતિથી એ સર્જનનો અંત આવ્યો જેણે આંતરરાષ્ટ્રીય સંવિધાન કહી શકાય એવાં તત્ત્વો દ્વારા અથવા તો પરસ્પર વ્યવહારની અને આદાન-પ્રદાનની રીતોથી શત્રુતા અને સંઘર્ષો હોવા છતાં રાષ્ટ્રોને ભેગાં રહેતાં કર્યાં, જગતના બહોળા પ્રદેશોનો વિનાશ કરી નાખતાં યુદ્ધોની વાત ન કરીએ તો પણ અનિશ્ચિતતા અને સંકટની સાથે વારાફેરા કરતી એક પ્રકારની સલામતી આપી

જેમાં અનેક સ્થાનિક પરંતુ કઢંગા જુલમનાં, રક્તપાતનાં, બળવાનાં અને અવ્યવસ્થાનાં લક્ષણો ચાલુ રહ્યાં. અંતર્યામી દેવતા કે જે જાતિના ભાવિ પર અધિષ્ઠિત છે તેણે માણસના મનમાં અને હૃદયમાં જૂની અસંતોષકારક વ્યવસ્થાને સ્થાને નવી વ્યવસ્થાની આશાનો વિચાર જગાડયો છે કે વિશ્વના જીવનની નવી પરિસ્થિતિઓ સર્જાશે અને આખરે કાયમી શાંતિ અને સુખાકારી સ્થાપવાની યોગ્ય તક મળશે. આ વસ્તુ પહેલી વાર માનવએકતાના આદર્શને એક વિશ્વસ્ત ઘટનાના રૂપમાં ફેરવી નાખશે કે જે કેટલા લાંબા સમય સુધી થોડાઓએ સેવેલી એક ઉદાત્ત અવાસ્તવિકતા કે સ્વપ્ન જેવી દેખાતી હતી; ત્યાર પછી સર્જી શકાય શાંતિ અને સંવાદની સાચી પ્રતિષ્ઠા અને માનવીનાં ઉચ્ચતમ સ્વપ્નોના સાક્ષાત્કાર વાસ્તે મુક્ત અવકાશ, જાતિના પૂર્ણીકરણ માટે પૂર્ણ સમાજ, માનવઆત્મા અને માનવપ્રકૃતિનો ઉચ્ચતર, ઊર્ધ્વતર ઉદ્‌વિકાસ; આપણા સાંપ્રત કાળના માણસોએ કે બહુ તો આવતી કાલના માણસોએ આનો જવાબ આપવાનો છે. કારણ કે અતિદીર્ઘ વિલંબ કે અતિ સતત પરાભવ વધતી જતી વિપત્તિઓ અને આફતોની પરંપરા માટે માર્ગ મોકળો કરે કે જે દીર્ઘકાલીન અને આપત્તિકર ગૂંચવણોનો અંધાધૂંધ સર્જે અને નિરાકરણને અતિ વિકટ કે અશક્ય બનાવી દે; એનો અંત માત્ર વર્તમાન વિશ્વ સભ્યતામાં નહિ પરંતુ સર્વ સભ્યતાના કોઈ અસાધ્ય પ્રપાતમાં આવે. મોટા અને વિસ્તૃત હત્યાકાંડ પછી અંધાધૂંધ અને વિનાશની મધ્યમાંથી એક નવું, વિકટ અને અસ્થિર પ્રસ્થાન કરવું પડે. વધુ સારી માનવજાતિના વિકાસનો કે વધુ માનવોત્તર જાતિના વિકાસનો માર્ગ જડી આવે તો જ વધુ સફળ સૃષ્ટિની આગાહી કરી શકાય.

કેન્દ્રપ્રશ્ન એ છે કે માનવજાતિ એના સામૂહિક જીવન માટે રાષ્ટ્રરૂપી જે સૌથી મોટું એકમ રચી શકી છે ને સાચવી શકી છે તે સૌથી છેલ્લું અને અંતિમ એકમ છે કે એથી વધુ મોટું સામૂહિક એકમ રચી શકાય એમ છે કે જે ઘણાં રાષ્ટ્રોને અને ઘણાંખરાં રાષ્ટ્રોને અને અંતે બધાં રાષ્ટ્રોને પણ એની સંયુક્ત સમગ્રતામાં સમાવી લે? વધુ વિશાળ પાયા પર ચણતર કરવાની વૃત્તિનો કે બહુ મોટા સમૂહો અને રાષ્ટ્રાતીત સમૂહોની પણ રચના કરવાની ધગશનો અભાવ નથી; એ તો માનવજાતિની પ્રાણિક વૃત્તિઓનું કાયમી લક્ષણ છે. પરંતુ એણે બળવાન રાષ્ટ્રનાં બીજાં રાષ્ટ્રો પર સ્વામિત્વની ઇચ્છાનું, એમના પ્રદેશોના કાયમી કબજાનું, અન્ય પ્રજાઓની આધીનતાનું અને એમની સંપત્તિના શોષણનું રૂપ લીધું: એમને પોતાની અંદર અર્ધાપર્ધા સમાવી લેવાનો પ્રયાસ પણ થતો, પ્રભુ જાતિની સંસ્કૃતિ નિવેશિત કરવામાં આવતી અને સામાન્ય રીતે સંપૂર્ણ અંગીકારની કે બની શકે એટલા પૂરા પરિપાચનની એ પદ્ધતિ હતી. રોમન સામ્રાજ્ય આવા પ્રયાસનું શ્રેણ્ય ઐતિહાસિક દૃષ્ટાંત હતું અને ગ્રાઈકો—રોમન એકતા

રૂપ, રાજકીય અને શાસનિક એકતાના માળખામાં એકીકૃત જીવન અને સંસ્કૃતિનું દૃષ્ટાંત કે જે માનવએકતાના શક્યરૂપની અધૂરી પણ સૂચક નિશાની કે પ્રાથમિક રેખાંકન ગણી શકાય એવો આ સભ્યતાએ ભૌગોલિક સીમાઓની અંદર કરેલો નિકટતમ ઉપગમ હતો. સમગ્ર ઐતિહાસિક પ્રવાહ દરમિયાન અન્ય એવા પ્રયાસો જોકે એટલા મોટા પાયા પર નહિ અને ઓછી ઉત્કૃષ્ટ ક્ષમતાથી થયા છે. પરંતુ કોઈ થોડી સદીઓથી વધારે ટકી શકયા નથી. ઉપયોગમાં લેવાયેલી એ પદ્ધતિ પાયામાં કાચી હતી, એટલા પૂરતી કે એણે અન્ય જીવન—સહજ વૃત્તિઓનો નિષેધ કર્યો હતો કે જે માનવજાતિની પ્રાણશકિત અને સ્વસ્થ ઉદ્-વિકાસ માટે જરૂરની છે અને જેમનો નિષેધ એક પ્રકારની સ્થગિતતા અને કુંઠિત પ્રગતિમાં જ પરિણમે એ નક્કી છે. અજેય જીવનશકિત અને રાષ્ટ્ર-એકમનું ઉજ્જવલ બલ કોઈ સામ્રાજીય સંઘ પ્રાપ્ત કરી શકયો નહિ. ખરી રીતે જે વિશાળ રાષ્ટ્ર એકમો જ હતાં એવા સામ્રાજીય સંઘો જ ટકી શકયા કે જેમણે જર્મની અને ચીનની પેઠે સામ્રાજ્યનું નામ ધારણ કર્યું હતું પરંતુ તેઓ રાષ્ટ્રાતીત રાજ્યોના રૂપના ન હતા અને સામ્રાજીય—સંઘોની રચનાના ઇતિહાસમાં એમની ગણના કરવાની કોઈ જરૂર નથી. એટલે જોકે સામ્રાજ્યોનાં સર્જન માટેનું વલણ પ્રકૃતિમાં રહેલી માનવજીવનની વધુ મોટી એકતાઓ પ્રત્યેની ધગશની સાબિતી પૂરી પાડે છે,—અને એમાં આપણે માનવજાતિના મોટા પરસ્પર અસમાન સમુદાયોને વધુ મોટા પ્રમાણમાં સંમીલિત કે સંયુકત જીવન એકમમાં એક થવાના છૂપા સંકલ્પને જોઈ શકીએ છીએ – પરંતુ એ વસ્તુ અનુવચન સિવાયની, અસફળ રચના છે અને એને આ દિશામાં કોઈ વધુ પ્રગતિ માટે બિનઉપયોગી વસ્તુ ગણવી જોઈએ. વાસ્તવિક રીતે જોતા વિશ્વવ્યાપી પ્રભુત્વ માટેનો નવો પ્રયાસ માત્ર નવી સાધનસામગ્રીથી અથવા તો તદ્દન નવા સંયોગોમાં પૃથ્વી પરનાં બધાં રાષ્ટ્રોને પોતાના ગોળમાં સમાવી લેવામાં કે કોઈ પ્રકારના ઐકયમાં જોડાવા સમજાવવામાં કે ફરજ પાડવામાં સફળ થાય. એક સમાન વિચારવાળું, એક ઉદ્દેશવાળું અને બળવાન નેતાવાળું સામ્યવાદી રૂશીઆ જેવું લોકોનું સંગઠન આવું ધ્યેય પાર પાડવામાં તાત્કાલિક સફળતા મેળવે. પરંતુ આવું પરિણામ, જે પોતે જ ઇચ્છનીય નથી, તે સ્થાયી વિશ્વ-રાજ્યનું સર્જન નિશ્ચિત કરે એવો સંભવ નથી. એનાં એવાં વલણો, વિરોધો અને અન્ય પ્રકારના વિકાસ માટેની ઇચ્છાઓ હશે કે જે વહેલું કે મોડું એનું પતન કરશે અથવા તો કોઈ ક્રાંતિકારી પરિવર્તન લાવશે કે જેના પરિણામે એ અદૃશ્ય થઈ જશે. આખરે, આવા કોઈ તબક્કામાં થઈને પસાર થવું પડશે; એટલું જ કે સાચા વિશ્વ-રાજ્યની રચના, કાં તો એકકેન્દ્રીય છતાં નમનીય પ્રકારના કારણ કે કડક એક-કેન્દ્રીયતાવાળું રાજ્ય સ્થગિતતા અને જીવનનાં પ્રસ્ફુરણોની, જીર્ણતા

લાવે, એવો સંભવ છે,—અથવા તો માત્ર સ્વતંત્ર પ્રજાઓનું ઐક્ય સધ્ધર અને કાયમી વિશ્વતંત્રની શકયતા ખુલ્લી કરી આપે.

માનવએકતાની સાચી સિદ્ધિ જે સાધનો અને રીતિઓ કે વિકાસની વિવિધ દિશાઓ સ્વીકારે એને અંગે આ ગ્રંથમાં રજૂ કરેલા વિચારો અને નિર્ણયોને અમુક દિશાઓ સિવાય ફરી કહેવાનું કે જોઈ જવાનું જરૂરી નથી. પરંતુ કેટલીક બાજુએ એવી શકયતાઓ ઊભી થઈ છે કે જેથી આ પ્રકરણોમાં જે લખવામાં આવ્યું છે અથવા તો જે નિર્ણયો સંપ્રાપ્ત થયા છે તેમાં કોઈ કોઈ ફેરફાર જરૂરી બન્યા છે. દાખલા તરીકે એમ નિષ્કર્ષ નીકળ્યો હતો કે એક પ્રભુ પ્રજા કે સામ્રાજ્ય દ્વારા જગતનો વિજય અને એકીકરણ શકય નથી. આ હવે એટલું બધું વિશ્વસ્ત નથી રહ્યું, કારણ કે આપણને હમણાં જ આવા પ્રયાસની સંભાવ્યતા કબૂલ કરવી પડી હતી. એક પ્રભુસત્તા પોતાની આજુબાજુ શકિતશાળી મિત્રોનો, એને આધીન છતાં બળમાં અને સાધન-સામગ્રીમાં ધ્યાન દેવા યોગ્ય મિત્રોનો સમૂહ ભેગો કરી શકે અને એમને અન્ય સત્તાઓ અને પ્રજાઓ સામે વિશ્વવિગ્રહમાં ફેંકે એ શકય છે. જો એવી પ્રભુસત્તા થોડા વખત માટે પણ, જેને શોધવામાં અને અસરકારક રીતે વાપરવામાં વિજ્ઞાન લાગી ગયું છે એવાં સામૂહિક આક્રમણનાં કોઈ પ્રચંડ સાધનના ઉપયોગમાં સર્વોપરી એકહથ્થુ ઈજારો મેળવવામાં સફળ થાય તો આ શકયતા વધશે. આ ભયાનક શોધખોળોએ પેદા કરેલા વિનાશ અને વ્યાપક ઉચ્છેદનો ભય—આ શોધખોળોના સામૂહિક ઉપયોગને ગેરકાયદેસર ઠેરવવા અને રોકવા સરકારો અને પ્રજાઓમાં એક વ્યાપક ઈચ્છા ઉત્પન્ન કરે, પરંતુ જ્યાં સુધી માનવ-પ્રકૃતિ બદલાઈ નથી ત્યાં સુધી આ રુકાવટ અનિશ્ચિત અને અસ્થિર રહેશે કોઈ બેઈમાન મહેચ્છા એ રીતે ગુપ્તતા અને અચાનકતાનો મોકો મેળવી લે અને નિર્ણાયક ક્ષણનો લાભ લે કે જે એને વિજય અપાવે એમ માની શકાય અને એ જબરદસ્ત મોકાનું જોખમ વહોરી લે. એવી દલીલ કરવામાં આવે કે છેલ્લા મહાયુદ્ધનો ઈતિહાસ આ શકયતાથી જુદી દિશામાં જાય છે, કારણ કે એવા જ નહિ પણ લગભગ સરખાવી શકાય એવા સંયોગોના મેળમાં આક્રમણકારી સત્તાઓ એમની પ્રગતિમાં નાકામયાબ નીવડી અને ભયંકર પરાજયના વિપત્તિ-કારક પરિણામોની ભોગ બની. પરંતુ, છતાં એ એક વખત તો એ સત્તાઓ વિજયની તદ્દન નજીક હતી અને કોઈ વધુ ડહાપણભરી રીતે ચલાવેલા અને વ્યવસ્થિત નવા મહાસાહસમાં જગત માટે એવું સદ્ભાગ્ય ફરી પ્રાપ્ત ન પણ થાય. જે લોકો પાસે એ રોકવાની શકિત છે અને જેમના હાથમાં જગતની સુખાકારીની જવાબદારી છે તેમણે કંઈ નહિ તો શકયતાની નોંધ તો લેવી જ જોઈએ અને એની સામે તૈયારી તો રાખવી જ જોઈએ.

તે વખતે સૂચવાયેલી શકયતાઓમાંની એક શકયતા મહાદ્વીપી સંઘોના વિકાસની હતી, એક સંયુકત યુરોપ, સંયુકત રાજ્યોની આગેવાની નીચે અમેરિકી ખંડની પ્રજાઓનું એકીકરણ, એશીઆનું પુનરુત્થાન અને એની યુરોપી પ્રજાઓના પ્રભુત્વમાંથી સ્વતંત્રતા માટેની આગેકૂચ, આ ખંડનાં રાષ્ટ્રોનું આત્મરક્ષણાત્મક સંગઠન માટે નિકટ આવવું; આવી મોટા ખંડવ્યાપી સંગઠનોની સંભાવ્યતા વિશ્વ-ઐકયની અંતિમ રચનામાં એક વચ્ચેની અવસ્થા પણ બની રહે. એ વખતે કલ્પવી પણ શકય ન હતી એટલી ત્વરાથી અમુક અંશે આ શકયતા સાકાર બને એવી છે. બે અમેરિકી દ્વીપોમાં એણે પ્રભાવી અને વ્યવહારુ રૂપ લીધું છે, જોકે એની સંપૂર્ણતામાં નહિ. યુરાપનાં સંયુકત રાજ્યોના વિચારે પણ ઘાટ લેવા માંડયો છે અને ઔપચારિક અસ્તિત્વ ધારણ કરવા માંડયું છે, પરંતુ એ હજી પરસ્પર વિરોધી વિચારધારા પર સર્જાએલી શત્રુતાના કારણે સંપૂર્ણ અને સાધ્ય શકયતાના રૂપનો વિકાસ કરી શકયો નથી કારણ કે એ વિચાર રૂશીઆ અને એના ગ્રહમંડળને અને પશ્ચિમી યુરોપને એમના લોખંડી પડદા પાછળ એકબીજાથી જુદા રાખે છે. આ જુદાઈ એટલે સુધી પહોંચી ગઈ છે કે આગાહી કરી શકાય એવા ભવિષ્યમાં, આગળથી જોઈ શકાય એવા કોઈ સમયે પણ એ શત્રુતાનું સમાપન જોવું મુશ્કેલ છે. અન્ય સંયોગોમાં આવાં સંગઠનો પ્રત્યેનું વલણ ખંડ ખંડ વચ્ચેની અથડામણીની આશંકાને જન્મ આપત કે જેવી અથડામણી એક વખત પુનરુત્થિત એશીઆ અને પશ્ચિમની વચ્ચે કલ્પવામાં આવતી હતી. યુરોપ અને અમેરિકા તરફથી એશીઆના પુનરુત્થાન અને પૂર્વની પ્રજાઓના પૂર્ણ સ્વાતંત્ર્યનો આખરે સ્વીકાર, અને સાથે સાથે જાપાન કે જે એક વખત પશ્ચિમના પ્રભુત્વ સામે એશીઆનું મુકિતદાતા અને નેતા રૂપ ગણાતું હતું અને જેણે ખરેખર એ હોવાનો જગત સામે દાવો કર્યો હતો તેનું પતન, એ બિનાઓએ આ આફતને ટાળી દીધી છે. અહીં પણ બીજે છે તેમ, ખરો ભય બે વિચારધારાઓની અથડામણી રૂપે દેખાય છે. એક બાજુએ રૂશીઆ અને લાલચીનની આગેવાની નીચે, અમુક અંશે લઢાઈથી અને અમુક અંશે રાજકીય સાધનોથી, અનિચ્છુક કે અસર નીચે આવેલા પરંતુ પૂરા રાજી નહિ એવા એશીઆ અને યુરોપ પર અંતિમ સામ્યવાદના આરોપણ માટે પ્રયાસ કરતી વિચારધારા અને બીજી બાજુએ અમુક ભાગે મૂડીવાદી, અમુક ભાગે વિનીત સમાજવાદી પ્રજાઓના સંગઠનની કે જે હજી કંઈક આસકિત સાથે સ્વતંત્રતાના વિચારને,— વિચારસ્વાતંત્ર્ય અને વ્યકિતના જીવનની થોડી બાકી રહી છે એ સ્વતંત્રતાને વળગી રહી છે. અમેરિકામાં, ખાસ કરીને લૅટીન લોકોમાં, એક પ્રકારની અસહિષ્ણુ સર્વગ્રાહિકતા સાથે આખા ખંડ અને નિકટના દ્વીપસમૂહોના અમેરિકીકરણ માટે ધગશ દેખાય છે એક પ્રકારના

મનરો સિદ્ધાંત માટે કે જે હજી ખંડના ઉત્તર ભાગમાં અમુક પ્રદેશોને કબજામાં રાખી રહી છે એવી યુરોપી સત્તાઓ સાથે ઘર્ષણ ઊભું કરે. પરંતુ, આ તો નાની મુશ્કેલીઓ કે ગેરસમજૂતીઓ ઊભી કરી શકે, કોઈ મોટી અથડામણી નહિ, કોઈ પ્રકારનો સંયુકત-રાષ્ટ્ર-સંગઠન મારફત લવાદ કે સમજૂતીનો મુદ્દો નહિ કે કોઈ ગંભીર પરિણામ. એશીઆમાં એથી વધુ જોખમકારક પરિસ્થિતિ, સામ્યવાદી ચીનના ઉદ્‌ભવ રૂપે જગતના આ ભાગની પ્રજાઓના ખંડવ્યાપી ઐકયની શકયતાના માર્ગને રોકતી ઊભી થઈ છે જે સમગ્ર ઉત્તર એશીઆને પોતામાં સમાવી લે એવું રૂશીઆ અને ચીનની બે વિશાળ સામ્યવાદી સત્તાઓના જોડાણ રૂપ રાક્ષસી કદનું સત્તા-જૂથ રચે છે અને દક્ષિણ-પશ્ચિમ એશીઆ અને તિબેટને ભરખી લેવાના ભયનો ઓળો ફેલાવે છે, ભારતની આખી સરહદ સુધીના પ્રદેશો પર ફેલાઈ જાય, એની તથા પશ્ચિમી એશીઆની સલામતીને જોખમમાં મૂકે, આક્રમણ, પદાક્રાંતિ અને ઘૂસણખોરીથી કે આક્રમણકારી લશ્કરી શકિતથી અનિચ્છિત વિચારધારા વડે, રાજકીય અને સામાજિક સંસ્થાઓ દ્વારા અને આવી લડાઈખોર સામ્યવાદી મહાસમૂહની પ્રભુતાની નીચે તાબેદારીથી કે જે સહેલાઈથી અપ્રતિઘર્ષ્ય થઈ પડે એમ છે. કંઈ નહિ તો આખો ખંડ બે મોટાં ચોસલાંઓમાં વિભાજિત થઈ જાય જે પરસ્પરના વિરોધમાં સંડોવાય અને મહાભયાનક વિશ્વવિગ્રહની શકયતા ઊભી કરે જેની આગળ પહેલાંના વિશ્વ-વિગ્રહનો અનુભવ વામણો લાગે; વિશ્વ-ઐકયની કોઈ શકયતા કોઈ ઉઘાડી દુશ્મની ફાટી નીકળ્યા વિના પણ, અચોક્કસ મુદત માટે મુલતવી રહે, હિતો અને આદર્શોની આવી મોટી અસંગતતા પેદા થાય કે જેનો એક સ્થાનમાં સમાવેશ લગભગ અસાધ્ય ગણાય. ત્રણ કે ચાર ખંડવ્યાપી ઐકયો કે જે પાછળથી ભેગાં થાય, તેની શકયતા બહુ દૂર જાય અને કોઈ મહાન સંઘર્ષ વિના ભાગ્યે વ્યવહારુ બને.

એક વખતે સર્વ રાષ્ટ્રોમાં સમાજવાદનો છેવટે ફેલાવો થાય એમ ધારવું સહેલું હતું, એમ બન્યું હોત તો એના પોતાના જન્મજાત વલણોના કારણે એવી આંતરરાષ્ટ્રીય એકતા રચી શકાત કે જે પોતાની મેળે રાષ્ટ્રવિચારની વિભાજકશકિતને એની જુદાઈ અને સ્પર્ધાવૃત્તિ અને હરીફાઈઓ સહિત ખુલ્લી લઢાઈમાં સામે લાવત. અને એને જીતી લેવા તરફ વળત. આ માર્ગ કુદરતી ગણી શકાત અને એ સાચે જ વિશ્વ-ઐકય પ્રત્યેનો ધોરી માર્ગ બની જાત. પરંતુ, પ્રથમ તો સમાજવાદ પણ અમુક દબાણો નીચે રાષ્ટ્રભાવનાના વિભાજક વલણના ચેપથી મુકત રહી શકયો નથી અને એનું આંતરરાષ્ટ્રીય વલણ જુદાં જુદાં રાજ્યોમાં સત્તા પર આવવાને લીધે અને એને પરિણામે હાથ પર લીધેલાં રાષ્ટ્રીય હિતો અને આવશ્યકતાઓના વારસા બાદ જીવતું ન પણ રહે: જૂની

ભાવના નવા સમાજવાદી શરીરોમાં જીવતી રહે એવો ઘણો સંભવ છે. એ ઉપરાંત જગતની બધી પ્રજાઓમાં સમાજવાદનો ફેલાવો ના પણ થાય કે ઘણા લાંબા વખત સુધી ન થાય: બીજાં એવાં બળો ઊભાં થાય જે વખત જગતનાં વર્તમાન વલણોનો વધુમાં વધુ શકય ઉદ્‌ગમ જાણતો હતો અને હજી પણ જણાય છે તેનો સામનો કરે; સામ્યવાદ અને ઓછો અવિનીત સમાજવાદ કે જે હજી સ્વાતંત્ર્યના સિદ્ધાંતને માન આપે છે, જોકે સંકુચિત સ્વાતંત્ર્યને અને જે અંતરના અવાજની સ્વતંત્રતાને માને છે, વિચારસ્વાતંત્ર્યને માને છે, માનવીના પોતાના વ્યકિતત્વની સ્વતંત્રતાને માને છે. એ બે વચ્ચેનો મતભેદ જો કાયમી બને તો વિશ્વરાજ્યની રચનામાં ગંભીર મુશ્કેલી ઉત્પન્ન કરે. સંવિધાન, સંવાદી રાજ્ય વિધાન અને વ્યાવહારિક નિયમો ઘડવાનું કામ સહેલું નહિ થાય કે જેમાં વ્યકિતના સાચા સ્વાતંત્ર્યનો કોઈ અંશ બચી જાય અને વ્યકિતનું ચાલુ અસ્તિત્વ એક સાંઘિક રાજ્યશરીરના સુનિર્ધારિત તંત્રની ક્રિયામાં એક અણુથી કંઈ વધુ કે એક યંત્રના ભાગ કરતાં કંઈ વધારે રહેવાની શકયતા કે સંભાવ્યતા હોય, એનો અર્થ એ નથી કે સામ્યવાદના સિદ્ધાંતમાં આવાં કોઈ ફલિત તત્ત્વ છે કે એમાં કીડીઓની સંસ્કૃતિ જેવી રચના થવી જોઈએ કે વ્યકિતત્વનો નાશ થવો જોઈએ; સામી બાજુએ, એ પણ ખરેખર વ્યકિતના સાફલ્યનું અને સાથે સાથે સાંઘિક જીવનની પરમ સંવાદિતાનું સાધન બની શકે. સામ્યવાદને નામે ઓળખાતી અને વિકસેલી પદ્ધતિઓ ખરો સામ્યવાદ નથી, પરંતુ અતિશય કડક રાજ્યતંત્રીય સમાજવાદની રચનાઓ છે. પરંતુ સંભવ છે કે સમાજવાદ પોતે માકર્સના ચીલાથી જુદે માર્ગે વિકસે અને ઓછી કઠણ રીતિઓએ કામ કરે; ઉદાહરણ રૂપે, સહકારી સમાજવાદ, સખ્તાઈવાળા શાસનની અમલદારી કઠણાઈ વગરનો, સિપાઈ રાજ્યની સખતાઈ વગરનો સમાજવાદ એક દિવસ અસ્તિત્વમાં આવે, પરંતુ આખી દુનિયામાં સમાજવાદનો ફેલાવો અત્યારના સંયોગોમાં સહેલાઈથી કલ્પી શકાતો નથી, પ્રભાવી શકયતા રૂપે અલ્પાંશે પણ જોઈ શકાતો નથી : દૂર પૂર્વમાં હમણાં બનેલી ઘટનાઓએ પેદા કરેલી કેટલીક શકયતાઓ અને વલણો છતાં, પૃથ્વીનું મૂડીવાદી અને સમાજવાદી બે પદ્ધતિઓમાં વિભાજન અત્યારે તો વધુ સંભાવ્ય પરિણામ દેખાય છે. અમેરિકામાં વ્યકિતવાદ અને સમાજની મૂડીવાદી પદ્ધતિ પર આસકિત અને માત્ર સામ્યવાદ પ્રત્યે નહિ પરંતુ નરમ પ્રકારના સમાજવાદ પ્રત્યે પણ દૃઢ અને પૂરો વિરોધ વ્યાપક છે અને એની તીવ્રતામાં કોઈ પ્રકારનો હ્રાસ કે ઘટાડો શકય લાગતો નથી. સામ્યવાદની મોટી સફળતાની શકયતા—જૂના જગતના ખંડો પર—જેનો આપણે વિચાર કર્યો હતો, તે હજી, અત્યારના સંયોગોમાં અને વિરોધી સત્તાઓની સમતુલાને ધ્યાનમાં લેતાં મોટે ભાગે અસંભવ લાગે છે અને જો એ બને તો પણ કોઈક પરસ્પર સમાધાન જરૂરી

બનશે, સિવાય કે સત્તાઓમાંની કોઈ એક એના વિરોધીઓ પર સંપૂર્ણ વિજય મેળવે. એક સફળ સમાધાન માગશે, કે એવી સંસ્થાનું સર્જન કે જેમાં ઘર્ષણ ઉત્પન્ન કરે એવા સર્વ, જેવા એ ઊભા થાય કે તરત કોઈ ખુલ્લી અથડામણી વિના પ્રશ્નોનો ઉકેલ થઈ શકે, અને આવી સંસ્થા 'રાષ્ટ્ર-સંઘ' અને 'સંયુકત-રાષ્ટ્ર-સંગઠન'ની ઉત્તરાધિકારી થશે અને એ જ દિશામાં જશે. જેમ રૂશીઆ અને અમેરિકા, એમની નીતિ અને વિચારસરણીના ચાલુ વિરોધ છતાં હજી એવું કોઈ પગલું ભરવાથી દૂર રહ્યાં છે કે જે સંયુકત-રાષ્ટ્ર-સંગઠનની સલામતીને મુશ્કેલ, અશકય બનાવે, તેવી જ આવશ્યકતાને કારણે કે એના ચાલુ અસ્તિત્વની અનુલ્લંઘનીય ઉપયોગિતાને લીધે આ ત્રીજી સંસ્થા પણ સચવાશે. એ જ બળો એ જ દિશામાં કામ કરશે અને એક કાર્યક્ષમ વિશ્વ-ઐકયનું સર્જન હજી પણ શકય બનશે; અંતે જાતિની સર્વસામાન્ય જરૂરિયાતોનો ભંડોળ અને જાતિની આત્મસંગોપનની આવશ્યકતા એ સર્જનને અનિવાર્ય બનાવશે એમ વિશ્વાસ રાખી શકાય.

તો પછી, જેનાથી અંતે સાચી વિશ્વ-એકતા સ્થાપી શકાય એવી વિશ્વ-સંસ્થાના સર્જન માટે સાનફ્રાન્સિસ્કોમાં થયેલા મહાન શરૂઆતના પરિણામરૂપ સંયુકત-રાષ્ટ્ર-સંગઠન સ્થપાયા પછી બનેલી ઘટનાઓમાં એવું કાંઈ નથી કે જેણે આપણને આ મહાપ્રયાસની અંતિમ સફળતાની આપણી અપેક્ષામાં નિરુત્સાહ કરવા જોઈએ. જોખમો અને મુશ્કેલીઓ છે, અથડામણોની આશંકા પણ રહે, મોટાં સંઘર્ષણોની શંકા પણ રહે કે જે ભવિષ્યને સંશયાસ્પદ સ્થિતિમાં મૂકી દે, પરંતુ અત્યંત નિષ્ફળતાની ધારણા રાખવી જરૂરી નથી સિવાય કે આપણે સમગ્રજાતિની હારની આગાહી કરવા માગતા હોઈએ. જે મીમાંસા સિદ્ધ કરવા આપણે હાથ પર લીધી છે, વધુ ને વધુ મોટા સમૂહીકરણની અને જગતની પ્રજાઓના અંતિમ ઐકયની સ્થાપનાની, એ મીમાંસા હજી બદલાયા વિના કાયમ રહે છે : દેખીતી રીતે માનવજાતિનું ભાવિ માગે છે તે પ્રગતિનો માર્ગ આ છે જેને ગમે તેવા પ્રચંડ સંગ્રામો અને વિગ્રહો વિલંબિત કરે, કે એમનાં અત્યારે શકય લાગતાં રૂપોમાં ફેરફાર પણ કરે, પરંતુ અટકાવી શકશે નહિ; કારણ કે માનવજાતિની સર્વસામાન્ય વિનષ્ટિ એ જ એક માત્ર વિકલ્પ છે. પરંતુ આવો વિનાશ, ગમે તેવી આપત્તિકારક શકયતા, એના લગભગ ચોક્કસ લાભદાયી તત્ત્વોની સામે તોળાઈ રહે તો પણ,— જેમની અસરકારકતાનું ક્ષેત્ર વિજ્ઞાનની હમણાંની શોધો અને નવનિર્માણ ધ્યાનના લેતાં, ભાગ્યે સીમિત થઈ શકે એમ છે. એટલો જ અવાસ્તવિક નીવડે એવો સંભવ છે જેટલી આખરી સુખ અને શાંતિ જલદી સ્થપાઈ જવાની આશા કે માનવપ્રજાઓની પૂર્ણીભૂત સમાજ સ્થાપવાની આશા અવાસ્તવિક છે. આપણે વિશ્વાસ રાખીએ, જો બીજી કોઈ વસ્તુ નહિ

તો વિશ્વ-શક્તિ ઉપર કે જેને આપણે પ્રકૃતિ કહીએ છીએ તેની ઉપર, એની નજરે દેખાતી પ્રક્રિયા અને વલણ કે ઉદ્દેશ પર વિશ્વાસ રાખી શકીએ, કંઈ નહિ તો જ્યાં સુધી હવે પછી તરત લેવાનાં જરૂરી પગલાંને લાગેવળગે છે ત્યાં સુધી આત્મસંગોપનનાં પગલાં સુધી: કારણ કે એ આવશ્યક છે, કંઈ નહિ તો એનો અમુક અંશે સર્વ-સામાન્ય સ્વીકાર પણ થઈ ગયો છે અને જે વસ્તુ પ્રત્યે એ આવશ્યકતા દોરી જશે તેનો વિચાર જન્મ્યો છે અને એનો દેહ સર્જાવા માટે સાદ દઈ રહ્યો છે, આપણે આ ગ્રંથમાં, શરતો, શકયતાઓ અને નવ-સર્જન ધારણ કરે એવાં વરિષ્ઠ રૂપો અને કોઈ મતાગ્રહ કે અંગત વિચારો પર ભાર મૂકયા વગર સૂચવ્યાં છે; જે બળો કામ કરે છે અને જે પરિણામો આવવા સંભવ છે તેમની નિષ્પક્ષી વિચારણા એ આ અભ્યાસનો વિષય હતો. બાકીની વસ્તુઓનો આધાર માનવજાતિની બૌદ્ધિક અને નૈતિક ક્ષમતા ઉપર રહેશે કે જે હવે તેને પૂરી કરવા માટેની એક જરૂરી ચીજ છે.

તો આપણે એ નિર્ણય ઉપર આવીએ છીએ કે જગતના અત્યારના સંયોગોમાં એનાં અતિ ઉદ્વેગકારી લક્ષણો અને જોખમ ભરેલી શકયતાઓને ધ્યાનમાં લેવા છતાં, એવી કોઈ વસ્તુ નથી કે જેથી કોઈ એક પ્રકારના વિશ્વ-ઐકયની અગત્ય અને અનિવાર્યતા પરત્વે આપણે લીધેલું દૃષ્ટિબિંદુ બદલવું પડે. પ્રકૃતિનો ઝોક, સંયોગોનું દબાણ અને માનવજાતિની વર્તમાન અને ભાવિ આવશ્યકતાઓ એને અનિવાર્ય બનાવે છે. આપણે જે નિર્ણયો ઉપર પહોંચ્યા છીએ તે ઊભા રહેશે અને એની રીતો, શકય રૂપો કે એના વિકાસની એક કે બીજી રેખાના વિકલ્પ કે ક્રમાંકોની વિચારણા પણ ઊભી રહે છે. અંતિમ પરિણામ વિશ્વ-રાજ્યની રચનાના રૂપનું હોવું જોઈએ અને એનું વરિષ્ઠ રૂપ મુક્ત રાષ્ટ્રીયતાઓના સમવાયતંત્રનું હોવું જોઈએ કે જેમાં સર્વ પ્રકારની પરાધીનતા કે ફરજિયાત અસમાનતા અદૃશ્ય થઈ ગઈ હશે અને જોકે કેટલાંક રાષ્ટ્રો અન્ય કરતાં વધુ મોટી કુદરતી લાગવગ ધરાવતાં રહે પરંતુ સર્વની પદવી સરખી હશે. રાજ્યોનો સંઘ વિશ્વ-રાજ્યમાં જોડાએલાં રાષ્ટ્રોને વધુમાં વધુ સ્વતંત્રતા આપવા માગશે, પરંતુ આ વસ્તુ જુદાઈનાં તત્ત્વોને અને કેન્દ્રત્યાગી વલણોને એમની પ્રવૃત્તિ માટે વધુ પડતો મોકો આપશે; એટલે સમવાયતંત્ર વધુ ઇચ્છનીય રહેશે. બાકીનું બધું સંયોગોના પ્રવહન ઉપર આધાર રાખશે અને ભવિષ્યમાં જે વિચારો અને આવશ્યકતાઓ ઊભી થાય તેમની સામાન્ય સંમતતા અને એના સ્વરૂપ પર આધાર રાખશે. વિશ્વ-ઐકયના આ સ્વરૂપને ચિર જીવન કે સ્થાયી અસ્તિત્વના સારામાં સારા સંયોગો છે. આ જગત પરિ-વર્તનશીલ છે અને અનિશ્ચિતતાઓ અને ભયો હુમલા કરે કે થોડો વખત તકલીફ દે; નવા વિચારો અને બળો ઉપર આવે અને માનવજાતિના સર્વસામાન્ય

મન પર અસર કરે, પરંતુ ત્યારે જરૂરી પગલું ભરાઈ ગયું હશે અને માનવીનું ભાવિ નિશ્ચિત થઈ ગયું હશે અથવા તો જેમાં એની ઉપર ભય ઝઝૂમી રહ્યો છે એવો ચાલુ યુગ પસાર થઈ ગયો હશે. અને એ અણઉકલી જરૂરિયાતો, મુશ્કેલીઓ, અનિશ્ચિત સંયોગો, મહાન ઉત્પાતો, વિસ્તૃત અને લોહીઆળ વિગ્રહોથી અને હજી આવવાના હોય એના ભયથી ત્રસ્ત અને અસ્વસ્થ છે. માનવ-એકતાનો આદર્શ ત્યારે કેવળ સફળ આદર્શ નહિ રહે, પરંતુ સંપન્ન સિદ્ધિ બનશે અને સંયુકત થયેલી માનવપ્રજાઓના હાથમાં માનવએકતાની સલામતી થાપણ રૂપે સોંપવામાં આવશે, એની ભવિષ્યની નિયતિ દેવોના ખોળામાં રહેશે અને દેવોને જો માનવજાતિના ચાલુ અસ્તિત્વનો ઉપયોગ હોય તો એ ત્યાં ભલે સલામત રહી.

# યુદ્ધ અને આત્મ-નિર્ણય

# પૂર્વભૂમિકા

આ પુસ્તકમાં પ્રકાશિત ચાર નિબંધો[1] એકસાથે લખવામાં આવ્યા નહોતા અને એમના વિચાર અને ઉદ્દેશ વિષે કોઈ પરસ્પર સંબંધ પણ વિચારવામાં આવ્યો નહોતો. પહેલો નિબંધ યુદ્ધના શરૂઆતના મહિનાઓમાં લખાયો હતો અને બીજા બે નિબંધ યુદ્ધની સમાપ્તિના દિવસોમાં અને છેલ્લો હજુ હમણાં, રાષ્ટ્રસંઘ નામના એ નોંધપાત્ર રીતે અણઘડ, ખોડંગતા અને અનિશ્ચિત યંત્રની રચનાના અને આરંભિક કાર્યકાળમાં લખવામાં આવ્યા છે. પરંતુ છતાં એ બધા એક સામાન્ય વિચારથી સંકળાયેલા છે, કમમાં કમ એ ચાર સંબદ્ધ વિષયોનું એક સામાન્ય દૃષ્ટિબિંદુથી નિરીક્ષણ કરે છે — એ એક પ્રત્યક્ષ પરંતુ વ્યવહારમાં તદ્દન ભુલાઈ ગયેલા સત્યની દૃષ્ટિએ કે જાતિનું ભાવિ, આ કટોકટી અને ક્રાન્તિના યુગમાં એ રાષ્ટ્ર-સંઘ રૂપ યંત્ર પર આધાર નહિ રાખી શકે, જોકે આપણે એનો ઉપયોગ તો કરીશું, પરંતુ આપણે જે ભાવનાવાળા છીએ તે ઉપર આધાર રાખશે. અને, આ સત્યની વર્તમાન સ્થિતિમાં ઉપયોગિતા વિષે થોડા શબ્દો અસ્થાને નહિ ગણાય.

વર્તમાન પરિસ્થિતિની આખી મુશ્કેલી આપણે જે જમાનામાં જીવી રહ્યા છીએ તેની વિશિષ્ટ અને સંકટપૂર્ણ લાક્ષણિકતાને કારણે છે. એ એક અપરિમિત અને ત્વરિત પરિવર્તનોનો કાળ છે, એવાં ઝડપી પરિવર્તનોનો કે જેમાં આપણે કે જે એમની વચ્ચે જીવી રહ્યા છીએ તેમાંના બહુ થોડા જણ પ્રધાન વિચાર કે અંતરતમ અર્થને પકડવાની કે એમના સંભાવિત પરિણામનો વિશ્વાસપાત્ર અંદાજ બાંધવાની આશા રાખી શકીએ એમ છે. ચોતરફ મોટી આશાઓ સેવવામાં આવે છે, ઉચ્ચ અને મહાન આદર્શો દૃષ્ટિને ભરી દે છે, અસાધારણ પરિબળો મેદાને પડયાં છે. જાતિના જીવનની એ વિશાળ અને સંકટપૂર્ણ ક્ષણોમાંની એક ક્ષણ છે જ્યારે બધી વસ્તુઓ પરિવર્તન અને પુનર્વિધાન પ્રત્યે આગળ વધી રહી છે. ભાવિના આદર્શો, ખાસ કરીને સ્વતંત્રતા, સમાનતા, સાર્વજનિકતા અને એકતાના આદર્શો એમને ગણીગાંઠી વ્યકિતઓના

---

૧. આ આવૃત્તિમાં પાંચમો નિબંધ 'યુદ્ધ પછી' ઉમેરવામાં આવ્યો છે.

આધ્યાત્મિક જીવનમાં કે આદર્શવાદમાં એમને અપાતા સાંકડા ક્ષેત્રમાંથી બહાર કાઢવાની અને જાતિના જીવનમાં એમને કર્મની કોઈ એક સાચી ભાવનાનું રૂપ અને નક્કર ભૌતિક આકાર આપવાની શરૂઆત માટે માગણી કરી રહ્યા છે. પરંતુ આવી કોઈ સફળતા સામે પ્રબળ અંતરાયો એકઠા થઈ ગયા છે, અને એમાંના સૌથી મોટા બહારથી નહિ પરંતુ અંદરથી આવે છે. કારણ કે એ છે માનવજાતિની ભૂતકાળની પ્રકૃતિના જૂના ચાલુ આવેગ અને એની હઠીલી આડાઈ, એના સાધારણ મનની અહંભાવી, પ્રાણિક અને ભૌતિક હિતો પ્રત્યેની ગુલામી અને એની મહત્ત્વાકાંક્ષાઓ કે જે એકતા નહિ પરંતુ વિરોધ અને કલહ સર્જે છે, વ્યાવહારિક બુદ્ધિના સત્યાભાસ કે જે માત્ર આજની અને કાલની શક્યતાઓને જુએ છે પરંતુ ત્યાર પછીના દિવસે આવનાર પરિણામ આંખ બંધ કરે છે, દંભ અને અનૃતની કુટેવો કે જે માણસો અને રાષ્ટ્રોને છીછરા આદર્શવાદના અંચળા નીચે એમના પોતાના સ્વાર્થને અનુસરવા અને આગળ કરવા પ્રેરે છે અને જે રાજનીતિજ્ઞોની દ્વિઅર્થી વાગ્જાળથી અમુક અંશે સર્જાય છે, પરંતુ વધુ પ્રમાણમાં તો એક સર્વસામાન્ય અર્ધી ઐચ્છિક આત્મવંચનાની બનેલી છે, અને છેલ્લે વધુ અંધ અને અસંતુષ્ટ પરિબળો અને અણઘડ, અપૂર્ણ આદર્શવાદોનો ધસારો—બૉલ્શેવીઝમનો સંપ્રદાય એ જ જાતનો છે—જેનો ઉદ્દેશ એવા સમયમાં વ્યાપેલી અશાંતિ અને અસંતોષનો લાભ ઉઠાવી માનવજાતિના જીવન પર અમુક વખત સુધી કબજો લેવાનો હોય છે. આ વસ્તુઓને આપણે આપણી આસપાસ પ્રભુત્વ ભોગવતી જોઈએ છીએ અને થોડે અંશે પણ સાચી ભાવનાવાળા થવાનો અને એ વડે સાચો ઉપાય વિકસાવવાનો પ્રયત્ન નજરે પડતો નથી. બહાર નીકળવાનો એક માર્ગ કે જેનો રાગ ભૌતિક વિજ્ઞાનની સિદ્ધિઓથી આલોકિત થયેલું તેમ જ અંધ બનેલું આધુનિક માનસ કાઢ્યા કરે છે તે છે યંત્ર દ્વારા ઉદ્ધારની પશ્ચિમની માનીતી રીત; યોગ્ય યંત્રને કામે લગાડી દો અને બધું કરી શકાશે, આધુનિક સંપ્રદાય આ હોય એમ દેખાય છે. પરંતુ માનવજાતિનાં ભાવિ કોઈ અમેરિકી કારખાના પર ફરમાઈશ મૂકવાથી ઉત્પન્ન નહિ થાય. આપણી સામે જે વસ્તુ એની મહત્ત્વપૂર્ણ સમસ્યા રજૂ કરે છે તે વધુ સૂક્ષ્મ છે, અને જો આપણે જે વસ્તુઓનો ઢંઢેરો પીટાવીએ છીએ તેની સાચી ભાવના હાજર નહિ હોય કે એને જૂઠી પાડવામાં આવતી હશે તો કોઈ પદ્ધતિ કે યંત્ર આપણે માટે પ્રત્યાશિત માલનું ઉત્પાદન કે વિતરણ નહિ કરી શકે. આ એક એવું સત્ય છે કે જેને વૈજ્ઞાનિક અને ઉદ્યોગપ્રધાન આધુનિક માનસ સર્વદા ભૂલી જાય છે, કારણ કે એ પ્રક્રિયા અને સામગ્રી અને ઉત્પાદન પર નજર રાખે છે અને માણસમાં રહેલી ભાવના અને એના સત્ત્વના અંતરતર કાનૂનની ઉપેક્ષા કરે છે.

યુદ્ધનો ઉચ્છેદ એ આ યુગના પ્રિય આદર્શો અને આશાઓમાંનો એક છે. પરંતુ આ ઇચ્છાના મૂળમાં શું પડયું છે? કોઈ હાર્દિક અને મહત્તર એકતા, સહાનુભૂતિ, મનુષ્યો અને રાષ્ટ્રો વચ્ચે સમજૂતી ? રાષ્ટ્રીય ધિક્કાર, લોભ, મહત્ત્વાકાંક્ષાઓ વગેરે સંઘર્ષ અને યુદ્ધનાં ફળરૂપ બીજોને દૂર કરવાનો સ્થિર સંકલ્પ ? એમ હોય તો આપણું ભલું છે અને આપણા પ્રયાસોને માથે સફળતાનો મુગટ મુકાશે. પરંતુ આ વધુ ઊંડી વસ્તુનું કંઈક ભલે ભાવનામાં હોય, પરંતુ હજુ કર્મમાં અને પ્રભાવી ઉદ્દેશમાં એમાંનું બહુ ઓછું છે. જનસમુદાય માટે તો મુખ્ય વિચાર હોય છે યુદ્ધના ઉપદ્રવ વગર આરામથી અને સલામતી મજૂરી કરવાનો, ઉત્પાદન કરવાનો અને સંચય કરવાનો; રાજ્યધુરીણો અને શાસક વર્ગોનો વિચાર હોય છે નવી અસંતુષ્ટ ભૂખોના વિક્ષેપાત્ક આવિર્ભાવ અને હિંસાત્મક ઉપદ્રવો, વિદ્રોહો, ક્રાન્તિઓનાં જોખમ વગર મોટાં, ખૂબ વ્યવસ્થિત થયેલાં સામ્રાજ્યિ અને ઔદ્યોગિક રાષ્ટ્રોને હાથે ભૂતકાળમાં મેળવેલી સંપત્તિનાં સંરક્ષણનો અને જગતના નિર્વિઘ્ન પ્રભુત્વ અને શોષણ માટે શાન્તિ અને સલામતીનો. એક વખત એમ માનવામાં આવતું હતું કે યુદ્ધ પોતે અશક્ય બની જવાથી પોતાનો અંત લાવશે, પરંતુ એ સુખદ અને સહેલું નિરાકરણ હવે શાખ વગરનું થઈ ગયું છે. પરંતુ હવે આશા રાખવામાં આવે છે કે વિજયી રાષ્ટ્રોનો સંઘ બાકીનાં રાષ્ટ્રોને–કેટલાંકને એમની મરજી હોય તો બીજાંને મરજી હોય કે ન હોય તો પણ–ગૌણ ભાગીદાર કે આશ્રિત તરીકે સાથે લઈને યુદ્ધને માંત્રિક કે યાંત્રિક રીતે નાબૂદ કરશે. (મંતર કે જંતર દ્વારા અસ્તિત્વમાંથી કાઢી નાખશે) આ ન્યાય્ય અને સુંદર વ્યવસ્થાના જાદુમાં, પ્રજાઓની બુદ્ધિ અને સદ્‌ભાવ સહિત એકત્રિત થયેલા રાજ્યધુરીણો અને સરકારોની બુદ્ધિ અને સદ્‌ભાવ હિતોને ભેગાં કરશે અને સ્થાન કરી આપશે, મુશ્કેલીઓને ઉકેલશે કે આંખ આડી કરશે, સ્વાભાવિક પરિણામોને—રાષ્ટ્રીય સ્વાર્થ અને આવેગોના અનિવાર્ય કર્મને વળોટી જશે, અને વર્તમાન અંધાધૂંધીમાંથી આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા, સલામતી, શાન્તિ અને સુખાકારીનું એક સુંદર અને આકર્ષક રીતે સુયંત્રિત જગત સર્જશે. ઘડિયાળને ચાલુ કરો, સર્વોચ્ચ માન્યતાઓની કે કદાચ શુભ આશયોના તમારા સિક્કાઓ યંત્રમાં નાખો અને બધું ઠીક થઈ જશે, આવો સિદ્ધાંત હોય એમ જણાય છે. પરંતુ ઘણી વાર નરકની ફરસબંધી આવી ઉત્તમ ઘોષણાઓ અને ચલણી આશાઓથી થાય છે, અને કારણ એ છે કે પ્રકૃતિમાં એક આશાજનક તત્ત્વરૂપે માણસની વધુ સારી તર્કશકિત અને સંકલ્પશકિત હોય છતાં એ વસ્તુઓ સમસ્ત પ્રકૃતિ અને અસ્તિત્વ તો નથી જ અને કોઈ રીતે આપણી માનવપ્રકૃતિની સમગ્રતા પણ નથી. આપણી અંદર અને જગતમાં બીજી બહુ મોટી વસ્તુઓ છે અને જો આપણે એમની સાથે હાથચાલાકી કરીશું કે એમને પ્રવેશ આપવા બુદ્ધિ અને ભાવનાનાં આ મહોરાં

પહેરાવીશું જેની આપણને બધાંને કમનસીબે ટેવ છે તે પ્રમાણે અને રાજકારણનો જે હજુ મોટો ભાગ છે—તો પરિણામો પણ પહેલેથી નિયત થયેલાં છે. યુદ્ધ અને હિંસાત્મક ક્રાન્તિ દૂર થઈ શકે, જો આપણે ધારીએ તો, ભારે મુશ્કેલી વગર તો નહિ પરંતુ એ શરતે કે આપણે યુદ્ધનાં આંતરિક કારણોને, અને સતત વધારવામાં આવતા સફળ અન્યાયના એ કર્મને દૂર કરીએ કે જેની નૈસર્ગિક પ્રતિક્રિયાઓ છે હિંસાત્મક ક્રાન્તિઓ. નહિ તો બહુ તો કૃત્રિમ શાન્તિનો એક ભ્રાન્તિજનક કાળ આવે, ભૂતકાળમાં જે હતું તેનું જ વાવેતર વર્તમાનમાં થશે અને ભવિષ્યમાં આપણી ઉપર એ જ પાછું આવશે.

માણસનું સમજદાર મન કે એનો ઉત્તમ બૌદ્ધિક વિવેક અને એનું વિજ્ઞાન એ કંઈ આપણા ભાવિના અનન્ય વિધાતાઓ નથી. સદ્‌ભાગ્યે, વસ્તુઓના સંયોજન માટે એક વધુ મહાન અને અદૃશ્ય શકિત, એક વૈશ્વસંકલ્પ કે જો તમને એમ ગમે તો એક વૈશ્વ-શકિત કે કાનૂન છે કે જે આપણને ન કેવળ વિચાર અને પ્રયાસ માટેનું માળખું અને સંયોગો પૂરા પાડે છે પરંતુ એમના વડે અને સંયોગોના પરિણામ રૂપે, જે વસ્તુ છે તેમાંથી જે વસ્તુ થવાની છે તેનો વિકાસ કરે છે. અને આ શકિત આપણી સાથે આપણા તર્ક, આપણી સમજમાં આવતાં સત્ય કે કલ્પનો પ્રમાણે વ્યવહાર નથી કરતી પરંતુ માણસ શું છે અને એ શું કરે છે એની સાચી ભાવના અને સાચા અર્થ અનુસાર વર્તે છે. ભગવાન છેતરવાના નથી એમ શાસ્ત્ર કહે છે. અર્વાચીન માનસ ભગવાનમાં માનતું નથી, પરંતુ એ કુદરતમાં, પ્રકૃતિમાં માને છે : કિંતુ પ્રકૃતિ પણ છેતરાતી નથી; એ એના કાનૂનનો અમલ બજાવે છે, એ હમેશાં વસ્તુ જેવી ખરેખર હોય છે તેમાંથી અને આપણે કર્મમાં જે શકિત ઉતારીએ છીએ તેની સાચી ભાવના અને ગુણમાંથી એનાં ફળ પેદા કરી લે છે. અને ખાસ કરીને આ એવો યુગ છે કે જેમાં માનવજાતિની પૂરી પરીક્ષા થઈ રહી છે. એમાં જે આશાઓ, આદર્શો, અભીપ્સાઓ વ્યાપક બની છે તે પોતે આપણને પૂછવામાં આવેલા માત્ર આપણી બુદ્ધિને નહિ પરંતુ આપણા સત્ત્વની અને કર્મની ખરી ભાવનાને પૂછવામાં આવેલા એવા ઘણા અઘરા અને ગર્ભિત પ્રશ્નો છે. આ ભાગ્યવિધાયક પરીક્ષણમાં કુનેહ અને હોશિયારી, યાંત્રિકતા અને વ્યવસ્થા નહિ—એ તો જર્મનીની માન્યતા હતી અને આપણે જાણીએ છીએ કે એનું શું પરિણામ આવ્યું,—પરંતુ આપણા જીવનનું સત્ અને ભાવનાની સચ્ચાઈ અંતે જીતશે. માણસ માટે એના આદર્શોને સિદ્ધ કરવાનું કામ અશકય નથી કે જેથી એ એથીયે વધુ મહાન અને સ્વપ્નમાં પણ નહિ જોયેલી વસ્તુઓ પ્રત્યે આગળ વધે, પરંતુ એ શરતે કે એ એમને સંપૂર્ણ રીતે એક આંતિરક વાસ્તવિકતા બનાવી લે એટલા માટે કે પરિણામે એ

બાહ્ય વાસ્તવિકતા પણ બની જાય. પુનર્વિધાનનો આ યુગ જે પરિવર્તનોની આગાહી કરે છે તે જરૂર આવશે, પરંતુ માનવજાતિ માટે જે લાભ એ પરિવર્તનો લાવશે તેનો આધાર એમની સિદ્ધિના કાળમાં આપણી જે ભાવના હશે તે પર રહેશે.

આ જમાનામાં આપણે અજ્ઞાનનું બહાનું નહિ કાઢી શકીએ કારણ કે આપણી સામે પૂર્ણ રીતે સ્પષ્ટ આદર્શો અને શરતો છે. સ્વતંત્રતા અને એકતા, સહકાર અને સાથીદારી અને બને તો ભ્રાતૃત્વ દ્વારા એકત્રિત થયેલા જીવનના ચોકઠામાં મનુષ્યોનો અને રાષ્ટ્રોનો આત્મ-નિર્ણય, માનવજાતિના સર્વસામાન્ય ધ્યેયો અને હિતોના નિકટ આંતરસંબંધનો સ્વીકાર, માનવજીવનનું વર્ધમાન ઐક્ય કે જેમાં આપણે માટે જેનો હક્ક કરીએ તેનો બીજાને માટે ઇનકાર ન કરી શકીએ,— આ વસ્તુઓનો આપણને સ્પષ્ટ ખ્યાલ આવ્યો છે. માનવ-માનસમાં એનો સ્વીકાર છે પરંતુ હજુ એને અમલમાં મૂકવાનો કોઈ સ્થિર સંકલ્પ નથી. શબ્દો અને ઘોષણાઓ જાતે ઘણી સારી વસ્તુઓ છે અને આપણે એમને યોગ્ય માન આપીશું; પરંતુ અત્યારે વાસ્તવિકતાઓ વધુ શક્તિમાન છે અને એમનાં પરિણામ જરૂર આવશે, પરંતુ એમને યોગ્ય પરિણામ અને નહિ કે આપણા અહંભાવે ધાર્યાં હોય તે. આત્મ-નિર્ણયનો સિદ્ધાંત પોતે કોઈ ભ્રમણા નથી, એ એવો બને જો આપણે એને એવો બનાવવાનું પસંદ કરીએ તો. આપણે અસ્તિત્વમાં લાવવા ઇચ્છીએ છીએ તેવી જગતની વધુ સારી વ્યવસ્થાની એ શરત છે, અને પહેલી જ તકે એને જળસમાધિ દેવી તે એવા મહાન અને મુશ્કેલ પ્રયાસ માટે એક નિરાશાપ્રદ આરંભ ગણાય. આત્મ-નિર્ણય પોતે એકલો ઊભો રહી શકે તેવો અને અનુસરવા યોગ્ય એકમાત્ર નિયમ બની શકે તેવો સિદ્ધાંત નથી; કોઈ સિદ્ધાંત એ રીતે અટુલો અને જીવનની ગૂંચવાયેલી જાળમાં એકલો અધિકાર ભોગવી શકે નહિ, આપણે જો એની સાથે એ પ્રકારનો વ્યવહાર રાખીએ તો એના અર્થમાં અનર્થ પેસી જાય છે અને એની ગુણવત્તા બહુધા ખોવાઈ જાય છે. વધુમાં, વ્યક્તિના આત્મ-નિર્ણયે એક સર્વસામાન્ય આત્મ-નિર્ણય સાથે સંવાદી બનવું જોઈએ, સ્વાતંત્ર્યે એકતાના ચોકઠામાં રહીને ચાલવું પડે છે કે કોઈ એક સ્વૈચ્છિક ઐક્યના સાક્ષાત્કાર પ્રત્યે અને અવસરવાદી વ્યવહારુ માણસ અને ભૂત અને વર્તમાનના સંયોગોથી આગળ જોવામાં કષ્ટ અનુભવે એવાં સર્વ માણસો સામે કબૂલ કરી દેવું જોઈએ કે ઘણા સંયોગો એવા હોય છે જેમાં સિદ્ધાંતનો એકદમ અને સંપૂર્ણ રીતે અમલ કરવાના માર્ગમાં મોટી મુશ્કેલીઓ નડે છે. પરંતુ જ્યારે કોઈ મોટી પ્રકાશપૂર્ણ ઘડીઓ આ પ્રકારના સિદ્ધાંતનો, કેવળ એક આદર્શ રૂપે નહિ પરંતુ આપણે જે ધ્યેય રાખતા હોઈએ તેની સ્પષ્ટ શરત રૂપે સ્વીકાર કરવામાં આવે

છે ત્યારે સમસ્યાના ઉકેલ માટેના આવશ્યક અંગ તરીકે એને સ્વીકારવો જોઈએ, અડચણોનો સાચા દીલથી અને વિચારપૂર્વક સામનો કરવો જોઈએ અને કોઈ એક એવો માર્ગ શોધી કાઢવો જોઈએ જેનાથી કોઈ બહાનાં, વાગ્છળ કે અનાવશ્યક વિલંબ વગર એ સિદ્ધાન્તોનો વિકાસ થઈ શકે અને સમસ્યાના નિરાકરણમાં એને યોગ્ય સ્થાન આપી શકાય. પરંતુ એથી તદ્દન ઊલટી રીત જગતની સરકારોએ અખત્યાર કરી છે અને જગતની પ્રજાઓએ માની લીધી છે. પરિણામે બધું જૂને માર્ગે નવા નામ નીચે કે થોડા અચકાતા ફેરફાર અને પદ્ધતિના આંશિક સુધારા સાથે ચાલુ રહ્યું છે.

રાષ્ટ્ર-સંઘનું થાગડથીગડ બંધારણ અને ખોડંગતી કારવાઈ આ પુરાણી તોડજોડનું પરિણામ છે. રાષ્ટ્ર-સંઘને એની શરૂઆત કરવાના વિચાર પાછળ રહેલા સિદ્ધાંતોનો ત્યાગ કરીને હસ્તીમાં લાવવામાં આવ્યો છે. એક વસ્તુ સંપન્ન થઈ છે, એક વૈધિક, નિયમબદ્ધ અને સ્થાપિત સાધન કે જેના દ્વારા આગેવાન રાષ્ટ્રોની સરકારોને પરસ્પર મળવાની ટેવ પડે, વિચારવિનિમય કરી શકે, એમનાં હિતોને પોતપોતાનું સ્થાન આપી શકે, નાનાં સ્વતંત્ર રાષ્ટ્રોના અવાજ અને દાવાઓ પર અમુક હદ સુધી વિચાર કરી શકે, અમુક સર્વમાન્ય કે વિરોધી હિતોનો કોઈ સ્વીકૃત સમજૂતી પ્રમાણે વહીવટ કરી શકે, ભયંકર વિદ્રોહો અને સંઘર્ષોને રોકે કે આવી પડે તો એમની અસર ઓછી કરે, જે રાષ્ટ્રો સ્વતંત્ર નથી અને કોઈ વિજયી સામ્રાજ્યના તાબામાં નથી તેમના જીવન ઉપર બજારો, વસાહતો અને આશ્રિત પ્રદેશો માટેની ઝૂંટાઝૂંટની ધક્કામુક્કીને બદલે રાષ્ટ્ર-સંઘના પ્રદેશના બુરખા નીચે શાસન કરે. આ ઉદ્દેશો માટે પણ એ યંત્ર કોઈ નોંધપાત્ર ક્ષમતા સાથે કામ કરતું હોય એમ દેખાતું નથી, પરંતુ એમ કહી શકાય કે એ કામ કરતું થઈ શક્યું છે એ પણ કમમાં કમ કંઈક તો છે. કંઈ નહિ તો એ એક સિદ્ધ થયેલી ઘટના છે કે જેને ઉત્સાહ વિના—કારણ કે એને એ યોગ્ય નથી—પરંતુ વ્યવહારમાં ચૂપકીથી કે પરાણે સ્વીકારવી પડશે. એટલે ખાસ કરીને એના બંધારણમાં રહેલી અપૂર્ણતાઓ અને એવી પ્રવૃત્તિમાં રહેલાં કે ચલાવી લેવાતાં અશુભો અને જોખમોને પડદા પાછળ નહિ પરંતુ પૂરા પ્રકાશમાં રાખવાં જોઈએ કે જેથી અપૂર્ણતાઓને પારખી લેવાય અને સુધારી શકાય તથા ઉપર ઝઝૂમતાં અશુભો અને જોખમોની અતિશયતાને ટાળી શકાય. અને એથી યે વધારે એ કારણથી કે જે આદર્શોની ઉપેક્ષા કરવામાં આવી છે અથવા તો જેમને વ્યવહારમાં કેવળ શાબ્દિક રૂપે રાખવામાં આવ્યા છે તે પોતાનું સમર્થન કરતા રહે અને વર્તમાનમાં વંચિત થયેલા હોવા છતાં એમના દાવાને કાયમ રાખવા એમનો અવાજ ઉઠાવે.

કારણ કે આ આદર્શો ઊભા છે અને માણસની એ ચેતનાના મહત્તર

ઉદ્દેશોનું પ્રતિનિધિત્વ કરે છે કે જે મનુષ્યની વર્તમાન અપૂર્ણ પ્રકૃતિના બધા નિષેધ, અંતરાય અને ઊણપો છતાં જે પૂર્ણતા પ્રત્યે એ જોઈ રહ્યો છે અને જે મહત્તાનું એનામાં સામર્થ્ય છે તેનું સર્વદા જ્ઞાન ધરાવે છે. સંયોગો અને શક્તિ અને બાહ્ય આવશ્યકતા અને અતીત પ્રકૃતિ આપણે માટે બહુ બળવાન હોય, રુદ્રશક્તિઓ હજુ આપણી ભવિતવ્યતાઓનું સંચાલન કરતી હોય અને સત્ય તથા ન્યાયના દેવો અને પ્રેમના દેવોને એમના રાજ્ય માટે હજુ રાહ જોવાની હોય તો પણ જો આદર્શની જ્યોતિને એના જ્ઞાનના અને એની શક્તિના તેજમાં પ્રજ્વલિત રાખવામાં આવશે તો તે આ વસ્તુઓને પકડી લેશે અને એમના અશુભમાંથી એના મહત્તર અને અપ્રતિહાર્ય શુભનું સર્જન કરશે. અત્યારે એ કેવળ એક વિચારરૂપ અને જીવતી વાસ્તવતા બનવા માટે અશક્તિ એવા શબ્દરૂપ દેખાય, પરંતુ તે સૃષ્ટિના અધિષ્ઠાતા આત્મામાં જે ગૂઢ હતું તેનો આવિષ્કાર કરનાર વિચાર અને શબ્દ છે. સમય આવશે કે જ્યારે તે ક્રિયાક્ષમ શક્તિને હાથમાં લઈ શકશે અને તેને એક મહત્તર અને સુંદરતર સર્જનના સાધનના રૂપમાં ફેરવી નાખશે. એ સમય પાસે છે કે દૂર એનો આધાર માણસ જે ઉત્તમ તત્ત્વનું દર્શન કરે છે તેને એનું મન અને સંકલ્પ કેટલાં વફાદાર રહે છે તે ઉપર અને એને સહન કરવા પડતા સંયોગો અને વાપરવા પડતા યંત્રથી વિક્ષુબ્ધ થયા વિના એ તત્ત્વના સત્યને પોતાની અંદર જીવી લેવાના એના એવા સભાન આગ્રહ ઉપર છે કે જેથી એની આજુબાજુનું વાતાવરણ એ તત્ત્વનો સ્વીકાર કરે અને એનું બાહ્ય જીવન એ તત્ત્વના આકારનું થાય.

# યુદ્ધની સમાપ્તિ ?

માનવજાતિની પ્રગતિ, જાતિની સંકલ્પશકિત, કલ્પનાઓની શ્રેણીઓ અને ભ્રમણાઓની પરંપરાઓ, કે જે દરેકમાં કોઈ અનિવાર્ય સત્ય હોય છે તેમને સિદ્ધ વાસ્તવિકતાઓ ફેરવી નાખતાં નાખતાં આગળ વધે છે. આપણે માટે આપણા વ્યવહારોનું સંચાલન કરનાર ગૂઢ સંકલ્પ અને જ્ઞાનમાં સત્ય છે અને તે માનવજાતિના ચૈત્યાત્મામાં પોતાનું પ્રતિબિંબ પાડે છે; ભ્રમણા છે આપણે એ પ્રતિબિંબને જે આકાર આપીએ છીએ તેમાં, માનવબુદ્ધિ રૂપ જ્ઞાનની એ વંચક ઈન્દ્રિય કાળ, દેશ અને સંયોગનો, સત્યના મુખ પર જે પોતાને ગમતો સજજડ પડદો ગૂંથી દે છે તેમાં. માનવીય કલ્પનાઓ ઘણી વાર શબ્દશઃ સાચી પડે છે; એથી વિરુદ્ધ આપણી ભ્રમણાઓ એમની પાછળ રહેલા સત્યને અણધારી રીતે, આપણે એમને માટે નક્કી કર્યા હોય તેથી તદ્દન જુદે સમયે, જુદે માર્ગે અને જુદા સંયોગોમાં સિદ્ધ થતું જુએ છે.

માનવીય ભ્રમણાઓ બધી જાતની અને પ્રકારની હોય છે, એમાંની કેટલીક ક્ષુદ્ર હોય છે પરંતુ નિરર્થક નહિ,– કારણ કે જગતમાં કશું નિરર્થક નથી,— અને બીજી વિશાળ અને ભવ્ય હોય છે. એમાં સૌથી મહાન છે એ કે જે એક પૂર્ણીકૃત સમાજ, પૂર્ણીભૂત જાતિ, એક પાર્થિવ, સુવર્ણયુગની આશાની આસપાસ ભેગી થઈ છે. પ્રત્યેક નવો ધાર્મિક કે સામાજિક વિચાર કે યુગ પર અધિકાર પ્રાપ્ત કરી જનસમુદાયના મોટા ભાગને હાથમાં લે છે તે એક પછી એક આ ઉચ્ચ સિદ્ધિઓનું સાધન (કરણ) બને છે; એ દરેક વારાફરતી જે આશાએ એને વિજયી બનવાની શકિત આપી હોય છે તેને જ બેવફા નીવડે છે, અને, જોવા માગે તેને માટે કારણ સ્પષ્ટ છે કે વિચારોનું કોઈ પરિવર્તન, જીવન સંબંધી બૌદ્ધિક દૃષ્ટિકોણમાં કોઈ ફેરફાર, ભગવાન કે અવતાર કે પેગંબરમાં કોઈ માન્યતા, કોઈ સફળ વિજ્ઞાન કે મુકિતપ્રદ તત્ત્વજ્ઞાન, કોઈ સામાજિક યોજના કે વ્યવસ્થા, કોઈ બાહ્ય કે આંતરિક યંત્રનો પ્રકાર માનવજાતિમાં રોપાયેલી એ મહાન ઈચ્છાને પૂરી કરી શકે એમ છે, જો કે એ ઈચ્છા સ્વયં સાચી છે અને આપણને જે દિશામાં દોરી જવામાં આવે

છે તેની સૂચક છે. કારણ કે માણસ પોતે કોઈ યંત્ર નથી, કોઈ યુકિત નથી પરંતુ એક સત્ત્વ છે અને એક બહુ સંકીર્ણ સત્ત્વ છે, એટલે એને કોઈ યાંત્રિકતાથી બચાવી નહિ શકાય; કેવળ એના સત્ત્વનાં સર્વ અંગોને અસર કરે એવા સમગ્ર પરિવર્તન દ્વારા એને એના વિરોધો અને અપૂર્ણતાઓમાંથી મુકત કરી શકાશે.

આ મહાન આશાની આનુષંગિક ભ્રમણાઓમાંની એક છે યુદ્ધોના (અંતિમ નાશની) અંતની અપેક્ષા. માનવપ્રગતિમાં આ મહાન પ્રસંગની હમેશાં વિશ્વાસ સાથે આશા રાખવામાં આવી છે અને હવે આપણે બધા વૈજ્ઞાનિક માનસવાળા અને બુદ્ધિ-પ્રધાન સત્ત્વો બની ગયા છીએ એટલે ભગવાનના હસ્તક્ષેપ દ્વારા એની આશા નથી રાખતા પરંતુ આપણામાં રહેલા એ વિશ્વાસ મજબૂત ભૌતિક અને આર્થિક કારણો આપીએ છીએ. આ નવી માન્યતાએ લીધેલું પહેલું રૂપ હતું એવી અપેક્ષા અને આગાહીનું કે વેપારનો વિસ્તાર યુદ્ધ માત્રનો અંત લાવશે,—એમ કે વેપારવાદ લશ્કરવાદનો શત્રુ છે અને પૃથ્વીના પટ પરથી એને દૂર કરશે, સોનાની વધતી જતી અને વ્યાપક લાલસા, અને વધુ ઉત્પાદન અને વિનિમયની આવશ્યકતાઓ સત્તા, પ્રભુત્વ, કીર્તિ અને સંગ્રામની લાલસાને કચરી નાખશે. સોનાની ભૂખ કે માલની ભૂખ જમીનની ભૂખને હાંકી કાઢશે, વૈશ્યનો ધર્મ ક્ષત્રિયના ધર્મ પગ મૂકશે અને એને એની ફ્રૂટરહિત ચિરશાન્તિ આપશે. પરંતુ દેવોનો વ્યંગાત્મક ઉત્તર આવતાં વાર નથી લાગી. હકીકત એ છે કે આ વેપાર-વાદનું રાજ્ય પોતે, આ ઉત્પાદન અને વિનિમયની વૃદ્ધિ, આ માલ અને બજારોની લોલુપતા અને અનાવશ્યક જરૂરિયાતોના આ રાક્ષસી બોજાનો સંગ્રહ પોતે માનવજાતિ પર ત્યાર બાદ આવી પડેલાં અર્ધાંથી વધુ યુદ્ધો માટે જવાબદાર છે. અને હવે આપણે લશ્કરવાદ અને વેપારવાદને એક પ્રેમાલિંગનમાં સંયુકત બનેલા જોઈએ છીએ, રાષ્ટ્ર-જીવન અને દેશપ્રેમની અભિલાષાના પવિત્ર દ્વૈતાદ્વૈત—દ્વિત્વમાં સંશ્લિષ્ટ થયેલા અને એમની શકિત દ્વારા અર્વાચીન યુગનાં અને ખરેખર ઐતિહાસિક યુગનાં યુદ્ધોમાંના સૌથી બુદ્ધિહીન, સૌથી રાક્ષસી અને લગભગ પ્રલયકારી યુદ્ધને પેદા કરતા અને આગળ વધારતા જોઈએ છીએ.

બીજી એક ભ્રમણા હતી કે લોકશાહીના વિકાસનો અર્થ છે શાન્તિવાદનો વિકાસ અને યુદ્ધનો અંત. લાડકોડ સાથે એમ માનવામાં આવતું હતું કે યુદ્ધો એમની પ્રકૃતિએ વંશગત અને ભાદ્રલૌકિક વસ્તુઓ છે; જમીન અને યુદ્ધની ભૂખથી પીડાતા લોભી રાજાઓ અને યુદ્ધલોલુપ સામંતો, મનુષ્યોનાં જીવન અને રાષ્ટ્રોનાં ભાગ્ય સાથે શતરંજ ખેલતા રાજનીતિજ્ઞો, આ હતાં યુદ્ધનાં ગુનેગાર કારણ કે જે દુર્ભાગી માનવજાતિને કતલખાનામાં ધકેલાતાં ઘેટાંની પેઠે યુદ્ધ-ક્ષેત્રમાં હાંકી જાય છે, આ નિષ્ક્રિયનો, દારૂગોળાનાં લક્ષ્ય, સશસ્ત્ર સંગ્રામ માટે

જેને કોઈ રસ કે કોઈ ઇચ્છા નથી તે એકબીજાને અને સમસ્ત જગતને ભેટે, એક મુક્ત અને ભ્રાતૃભાવની મૈત્રીમાં ગળે લગાવે તે માટે એ ભણે અને એ સત્તા પર આવે એટલી જ જરૂર હતી. માણસ એ ઇતિહાસમાંથી શીખવાની ના પાડે છે કે જેના પાઠ પંડિતો આપણને સંભળાવ્યા કરે છે, નહિ તો જૂની લોકશાહીઓની કથા આ ભ્રાન્તિને અટકાવી શકે એમ હતી. ગમેતેમ, પરંતુ દેવોનો ઉત્તર અહીં પણ પર્યાપ્તરીતે વ્યંગપૂર્ણ છે. જો રાજાઓ રાજનીતિજ્ઞો હજુ ઘણી વાર યુદ્ધોનું સંચાલન (ની શરૂઆત) કરે છે તો એમના ઉત્સાહી અને ધાંધલીઆ સહ-અપરાધી થવા અર્વાચીન લોકસમુદાય કરતાં વધુ તત્પર અન્ય કોઈ હોતું નથી, અને આપણે એ નવું દૃશ્ય પણ જોઈએ છીએ કે જેમાં સરકારો અને રાજનીતિજ્ઞો યુદ્ધની કરાળ અને કોલાહલપૂર્ણ ખીણની ધાર પર ભય અને સંશયથી અચકાતા હોય છે જ્યારે ક્રોધાન્વિત અને ચીલ્લાતા લોકો એમને આગળ ધકેલતા હોય છે. વિહ્વળ શાન્તિવાદીઓ જે હજુ એમના સિદ્ધાન્તો અને ભ્રાન્તિઓને વળગી રહ્યા હોય છે તે પોતાને લોકોને હાથે — અને વધુ રસપ્રદ વાત તો એ છે કે એમના આજ સુધીના સાથીદારો અને નેતાઓને નીચે પછડાતા જુએ છે, ગઈ કાલનો સમાજવાદી, શ્રમસંઘવાદી, આંતરરાષ્ટ્રવાદી એ અન્યોન્ય મહારસંહારમાં ઝંડાધારી બની આગળ થાય છે અને યુદ્ધના શ્વાનોને ઉત્તેજિત કરવામાં એનો અવાજ સૌથી ઊંચો હોય છે.

બીજી આધુનિક ભ્રાન્તિ હતી વિવાચનનાં ન્યાયાલયો અને યુરોપનાં સંહતિ-મંડળોની યુદ્ધને રોકવાની શકિત વિષે. એમાં પણ બનાવોએ જે માર્ગ લીધો તે પૂરતો વ્યંગપૂર્ણ હતો; કારણ કે આંતરરાષ્ટ્રીય વિવાચનના મોટા ન્યાયાલયની સ્થાપનાને પગલે પગલે નાનાં અને મોટાં યુદ્ધોનું એવું લંગર આવ્યું કે જે અપ્રતિહત રીતે સાંકળની કડી પછી કડીની પેઠે જેનો લાંબા વખતથી ભય સેવાતો હતો તેવા યુરોપીય સંઘર્ષમાં દોરી ગયું અને જે સમ્રાટે એ ન્યાયાલયની પહેલી કલ્પના કરી હતી તેણે જ એવા યુદ્ધમાં પહેલી તલવાર તાણી કે જેમાં બન્ને પક્ષ અતિ અન્યાયી લોભ અને આક્રમણની ભાવનાથી પ્રેરાયા હતા. ખરું જોતાં યુદ્ધોની આ પરંપરા ઉપર, એ ઉત્તર કે દક્ષિણ આફ્રિકામાં, મન્ચુરીઆ કે બાલ્કન દેશોમાં કે બીજે ગમે ત્યાં લડવામાં આવી તોપણ, બહુ સ્પષ્ટ રીતે એ ભાવનાની છાપ હતી કે જે બેશરમ રીતે નૈસર્ગિક અને સ્થાપિત અધિકારોના વિચારની તેમજ કાનૂન અને સામનીતિના સમતુલન કે જેની ઉપર વિવાચનની પદ્ધતિ સ્થાપી શકાય તેની ઉપેક્ષા કરે છે. અને યુરોપીય એકરાગ તો હવે આપણને બહુ દૂર ગયેલી જણાય છે, લગભગ પ્રલય પહેલાંની એની પ્રાચીનતામાં ઊતરી ગયો હોય તેમ, જેવો એ પ્રલય પહેલાંના યુગનો ખરેખર છે; પરંતુ આપણે બરાબર યાદ રાખી શકીએ કે એ કેવો બેરાગ અને બેતાલ હતો, કેવો

ફાંફાં અને ગોથાંની પરંપરા જેવો હતો અને એની રાજનીતિ આપણને કેવી ઘાતક રીતે એ અનિવાર્ય ઘટનામાં દોરી ગયો કે જેને એને ટાળવા મથતો હતો. હવે ઘણા માણસો સૂચવે છે એ નિષ્ક્રિય એકરાગને સ્થાને યુરોપનાં સંયુકત-રાજયોની સ્થાપના અને બીચારા નિ:સહાય હેગ અધિકરણને સ્થાને ચુકાદાના અમલ માટે પીઠબળ સાથેનું આંતરરાષ્ટ્રીય કાનૂનનું ન્યાયાલય, પરંતુ જ્યાં સુધી માણસો આવી યાંત્રિક યોજનાઓમાં શ્રદ્ધા રાખ્યા કરશે ત્યાં સુધી એ શકય નથી કે દેવો પણ એમની અભ્યસ્ત વક્રતાનો ત્યાગ કરે.

બીજા વિચાર અને તર્ક પણ થયા છે; ચતુર માણસો શ્રદ્ધા માટે કોઈ એક વધુ દૃઢ અને યુકિતયુકત ભૂમિકા શોધી રહ્યા છે. એમાંની પહેલી પુસ્તક રૂપે એક રૂશીઅન લેખકે રજૂ કરી હતી જેને એના પ્રકાશનને વખતે બહુ સફળતા મળી હતી પરંતુ હવે મૌનમાં જતી રહી છે. વિજ્ઞાન યુદ્ધનો અંત લાવવાનું હતું, એને ભૌતિક રીતે અશકય બનાવી દઈને. ગાણિતીય રીતે એ પુસ્તકમાં એમ પુરવાર કરવામાં આવ્યું હતું કે આધુનિક શસ્ત્રો સાથે બે સમાન સૈન્યો લડાઈમાં એકબીજાને સ્થગિત કરી દેશે, રક્ષણ કરતા સૈન્યની સંખ્યા કરતાં ત્રણ ગણી સંખ્યા વિના આક્રમણ અશકય બની જશે અને એ રીતે યુદ્ધ કોઈ સાંગ્રામિક નિર્ણય નહિ લાવી શકે પરંતુ કેવળ રાષ્ટ્રોના વ્યવસ્થિત જીવનમાં નિરર્થક ઉત્પાત અને વિક્ષોભ લાવશે. જ્યારે રૂસ્સો-જાપાનીઝ યુદ્ધે તરત જ પુરવાર કર્યું કે આક્રમણ અને જીત હજુ શકય છે અને માનવીનો સાંગ્રામિક રોષ મરણોત્પાદક (મૃત્યુ દાયક) યંત્રોના રોષ કરતાં વધુ જોરદાર છે ત્યારે બીજું એક પુસ્તક બહાર પડ્યું—એવા નામ નીચે કે જે લેખક સામે હવે મખોલનો વિષય થઈ પડ્યું છે—'મહાભ્રમ', એમ પુરવાર કરવા કે યુદ્ધ અને વિજયથી મેળવવાના વ્યાપારિક લાભનો ખ્યાલ એક ભ્રમ છે અને એ વસ્તુ સમજાશે અને શાન્ત વિનિમયના લાભની ખાત્રી થશે કે તરત પ્રજાઓ વ્યાપારવિસ્તારના ઉદ્દેશોથી અત્યારે મુખ્યત્વે સ્વીકારતા ફેંસલાનો એ સાંગ્રામિક માર્ગ છોડી દેશે કે જેમનાં ખતરનાક પરિણામ જે વ્યાપારિક સફળતા માટે એ માર્ગ લેવામાં હતો તેને જ ઘાતક રીતે અસ્તવ્યસ્ત કરી નાખે છે. વર્તમાન યુદ્ધ આ ડહાપણભર્યા અને બુદ્ધિયુકત પ્રસ્તાવ સામે દેવોના ઉત્તર રૂપે આવ્યું. એ વિજય અને વ્યાપારિક વિસ્તાર માટે લડવામાં આવે છે અને એ રણક્ષેત્રમાં લડાઈ રહ્યું છે ત્યારે પણ, એ પૂરું થાય કે તરત વ્યાપારિક સંઘર્ષ શરૂ થવો જોઈએ એમ કહેવામાં આવે છે.

જે માણસોએ એ પુસ્તકો લખ્યાં તે શકિતશાળી વિચારકો હતા, પરંતુ તેમણે એક મહત્ત્વની વસ્તુની, મનુષ્ય સ્વભાવની ઉપેક્ષા કરી હતી. વર્તમાન યુદ્ધે રૂશિયન લેખકને અમુક અંશે, જોકે એણે નહિ ધારેલા વિકાસથી, સાચો ફેરવ્યો છે; વૈજ્ઞાનિક યુદ્ધે સૈનિક કારવાઈને સ્થગિત કરી દીધી છે અને યુદ્ધ-

નીતિજ્ઞો અને વ્યૂહપંડિતોને મૂંઝવી નાખ્યા છે. એણે અભિભાવક સંખ્યાબળ કે તોપખાનાના ઉપપ્લાવી મારા સિવાય નિર્ણાયક વિજયને અશકય બનાવી દીધો છે. પરંતુ આથી યુદ્ધ અશકય બની ગયું નથી, એણે માત્ર એની લાક્ષણિકતા બદલી છે; બહુ તો એથી સાંગ્રામિક નિર્ણય માટેના યુદ્ધનું સ્થાન દુર્ભીક્ષના શસ્ત્રની સહાયવાળી સામરિક અને આર્થિક પરિકલાન્તિએ લીધું છે. બીજી બાજુએ અંગ્રેજ લેખકે આર્થિક ઉદ્દેશને વજુદવાળા એકલા ઉદ્દેશ તરીકે જુદો પાડવાની ભૂલ કરી; તેણે માનવીના એ સત્તાલોભની ઉપેક્ષા કરી કે જે વ્યાપારવાદમાં બજારોના નિર્વિવાદ અંકુશ અને અસહાય પ્રજાઓના શોષણનું રૂપ લે છે. વળી, જ્યારે આપણે યુદ્ધને અટકાવવા, એ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જીવનવ્યવસ્થાને અસ્તવ્યસ્ત કરી નાખે છે એ કારણ રજૂ કરીએ છીએ, ત્યારે આપણે માણસ જે સ્વાનુકુલનની અસીમ શકિત ધરાવે છે તેની અવગણના કરતા હોઈએ છીએ; એ શકિત, વર્તમાન કટોકટીમાં, શાન્તિકાળની વ્યવસ્થા અને નાણાંકીય સંપત્તિને યુદ્ધવ્યવસ્થા અને યુદ્ધોપયોગી સામગ્રીમાં જે દક્ષતા અને સરળતાથી ફેરવી દેવામાં આવી તેમાં પૂરતી અસરકારક રીતે દેખાઈ આવી હતી. અને જ્યારે આપણે યુદ્ધને અશકય બનાવી દેવા માટે વિજ્ઞાન પર વિશ્વાસ રાખીએ છીએ ત્યારે ભૂલી જઈએ છીએ કે વિજ્ઞાનની પ્રગતિ તો એક ચમત્કાર પરંપરા છે અને અશકયતાઓને અભિભૂત કરીને આપણા વિચારો, કામનાઓ અને વૃત્તિઓને સંતોષવાનાં નવાં સાધનો શોધવાનો માનવ-વિચક્ષણતાનો એક નિરંતર પ્રયાસ છે અને ઘણો સંભવ છે કે વિજ્ઞાન ગોળા અને કારતૂસ, સુરંગો અને સામરિક-નૌકાઓના આધુનિક યુદ્ધને અશકય બનાવે અને છતાં બીજાં અને વધુ સાદાં એવાં હથિયારોનો વિકાસ કરે કે એમને સ્થાને લાવે કે જે યુદ્ધની પુરાણી પદ્ધતિને પાછી લાવે.

જયાં સુધી યુદ્ધ માનસિક રીતે પણ અશકય નહિ બની જાય ત્યાં સુધી એ રહેશે અથવા તો થોડો વખત નિષ્કાસિત થઈને પાછું આવશે. એમ માનવામાં આવે છે કે યુદ્ધ યુદ્ધનો નાશ કરશે; એ વ્યય, એ ભીષણતા, એ હત્યાકાણ્ડ, શાન્તિમય જીવનની એ ઊથલપાથલ, એ વસ્તુની આખી સંકુલ અને લોહીતરસી ઉન્મત્તતા એવી અતિકાય બની છે કે બની જશે કે જેથી માનવજાતિ થાકીને અને અકળાઈને એ રાક્ષસિતાને ફેંકી દેશે, પરંતુ કલાન્તિ અને ઘૃણા, ભીષણતા અને દયા, માનવી જીવન અને શકિતનો વ્યય અને નુકસાની અને ઉછૃંખલતાથી બુદ્ધિ પ્રત્યે આંખો ઉઘડે પરંતુ એ સ્થાયી તત્ત્વો નથી, એ પાઠ તાજો હોય ત્યાં સુધી ટકે છે, ત્યાર બાદ વિસ્મૃતિ હોય છે; માનવપ્રકૃતિ પોતાને સ્વસ્થ કરી લે છે અને જે વૃત્તિઓ ક્ષણભર અભિભૂત થઈ ગઈ હતી તેમને પુન: પ્રાપ્ત કરે છે. કોઈ ચિર શાન્તિ, શાન્તિની અમુક પ્રકારની વ્યવસ્થા પણ સંભવ

છે કે અસ્તિત્વમાં આવે, પરંતુ માનવીનું હૃદય જેવું છે તેવું રહે ત્યાં સુધી એ શાન્તિનો અંત આવવાનો; માનવી આવેશોના દબાણ નીચે વ્યવસ્થા ભાંગી પડશે. જીવવિદ્યા પ્રમાણે કદાચ યુદ્ધ આવશ્યક ન રહ્યું હોય; પરંતુ આપણી અંદર જે હોય તે તો બહાર જરૂર આવે.

ત્યાં સુધી એ સારું છે કે પ્રત્યેક જૂઠી આશાને અને વિશ્રાંભી આગાહીને બની શકે તેટલો જલદી દેવોનો વ્યંગાત્મક ઉત્તર મળતો રહે; કારણ કે તો જ આપણને સાચો ઉપાય શોધવાની ફરજ પડશે. માણસ જ્યારે બધા માણસો સાથે ભ્રાતૃભાવ ખીલવશે એટલું જ નહિ પરંતુ એકતા અને સમાનતાનું પ્રભાવક ભાન પણ ખીલવશે. જ્યારે એ એમને ભાઈઓ સમજશે એટલું જ નહિ,—કારણ કે એ તો એક ભંગુર બંધન છે,— પરંતુ એના પોતાના અંગ રૂપ ગણતો થશે, જ્યારે એ એના જુદા વ્યકિતગત અને કોમી અહંભાવમાં નહિ પરંતુ વિશાળ વૈશ્વ-ચેતનામાં જીવતાં શીખશે ત્યારે જ યુદ્ધ, પછી એ ગમે તે શસ્ત્રથી લડાતું હોય તો પણ એના જીવનમાંથી પુનરાગતિની શકયતા વિના બહાર નીકળી જશે. દરમિયાન મનુષ્ય ભ્રાન્તિઓ દ્વારા પણ એ ધ્યેય પ્રત્યે પ્રયાસ કરતો રહે એ સારી નિશાની છે; કારણ કે એ બતાવે છે કે ભ્રાન્તિની પાછળ રહેલું સત્ય એ ઘડી પ્રત્યે આગળ વધી રહ્યું છે કે જ્યારે તે વાસ્તવિકતા રૂપે અભિવ્યકત થાય.

# અદૃષ્ટ શક્તિ

યુદ્ધનો અંત આવ્યો છે, એક દુનિયા વિચારના રાજ્યમાં નાશ પામી છે અને બાહ્ય પ્રકૃતિની યોજનામાંથી અદૃશ્ય થવા લાગી છે. જે યુદ્ધનો અંત આવ્યો છે તે સ્થૂલ ખાઈઓમાં, કારતૂસો અને ગોળીઓ વડે, યાંત્રિય બંધૂકો અને રણગાડીઓ અને હવાઈ જહાજથી, અંગોને ક્ષતવિક્ષત કરીને અને ભૌતિક ઈમારતોની તોડફોડ કરીને અને આપણી ધરતીમાતાના વક્ષ:સ્થળમાં નિર્દય ચીરા પાડીને લઢવામાં આવ્યું હતું; જેની શરૂઆત થઈ રહી છે તે નવું કે બીજા રૂપમાં ચાલુ રહેલું જૂનું યુદ્ધ વધુ અંશે માનસિક ખાઈઓમાં અને ગોળા ન પહોંચે એવા સંશ્રયોમાં, વિચાર અને વાણી, પ્રચાર અને પક્ષો અને કાર્યક્રમોનાં પૂર્વેષણો અને તોપખાનાં અને ગતિમાન યંત્રો વડે, માણસો અને રાષ્ટ્રોની ભાવનાઓને ક્ષતવિક્ષત કરીને, અનેક પ્રકારની ગાદીઓ અને ઊંચી સંસ્થાઓની ઊથલપાથલ અને વિકાસશીલ પ્રકૃતિની અવિશ્રાન્ત રીતે ઊકળતી શકિતઓની ઉપર માણસે પ્રથાઓ રૂપી જે જૂની ભીંત રચી છે તેના જબરજસ્ત વિદારણ સાથે લઢાશે. જૂની દુનિયા કે જે બાહ્ય રીતે એના પાયાઓમાં હાલી ઊઠી છે અને એના કોઈ ભાગોમાં જીર્ણ થઈ ગઈ છે તે આર્થિક અને ભૌતિક સભ્યતા છે જેને માનવજાતિ છેલ્લી થોડી સદીઓથી, એક વખત નવાં હતાં પરંતુ હવે સત્વર નિર્માલ્ય થતાં જતાં દ્રવ્યોને પ્રાચીન અને મધ્યકાલીન તૂટેલાફૂટેલા અવશેષો ભેગા કરી રચી રહી છે. સૈનિક-સંગ્રામનો જે કાળ હમણાં જ પૂરો થયો તે એને તોડવા આવ્યો કે જેને વિચાર કયારનોયે પાયામાં ખોદી રહ્યો હતો, ક્રાન્તિઓનો યુગ શરૂ થયો છે જે વિનાશ પૂરો કરે અને એક નવી ઈમારતનું ચણતર શરૂ કરે એવો સંભવ છે. આ સંઘર્ષમાં વિચારવંત માણસને પ્રશ્ન ઊઠે છે કે કઈ શકિત કે શકિતઓ આ ઉત્પાતમાં એમના સંકલ્પ અને પુરુષાર્થને વ્યકત કરી રહી છે? અને આપણે કઈ શકિત કે શકિતઓની સેવા કરીશું? કયા આંતરિક કે અતિમાનુષિક તત્ત્વની સત્તા સ્વીકારીશું? કારણ કે બાહ્ય રાજ્યશાસનો અને પદ્ધતિઓ તો કાળના શ્વાસ રૂપ ઝંઝામાં ઊડતાં પાન જેવાં છે. શાને કે કોને રાજ્યાસને બેસાડવા આપણે લડીશું?

માણસો યુદ્ધે ચઢે છે એમના વ્યકિતગત, કોમી કે રાષ્ટ્રીય હિતો માટે

કે જે વિચારો અને સિદ્ધાંતોને એ એમના ધ્યેયમંત્ર કે રણઘોષ બનાવે છે. પરંતુ મોટામાં મોટાં માનવહિતો પણ એમનાથી વધુ મોટી કોઈ શકિતનાં ઉપાય અને સાધન છે જેમને એ શકિત એના અવચેતન આવેગમાં કે એના સચેતન ઉદ્દેશોની પૂર્તિ માટે તોડેફોડે છે કે ઉપયોગમાં લે છે; વિચારો અને સિદ્ધાંતો આપણા મનનાં સંતાન છે જે જન્મે છે, અમલ ચલાવે છે અને અદૃશ્ય થઈ જાય છે અને એ કેવળ શબ્દો રહે છે જો એ આપણા સત્ત્વની અને વિશ્વ-સત્ત્વની કોઈ શકિત કે જે એમનામાં પોતાની કોઈ મનોમય અભિવ્યકિત જુએ છે, તેનો આવિર્ભાવ ન કરે તો આપણા વિચારો અને કામનાઓથી કોઈ મોટી વસ્તુ છે. કોઈ વધુ સ્થાયી અને આગ્રહી વસ્તુ છે કે જે એમનામાં થતા ફેરફારોની પાર કાયમ રહે છે અને છતાં એ ફેરફારો દ્વારા વિકાસ સાધે છે. જો આવી કોઈ ચીજ ન હોય તો આ બધો માનવ પુરુષાર્થ એક મિથ્યા વૈકલ્ય બની જાત, માનવજીવન કેવળ મધપૂડા અને વલ્મિકની વ્યસ્ત અને નૈસર્ગિક દિનચર્યા જેવું, જરા ઉચ્ચતર કક્ષાનું પરંતુ એમાં વધુ વ્યર્થ મીંડાવાળું અને ઓછી મિતવ્યયતા અને ઓછા ડહાપણવાળું થઈ જાય, અને આપણો વિચાર પેલી પુરાણી કહાણીમાં આવે છે તેમ ફરીફરી કંતાતી અને ફરીફરી ઉકેલાતી જાળ વણતી કલ્પનાઓ અને જેને આપણે સત્ત્વ અને ઋત માની લઈએ છીએ અને એ રીતે આપણાં મનનાં જૂઠાણાંને ડહાપણનું અને આપણા સામાજિક જીવનના અમૃતને સુખનું સ્થાન આપીએ છીએ તેવા તર્કોના મિથ્યા ચળકાટ જેવો થઈ જાય, કારણ કે આટલું તો ચોક્કસ છે કે આપણે ઘડીએ છીએ એવી કોઈ ચીજ અને આપણે સર્જીએ છીએ તેવી કોઈ બાહ્ય પદ્ધતિ એના નિયત અથવા તો એના શકય સમય બાદ ટકી શકતી નથી. અને જેમ યુરોપની આ મોટી ભૌતિક સભ્યતા કે જેને પુનરુત્થાનની ઉચ્ચ જ્યોતિર્મય ઉષાએ યશસ્વી જન્મ આપ્યો અને ૧૯મી સદીના બુદ્ધિવાદના શુષ્ક નિસ્ત્રય અપરાહણે એની કઠણ પ્રૌઢતા આપી તેનો અંત રહ્યો છે અને ધરતીનું વક્ષઃ-સ્થળ અને માનવીનો અંતરાત્મા એના જવાથી નિરાંતનો શ્વાસ લે છે તેમ આપણે જે કોઈ નવી સભ્યતા, જે યુગસંધ્યામાં આપણે પ્રવેશ કરીએ છીએ તે પૂરી થયે, સર્જીશું—કારણ કે એને સાચી ઉષા માને છે તે ભૂલ કરી રહ્યા છે, તે પણ એના નિયત કાળ પર્યંત જીવશે અને પછી ભયાનક રીતે તૂટી પડશે કે નીરસ રીતે ક્ષીણ થઈ જશે,—સિવાય કે ખરેખર વસ્તુમાત્રની પાછળ એ આત્મતત્ત્વ છે અને એણે એ સભ્યતાના પ્રધાન સૂરમાં એની સાચી સંવાદિતાના રાગનો પ્રથમ ઝંકાર પારખ્યો હોય, એમ હોય તો સંભવ છે કે એ નવી સભ્યતા એક વધુ મહાન માનવજાતિના સર્જન માટેનાં પરિવર્તનોની આરોહણ કરતી શ્રેણીઓની પ્રથમ શ્રેણી હોય. નહિ તો, પ્રજાઓનો આ બધો વિસ્તૃત

સંઘર્ષ અને સંગ્રામ અને વિશ્વવ્યાપી રકતપાત કેવળ એક નિરર્થક દુઃસ્વપ્ન જેવો અને રાષ્ટ્ર કે માનવજાતિનો સૌથી સુખી ગણાતો યુગ એક ક્ષણજીવી આનંદદાયક સ્વપ્નમાત્ર બની જશે. તો પછી જૂની દુનિયાની, આપણને માનવજીવન એ મિથ્યા તત્ત્વોમાં સૌથી વધુ મિથ્યા તત્ત્વ છે એમ શીખવતી હતી તે માન્યતા એકલી જ્ઞાન રૂપે બાકી રહેશે.

પરંતુ એ માન્યતાથી મનુષ્યનો ચૈત્યાત્મા કદી સંતુષ્ટ રહ્યો નથી અને અત્યારે તો એથીયે ઓછા આપણે એમાં જીવી શકીશું, કારણ કે જગતની પ્રવૃત્તિઓમાં આપણાં વ્યકિતત્વો કરતાં કોઈ વધુ મહાન શકિતના અસ્તિત્વનું આ અંતર્જ્ઞાન હવે માનવજાતિ પર ફેલાઈ રહ્યું છે અને જીવનના જોમમાં એક હજુ સિદ્ધ નહિ થયેલા ધ્યેયનું વ્યાપક ભાન એને વિચાર અને શકિતના એક અપૂર્વ પ્રયાસ પ્રત્યે ધકેલી રહ્યું છે. એવે સમયે પ્રચંડમાં પ્રચંડ આપત્તિઓ પણ જીવનને થકવી શકતી નથી કે એના ઉમંગને નિરાશ કરી શકતી નથી, પરંતુ એને પુરુષાર્થના નવા આવેગ પ્રત્યે ઉત્સાહિત કરે છે; કારણ કે વિચારની જવાળાઓ વિનાશકારી આગની જવાળાઓ કરતાં વધુ ઉપર ચઢે છે અને એમાં નવસર્જનનો અર્થ અને પ્રતિશ્રુતિ જુએ છે. જે વિનાશ કરવામાં આવ્યો છે, જે રિકતતા સર્જાઈ છે, તેમાં મન માત્ર વિકાસની આશાનું ક્ષેત્ર રૂપે અને એની નવી ઈમારત માટે કાળમાં સર્જન કરતા આત્માએ સાફ કરેલા પ્રદેશ રૂપે જુએ છે. કારણ કે જોઈ શકે છે એવો કોણ આ જોઈ શકતી નથી કે જે બની ગયું છે તેમાં એવી પ્રચંડ શકિતઓ કામ કરી રહી છે કે જે વ્યકિત કે રાષ્ટ્રનું અહંભાવી મન એમના સાંકડા વ્યકિતગત ખ્યાલ કે કોમી હિતના ગજથી માપી શકે તેથી વધુ વિશાળ વિશ્વ-હેતુને પોષી રહી છે અને જેમને માટે સરકારો અને પ્રજાઓના ઉદ્દેશો અને આવેગો માત્ર સાધનો અને અવસરો છે? જયારે પૂર્વ અને મધ્ય (યુરોપના) સત્તાધીશો અને યુદ્ધનેતાઓએ આ અતિકાય વિપ્લવમાં ઝંપલાવાનો અને એ રીતે એમાંથી પોતાની મહેચ્છાઓનો વિજયમુકુટ ઝડપી લેવાનો નિશ્ચય કર્યો, જયારે એ ઉન્મત્ત રીતે વિશ્વ-વિગ્રહના અગાધ ગર્ત પ્રત્યે હંકારી ગયા, ત્યારે એમને ભાગ્યે જ ખ્યાલ હશે કે ચાર કે એથી થોડાં વરસમાં એમનાં રાજયાસનોનું પતન થયું હશે, એ પોતે કતલ થયા હશે કે પરદેશ ભાગી જશે અને જેનું સમર્થન કરતા હતા તે બધું અતીતની રાત્રીમાં સમાઈ જતું હશે; કેવળ જે વસ્તુ એમને ધકેલતી હતી તે આ આગળથી જોતી હતી અને ઈચ્છતી હતી. અને એમ પણ નથી કે જે પ્રજાઓ અનિચ્છાએ યુદ્ધની ધાર પરથી અંદર ઊથલી પડી તેમને પણ એ ઉદ્દેશનું વધારે જ્ઞાન હતું; એ પોતે જેવી હતી અને એમની પાસે જે હતું તેના સંરક્ષણે અને એમની યુરોપીય સત્યતા માટે આપત્તિ રૂપ રાક્ષસી આક્રમણ પ્રત્યેના રોષે એમના

સંકલ્પને આગળ ધકેલ્યો અને એમના નિશ્ચયને ઉત્તેજિત કર્યો. છતાં એ સભ્યતાને દોષપાત્ર ઠેરવવાનો અને માનવજાતિના એકબીજા યુગની તૈયારી કરવાનો એમને વિજય આપનાર શકિતનો ઉદ્દેશ હતો, એનો અવાજ એમના વિચારમાં અસ્પષ્ટ રીતે પ્રતિઘોષિત હતો અને યુદ્ધમાં જે લોકો પાછળથી વિચારપૂર્વક અને સભાન સંકલ્પ સાથે દાખલ થયા એમના માનસમાં એ વધુ સ્પષ્ટ થઈ રહ્યો છે.

બહુ પ્રમાથ અને નાશ થયો છે, અમાપ વ્યથા થઈ છે, જગતને વીંટી લેતું રકતરંગી વાદળ ઘાટું, જીવહાનિ અતિ ભારે, સંપત્તિ અને માનવશકિતનો ક્ષય અગાધ છે, અને હજુ હિસાબ પૂરો નથી થયો, કિમ્મત પૂરી ભરપાઈ થઈ નથી; કારણ કે યુદ્ધોત્તર પરિણામ એની ચાલુ નુકસાની કરતાં વધુ મોટાં થાય એવો સંભવ છે, અને જે કંઈ એકાગ્ર પ્રયત્ન વડે ધરતીકંપના પૂરા આંચકામાંથી બચી શકયું છે તેમાંનું ઘણું એનાં પશ્ચાત્-કંપનોમાં પડી જશે. આ ઝંઝાવાતમાં સંડોવાયેલા જગત પર અધિષ્ઠિત શકિતથી સભાન એવા માણસનું મન આ આપત્તિમાં કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનના શબ્દોનું આવર્તન કરે તો (ખોટું નથી,—) યોગ્ય છે,—

दृष्ट्वाद्भुतं रूपमुग्रं तवेदं
लोकत्रयं प्रव्यथितं महात्मन् ।। २० ।।

दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा
धृतिं न विन्दामि शमं च विष्णो ।। २४ ।।

यथा नदीनां बहवोऽम्बुवेगाः
समुद्रमेवाभिमुखा द्रवन्ति ।
तथा तवामी नरलोकवीरा
विशन्ति वक्त्राण्यभिविज्वलन्ति ।। २८ ।।

यथा प्रदीप्तं ज्वलनं पतङ्गा
विशन्ति नाशाय समृद्धवेगाः ।
तथैव नाशाय विशन्ति लोका-
स्तवापि वक्त्राणि समृद्धवेगाः ।। २९ ।।

लेलिह्यसे ग्रसमानः समन्ता-
ल्लोकान्समग्रान्वदनैर्ज्वलद्भिः
तेजोभिरापूर्य जगत्समग्रं
भासस्तवोग्राः प्रतपन्ति विष्णो ।। ३० ।।

आख्याहि मे को भवानुग्ररूपो
नमोऽस्तु ते देववर प्रसीद ।

विज्ञातुमिच्छामि भवन्तमाद्यं
न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥३१॥

હે પ્રભુ, તારું આ અદ્ભુત અને ઉગ્ર રૂપ જોઈને ત્રણે લોક ખૂબ વ્યથિત થયા છે તને જોઈને હે વિષ્ણુ, ખૂબ વ્યથિત થયેલા અંતરાત્માવાળો હું પણ ધૈર્ય રાખી શકતો નથી અને અશાન્ત થઈ ગયો છું. જેમ નદીઓના બહુ જળપ્રવાહ સમુદ્ર પ્રત્યે જ ત્વરિત ગતિથી જાય છે તેવી જ રીતે મનુષ્યલોકના આ વીર પુરુષો તારાં જ્વાળામય મુખોમાં દાખલ થાય છે. જેમ કોઈએ સળગાવેલા અગ્નિમાં પતંગિયાં એમના નાશ માટે સતત, વર્ધમાન ત્વરાથી પડે છે તેમ હવે રાષ્ટ્રો નિરંતર વર્ધમાન ગતિએ વિનાશનાં તારાં જડબાંમાં પ્રવેશ કરે છે. તું તારી જીભોથી સર્વ લોકને ચાટી જાય છે અને તારાં ભડભડતાં વદનોમાં સર્વ રાષ્ટ્રોને ગળી જાય છે; સમગ્ર જગતને, હે વિષ્ણુ, તારા ઉગ્ર ભાસ તેજથી ભરી દઈ ખૂબ તપાવે છે. હે ઉગ્ર રૂપ, મને કહો આપ કોણ છો? હે ઉત્તમ દેવ પ્રસન્ન થાવ. આદ્ય એવા આપને હું જાણવા ઇચ્છું છું, તારી પ્રવૃત્તિને હું જાણતો નથી."

જો અર્જુનની આરઝુને પહેલો ઉત્તર જે શબ્દોમાં મળ્યો તેવો હોય, "હું કાલાત્મા, જગતનો સંહારક, રાષ્ટ્રોના વિનાશ માટે પ્રવૃદ્ધ થયેલો કાલાત્મા છું."

कालोऽस्मि लोकक्षयकृत प्रवृद्धो
लोकान् समाहर्तुमिह प्रवृत्तः ।

અને અવાજ પણ એ વિનાશક સંઘર્ષ અને કત્લેઆમમાં ભાગ લેતાં અચકાતા અને પાછા ખસી જવાની ઇચ્છા રાખતા માણસો માટે એ જ હોય, "તારા વિના પણ સામસામા સૈન્યોમાં જે ઊભા છે તે આ બધા, મેં મારા અગાઉથી જોતા સંકલ્પમાં એમને મારેલા છે એટલે અસ્તિત્વમાંથી મટી જવાના છે; તું પોતાને પૂર્વનિયત પરિણામનું નિમિત્ત માત્ર સમજી લે, છતાં અંતે એ માણસનો મિત્ર, એના સંગ્રામનો અને યાત્રાનો સારથિ છે જે વિનાશ રૂપે પ્રત્યક્ષ થાય છે અને એ બધી વિનષ્ટિનું પરિણામ છે ધર્મરાજ્ય. ધર્મનું પ્રશાસન. જેમ કુરુક્ષેત્રના યોદ્ધાને તેમ માનવજાતિને અંતિમ સંદેશ અપાઈ ગયો છે. તો (ઊભો થા) ઊઠ શત્રુનો નાશ કર, સમૃદ્ધ રાજ્યને ભોગવ."

પરંતુ કેવા ધર્મનું રાજ્ય? જેમ રાષ્ટ્રો આવતા વિનાશનાં લક્ષણ વિષે અંધ હતા તેમ ભવિષ્યમાં સર્જાનારી રચના વિષે કંઈ નહિ તો અર્ધાંધ ના હોય એ શંકાસ્પદ છે. હજુ ઊભી રહેલી જૂની દુનિયાની જરૂરતો, હિતો અને અસમંજસો અનુસાર યાંત્રિક સ્વતંત્રતાની લહાણી કે ભિક્ષા, ભૂતકાળના અવશેષ અને ભવિષ્યનાં અણઘડ દ્રવ્યોના ટુકડા સાંધી તૈયાર કરેલી એકતા, ભૂતકાળનાં અને હવે ચાલી ન શકે તે અશુભ અને ક્ષતિઓને લખી વાળી અને જે આશાતીત રીતે નાશ ન પામ્યું હોય તેમાંથી ન્યાયવૃત્તિના થોડા

સંતોષ માટે લાંબા વખતના લેણાનું આંશિક અદાયગી રૂપે કંઈક અવમૂલ્યન કરી બાકી રહેલાને સારી મૂડી તરિકે જમા લઈ ભાગ્ય સાથે કરેલો જમા-ઉધારનો હિસાબ, ઝંઝાએ સર્જેલા કે તાત્કાલિક અનિવાર્ય બનાવેલા પરિવર્તનનો સ્વીકાર, અને પૂરના વધારે આક્રમણને રોકવા નવા બંધોની કોઈ યોજના, આ બધું વિનાશનો સફળતાથી અંત લાવે એમ નથી. ટૂંકી દૃષ્ટિવાળું ડહાપણ સફળ અને વ્યવસ્થિત અહંભાવોએ કાલાત્માના સંદેશવાહકો રૂપ ચોતરફ ફેલાયેલી સબળ વિચારશકિતઓ સાથે સહકાર સાધી સંયુકત રીતે કરેલા પ્રયાસ દ્વારા એ બધું થોડા વખત માટે સિદ્ધ કરે તો પણ એ માત્ર બહુ દૂરના નહિ એવા ભવિષ્યમાં નવા ઉત્પાત પ્રત્યે દોરી જતા કૃત્રિમ અવરોધ જેવું હશે. જૂના દેવાળિયા ભૌતિક અર્થવાદનું અપાકરણ (સમાપન કે ફડચો) એને અનામત મૂડી અને ચોખ્ખી ખાતાવહી સાથે નવે નામે ધંધો કરવાની સવડ કરી આપે તે નિયતિને છેતરવાનો નિષ્ફળ પ્રયાસ થશે. બેશક વ્યાપારવાદને એનો પોતાનો ધર્મ છે, એનો ઉપયોગિતાવાદી ન્યાય અને કાનૂન અને સમાયોગનો આદર્શ, એની તુલાના ચિહ્નવાળી સભ્યતા, અને હવે નિષિદ્ધ બનતાં જતાં એનાં પુરાણાં ધોરણ છે, એ ગણતરીમાં લીધેલાં મૂલ્યોની કોઈ એક નવી પદ્ધતિ પર નવી શરૂઆત માટે પૂરતો આતુર છે. પરંતુ અર્ધા પશ્ચાત્તાપવાળા વૈશ્યનું ધર્મરાજ્ય કંઈ, આપણા જેવા, જીવનમાં વિચાર અને ભાવના અને નવસર્જનોનાં નવાં દર્શનોથી ભરેલા, કાળનું અંતિમ ફળ હોય નહિ, તેવી જ રીતે તુલાની નિશાની-વાળો સોનાનો કે વધુ તો ત્રાંબાના ઢોળવાળો યુગ માનવજાતિની આ પીડા અને વેદનાનું કીર્તિમંત પારિતોષિક હોય નહિ. ખરેખર, જેની તૈયારી થઈ રહી છે તે એક અન્ય અને ઉચ્ચતર ધર્મનું રાજ્ય છે.

એ ધર્મ કયો છે તે આપણે તો જ જાણી શકીએ જો આપણે જે કરીએ છીએ, વેઠીએ છીએ, ધારીએ છીએ અને જેને માટે પ્રયાસ કરીએ છીએ તે બધાની પાછળ જે સત્ત્વ અને જેનો વિચાર કામ કરે છે તેવી આ શકિતને ઓળખીએ. પહેલાંની માનવજાતિએ એ શકિતને મનુષ્યથી અને એના સત્ત્વથી અને એની ગડમથલથી બહુ ઊંચે રહેલી એક સર્જનાત્મક દિવ્યતા કે સર્વશકિતમાન સત્તા રૂપે કલ્પી હતી અથવા તો જાતિના શ્રમ અને આવેગ અને વિચાર પર નજર રાખતા અને આમથી તેમ ફેરવતા વૈશ્વ-દેવોના સમુદાય કે શ્રેણીની કલ્પના કરી હતી. પરંતુ વૈશ્વિક દેવતાઓની પદ્ધતિમાં એમની પ્રવૃત્તિઓ માટે એકતાના પાયાનો અને સિદ્ધાંતનો અભાવ હતો અને એની ઉપર પ્રાચીનોને એક અસ્પષ્ટ અને અનિર્વચનીય દિવ્યતા, એક અજ્ઞાત પ્રભુની કલ્પના કરવી પડી હતી, જેને માટે એમણે એક અનામી વેદી કે સ્ફીન્કસના મુખવાળી અને ત્રાંબાના બાહુવાળી ભવિતવ્યતા રચી હતી જેને દેવોએ પોતે

પણ જાણ વગર આધીન રહેવું પડતું હતું અને તેણે માનવજીવનને એક અજ્ઞેય ભાગ્ય અને માનવાતીત સ્વૈરતાની કઠપૂતળી રૂપે છોડી દીધું હતું. અને માણસ મોટે ભાગે એ જ છે, જ્યાં સુધી તે એના પ્રાણિક અહંભાવમાં જીવે છે અને એના વ્યક્તિગત વિચારો અને આવેગોનો સેવક છે. પછીના ધર્મોએ એ અજ્ઞાત દેવને એક નામ, રૂપ અને ગુણની કોઈ આકૃતિ આપી અને કોઈ આદર્શ રૂપી કાનૂનને એના શબ્દ અને શાસ્ત્રરૂપે ઉદ્‌ઘોષિત કર્યો. પરંતુ આંશિક અને અવ્યવહૃત જ્ઞાનની મતાંધતા અને માનવમનની બહિર્મુખ વૃત્તિઓએ ધર્મનાં તેજને ભૂલોની જંજાળ વડે ઝાંખાં પાડી દીધાં અને બાલિશ અને ક્રૂર વહેમોનાં વિચિત્ર મહોરાં એના મુખ પર પહેરાવ્યાં. ધર્મે પણ પ્રભુને દૂરના સ્વર્ગોમાં ઊંચે મૂકીને માણસને મોટે ભાગે પૃથ્વીનું એક જંતુ બનાવ્યું, એના સ્રષ્ટા સમક્ષ અલ્પ અને તુચ્છ અને એની કૃપાની સ્વૈરતા અનુસાર માનવાતીત લોકોમાં કોઈ સંશયાસ્પદ ઉદ્ધારની પાત્રતાવાળું. અર્વાચીન વિચારે આ ભૂતકાળના ખ્યાલોની સાફસૂફી કરવા માટે એને સ્થાને કોઈ બીજી વસ્તુ મૂકવી પડી અને જે વસ્તુ એની નજરે પડી અને ક્યાં મૂકી તે હતી ભૌતિક પ્રકૃતિના નિયમની યાંત્રિક અંધતા અને જીવવિદ્યાના નિયમ જેનો વિશ્વસ્ત આવિષ્કારક અને માનવવિજ્ઞાન ઉત્પાદક ઉપયોક્તા અને ફળસંગ્રાહક થવાનું હતું. પરંતુ વિચારવાન અને દૃષ્ટિવાન મનુષ્ય પર ભૌતિક પ્રકૃતિના કાનૂનનો યાંત્રિક અંધાપો એના એકમાત્ર માર્ગદર્શક તરીકે લાગુ કરવો એ એના સત્ત્વના વધુ દિવ્ય કાનૂનની વિરુદ્ધ જવા જેવું અને એની વધુ ઉચ્ચ શકયતાને વિક્ષત કરવા જેવું થાય. ભૌતિક અને પ્રાણિક પ્રકૃતિ તો આપણા સત્ત્વની માત્ર પ્રાથમિક આકૃતિ છે અને એની યોજનાને ઓળંગી ઉપર પહોંચવું એ માનવી વિકાસ-ક્રમનો ખરો અર્થ છે, એનાથી બીજી એક વધુ મોટી શકિત આ પુરુષાર્થની સ્વામિની છે, અને મનુષ્યની તર્કશકિત કે એનું વિજ્ઞાન એ દિવ્યતા નથી, પરંતુ એ બહુ તો એનું એક અને મુખ્ય નહિ એવું પ્રધાન (કાર્યમંત્રી) બની શકે. એ ઝંઝાવાતમાં અને એના દ્વારા જે પોતાનાં ધ્યેય સિદ્ધ કરે છે, તે માનવી તર્ક અને વિજ્ઞાન નથી; એમની ઘણી યોજનાઓનો તો એ ઝંઝામાં અધઃપાત થઈ ગયો છે. એક વધુ મહાન આત્મા એના અવ્યકત રૂપ અને એની નિગૂઢ દમનની અભિવ્યકિત માટે કોઈ એક વધુ ગહન પ્રશ્નની રાહ જુએ છે.

વધુ આધ્યાત્મિક ખ્યાલો તરફ પાછા વળવાથી અને માનવજીવનમાં ભગવાનના રાજ્યના વિચારમાં આપણે આ સત્યનો કોઈક અંશ આછો આછો જોવા લાગ્યા છીએ. વિશ્વમાં એક એવી શકિત છે કે જેનું આપણે જેમાં જીવીએ છીએ તે જગત ક્ષેત્ર છે એ જૂના વિચારની ઉપર, મનુષ્યમાં વસતા દેવત્વનું વધુ નિકટ દર્શન આવ્યું છે, એક અદૃષ્ટ રાજાનું કે જેનું બાહ્યતર

માનવ-આવરણ છે અને આપણાં મન અને પ્રાણ જેનાં સેવક અને જીવંત કરણો અને આપણા પૂર્ણતા પામેલા ચૈત્યાત્માઓ વધુ સ્વચ્છ દર્પણ બની શકે છે. પરંતુ આપણે વધુ પ્રકાશમાં અને સમગ્ર રીતે જોવાનું છે આ દેવત્વને જાણી શકીએ તે પહેલાં. વસ્તુમાત્રમાં જે સત્ત્વ કામ કરી રહ્યું છે તે આપણી દૃષ્ટિ સમક્ષ ત્રણ શકિતઓ અને રૂપોમાં રજૂ થાય છે. આપણે વિશ્વમાં જોઈએ છીએ તે એનું પહેલું રૂપ છે, પરંતુ એ અથવા તો એનો જે અંશ આપણે વસ્તુઓના બાહ્ય દેખાવમાં જોઈએ છીએ તે એનું સમગ્ર સત્ય નથી; એ કેવળ એક પાર્થિવ આકાર અને પ્રાણિક પ્રતિષ્ઠા છે જે આપણા વિકાસના પ્રસ્થાનબિંદુ તરીકે, પ્રાથમિક સિદ્ધિઓની શરૂઆતની મૂડી તરીકે એ દેવતાએ આપણને દાન રૂપે આપી છે અને જેનાથી આપણે શરૂઆત કરવાની છે અને એમનાથી ઉપર ચઢવાનું છે. બીજું રૂપ એવું છે કે જેનું રહસ્ય અહીં માણસ એકલા પાસે છે, કારણ કે એનામાં એ ક્રમે ક્રમે, આંશિક અને હમેશાં અપૂર્ણ સિદ્ધિ અને આવિષ્કારક રૂપે પોતાને વ્યકત કરે છે. એના વિચાર, આદર્શ, એનાં સ્વપ્ન, એના ઊર્ધ્વમાં આરોહણના પ્રયાસ એ બધી ચાવીઓ છે જેના વડે એ આત્માને શોધવાના પ્રયાસ કરે છે, એ બીબાં છે કે જેમાં દિવ્યતાની આકૃતિ પકડી લેવા યત્ન કરે છે. પરંતુ તે પણ તે દેવતાનો કેવળ આંશિક પ્રકાશ છે, એનું સમગ્ર રૂપ નથી. એથી પણ આગળ કોઈ વસ્તુ હજુ છે જેની સમીપ માનવ-મન એક અનિર્વચનીય પૂર્ણતા, અસીમ તેજ, અનંત શકિત, અનંત પ્રેમ, વૈશ્વિક, શિવ, શુભ અને સૌંદર્ય પ્રત્યેની નિરાકાર અભીપ્સામાં જાય છે (ઉપગમ કરે છે). આ કોઈ હજુ પૂરી અસ્તિત્વમાં ન આવી હોય એવી વસ્તુ નથી, હજુ બનતો જતો કે મનુષ્ય દ્વારા રચાવાનો હોય એવો પ્રભુ નથી; તે એ પરમ શાશ્વત છે કે જેને આ અખૂટ આદર્શ એક મનોમય પ્રતિબિંબ છે. એ વિશ્વના સ્વરૂપથી અને માનવ-સત્ત્વની ચૈતસિક રચનાઓથી પર છે અને છતાં અહીં માણસમાં પણ છે, અને જગતમાં એને પોતાની સર્વશકિતઓમાં વીંટીને રહ્યો છે. એ વિશ્વમાં છે તે આત્મા પણ છે અને માણસમાં અવ્યકત નિયંતા અને એનાં કર્મોનો સ્વામી પણ છે. એ વિશ્વમાં વિકાસ કરે છે એ નિયમો દ્વારા કે જે અહીં પૂર્ણ નથી અથવા તો માનવજાતિ એની પ્રકૃતિમાં મન અને આત્મતત્ત્વની શકયતાઓનો પૂરો વિકાસ ન કરે ત્યાં સુધી સાર્થકતા અને કર્મમાં અધૂરા છે. એ મનુષ્યમાં કામ કરે છે, પરંતુ મનુષ્યના વ્યકિતગત સામૂહિક અહંભાવ દ્વારા, જ્યાં સુધી મનુષ્ય એની વર્તમાન મનોમયતાની ગ્રંથિમાં જીવે છે ત્યાં સુધી. જ્યારે એની જાતિ ભગવાનને ઓળખશે અને દિવ્યતામાં જીવન ગુજારવા લાગશે ત્યારે એની ગડમથલનો આદર્શ અર્થ વ્યકત થવા લાગશે અને એ राज्यं समृद्धम् સ્થપાશે.

આપણે આપણા બાહ્ય જીવનને આપણા અહંભાવ, આપણાં હિત, આપણા આવેગ અનુસાર કે માત્ર આપણી પ્રાણિક આવશ્યકતાઓ પ્રમાણે કે પછી આપણી બુદ્ધિની સહાયવાળી અને એના વડે વૃદ્ધિ પામતી પરંતુ કોઈ વધુ મોટા આધ્યાત્મિક સાર્થકતાના પ્રકાશ વગરની આપણી પ્રાણિક આવશ્યકતાઓના રૂપમાં ઘડવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણે વિશ્વની પ્રથમ પ્રકારની યોજનાના કાનૂનની અંદર જીવતા હોઈએ છીએ. ત્યાં આપણને એ અદૃષ્ટ શકિત (હઠીલા) આગ્રહી રુદ્ર રૂપે મળે છે, ઉત્ક્રાન્તિના સ્વામી રૂપે, કર્મના પ્રભુ, ન્યાય અને નિર્ણયના અધિપતિ રૂપે મળે છે, જે યજ્ઞ અને પ્રયત્ન દ્વારા સહેલાઈથી પ્રસન્ન થાય છે, કારણ કે અસુર અને રાક્ષસને, દાનવ અને દૈત્યને પણ એમની તપસ્યાનું ફળ આપે છે, પરંતુ સત્વર કોપાયમાન પણ થાય છે અને જ્યારે પણ મનુષ્ય એના કાનૂનનો ભંગ કરે છે ત્યારે, એ અજ્ઞાનને લીધે થયો હોય તો પણ, અથવા તો વિકાસના માર્ગમાં અહંભાવથી અક્કડ બની ઊભો રહે છે કે કર્મના પ્રત્યાઘાતને ઉત્તેજિત કરી દે છે ત્યારે ઘા પણ નિર્દય થઈને કરે છે; સંઘર્ષ અને લથડાટ દ્વારા આવેગ અને કામના દ્વારા અને સંકલ્પના ભીષણ દબાણ અને પ્રચંડ પ્રયાસ, સર્જન અને વિનાશ, ક્રમ વિકાસના મંદગતિ પરિશ્રમ અને ક્રાન્તિની ધસમસતી ત્વરામાં રુદ્ર દિવ્ય સંકલ્પને સિદ્ધ કરે છે. બીજી બાજુએ જ્યારે આપણે આપણા જીવનને આદર્શ અનુસાર સાકાર કરવા માગીએ છીએ ત્યારે સત્યનો કઠોર સ્વામી એના પ્રશ્નો સાથે આપણને મળે છે. (આપણી સામે રજૂ થાય છે.) ત્યારે આપણે જેટલા પ્રમાણમાં આંતરિક સત્ત્વની સરળતામાં કામ કરતા હોઈશું તેટલા પ્રમાણમાં દિવ્ય પ્રક્રિયાના પરિણામ રૂપી કોઈ વર્ધમાન સંવાદિતામાં જીવન ભોગવીશું. પરંતુ જો આપણા આદર્શનાં માપ જૂઠાં હશે કે આપણે તુલામાં આપણા અહંભાવ અને વક્રતા અને આત્મવંચનાનાં અન્યાયી કાટલાં નાખીશું અથવા તો આપણા સંકુચિત ધ્યેયો માટે સત્યનો દુરુપયોગ કરીશું, જો આપણે એને કોઈ અસત્ય કે રૂઢિ કે એની અંદર સત્યના જીવતા સત્ત્વ વિનાના બાહ્ય યંત્ર રૂપ બનાવી દઈશું તો આપણે ભારે હિસાબ ચૂકવવો પડશે. કારણ કે જેમ પહેલાં આપણે રુદ્રના ભયાનક હાથમાં પડયા હતા તેમ હવે આપણે વરુણના વધુ સૂક્ષ્મ અને આપત્તિકારક પાશમાં સપડાઈએ છીએ. કેવળ જો આપણે સત્યને જોઈ શકીએ અને એમાં જીવી શકીએ તો જ આપણી અભીપ્સા સંતોષાશે. ત્યારે, સ્વાતંત્ર્યનો સ્વામી, પ્રેમનો પ્રભુ, ઐકયનો આત્મા છે કે જે વ્યકિતના ચૈત્યાત્માને જ્ઞાનથી સંભૃત કરી ભરી દેશે અને જગતના ઉદ્યમને ઉપાડી લેશે. એ છે મહાન ઉદ્ધારક (મહા મુકિતદાતા) અને પૂર્ણતાનો સમર્થ અને મૃદુ સંસ્થાપક.

એ રુદ્રનો પ્રકોપ છે જે પૃથ્વી ઉપર અત્યારે ફેલાયો છે અને એનાં

પગલાંનો માર્ગ આ ખંડિયેરોમાં જોઈ શકાય છે. એને પરિણામે માનવજાતિને ઘણાં જૂઠાણાંમાં જીવ્યાનું અને આદર્શ અનુસાર ચણતર કરવાની આવશ્યકતાનું ભાન આવ્યું છે. એટલે આપણે હવે સત્યના સ્વામીએ પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપવાનો છે. દિવ્ય સત્યના બે મહાન શબ્દો આગ્રહપૂર્વક આપણાં મન પર વિનાશના કડડાટ અને ઝંઝાના સૂસવાટમાં થઈને જોરથી ચઢી આવ્યા છે અને હવે નવ-નિર્માણના અગ્રગામી શબ્દો બની ગયા છે,-- સ્વતંત્રતા અને એકતા. પરંતુ બધાનો આધાર, પ્રથમ, એમના વિષેની આપણી દૃષ્ટિમાં રહેલા સત્ય ઉપર છે, એનો જે સચ્ચાઈથી અમલ કરીએ તે ઉપર છેલ્લે અને ખાસ કરીને આપણા સાક્ષાત્કારની આંતરિકતા પર છે. જો જાતિના હૃદયમાં એકતા નહિ હોય અને જો એને માત્ર આપણાં હિતોની સાચવણી અને વ્યવસ્થાનું સાધન બનાવવામાં આવશે તો એકતાની યાંત્રિક રચના નકામી નીવડશે; તો પછી પરિણામ નજીકના ભૂતકાળમાં હતું તેમ, કોઈ વધુ ભીષણ સંઘર્ષ અને ક્રાંતિ અને અરાજકતાના નવા વિસ્ફોટ રૂપે આવશે. કોઈ છલનાયુકત કરામતો કે જેમાં સ્વતંત્રતાનો દેખાવ હોય પણ સ્વતંત્રતાનું તથ્ય નહિ હોય તે આપણને સહાય નહિ કરે; ગમે તેવી ભવ્ય નવી ઈમારત હશે છતાં માત્ર બીજું કારાગૃહ બની જશે અને મુકિત માટે નવા સંગ્રામની ફરજ પાડશે. મનુષ્ય માટે એક જ સલામતી છે અંતરમાં રહીને બાહ્યમાં જીવતાં શીખવામાં, એને પૂર્ણ બનાવવા માટે સંસ્થાઓ અને યંત્રો ઉપર આધાર નહિ રાખતાં એની પોતાની વર્ધમાન પૂર્ણતામાંથી જીવનનું એક વધુ પૂર્ણ રૂપ અને દેહ ઘડી લેવામાં છે; કારણ કે આ આંતરિકતા દ્વારા આપણે ઉચ્ચ વસ્તુઓના એ સત્યને સારી રીતે જોઈ શકીશું કે જેને આપણે અત્યારે માત્ર હોઠથી બોલીએ છીએ, અને જેની બાહ્ય બૌદ્ધિક રચનાઓ કરીએ છીએ, અને એમના સત્યને આપણા સમગ્ર બાહ્ય જીવનમાં લાગુ પાડી શકીશું. જો આપણે માનવજાતિમાં ભગવાનનું રાજ્ય સ્થાપવાના હોઈએ તો આપણે પ્રથમ ભગવાનને જાણવા જોઈએ અને આપણા સત્ત્વના વધુ દિવ્ય સત્યને આપણી અંદર જોવું અને જીવી જાણવું જોઈએ; નહિ તો ભૂતકાળમાં જે આપણને નિષ્ફળ નીવડી છે તે બુદ્ધિની યુકિતઓ અને કાર્યક્ષમતાની વૈજ્ઞાનિક પદ્ધતિઓ કેવી રીતે એને સ્થાપવામાં મદદ કરશે? કારણ કે એવાં અનેક ચિહ્ન છે કે જૂની ભૂલ ચાલુ છે અને કેવળ અલ્પ સંખ્યામાં, કદાચ જ્ઞાનમાં આગેવાન પરંતુ હજુ કર્મમાં નહિ એવા માણસો વધુ સ્પષ્ટતાથી, આંતરિકતાથી અને સચ્ચાઈથી જોવા પ્રયાસ કરે છે તેથી આપણે હજુ સાચી ઉષા કરતાં મૃત્યુ પામતા યુગને અજાત યુગથી જુદા પાડતા છેલ્લા પરોઢની— પ્રાગડની વધુ અપેક્ષા રાખવી જોઈએ. અમુક વખત સુધી માણસનું મન હજુ તૈયાર નથી એટલે જૂની ભાવના અને પદ્ધતિ અમુક વખત સુધી બળવાન રહે

અને થોડો વખત સફળ થતી દેખાય; પરંતુ ભાવિ એ મનુષ્યો અને રાષ્ટ્રો સાથે છે કે જે ચળકાટ અને સંધ્યાની પેલે પાર પ્રભાતના દેવોને પ્રથમ દેખશે અને વધુ મહાન આદર્શના પ્રકાશ પ્રત્યે આગળ વધી રહેલી શકિતના યોગ સાધન રૂપે પોતાને તૈયાર કરશે.

# આત્મનિર્ણય

યુદ્ધના રકતરંજિત કિણ્વમાંથી, એક નવું સૂત્ર રાજકારણની દ્વિઅર્થી ભાષામાં ઢાળી કાઢવામાં આવ્યું છે,— માયા અને અસત્યોથી ભરેલી એ વિચિત્ર ભાષામાં, પોતાની અને જાણીબૂજીને બીજાઓની વંચના કરતી ભાષામાં, કે જે બધાં સાચાં અને પ્રાણવાન સૂત્રોને સત્વર એક શબ્દજાળ જેવાં બનાવી દે છે કે જેથી માણસો શબ્દોના ગોટામાં શા માટે લડે છે એના કોઈ ખ્યાલ વગર લડયા કરે,— એ છે સ્વતંત્રતાની અર્થને સ્પષ્ટ કરતી વ્યાખ્યા, ન્યાયી સત્તા આત્મનિર્ણયનો મુકત રીતે ભોગવાતો અધિકાર. એ શબ્દ ખુદ એક સુખદ શોધ છે, એક ખરું ઉપયોગી શબ્દપ્રતીક છે. કારણ કે તત્ત્વ અત્યાર સુધી અતિ અસ્પષ્ટ અને નિહારિકા જેવું અગ્રાહ્ય રહે એવો સંભવ હતો તેને એ સૂત્ર ચોક્કસ અને વ્યવહાર્ય બનાવે છે. એની શોધ, માણસે જે મહાન શ્રેયને સિદ્ધ કરવા સદીઓથી, જાહેર કરી શકાય એવી કોઈ સંતોષકારક સફળતા વિના, પ્રયાસ કરી રહ્યો છે, તેની ધારણાની વધતી જતી સ્પષ્ટતાની અને જીવન વિષે આપણા ખ્યાલોની વધતી જતી આત્મલક્ષિતાની નિશાની છે. આ સ્પષ્ટતા અને આ આત્મલક્ષિતાએ ખરેખર એકસાથે ગતિ કરવી જોઈએ; કારણ કે વિચારોની આરોગ્યપ્રદ પ્રક્રિયા અંદરથી બહારની દિશામાં થાય છે એમ આપણે સમજવા લાગીએ ત્યારે આપણું જીવન જે મહાન વિચારો અનુસાર ચાલવું જોઈએ તે વિચારોને આપણે સારી રીતે પકડી શકીએ છીએ અને એ પણ સમજીએ ત્યારે કે એથી વિરુદ્ધની એટલે કે યાંત્રિક પદ્ધતિ હમેશાં જીવંત વાસ્તવિકતાઓને માત્ર ઔપચારિક રૂઢિઓ બનાવી દે છે. બેશક માનવ-પ્રાણીને યાંત્રિક વસ્તુ જ વાસ્તવિક લાગે છે; પરંતુ માનવ-આત્માને, વિચારવાન માનવ કે જેના દ્વારા આપણે આપણી આંતરિક માનવતામાં પહોંચીએ છીએ તેને માટે કેવળ એ વસ્તુ જ વાસ્તવિક હોય છે કે જેને તે એની પોતાની અંદર સત્ય રૂપે અનુભવી શકે છે. બીજું બધું વંચના કરનાર દંભ, સત્યોને સ્થાને દેખાવોનો સ્વીકાર, વાસ્તવિકતાઓને સ્થાને બાહ્ય દેખાવો, કે જે એને બંધનમાં રાખવાની ઘણા પ્રકારની યુકિતઓ છે.

સ્વતંત્રતાની, એક કે બીજે રૂપે, માનવજાતિની સૌથી પુરાણી અને બેશક

સૌથી મુશ્કેલ અભીપ્સાઓમાં ગણતરી થાય છે; એની ઉત્પત્તિ આપણા સત્ત્વની એક મૂળભૂત વૃત્તિમાંથી થાય છે અને છતાં એ આપણા બધા સંયોગોની વિરુદ્ધ છે; એ આપણું શાશ્વત શિવત્વ અને પૂર્ણતાની સરત (અવસ્થા) છે, પરંતુ આપણા કાલાધીન સત્ત્વને એની કૂંચી જડી નથી. કદાચ કારણ એ છે કે સાચી સ્વતંત્રતા આપણે અસીમમાં જીવીએ તો જ શકય છે, જેમ વેદાન્ત આપણને શીખવે છે તેમ આપણા સ્વયંભુ સત્ત્વમાં અને એ સત્ત્વમાંથી જીવીએ તો જ; પરંતુ આપણી પ્રાકૃત અને કાલાધીન શકિતઓ એને પ્રથમ આપણી અંદર નહિ પણ આપણી બાહ્ય પરિસ્થિતિઓમાં શોધે છે. આ મહાન અવ્યાખ્યેય તત્ત્વ, સ્વતંત્રતા, એના ઉત્તમ અને અંતિમ અર્થમાં સત્ત્વની એક અવસ્થા છે; એ છે આત્મા, એની પોતાની અંદર જીવતું અને પોતાની શકિતથી એ શું બનશે તેનો અને આખરે પોતાની અંદર દિવ્ય આધ્યાત્મિક શકિતના વિકાસથી એના બાહ્ય સંયોગો અને પરિસ્થિતિનું પણ એ શું કરશે તેનો નિર્ણય કરતું સ્વત્વ; એ છે આત્મનિર્ણયનો સૌથી વિશાળ અને નિર્બંધ અર્થ. પરંતુ જ્યારે આપણે નૈસર્ગિક અને કાલાધીન જીવનમાંથી શરૂઆત કરીએ ત્યારે સ્વતંત્રતાનો આપણે વ્યવહારમાં જે અર્થ કરીએ છીએ તે, આપણી કુદરતી શકિતઓ બીજાઓના આત્મસમર્થનના વધારે પડતા અતિક્રમ વગર પોતાને સંતોષે એ માટે સાનુકૂળ અવકાશ (ક્ષેત્ર) એટલો છે. અને એ ઉકેલવી મુશ્કેલ એવી સમસ્યા છે, કારણ કે એકની સ્વતંત્રતા સક્રિય બને છે કે તરત બીજાની સ્વતંત્રતા સામે ઘાતક રીતે અથડાય છે; એક જ (ક્ષેત્રમાં) મેદાનમાં બહુની દોડાદોડીનો અર્થ છે અથડામણીઓની એક મુકત અંધાધૂંધી. એનું એક વખત સ્પર્ધા-પ્રણાલીને નામે ગૌરવ કરવામાં આવતું હતું અને એનાં પરિણામો પ્રત્યેનો અસંતોષ રાજ્યનિષ્ઠ સમાજવાદરૂપ સ્વતંત્રતાના વિરોધી વિચાર પ્રત્યે દોરી ગયો છે, જેની એવી ધારણા છે કે રાજ્યના સામૂહિક સત્ત્વમાં વ્યકિત-સ્વાતંત્ર્યનો નકાર, કોઈ યાંત્રિક પ્રક્રિયા દ્વારા કાળજીપૂર્વક રક્ષવામાં આવતી સમાનતામાં, બધાંને સારી રીતે વહેંચાઈ શકે તેવી સ્વાતંત્ર્યની હકારાત્મક મૂડી બનાવી શકાશે. વ્યકિત એની કર્મ અને સંપાદનની સ્વતંત્રતા રાજ્યને સોંપી દે, વળતરમાં રાજ્ય એને નિયંત્રિત સ્વાતંત્ર્ય આપે, આપણે કહીએ કે એના પાડોશીઓનાં પાંસળાંમાં જરા પણ ભટકાય નહિ એવો પર્યાપ્ત અવકાશ વહેંચી આપે. એ વિચાર સિદ્ધાંતરૂપે પ્રશંસનીય અને તાર્કિક રીતે તદ્દન નિર્દોષ છે, પરંતુ વ્યવહારમાં, એમ લાગે છે કે કોમની નીચે, કે એ અસ્પષ્ટ અને અવ્યાખ્યેય વસ્તુ કે જેને કોમ કહેવામાં આવે છે તેની નીચે, વ્યકિતનું દાસત્વ અને બહુ યાંત્રિક હોવાથી દાસત્વ બહુ ત્રાસજનક દાસત્વ બની જશે.

અનુભવે આપણને અત્યાર સુધી બતાવ્યું છે કે યાંત્રિક પ્રકારની સ્વતંત્રતા

પ્રાપ્ત કરવાનો મનુષ્યનો પ્રયાસ એક બહુ સાપેક્ષ સફળતા સંપાદન કરી શકયો છે અને એ સ્વતંત્રતા પણ મોટે ભાગે કેટલાક માણસો બીજાઓને ખર્ચે ભોગવે છે. સામાન્ય રીતે એનો અર્થ છે અલ્પમતીનું બહુમતી પર રાજ્ય, અને ઘણી વિચિત્ર વસ્તુઓ એને નામે કરવામાં આવી છે. પ્રાચીન સ્વતંત્રતા અને લોકશાહીનો અર્થ ગ્રીસમાં થયો (આત્મશાસન) સ્વરાજ્ય—વચમાં વચમાં પરસ્પર ગળાં કાપવાની ઉજાણીઓવાળું—જુદી જુદી શ્રેણીના એવા મુકત માણસોનું સ્વરાજ્ય કે જે પોતે દાસોનાં મોટાં ટોળાંની મજૂરી પર જીવતા હતા. આધુનિક સમયમાં સ્વતંત્રતા અને લોકશાહી એક એવી બનાવટી ઘોષણારૂપ બની ગયાં અને હજુ છે કે જે વ્યવસ્થિત અને સફળ મધ્યમ-વર્ગના, શરૂઆતમાં આજ્ઞાધીન પરંતુ ક્રમેક્રમે અસંતુષ્ટ થતા જતા અને આત્મ-સમર્થન માટે એકત્રિત બનતા શ્રમિકવર્ગ પરના અમલને હોશિયારીથી નરમ બનાવવામાં આવેલી ધનિકતંત્રની પદ્ધતિના પડદા નીચે છુપાવે છે, મુકત થયેલા નિષ્કિચનો એ સ્વતંત્રતા અને લોકશાહીનો સૌથી પહેલો ઉપયોગ, તદ્દન અવ્યવસ્થિત કિસાનો અને નિર્વીર્ય છતાં વિરોધી મધ્યમવર્ગ ઉપર, બરાબર વ્યવસ્થિત નહિ બનેલા મજૂર નેતાઓના અણઘડ અને હિંસાત્મક જુલમના રૂપમાં થયો છે. અને જેમ કેમે કીર્તિસહિત પ્રાપ્ત કરેલી સ્વતંત્રતા સાથે, પ્રજાના ચાર પંચમાંશ કે ત્રણ પંચમાંશ ભાગનું બાકી રહેલાઓને હાથે દમન સુસંગત ગણાતું આવ્યું છે તેવી જ રીતે માનવજાતિના એક અર્ધાની, સ્ત્રીઓની, સ્થૂલ રીતે વધુ બળવાન પુરુષના હાથ નીચે પરાધીનતાને લગભગ અત્યાર સુધી તદ્દન સુસંગત ગણવામાં આવી છે. એ શ્રેણી અસંગતતાઓના સમગ્ર ગ્રંથમાં (સમુદાયમાં) ચાલતી રહે છે, જેમાં બેશક સ્વતંત્ર રાષ્ટ્રોને હાથે પરાધીન પ્રજાઓના કીર્તિમંત રીતે લાભદાયી અને નફાકારી શોષણનો સમાવેશ થાય છે, એમ લાગે છે કે સ્વતંત્રતાની પવિત્ર માન્યતાના પૂજારીપણાને દાવે એ પ્રકારના પ્રભુત્વના અધિકારી ગણાતા હશે. નિ:સંદેહ કોઈ દૂર ભવિષ્યમાં એ રાષ્ટ્રો શોષિતો સુધી સ્વતંત્રતાનો ફેલાવો કરવા માગે છે, પરંતુ દરમિયાન સ્વતંત્રતા રૂપી માલનું વિતરણ કરતા પહેલાં એમની પવિત્ર પદવીનું પૂરું વેતન હાંસલ કરવાની કાળજી રાખે છે. આ યાંત્રિક સ્વતંત્રતાની અત્યાર સુધી શોધાયેલી ઉત્તમ યોજના પણ હજુ માત્ર નાની બહુમતીના અસંશોધિત અભિપ્રાય સુધી પહોંચી છે, અથવા તો એવી બહુમતી શાસક મંડળની નિમણૂક કરે અને એવું શાસક મંડળ એ બહુમતીને નામે બધી લઘુમતીઓને દબાવે અને પ્રજાને એવાં પરિણામો પ્રત્યે દોરી જાય કે જેનો એ મંડળને પોતાનેય કોઈ સ્પષ્ટ ખ્યાલ નથી હોતો.

આ અસંગતતાઓ,— અને યાંત્રિક પદ્ધતિમાં ઘણા પ્રકારની અસંગતતાઓ અવિયોજ્ય છે,— એ વસ્તુની નીશાની છે કે સ્વતંત્રતાનો ખરો અર્થ હજુ

સમજવામાં આવ્યો નથી. છતાં એક મહાન વિચાર પ્રત્યેની અભીપ્સા અને પ્રયાસ એ પણ કોઈક ફળ આપ્યા વિના તો નહિ રહે અને ગમે તેવી અપૂર્ણ અને સાપેક્ષ હોવા છતાં આધુનિક સ્વતંત્રતા અને લોકશાહીનું આટલું પરિણામ તો આવ્યું છે કે જે કોમો એ આદર્શ પ્રમાણે ચાલી છે તેમણે ભૂતકાળની પદ્ધતિઓમાં સ્વાભાવિક હતાં તેવાં ત્રાસ અને જુલમનાં વધુ નજરે પડતાં રૂપોનું દબાણ દૂર કર્યું છે. એમણે લોકસમુદાય માટે જીવન વધુ સહનીય બનાવ્યું છે અને જો એમણે જીવનને હજુ સ્વતંત્ર બનાવ્યું નથી તો પણ એમણે વિચારને અને જીવનના એક સવડવાળા રૂપમાં વધુ મુકત વિચારને સદેહ બનાવવાના પ્રયાસને વધુ સ્વતંત્રતા આપી છે. માણસમાં વિચાર માટે અને વિચારની પ્રવૃત્તિઓ માટે આ વધુ અવકાશ, જાતિએ જે અણઘડ ખ્યાલોથી શરૂઆત કરી છે અને જે અણઘડ રૂપોમાં એ ખ્યાલોને સાકાર કર્યા છે તેમને છેવટે પણ આલોકિત કરે એવી વધતી જતી સ્પષ્ટતા માટે જરૂરી સ્થિતિ છે. જીવનની કઢંગી અને અધૂરી વાસ્તવિકતાઓ મન પર રાજ્ય કરે અને સીમાબદ્ધ કરે એના કરતાં વિચારની વર્ધમાન દીપ્તિ દ્વારા જીવનનું સંચાલન કરવાનો પ્રયાસ માનવપ્રગતિની આગેકૂચની સ્પષ્ટ નિશાની છે. પરંતુ સાચું પરિવર્તન (આવર્તન) બિંદુ આગળના એ પગલાથી આવશે કે જે આત્મા દ્વારા, એ આંતરિક સત્ત્વ કે જેનો વિચાર કેવળ નિશાની કે સાધન છે તેના દ્વારા જીવનનું સંચાલન કરવાના પ્રયાસનો અને આપણા જીવનના માર્ગોને પોતાની પૂર્ણતાની આવશ્યકતાની વધતી જતી ઊર્ધ્વતા અને બૃહત્તા માટે વધુ મુકત મોકા જેવા બનાવવાનો આરંભ કરશે. સ્વતંત્રતાના અસરકારક સિદ્ધાન્ત રૂપે આત્મનિર્ણયના વિચારને આપણે આ ખરી અને વધુ ગહન ભાવના લાગુ પાડતાં શીખવું પડશે.

આત્મનિર્ણયના સિદ્ધાંતનો ખરો અર્થ આ છે કે પ્રત્યેક જીવંત માનવ-પ્રાણીમાં, પુરુષ સ્ત્રી અને બાળકની અંદર, અને એ જ પ્રમાણે દરેક જુદા વિકાસ કરતા કે વિકસેલા, અર્ધવિકસિત કે પ્રૌઢ સમુદાયની અંદર એક આત્મા છે, એક સત્ત્વ છે, જેને એની પોતાની રીતે અભિવૃદ્ધિ કરવાનો, પોતાના સાક્ષાત્કારનો એના જીવનને એના સત્ત્વનું પૂર્ણ અને સંતુષ્ટ કરણ અને પ્રતિ-મૂર્તિ બનાવવાનો અધિકાર છે. આ પ્રથમ સિદ્ધાન્ત છે જેમાં બીજા બધા સમાવિષ્ટ થવા જોઈએ અને જે બધાની ઉપર અધિષ્ઠિત હોવો જોઈએ; બાકી પ્રશ્ન છે સંયોગો, સાધનો, તાત્કાલિક આવશ્યકતાઓ, સવડ, અવસર, શકિતઓ અને મર્યાદાઓનો; જેમાંના કોઈને પણ પહેલા આવશ્યક સિદ્ધાન્તની આધિપત્યને રદ્ ન કરવા દેવું જોઈએ. પરંતુ આધિપત્ય તો જ ટકશે જો એને આ આત્મા અને એની આવશ્યકતાઓ અને એના અધિકારોના ખરા ખ્યાલ સાથે સમજવામાં આવેલો. આત્મનિર્ણયના સિદ્ધાંતને પહેલો ભય,

જેમ બીજા બધા સિદ્ધાંતોને હોય છે તેમ એ છે કે એનો અર્થ, ભૂતકાળમાં આપણા માનવઅસ્તિત્વના ઘણાખરા આદર્શોનો થયો છે તેમ અહંભાવની, એનાં હિતોની, અને આત્મ-સંતોષ માટેના એના સંકલ્પની દિશામાં કરવામાં આવે. એવો અર્થ કરવામાં આવશે તો એ આપણને પહેલાંના કરતાં વધુ આગળ નહિ લઈ જાય; આપણે એ સ્થિતિએ પહોંચીશું કે જ્યાં આપણો સિદ્ધાન્ત અટકી પડશે, આપણને નકામો થઈ પડશે, મનના કોઈ અસત્ય કે અર્ધસત્ય સમર્થન રૂપ અને એના પોતાનાથી તદ્દન વિરુદ્ધની વાસ્તવિકતાઓને ઢાંકી દેનાર રૂપની રૂઢિ રૂપ બની જશે.

કારણ કે અહંભાવમાં એનાથી દૂર ન થઈ શકે એવી એક બેવડા આત્મ-પ્રતિપાદનની, બીજા અહંભાવો સામે આત્મ-પ્રતિપાદનની અને બીજા અહંભાવો દ્વારા આત્મપ્રતિપાદનની વૃત્તિ છે; એના બધા વિકાસમાં (એની બધી અભિવૃદ્ધિમાં) એ બીજાઓની જરૂરતને એની પોતાની જરૂરતથી ગૌણ બનાવવા પ્રેરાય છે, બીજાઓનો એના પોતાના ઉદ્દેશ માટે ઉપયોગ કરવા અને એ ઉદ્દેશ માટે એ જેમનો ઉપયોગ કરે છે તેમની ઉપર, બળથી કે કળથી, ખુલ્લી કે છૂપી રીતે, એમને હજમ કરીને કે શોષણની કોઈ ચતુર યુક્તિ દ્વારા, કોઈ પ્રકારનો અંકુશ કે પ્રભુત્વ કે સ્વામિત્વ સ્થાપવા પ્રેરાય છે. માનવજીવન મુક્ત સમાન્તરો પર દોડી શકતાં નથી; કારણ કે પ્રકૃતિ એમને સતત મળવાની, એકબીજાને અથડાવાની અને એકબીજામાં ભળી જવાની ફરજ પાડે છે, અને અહંભાવના જીવનમાં એનો અર્થ હમેશાં સંઘર્ષ એવો થાય છે. આપણી તર્કપ્રધાન બુદ્ધિનો પ્રથમ વિચાર સૂચવે છે કે આપણા માનવીય સંબંધોને હિતોના એવા યાંત્રિક નિયંત્રણ નીચે મૂકી શકાય કે જે અથડામણી અને સંઘર્ષને દૂર કરી દે; પરંતુ આ અમુક હદ સુધી જ થઈ શકશે; બહુ તો આપણે એથી અથડામણી અને ઘર્ષણની હિંસા અને અશિષ્ટ પ્રત્યક્ષતાને ઓછી કરીએ અને એમને વધુ સૂક્ષ્મ અને ઓછી સ્થૂલ રીતે નજરે ચડતું રૂપ આપીએ. એ વધુ સૂક્ષ્મ રૂપમાં સંઘર્ષ અને શોષણનો સિદ્ધાંત તો ચાલુ રહે છે; કારણ કે હમેશાં અહંભાવી વૃત્તિ એને ફરજ પાડવામાં આવે તેવા કે એને સમજાવવામાં તેવા જે સમાધાનમાં સમ્મત થાય તેનો બનતાં સુધી એના પોતાના લાભ માટે ઉપયોગી કરવાની, અને તે એની આ પ્રવૃત્તિમાં કેવળ શક્તિ અને ક્ષમતાની મર્યાદાઓથી, તાત્કાલિક જરૂરત અને પરિણામના ખ્યાલથી, તથા પોતાનું માન પણ રાખવામાં આવે તે માટે બીજા અહંભાવોનું માન રાખવાની અમુક આવશ્યકતાના ખ્યાલથી માપમાં રહે છે. પરંતુ આ ખ્યાલો કેવળ બીજાઓના સ્થૂલ કે સ્થૂલ દમન અને શોષણની ઇચ્છાને થોડી હલકી પાડી શકે કે સીમિત કરી શકે; પરંતુ તે એને મીટાવી નહિ શકે.

માનવ-મને નીતિશાસ્ત્રનો એક વિશોધક તત્ત્વ તરીકે ઉપયોગ કર્યો છે;

પરંતુ નૈતિક વર્તનના પહેલા કાનૂન પણ બહુ તો જીવનના અહંભાવી અમલને માત્ર અમુક અંશે રોકે છે પરંતુ એનો પરાભવ નથી કરી શકતા. એ કારણથી નૈતિક વિચારે પોતાની સામેના બીજા પરોપકારના સિદ્ધાંત પ્રત્યે આગળ કર્યો છે, એનાં મુખ્ય અને સામાન્ય પરિણામો આવ્યાં છે સામૂહિક અહંભાવોનું, અને વ્યક્તિગત અહંભાવો ઉપર એમના અધિકારનું એક વધુ સ્પષ્ટ દર્શન અને આપણા વ્યવહારમાં અહંભાવી અને પરોપકારી હેતુઓના તદ્દન અનિશ્ચિત અને અવ્યાખ્યેય મિશ્રણ, ઘર્ષણ અને સમતુલના. ઘણી વાર તો પરોપકારવાદ મુખ્યત્વે જાહેર ઘોષણાઓ સુધી કે એથી આગળ વધે તો એક છીછરા સંકલ્પ સુધી પહોંચે છે કે જે આપણા કર્મના કેન્દ્ર રૂપ નથી હોતો; એ રૂપે એ કાં તો યોજના-પૂર્વકનું કે અર્ધ-ચેતન અવગુંઠન બની જાય છે, જેની દ્વારા અહંભાવ પોતાને ઢાંકી લે છે અને છતો થયા વિના એના ઉદ્દેશને પાર પાડે છે. પરંતુ સાચો પરોપકાર પણ એની અંદર અહંભાવને છુપાવે છે અને આપણાં સૌથી વધુ પરોપકારી કે સ્વાર્થત્યાગનાં કર્મોમાં છુપાઈ ગયેલા અહંભાવના અંશને શોધી કાઢવો એ સાચા આત્મનિરીક્ષણની ખરી અમ્લપરીક્ષા છે, અને જેણે આવું, બહુ વાર કષ્ટપ્રદ એક વિશ્લેષણ નિર્દયતાપૂર્વક કર્યું નથી તેવો કોઈ પોતાને બરાબર જાણી શકતો નથી. અન્યથા બની શકે તેમ નથી; કારણ કે આત્મ-મેધ જીવનને કાનૂન બની શકે નહિ; સ્વાર્થત્યાગ સ્વાત્મ-પરિપૂર્તિનું માત્ર એક પગલું બની શકે. અને જીવન પણ એની પ્રકૃતિએ એકપક્ષી આત્મ–દાન બની નથી શકતું; સર્વ પ્રકારના પ્રદાનની અંદર જ આદાનનો અમુક અંશ હોય છે—જો એણે કોઈ ફલપ્રદ મૂલ્ય કે નોંધપાત્ર પરિણામ સિદ્ધ કરવું હોય તો. પરોપકાર પોતે બીજાઓનું કરે તે કરતાં આપણું ભલું કરે છે માટે પણ વધુ મહત્ત્વનો છે; કારણ કે બીજાનું ભલું ઘણી વાર સંદેહાત્મક હોય છે, પરંતુ પરોપકાર દ્વારા આપણું ભલું તો નિશ્ચિત છે, અને એ એનું શિવ તત્ત્વ છે, આત્માની અભિ-વૃદ્ધિમાં, આંતરિક આત્મોન્નતિમાં અને આત્મ-વિકાસમાં, એટલે પરોપકારનો કોઈ સર્વસાધારણ નહિ, પરંતુ પરસ્પરના અભિજ્ઞાન પર પ્રતિષ્ઠિત આત્મ-અભિજ્ઞાન એ આપણા માનવસંબંધોનો વ્યાપક નિયમ બનવો જોઈએ. જીવન એ પારસ્પરિકતાની ભૂમિકા પર ચાલતી આત્મ-પરિપૂર્તિ છે; એમાં એક દ્વારા બીજાનો પરસ્પર ઉપયોગ હોય છે, અને અંતે એમાં સર્વ સર્વનો દ્વારા ઉપયોગ હોય છે. આખો પ્રશ્ન એ છે કે આ કાર્ય સંઘર્ષ, વિરોધ અને ઝઘડાના સાથવાળા અહંભાવની નિમ્નતર ભૂમિકા પર કરવામાં આવશે, પછી ભલે એની પર કોઈ પ્રતિબંધ કે નિયંત્રણ હોય, કે પરસ્પર સમજૂતી અને ઐચ્છિક સંબંધ અને એકતાનો ઉપાય શોધી કાઢે એવા આપણા સત્ત્વના કોઈ વધુ ઉચ્ચ કાનૂન દ્વારા નહિ કરી શકાય.

આત્મનિર્ણયના અમલનો ખરો ખ્યાલ આપણને આ ઉચ્ચતર કાનૂનની શોધના માર્ગ પર ચઢાવી દેવામાં સહાય કરે એમ છે. કારણ કે આપણે જોઈ શકીએ છીએ કે આ સૂત્ર, આત્મનિર્ણય સ્વતંત્રતાના અને કાનૂન અથવા તો સંવિધાનના વિચારોને એક સંકીર્ણ કલ્પનામાં સમાહિત અને સમાનિત સમાધાન અને સંયોજન કરે છે. સત્ત્વની આ બે શકિતઓ આપણી પ્રાથમિક ધારણાઓ પ્રમાણે તેમજ જીવનના પોતાના શરૂઆતના દેખાવોમાં પણ એકબીજાના વિરોધમાં હરીફો કે શત્રુઓ બનવાની વલણવાળી હોય છે; એ કારણથી આપણે કાનૂન અને વ્યવસ્થાના ટેકેદારો અને સ્વતંત્રતાના સંરક્ષકોને એકબીજીની સામે ખડા થઈ ગયેલા જોઈએ છીએ. એક આદર્શ એ છે કે જે વ્યવસ્થાને પ્રથમ સ્થાને મૂકે છે અને સ્વતંત્રતાને કોઈ સ્થાન આપતા નથી અથવા તો નિમ્ન કક્ષામાં મૂકે છે, કારણ કે તે વ્યવસ્થાની યાંત્રિક સ્થિરતાને સલામત રાખે એવા સ્વતંત્રતા ઉપરના કોઈ પણ નિયંત્રણને સ્વીકારવા રાજી હોય છે; સામે જે બીજો આદર્શ છે તે સ્વતંત્રતાને પ્રથમ સ્થાન આપે છે અને કાનૂનને એક વિરોધી દબાણ રૂપ કે એક અસ્થાયી પ્રકારની આવશ્યક બૂરાઈ રૂપ સમજે છે અથવા બહુ તો માણસ માણસ વચ્ચેના હિંસાત્મક અને આક્રમક હસ્તક્ષેપ સામે સ્વાધીનતાની સલામતીના સાધના રૂપ ગણે છે. સ્વતંત્રતાના સાધન રૂપે કાનૂનનો આવો ઉપયોગ, વસ્તુના એના વ્યકિતવાદી ખ્યાલ માટે, એના ઉદ્દેશ માટે, જરૂરી અને યોગ્ય અને કેવળ અલ્પ પ્રમાણમાં સ્વીકારી શકાય અથવા તો એને સમાજવાદી વિચારમાં છે તેમ, વધુમાં વધુ નિયંત્રણ સ્વતંત્રતાનું મોટામાં મોટું ભંડોળ બનશે કે કંઈ નહિ તો ત્યાં સુધી દોરી જશે કે નક્કી કરી આપશે એવી માન્યતા સુધી ઊંચે લઈ જઈ શકાય. વળી આપણને એ બે વિચારોનું અજબ મિશ્રણ પણ સતત મળતું રહે છે, જેમ કે મૂડીવાદીઓના કરારની સ્વતંત્રતા સચવાઈ રહે તે માટે શ્રમિક સંગઠનની સ્વતંત્રતાને રોકવાના જૂના દાવામાં મળે છે, કે પુરાણી જ્ઞાતિપ્રથાની સખ્તાઈના ભારતીય સમર્થકોના, એની આર્થિક બાજુએ રજૂ કરવામાં આવતા વિચિત્ર વિતર્કોમાં મળે — છે કે માણસને ફરજિયાત, એના વંશાનુગત વ્યવસાયમાં, એની ઇચ્છા વિરુદ્ધ એટલું જ નહિ પરંતુ એની કુદરતી વલણ અને ક્ષમતા વિરુદ્ધ, વિવશ રીતે જકડી રાખવો એ વ્યકિતને એની પૈતૃક પ્રકૃતિ અનુસાર ચાલવાના એના નૈસર્ગિક અધિકાર અને (એની એ માટેની) સ્વતંત્રતાને સલામત રાખવા બરાબર છે, વિચારોની એવી જ ગૂંચવણ આપણે યુરોપના રાજનીતિજ્ઞોની એશિયાઈ અને આફ્રિકી જાતિઓને સ્વાધીનતાના પાઠ ભણાવવાના દાવામાં જોઈએ છીએ, જેનો વાસ્તવમાં અર્થ એ છે કે એમને શરૂઆતમાં દાસત્વની શાળામાં સ્વતંત્રતાના પાઠ ભણાવવા અને પછી એમની પોતાની કોટિ અને પોતાના કાનૂનનો મુકત વિકાસ કરવાને બદલે એ

લોકો આત્મ-શાસનની યાંત્રિક પ્રગતિના પ્રત્યેક તબક્કે એમની ઉપર પરદેશી સત્તા અને ચેતનાએ ઠોકી બેસાડેલી કસોટીઓ અને ખ્યાલોને સંતોષવાની ફરજ પાડવી. આત્મનિર્ણયનો ખરો ખ્યાલ આ ગૂંચવણોને સદંતર સાફ કરી નાખે છે. એવો ખ્યાલ સ્પષ્ટ કરે છે કે સ્વતંત્રતાએ પોતાના સત્ત્વના કાનૂન દ્વારા વિકાસ કરવો જોઈએ, પોતાની અંદરથી ક્રમ-વિકાસ દ્વારા અને બહારથી બીજાંના વિચાર અને સંકલ્પ પ્રમાણે નહિ. બાકી રહે છે સંબંધોની સમસ્યા, વ્યકિતઓના સંબંધોની અને સામૂહિક આત્મનિર્ણયની બીજાના આત્મનિર્ણય પર ક્રિયા-પ્રતિક્રિયાની સમસ્યા. કોઈ યાંત્રિક સમાધાન એનો આખરી ઉકેલ નહિ લાવી શકે, પરંતુ એ કેવળ આપણા આત્મનિર્ણયના કાનૂનને અન્યોન્યાશ્રયતાના (પારસ્પરિકતાના) સર્વ-સાધારણ કાનૂન સાથે મળવાનું સ્થાન શોધી કાઢવાથી થઈ શકશે કે જ્યાં એ બન્ને એક બનવા લાગે. વાસ્તવમાં એનો અર્થ છે એક વધુ આંતરિક અને વિશાળ આત્મતત્ત્વની શોધ, નર્યા અહંભાવ કરતાં બીજા આત્મતત્ત્વની, જેમાં આપણી વૈયકિતક સાર્થકતા આપણને બીજાઓથી જુદા પાડતી નથી, પરંતુ આપણા વિકાસના પ્રત્યેક પગલે વધતી જતી એકતા માગે છે.

પરંતુ આપણે સ્વાધીન સમૂહમાં જીવન ગુજારતા સ્વાધીન વ્યકિતના આત્મનિર્ણયમાંથી શરૂઆત કરવાની છે, કારણ કે એ રીતે જ સ્વતંત્રતાના સ્વસ્થ વિકાસની આપણે ખાત્રી રાખી શકીએ અને વળી એ કારણથી પણ કે જે એકતા સિદ્ધ કરવાની છે તે પૂર્ણતા પ્રત્યે ઐચ્છિક રીતે અભિવૃદ્ધિ કરતી વ્યકિતઓની એકતા છે અને નહિ કે નિયંત્રણ નીચે એકસામટાં કામ કરતાં માનવયંત્રોથી કે દબાવી દીધેલા, ક્ષતવિક્ષત અને એક કે વધુ, નક્કી કરવામાં આવેલા ભૌમિતિક નમૂના પ્રમાણે કાપી કાઢવામાં આત્માઓની એકતા. આ વિચારને સાચા દીલથી સ્વીકારી લઈએ કે તરત આપણે માણસ ઉપર માણસના સ્વામિત્વના એ જૂના ખ્યાલથી દૂર ખસી જવું પડશે કે જે હજુ માણસોના મન પર સ્વામિત્વ ન ધરાવતો હોય તો પણ મનની અંદર છુપાતો ફરે છે. આપણા ભૂતકાળમાં સર્વત્ર આ ધારણાનાં પગલાં પડેલાં છે, બાળક ઉપર બાપના સ્વામિત્વનો અધિકાર રૂપે, સ્ત્રી ઉપર પુરુષનો, રૈયત પર રાજાના કે શાસક વર્ગના સ્વામિત્વ કે સત્તાના, વ્યકિત ઉપર રાજ્યના અધિકાર રૂપે. પ્રાચીન પિતૃસત્તાક વિચારમાં બાળક બાપની જીવતી સંપત્તિ ગણાતું હતું; એ એનું સરજન, એનું ઉત્પાદન, એની પોતાની જાતનું પુનરુત્પાદન ગણાતું હતું; ભગવાન કે વૈશ્વિક જીવન કરતાં વધારે બાપ અથવા તો ભગવાનની જગાએ બાળકના સત્ત્વના સર્જક રૂપે ઊભો હતો; અને સ્રષ્ટાને એના સૃષ્ટિ ઉપર, ઉત્પાદકને એના ઉત્પાદન પર સર્વ અધિકાર હોય છે. બાળકને પોતાના સંકલ્પ

પ્રમાણે ઘડવાનો અધિકાર બાપને હતો, બાળક એની પોતાની ખરી રીતે જેવો હતો તે પ્રમાણે નહિ, માબાપના વિચારો પ્રમાણે બાળકને કેળવવાનો અને ઘડવાનો અને કાપકૂપ કરી બાળકની પ્રકૃતિની ઊંડી આવશ્યકતાઓની દરકાર કર્યા વિના એને ઉછેરવાનો, એને પૈત્રુક વ્યવસાયમાં કે માબાપે પસંદ કરેલા વ્યવસાયમાં બાંધી લેવાનો—જે દિશામાં એની પ્રકૃતિ અને શકિત અને વલણ હોય તે દિશામાં નહિ—અને પુખ્ત ઉમ્મરનો થાય ત્યાર પછી પણ એને માટે એના જીવનનાં બધાં મહત્ત્વનાં વળાંક નક્કી કરવાનો અધિકાર હતો. કેળવણીના ક્ષેત્રમાં બાળકને એક વિકાસશીલ આત્માના રૂપમાં નહિ પરંતુ નક્કી થયેલા એક રૂઢિગત ઢાંચામાં શિક્ષકે ઢાળવાના જડ મનોવૈજ્ઞાનિક (મનોમય) દ્રવ્ય રૂપ ગણવામાં આવતું. હવે આપણે બાળક વિષે બીજી એવી ધારણા સુધી પહોંચ્યા છીએ કે બાળક એની પોતાની પ્રકૃતિ અને શકિતઓવાળો, એક સત્ત્વયુકત આત્મા છે જેને શકિતઓની શોધમાં, એની પોતાની શોધમાં, એમના પરિપાકના, પાર્થિવ અને પ્રાણિક શકિતની પૂર્ણતાના વિકાસમાં અને એની ભાવપ્રધાન, એની બૌદ્ધિક અને એના આધ્યાત્મિક સત્ત્વના ચરમ વિસ્તાર, ગહનતા અને ઊર્ધ્વતા પ્રત્યેની અભિવૃદ્ધિમાં મદદ થવી જોઈએ. તેવી જ રીતે સ્રીનું દાસત્વ, સ્રી પર પુરુષનું સ્વામિત્વ એ એક કાળે સામાજિક જીવનના પાયાનો સિદ્ધાંત મનાતો હતો અને હજુ હમણાં જ એની સામે અસરકારક પડકાર થવા લાગ્યો છે. નર રૂપ માનવ-પ્રાણીમાં આ પ્રભુત્વની વૃત્તિ એટલી પ્રબળ બની ગઈ હતી કે ધર્મે અને તત્ત્વજ્ઞાને પણ એનું અનુમોદન કરવું પડયું હતું. બહુધા મિલ્ટન જેમાં પુરુષના અહંભાવની પરાકાષ્ટા બતાવે છે તે સૂત્રના અર્થમાં, "પુરુષ માત્ર ભગવાન માટે, સ્રી પુરુષની અંદર ભગવાન માટે," જો સ્રીને માટે પુરુષ ભગવાનની જગ્યાએ ન હોય તો. આ વિચાર પણ હવે જમીન-દોસ્ત થવા લાગ્યો છે, જોકે એના અવશેષ હજુ પુરાણાં વિધાન, ચાલુ વૃત્તિ, રૂઢિગત વિચારોની હઠીલાઈના અનેક મજબૂત તંતુઓ રૂપે જીવનને વળગી રહ્યા છે; એની સામે, પોતે પણ એક સ્વતંત્ર વ્યકિત રૂપ સત્ત્વ ગણાવી જોઈએ એવા સ્રીના દાવામાં હુકમ છૂટી ગયો છે. શાસકોના શાસિતો પર સ્વામિત્વનો અધિકાર સ્વતંત્રતા અને લોકશાહીની પ્રગતિમાં નાશ પામ્યો છે; રાષ્ટ્રીય સામ્રાજ્યવાદના રૂપમાં એ હજુ ચાલુ છે, જોકે હવે રાજકીય પ્રભુત્વની વૃત્તિ કરતાં વધારે તો વ્યાપારિક લોભને કારણે; બૌદ્ધિક રીતે સ્વામિત્વાત્મક અહંભાવના આ રૂપ પર પણ ઘાતક ફટકો પડયો છે, છતાં પ્રાણિક રૂપે એ હજી ટકી રહ્યો છે. વ્યકિત ઉપર રાજ્યની માલિકી આ બધાં સ્વામિત્વોનું સ્થાન લે એવો જે ભય હતો તેનું ખરું આધ્યાત્મિક પરિણામ યુદ્ધના આકરા તેજે સ્પષ્ટ કરી દીધું છે, અને આપણે આશા રાખીએ કે માનવીની સ્વતંત્રતા

પરંતુ આ જોખમ આ વધુ સ્પષ્ટ જ્ઞાનને કારણે ઓછું થશે. કંઈ નહિ તો આપણે એ સ્થિતિએ પહોંચી રહ્યા છીએ કે જ્યાં આત્મનિર્ણયના સિદ્ધાંતને માનવજીવનની સમગ્ર રચનામાં હજુ કોઈ પૂર્ણ અને પ્રભાવક રૂપે નહિ, તો પણ એક વર્તમાન અને દબાણ કરતી શકિતરૂપ બનાવવાનું શકય બને.

આ આત્મલક્ષી દૃષ્ટિબિંદુથી વિચાર કરતાં આત્મનિર્ણયનો સિદ્ધાન્ત આપણને એકદમ પાછો આંતર-સત્ત્વના એ પુરાણા આધ્યાત્મિક ખ્યાલ પ્રત્યે લઈ જાય છે, જેનું કાર્ય એક વખત અભિજ્ઞાત અને સ્વયં-અનાવૃત થાય એટલે બાહ્ય અને યાંત્રિક આવેગોની તાબેદારીમાં ન રહેતાં પ્રત્યેકમાં આત્માની શકિતઓમાંથી આગળ થાય છે, જે એવા મૌલિક ગુણ અને સિદ્ધાન્ત દ્વારા સ્વયં નિર્ણિત થાય છે કે જેની ખુલ્લી પ્રક્રિયા છે આપણું સમગ્ર જીવન. स्वभावनियतं कर्म. પરંતુ જ્યારે આપણે આપણી પોતાની અંદર, ઊંચે ને ઊંચે આરોહણ કરીએ છીએ અને આપણા સાચા આત્મતત્ત્વને અને એની ખરી શકિત-ઓને શોધી લઈએ છીએ ત્યારે જ સ્વભાવના આ પૂર્ણ સત્યને પહોંચી શકીએ છીએ. આપણું વર્તમાન અસ્તિત્વ બહુ તો એ તત્ત્વ પ્રત્યેનો વિકાસ છે અને એટલે એક અપૂર્ણતા છે, અને એની મુખ્ય અપૂર્ણતા છે વ્યકિતનો આત્મા વિષેનો અહંભાવી ખ્યાલ કે જે સામૂહિક અહંભાવના રૂપમાં ફરી દેખા દે છે, એટલે અહંભાવયુકત આત્મનિર્ણય કે થોડા ફેરફારવાળો વ્યકિતવાદ કોઈ સાચો ઉકેલ નથી; જો એટલું જ હોય તો આપણે કદાપિ કોઈ એક પ્રકારના સમતુલન કરતાં અને પ્રગતિમાં સંઘર્ષ અને સમાધાનના આડાતેડાથી આગળ વધી શકયા ન હોત. અહંભાવ એ આત્માનું સાચું વર્તુળ નથી; અન્યોન્યતાનું જે વિધાન એને પ્રત્યેક વળાંક પર સામો મળે છે અને જેનો એ દુરુપયોગ કરે છે તે એ સત્યમાંથી નીકળે છે કે આપણા સ્વત્વ (આત્મત્વ) અને અન્યોના સ્વત્વની વચ્ચે અને તેથી આપણાં પોતાનાં અને અન્યોનાં જીવન વચ્ચે પણ એક ગૂઢ એકતા રહેલી છે. આપણા આત્મનિર્ણયના કાનૂને પોતાને બીજાઓના આત્મનિર્ણય સાથે સંલગ્ન કરવાનો છે અને અન્યોન્યતા દ્વારા એક સાચી એકતા સિદ્ધ કરવાનો માર્ગ શોધવાનો છે. પરંતુ એની ભૂમિકા કેવળ અંતરમાં મળે એમ છે અને કોઈ યાંત્રિક ફેરફાર દ્વારા નહિ. સત્ત્વના આત્મ-વિસ્તાર અને આત્મ-સાર્થકયમાં (—સાફલ્ય) એ આંતરિક જ્ઞાન થાય છે કે આ વસ્તુઓ પ્રત્યેક વળાંક પર આપણી આસપાસ રહેલાં બીજાંઓના આત્મ-વિસ્તાર અને આત્મ-સાફલ્ય (સાર્થકય) પર આધારિત છે, કારણ કે આપણે ગૂઢ રીતે એમની સાથે એકસત્ત્વ અને એકપ્રાણ છીએ. તત્ત્વજ્ઞાનની ભાષામાં એ સર્વમાં રહેલા એ એકમાત્ર સત્ત્વની પ્રતીતિ છે કે જે વિવિધ રીતે પ્રત્યેકમાં પોતાને સાર્થક (પરિપૂર્ણ) કરે છે; એ છે પ્રત્યેકમાં રહેલા દિવ્ય સત્ત્વના કાનૂનની સર્વમાં રહેલા

દિવ્ય સત્ત્વના કાનૂન સાથે ઐક્યની શોધ. સમસ્યાની કૂંચી બહારથી અંદર ચાલી જાય છે, સામાજિક અને રાજકીય સમાયોજનના બાહ્ય દેખાવોમાંથી એ આધ્યાત્મિક જીવન અને સત્યમાં ચાલી જાય છે, જે એકલાં જ આપણને એની કૂંચી આપી શકે છે.

એનો અર્થ એ નથી કે બાહ્ય જીવનની ઉપેક્ષા કરવાની છે; એની સામે સિદ્ધાન્તનું એક ક્ષેત્રમાં કે એક સ્તર પર અનુસરણ, આપણે આપણને જડ રીતે એમાં બાંધી ન રાખીએ તો બીજાં ક્ષેત્ર અને સ્તરો પર એના અનાવરણમાં સહાય કરે છે. છતાં જો આપણી અંદર એકતા નથી તો એને બહારથી કોઈ કાનૂન કે જબરજસ્તીથી અથવા તો બાહ્ય સ્વરૂપો માટેના કોઈ આગ્રહ દ્વારા લાગુ કરવાના પ્રયાસ કરીશું તો એ વૃથા છે. યાંત્રિક દબાણની પેઠે બૌદ્ધિક આગ્રહ પણ પર્યાપ્ત નથી; કેવળ આધ્યાત્મિક તત્ત્વ જ એ આપી શકશે, કારણ કે કેવળ એમાં જ સાક્ષાત્કારની વિશ્વસ્ય શકિત છે. આત્મા વિષેનું પ્રાચીન સત્ય શાશ્વત સત્ય છે; આપણે એની પ્રત્યે પાછા વળવાનું છે કે જેથી એને પ્રાચીન જગત જેને માટે તૈયાર નહોતું એવા વધુ નવા અને વધુ પૂર્ણ માર્ગોએ ચરિતાર્થ કરી શકાય. પોતાનામાં અને માનવમાત્રમાં દિવ્ય સત્ત્વનું અભિજ્ઞાન અને સાર્થકય, પોતાની અંદર અને જગતમાં ભગવાનનું રાજ્ય એ ભૂમિકા છે, જેની ઉપર માણસ અંતે પોતાની,— એક મુકત સ્વયં-નિર્ણિત સત્ત્વના રૂપમાં અને માનવજાતિને પણ પરસ્પર સ્વામિત્વવાળા આત્મવિસ્તારમાં એક સંવાદમય સ્વયં-નિર્ણિત સંયુકત અસ્તિત્વરૂપે સંપ્રાપ્તિ કરવી જોઈએ.

# રાષ્ટ્રસંઘ

પ્રાચીન પરંપરા, કોઈ આદિમ અતીતના શૈશવકાળમાં થઈ ગયેલા માનવજાતિના સુવર્ણયુગમાં માનતી હતી; એની દૃષ્ટિ મૌલિક પૂર્ણતાના કોઈ પ્રરૂપ કે પ્રતીક રૂપ શનિયુગ, સત્યયુગ, સરળ સત્ત્વ અને ઐચ્છિક એકતાના યુગ પર હતી જ્યારે સ્વર્ગના પુત્ર માનવજીવન અને મનના હતા અને ભગવાનનો કાનૂન, નિષ્પ્રભ ગ્રંથોમાં નહિ પરંતુ મનુષ્યના હૃદયના ફલકો પર લખાયો હતો. જ્યારે એને બૂરાઈમાંથી રોકવા માટે કોઈ બાહ્ય કાનૂન કે શાસનની અથવા તો એના સત્ત્વને સામાજિક આદર્શના યંત્રનિર્મિત પ્રોક્રસ્ટિયન ઢાંચામાં કાપીકૂપી પૂરવા માટે જબરજસ્તીની જરૂર નહોતી કારણ કે એનાં અંગોમાં, એની સ્વતંત્રતાના સાહજિક અને પર્યાપ્ત સંરક્ષણ રૂપે એક નૈસર્ગિક દિવ્ય શાસન કામ કરતું હતું. આ પરંપરા એક વખતે એવી વ્યાપક હતી કે કોઈને પણ એમાં એક સુવર્ણ અને ભવ્ય સિદ્ધિની જાતીય સ્મૃતિ, કદાચ કોઈ એક ચમત્કારિક પ્રારંભની નહિ પરંતુ કોઈ અતીતની આવર્ત શિખા કે શિર્ષની, યુગચક્રોના કોઈ પરમ ઉચ્ચ, જ્વલંત અને ઊર્ધ્વગામી તોરણની સ્મૃતિ જોવાનું મન થાય,— જો એટલો જ સંભવ નહોત કે, એ માત્ર માનવમનની આદર્શ માટે પાછળ જોતા રહેવાની અતિ સામાન્ય વૃત્તિ, કે જે ભૂતકાળને કોઈ સંદર્શ કે માપની બહાર કીર્તિમંત બનાવી દે છે, એની છાયાઓ ભૂંસી નાખી એને કોઈ ધુમ્મસ કે તેજાભાસમાં વર્તમાનના નિકટ અને ગાઢ છાયા પટ પર જુએ છે અથવા તો એની અંદરની એવી કોઈ દિવ્ય, શુદ્ધ અને પૂર્ણ વસ્તુના ભાનના ચિત્રપાત રૂપે કે જેમાંથી એનું, એ પ્રતીકાત્મક કથામાં છે તેમ શાશ્વતિમાં નહિ પણ કાલમાનમાં, આંતરિક રીતે એના આધ્યાત્મિક સત્ત્વમાં નહિ પરંતુ બાહ્ય રીતે એના ધૂંધળા અસ્તિત્વમાં, પૃથ્વીના આ ખાડાટેકરાવાળા અને સતત બદલાતા જતા પોપડા પર પતન થયું છે. આપણને વધારે લાગેવળગે છે તે એ છે કે આપણે ઘણી વાર આ સ્મૃતિ સાથે કે આ પશ્ચાદ્દર્શી ભ્રમણા સાથે જોડાયેલી એક દૂર કે નિકટ, અથવા તો કોઈ વધુ ચોક્કસ પેગંબરી કે ધાર્મિક અગ્રદર્શી પરંપરા પણ જોઈએ છીએ — આપણી ઉપર પાછી આવતી એ સ્વર્ણીમ પૂર્ણતા.

આસ્ટ્રેઈઆ રેદુક્ષ, સેટર્નિયા રેગ્નાની—આપણે કહીએ કે યુગચક્રની નીચે ઊતરતી રેખામાંથી કદાચ બીજી એથી યે વધુ ઊર્ધ્વ અને ઉજ્જવળ શિખા કે શિર્ષ પ્રત્યે પુનરાવર્તનની. આમ માનવમન કે જે હમેશાં આગળ અને પાછળ જુએ છે તેમાં આદર્શ અતીતના સ્વપ્ને આદર્શ ભાવિના એક મહત્તર સ્વપ્નરૂપે એની પૂર્ણતા સાધી.

આ વસ્તુઓમાં વિશ્વાસ રાખવો એ અર્વાચીન માનવ માટે, એના વૈજ્ઞાનિક અને ધર્મ-નિરપેક્ષ માનસને લીધે, બહુ કઠિન છે, સિવાય કે એણે પ્રથમ પોતાને ઈશ્વરાભિમુખ કે ગૂઢ વિદ્યા પ્રત્યે અભિમુખ કરી, પ્રત્યક્ષવાદી વૈજ્ઞાનિક બુદ્ધિમાંથી એક સૂક્ષ્મ સ્વતંત્રતામાં મુક્ત કરી લીધો હોય. જે વિજ્ઞાન આટલી દૃઢતાથી, આપણી જાતિના ઉદ્દાત રીતે પૂર્ણ અને આશ્ચર્યજનક વિકાસને એક પ્રમાણમાં ત્વરિત સીધી રેખામાં, વાનર–માનવથી માંડી મિસ્ટર લોઈડ જ્યોર્જની આંજી નાખે પરંતુ હાથમાં ન આવે એવી ચલાયમાન પ્રતિભા અને રોકફેલરની અજીર્ણદાયક મહાનતા સુધી દોરી આપે છે, તે વિજ્ઞાન પ્રાચીન જ્ઞાનની પરંપરાઓનો એમને સ્વપ્નો કે કાવ્યમય કલ્પનાઓ ગણી અસ્વીકાર કરે છે. પરંતુ આપણી આ ખોટ પૂરવા વિજ્ઞાને બદલામાં આપણને (આધુનિક પ્રગતિનું અને બુદ્ધિગમ્ય અને યાંત્રિક રીતે પૂર્ણ બની શકે એવા સમાજની ભાવિ આશાનું) એક વધુ વ્યવહાર્ય, સ્થિર અને વર્તમાન દર્શન આપ્યું છે : હજુ બાકી રહેલો એ એક ખરો ધર્મ છે, પ્રત્યક્ષતાવાદી સમાજવિદ્યાની આધુનિક માન્યતાનું નૂતન યરૂસલમ. આદર્શ અતીતે હવે એની આકર્ષકતા ગુમાવી છે, પરંતુ ભાવિનું એક સૂજબૂજવાળું આકર્ષણ આપણી પાસે લાવવામાં આવ્યું છે અને તે સર્જનાત્મક માનવબુદ્ધિ સામે વાસ્તવિકતાનો રંગ ધારણ કરે છે. એશિયાઈ માનસ હજુ ખરેખર અસાધ્ય રીતે કલ્પનાના એ વધુ જૂના પ્રકાર પ્રત્યે વલણવાળું રહ્યું છે જેણે ક્રાઈસ્ટના પુનરાગમન, ભગવાનના નગર, દિવ્ય કુટુંબ, મસીહા, મહેદી કે અવતાર જેવાં કેટલાંયે પ્રેરણાદાયી રૂપ લીધાં હતાં અને હજુ લે છે,— પરંતુ રૂપની ગમે તેવી વિવિધતા છતાં સાર એનો એ જ છે, એક શકય ભાવિ માનવજાતિનું ધાર્મિક કે આધ્યાત્મિક આદર્શીકરણ. યુરોપી સ્વભાવ માગે છે કોઈ ઓળખી શકાય એવી પાર્થિવ અને ઇન્દ્રિયગમ્ય વસ્તુ, વિકસતી માનવજાતિનું એક ધર્મ-નિરપેક્ષ, સામાજિક, રાજકીય સ્વપ્ન, એક પૂર્ણ લોકશાહી, સમાજવાદ, સામ્યવાદ, અરાજ્યવાદ. અને આપણે બધા, અત્યારે ઉપરથી તો ધોળા, ઘઉંવર્ણા, પીળા કે યુરોપીયો બનવા પ્રયત્ન કરીએ છીએ. પરંતુ આપણે જે કોઈ બાજુ લઈએ અને તે સત્ય હોય કે ભ્રમણા, પાછળ રહેલી વસ્તુ એક જ છે અને તે આપણા માનવમનની અને કર્માભિમુખ સંકલ્પશકિતની આવશ્યકતા હોય એમ દેખાય છે. આપણે કોઈ પ્રકારના

ભવિષ્યાભિમુખ આદર્શવાદ સિવાય ચલાવી શકીએ તેમ નથી. આપણે આપણી અંદરથી તેમજ જીવનમાંથી વ્યકિતગત રીતે અને સામૂહિક રીતે કોઈ રચનાત્મક કામ કરવું જ જોઈએ, સિવાય કે આપણે અર્ધી બનેલી અને અર્ધી પશુવત્ રહેલી માનવતાની સામાન્યતાથી અને અથડાતી પછડાતી નિત્યચર્યાથી સંતુષ્ટ રહેવા માગતા હોઈએ,—અને માણસ જો પૂર્ણતાના કોઈ એક વિચાર અને રૂપની ધારણા નથી કરી શકતો અને કરી શકે તો પ્રકૃતિના ગમે તેવા ઉપદ્રવી કે અક્કડ દ્રવ્યમાંથી પણ એ ધારણાને સિદ્ધ કરવાની એની શકિતમાં એને વિશ્વાસ નથી હોતો તો એ કદાપિ, કળામાં કે જીવનમાં કોઈ મહત્ત્વપૂર્ણ રચના કરી શકતો નથી. પૂર્ણતા માટેની એની શકિતમાં આ શ્રદ્ધા એની પાસેથી છીનવી લો અને તમે એની સૌથી મોટી સર્જનની કે આત્મસર્જનની શકિતને હણી નાખશો કે ક્ષતવિક્ષત કરી દેશો. તો પછી આધ્યાત્મિક રીતે સંયુકત અને સંપૂર્ણ બનેલી માનવજાતિ વિષેના એ ઉચ્ચતર અને ગહનતર આદર્શની વ્યવહાર્યતાના અભાવમાં સામાજિક અને રાજકીય સુધારાવાદનું સ્વપ્ન, માનવજાતિની આગેકૂચ માટે સૌથી પ્રબળ અને સુલભ પ્રોત્સાહનરૂપે સ્વીકારી શકાય. માનવજાતિ પાસે બિલકુલ કોઈ આદર્શ ન હોય, વધુ વિશાળ, વધુ સારા અને વધુ મધુર જીવનની કોઈ તસવીર ન હોય તેના કરતાં તો એની પાસે કોઈ એક ઉદ્ધારક યાંત્રિકતાનો આદર્શ હોય તે પણ વધુ સારું છે.

એક વધુ પૂર્ણ બનેલા, બુદ્ધિપ્રધાન અને શાન્તિપૂર્વક સહકારમાં કામ કરતા સમાજના આ ઐહિક, સોનેરી કે અર્ધસોનેરી સ્વપ્ને હમણાં માનવજાતિના ક્રિયાક્ષમ કલ્પનાતંત્રમાં એક અનોખું પગલું લીધું છે અને એ સ્વપ્નને વ્યવહારમાં મૂકવા આરંભનું એક પગલું ભરવાનો પ્રયાસ પણ કર્યો છે. આદર્શ અને કલ્પનામાં એણે રાષ્ટ્રોના એક રાજકીય અને આર્થિક સમાજનું રૂપ લીધું છે કે જે યુદ્ધરૂપી ક્રૂર અને વિનાશકારક કરામતને દૂર કરશે, એક આંતરરાષ્ટ્રીય કાનૂન અને વ્યવસ્થાનું રાજ્ય સ્થાપશે અને ઘર્ષણ કલહ કે અથડામણી વગર, બુદ્ધિપૂર્વક, સહકારથી, લવાદી અને પરસ્પર સમાધાન દ્વારા એ વધુ જોખમી સમસ્યાઓનો ઉકેલ કરશે કે જે હજુ માનવજાતિની હોવી જોઈએ તેવી સુખશાન્તિ, મૈત્રી અને વ્યવસ્થિત ઉત્પાદનની અવસ્થામાં દખલ કરે છે કે એને સંકટમાં મૂકે છે. આંતરરાષ્ટ્રીય શાન્તિ, જગતના વ્યવહારોની અમલી વૈધિકતા અને વ્યવસ્થા, પ્રતિશ્રુત સ્વતંત્રતા,— અયોગ્ય માટે સ્વતંત્રતા માટે તૈયારી અને પ્રશિક્ષણ,— જાતિના જીવનની સુઘટિત એકતા આ છે અત્યારે આપણને જે સુવર્ણયુગનું વચન આપવામાં આવે છે તેની તસવીર. પહેલી નજરે આપણને એમાં કંઈક ખૂટતું હોય એમ લાગે છે, એવો વહેમ રહે છે કે એક અતિ બાહ્ય અને ઘડિયાળ જેવી અતિ યંત્રિત પૂર્ણતા છે. અને બીતો બીતો વિચાર

આવ્યા કરે છે કે એ યોજના એના પેગંબરો દાવો કરે છે એટલી જલદીથી વ્યવહારમાં મૂકી શકાય એવી અને ગીતો ગાવા જેટલી મનોહર નહિ હોય. કોઈને પણ પૂછવાનું મન થાય કે તો પછી માનવીના આત્માનું અને એની ભાવનાનું શું, આંતરિક પૂર્ણતાની મહત્તાનું શું કે જે એકલી જ એના બાહ્ય જીવનની સૌથી આદર્શ યોજનાને પણ આધાર અને સલામતી અને કોઈ એક પ્રકારની ચૈતિસિક વાસ્તવતા આપી શકે એમ છે,— એ કેટલી આગળ ગઈ છે કે નજીકના ભવિષ્યમાં જવાની છે અથવા તો એ નવી વ્યવસ્થા એ પૂર્ણતાની વૃદ્ધિ અને સંતુષ્ટિ માટે કયા ઉપાય લેવાનો અને કેવા અવસર આપવાનો પ્રસ્તાવ કરે છે. પરંતુ બેશક વસ્તુઓ પ્રત્યે જોવાનો આ અતિ અભૌતિક માર્ગ છે. વ્યવહારપ્રિય પાશ્ચાત્ય માનસ આવી સૂક્ષ્મ-તાઓ અંગે બહુ તસ્દી લેતું નથી; કારણ કે એને કંઈક કરી લેવું એ માણસનું જીવનમાં મુખ્ય અને ખરું કર્તવ્ય હોય એમ દેખાય છે, હાથ પર લીધેલી વસ્તુ માટે ત્વરા કરવી અને કંઈક ઉપયોગી, દૃષ્ટિગોચર અને ઇન્દ્રિયગમ્ય, સક્રિય આરંભ રૂપે કે આગળના પગલા તરીકે પૂરતું સારું હોય એવું કંઈક સંપન્ન કરવું એ એને ગમે છે અને તે યોગ્ય પણ છે. વળી એ માનસ માણસનું જીવન એના બૌદ્ધિક અને આધ્યાત્મિક આદર્શને અનુ-કૂળ રહે એવું બનાવવાની કાનૂન અને સંસ્થાની સર્વશકિતમત્તામાં માને છે; એ જો વિધાનોની એક સારી અને અનુકૂળ સંહિતા, એક કરાર કે બંધારણ લખી લે અને એમની પીઠે જરૂરી શકિતનો બંદોબસ્ત કરી લે એના વિચારને અમલી બનાવવાનાં યાંત્રિક સાધન ઊભાં કરી લે, એક કાર્યવાહક તંત્રનું અસરકારક સ્વરૂપ રચી લે તો એને સંતોષ થાય છે. બીજી ઓછી સ્થૂલ વસ્તુ-ઓનો વિકાસ, જો બિલકૂલ અનિવાર્ય હોય તો, સારી યાંત્રિક વ્યવસ્થામાં આપોઆપ થશે એવી અપેક્ષા રાખવામાં આવે છે.

આ વલણ માટે સારાં તાત્ત્વિક અને વ્યવહારુ સમર્થન રજૂ કરી શકાય એમ છે. રૂપ, ગમે તેમ તોયે, ચિદાત્મા માટે અસરકારક ઇંગિત છે; જેમ દેવળો અને ધર્મો પણ માનતાં આવ્યાં છે તેમ યંત્ર (તંત્ર કે સંસ્થા) સર્વશકિતમાન છે અને તમને આત્મા પાસેથી જે કંઈ જોઈતું હશે તે યંત્ર પેદા કરી આપશે એવી શ્રદ્ધા રાખી શકાય. ભગવાનને પોતાને કે પટીયસી પ્રકૃતિને પણ પ્રથમ એક વિશ્વ રૂપ યંત્ર અને આકૃતિની યોજના તૈયાર કરવી પડી હતી અને ત્યાર પછી જ એના બીબામાં આત્માની કોઈ આકૃતિ તૈયાર કરી શકાઈ હતી. એટલે મોટી આશાનું ચિહ્ન માણસો માટે શાંતિ અને સુખાકારીનો શુભ સંદેશ એ નથી કે એક નવીન અને વધુ દિવ્ય અથવા તો ટૂંકમાં એક વધુ માનવીય ભાવના માનવજાતિમાં જન્મી છે, એના નેતાઓમાં તે ઊતરી છે અને

એના અહંભાવી, આવેશપૂર્ણ, હિતાસકત કોટયાવધિ લોકોમાં ફેલાઈ છે, પરંતુ શુભ સંદેશ એ છે કે પારીસમાં મુખ્ય પ્રધાનો અને પ્રમુખોના આશિર્વચન સાથે એક સંસ્થા પેદા કરવામાં આવી છે, મહાન રાષ્ટ્રો અને સામ્રાજ્યોની સૈનિક શકિતના ટેકા સાથે, અને એ કારણથી બેશક વ્યવહાર્ય, સમૃદ્ધ અને સફળ બને તેવા આંતરરાષ્ટ્રીય સમાજનું સંવિધાન તૈયાર કરવામાં આવ્યું છે જે યુદ્ધ, સૈનિકવાદ, જુલમ અને શોષણને ભૂતકાળના બીભત્સ સ્વપ્ન સમાન બનાવી દેશે, સંપત્તિ અને શ્રમને, સિંહ અને ઘેટાને શાન્તિથી એકબીજા સાથે રહેવા સમજાવી શકશે અને નહિ કે જેમ દુષ્ટ બોલ્શેવિકવાદ (બહુમતવાદ) કહે છે તેમ બીજું પહેલાના પેટમાં હજમ થઈ જાય તે રીતે, અને આમ ખરેખર બહુ વખત થઈ જાય તે પહેલાં, આશા રાખવામાં આવે છે કે દૂર ભવિષ્યમાં નહિ પણ અવિલંબે માનવજાતિની મહાન બિરાદરી અસ્તિત્વમાં લાવશે. આ સારા સમાચાર છે, સાચા હોય તો. છતાં આપણે આભારદર્શન માટે દેવળોમાં જઈએ તે પહેલાં થોડા થોભીએ અને આ નવા લાલ ચમત્કારને ઝીણી નજરે જોઈ લઈએ.

એમ દેખાય છે કે જૂની, અન્યાયી સત્તાઓની તુલાઓ અને ઠોકરો ખાતાં કંકાસ કરતાં મંડળોનું સ્થાન લેવા જે એક ન્યાયપરાયણ, ઉદાર, મૈત્રીયુકત અને વિધિવિહિત વસ્તુની રચના કરવામાં આવી છે તે છે રાષ્ટ્રસંઘ. અને જો એ સંઘે જે શિથિલ, નિષ્ફળ અને સહેલાઈથી ઓગળી જાય એવી વસ્તુઓનું સ્થાન લેવાનું છે તેના કરતાં વધુ સફળ થવું હોય તો, કોઈને પણ લાગે કે એણે અમુક શરતો પૂરી કરવી પડશે કે જે પૂરી કરવાનો એ જૂની વસ્તુઓએ પ્રયત્ન કર્યો નહોતો. અને પહેલી નજરે અનિવાર્ય લાગતી શરતો નીચે પ્રમાણે રાખી શકાય. પ્રથમ, આ રાષ્ટ્રસંઘે એક યા બીજી રીતે જગતનાં બધાં વર્તમાન રાષ્ટ્રોને એના વર્તુળમાં લેવાં જોઈએ; અને તે એણે ન્યાયી અને રુચિકર ધોરણે કરવું જોઈએ કે જેથી રાષ્ટ્રો સ્વેચ્છાએ અને ખુશીથી તથા કોઈ ગંભીર આશંકાઓ, પ્રતિબંધો કે હદ્દાહ વિના જોડાય, એણે પ્રત્યેક અને સર્વ રાષ્ટ્રોને યોગ્ય અને અસરકારક, અને લોકશાહીના આ દિવસોમાં આપલે ઉમેરવું જોઈએ કે પ્રજાઓના આ સમાજમાં, સંમાનિત અને સમાન સ્થાન આપી સંતોષવાં જોઈએ. એણે જો આ બીજી રીતે અસ્થિર સંબંધને ટકાવી રાખવો હોય તો રાષ્ટ્રોની નૈતિક સંમતિ અને આધાર મેળવવો જોઈએ અને ટકાવી રાખવો જોઈએ, અને તે માટ સતત, માત્ર નિર્માણ વખતે નહિ પરંતુ ભવિષ્યમાં પણ, પોતાનો આધાર કોઈ સ્વાર્થદર્શી વિધાન પર કે અત્યારે સૌથી શકિતશાળી હોય એવાઓની આપમતિયા સંકલ્પ પ્રમાણે નક્કી કરેલી નિયમાવલી પર નહિ પરંતુ કોઈ દૃઢ, માન્ય થઈ શકે અને સામ્ય અને ન્યાયનો હમેશાં વિકાસ કરી શકે એવા સિદ્ધાન્ત પર રાખવો જોઈએ, કારણ કે જ્યાં આ વસ્તુઓ હોય છે ત્યાં જ

કોઈ નૈતિક પ્રતિશ્રુતિ (જવાબદારી) અને સલામતી હોય છે. રાષ્ટ્રસંઘના સંવિધાનમાં બધા કઠણ, નાજુક અને મૂંઝવતા પ્રશ્નોના ઉકેલ માટે વિશ્વાસ-પાત્ર સાધનો પૂરાં પાડવાં જોઈએ, કે જે હવે પછી એ આંતરરાષ્ટ્રીય સમાજના અસમવયસ્ક અને સંદિગ્ધ માળખાને જોખમમાં મૂકે એમ હોય, અને એ ઉદ્દશથી એક એવી કાયમી, કેન્દ્રીય અને મજબૂત સત્તાનું સ્થાપન કરવું જોઈએ જેને બધાં રાષ્ટ્રો માનવજાતિના સામૂહિક સત્ત્વના એક સ્વાભાવિક શિખર અને વિશ્વસ્ય અને સક્રિય આવિર્ભાવ રૂપે સહેલાઈથી માન્ય રાખી શકે અને સ્વીકારી શકે. કોઈ પણ કહી શકે કે આ કોઈ નિહારિકા જેવી કે કલ્પનામય કે અતિ આદર્શ માગણીઓ નથી, પરંતુ જેનો વિચાર થઈ રહ્યો છે તેવી હજુ શિથિલ એકીકરણની કોઈ પદ્ધતિની વ્યવહારુ આવશ્યકતાઓ છે, એવી શરતો કે જે એણે પહેલેથી અને વધતે જતે અંશે પૂરી કરવી જોઈશે, એ મહાપ્રયાસની અતિકાય મુશ્કેલીઓમાંથી પસાર થવું હોય તો, અને જેમ જેમ પ્રગતિ થાય તેમ તેમ જાતિના આંતરરાષ્ટ્રીય માનસની નૈસર્ગિક અહંભાવની વૃત્તિઓ અને બદ્ધમૂલ આદતોના મોટા ભાગને અસ્તિત્વમાંથી કાઢી નાખવી પડશે.

આ નવું ભીમકાય બાળક અસ્તિત્વમાં આવ્યું છે, યુદ્ધ રૂપી બાપ અને શસ્ત્રસજ્જ અને પરાણે ઠોકી બેસાડેલી શાન્તિ રૂપી માવાળું, ઝઝૂમતી અને ક્રૂરતાથી દબાવી દેવામાં આવેલી ક્રાન્તિઓ, કપાઈ ગયેલાં અંગવાળા આંતર-રાષ્ટ્રીય આદર્શવાદ અને ઘણા અર્ધા ચોકઠાવાળા અને હમણાં જ લગામ પહેરાવેલા પરંતુ ઉછાળા મારતા રાષ્ટ્રીય અહંભાવો રૂપી સાક્ષીઓ અને ધર્મનાં માબાપવાળું, તેનું ભાવિ આ દૃષ્ટિએ જોવામાં આવેલું, થોડાં આશાસ્પદ તત્ત્વો છતાં, સર્વદા સંતોષપ્રદ દેખાતું નથી. એના અવધારણના સંયોગો પ્રતિકૂળ હતા અને વિજયી રાષ્ટ્રોના શાસકો અને રાજધુરિણોના માનસમાં, એમના વિજયની વિરાટતા અને મદમત્ત બનાવી દે એવી સંપૂર્ણતાથી જે સહસ્રગુણ વિકટ બની ગયો છે તે આત્મસંયમના સખત પ્રયાસ વિના કોઈ થોડા પણ પૂર્ણ પરિણામની અને શુભ પ્રારંભની આશા રાખી શકાતી નહોતી. આ જે સંઘ હવે એના સર્જનની છેલ્લી વેદનામાં છે તે જગતની સર્વ પ્રજાઓના એકતા પ્રત્યેના શાંતિપૂર્ણ સમાન અને સંયુકત સંકલ્પનું ઐચ્છિક સર્જન નથી. ધિક્કાર, વેર, શંકા અને જગદ્વ્યાપી અશાન્તિ અને વિદ્રોહનાં નવાં અને ભયાનક ક્ષેત્રો ઉઘાડતી ભાતીગરીવાળા ખૂનખાર વિશ્વયુદ્ધની મહેચ્છાઓના વારસાની છાયા નીચે એ અસ્તિત્વમાં આવ્યું છે. એની વૃદ્ધિ થઈ છે માનવજાતિના આંતરરાષ્ટ્રીય જીવનમાં હિંસાત્મક આપત્તિઓને ભવિષ્યમાં ટાળવા માટેની અસ્પષ્ટ પરંતુ પ્રબળ અભિલાષામાં,— શાસનકારો કે શાસક વર્ગોના કરતાં વધુ તો રાષ્ટ્રોના જનસમુદાયમાં ફેલાયેલી અને ત્યાં પણ બધામાં સમાન રીતે નહિ ફેલાયેલી એવી

અભિલાષામાં. એને ખરેખરા અને તાત્કાલિક અસ્તિત્વમાં ઉતારવામાં આવ્યું છે એક પ્રસિદ્ધ અને આદર્શવાદી રાજધુરીણના દૃઢ નિશ્ચયથી, કંઈક ફેરફાર સાથે અને કહીં કહીં એના આદર્શવાદમાં અમુક અંશે માનતા કે બિલકૂલ નહિ માનતા બીજા લોકોની અનૈચ્છિક સંમતિ સાથે, એક માણસ જે સંયોગોએ એને આપેલી ઉચ્ચ પદવીની મદદથી અને એમના ઉપયોગમાં એની નમનીય હઠીલાઈથી, એના આદર્શની કોઈ છાયા કે કોઈ પ્રથમ અપૂર્ણ આકૃતિ — એ બેમાંથી કયું બનશે એ તો ભવિષ્ય જ બતાવી શકે — ઘટનાઓના સ્થૂલ પ્રવાહ અને સરકારો અને સામ્રાજ્ય રાષ્ટ્રોના (પ્રત્યક્ષવાદી) વાસ્તવવાદી અહંભાવો પર પાડી શક્યો. પરંતુ અત્યારે વર્તમાન છે તે ઘટનામાં, જે વિશાળ અને પૂર્ણ આદર્શ સહિત એણે એનું કામ શરૂ કર્યું હતું તે તો રાષ્ટ્રીય આવેગો, મહેચ્છાઓ, સ્વાર્થ અને સંયોગો જે બધા આદર્શો છતાં હજુ આપણા જીવનના મુખ્ય અને નિર્ણાયક ઘટકો છે તેમની શક્તિના દબાણથી એટલો તો વિક્ષિપ્ત થઈ ગયો છે કે જે ચોક્કસ વ્યવસ્થા કરવામાં આવી છે તેમાં કોઈ વસ્તુ પર હાથ મૂકી શંકા કે ફીકર વગર એમ કહેવું મુશ્કેલ છે કે જે ઉચ્ચ સિદ્ધાંતને નામે યુદ્ધ લડવામાં અને જીતવામાં આવ્યું તેમનું આ મૂર્તિમંત રૂપ છે. આ કારણે આશ્ચર્ય પામવાનું કે નિરાશ થવાનું નથી. જે લોકો અનુભવ કરતાં આશાઓ પર વધુ વિશ્વાસ રાખતા હતા તેમની વાત જુદી છે. આપણે એટલું જ જોવાનું છે કે પ્રજાઓના આ નવા મંડળની ભાવિ સલામતી અને વિકાસ માટે એ ઉચ્ચ મૌલિક સિદ્ધાંતો શું જરૂરી હતા અને જો હતા તો જે સ્વરૂપોમાં એ અત્યારે સદેહ થવાને બદલે દટાઈ ગયેલા જણાય છે તેમાંથી બહાર આવવાનો કેટલો અવસર કે કેવો સંયોગ છે. અને એનો આધાર, પહેલાં જણાવી એ શરતો કેટલા પ્રમાણમાં પૂરી કરવામાં આવી છે કે રાષ્ટ્રસંઘના પ્રારંભિક બંધારણમાંથી વિકાસ પામી શકે એમ છે, તેની ઉપર છે.

કાર્ય કરી શકે એવા રાષ્ટ્રસંઘે માનવજાતિનાં બધાં વર્તમાન રાષ્ટ્રોનો પોતાની અંદર સમાવેશ કરવો જોઈએ; કારણ કે કોઈ નોંધપાત્ર વિલોપન કે બહિષ્કાર લગભગ અનિવાર્ય રીતે ભાવિ જોખમના, સંભાવિ મતભેદ કે સંઘર્ષના, કદાચ ઈર્ષ્યાળુ વિરોધી ટોળીઓની જમાવટનાં તત્ત્વોને અંદર લાવશે જે બીજી અને વધુ પ્રચંડ વિપત્તિ પ્રત્યે જરૂર દોરી જાય. એની બાહ્ય આકૃતિમાં આ નવો સંઘ કોઈ રીતે વૈશ્વિક રૂપનો નથી દેખાતો. પ્રગટ રૂપે એ માત્ર વર્તમાન મિત્રો અને સહાયકોનું એક મંડળ છે. પહેલી પંક્તિમાં વિશ્રંભી અને અધિકારયુક્ત પાંચ મોટાં અને શક્તિશાળી સામ્રાજ્યો કે રાષ્ટ્રો ઊભાં છે,— આંધીથી અક્ષુણ્ણ રહેલી શક્તિ સાથે ઊભી રહેલી એકલી મોટી સત્તાઓ, અને એમાંની બે ખરેખર શક્તિ, લાગવગ અને પ્રાદેશિક વિસ્તારની પ્રચંડ વૃદ્ધિ સાથે; એમની

પાછળ અનેક નાની યુરોપી અને અમેરિકી પ્રજાઓ ઝાંખી ઝાંખી અને બિન-અસરકારક રીતે ટોળે વળી છે, જે કાં તો એ પાંચ સત્તાઓની સહાયક કે યુદ્ધમાં પક્ષકાર હતી, અને એક નિર્બળ અને અસ્તવ્યસ્ત પૂર્વીય મગરમચ્છ; પરંતુ આ બધાં સંઘના બંધારણનું સ્વરૂપ નક્કી કરવામાં કે એના નિયંત્રણ અને શાસનમાં કાં તો એક ઉદાસીન સંમતિ કે તાબેદાર સહકારના રૂપનો ભાગ લેતાં જણાય છે,— અને ખરેખર વધુ અંશે પહેલી અને બહુ થોડે અંશે બીજી રીતે. અને આ મંડળે જાહેર કરેલો ઉદ્દેશ પણ જગતને કોઈ સુયોજિત ઐકયના આરંભમાં ગૂંથી લેવાનો નથી,—એ તો જ બની શકયું હોત જો બધી પ્રજાઓએ સ્વેચ્છાએ અને સમાનતાના ધોરણે આ વિચારણાઓમાં ભાગ લીધો હોત, જ્યારે વસ્તુતઃ બધી બાબત યુદ્ધમાં જીતેલાઓએ અર્ધી છૂપી સભામાં ઉતાવળથી ગોઠવી લીધેલી છે અને મુખ્યત્વે અગ્રેસર પાંચ મહાસત્તાઓની ઈચ્છા પ્રમાણે ઘડી લીધેલી છે. એનો ઉદ્દેશ સંઘના સભ્યોનાં હિતોને અને એમના પરસ્પર સંબંધોને વિધિ, અનુબંધ (કરાર), વિમર્શ અને લવાદથી તથા એમના સંઘ બહારનાં અન્ય રાજ્યો સાથેના સંબંધોને પણ બને ત્યાં સુધી એ જ રીતે ઉકેલવાનો છે; એ આટલો જ છે અને શરૂઆતમાં કંઈ વધારે નથી. પરંતુ બહાર રહેલાં રાષ્ટ્રોને અમુક નક્કી કરેલા વખત દરમિયાન દાખલ થવા માટે દ્વાર ખુલ્લું રાખવામાં આવ્યું છે, એ શરતે કે સંઘની પદ્ધતિનો વાંધાવચકા વગર એ સ્વીકાર કરી લે, જેની રચનામાં એમનો કોઈ હાથ નહોતો અને છતાં જેની નીચે એમને પડશે. બીજી બાજુએ બહાર નીકળવાનું દ્વાર પણ રાખવામાં આવ્યું છે, સંઘમાંથી હવે પછી ખસી જવા માગતું હોય તે રાષ્ટ્રને માટે અને જો મોટી સત્તાઓમાં કુસંપ પ્રવેશ કરે તો આ જોખમી પરંતુ ચાલુ સંયોગોમાં કદાચ અનિવાર્ય ઉપબંધ, સહેલાઈથી આંશિક ઐકયના આ હાલતા ડોલતા પ્રથમ માળખાને આપોઆપ છુટ્ટો પડવા તરફ દોરી જાય.

પરંતુ પરિસ્થિતિની વાસ્તવિકતાઓ અને શકયતાઓ કાગળ પરના ઉપબંધો કરતાં વધુ સાનુકૂળ છે. જે રાષ્ટ્રોને હજુ સમાવિષ્ટ નથી કરવામાં આવ્યાં — બે મોટા જોખમકારક અપવાદ સિવાય એ નાનાં અને ભાર વગરનાં છે અને બહાર રહેવાથી એમની સ્થિતિ એવી અડચણવાળી થઈ જશે કે દરેક પ્રસંગે એ આ પ્રચંડ સંગઠનની દયા પર એટલી બધી નિર્ભર રહેશે, કારણ કે એ પાંચ પ્રભાવક સત્તાઓ જો દૃઢ નિશ્ચયી અને સંયુકત રહેશે તો બધાં છુટ્ટાં રહેલાં રાષ્ટ્રોની ઉપર સહેલાઈથી એમનો સંકલ્પ, બધા વિરોધીઓ સામે જોરથી અમલમાં મૂકી શકશે,— એમ માની શકાય કે એવાં રાષ્ટ્રો સંઘની શરતો વત્તા કે ઓછા રાજીપા સાથે કબૂલ રાખશે અને કંઈ નહિ તો બહાર રહેવાના એમના થોડાં વરસના અનુભવ પછી દાખલ થઈ જશે. અને આવતાં કેટલાંક

વરસોમાં, મોટી સત્તાઓને પણ છુટ્ટી પડી જવાનાં કોઈ મજબૂત કારણો મળે એવો સંભવ નથી અને કોઈ નવી ક્રાંતિઓ જગત પર ફેલાઈ ન જાય તો, વખત જતાં, સંયુક્ત પ્રવૃત્તિની આદત દૃઢ બની જાય. આપણે એમ માની લઈ શકીએ કે અહીં વાસ્તવમાં, જોકે નામમાં નહિ, જગતની પ્રજાઓની એક પરિષદની કે પ્રજાઓના એક અપૂર્ણ સમવાયતંત્રની શરૂઆતો છે.

પરંતુ આ પરિષદનું સંવિધાન અને જે શરતો નીચે ભિન્ન ભિન્ન સંયોગોવાળાં રાષ્ટ્રોને દાખલ કરવામાં આવ્યાં છે તે એથી યે વધુ આશ્ચર્યજનક દેખાય છે. તે આજના માનવ-મનના લોકશાહી આદર્શવાદ સાથે બિલકૂલ મેળ ખાતાં નથી, ઊલટાનાં એ કોઈને પણ લગભગ મધ્યકાલીન અનિયંત્રિતતા, સંકીર્ણતા અને અસંબદ્ધ રચના જેવાં લાગે છે, એક લગભગ સામંતશાહી રાજકીય ઈમારત જેવાં,—માત્ર એને ભોંયતળીએ સ્વાધીનતા અને સમાનતાના આધુનિક સિદ્ધાન્ત પ્રત્યે કોઈ ઔપચારિક રિયાયતો કે કબૂલતો આપતી યોજના જેવાં, માનવજાતિનું એકીકરણ, ભૂતકાળમાં જેમ નાની પ્રજાઓનાં રાષ્ટ્રો અને સામ્રાજ્યો રૂપ એકીકરણ થયાં એવા માર્ગો પર થાય એવો સંભવ છે. એ સૈનિક બળથી કે જમીન અને સાગર પર આધિપત્યવાળા કોઈ શક્તિશાળી રાજા-રાજ્યના રાજકીય પ્રભાવથી બની શક્યું હોત, જેમ નોસ્ટ્રાડેમસે પેગંબરી વાણીમાં બ્રિટિશ સામ્રાજ્યનું વર્ણન કર્યું હતું તેમ,—એ આપખુદ અને સર્વસત્તાધારી હોય એ જરૂરી નથી પરંતુ સહેલાઈથી સમાનોમાં પ્રથમ હોય તેવું; અને મને લાગે છે કે એમ બન્યું હોત જો જર્મની સંઘર્ષમાં બહુ ઘવાઈને જમીનદોસ્ત થઈ જવાને બદલે સર્વજેતા (ઉપરી શ્વાન) પુરવાર થયું હોત. અને એ પણ બિલકૂલ નક્કી નથી કે જો યોજનાનો વર્તમાન પ્રયાસ કે એનું અણઘડ રેખાંકન નિષ્ફળ જાય તો કોઈ એવી જ વસ્તુ આખરે નહિ બને; પરંતુ હાલ પૂરતી તો એવી શક્યતા રોકી દેવાઈ છે કે કંઈ તો મુલતવી રખાઈ છે. એ શક્યતા બિલકૂલ નાબૂદ થઈ જાય તો પણ એકીકરણ મહાસત્તા-ઓના વરીષ્ઠ મંડળનું કે આધિપત્યનું, ટોળાના આગેવાનો અને સ્વામીઓના આધિપત્યનું રૂપ લે, જ્યારે નિર્બળ સમુદાય એમના જોરાવર આગેવાનની પડખે કે પાછળ ભમતો રહે અને એમના સાર્વભૌમ નિર્ણયોને કોઈ વાર વિદ્રોહી અને સ્તુતિ સાથે અને કોઈ વાર વિદ્રોહી અને વિસંવાદી રાગે અનુસરે; મોટે ભાગે આ નવો સંઘ રચનામાં જરૂર કંઈક આવું જ બન્યો છે અને એની કાર્યવાહીમાં બનશે એવો સંભવ છે. પરંતુ સાથે સાથે, અત્યારે મિથ્યા દેખાતી એ આશા કે સ્વપ્ન હતું, પ્રજાઓના એક સમાન, ન્યાયયુક્ત અને લોકશાહી સમવાયતંત્રની ભાવિ પરંતુ દૂરભાવિની શક્યતાનું, જેમાં વામણાં અને મહાકાય રાષ્ટ્રો, જોરાવર અને નિર્બળ, સમૃદ્ધ અને ઓછાં સમૃદ્ધ, અત્યારે તો સફળ અને લાંબા

વખતથી કે થોડા વખતથી કમનસીબ,— પરંતુ સંભવ છે કે જે વધુ સારી બક્ષિસવાળાં હોય અને એમણે માનવજાતિ માટે, નવાં સ્વાર્થી અને ઘુસણિયાં રાષ્ટ્રો કરતાં વધુ કામ કર્યું હોય, એ બધાંને, જેમ લોકશાહી સંસ્થાઓનો નિયમ કે આદર્શ હોય છે તેમ વિધાનમાં અને પ્રાથમિક વાસ્તવતામાં સરજીને રાખવામાં આવશે અને જેમાં વિશિષ્ટતા માટે સ્વેચ્છાએ આપવામાં આવેલું વધુ વજન અને અવાજનું સ્વાભાવિક નેતૃત્વ અને લાગવગ રહે. આ ત્રણ શકયતાઓ હતી, અને તે ક્રમશ: ભૂતકાળનો એ આદર્શ કે જેને સામ્રાજ્ય જર્મનીની કબરમાં દાટી દેવામાં આવ્યો છે એમ કહેવાય છે તેનું, વર્તમાન વાસ્તવિકતા કે જે કેવળ એક ઘટના છે અને કોઈને માટે પણ આદર્શ નથી તેનું, અને ભાવિનો આદર્શ કે જેને લડાઈ દરમિયાન જોરશોરથી ઘોષિત કરવામાં આવ્યો હતો પરંતુ હવે હારેલા, તાબેદાર અને ક્રાન્તિકારી સિવાય કોઈ માન આપે એવું ગરીબ અને નિર્બળ નથી રહ્યું તેનું, પ્રતિનિધિત્વ કરે છે.

સંઘનું પ્રાથમિક બંધારણ (સંવિધાન) શકિત-સંતુલનની વ્યવસ્થામાં એક વિશિષ્ટ મંડળ જેવું છે,—છેક આપખુદ નહિ, ખરે જ, કારણ કે સામાન્ય સંસદ રાખવામાં આવી છે કે જે એ બાબતમાં લોકતંત્રીય છે કે એમાં સર્વ સભ્યો સરખો મતાધિકાર ધરાવશે. હાંડુરાસ અને ગ્વાટેમાલા પણ, એમને મન થઈ જાય તો, સામ્રાજ્ય ઇંગ્લૅન્ડ, જગતના નવા વિવાચક (arbitec) અમેરિકા, અને વિજયી ફ્રાન્સની સમાનતાએ પહોંચ્યાની કંઈક મજા માણે. પરંતુ આ એક ભ્રમણા છે, એક દૃષ્ટિદોષ છે. કારણ કે આપણે જોઈએ છીએ કે આ સામાન્ય સંસદ, (General Assembly) કોઈ અર્થમાં, સંચાલક નિકાય (Governing body) નથી પરંતુ કેવળ બીજા દરજ્જાની સત્તા છે, અનુ-મોદન કે નિર્દેશનની કચેરી છે; જેને શકિતશાળી સંચાલક રાષ્ટ્રો, મોટે ભાગે, એમની પોતાની મરજી અનુસાર આ કે તે સંદિગ્ધ પ્રશ્ન ચર્ચા માટે નિર્દિષ્ટ કરશે. વહેવારમાં અને વાસ્તવમાં જગતનું આ નવી સાર્વભૌમ સત્તા,—જગ-દીશ્વરો વા ?—રાષ્ટ્રસંઘની કાર્યવાહી સમિતિ હશે. પરંતુ ત્યાં તો પાંચ મહા-સત્તાઓ સલામત અને અજીંકય ચિરંતનતામાં બેસશે, સામાન્ય રાષ્ટ્ર સમુદાય-માંથી પસંદ કરવામાં આવેલા પ્રતિનિધિઓની વખતે વખતે બદલી શકાય એવી પ્રવરણી, એમના વિમર્શમાં અમુક ક્ષુદ્ર અંશે, એમની છાયાના વિશાળ અંધકારમાં સહાય કરશે. કોઈ પણ સહેલાઈથી જોઈ શકે કે આ સંયોગોમાં જગતના વ્યવહારની ઉચ્ચતર વ્યવસ્થા કેવી ચાલે અને ખરેખર એની ગુણવત્તાનો સ્વાદ કયારનોયે એમ છે, જેને હજુ ઘણી લાંબી કે કાયમી શાંતિ આશા રૂપ માને છે તે વસ્તુની ભૂમિકાની આ પ્રક્રિયામાં કોઈને પણ મળી શકયો હોત. એ તો દેખીતું છે કે આવી શાસન નિકાયમાં, પાંચ મહાસત્તાઓ સમગ્ર નીતિ

અને પ્રવૃત્તિઓનો નિર્ણય કરશે; કોઈ એવી વસ્તુનો જલદી સ્વીકાર નહિ કરવામાં આવે કે જગતના આ નવા સ્વામીઓને અથવા તો આપણે કહીએ, આ નવી સંયુક્ત સાર્વભૌમતાને જરા પણ નાખુશ કરે એવી હોય,— કારણ કે એના નિર્ણય કોઈ વાર પણ પેલી જોખમકારક, દોરાઈ જાય એવી અને અસ્થિર વસ્તુ દ્વારા, બહુમતી દ્વારા, નહિ લેવાય પરંતુ સર્વસંમતિથી જ લેવા પડશે. સિદ્ધાંતની દૃષ્ટિએ આ પદ્ધતિ, સત્તાઓની સહચારી મંડળી (concert)ની એક નવી આવૃત્તિ, સંમાર્જિત, વિસ્તૃત અને સંનિયમિત આવૃત્તિ નહિ તો બીજું શું છે?— રૂપમાં થોડી ઉદાર બનાવવામાં આવેલી, કારણ કે લોકતંત્રીય સામાન્ય સંસદના ટેકાવાળી,— જે ખરેખર સંયોગોનો વિકાસ અને હાલતોના ફેરફાર સાથે કંઈક મહત્ત્વની વસ્તુ બને, પરંતુ એવી જ રીતે સંભવ છે કે એક સંમાનિત કે અવમાનિત શૂન્ય પણ બની જાય,— છતાં સાર રૂપે તો એ પુરાણી, શિથિલ અને સંદિગ્ધ સંસ્થાના બીજા અને વધુ દૃઢ અવતાર કરતાં બીજું શું છે? સત્તાઓના સંતુલન રૂપી એ ઐતિહાસિક કરામતની, જોકે હવે બહુ બદલાયેલી, સ્થાનભ્રષ્ટ થયેલી, ખોટી રીતે જોડાયેલી અને જોખમકારક રીતે એકપક્ષી બની ગયેલી કરામતની પણ અમુક વસ્તુ આ નવી વ્યવસ્થામાં હજુ કાળજીપૂર્વક સંતાડી રાખવામાં આવી છે. અને એ તત્ત્વ આગળ ઉપર પોતાનું પોત પ્રકાશે એવો સંભવ છે; કારણ કે આંતરરાષ્ટ્રીય સંસ્થામાં જ્યાં કોઈ નિરપેક્ષ સંચાલક સિદ્ધાંત અને કોઈ સ્પષ્ટ મૌલિક સંવિધાન નથી ત્યાં સંસ્થાની ગતિ-વિધિઓ હિતોના કે સ્વાર્થોના સંતુલન પ્રમાણે કરવામાં આવે અને હિતોનું સંતુલન યથોચિત રીતે સ્થિર તો માત્ર શક્તિઓના સ્થાપિત સંતુલનની કાળજી-પૂર્વકની સાચવણી દ્વારા જ રાખી શકાય. જૂની સશસ્ત્ર વ્યવસ્થાનું સમર્થક કારણ એ જ હતું; અવ્યવસ્થાના નિયંત્રણ માટે આ નવી પદ્ધતિમાં પણ એ જ વસ્તુ આવશ્યક રહે એવો સંભવ છે.

આ સર્જન વર્તમાન સંયોગોમાં શક્ય એવી વ્યવહારુ રચના છે, જેમાં નવા આદર્શવાદને બહુ થોડું સ્થાન આપવામાં આવ્યું છે, અને એની રચના રાજનીતિજ્ઞોને હાથે થઈ છે કે જેમનું ધ્યેય વર્તમાન વાસ્તવિકતાઓને કાયદાનું રૂપ આપવાનું છે, વિશ્વયુદ્ધમાંથી પેદા થયેલાં હયાત પરિબળોની વ્યવસ્થા કરવાનું છે,— સિવાય કે થોડાં અકાળે નવાં જન્મેલાં; જોખમકારક દેખાતાં પરિબળો જેમનો બહિષ્કાર કે હદબંધી થઈ રહી છે કે જેમને અસ્તિત્વમાંથી કાઢી નાખવામાં આવી રહ્યાં છે,— અને એમની વ્યવસ્થાને ભૂતકાળ કોઈ પણ ફરી ઊભાં કરી શકાય એવાં પ્રેતોના કે હિંસાત્મક ઊથલપાથલ કરે એવી ભાવિ પ્રજ્ઞાના આક્રમણ સામે સલામત બનાવવાનું છે. એ દૃષ્ટિએ જોતાં એ રચના નોંધપાત્ર કૌશલ્ય અને વર્તમાન વાસ્તવિકતા પ્રત્યે વફાદારી સહિત કરવામાં આવી છે, જોકે કોઈને

પણ એ વિચાર આવે કે એમાં, અત્યારે અસ્પષ્ટ દેખાતી પરંતુ કયારનીયે દૃષ્ટિગોચર થતી ભવિતવ્યતાઓને અપર્યાપ્ત સ્થાન આપવામાં આવ્યું છે. વસ્તુતા અને એના રૂપ વચ્ચેનું સામ્ય સંપૂર્ણ છે. પાંચ સત્તાઓ યુદ્ધની ખરી વિજેત્રીઓ છે, એમાંથી ત્રણ કેન્દ્રીય અને નિર્ણાયક શકિતઓ જે એમના સંકલ્પ પ્રમાણે અત્યારે જગતનું પ્રત્યક્ષ રીતે નિયંત્રણ કરે છે, અને બીજી બે કે જે ઓછી શકિતશાળી ગૌણ સત્તાઓ પાછળથી જોડાઈ, પરંતુ જે શકિતની ભાવિ તુલનામાં કંઈક હકદાર દાવો અને વજન મૂકી શકે એમ છે. આ પરિસ્થિતિ સંઘના શાસન નિકાયના સંવિધાનમાં પુનર્જીવિત થઈ છે; આ પાંચ એમની સમૃદ્ધિ અને શકિતને કારણે એમાં કાયમી પ્રભુત્વ ધરાવશે, ત્રણ મોટી સત્તાઓ (પ્રધાનસ્વરવાદી) છેડશે અને સમૂહગાનની (Concert) સર્વસામાન્ય સ્વરસંગતિ નક્કી કરશે, બીજી બે એમનાથી બની શકે તેવી સારી રીતે અને બની શકે ત્યારે ગૌણ સ્વર અને બહિરંગ ઉપવર્તનો ઉમેરશે. તે ઉપરાંત, મોટી સંખ્યામાં નાનાં અને ઓછી શકિતવાળાં રાષ્ટ્રો છે કે જેમના હાથમાં ગૌણ પ્રમાણમાં સ્થૂલ ઉપયોગી સામગ્રી છે અને, જોકે કોઈ મોટી અથડામણીમાં એ આગેવાનીભર્યો ભાગ ભજવવા શકિતમાન નથી તો પણ ગૌણ સહાયકો રૂપે ઉપયોગી થઈ શકે એમ છે, તેવી સ્વતંત્ર પ્રજાઓ, મિત્રરાજ્યો કે જેમને શરૂઆતથી જ સાધિકાર અંદર લેવામાં આવ્યાં છે, તટસ્થો કે જેમને શાંતિની સ્થિર વ્યવસ્થામાં ભાગ લેવા, જોકે એમણે યુદ્ધના નિર્ણયમાં એમની શકિત નાખી નથી છતાં, આમંત્રણ આપવામાં આવ્યું છે તથા જૂના કે નવા શત્રુઓ કે જેમને, જ્યારે એ એમની ઉપર નાખવામાં આવેલી વત્તી કે ઓછી ભારે કે કચરી નાખે અને અપંગ બનાવે તેવી શરતો પૂરી કરે ત્યારે દાખલ કરવામાં આવે. આ બધાની બનશે સામાન્ય સંસદ (કે સભા). એમાંનાં કેટલાંકને વખતે વખતે સંચાલક નિકાયમાં અનિશ્ચિત અધિકાર રહેશે; બાકીના બનશે જન-સમુદાય, સામાન્ય લોક, સામાન્ય નિકાય જેને કેટલીક સીમિત સત્તા અને કાર્યવાહી પાછળ અમુક પ્રકારનો નૈતિક પ્રભાવ રહેશે. શ્રમજીવીઓને પણ યુદ્ધે એક મોટી, જોકે હજુ અસંબદ્ધ સત્તા બનાવી છે, અને રાષ્ટ્રસંઘે સમય પારખીને અને આ નવી વિરાટ વાસ્તવિકતા સાથે દોસ્તી બાંધવા શ્રમને, એને પડખે એક જુદી પરિષદ રૂપે માન્યતા આપી છે.

પરંતુ નવી એશિયાઈ પ્રજાઓ પણ છે જેમને અત્યારે દાખલ કરી શકાય એમ નથી, કારણ કે એ હજુ બાલ્યાવસ્થામાં અને અપરિપકવ છે; એ પરાધીન અને રક્ષિત રાષ્ટ્રો છે જેમને માટે યુદ્ધ લડવામાં આવ્યું નહોતું અને જે વ્યાપક સ્વતંત્રતાની એક વખતે આશા રાખવામાં આવતી હતી તેમાં ભાગ લઈ શકતાં નથી, પરંતુ જેમણે એમના શાસકો અને રક્ષકોના ઉચ્ચ અને

નિ:સ્વાર્થી ઉદારમતવાદ પર વિશ્વાસ રાખવો જોઈશે; કેટલીક આફ્રિકન જાતિઓ છે કે જે હજુ માનવજાતિનો અણઘડ કાચો માલ છે. આ બધાંને જૂના નિયંત્રણ નીચે રાખવાનાં છે કે નવા નિયંત્રણ નીચે મૂકવામાં આવશે અથવા તો આ કે તે પ્રશાસક સત્તાના પૈતૃક હાથમાં મૂકવામાં આવશે કે જે નવા કરારની વૈધાનિક પ્રણાલીમાં સ્વામી કે વિજેતા નહિ, કારણ કે આ ન્યાયી અને ચમત્કારી શાંતિમાં બીજા પ્રદેશો પોતાના કરી લેવાના નથી, માત્ર નિયંત્રણ અને રાજ્યસીમાઓની સુધારેલી વ્યવસ્થા કરવાની છે એટલે ન્યાસીઓ અને પ્રાદેશી સત્તાઓ કહેવાશે. સંઘે આપેલા પ્રાદેશમાં આ ઓછી ભાગ્યશાળી પ્રજાઓની સલામતી છે. કારણ કે એમ જણાય છે કે આપણે હવે એવા તદ્દન નવા નૈતિક જગતમાં જીવવાની શરૂઆત કરવા પર છીએ કે જેમાં માનવજાતિની વિવેકશકિત પૂર્ણ રીતે જાગૃત અને અસરકારક હશે અને એનું પ્રતિનિધિત્વ કરવા રાષ્ટ્રસંઘ હયાત છે. એના પ્રતિનિધિ તરીકે એ ન્યાસીઓ પાસે એમની ન્યાસનો સામયિક હેવાલ માગશે,— કારણ કે એ સંઘની મહાસત્તાઓ છે અને તેથી એ પોતે પણ સાર્વજનિક વિવેકબુદ્ધિની પ્રાદેશ-પ્રાપ્ત (પ્રાદેશી), નેતા અને સહાયક હશે. આ અત્યંત અદ્‌ભુત સંગઠનમાં બધી વર્તમાન શકિતઓનું ઉચિત પ્રમાણમાં પ્રતિનિધિત્વ હશે.

આદર્શવાદીને, જે અનાદર્શ વર્તમાન વાસ્તવિકતા પર સંઘની પદ્ધતિ સ્થપાઈ છે તેને ચિરંજીવી અને દૃઢ બનાવવામાં ઘણું વાંધો ઉઠાવવા જેવું જડી આવે, પરંતુ બેશક એ પદ્ધતિ એના બચાવમાં પણ ઘણું કહી શકે એમ છે, વ્યવહારુ શકયતાની દૃષ્ટિએ ઘણી તાકીદની વિચારણીય વસ્તુઓ રજૂ કરી શકે એમ છે. એની સફળતાની એક અનિવાર્ય શરત છે. એક દૃઢ, કેન્દ્રીય સત્તા, સબળ અને સ્થાયી, એના નિર્ણયોને અમલમાં મૂકવાની શકિતશાળી, અને એવી હોવી જોઈએ કે જેને બધાં રાષ્ટ્રો માનવજાતિના એકીભૂત સત્ત્વના કુદરતી અધ્યક્ષ અને વિશ્વસ્ય સક્રિય અભિવ્યકિત રૂપે સ્વીકારી શકે. એમ કહી શકાય કે જ્યાં સુધી વ્યવહારમાં અત્યારે થોડી પણ શકય છે તેવી તો આ એક સત્તા છે. માનવજાતિનો આંતરરાષ્ટ્રીય સમુદાય હજુ તો સતત બદલાતા આકારવાળાં વાદળોના ગોટા જેવો છે, એની ઘટક પ્રજાઓને હજુ ભેગા મળી કામ કરવાનો અભ્યાસ નથી, એ હજુ એમના વિકાસ, વ્યવસ્થિત શકિત, અનુભવ અને સભ્યતાની ભિન્ન ભિન્ન કક્ષાને લીધે વિષમ દ્રવ્યવાળો છે: એક મુકત સામાન્ય સભાનો, એક વિશ્વસંસદનો, માનવજાતિના એક સમાન સમવાયતંત્રનો પ્રશ્ન જ નથી; મુકત અને સભ્ય પ્રજાઓનું સમાન સમવાયતંત્ર પણ અસરકારક સામૂહિક કાર્ય માટે અશકત એવી એક વિસંગત અને નિરર્થક સંસ્થા થઈ જાય એમ છે. સહકારમાં પરંતુ સર્વસાધારણ હિતો અને સામાન્ય પ્રજાના અવાજને ધ્યાનમાં રાખીને કામ કરતાં મોટાં રાષ્ટ્રો અને સામ્રાજ્યોની શકિત.

પ્રભાવ, સત્તા અને જરૂર પડે તો બાહુબળ નહિ તો બીજું કોણ સર્વસામાન્ય આવશ્યકતાઓનો અમલ કરશે અને કામનાઓને વ્યવહારુ રીતે પૂરી કરશે? એમણે પોતે અમલમાં મૂકવાના છે તે નિર્ણયોને વજનદાર બીજું કોઈ નક્કી કરી શકશે અથવા તો એમને કોઈ સ્થાયી સિદ્ધાંત કે સ્થિર વ્યવહાર્ય નીતિ આપી શકશે? કોઈ નાનાં અમેરિકન પ્રજાસત્તાક રાજ્યો અને ગૌણ યુરોપીય સત્તાઓનું જૂથ સંયુક્ત રાજ્યો, ફ્રાંસ અને બ્રિટિશ સામ્રાજ્યને અમુક વિશ્વનીતિ માટે ફરજ પાડી શકે કે આ મહા હિતો સાથે એમને બહુમતીના આંધળા નિયમ પ્રમાણે રમત કરવા દઈ શકાય. પરંતુ રાષ્ટ્રસંઘમાં સામુદાયિક દેહનાં ભિન્ન ભિન્ન ઘટકો એવી કક્ષાએ અને એવા પરસ્પર સંબંધમાં મૂકવામાં આવ્યાં છે કે વર્તમાન પરિસ્થિતિમાં એ એમની સાચી સક્રિય અભિવ્યક્તિ કરે છે; જે કોઈ વિકાસ જરૂરી છે તે એક સર્વસામાન્ય નિયંત્રણ અને વખત વખત પર સંધિઓના અને સંબંધોના પુનરાવલોકનથી થઈ શકે. ટૂંકમાં, જગતની સમગ્ર આંતર-રાષ્ટ્રીય સ્થિતિ એક દુર્વ્યવસ્થા છે જેને વ્યવસ્થામાં અને ઘાટમાં લાવવાની છે, અને એ કામ કોઈ સ્વપ્નદર્શી આદર્શવાદથી કે સિદ્ધાંતોની કોઈ સૂક્ષ્મ પૂર્ણતાથી બની શકે એમ નથી કે જે વસ્તુઓના તથ્ય સાથે સુસંગત ન હોય અને જે સમય પાકે તે પહેલાં લાગુ કરવામાં આવે તો વધુ ખરાબ અવ્યવસ્થા સર્જે એમ હોય, પરંતુ સબળ કેવળ અને કાર્યક્ષમ શક્તિથી — વર્તમાન વાસ્તવિકતાઓને અત્યારે જેમ છે તેમ સ્વીકારી લઈ, આ અંધાધૂંધી પર કાયદા અને વ્યવસ્થાની કોઈ નવી પદ્ધતિ, કોઈ દૃઢ અને ગમે તેવું અપૂર્ણ પણ પ્રાથમિક માળખું બેસાડી શકે અને એના વિકાસ પર પ્રગતિની વ્યવહારુ શક્યતાઓની દૃષ્ટિએ કડક ધ્યાન રાખે એવી શક્તિથી થઈ શકે એમ છે. એ સહીસલામત અને દૃઢ પાયા ઉપર ભવિષ્યના વધુ સારા કાનૂન અને વધુ આદર્શ તંત્ર માટે પ્રગતિ કરી શકાશે. પ્રશ્નની બીજી બાજુ છે, પરંતુ હાલ તરત એને એક બાજુ મૂકી આપણે આ વિચારોનું પૂરું મૂલ્ય અને વજન નક્કી કરીએ.

પરંતુ તો એ વાત વધુ અનિવાર્ય બની જાય છે કે જે પ્રગતિ કરવાની છે તેના સિદ્ધાંતો પહેલેથી સંઘના કાનૂન અને સંવિધાનમાં સ્વીકારવામાં આવે કે કંઈ નહિ તો એની પ્રણાલીમાં એવી રીતે સૂચિત કરવામાં આવે કે એની ઉપર મુદ્રિત થાય કે જેથી સંઘની પ્રવૃત્તિઓ એ રેખાઓ પર અને એ સિદ્ધાન્તોની સિદ્ધિ પ્રત્યે ચાલતી રહે અને એમનો અન્ય, નિમ્નતર, પ્રત્યાઘાતી કે અવરોધક ઉપયોગો ન થાય. અઢારમી સદીમાં ઘડવામાં આવેલાં લોકતંત્રીય સંવિધાનોમાં સર્વસામાન્ય સિદ્ધાંતોની ઘોષણા અને એમના સમાવેશ અને સુરક્ષાના પ્રબંધ કોઈ ઉર્વર આદર્શવાદીઓની સૂત્રાવલીઓ નહોતી,— મહાધિકારપત્ર (magnacarta) જેવો પહેલાંના પ્રલેખોમાં થયેલી સંવૈધાનિક

સિદ્ધાન્તોની પરિપુષ્ટિ કરતાં વધારે તો નહિ જ,— પરંતુ એમણે ભૂમિકા તૈયાર કરી કે જેની ઉપર જગતની નવી જન્મેલી વ્યવસ્થામાં પ્રશાસન અને પ્રગતિએ આગળ વધવું પડે અને એક સાથે લોકશાહીની સલામત આગેકૂચ માટે ચિહ્નસ્તંભરૂપ અને એની અસરકારક નૈતિક પ્રતિશ્રુતિ રૂપ બન્યા. રાષ્ટ્રસંઘના સંવિધાનમાં કોઈ એવા મોટા સિદ્ધાંતો જોવાનો આપણો પ્રયાસ નકામો છે. યુદ્ધની શકયતાઓ ઓછી કરવા માટેના, કોઈ નવું નાનું રાષ્ટ્ર રચવાના, અને છે તેવાં રાષ્ટ્રોને અપાયેલી સુરક્ષિતતા માટેના પ્રસ્તાવોને સિદ્ધાંતનું નામ થોડું જ આપી શકાય. અહીં, સ્વતંત્રતા અને એકતા માટે તૈયાર થતી નવી વ્યવસ્થામાં પ્રજાઓના આંતરરાષ્ટ્રીય અધિકારો અને ફરજોના ખતપત્રોનો કોઈ નિર્દેશ નથી. લડાઈ એના છેલ્લા તબક્કામાં આત્મનિર્ણયના જે સિદ્ધાન્ત પર લડવામાં આવી તેને નિર્દયતાપૂર્વક સમુદ્રમાં ફેંકી દેવામાં આવ્યો છે અને એ મોટી દુંદવાળા મુત્સદ્દીઓના સોદાના જડબાઓમાં ઝડપાઈ ગયો છે,— સંભવ છે કે એ વ્હેલ માછલીના પેટમાં પેઠેલા પેગંબરની માફક થોડા વખત માટે જ હોય, પરંતુ અત્યારે તો એનો પૂર્ણ લોપ થયો છે. એની સૂક્ષ્મથી સૂક્ષ્મ છાયા આપણને શ્લેસ્વીગ હોલ્સટાઈનની યોજના જેવા ક્ષુદ્ર વ્યવસાયો જણાય છે. પરંતુ બાકી તો જગતનો નકશો બહુ રીતે, જૂની જાણીતી રીતે, રાષ્ટ્રીયતા કે પસંદગીના કોઈ સ્થિર ખ્યાલ વગર, પરંતુ શસ્ત્રસજ્જ વિજયી રાષ્ટ્રોની પરસ્પર સંમતિ અને આદેશ મુજબ બદલી નાખવામાં આવ્યો છે. લડાઈ દરમિયાન એક પ્રખ્યાત ઘોષણામાં ન્યાસીકરણના મતને, પ્રભુત્વ અને શોષણ રૂપી કઠણ વાસ્તવિકતાઓને, આધુનિક માનવજાતિની જલદી ચીસો પાડી ઊઠે એવી નૈતિક ભાવના સામે, હવે, એમની નગ્નાવસ્થામાં રજૂ થઈ શકે નહિ તેવી અતિ સ્થૂલ અને અશ્લિલ વાસ્તવિકતાઓને, આવી ઉમદા મહેરબાની નીચે ઢાંકી શકે એવા બુરખાને વખોડી કાઢવામાં આવ્યો હતો. પરંતુ આ યુદ્ધોત્તર પદ્ધતિમાં એ ન્યાસીક સિદ્ધાન્તને—જોકે ન્યાસીઓ પોતે જ જેનું સંચાલન કરે છે એવી સંસ્થા દ્વારા ગૌરવયુકત પવિત્ર બનાવી દેવામાં પરાધીન રાષ્ટ્રો હજુ પણ આ જગતમાં રહેવાનાં છે; કારણ કે પ્રાદેશ પ્રણાલી ત્યાં જ લાગુ કરવાની છે કે જેમાં પહેલાંની પરાધીનતા દૂર કરવાની છે, એ લાગુ કરવામાં આવશે એશિયાઈ અને આફ્રિકી પ્રજાઓમાંની કંઈકને કે જે પતન પામ્યાં છે તે સામ્રાજ્યો નીચે પરાધીન હતાં; બાકી એવાંને કે જેમને વધુ મૃદુ સ્વામીઓને તાબે રહેવાનો લાભ મળ્યો હતો, આયર્લૅન્ડથી કોરીઆ સુધીની પરાધીન પ્રજાઓ માટે એવી કોઈ સુરક્ષાની જરૂર જણાઈ નથી.

એમ કહેવામાં આવે છે કે સ્વતંત્રતાના બહુ આદર્શવાદી સિદ્ધાંતનો આવો બધો નિષેધ અનિવાર્ય હતો; કારણ કે આપણને કહેવામાં આવે છે કે

આપણે મધ્યરાત્રીમાંથી મધ્યાહ્નમાં પહોંચવા બહુ ઉતાવળ ન કરવી જોઈએ; કાળ અને ઋતુઓના નિયમ પળાવા જોઈએ, પ્રથમ આછો થયેલો અંધકાર આવે અને પછી આવે પ્રત્યુષ કે પરોઢ, પછી ઉષા અને ત્યાર બાદ આવે આનંદમય અને વિશ્વાસથી પરિપૂર્ણ પ્રભાત, વિશ્વવ્યાપી સ્વતંત્રતા અને ન્યાયના સ્વર્ણીમ મધ્યાહ્નમાં આપણે જીવી શકીએ તે પહેલાં. પરંતુ એ દરમિયાન દોરી શકે એવો બીજો કયો સિદ્ધાન્ત, કાનૂન અને અધિકારનો કયો મૂર્ત વિચાર, દાયિત્વની કયી સામ્યયુકત અને સમાન સમતુલા નવી વ્યવસ્થાનો દૃઢ આધાર થશે? આપણને એક પણ નથી જડતી, માત્ર યુદ્ધના પોષક સંયોગો ઓછા કરવાનું એક યંત્ર,— એમને દૂર કરે એવું નહિ,— ફરજિયાત લવાદીથી, સશસ્ત્ર તાકાત અને આર્થિક દબાણથી ધમકી કે વસ્તુત: ઉપયોગથી; વસાહતો, આશ્રિતો, બજારો, સીમાઓ, બંદરો, પ્રાદેશોની સલામતી માટેનું સંધિઓના પુનરાલોચન માટેનું; મૂડી અને મજૂરીના પરસ્પર વિરોધી દાવાઓના આંતરરાષ્ટ્રીય વિમર્શ અને સમાધાન માટેનું યંત્ર એમાં તાત્કાલિક વ્યવહાર્ય સંબંધોની એક પદ્ધતિ છે, એક નવી યથાપૂર્વ-સ્થિતિની પુષ્ટિ અને સલામતી માટેનો પ્રયત્ન છે, ગૌણ અદલાબદલી અને ફેરફારો માટેનો પ્રબંધ છે. પરંતુ એમાં કોઈ નથી વધુ ઉદાત્ત વિશ્વ-વ્યવસ્થાની સાચી સ્થાપના બહુ થોડી છે. શરૂઆત કરનારાઓની ધારણા હશે એવી સ્થાપનાની તૈયારી કરવાની પરંતુ એ ધારણાની પરિપૂર્તિ મોટેભાગે ભાવિની અનિશ્ચિત સંભાવનાઓની દયા પર નિર્ભર છે. એના સંસ્થાપકોનો આદર્શવાદ એટલો વિજયવંત નીવડયો છે કે રાષ્ટ્રોના એક પ્રકારના સંઘનું અમુક મર્યાદિત સ્વરૂપ સ્વીકારાયું છે અને સાકાર બન્યું છે, પરંતુ અન્ય પ્રત્યેક બિંદુએ આદર્શવાદી દબાઈ ગયો છે અને રાજનીતિજ્ઞ અને કૂટનીતિજ્ઞની છાપ આ આખી નવી આધુનિક યાંત્રિકતા પર છે,— નર્યા વ્યવહારુ માણસની, ટૂંકી નજરવાળા અને તડ અને ફડ રીતેવાળાની છાપ છે, એ એક છિદ્રાળુ અને વિષમતોલ વહાણ છે, તોફાની અને વિક્ષુબ્ધ સાગરમાં, કોઈ નકશા કે હોકાયંત્ર કે યાત્રાસૂચી વગર તરતું મૂકવામાં આવેલું વહાણ છે.

એમ તો એમ, પરંતુ ઘણી વાર આવી કદરૂપી અને કઢંગી કરામતો મહાન ઈમારતોના પાયારૂપ બની છે, અને જો આ સંઘને ચાલુ રાખી શકાય તો એને એ સિદ્ધાંતોથી ભરી શકાશે કે જેને સાર્થક કરવા માનવજાતિની અસ્પષ્ટ ભાવના અને એની પોતાની શિથિલ અને સહાપરાધી અંત:ચેતના તરસવા લાગી છે અને વ્યાકુળ બની છે. પરંતુ આલોચકની દૃષ્ટિએ, આ નવો કરાર એની ભાવિ અસ્થિરતા અને વિનિપાતનાં આપત્તિજનક બીજ એની સાથે લાવ્યો હોય એમ દેખાય છે, જેમને માટે એનું અસ્તિત્વ હિતાવહ છે તેવાં રાષ્ટ્રોમાં પણ એને માટે ઘણો થોડો અને મંદ ઉત્સાહ જણાય છે; અમેરિકા એના પ્રમુખના

એ પાલિત શિશુની સુઘડ સુંદરતા માટેના આત્મ-સંતોષ સાથે તદ્દન એકરાગ નથી દેખાતું; શ્રમિક અને સમાજવાદી જગત ટીકા કરતું, અસંતુષ્ટ, અવિશ્વાસુ, બેચેન છે, વખતે વખતે ટૂંકી ટૂંકી હડતાલો પર ઊતરી જાય છે અને ભારે દાવા અને ફરિયાદો રજૂ કરે છે. આ સાનુકૂળ ચિહ્નો નથી. રાષ્ટ્રસંઘને, એના પોતાના ખ્યાલ અને રીત પ્રમાણે જગતને સંયોજિત કરવાના માર્ગમાં આવી પડતી મુશ્કેલીઓમાંથી પસાર થવા માટે મળી શકે એવી બધી સહાય અને હાર્દિક સંમતિ આવશ્યક છે, અને એ કામનો અંત શાંતિસ્થાપના સાથે નહિ આવે, માત્ર એની શરૂઆત થતી હશે, અને એ શંકાસ્પદ છે કે એને જેની જરૂર છે તે વસ્તુઓ જરા પણ રાજીખુશી સાથે મળે. જગતની જે પ્રજાઓનાં હિતોની એ સંઘ વ્યવસ્થા કરવા માગે છે તેમની વૃત્તિ કોઈ ઉત્સાહપૂર્ણ ટેકાની નહિ પરંતુ અત્યારે કોઈ વધારે સારી વસ્તુને અભાવે એક જાતના બડબડાટ-વાળી સંમતિની છે.

પરંતુ આપણે માની લઈએ કે એ પદ્ધતિનો સ્વીકાર થઈ ગયો કે થાય છે,— એને ભવિષ્યમાં કઈ પરિસ્થિતિઓ સામે આવશે? એનું આયોજન, યુદ્ધમાં પરાજિત થયેલાં રાષ્ટ્રોની દૃષ્ટિમાં, લાંબા વખત સુધી, એમનાં પતન, વિક્ષતિ અને અવમાનીનતાનાં પ્રતીક રૂપ રહેશે; એમને માટે એ એક કારાપાલ (જેલર) અને દંડ દેનાર, સોંપેલ કામ અને દંડ વસૂલ કરવા ચાબુક ઉઠાવી ઊભેલા દણ્ડક રૂપે દેખાશે. એમ થવાની જરૂર નહોતી જો શાંતિની સ્થાપના ઉદારતા અને સમાનતાના પાયા પર કરવામાં આવી હોત તો કે એથીયે વધું સારું થાત જો આવા બધા પ્રશ્નોને બાજુએ રાખીએ તો પણ, વિજેતા શકિતના સંકલ્પની ભૂમિકા પર શાંતિ સ્થાપવાને બદલે, એણે હરાવેલી શકિત કરતાં એ વધુ સારા માણસવાળી હોય તો પણ એ સ્થાપના જગતની પ્રજાઓના શકય હોય એવા વધુમાં વધુ આત્મનિર્ણય, અવસર, સમાન દરજ્જા જેવા સ્પષ્ટ અને અનિષેધ્ય સિદ્ધાંતો પર કરવામાં આવી હોત, તો એમાં ખરેખર હારેલી શકિત અને અનૃત અને વિજયવંતની સમાનતા સિવાય બીજા કોઈ જીતેલા કે હારેલા નહોત. પરંતુ આગેવાન રાષ્ટ્રોએ મુત્સદ્દીઓની શાંતિ સ્થાપવાનું નક્કી કર્યું છે જેમાં જે રાષ્ટ્રસંઘે એની સ્થાપના કરવાની છે તે ફોજદારી ચુકાદાનો અમલ કરનાર બને છે. એમ કહેવામાં આવે છે કે હારેલાં રાષ્ટ્રો કે જે હવે લોકતંત્રીય છે અને જેમણે યુદ્ધ કર્યું તે જૂનાં આક્રમક લશ્કરી તંત્રો નથી રહ્યાં છતાં તે અપરાધીઓ અને શાંતિનો ભંગ કરનારાં છે અને એમના અપરાધના પ્રમાણમાં નાખવામાં આવેલો દંડ બહુ હલકો છે. શબ્દોમાં એમ હશે,— જોકે તકરારમાં સંડોવાયેલા બે પક્ષોમાં એકે એના હારેલા પ્રતિસ્પર્ધીનો કરેલો, અને નહિ કે કોઈ તટસ્થ ન્યાયાધીશે કરેલો, ન્યાય સામાન્ય બુદ્ધિ માટે, ખરા કે ખોટા

કારણોએ પણ સંશયાસ્પદ રહેવાનો અને જેને ન્યાય કહેવામાં આવે છે તે, એના શ્રેષ્ઠ રૂપમાં પણ એક વૈધાનિક વૈર જ છે,—છતાં એમ બને કે ન્યાય સિવાય કંઈ બીજું કરવામાં નથી આવ્યું અને થયું છે તે ન્યાયથી પણ ઓછું છે. પરંતુ એ બાબતમાં કંઈ ફરક પડતો નથી કે સંખ્યાબંધ નવી લોકશાહીઓ, ઉત્સાહી અને બુદ્ધિમાન પ્રજાઓ, એક નવા જીવનમાં જન્મેલી કે જે ભાવિ વ્યવસ્થા માટે આશાપ્રદ અને સદ્‌ભાવવાળી થવી જોઈતી હતી તે અનિવાર્ય રીતે વિદ્રોહ અને અવ્યવસ્થાની કારણભૂત બનશે અને એમના બોજાને દૂર કરે, એમના વિદ્વેષને સંતોષે, એમના સડતા વ્રણોને રૂઝવે એવા કોઈ પણ તત્ત્વને સહાય કરવા આતુર હશે. એમને નીચે, નિર્બળ અને વિક્ષત હાલતમાં દબાવી રાખવામાં આવે, જોકે એમાંનું એક મહેનતુ, દક્ષ, વ્યવસ્થિત જર્મની છે, પરંતુ એ તો નવા સંયોજનમાં જ એક નિર્બળતા અને વિષમતાનું તત્ત્વ લાવશે, અને જો એ ફરી શકિતમાન બનશે તો એમની નીચલી પદવીમાં અને એમના પુરાણા શત્રુઓના કાયમી વિજય અને મહત્તામાં સંતોષ માનવા માટે નહિ હોય. સમાન પદવાળાં જનતંત્રોની કાનૂનબદ્ધ પ્રણાલીમાં જ આ ઈર્ષ્યાઓ, શત્રુતાઓ અને વારંવાર આવતાં યુદ્ધોના અંતના ખરો સંભવ છે. નહિ તો યુદ્ધ ફરી ફાટી નીકળશે કે જૂનો સંગ્રામ કોઈ બીજા રૂપમાં ચાલુ રહેશે. એક સ્થિર અને શાન્તિપૂર્ણ વિશ્વ-વ્યવસ્થા માટે કોઈ પ્રકારની વિષમ તુલા કદાપિ સલામતીનું સાધન બની શકે નહિ.

આગળ ચાલો, જો આ નવી ઊઘડેલી પદ્ધતિનું આ એક જ સંકટ હોય તો. પરંતુ આ સંઘ, જે શાંતિની ભૂમિકા પર એને સ્થાપવામાં આવે છે તે શાંતિથી રચાનાર, યથાપૂર્વ સ્થિતિના સ્થાયિત્વના હામી તરીકે ઊભો રહેતો લાગે છે. મહાસત્તાઓએ એમના આધીન પ્રદેશો અને મિલકતોને કોઈ પણ ભાવિ વિક્ષતિના સંકટમાંથી સુરક્ષિત રાખવાનો એક કરાર કરી લીધો હોય એમ દેખાય છે. આ યોજના એક બાજુએ શકિતના સંતુલન રૂપની છે,—પરંતુ વિષમતુલાનાં બધાં જોખમોવાળી—અને સાથે સાથે એ અત્યારનાં પ્રબળ પ્રભુત્વો અને સ્થાપિત મહત્ત્વોને હમેશને માટે ચિરંજીવી બનાવવાનો પ્રયાસ પણ છે. એ પ્રયાસ ઇતિહાસની બધી શિક્ષા અને પ્રકૃતિની સનાતન ગતિની વિરુદ્ધનો છે; જે સંઘ એ પ્રયાસ સાથે વચનબદ્ધ થઈ ઊભો રહે છે તે, ચીવટથી રાખવી, રાખવામાં આવતી બિનસલામતી અને વિષમતુલાના સંરક્ષણ માટે પણ સાથે રહેવા બંધાયેલો છે. એ પણ નક્કી નથી કે સંઘની રચના કરનાર સત્તાઓ પણ એમના કરારની શરતોથી હમેશાં સંતુષ્ટ રહેશે કે રાષ્ટ્રીય અને માનવ-નિયતિ કે જે મુત્સદ્દીઓની ગોઠવણ કે સરકારો અને રાજનીતિજ્ઞોના સંકલ્પોથી બહુ મહાન વસ્તુ છે તેના દબાણને રોકી શકશે. પરંતુ એમની

વચ્ચે એક સ્થાયી આંતર-રાષ્ટ્રીય મૈત્રી અને સંધિ જેવી અશ્રુતપૂર્વ વસ્તુ બને તો પણ એ અમુક વખત સુધી જ કામ કરશે, પરંતુ શું એ ઘણા લાંબા વખત સુધી જગતની પરિવર્તન માટેની ધગશ સામે કામ આવી શકશે? શક્તિ જીર્ણ થાય છે સલામતી સંપન્ન કરવાથી, અને જે સત્તાઓ આ જ રાષ્ટ્રો પર એમના સંકલ્પ જડી દઈ શકે છે તે હમેશાં એમનાં કદ અને દોલત અને સાંગ્રામિક મહત્તા છતાં એ શક્તિ ધરાવતાં જ રહે એવો સંભવ નથી. વળી જૂનાં ઘારાં ચાલુ રાખવામાં આવ્યાં છે અને આ ઉતાવળમાં સ્થાપવામાં આવેલી શાંતિની આ યોજનાએ ઉઘાડેલાં નવાં ઘારાં પણ છે. બાલ્કન પ્રશ્નનો ઉકેલ આવશે કે નહિ એ કંઈ નહિ તો શંકાસ્પદ તો છે જ, પરંતુ હવે જર્મન બોહેમિયાનો, બહુ રાજ્યો વચ્ચે વહેંચાઈ ગયેલા પોલૅન્ડનો, પરદેશી સત્તાના કબજામાં જેની સમૃદ્ધિ છે તે સારપ્રદેશનો, યુગોસ્લાવ અને ઇટાલીઅનનો અકળ પ્રશ્ન, ટીરોલનો નવો પ્રશ્ન, આઈરીશ અને કોરિયન ઉપદ્રવો કે જેમાં સંઘ ઇંગ્લૅન્ડ અને જાપાનને ઊંડી રીતે દુભાવ્યા વિના હસ્તક્ષેપ નહિ કરી શકે તોપણ જે વધુ અને વધુ શોર સાથે સમાધાન માગે છે, રૂશિયન અંધાધૂંધીનો અને મુસ્લિમ જગત છે કે જે એક દિવસ યથાપૂર્વ સ્થિતિ વિષે કંઈક કહેવા માગશે. અને આખા એશિયા અને આફ્રિકાનો સૌથી વિરાટ પ્રશ્ન છે પરંતુ જેને વિષે કંઈ બહુ કહેવાની જરૂર નથી, કારણ કે એનાં પરિણામની બધાંને ખબર છે. થોડાં યુરોપીય રાજ્યો વચ્ચે આફ્રિકાનું એના બધા લાભો સહિત વિભાજન કોઈ કાયમી ઉકેલ નથી. એશિયા ઉન્નતિના એક ઊછળતા તરંગમાં ઊઠી રહ્યું છે અને એને સર્વદા નિર્બળતા, શિષ્યત્વ અને દાસત્વની અવસ્થામાં રાખી શકાય એમ નથી. વખત આવ્યે એના દાવાઓને, મુખ્યત્વે યુરોપ અને અમેરિકાની પ્રજાઓનો અંત લાવવા કોઈ ત્વરા કરશે? બે મહાદ્વીપોની સમાનતા સાથે થોડા પણ સુસંગત હોય એવા ફેરફાર સાથે વર્તમાન સ્થિતિની કોઈ પણ પ્રકારની ચિરંજીવિતા શક્ય છે? આ બધા એવા પ્રશ્નો છે કે જેમને રાષ્ટ્રોના સંઘની, વર્તમાન પરિસ્થિતિના પાયા પર રચાયેલી કોઈ અપૂર્ણ યોજના એના તુક્કા પ્રમાણે હલ કરી શકે એમ નથી; એમના ઉત્તર તો કેવળ પ્રગતિમાન વિશ્વાત્મા જ આપી શકે.

આમાંનાં કોઈ જોખમ કે મુશ્કેલીઓની તાત્કાલિક અસર હજુ બહુ ભારે થઈ પડે એવી નથી, પરંતુ એક બીજી દબાણ કરતી, તાકીદથી આગ્રહ કરતી અને ભયાવહ સમસ્યા છે, જે આંગળીના અગાઉથી ચેતવણી આપતા પડછાયા સાથે, કોઈ પણ નવી આંતરરાષ્ટ્રીય યોજનાના જીવનને સ્પર્શે છે, અને એ છે મૂડી અને મજૂરી વચ્ચે આધિપત્ય માટેના, નજીક આવી રહેલા સંઘર્ષની. બહોળાં ક્ષેત્રોમાં પરસ્પર અથડાતાં સમ્રાજ્યોના સંઘર્ષ કરતાં કે એકબીજાને પગલે પગલે

દાંતિયાં કરતાં કે પૃથ્વીની વધુ સાંકડી ગલીઓમાં એકબીજાને ફાડી ખાતાં ઝઘડાખોર રાષ્ટ્રવાદો કરતાં આ સમસ્યા બહુ જુદી બાબત છે, કારણ કે એ પ્રશ્નો બહુ તો સમાજની વર્તમાન પદ્ધતિના પાયા પર સત્તા, મુલક અને આર્થિક અવસરની વહેંચણીના છે, જ્યારે આ સમસ્યાનો અર્થ છે એ ભૂમિકા સામે આહ્વાનનો અને યુરોપને હાથે વિશ્વની વ્યવસ્થાના પાયાને જ હલાવી નાખવાનો. આ રાષ્ટ્રસંઘ સરકારોનો બનેલો છે અને આ બધી સરકારો મધ્યમવર્ગી રાજાશાહીઓ કે પ્રજાસત્તાકો (ગણતંત્રો), સમાજવાદના જુઆળથી આક્રાંત (આસ્ફાટિન) મૂડીવાદી પદ્ધતિનાં સાધનો (કરણો) છે. એમની નીતિ સમાધાન કરવાની, વિગતમાં નમતું આપવાની, પરંતુ એમના પોતાના સિદ્ધાંતોને લંબાવવાની છે કે જેથી એ જીવતી રહે અને મૂડીવાદ હજુ પણ એક અર્ધી સમાજવાદી હોય એવી નવી મિશ્ર વ્યવસ્થામાં પણ પ્રભુત્વ ભોગવતો રહે, બહુધા એવી રીતે કે જેમ પવિત્ર સંધિમાં (Holy alliance) જોડાયેલી સરકારોએ લોકશાહીની વધતી જતી ભાવના સાથે સમાધાન કરીને કુલીન રાજાશાહીના જૂના વિચારના પ્રભુત્વને બચાવવા પ્રયત્ન કર્યો હતો, જે આપવા એ તૈયાર થયા છે તે છે શ્રમિકો માટે જરૂરી, વધુ સારી અને માનવતાભરેલી શરતો અને સમાજની વ્યવસ્થામાં એમનો અમુક પ્રકારનો સહયોગ, પરંતુ હજુ બીજા દરજ્જાનું સ્થાન, પહેલા દરજ્જાનું નહિ. અને પહેલાં તો શ્રમજીવી વર્ગ પોતે પણ એટલી જ આશા રાખતો હતો અને હજુ પણ એ જૂથની પાછલી હરોળની નજર એટલી જ વસ્તુ સુધી છે; પરંતુ શ્રમિક આંદોલનની મહત્તા માત્ર એટલી કયારનીયે નથી રહી; એક નવો વિચાર આગળ આવ્યો છે,— પ્રભુત્વનો. શ્રમિકોના અમલનો અને એ શબ્દબદ્ધ થયો છે તથા સમાજવાદનાં પરિબળોમાં મોટે ભાગે ફેલાયો છે. રૂશિયામાં તો એણે એક નવા પ્રકારનું પ્રશાસન પણ સ્થાપ્યું છે, નિર્ધનોની સરમુખત્યારીનું, જે અન્ય પ્રકારની પ્રણાલી પ્રત્યે ત્વરિત સંક્રાંતિ કરવાની અભીપ્સા ધરાવે છે.

આ નવા વિચારની અને એની તાકાતની સામે, વર્તમાન સરકારોને એમના અસ્તિત્વના સિદ્ધાન્તને કારણે જ યુદ્ધ જાહેર કરવાની અને એના આગમનની સામે લડવાની અને લોકોના માનસમાં ચાલતી આવેલી વસ્તુઓમાં જે કંઈ વિશ્વાસ બાકી રહ્યો છે તેને સંગઠિત અને સજ્જ કરવાની ફરજ પડી છે. પુરાણી પદ્ધતિમાં બેશક હજુ એટલી શકિત છે કે જો એ ધારે તો આવતા જનદાનવે (Demogorgon) જે રૂપ લીધું છે તેને કચરી નાખે અને રૂશિયન બહુમતવાદનો વધારે કે ઓછો ત્વરિત અંત લાવે. બોલ્શેવિક પ્રણાલી એક જ દેશમાં પુરાઈ રહેવાથી, એની શરૂઆતની કઢંગી અને ક્રાંતિવાદી હિંસક પ્રવૃત્તિઓથી નિર્બળ થઈને પહોંચી વળી શકાય નહિ એવા વિરોધો સામે ઝનૂનથી

લડતાં લડતાં નાબૂદ પણ થઈ જાય; પરંતુ બોલ્શેવિકવાદની પાછળ જે વસ્તુ વિદ્યમાન છે અને જેણે એને અણધાર્યું પૌરુષ અને પ્રાણવત્તા આપ્યાં છે તે એટલી સહેલાઈથી, જાદુથી કે તાકાતથી અસ્તિત્વમાંથી દૂર નહિ કરી શકાય, એ તો સમાજની ભૂમિકા સંપત્તિમાંથી શ્રમ પ્રત્યે ખસેડવાની બાબત છે, ધનના બળમાંથી મનુષ્યની અને એના કામની સાદી શક્તિ પ્રત્યે ખસેડવાની બાબત છે અને એ નહિ રોકી શકાય કે નહિ બંધ કરી શકાય,— જોકે અમુક વખત માટે વિલંબમાં નાખી શકાય,— એ કારણથી નહિ કે સંપત્તિ કરતાં શ્રમ કોઈ વધુ પ્રમાણમાં ખરો પાયો કે ખરી ભૂમિકા છે પરંતુ એ કારણથી કે એ યુરોપીય સમાજના સમગ્ર વિકાસનું યોગ્ય અને અનિવાર્ય પરિણામ છે. તાકાતના પાયા પર રચાયેલા, યોદ્ધાના અને કુલીન વર્ગના, ક્ષત્રિયના અમલે, વૈશ્યોના એટલે કે ધંધાદારી અને ઔદ્યોગિક વર્ગના ધન અને કાનૂન પર સ્થપાયેલા વર્ગના અમલને સ્થાન આપ્યું છે અને એણે વળી શૂદ્ર વર્ગના, નિષ્કિંચનના, શ્રમ અને સહકાર પર સ્થપાયેલા અમલને સ્થાન આપી દેવું પડશે. આ પરિવર્તન પણ બીજાં પરિવર્તનો પેઠે બહુ વિખવાદ અને ઉત્પાત વગર નહિ થઈ શકે અને દરેક નિશાની એવી છે એનો માર્ગ વિસ્ફોટક હિંસાથી ભરેલો હશે.

આ નવી શક્તિને ખરેખર એમ કહેવામાં આવ્યું છે કે એણે એનું કામ અકળાયા વિના, ધીરે ધીરે, સંસદવાદના સ્વીકૃત માર્ગે શાન્તિપૂર્વક કરવું જોઈએ; પરંતુ સંસદવાદ ભારે અવમાનીનતાના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે, અને શ્રમિકોના મનમાં શંકા ઉત્પન્ન થઈ છે કે એમના ધ્યેયની સિદ્ધિનો એ શું સાચો કે શક્ય માર્ગ છે? અને તે ઉપર વિશ્વાસ રાખવાથી એ એમના વિરોધીઓના હાથમાં રમકડાં જેવા તો નહિ બની જાય? કારણ કે સંસદ તો વસ્તુત: સંપત્તિવાન વર્ગોનું મોટું સાધન છે અને સંસદીય સમાજવાદી સહેલાઈથી અર્ધગુપ્ત મધ્યમવર્ગી કે અર્ધો શ્રમિક અને અર્ધો મધ્યમવર્ગી બની જવા માંડે છે. સમાજની નવી વ્યવસ્થા માટે શાસનની નવી પદ્ધતિ આવશ્યક જણાય છે. તો પછી જો સમાજની નવી પ્રણાલી સમાજની અત્યારની ભૂમિકાની સંપૂર્ણ ઊલટપાલટ સાથે જ અને વધારામાં જો એ ક્રાન્તિકારી સંઘર્ષને માર્ગે આવવાની હોય તો વર્તમાન પરિસ્થિતિના પાયા પર રચાયેલા રાષ્ટ્રસંઘની, ખરેખર રાષ્ટ્રોના બનેલા નહિ પરંતુ સરકારોના બનેલા સંઘની, જૂની વ્યવસ્થાને કાયમ રાખવા બંધાયેલી અને એમના વધુ બનેલા સંપર્કને એમના પોતાના અસ્તિત્વના સ્વરૂપ પ્રત્યે જ શત્રુતા ધરાવતા એ નવા વિચારને તોડી પાડવા માટે એનો ઉપયોગ કરતી સરકારોના સંઘની પદ્ધતિનું આ ધરતીકંપ કે ઘુર્ણીમાં શું થશે? એનું મંદ કે મૃદુ રૂપાન્તર થાય તેના કરતાં એ અદૃશ્ય થઈ જાય એવો વધારે સંભવ છે, અને એ અદૃશ્ય થઈ જાય તો આંતરરાષ્ટ્રીય સમાજની અન્ય

કોઈ પદ્ધતિ એનું સ્થાન લેશે, પરંતુ તે આ રાષ્ટ્રસંઘ નહિ હોય.

આપણે ચાલો ધારી લઈએ કે એનું બાહ્ય સ્વરૂપ ગમે તેવું હોય તો પણ આ સંઘ કે જે જગતની વર્તમાન ઉત્તમ સંયુક્ત રાજનીતિજ્ઞતાને સદેહ કરે છે તે આ બધી આપત્તિઓને વટાવી જશે, બધી આંધીઓને ઝીલી લેશે અને માનવજાતિની ભવિતવ્યતાઓને, શરૂઆતમાં વધુ કે ઓછી બેચેનીવાળા પરંતુ અંતે સ્થિર અને વધતી જતી શાંતિ અને પારસ્પરિક સમાધાનના માર્ગે દોરી જશે. તો એણે શરૂઆતમાં કે આખરે શું સિદ્ધ કર્યું હશે? એણે યુદ્ધ અને શાંતિની વચ્ચે પલટા લેતી અને ઝોલાં ખાતી પુરાણી પદ્ધતિને સ્થાને કાનૂની વ્યવસ્થા સ્થાપવાનો પ્રયાસ કર્યો હશે, બેશક, એ જો થોડી પણ દૃઢતા સાથે કરવામાં આવ્યો હશે તો માનવ-સભ્યતાના જાણીતા ઈતિહાસમાં પ્રગતિનું એક મોટું પગલું ભરાયું ગણાશે. કારણ કે એનો અર્થ એ કે જે વસ્તુ રાષ્ટ્ર રૂપી એકમમાં સદીઓ પહેલાં સ્થાપિત થઈ હતી તે હવે અંતે રાષ્ટ્રોના સમાજમાં પણ સ્થાપવામાં આવી. પરંતુ આપણે એ બાબત બહુ જલદી કૂદકા મારવા ન લાગીએ કે જે અયોગ્ય સરખામણી હોવાનો સંભવ છે. સભ્ય સમાજે જે કામ શરૂઆતથી રાષ્ટ્રની અંદર બહુ અસરકારક રીતે કર્યું તે છે અસ્થિર શાંતિ અને વારંવાર થતા ખાનગી કે કોમી સંગ્રામને, કે જેમાં પ્રત્યેક માણસે, પોતે જે ન્યાયી માનતો હોય તે વસ્તુનો દાવો એના સંબંધીઓની સાથે કે કેવળ પોતાનાં બાહુબળથી કરવો પડતો, તેને સ્થાને કોઈ એક પ્રકારના વૈધ સંબંધની, વૈધ આક્રમણ કે સંરક્ષણની, નુકસાનીના વૈધ બદલાવીને કે વૈરતૃપ્તિની સ્થાપના. અત્યારે હજુ હયાત અપરાધનું તત્ત્વનું સાગ્રહ સાતત્ય, અગાઉની એ કુદરતી હિંસાને પ્રાગ્વૈધાનિક અવસ્થાનો એકમાત્ર અવશેષ છે. પરંતુ વ્યવસ્થિત સમાજ કોઈ ઉદ્દંડ વ્યક્તિને સંભાળી લે એ પ્રમાણમાં સહેલું છે; પરંતુ અહીં તો વ્યક્તિઓને સ્થાને એકમો રૂપે હશે સંકીર્ણ અને સંયુક્ત વ્યક્તિત્વવાળાં રાષ્ટ્રો અને સામૂહિક, સબળ અને સાગ્રહ (હઠીલી) ગેરમિલનસારી, ધિક્કાર, ઈર્ષ્યા, વિદ્વેષથી વિભક્ત કોટયાવધિ માનવોના આવેગોનું પ્રતિનિધિત્વ કરતા અને પોતે ખૂબ વ્યવસ્થિત થયેલા મોટા માનવસમૂહો અને વિશ્વવૈધ થવા માગતા સંઘની અને પ્રજાઓના નવા સમાજની સ્થાપના વખતે એ વિદ્વેષો વિપ્લવ (વિશ્વયુદ્ધ) પહેલાં જ્યારે સહિષ્ણુ અને સહજ વિશ્વવાદ વધુ પ્રમાણમાં લોકમાન્ય હતાં તેના કરતાં વધુ તીખા અને આકરા થયેલા જોવામાં આવે છે અને જેમની સાથે સંઘનો વ્યવહાર એમને રૂઝવવા કે દૂર કરવાને બદલે વધુ ઊંડા અને કાયમી બનાવશે એમ લાગે છે. અને લોકોના વિશૃંખલ અને કોઈ પ્રાણવાન સિદ્ધાંત કે ઐક્યની તીવ્ર ઈચ્છા વિનાના ટોળા ઉપર, શાન્તિની અને સ્થાયી વિધાનની વ્યવસ્થા બેસાડી દેવાની છે અને તે વધતી જતી અંધાધૂંધી, ઉત્પાત અને

ક્રાન્તિના ભીષણ સમયમાં.

રાષ્ટ્ર રૂપી સમાજ પણ કેવળ એટલો સફળ થયો કે જેટલે અંશે એક એવું અવિભાજ્ય અને એકમાત્ર, સાર્વત્રિક અને સુયંત્રિત પ્રશાસન સ્થાપી શકયો કે જે વિધાન ઘડી શકે, એનો અમલ પણ કરી શકે અને સ્થાપિત નિયમો, આદેશો અને આજ્ઞાઓનું દૃઢતાથી પાલન કરાવી શકે. અહીં, એવી સંસ્થાએ કામ કરવાનું છે કે જે કોઈ સદેહ ઐકયનું પ્રતિનિધિત્વ કરતી નથી. પરંતુ જે પોતે જ ઊલટાની ઘણાં સબળ ભિન્નતાવાળાં એકમોના શંભુમેળા કે હારમાળા જેવી છે, અને જે વિધાન નક્કી નથી કરતી, પરંતુ કેવળ બહુ એકપક્ષી અને તકસાધુ તાત્કાલિક હુકમો છોડે છે અને એમને અમલી બનાવવા વારંવાર ધાકધમકીના, હદબંધીના અને આર્થિક દબાણના, સામૂહિક ભૂખમરાના અને હિંસાત્મક સૈનિક કબજાગીરીના માર્ગ અખત્યાર કરે છે; અને એ વસ્તુઓ યુદ્ધોત્તર અશાન્તિની અવસ્થાને લંબાવે છે અને એમના ગૌણ પરિણામ રૂપે જે દેશોની સરકારો આ અદ્વિતીય આંતરરાષ્ટ્રીય રમતમાં સંડોવાઈ છે તેમની ઉપર પ્રત્યાઘાત નોંતરી લાવે છે. એ સહેલાઈથી સમજી શકાય એમ છે કે જો માનવજાતિની આ છેલ્લી અને બળવાન આશા, બુદ્ધિમાનોની એક ઉદાર ભ્રમણા કરતાં કે પ્રજાઓના ધૂંધળા હૃદયની આતુરતાના એકબીજા અવાસ્તવિક તરંગ કરતાં કંઈ વધુ મોટી કે જુદી વસ્તુ બનવાની હોય તો વધુ સારી પદ્ધતિ અને વધુ સારા ઉપાય શોધી કાઢવા પડશે.

આટલા લાંબા કાળ અને અનુભવ બાદ પણ રાષ્ટ્ર રૂપી સમાજ હજુ એના દેહમાંથી એના સભ્યો વચ્ચેના કંકાસ નાબૂદ કરી શકયો નથી અને વર્ગવિગ્રહ, હિતો અને વિરોધી વિચારોની કડવી શત્રુતાને નાબૂદ કરી શકયો નથી, એ વિરોધો કે જે વખતે વખતે લોહિયાળ સંઘર્ષ, આંતરવિગ્રહ, રકતાસિકત ક્રાંતિઓ કે આપત્તિકારક ઝનૂની દુરાગ્રહવાળા અને નિષ્ઠુર આર્થિક સંગ્રામોમાં પરિણમે છે અને જે બધાં સંભાવી યુદ્ધોને તૈયાર કરતાં તત્ત્વો છે. અને કારણ શોધવા દૂર જવું પડે તેમ નથી. કાનૂન એના બધા ભભકાદાર સ્વાંગ અને શ્વેત કેશકલાપના ગૌરવના દંભ છતાં, મૂળે તો, વધુ બળવાન, કુનેહબાજ અને સફળ થયેલા લોકો, કે જેમણે એમનું પ્રશાસન બાકીના, મૂંગી તાબેદારી સ્વીકારી શાંત રહેલા લોકો પર સ્થાપિત કર્યું છે, તેમનો કાનૂન છે. કાનૂન એ તો શાસક વર્ગે પહેલાંથી ચાલતી આવેલી રૂઢિઓના સમૂહ પર જડી દીધેલી આદેશ-સંહિતા છે અને એ રીતે એમને ચાલુ વિચાર અને ઢોચામાં નવું રૂપ આપ્યું છે; કાનૂન પોતે પણ પ્રશાસનના પોતાના નિયમોની સ્થાપના કરનાર અને દંડ અને ત્રાસના આસન્ન ભય દ્વારા એમનું પાલન કરાવનાર એક નિયંત્રિત અને વ્યવસ્થિત પ્રાબલ્ય હતું. ન્યાયની પ્રતીકાત્મક તલવારનો અર્થ છે અને

એની વધુ (મીથીક) પૌરાણિક તુલા બાબત કહીએ તો, તુલા એ એક વ્યાપારી અને કૃત્રિમ ચિહ્ન છે, નહિ તો નૈસર્ગિક કે નહિ આદર્શ સામ્યનું અને એ રૂપે પણ આ ન્યાયતુલા માત્ર સૈદ્ધાન્તિક રૂપે જ તોલ અને માપની સમાનતાનો ઉપયોગ કરે છે અને તે પણ હમેશાં નહિ. કાનૂન ઘણી વાર અને મોટે ભાગે વૈધાનિક દમન અને શોષણ પ્રણાલી જ હતી અને એની રાજકીય બાજુમાં સ્પષ્ટ રૂપે એ છાપ અંકિત હતી, જોકે એણે હમેશાં પવિત્ર વ્યવસ્થા, પ્રશાસન ન્યાયનો ગંભીર મોહરો ધારણ કર્યો છે.

માનવજાતિનો ઇતિહાસ મોટે ભાગે અન્યાયી કાનૂનનું ન્યાયમાં પરિવર્તન કરવા માટેના લાંબા સંઘર્ષનો ઇતિહાસ છે,—તાકાતને આધારે જડી દીધેલા આદર્શ અને નિયમનો રહસ્યાત્મક "કાનૂનપૂર્વક સ્થપાયેલો" છે માટે ખરો હોવાનો દાવો કરતો ન્યાય નહિ, પરંતુ સમાનતા અને સમદૃષ્ટિ કે સામ્યાના બુદ્ધિગમ્ય ન્યાયની દિશામાં ઘણું કામ થયું છે, પરંતુ હજુ એટલું જ કે એથીયે વધારે કરવાનું બાકી છે. અને જ્યાં સુધી એ નહિ થાય ત્યાં સુધી આંતરવિગ્રહ, અશાંતિ અને વિદ્રોહનો કોઈ નિશ્ચિત અંત હોઈ શકે નહિ. કારણ કે કાનૂની અન્યાય માત્ર ત્યાં સુધી જ સહન કરી લેવાય છે જ્યાં સુધી એનાથી દુ:ખી થતા લોકોમાં નિષ્ક્રિય અંધાપો કે મૌન તાબેદારી હોય અથવા તો જ્યારે એમનામાં એક વાર સામ્યની ઇચ્છા જાગે એટલે સ્વાભાવિક અને શાંતિને માર્ગે સુધારણાનાં સાધન એમના હાથ પર તૈયાર હોય. અને અન્યાયી કાનૂનને થોડા પ્રયત્ને અને વગર અડચણે બદલી શકાય એવો સંભવ હોય પરંતુ અન્યાય કે એમ કહીએ કે વાસ્તવિક પરિસ્થિતિમાં કે પદ્ધતિમાં એક ન્યાયી સમાનતા અને સમદૃષ્ટિ કે સમતુલાનો અભાવ વ્યાપક હોય તો પછી ગંભીર આફત આવે જ છે અને એમાં સુધારો થાય નહિ ત્યાં સુધી વાસ્તવિક સંતુલન અને શાંતિ હોઈ શકે નહિ. આમ અર્વાચીન સમાજમાં, હડતાળો અને તાળાબંધીઓ આંતરવિગ્રહનું એનું રૂપ છે, બન્ને પક્ષો માટે પૂરતું અનર્થકારી હોય છે; તો પણ સર્વદા એનો આધાર લેવામાં આવે છે અને કોઈ વધુ સારો માર્ગ એનું સ્થાન લઈ શકતો નથી. કારણ કે વર્તમાન પરિસ્થિતિ નીચે આપવામાં આવે એવા કોઈ સંભાવી કાનૂનની ચુકાદા કે "ફરજિયાત" લવાદીમાં કોઈ વિશ્વાસ હોતો નથી. સબળ પક્ષ સ્થાપિત પદ્ધતિનો લાભ ઉઠાવે છે જ્યારે દુર્બળ પક્ષને એવો અનુભવ થાય છે કે રાજ્યની વૈજ્ઞાનિક તુલાનું અસ્તિત્વ જ એવા વિધાન કે કાનૂન પર આધાર રાખતું હોય છે કે જે મૂડીદારોનાં હિત અને ધનનું પ્રભુત્વ આપે છે અને એવા રાજ્યમાં બહુ હોય તો એ માત્ર થોડી સહુલિયતો મેળવી શકે કે જે એમની અપર્યાપ્તતાને કારણે ભવિષ્યમાં બીજી પણ ઘણી અથડામણીઓ લાવે. એ હડતાલને પોતાનું

કુદરતી અને વિશ્વવસ્ય સાધન માનીને વળગી રહે છે. એ કારણથી આર્થિક શાંતિ અને ભ્રાતૃભાવ માટેનાં બધાં પુનરાવર્તન અને ઉદ્‌બોધન વ્યર્થ ઉપદેશ જેવાં છે. સમાજની વધુ સમાન દરજ્જાવાળી અને સમાન ન્યાયની પદ્ધતિ એ જ એકમાત્ર ઉપાય છે. અને આ તો માત્ર વર્તમાન વિશ્વ-વ્યવસ્થા નીચે જુદે જુદે રૂપે દેખાતી વ્યાપક પરિસ્થિતિનું એક ઉદાહરણ છે.

વર્તમાન આંતરરાષ્ટ્રીય પ્રયાસ અને એની વૈધાનિક અને શાંતિપૂર્ણ માનવ-સમાજ વિષેની આશાઓને એ જ વસ્તુ સ્પષ્ટ રીતે લાગુ પડે છે. રાષ્ટ્રસંઘની સ્થાપના વિજયી તાકાત દ્વારા કરવામાં આવી છે, બેશક વિજયના અધિકાર અને ન્યાયની શકિત હોવાનો દાવો કરતી, પરંતુ એના જન્મના અપરાધને કારણે એક સમાન અને નિષ્પક્ષ, સમદૃષ્ટિવાળા, સાચા અને નિર્બાધ ન્યાયને મૂર્ત રૂપ આપવા અસમર્થ એવી તાકાત દ્વારા. એની પ્રાજ્ઞપ્તિઓ અને વિધાનો કોઈ નિશ્ચય અને અવૈયકિતક સિદ્ધાન્ત પર સ્થાપિત નથી, પરંતુ મુખ્યત્વે ત્રણ કે ચાર શકિતમાન રાષ્ટ્રોના આદેશો કે ચુકાદા (Sic volo sic gubco) પર સ્થપાઈ છે. એ કદાચ ન્યાયી હોય તો પણ એમનામાં એક વિઘાતક દોષ છે કે હારેલા પક્ષને કે સામાન્ય માનસને પણ એમની પાછળ કોઈ સામાન્ય કે શ્રદ્ધાપાત્ર ન્યાયપરાયણતાની ખાત્રી આપે એવી કોઈ વસ્તુ નથી, અને વાસ્તવમાં તો એમાંના ઘણાએ બહુ વ્યાપક રીતે ગંભીર અસંતોષ અને શાત્રવી આલોચનાઓને જન્મ આપ્યો છે. અને સર્વોચ્ચ પરિષદ (Supreme Council) પરિસ્થિતિનો એ પુરોહિત, મુખત્યાર પોતે પણ એની પ્રવૃત્તિમાં કોઈ સ્પષ્ટ સિદ્ધાન્તની સહાય લેતો નથી, એવી સ્થિતિમાં પણ કે જ્યારે સાચે જ હાજર હોય છે અને સિદ્ધાન્તને જોરપૂર્વક અને સ્પષ્ટતાથી આગળ લાવી શકાય એમ હોય છે. આ લખતી વેળા પોતાનાં બાહુબળથી નહિ પરંતુ સંઘના નૈતિક અને આર્થિક દબાણથી વિજયી બનેલી એક નાની અભિગ્રાહી સત્તાની સેનાએ એક દુ:ખગ્રસ્ત અને અર્ધા ભૂખ્યા દેશને લૂંટી લીધાનો બનાવ બન્યો છે અને પરિષદે એમાં સાચી રીતે હસ્તક્ષેપ કર્યો છે. પરંતુ એ કામ એણે ખુલ્લી રીતે આંતરરાષ્ટ્રીય ન્યાય અને માનવતાના કે આંતરરાષ્ટ્રીય નૈતિકતાના હજુ જેવા છે તેવા પ્રાથમિક કક્ષાના સિદ્ધાંતો પર પણ નહિ પરંતુ આ ભૂમિકા પર કર્યું છે કે હારેલા દેશની સંપત્તિ વિજેતાઓના હક્ક પ્રમાણે "સામાન્ય લૂંટ"નો માલ છે અને તેથી વિજેતાઓને થયેલું નુકસાન ભરપાઈ કરવાનું દ્રવ્ય છે અને એ કંઈ કોઈ નાના લોહી તરસ્યા મિત્રરાજ્યને એના વધુ મોટા સ્વાર્થસાધક ન્યાયના સાથીદાર શાસકોને ભોગે એકલા જોરજુલમ કરી ગળી જવા દેવાય નહિ કે જેથી હંગરી એમના હાથ પર, એમની ઇચ્છાઓને પૂરી કરે, સાદવ દેણદારને બદલે એક ભૂખ્યા ભીખારી રૂપે આવે !— જો આવી

વાસ્તવવાદી ભાવના નવી આંતરરાષ્ટ્રીય પદ્ધતિની ભાવના હોય અને ભવિષ્યમાં રહેવાની હોય તો એની સફળતા એની નિષ્ફળતા કરતાં વધુ ખતરનાક નીવડે એવો સંભવ છે, કારણ કે માનવજાતિના પીડિત વર્ગો માટે એ અસહ્ય વર્તમાન અન્યાયોનું વૈધિકરણ અને સાતત્ય થશે કે જેમને માટે પહેલાંની વધુ શિથિલ પ્રણાલીમાં વધુ સહેલા ઉપાય હતા અને જેમના અંતની આશા રાખી શકાતી હતી. જો આ રાષ્ટ્રસંઘ માનવજાતિની સેવા કરવાનો હોય અને એને માત્ર દબાવી રાખવાનો ના હોય, અને એને બાંધી રાખવાનો કે અવનત કરવાનો ના હોય તો એને જુદા બીબામાં ઢાળવો પડશે અને જુદી ભાવનાથી સંપૂર્ણ કરવો પડશે. આ જમાનો જુદા જુદા રાષ્ટ્રોમાં સ્થપાએલ કાનૂની રાજ્યના જેવો નથી; માણસો હવે, તે વખતે હતા તેમ, વર્તમાન પરિસ્થિતિને કુદરતની અનિવાર્ય નિયતિ રૂપ ગણી એને આધીન રહેવાની વૃત્તિવાળા નથી રહ્યા. સમદૃષ્ટિ, સમાન દરજ્જો અને સર્વસાધારણ અધિકારોના ખ્યાલ જાતિના માનસમાં ફેલાઈ ગયા છે અને માનવસમાજે હવે એ વિચારોને સંતોષવા પ્રત્યે સતત આગળ વધવું જોઈશે, નહિ તો ચાલુ અશાંતિ અને વધતી જતી શ્રેણીની આફતો એને ભાગે આવશે.

અર્થાત્ માનવજાતિની ઉદાત્ત આશાઓને કે એની જોરદાર આવશ્યકતાઓને એ સુસંગત થઈ શકે તે માટે, સંઘની સમગ્ર ભાવના અને પ્રગતિને નવેસરથી ઘડવી પડશે, એના બંધારણની શરૂઆતમાં થયેલી ભૂલો સુધારવી પડશે, અત્યારે પેલી જૂની કહેવતને જુદી રીતે મૂકીએ તો નવી આકર્ષક શીશીઓમાં ભરેલો જૂનો ઉબાઈ ગયેલો દારૂ રેડવા જેવું છે. જૂની અવમાનિત સંહતિ અને સંતુલન અને સૌથી બળવાનનું રાજ્ય, થોડી પ્રભુત્વ ભોગવતી રાજાશાહીઓ, રાજ્યો અને સામ્રાજ્યોનું મિશ્રણ છે તે એક વધુ ન્યાયી અને લોકતંત્રીય આંતરરાષ્ટ્રીય રચનામાં અદૃશ્ય થઈ જવું જોઈએ. "શત્રુ", સંધિબદ્ધ અને મિત્ર, રાષ્ટ્રો અથવા તો વધુ અંગીકૃત કે ઓછી અંગીકૃત પ્રજાઓમાં વિભાજન કરવાની યુદ્ધના વારસા તરીકે મળેલી અશુભ ભાવનાને રાષ્ટ્રસંઘના તંત્રમાંથી નાબૂદ કરવી પડશે, કારણ કે જ્યાં સુધી એ ત્યાં હશે ત્યાં સુધી તે એક વિષાણુ રૂપે કામ કરશે અને સર્વ સ્વસ્થ વિકાસ અને પ્રવૃત્તિને રોકી રાખશે. જગતમાં સાચી શાંતિ અને ન્યાયની શરૂઆત અને પ્રગતિમાં વ્યવસ્થિત સૌજન્ય લાવવા માગતો હોય એવો રાષ્ટ્રસંઘ અને સંધિબદ્ધ સરકારોના બિનજવાબદાર સંકલ્પો અને બેચેન અને અસંતુષ્ટ યુરોપ, એશિયા અને આફ્રિકા ઉપર બને તેટલા પ્રમાણમાં ઠોકી બેસાડતી છૂપી પરિષદ એ બે બહુ જુદી વસ્તુઓ છે. અને જ્યાં સુધી એક હયાત છે ત્યાં સુધી બીજી અસ્તિત્વમાં નહિ લાવી શકાય. સંઘની ઢંગધડા વગરની બનાવટને સાચા અને સાદા રૂપમાં અને અર્થમાં ઢાળવી પડશે અને

એની પાસે સ્પષ્ટ સિદ્ધાંતોના તત્ત્વનો સ્વીકાર કરાવવો પડશે કે જે એના સંવિધાનમાંથી બાતલ રાખવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય અધિકારો અને દાયિત્વો તથા ન્યાયયુકત સ્વતંત્રતાઓ અને સુખદ તેમજ આવશ્યક પ્રતિબંધોની એક સર્વસામાન્ય પદ્ધતિ એ જ આંતરરાષ્ટ્રીય કાનૂન અને વ્યવસ્થાની એકમાત્ર ભૂમિકા (પ્રતિષ્ઠા) બની શકે અને પ્રજાઓની ન્યાયયુકત અને સમાન સ્વતંત્રતાની આત્મનિર્ણયના સિદ્ધાન્ત સિવાય બીજી કોઈ સાચી ભૂમિકા નથી, જેની યુદ્ધ દરમિયાન ઘોષણા કરવામાં આવી હતી પરંતુ જેને તકસાધુ રાજનીતિએ એકદમ દૂર ફેંકી દીધો છે. આત્મનિર્ણયનો સાચો સિદ્ધાન્ત આંતરરાષ્ટ્રીય એકતા અને પારસ્પરિક દાયિત્વોથી બિલકૂલ અસંગત નથી. બન્ને ખરે જ એક-બીજાની અપરિહાર્ય પુરવણી રૂપ છે. જેવી રીતે વૈયકિતક સ્વાતંત્ર્ય એ સ્વસ્થ આત્મવિકાસ અને આત્મનિર્ણય માટે ન્યાયયુકત અને પર્યાપ્ત અવકાશના અર્થમાં માણસ માણસ વચ્ચે ભાવનાની એકતા અને પરસ્પરના દાયિત્વથી બિલકૂલ અસંગત નથી. વર્તમાન સંયોગો, વિદ્વેષો, મહેચ્છાઓ, ફરિયાદો, રાષ્ટ્રીય લોલુપતાઓ, ઈર્ષ્યાઓ, અહંભાવોમાંથી એનો કેવી રીતે વિકાસ કરવો એ ખરે જ એક સમસ્યા છે. પરંતુ એ સમસ્યા એવી છે કે જેને આજે કે કાલે હાથ પર લેવી પડશે, જો એથી વધુ બૂરી ચીજોનું જોખમ વહોરવું ન હોય તો. એમ કહેવું કે આવો વિકાસ અશકય છે તે એમ કહેવા બરાબર છે કે કેટલાંક રાષ્ટ્રો, એમનાં સામાન્ય હિતો અને પ્રભાવક સંધાન માટેના સંઘથી જુદા પ્રકારનો, એની ખરી ભાવનામાં રાષ્ટ્રોનો સંઘ અશકય છે. એમ હોય તો એ મહાન નામે ઓળખાતી વર્તમાન સંસ્થા કેવળ એ જૂની મંડળીની (concert) કે સરકારોના ત્યાર પછીના સંધાનની એક વધારેલી અને વધુ યાંત્રિક આવૃત્તિ છે અને વહેલી કે મોડી એના પૂરોગામીને માર્ગે જશે. જો એમ હોય તો એ આપણે જેટલું જલદી સમજી લઈએ તેટલું, લાગેવળગે છે તે સૌને માટે, વધુ સારું છે; નિરાશાઓ, અશાંતિ, વ્યાકુળતા અને જોખમી પ્રત્યાઘાતોના એમના ભાર-વાળી એટલી ઓછી મિથ્યા આશાઓ અને વેડફાઈ જતી શકિત હશે. વર્તમાન માર્ગે આગળ વધ્યા કરવું એ બીજા અને વધુ મોટા ઉપપ્લવમાં સીધા દોરાઈ જવા બરાબર છે.

માનવજાતિને એની પ્રગતિ માટે આશાની જે ભાવના જરૂરી છે તેને શિથિલ કરવા માટે આ વસ્તુઓનો આગ્રહ નથી કરવામાં આવતો; આગ્રહ આવશ્યક છે, એ કારણથી કે એ આશા ભ્રાન્તિઓ ઉપર જીવે નહિ અને ઊંધે માર્ગેના ચઢી જાય, પરંતુ એની પરિપૂર્ણતાની સાચી શરતોને સ્પષ્ટ રીતે સમજી લે અને એમને સિદ્ધ કરવા એની શકિત કેન્દ્રિત કરે. સરળતાપૂર્વક એમ માની લેવું કે ખરાબ પદ્ધતિ એની મેળે સારી થઈ જશે, કે કોઈ સહેલું પરિવર્તન

જરૂર આવશે અને ઉદ્ધાર કરશે, એ એક સુખદાયી પરંતુ જોખમકારક વસ્તુ છે, દાખલા તરીકે એમ માનવું કે યુરોપ સાચી લોકશાહીનો વિકાસ કરશે અને અત્યારે આવી અપૂર્ણતાઓ સામે સ્થપાયેલો રાષ્ટ્રસંઘ એની વધુ સારી ભાવના દ્વારા પૂર્ણ બનાવવામાં આવશે. આવા આશાન્વિત સ્વીકાર કે મૂક સમ્મતિની વૃત્તિનું સામાન્ય રીતે એ પરિણામ આવે છે. અપેક્ષિત વધુ સારી પરિસ્થિતિ આવે છે ત્યારે ખરે જ કંઈક સુખદ ફેરફાર કરે છે, પરંતુ એ ભૂતકાળના ભારે એવા દાય ભાગને પણ સાથે લઈ આવે છે, એની ધૂંધળી ભાવનાઓ અને એનાં અશુભ તત્ત્વોના વારસાનો મોટો ભાગ લઈ આવે છે, જેમાં એ પોતે કરેલી નવી ભૂલોનો ભાર ઉમેરે છે. જરૂર, આ નવી રચનાની, સરકારોના આ સંઘની પાછળ જે વસ્તુ હતી તે એક કે બીજે માર્ગે આવશે; કારણ કે મને લાગે છે કે આંતરરાષ્ટ્રીય જીવનની એક વધુ સુઘટ્ટ પ્રણાલી વહેલી કે મોડી અપરિહાર્ય બની ગઈ છે કારણ કે એ આધુનિક પરિસ્થિતિઓની આવશ્યક અભિવ્યકિત છે, માનવજાતિના જીવનના વધુ નિકટ બનેલા સંબંધોનો અને કર્મ-પ્રતિકર્મની અભિવ્યકિત છે, અને એનો એકમાત્ર વિકલ્પ વધતી જતી વ્યથા, અવ્યવસ્થા અને અંતે અંધાધૂંધી છેએ છે. પરંતુ આ અનિવાર્ય વ્યુત્ક્રમ આપણે જે માર્ગે કે સિદ્ધાન્તે ચાલીશું તે પ્રમાણે સારો કે ખરાબ વળાંક લેશે. એ એક યાંત્રિક અને ત્રાસજનક પદ્ધતિના રૂપમાં યુરોપની ઔદ્યોગિક સભ્યતા જેવી જૂઠ્ઠી અને ક્ષતિયુકત પદ્ધતિના રૂપમાં આવે કે જેણે એની અતિફુલાવાની અને રાક્ષસી રીતે ચાલુ વિનિપાત આણ્યો અથવા તો એવે રૂપે અને વધુ જ્ઞાનવાન અને રચનાત્મક શકિતની એવી સ્વસ્થ ગતિએ આવે કે જેને માનવ-જાતિની હજુ વધુ મહાન અને હિતાવહ પ્રગતિ માટે આધાર કે પ્રસ્થાનબિંદુ બનાવી શકાય. માનવજાતિને જેની જરૂર છેએવું પરિવર્તન કોઈ પદ્ધતિ એની પોતાની તાકાતથી નહિ લાવી શકે; કારણ કે એ કેવળ માનવજાતિના વિકાસથી, સંવર્ધનથી, એની ઊર્ધ્વતર પ્રકૃતિની દૃઢતાથી સિદ્ધ કરવામાં આવેલી શકયતાઓ દ્વારા આવી શકે અને તે આધાર રાખે છે આંતરિક પરિવર્તન પર, નહિ કે બાહ્ય. પરંતુ બાહ્ય પરિવર્તનો કંઈ નહિ તો એ વધુ સારી સુધારણા માટેના સાનુકૂળ સંયોગો તૈયાર કરી શકે,— અથવા તો એ એવા સંયોગો પ્રત્યે દોરી જાય કે જેમાં માત્ર કલ્કિની તલવાર જ પૃથ્વીને જીદ્દી આસુરી માનવજાતિના ભારમાંથી મુકત કરી શકે. પસંદગી (વરણી) માનવજાતિના હાથમાં છે; કારણ કે જેવું એ વાવશે, તેવું એના કર્મનું ફળ (પાક) લણશે.

અને એ વાત આપણને જે વિચારથી આપણે શરૂઆત કરી છે તે પર લઈ આવે છે અને એની સાથે આપણે વાતનો અંત પણ લાવી શકીએ છીએ, આજના જડવાદી પેઢીના વ્યવહારપ્રધાન માનસને એ ગમે તેટલો દૂર લાગે

તો પણ. રાજકીય અને સામાજિક પૂર્ણતાના જે વિચારને યુરોપ અનુસરે છે તે તત્પૂરતો એક સત્ય પર પ્રતિષ્ઠિત થયેલો વિચાર છે, પરંતુ સત્યના અર્ધભાગ પર અને તે પણ એની ધાર પરના નિમ્નતર ભાગ પર. એની વધુ મોટી બાજુ બીજા વધુ જૂના વિચારની પાછળ છુપાઈ છે કે જે હજુ એશિયામાં જીવિત છે અને હવે યુરોપમાં ફરીથી જન્મ લેવા પૂરતો સમર્થ છે, એ વિચાર કે જેમ વ્યકિત માટે તેમ માનવસમુદાય માટે પણ ઉદ્ધાર કેવળ કાનૂનથી નહિ આવી શકે; કારણ કે કાનૂન માત્ર એક વચગાળાનું સાધન છે, આપણી અહંભાવી પ્રકૃતિની મૂળભૂત અવ્યવસ્થા પર કડક દાયિત્વ અને વધુ સારા ધોરણની લગામ પહેરાવી દેવાનું સાધન છે. વ્યકિત કે સમાજનો ઉદ્ધાર કાનૂન દ્વારા નહિ પરંતુ આત્મા દ્વારા થાય છે.[૧] વ્યકિતની અને સમાજની પૂર્ણતાની શરતો ખરેખર સરખી છે, સ્વતંત્રતા અને એકતા એ છે; એ એકબીજાનાં પૂરક તત્ત્વો છે; એમાંથી એકને તરછોડી બીજાને અનુસરવું એ મિથ્યા પાખંડ છે. પરંતુ અહંભાવી પ્રકૃતિમાંથી ઉપર નીકળી જઈ મનુષ્ય મનુષ્ય સાથે હૃદય અને આત્માએ એક નહિ થાય ત્યાં સુધી માનવજાતિમાં સાચી એકતા નહિ આવી શકે, અને સાચી સ્વતંત્રતા પણ નહિ આવે, જ્યાં સુધી મનુષ્ય એની પોતાની નિમ્નતર પ્રકૃતિમાંથી મુકત થઈને સંતો અને ઋષિઓ જે સત્ય, કોઈ ફળ વિના, શીખવતા રહ્યા છે તેની શકિતને ઓળખી નહિ લે કે એના પૂર્ણ બનેલા વ્યકિતત્વની પરિપૂર્ણતા અને વૈશ્વિકતા બન્ને એક જ વસ્તુ છે જેના વડે એ સમગ્ર માનવજાતિને એના હૃદયમાં, મનમાં અને આત્મામાં આલિંગન કરી શકે છે. પરંતુ અત્યારે વ્યકિતઓ અને રાષ્ટ્રો એકતાના આવા કોઈ આંતરિક મંત્રના સ્વીકારથી એકસરખાં દૂર છે અને આપણે બહુ તો એટલી જ આશા રાખી શકીએ કે શ્રેષ્ઠ મનુષ્યો એમનાં મન એ દિશામાં વધુ ને વધુ વાળે અને આ વખતે, ફરીથી, વધુ નવા અને જ્ઞાનવાન આગ્રહ સાથે માનવ અભીપ્સાના ઉચ્ચતર ધોરણનું સર્જન કરે. ત્યાં સુધી કર્કશ (અણગમતો) રાષ્ટ્રસંઘ અને જાતિનું કોઈ યાંત્રિક અને વિલયશીલ સમવાયતંત્ર આપણા અનુભવ માટે અને સુદૂર ભવિષ્યની આશા માટે કામ આવશે. પરંતુ સાચા સામાજિક જીવનના સુવર્ણ-યુગનું સ્વપ્ન ત્યારે જ શકય બનશે અને સ્વતંત્રતા અને એકતા, આધ્યાત્મિક અને તેથી સધ્ધર પાયા પર ત્યારે સ્થાપી શકાશે જ્યારે જાતિ એની નજર અંતરમાં વાળતાં શીખશે અને આપણી પૂર્ણતાનો આદર્શ આ બધી વસ્તુઓ નહિ પરંતુ ભગવાનની સંતતિ અને પરમેશ્વરના આત્મા અને દેહ રૂપ માનવ-જાતિ આપણી પૂર્ણતાનો આદર્શ બની જશે.

---

૧. આપણે હિંદમાં પણ હજુ આ સત્યનો સાક્ષાત્કાર કરવાનો છે, શાસ્ત્ર દ્વારા નહિ, પરંતુ આત્માને માર્ગે.

# યુદ્ધ પછી

મહાયુદ્ધ થોડા વખતથી બંધ પડયું છે: એ ભૂતકાળનાં નિકટ અંતરોમાં ઊતરવા માંડયું છે, આપણી આસપાસ વર્તમાનનું કાળું ધુમ્મસ અને અસ્તવ્યસ્તતા પડી છે, સામે છે એક અસ્પષ્ટ અનિશ્ચિત ભાવિની મુખાકૃતિ. છતાં, યુદ્ધનાં તાત્કાલિક પરિણામોનો મોટોજોટો હિસાબ લઈ શકાય, જોકે શબ્દોની ગમે તેવી ખેંચાતાણીથી પણ જગતની પરિસ્થિતિ સ્પષ્ટ છે એમ કહી શકાય નહિ, કારણ કે એનો દેખાવ તો દિશાહીન નિષ્ક્રિયતા અને પહેલાં જોવામાં નહિ આવેલા એવા સંક્ષોભનો છે. સંઘર્ષ દરમિયાન જે આદર્શો એટલે ઊંચે અવાજે પોકારાઈ રહ્યા હતા,— મુખ્યત્વે એના પરસ્પર વિરોધી હિતોની ઘોષણા કરતા (રાડો પાડતા) આડતિયાઓ રૂપે, તે હવે બદનામ અને મૂંગા બની ગયા છે; વર્તમાન પરિસ્થિતિની લાક્ષણિકતા છે શત્રુતાના છૂટી ન શકે એવા ભેટામાં ફસાયેલાં, એકબીજા સાથે સમજૂતી કરી શકે નહિ એવાં પરંતુ એકબીજાનો પરાભવ કરવા માટે પણ અતિ અશકત થઈ ગયેલાં અને થાકી ગયેલાં પરિબળોના વ્યગ્ર અને સંકીર્ણ સંઘર્ષની, એક બેભાન અને દિશાહીન અને ધ્યેયહીન તક સાધુવાદની માનવજાતિનો ઘાટ એક પરિત્યકત નૌકા જેવો છે જેનાં કૂવાસ્તંભ અને કર્ણ તૂટી પડયાં છે અને જે તોફાનના અંતિમ જુઆળે ચડેલા સમુદ્રમાં આમતેમ અફળાય છે, સર્વોચ્ચ પરિષદના રાજધુરીણો જેમાં નિર્વીર્ય કપ્તાનોને સ્થાને છે, જે ઉપયોગી અમલ થવાની થોડી પણ શકયતા નથી અને ક્ષણે ક્ષણે બદલવા પડે છે એવા આદેશો છોડયા કરે છે. કયાંય કોઈ દિશાસૂચક રોશની દેખાતી નથી કે વ્યવહારમાં મૂકી શકાય એવો કોઈ વિચાર આગળ આવતો નથી. એક પ્રકારની વિશાળ બૌદ્ધિક અને નૈતિક નાદારી, એક અસીમ રિકતતા અને અવસાદ એ કત્લેઆમની પાછળ આવ્યાં છે.

યુદ્ધનું આ સૌથી આગળ પડતું તાત્કાલિક ફળ, વ્યાપક નિરાશા અને ભ્રાંતિભંગના, મોટી આશાઓ અને આદર્શોના પરાભવના વાતાવરણના રૂપનું છે. કેવી ઉચ્ચ અને ભવ્ય અને ઝળહળતી વસ્તુઓનાં, યુદ્ધ દરમિયાન વચન આપવામાં આવ્યાં હતાં અને તે હવે કયાં છે? પરિત્યકત, દૂષિત અને

અવમાનિત થઈ યુદ્ધે એની પાછળ છાંડેલા રક્તાસિક્ત ઉકરડા પર મરેલાં, નગ્ન અને ભ્રષ્ટ અવસ્થામાં પડયાં છે, એક પણ આપણી પાસે રહ્યું નથી. યુદ્ધનો અંત લાવવા જે યુદ્ધ લડાયું તે નવા સશસ્ત્ર સંઘર્ષ અને આંતરિક કલહનું ઉત્પાદક બન્યું છે અને હજુ બીજો વિસ્તૃત અને રક્તપાતવાળા સંગ્રામને રોકી રાખનાર વસ્તુ તો કેવળ યુદ્ધ પછીનો થાક છે. આપણને જેનું વચન આપવામાં આવ્યું હતું તે નવી, સુઘડ અને શાંતિપૂર્ણ વિશ્વ-વ્યવસ્થા તો બહુ દૂર, અવાસ્તવિકતાઓના પ્રદેશમાં ચાલી ગઈ છે. એને જેણે સ્થૂલ રૂપ આપવાનું હતું એ રાષ્ટ્રસંઘ તો હજુ અસ્તિત્વમાં પણ નથી દેખાતો અથવા તો એનું અસ્તિત્વ છે કેવળ ઉપહાસ રૂપ અને નામનું. એ સર્વોચ્ચ પરિષદના શણગાર રૂપ, તદ્દન અસહાય અને અર્થહીન ઉપાંગ તરીકે રહ્યું છે. અત્યારે તો માત્ર એની અનુર્વર સૂત્રાવલીમાં હજુ નિષ્ઠા રાખતા માણસોના અસ્પષ્ટ અને નિરર્થક આદર્શવાદની સામે લટકાવવામાં આવેલા દૂબળા-પાતળા વચનના રૂપમાં, એક કાગળ ઉપરનો સંઘ કે જે નજરે પડે એવી રીતે વધુ સક્રિય બને તો પણ શકિતશાળી સરકારોની મંડળી કે બે સંધિબદ્ધ અને સામ્રાજ્યવાદી રાષ્ટ્રોની સરકારોના પૃથ્વી પર પ્રભુત્વના પારદર્શક ઢાંકણ કે ટેકા કરતાં કંઈ વધારે ન બની શકે એવો સંઘ. આત્મ-નિર્ણયના જે સિદ્ધાંતની એક વખતે જોરશોરથી ઘોષણા કરવામાં આવી હતી તેનો વિજયી સરકારો અસ્વીકાર કરે છે અને એને ખુલ્લી રીતે બાજુએ મૂકી રહી છે. એને બદલે હવે જૂની મુત્સદ્દીગીરી પ્રમાણે ફરી દોરવામાં આવેલો યુરોપનો નકશો, બે ત્રણ મોટી યુરોપીય સત્તાઓની વચ્ચે વહેંચાયેલી કબજાગીરીમાં, એમની ખાનગી મિલકતના રૂપમાં આફ્રિકા અને પ્રાદેશિકતાની પદ્ધતિના અભિશાપવાળું પશ્ચિમ એશિયા— જે પ્રાદેશ-પદ્ધતિનો બચાવ પણ ખુલ્લી રીતે વ્યાપારિક શોષણના સાધન રૂપે કરવામાં આવે છે અને અનિચ્છુક લોકો પર યાંત્રિક બંધૂકો અને સંગીનોના સાર્વભૌમ અધિકાર દ્વારા સ્થાપવો પડે છે,—એ આપણી સામે ધરવામાં આવી રહ્યું છે. આ નવા વિધાનનું પ્રધાન લક્ષણ સ્વતંત્રતા માગતી અને લશ્કરી તાકાતથી દબાવી રાખવામાં આવેલી તાબેદાર પ્રજાઓ અને રક્ષિત-રાજ્યોનું પ્રદર્શન એ છે. જેનું વચન આપવામાં આવ્યું હતું તે લશ્કરવાદનો અંત હજુ પહેલાં હતો એટલો જ દૂર છે. લશ્કર-વાદની ભાવના અને વાસ્તવિકતા સર્વત્ર જેવી ને તેવી હયાત છે. માત્ર એની શકિતનું ક્ષેત્ર પશ્ચિમ તરફ અને પૂર્વ તરફ ખસ્યું છે. લડાઈ દરમિયાન પણ આ વસ્તુઓ એવી થોડી વ્યકિતઓની નજરે પડતી હતી કે જે આદર્શવાદ માટે આગ્રહ રાખતા હતા છતાં સ્પષ્ટતાથી વાસ્તવિકતાઓને પણ જોવાનો આગ્રહ રાખતા હતા. જે હવે સર્વમાન્ય અને સર્વસાધારણ બની ગઈ છે.

પરંતુ પરિસ્થિતિની આ વધુમાં વધુ પ્રવર્તમાન, સાગ્રહ અને નજરે પડતી એક બાજુ છે, પરંતુ તે કારણથી એ સૌથી મહત્ત્વની કે અર્થસૂચક નથી. મહાઉત્પાતનું એ અંતિમ કે ચોક્કસ પરિણામ, પરિણામ નહિ પરંતુ વચગાળાની સ્થિતિ છે. યુદ્ધના કઠોર માર્ગે જગતના ત્વરિત, જાદુઈ અને પૂર્ણ રૂપાંતરની અને નવવિધાનની અપેક્ષા પોતે જ એક ભ્રાન્તિમૂલક વસ્તુ હતી. એવી કલ્પના કરવી કે, લાંબા વખતથી સ્થિર થયેલી માનવરૂઢિ અને ચારિત્ર્યની ભૂમિકામાં મૂળ નાખી પડેલા ભૂતકાળનું પરિબળ એક ભીષણ ક્ષણમાં અદૃશ્ય થઈ જશે કે ભાવિની કુમારી શકિતના હક્કમાં પોતાનો અધિકાર છોડી દેશે, એ ભૂલભરેલું હતું. જે કામ કરવાનું છે તે અતિ મહાન કામ છે, સહેલાઈથી થાય નહિ એવું; માનવીનું નવસર્જન. એનો એક ઊર્ધ્વતર પ્રકૃતિમાં પુનર્જન્મ કોઈ આવી સંક્ષિપ્ત અને બાહ્ય ક્રિયાથી નથી થવાનો. એમ માનવું ભૂલભરેલું હતું કે યુદ્ધ વ્યથાયુકત અને ભીષણ પરંતુ અંતે એક આવકારપાત્ર કટોકટી હતી કે બની શકે એમ છે કે જેના દ્વારા નિર્ણાયક રીતે એ મહાન ફેરફાર, એવું પરિવર્તન સિદ્ધ થાય કે જેમાં માનવજાતિના આત્મા, મન અને જીવનનું સંપૂર્ણ સમારકામ અને શુદ્ધિ કરી શકાય. યુદ્ધ આવ્યું માત્ર એક પ્રાથમિક આઘાત અને ઊથલપાથલના રૂપમાં, અમુક સફાઈના અવસર રૂપે, અમુક વિચારો અને પરિબળો કે જે ત્યાં સુધી તો આત્મશ્રદ્ધાવાળા અને સાધિકાર હતા, વર્તમાનની ખાત્રીવાળા અને ભાવિને એમની પકડમાં રાખવાની આશાવાળા હતા, તેમના હજુ ભૌતિક સ્વામિત્વ પર નહિ પરંતુ નૈતિક સ્વામિત્વ પર મરણતોલ નૈતિક ફટકાના રૂપમાં. એણે જમીન પોચી કરી છે, પરંતુ બધાં જૂનાં ઉગમણને સમૂળ ખોદી કાઢવાનું કામ એ કરી શકે એથી વધારે મોટું હતું. એણે અમુક જમીન સાફ કરી છે પરંતુ એ જમીનને ફળદાયક બનાવવાનું કામ બીજી શકિતઓનું છે. એણે ખેડાણ કર્યું છે, ઘણી માટી ઉથલાવી કાઢી છે, પરંતુ નવા વાવેતર અને લણણીની વાત હજુ બહુ દૂર છે. છેલ્લે, એ માન્યતા હતી કે હેરફેર, ગમે તેવી મોટી હેરફેર, રાજકીય કે અન્ય યાંત્રિક હેરફેર સભ્યતાની ખામીઓના સર્વરોગ નિવારણ ઔષધ તરીકે પૂરતી છે એ આપણને ભાવતી ભૂલ હતી અને હજુ છે. ભાવનાનું, એટલે કે આધ્યાત્મિક પરિવર્તન, એ જ, વધુ મહાન અને વધુ સારા માનવઅસ્તિત્વ માટેની પ્રેરણા અને આધાર બની શકે એમ છે.

જૂના સિદ્ધાંતો અને પરિસ્થિતિઓનું અસ્તિત્વ પણ એટલી મહત્ત્વની બાબત નથી. બાહ્ય રૂપે અને ભૌતિક શકિતમાં ગમે તેવાં મોટાં દેખાતાં હોય તો પણ એ અંદરથી રોગગ્રસ્ત અને ક્ષીણબલ થઈ ગયાં છે અને ભાવિની આશા ખોઈ બેઠાં છે; એમની બૌદ્ધિક અને નૈતિક પકડ જતી રહી છે અને એના અદૃશ્ય થવાની સાથે એમનું વ્યવહારમાં અમલી બનવાનું શાણપણ અને એમને

ટકાવી રાખે એવા આત્મવિશ્વાસની શિથિલતા નોંધપાત્ર રીતે દેખાઈ આવે છે. આત્મસાતત્યની વૃત્તિ અને ભૂતકાળની ગતિનું જોર એમને ચાલતાં રાખે છે અને જ્યાં સુધી એમની કંઈક પકડ લોકોના પુરાણા માનસ અને પ્રાણિક આદતના નિર્જીવ સાતત્ય પર રહી હશે અને એમને ભાવિનાં નવાં પરિબળોની વર્ધમાન અને ઉદયમાન શકિત દ્વારા ધકેલી કાઢવામાં નહિ આવે ત્યાં સુધી એ ટકી રહેશે. એમની બધી પ્રવૃત્તિઓ એ શકિતમાં વધારો કરી રહી છે અને એ પોતાને કાયમી બનાવવા એમના સિદ્ધાન્ત માટે ઝનૂનપૂર્વક આગ્રહ રાખે કે થોડી ખેંચાતાણી કર્યા પછી, એમનું સ્થાન લેવા સર્જાયેલા તદ્દન વિરુદ્ધના સિદ્ધાન્તો સાથે સમાધાન કરી લે, પરંતુ એમનું પ્રત્યેક પગલું એમના વિનાશને નજદીક લાવે છે. એ નવી વસ્તુઓ પર ધ્યાન રાખવું વધુ ફળપ્રદ છે કે જે હજુ વર્તમાન પર સ્વામિત્વ નથી ધરાવતી પરંતુ જે કયારની યે વર્તમાનના ભારેખમ અને અસરકારક પણ અલ્પજીવી દબાણની સામે ગડમથલ કરી રહી છે.

યુદ્ધની પ્રગતિ દરમિયાન એ સ્પષ્ટ દેખાતું હતું કે બે મોટી એવી સમસ્યાઓ હતી કે જેમનું નિરાકરણ યુદ્ધ નહિ લાવી શકે. પરંતુ એમને કટોકટીની આકરી પરિસ્થિતિએ પહોંચાડશે, મૂડી અને મજૂરી વચ્ચેનો વધતો જતો સંઘર્ષ અને એશિયાઈ પ્રશ્ન હવે હરીફ શોષક જૂથો વચ્ચેનો નથી રહ્યો પરંતુ આક્રમક યુરોપ અને ઉત્થાયમાન એશિયા વચ્ચેનો વાદ પ્રશ્ન બની ગયો છે. યુદ્ધ તો, એના તાત્કાલિક રૂપમાં, જર્મન વિચાર અને મધ્યમવર્ગીય ઉદારમતવાદ જેનું પ્રતિનિધિત્વ ફ્રાંસ, ઇંગ્લન્ડ, અમેરિકાની પશ્ચિમી પ્રજાઓ કરતી હતી, બે વચ્ચેનો સંગ્રામ હતો અને ચાલુ વિવાદના સમાધાન દરમિયાન અન્ય બે વધુ નિર્ણાયક પ્રશ્નો ભવિષ્ય માટે અનામત રાખવામાં આવ્યા હતા. મૂડી અને મજૂરી વચ્ચે એવો યુદ્ધવિરામ ચાલતો હતો કે જે કોઈ પ્રકારની ઉપયોગી સમજૂતી પર નહિ, પરંતુ સંકુચિત સમાજવાદી વિચારની અસ્પષ્ટ આદર્શવાળી આંતરરાષ્ટ્રીયતા માટે રાષ્ટ્રીય ભાવનાની ઉગ્ર એકાગ્રતા અતિ સમર્થ પુરવાર થઈ એ કારણથી અસ્તિત્વમાં આવ્યો હતો; કારણ કે વિરોધી વર્ગો વચ્ચે સમાગમ અને સમાધાનની નિરર્થક અને કાવ્યાત્મક આશા ઉપયોગી તત્ત્વરૂપે એક બહુ પોલી અવાસ્તવિકતા હતી. સાથે સાથે એશિયાઈ પ્રશ્ન પણ અટકી રહ્યો હતો અને ઉપરાંત ઉદારમતવાદી સામ્રાજ્યોએ જે પ્રજાઓ સભ્યતાની બહાર ગણવામાં આવતી હતી તેમને આત્મનિર્ણય અને સ્વાધીનતાની લલચાવનારી શકયતાઓનાં અને એથી વધુ આંશિક પરંતુ આકર્ષક પ્રલોભનો પણ આપ્યાં હતાં. જે એશિયાઈ પ્રજાઓ સ્વતંત્ર રીતે કંઈ કરી શકે તેમ નહોતી તે જે પક્ષના વિજયમાં એમને વધુ લાભ જણાતો અથવા તો ઓછામાં ઓછું નુકસાન દેખાતું હતું તે પક્ષે ભેગી થઈ હતી. આ બધું હવે ભૂતકાળનું થઈ

ગયું છે; કુદરતી અને અનિવાર્ય સંબંધો હવે પોતાનું સમર્થન કરવા લાગ્યા છે અને આ મહાપ્રશ્નો સન્મુખ આવી રહ્યા છે. મૂડી અને મજૂરી વચ્ચેનો અર્વાચીન સંગ્રામ એના નવા ચરણમાં પ્રવેશ કરી રહ્યો છે અને બે અસાધ્ય રૂપના સિદ્ધાન્ત, ઘણા સંશય અને અનિશ્ચિતતા છતાં અંતિમ અને નિશ્ચયાત્મક યુદ્ધ પ્રત્યે આગળ વધી રહ્યા છે. એશિયામાં, એક બાજુએ તાબેદાર અને રક્ષિત રાષ્ટ્રોનાં પુરાણાં શાસન તથા એમના નવા આપતરંગી ભેદ સાથે પ્રાદેશી વહિવટ અને બીજી બાજુએ એશિયાઈ પ્રજાઓના સમાનતા અને સ્વતંત્રતાના ખુલ્લા દાવાની વચ્ચે વિવાદ શરૂ થયો છે. બીજી બધી વસ્તુઓ જે હજુ સામે ઊભી છે તે અતીતભૂતના અવશેષોને સજીવન રાખવા અંગેની કે એમનો વિલય કરવા અંગેની છે, પરંતુ નિકટના ભવિષ્યના જીવંત પ્રશ્નો તો આ બે જ છે.

યુરોપ પર સર્વત્ર સમાજવાદ અને મૂડીવાદની શકિતઓ હવે એકબીજાની સામે તાકી રહ્યા છે,–બીજા બધા ભેદ ઝાંખા પડતા જાય છે, રાષ્ટ્રની અંદરના જૂના ગૌણ રાજકીય કલહો અર્થહીન બનતા જાય છે,—પરંતુ તે હજુ લડવા લાગ્યા નથી. જૂનું મધ્યમવર્ગી તંત્ર હજુ ભૌતિક સત્તા એના હાથમાં રાખી રહ્યું છે, કબજાના હક્કથી અને અસલામત સાહસને બદલે ચાલુ સંકટો વેઠી લેવાની માણસોની આદતને લીધે અસ્થિર માનવસમૂહના મનને પકડી રહ્યું છે અને એના અધિકારને કાયમ રાખવા માટે એની બાકી રહેલી બધી શકિતઓને સજજ કરી રહ્યું છે. રૂશિયામાં સફળ સમાજવાદી ક્રાન્તિકારક તંત્રની પ્રથમ વાસ્તવતા એની સામે આવી છે, અત્યાર સુધી જોકે એને જન્મથી જ ગૂંગળાવી નાખવાના મધ્યમવર્ગીય તંત્રના ફરી ફરી કરવામાં આવેલા પ્રયત્ન વ્યર્થ ગયા છે પરંતુ એને એકલું પાડી દેવામાં આવ્યું છે, એની હદબંધી કરવામાં આવી છે અને અર્ધું ભૂખે મારવામાં આવી રહ્યું છે. એના પશ્ચિમ તરફના ફેલાવા સામે કૃત્રિમ આડ ઊભી કરાઈ છે અને એના પ્રધાન વિચારોના ઝડપી પ્રચારને બદનામીની નિરંતર ચળવળ દ્વારા રોકવામાં સફળતા મળી છે. રૂશિયાઈ સરહદની પશ્ચિમે કોઈ સોવિયેત ક્રાન્તિના પ્રયાસોનો અત્યારે તો વૈધાનિક કે સૈનિક દમન દ્વારા અંત લાવવામાં આવ્યો છે—બીજી બાજુએ જગતની આર્થિક હાલત વરસે વરસે વધુ બગડતી જાય છે—સુધરતી નથી અને એ સ્પષ્ટ છે કે મૂડીવાદે એની નૈતિક માનીનતા ખોઈ દીધી છે એટલું જ નહિ પરંતુ એણે પોતે ઉત્પન્ન કરેલી અને અસહ્ય બનાવેલી ભૌતિક સમસ્યાઓને હલ કરવા પણ એ અસમર્થ છે. અને છતાં નિરાકરણના કોઈ પણ અન્ય માર્ગને એ રોકી રહ્યો છે. આ મડાગાંઠમાં વરસ પછી વરસ જાય છે તેમ સમાજવાદી વિચારની શકિતમાં અને એના અનુયાયીઓની સંખ્યા, ગુણવત્તા અને અંતિમવાદી ઉત્સાહમાં પ્રચંડ વધારો થાય છે. બેશક, લગભગ બધે, જૂનું શાસન

થોડા વખતથી કડક અને એકાગ્ર બન્યું છે; અને આ ધરના બહુધા, જૂની રાજાશાહી અને શિષ્ટવર્ગી રાજ્યપ્રણાલીની, ક્રાન્તિવાદી ફ્રાન્સ અને બાકીના યુરોપ વચ્ચેના સંઘર્ષને પરિણામે આવી હતી તેવી કડકાઈ અને એકાગ્રતા જેવી દેખાય છે: પરંતુ એનામાં એટલી ખરી શકિત અને એટલી કાયમીતાની શકયતા ઓછી છે; કારણ કે ક્રાન્તિનો પ્રવાહ માત્ર રોકાયો છે પરંતુ બન્યું હતું તેમ થાકી નથી ગયો કે ક્ષીણ બલ નથી થયો અને આપણા જમાનામાં વિચારો અને શકિતઓનો સંગ્રહિત ધસારો જે પરિવર્તન લાવી રહ્યો છે તે બહુ અધિક બલવાન છે. પ્રચંડ રાજકીય, સામાજિક અને આર્થિક ઊથલપાથલની સામગ્રી, કદાચ વિસ્તૃત વિધ્વંસોની શ્રેણીની સામગ્રી, દરેક રુકાવટ અને દબાણથી વધુ જોર પકડતા વિધ્વંસોની હારમાળા પેદા કરે એવી સામગ્રી સર્વત્ર એકત્રિત થતી જોવામાં આવે છે.

આગામી વસ્તુઓનું પ્રતીક છે રૂશિયાની ક્રાન્તિનું સતત અસ્તિત્વ, સાફલ્ય અને અવિચ્છિન્ન પ્રગતિ. આ બનાવ માનવ ઇતિહાસમાં એવો જ મહત્ત્વનો પુરવાર થવા સર્જાયો હોય એમ દેખાય છે જેવો અઢારમી સદીમાં ફ્રાંસે શરૂ કરેલો સ્થાપિત વિચારો અને સંસ્થાઓનો મહાન ઉત્પાત હતો. અને સંભવ છે કે ભાવિ પ્રજા માટે મહાયુદ્ધ જર્મનીના અધ:પાતને લીધે નહિ પરંતુ રૂશિયન ક્રાન્તિને લીધે વધુ યાદગાર બની જાય. એનું મહત્ત્વ, ચાલુ બૉલ્શેવિક શાસનના ગુણઅવગુણ કે એની ચિરંજીવ બનવાની શકયતાઓથી તદ્દન સ્વતંત્ર છે. બોલ્શેવિક સરમુખત્યારી બેશક સંક્રાંતિ કાળનું સાધન છે, ક્રાન્તિકારી પરિબળોનું તાત્કાલિક એકાગ્રીકરણ છે. જેવી રીતે સર્વોચ્ચ પરિષદ અને જે બધાને એ ટેકો આપે છે તે વિરોધી અને સ્થિતિચુસ્ત પરિબળોનું એકાગ્રીકરણ છે. આ અસાધારણ સરકારની સિદ્ધિઓ પૂરતી આશ્ચર્યજનક બની ગઈ છે. અંદરનાં અને બહારનાં ચાલુ આક્રમણો નીચે, કઠોર હદબંધી નીચે, ક્ષુધાવસાદિત અને ટકી રહેવાનાં અને સક્રિય રહેવાનાં, પોતે પોતાને માટે, પોતાનામાંથી પેદા કરી લે કે જીતી લે તે સિવાય બધાં સાધનોથી વંચિત, વારંવાર પતનની ધાર પર આવી ગયેલી એ બધી મુશ્કેલીઓ વટાવી જઈ અને હરવખત હારમાંથી, દુર્ભાગ્યમાંથી નવી શકિત પ્રાપ્ત કરી, એણે એના અંદરના શત્રુઓને પદાક્રાન્ત કર્યા અને બહારના શત્રુઓ સામે પણ ટક્કર ઝીલી રહી છે. એશિયામાં એની પોતાની સીમાઓની બહાર ફેલાઈ છે, અંધાધૂંધીમાંથી એક બળવાન નાગરિક અને સૈનિકતંત્રની વ્યવસ્થા ખડી કરી શકી છે અને અછત, આંતરવિગ્રહ અને વિદેશી આક્રમણ વચ્ચે પણ સમાજની નવી કોટિનો પ્રાથમિક પાયો નાખવાની શકિત પ્રાપ્ત કરી છે. માનવશકિતનો આ ચમત્કાર, એની પોતાની અંદર, ફ્રેન્ચ ક્રાન્તિ દરમિયાન જેકોબીનોની અસામાન્ય સિદ્ધિની, વધુ પ્રતિકૂળ

સંયોગોમાં, પુનરાવૃત્તિ કરતાં કંઈ વધારે નથી. વધુ મહત્ત્વની છે આ સફળતાઓ પાછળ રહેલી અને જેણે એ શકય બનાવી તે વિચારની શકિત. એ કેવળ બાહ્ય અર્થની સૂચક ઘટના છે કે જે બૉલ્શેવિકો મોસ્કો ખોઈ બેસવાની અણી પર હતા તે હવે વૉરસોને રસ્તે આગળ વધી રહ્યા છે. વધુ મહત્ત્વનું એ છે કે પશ્ચિમી સત્તાઓને આખરે અર્વાચીન કાળની આ પ્રથમ સફળ સામ્યવાદી સરકાર સાથે સમજૂતી માટે વાતચીત કરવાની ફરજ પડી છે કે જેને એ હજુ નાશ કરવા યોગ્ય દાનવીયતા રૂપે અને સભ્યતા ઉપર ભય રૂપે ભાંડી રહી છે. પરંતુ આ ઘટનાઓ કે જે એકને બદલે બીજી દિશામાં જઈ શકી હોત કે હજુ પણ વળી જાય અને માત્ર એક ઐતિહાસિક પ્રસંગ રૂપ બની જાય એ મહત્ત્વની વાત નથી; પરંતુ મહત્ત્વ છે આ મૂળભૂત વાસ્તવિકતાનું, ભાવિ શકયતા ઉપર અસર કરનારી આ બિનાનું કે એક મહાન રાષ્ટ્રે, માનવજાતિના ભાવિ નેતાઓમાંના એક રાષ્ટ્રે, ભાવિની ગહન ખીણોમાં કૂદી પડી, ભૂતકાળના પાયાઓનો નાશ કર્યો છે, સામ્યવાદનો મૌલિક પ્રયોગ શરૂ કર્યો છે અને એ પ્રયોગને એ વળગી રહ્યું છે. મધ્યમવર્ગીય સંસદવાદની જગાએ એણે પ્રશાસનની નવી પ્રણાલી સ્થાપી છે અને મુકત જીવનના એના પ્રારંભિક સામર્થ્યનો, તદ્દન નવા પ્રકારની સામાજિક વ્યવસ્થાની શરૂઆત કરવામાં ઉપયોગ કર્યો છે. શ્રદ્ધા અને સાહસિકતાનાં આ કક્ષાનાં કર્મ માનવપ્રગતિના પ્રવાહનો દિશાપલટો કરે છે, કે એને ત્વરિત કરી દે છે. એનો અનિવાર્ય અર્થ એ નથી કે જેનો પ્રયાસ થઈ રહ્યો છે તે, ભાવિ સમાજનું વરેણ્ય કે નિશ્ચિત સ્વરૂપ છે, પરંતુ એ ભરોસાપાત્ર નિશાની છે કે સભ્યતાનું એક સ્વરૂપ અદૃશ્ય થવા લાગ્યું છે અને મહાકાળ સભ્યતાનું નવું સ્વરૂપ અને એની નવી વ્યવસ્થા તૈયાર કરી રહ્યો છે.

સામ્યવાદને પશ્ચિમ તરફ માર્ગ કરતાં વાર લાગે અને એ દરમિયાન એમાં ઘણા ફેરફાર પણ થાય, પરંતુ એ અર્થમાં ઘણીયે નોંધપાત્ર પ્રગતિ તો કયારનીયે થઈ છે. મજૂર આંદોલન થોડા ચાલુ હિચકીચાટ છતાં સર્વત્ર પોતાનું સુધારાવાદી પક્ષમાંથી સમાજવાદી અર્થાત્ ક્રાન્તિવાદી પક્ષમાં રૂપાન્તર પૂરું કરી રહ્યું છે. વધુ સારી સામાજિક પાયરી અને શાસનતંત્રમાં ભાગ માટેનો શ્રમિકોનો સંઘર્ષ હવે ભૂતકાળની વસ્તુ બની ગયો છે: હવે સ્વીકાર પામેલો આદર્શ છે સમાજની મૂડીવાદી પદ્ધતિનો નાશ અને સમાજના પાયા તરીકે અને એની સંચાલક સત્તા રૂપે ધનને બદલે શ્રમનું સંસ્થાપન. એ આંદોલનની અંદર વિચારણા ભેદ હવે એ સિદ્ધાન્ત અંગે નથી, પરંતુ માત્ર પરિવર્તનનાં સાધનો અને પ્રક્રિયા અંગે અને ભાવિ સમાજવાદી સરકાર અને સમાજ આપવાની ચોક્કસ આકૃતિ કે સ્વરૂપ અંગે છે. અને કેવળ આ વિચારભેદ આગળની પ્રગતિને રોકી રહ્યો છે અને સંગ્રામ માટે નક્કી થયેલા ક્ષેત્રની

પસંદગીને લંબાવે છે. એ દેખી શકાય છે કે સમાજવાદ અને સામ્યવાદના વિચારની શકિત આપણે પૂર્વ તરફ જઈએ તેમ વધતી જાય છે અને એની વિરુદ્ધ દિશામાં ઓછી થતી જતી જાય છે : પ્રગતિનો પ્રવાહ હવે પશ્ચિમમાંથી પૂર્વ તરફનો નથી પરંતુ પૂર્વમાંથી પશ્ચિમ તરફનો છે. પરંતુ વધુ અંતિમવાદી પરિબળો સર્વત્ર દિનપ્રતિદિન વધતાં જાય છે અને સંપત્તિવાન અમેરિકામાં પણ એ એમનો પ્રભાવ પાડવા લાગ્યાં છે. એ જેમ હોય તેમ, પ્રવાહની ગતિ મંદ હોય કે ત્વરિત પરંતુ એની દિશા ક્યારનીયે સ્પષ્ટ થઈ ગઈ છે અને પરિણામ વિષે શંકાને કોઈ સ્થાન નથી. સભ્યતાની વર્તમાન યુરોપીય પદ્ધતિ, કંઈ નહિ તો એના મૂડીવાદી ઔદ્યોગિક આકૃતિમાં તો એની પોતાની દાનવીય સીમાઓ સુધી પહોંચી છે, એના પોતાના ભારથી તૂટી પડી છે અને એનો વિનાશ નિયત છે. ભાવિનો પ્રશ્ન, શ્રમિકોના ઉદ્યોગવાદ કે જે એના પુરોગામી કરતાં એની વ્યવસ્થા સિવાય બીજી રીતે બહુ જુદો નથી પડતો તેની, સમાજવાદી કે સામ્યવાદી સમાજની કોઈ વધુ મોટી ભાવના કે સ્વરૂપ કે જેનો રૂશિયામાં પ્રયાસ થઈ રહ્યો છે તેની અથવા તો કોઈ એક નવા અને હજુ સુધી દૃષ્ટિ પથમાં નહિ આવેલા સિદ્ધાન્તના ઉદ્ભવની વચ્ચે છે.

આ છેલ્લી શક્યતા માટે અમુક અવસર ખુલ્લો કરી આપે એવી એક શકિત છે એશિયાનું પુનરુત્થાન. એ માનવું મુશ્કેલ છે કે એશિયા એક વખત પોતાને માટે, સ્વતંત્ર રીતે વિચારવા, કર્મ કરવા અને જીવવા લાગે પછી લાંબા વખત સુધી યુરોપના ભૂત અને વર્તમાન વિકાસક્રમનું અનુકરણ કરવામાં સંતોષ માનશે એના લોકોના સ્વભાવમાં એક ઊંડે ઊતરેલી જુદાઈ છે, એમના માનસનું બંધારણ અને ગતિ જુદા પ્રકારનાં છે. અત્યારે જોકે એશિયામાં પુનરુત્થાનની ગતિ વધુ પ્રમાણમાં પ્રાથમિક રૂપની, પોતે પોતાને માટે જીવવાનો સાદો અધિકાર પ્રાપ્ત કરવાના પ્રયાસ રૂપની છે, સર્જનાત્મક વિચાર કે કર્મના કોઈ અર્થસભર સ્વતંત્ર પ્રયાસ કરતાં. એશિયાની અશાંતિ હજુ વર્તમાન પરિસ્થિતિનું બીજું પ્રધાન લક્ષણ છે. એ જુદે જુદે રૂપે ઈજીપ્તથી ચીન સુધી અભિવ્યક્ત થઈ રહ્યું છે. મુસ્લિમ જગતમાં એનું રૂપ રક્ષિત રાજ્યો અને પ્રાદેશી રાજ્યપદ્ધતિ સામે વિરોધનું અને સર્વત્ર એશિયાઈ રાજ્યોના નિર્માણ માટેના આંદોલનનું છે. ભારતમાં એ અધૂરા ફેરફારો સામે અસંતોષનું અને પૂર્ણ અને ત્વરિત આત્મ-શાસનની માંગના સતત વધતા જતા ઉત્સાહના રૂપનું છે. દૂર-પૂર્વમાં એ જે ધૂંધળાં આંદોલનો ચલાવી રહ્યું છે તેનો સ્પષ્ટ અર્થ બહાર દેખાતો નથી. આ અશાંતિ હજુ સુધી એક સ્વતંત્ર પ્રવૃત્તિ અને અસ્તિત્વની શરૂઆતથી થોડી જ આગળ દોડાવતી જણાય છે. સ્વતંત્રતાના એ વિચારો પ્રત્યે કે જે યુરોપમાં લાંબા વખતથી પૂર્ણ રીતે જાગ્રત છે અને

એ સૂત્રો કે જે યુરોપમાં વ્યવસ્થિત રૂપમાં પ્રયુકત કરવામાં આવે છે, જેવાં કે સ્વાયત્ત શાસન, ગૃહશાસન, લોકતંત્ર, રાષ્ટ્રીય સ્વતંત્રતા, એમની સાથે એને સહાનુભૂતિ છે. એ સાથે અહીં એક બીજો પ્રશ્ન પણ અંતર્ગત છે કે જે હજુ સુધી એશિયાના વિશાળ લોકસમુદાયના અવચેતનમાં જ વિદ્યમાન છે. પરંતુ જે વધુ સભાન મનોમાં પણ પોતાને સાકાર બનાવવા લાગ્યો છે, જે પહેલી નજરે સ્વતંત્રતા અને પ્રગતિનાં અર્વાચીન રૂપ સાથે સંબંધ ધરાવતા સિદ્ધાંતોને ઝડપી લેવાની આ શરૂઆત સાથે અસંગત લાગે એવો, એશિયાઈ સભ્યતાના સૂક્ષ્મ સિદ્ધાન્ત (તત્ત્વ) પર યુરોપના આક્રમણ સામે આધ્યાત્મિક અને નૈતિક સ્વાધીનતા અને આત્મરક્ષણનો આદર્શ. ભારતમાં એક એશિયાઈ, એક આધ્યાત્મિક લોકશાહીનો ખ્યાલ વાણીમાં ઊતરવા લાગ્યો છે, જોકે હજુ અસ્પષ્ટ અને નિરાકાર છે. ખિલાફતની ચળવળ ધાર્મિક અને એ રીતે રાજકીય જેટલી જ સાંસ્કૃતિક ઉદ્દેશ અને મિજાજવાળી છે. પ્રાદેશી અમલનો વિરોધ થાય છે કારણ કે એનો અર્થ છે યુરોપને હાથે એશિયા પર રાજકીય અધિકાર અને આર્થિક શોષણ, પરંતુ એ નાખુશીનું વધુ સુષુપ્ત કારણ પણ છે. એશિયાના જીવનને ભાંગી નાખી યુરોપીય મૂડીવાદ અને ઔદ્યોગીકરણના ક્રૂર ઢાંચામાં ઢાળવામાં ન આવે તો એનું સક્રિય શોષણ અશકય છે, અને જોકે એશિયાએ એના ભવ્ય પરંતુ અપર્યાપ્ત ભૂતકાળમાં જીવવાને બદલે ભવિષ્યમાં જીવતાં શીખવું જોઈએ તો પણ તેણે એ ભવિષ્ય એના પોતાના આકારમાં સર્જવાનો દાવો પણ કરવો જોઈએ. આ બેવડો દાવો, એની સાથે આંતરિક તેમજ બાહ્ય પ્રતિકારની બેવડી આવશ્યકતા લાવે છે અને એ છે એશિયાની અશાંતિનો ચાલુ અર્થ અને એશિયાના પુનરુત્થાનનો નિયત અર્થ.

એશિયાની અશાંતિ અને પ્રતિકારથી મૂંઝાયેલી યુરોપની મૂડીવાદી સરકારો ઔપચારિક સમાધાન કરીને—રિયાયતો આપીને, પરંતુ તથ્યમાં અને સિદ્ધાંતમાં એમનો ઇનકાર કરીને એની સામે આવે છે. ભારતને જવાબદાર રાજતંત્રની શરૂઆત આપવામાં નથી આવતી, પરંતુ એના પ્રત્યેનું પ્રથમ અર્થસૂચક પગલું અપાય છે; પરંતુ એ પગલું પણ ચારેબાજુથી બ્રિટિશ રાજકીય અને મૂડીવાદી હિતોના બચાવ માટે પક્ષાઘાતી સમુદાયની વાડથી ઘેરી લેવામાં આવ્યું છે કે એની ભવિતવ્યતાનો આધાર બ્રિટિશ ભાવનાના રૂપમાં, એ પોતાની જાતને જેટલા પ્રમાણમાં રાજકીય, આર્થિક અને સામાજિક રીતે સુધારી લેશે તે ઉપર રહેશે. એક ફ્રેન્ચ સૈન્યે દમાસ્કસનો કબજો લીધો છે, રાજાને અને પ્રજાએ ચૂંટેલી સરકારને એ દૂર કરે છે, પરંતુ વચન આપે છે યુરોપીય હિતો અને રાષ્ટ્રસંઘના પ્રાદેશ નીચે શાસન સ્થાપન કરવાનું. ઇંગ્લૅન્ડ મેસોપોટેમિયાને આરબ સરકાર આપે છે એની ઉપર ઍન્ગ્લો—ઇન્ડિયન શાસન ઠોકી બેસાડીને અને મોસુલના તેલના શોષણરૂપ નૈતિક અને ભૌતિક લાભો સાથે, અને દરમિયાન

પ્રજાના સ્વતંત્રતા માટેના, બર્બર અને અગૂઝ ગણાવવામાં આવતા સંકલ્પ વિરુદ્ધ, એ જ પ્રજાના વધુ મોટા લાભ એની ઉપર ઠોકી બેસાડવા માટે, સામે ખડી થયેલી પ્રજા વિરુદ્ધ એ લડે છે. એક બ્રિટિશ નિયંત્રણ ઈરાનની અખંડિતતાની બાંહેધરી આપવા માટે છે. પેલેસ્ટાઇનમાં યુરોપમાંથી નિર્વાસિત થયેલા યહૂદીઓની વસાહત બનાવવામાં આવશે અને એની બધી જાતિઓની ઇચ્છા વિરુદ્ધ પરંતુ એમના કહેવાતા હિતમાં એક હાઈકમિશ્નર એનું શાસન કરશે. તુર્કી પ્રજાને, એનું ઐહિક (કાલાધીન) સામ્રાજ્ય અને પ્રતિષ્ઠા ખૂંચવી લઈ એક કડક અને વ્યાપક આંતરરાષ્ટ્રીય અંકુશ નીચે મુકત રાખવાની છે અને એક ગ્રીક લશ્કર દ્વારા આ અપૂર્વ સુખ અને એક સભ્ય આધુનિક રાષ્ટ્ર બનાવવાની આ અદ્વિતીય તકનો સ્વીકાર કરવાની ફરજ પાડવામાં આવવાની છે. અહીં શ્રમિકો જે વ્યવસ્થિત સામે છે તેના કરતાં જૂની રાજ્યસત્તાને એની આજ્ઞાઓનું વધુ પ્રમાણમાં પાલન કરવાની ભૌતિક શકિત છે. તે છતાં એ નક્કી છે કે એશિયાની અશાન્તિને આ જાતનું નિરાકરણ મિટાવી નહિ શકે. એવો પ્રયત્ન પાછો પડશે. કારણ કે આ નવા ભાર અત્યારથી જ અશકત બની ગયેલી વિત્તીય અવસ્થા પર દબાણ વધારી દેશે અને યુરોપમાં સામાજિક તેમજ આર્થિક ક્રાંતિને ત્વરાયમાન કરશે. અને એમ બને તો પણ એક મહાખંડનું પુનરુત્થાન નીચે પકડી રાખી શકાતું નથી. એક દિવસ ગમે તેવી મુશ્કેલીઓ સામે પણ એ જરૂર વિજયવંત બનશે અને અનિવાર્ય ભાવિ સંપન્ન કરશે.

ભાવિની આ બે પૂર્વનિયત શકિતઓનું સમાજવાદ અને એશિયાનું પુનરુત્થાનનું વલણ અત્યારે પરસ્પર સંબંધવાળું, કંઈ નહિ તો નૈતિક સંબંધ તો ધરાવે છે. અત્યારે પ્રભુત્વ ધરાવતાં રાજ્યોમાં મજૂર અને સમાજવાદી પક્ષો એમની સરકારોની નીતિના સખ્ત વિરોધીઓ છે અને એશિયા અને યુરોપનાં ઉપરાષ્ટ્રોના દાવાઓને ટેકો આપે છે. જેમ આયર્લૅન્ડમાં તેમ એશિયાના વધુ પરાધીન કે પીડિત આગળ વધેલા દેશોમાં રાષ્ટ્રીય ચળવળ નવો જન્મ લઈ રહેલા શ્રમિક આંદોલન સાથે નિકટ મૈત્રીનો સંબંધ રાખે છે. બૉલ્શેવિક મધ્ય એશિયાનાં વર્તમાન સ્વતંત્ર રાજ્યોમાં ફેરવી નાખે છે અને એમની નીતિ પર અંકુશ રાખે છે, ઈરાનમાં ચળવળની જાળ ફેલાવે છે અને તુર્કો અને આરબોને એનાથી બની શકે એટલો નૈતિક ટેકો આપે છે. આ વલણનો એના પોતાનામાં, બન્ને પરના સામાન્ય દબાણની વિરુદ્ધ એમની એક સરખી પ્રતિક્રિયાએ સર્જેલી સહાનુભૂતિ કરતાં એનો કોઈ વિશેષ અર્થ ન પણ હોય. ક્રિયાત્મક શકિતઓ અને હિતો સર્વદા તકસાધુ હોય છે અને કટોકટીને વખતે એ ગમે તે દિશામાંથી મળતી મદદ ઝડપી લે છે; પરંતુ નર્યાં હિતોનો સંબંધ, સિવાય કે એ કોઈ સ્થાયી આધાર મેળવી લે, તે સામાન્ય રીતે તકલાદી અને ક્ષણજીવી હોય છે.

બૉલ્શેવિક રૂશિયા જ્યોર્જિયા અને આઝરબેજનમાં પંચાયતી સરકારો સ્થાપે, પરંતુ જો આ કેવળ કામચલાઉ સરકારો હોય અને લોકોની વૃત્તિ, સ્વભાવ અને વિચારમાં કંઈક ઊંડી વસ્તુ સાથે કોઈ સામ્ય ધરાવતી ન હોય કે સ્પર્શતી ન હોય તો એ સ્થાયી બનવાનો સંભવ નથી હોતો. બ્રિટિશ મજૂરપક્ષ જોકે અત્યારે કોઈ શરતો નથી કરતો તો પણ આશા તો રાખે છે કે સ્વાધીન ભારત એ પક્ષની પોતાની સામાજિક અને આર્થિક વિચારસરણીની ભાવના પ્રમાણે વિકાસ કરશે. પરંતુ એમ ધારી શકાય કે સ્વાધીન ભારત વિકાસની સર્વસાધારણ રેખા પરથી ખસી જાય અને એની પોતાની અને અણધારી સામાજિક અને આર્થિક પ્રણાલી શોધી લે. આપણે અત્યારે ખાત્રીથી તો એટલું જ કહી શકીએ કે યુરોપની પ્રભુત્વ ભોગવતી સરકારો એવી રીતે વર્તે છે કે વસ્તુ-ઓની એમની યોજનાને વિશ્વનાં બે મહાન પરિબળો સામે અને એમના ધસારાથી જોખમાતી જુએ છે, જે પરિબળોને એણે અત્યાર સુધી દબાવી રાખી અવરોધ્યાં છે અને ભાવિ સ્પષ્ટ રીતે જેમના હાથમાં છે.

એનો અર્થ એ છે કે આપણે હજુ કોઈ કાયમી વ્યવસ્થાથી બહુ દૂર છીએ અને એથી જગતની તકલીફોને અટકાવાની કોઈ તાત્કાલિક આશા રાખી શકીએ નહિ. વર્તમાન સમતુલા, જો સ્થિતિ અને યોજનાઓની આવી ઢેકાણા વગરની ફેરબદલીને સમતુલા કહી શકાતી હોય તો, સ્થાયી બનવાની કોઈ આશા નથી, એ કેવળ ક્ષણિક રોકાણ છે, અને આપણે પર્યાપ્ત ગતિબળ આવે અથવા તો દબાવી દેવામાં આવેલી શક્તિઓને મુક્ત કરવા સંયોગો કોઈ દ્વાર ખુલ્લું કરી દે કે તરત વધુ આશ્ચર્યજનક અને ગણનાપાત્ર આંદોલનો, સમૂલ આવર્તનો અને વિરાટ પરિવર્તનોની અપેક્ષા રાખવી જોઈએ. સૌથી મહત્ત્વની વાત એ નથી કે એમનો માર્ગ કયો સંયોગ ખુલ્લો કરી આપશે. કારણ કે નિયતિ જ્યારે તૈયાર થાય છે ત્યારે કોઈ પણ કે પ્રત્યેક સંયોગનો લાભ ઉઠાવે છે, પરંતુ એ કયી દિશામાં જાય છે અને કયા અર્થમાં એ કામ કરે છે એ મહત્ત્વનું છે. સમાજવાદી સમાજનો અને એશિયાનું પુનરુત્થાન જરૂર મોટાં પરિવર્તનો પેદા કરશે. છતાંયે તે વધુ મોટી માનવ અભીપ્સાઓને સિદ્ધ ના કરે એવો પણ સંભવ છે. સમાજવાદ માનવજીવનમાં એક મહત્તર સમાનતા અને નિકટતર સંપર્ક લાવે પરંતુ જો એ માત્ર સ્થૂલ ફેરફાર હશે તો બીજી આવશ્યક વસ્તુઓ પર ધ્યાન નહિ આપે અને માનવજાતિના યાંત્રિક બોજામાં પણ વધારો કરે અને એના અંતરઆત્માને ભોંય ભેગો કરી દે. એશિયાનું પુનરુત્થાન જો કેવળ આંતરરાષ્ટ્રીય સંતુલનને સરખું કરે કે આમતેમ ખસેડે તો એ જૂના વર્તુળમાં જ એક પગલું જ હોય, એ નવરચનાનું તત્ત્વ નહિ હોય કે પ્રગતિની ઘરેડ કે ચીલા બહારનું પગરણ નહિ હોય. મજૂર પક્ષ અત્યારે

વિરોધ પક્ષરૂપ છે ત્યારના એના માનસને એ સત્તારૂઢ પક્ષ બને ત્યારે પણ વફાદાર રહે તો મજૂર પક્ષની પરદેશ નીતિમાં—જોકે એને એક છેડે—એક મહત્ત્વનું વચન છે, અત્યારે છે તે સત્તાઓની અલ્પસંખ્યક મંડળી કે જે કેવળ એક અવાસ્તવિક સંઘની છાયાને એના એક નિરર્થક ઉપાંગ તરીકે પોતાની પાછળ ફેરવે છે તેને સ્થાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિચાર વચ્ચે એક વધુ ન્યાયી પ્રકારના સંતુલનનું, મુકત રાષ્ટ્રોની એક આંતરરાષ્ટ્રીય મૈત્રીનું, એક સ્વતંત્ર, સમાન અને લોકતંત્રીય પ્રજાઓના સંઘનું. ભૂતકાળની અંધાધૂંધી, પ્રભુત્વ અને શોષણની બર્બર પ્રણાલીની જગાએ આંતરરાષ્ટ્રીય સમાનતા અને સહકાર એ ખરેખર વધુ સારા ભાવિની આપણે રચી છે તે પ્રાથમિક આકૃતિ કઈ ભાવના અને શકિત, કેવા વિચાર અને સંકલ્પ એ આકૃતિને સંભૃત કરશે અને ઉપયોગમાં લેશે એ વધુ મોટો પ્રશ્ન છે, નિયતિનું જે દર્શન અને દિશા નિર્ણાયક બનશે તેનો પ્રશ્ન છે. પરંતુ એ સર્વસ્વ નથી; એ તો કેવળ માળખું છે.

ભાવિને પોતાના હાથમાં લેવા જે બે શકિતઓ ઊભી થઈ રહી છે તે મહાન વસ્તુઓનું પ્રતિનિધિત્વ કરે છે, યુરોપના આદર્શવાદનું અને એશિયાના અંતરઆત્માનું. યુરોપની સભ્યતા કે જેના માનસ પર યુનાની સભ્યતા અને ખ્રિસ્તી ધર્મે ખૂબ કામ કર્યું છે તે વિચારસ્વાતંત્ર્ય અને વિજ્ઞાન દ્વારા એનાં ક્ષિતિજોને વિસ્તૃત કરી બૌદ્ધિક, ભૌતિક અને પ્રાણિકમુકિત, સમાનતા અને ગાઢ સંસર્ગની એકતામાં, વિચાર, લાગણી અને શ્રમના સક્રિય ભ્રાતૃત્વ અને બંધુત્વમાં અભિવ્યકત થતા, માનવી પૂર્ણીયતાના વિચાર સુધી પહોંચ્યું છે. મુશ્કેલી આવે છે આ વિચારનાં ઘટક તત્ત્વોને એક કરવામાં અને એમને સંગઠિત વ્યવહારમાં વાસ્તવિક બનાવવામાં, અને યુરોપીય પ્રગતિનો પ્રયાસ, આ વસ્તુનું આપોઆપ ઉત્પાદન કરી આપે એવા સામાજિક તંત્રની શોધ સંસ્થાપન માટે એક પ્રકારના સતત શ્રમ રૂપ છે. એણે શોધેલા પહેલા સમીકરણે, વ્યકિતવાદી લોકતંત્ર અને કાનૂન સમક્ષ રાજનૈતિક સ્વતંત્રતા અને સમાનતાની પ્રણાલીએ, વધુ ઉચ્ચ શ્રેણીઓને, સૌથી બળવાન અને દક્ષની સિદ્ધિ માટે પરસ્પર લડી લેવાની હરીફાઈની સ્વતંત્રતાને, એક અમાનવીય સામાજિક અસમાનતા અને આર્થિક શોષણ, અવિરત વર્ગયુદ્ધ અને ધન તથા ઉત્પાદન યંત્રોના એક વિરાટ સમૃદ્ધ પરંતુ મલિન શાસનને એક સમાન સ્તર પર લાવવામાં સહાય કરી. હવે બીજી સમીકરણની વારી છે, પ્રકૃતિની અસમાનતાઓ વચ્ચે શકય હોય એવી અબાધિત સમાનતા, તર્ક અને સમાજવિજ્ઞાન અને યંત્રથી બની શકે એટલી નિર્બંધ સમાનતાની,— અને સૌથી વધારે તો શ્રમ અને સર્વ સામૂહિક જીવનની સર્વસાધારણ પ્રાપ્તિઓમાં એક સમાન સાહચર્યની. એ નક્કી નથી કે આ સૂત્ર એની પહેલાંના સૂત્ર કરતાં વધુ સારી રીતે સફળ થશે. આ સમાનતા

અત્યારે તો માત્ર કઠોર નિયંત્રણની નીચે જ સંપન્ન થઈ શકે એમ છે અને એનો અર્થ એ છે કે સ્વાધીનતાએ કમમાં કમ થોડા વખત માટે નિમ્ન સ્થાન સ્વીકારવું પડશે. અને બધી મુશ્કેલીનું મૂળ તો ખરેખર ધ્યાન બહાર રહી જાય છે કે જીવનમાં કોઈ વસ્તુ સાચી રીતે હોઈ નથી શકતી જ્યાં સુધી એ અંતરાત્મામાં સાચી રીતે બની નથી હોતી. જો માણસો આત્મામાં મુક્ત, સમાન અને એકત્રિત બનાવી શકાય તો જ એમના જીવનમાં સુરક્ષિત સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા આવી શકે. વિચાર અને લાગણી પર્યાપ્ત નથી, કારણ કે તે અપૂર્ણ છે અને ઊંડે બેઠેલી પ્રકૃતિ અને વૃત્તિ એમનો વિરોધ કરે છે અને વધારામાં તે અસ્થિર છે અને બદલાયા કરે છે. એક એવી વિરાટ પ્રગતિ થવી જોઈએ કે જે સ્વતંત્રતા, સમાનતા અને એકતાને આપણું અનિવાર્ય આંતરિક અને બાહ્ય વાતાવરણ બનાવી દે. એ માત્ર આધ્યાત્મિક પરિવર્તનથી બની શકે એમ છે અને યુરોપીય બુદ્ધિ એ સમજવા લાગી છે કે આધ્યાત્મિક પરિવર્તન એક આવશ્યકતા તો જરૂર છે; પરંતુ હજુ એ તાર્કિક સિદ્ધાંતો અને યાંત્રિક પ્રયત્નો પર એટલો બધો ભાર મૂકે છે કે એને આત્મિક વસ્તુઓની શોધ અને સિદ્ધિ માટે પૂરતો સમય મળતો નથી.

એશિયાએ એવો કોઈ મહા પુરુષાર્થ કર્યો નથી, સામાજિક પ્રયાસ અને પ્રગતિની એવી કોઈ તકલીફ ઉઠાવી નથી. વ્યવસ્થા, એક સુરક્ષિત નૈતિક અને ધાર્મિક માળખું, એક સુસ્થાપિત આર્થિક પ્રણાલી, એક કુદરતી પરંતુ હાનિકારક રૂઢિગ્રસ્ત અને કૃત્રિમ બનતી જતી શ્રેણીબદ્ધ પ્રણાલી, આ છે એની રીતો, જ્યાં પણ એણે સાંસ્કૃતિક વિકાસનાં ઉચ્ચ સ્તરો સિદ્ધ કર્યાં છે ત્યાં, એની આ જ રીતો રહી છે. એણે આ વસ્તુઓને જેની ધાર્મિક ભાવનાઓ પર સ્થાપી અને સામુદાયિત્વની ભાવના, એક પ્રાણવાન માનવતા, અને સહાનુભૂતિ અને માનવસમાનતા અને એકતાનો અમુક પ્રવેશે મધુર અને સહ્ય બનાવી. એનો પરમ પુરુષાર્થ હતો બાહ્ય નહિ પણ આધ્યાત્મિક અને આંતરિક સ્વતંત્રતા શોધવાનો અને પુરુષાર્થ લાવ્યો આધ્યાત્મિકતા, સમાનતા અને એકતાનો મહાન સાક્ષાત્કાર. પરંતુ આ આધ્યાત્મિક પરિશ્રમને વ્યાપક બનાવવામાં નહિ આવ્યો અને સમગ્ર જીવનને એની આકૃતિમાં ઘડવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો નહિ. અને પરિણામે ઉચ્ચતમ આંતરિક જીવન અને બાહ્ય સામાજિક જીવનની વચ્ચે અસાદૃશ્ય આવ્યું; ભારતમાં, આત્મામાં રહેતા ઉત્તમ લોકોનું સામાન્ય જીવનની સુરક્ષિત પરંતુ બહુ સાંકડી દીવાલોમાંથી બહાર વધતું જતું નિષ્ક્રમણ આવ્યું અને નિર્વીર્ય બનાવી દેતી એ વિચારસરણી આવી કે જીવનમાંથી જડેલું આત્માનું પરમ વ્યાપક સત્ય છતાં એ જ જીવનની ભાવના ન બની શકે અને એનો સાક્ષાત્કાર જીવનની બહાર જ થઈ શકે. પરંતુ હવે એશિયાને યુરોપના

જોરદાર દબાણ નીચે જીવનની સમસ્યા પર ફરી ધ્યાન દેવાની બીજા અને વધુ સક્રિય નિરાકરણની આવશ્યકતાને પરિણામે ફરજ પડી છે. પાચનશકિતવાળું એશિયા પાશ્ચિમાત્ય ઉદ્યોગવાદના મૂડીવાદી કે સમાજવાદી સ્વરૂપને અપનાવી લે કે નકલ કરે; પરંતુ તો એનું પુનરુત્થાન કોઈ નવા અર્થ કે શકયતાને માનવ પુરુષાર્થમાં નહિ લાવે. અથવા તો માનવજાતિના માનસનાં આ બે અર્ધોનો વધુ નિકટ સમાગમ આપણા અસ્તિત્વના બે ધ્રુવોની વચ્ચે વધુ બળવાન સંબંધ ખડો કરે અને પ્રત્યેકના સૌથી ઊંચા આદર્શોનું આંતરિક અને બાહ્ય સ્વતંત્રતા, આંતરિક અને બાહ્ય સમાનતા, આંતરિક અને બાહ્ય એકતાનું–કોઈ પર્યાપ્ત સમીકરણ સિદ્ધ કરે. માનવજાતિના ભાવિ માટે, વર્તમાન ઉપન્યસ્ત દ્રવ્યો અને પરિસ્થિતિને આધારે બાંધી શકાય એવી સૌથી મોટી આશા છે.

પરંતુ સંભવ છે કે જે વિવિધ તત્ત્વોના સંમિશ્રણમાંથી એક અણધાર્યું રૂપ આવિર્ભૂત થાય છે તેમ કોઈ વધુ મોટી અજ્ઞાત વસ્તુ કાળની પ્રયોગશાળામાં હજુ નિરાકાર, પ્રકૃતિની હજુ અનાવૃત યોજનામાં છૂપી તૈયાર થતી હોય. અને તો પછી, વિકાસક્રમના દબાણ નીચે કોઈ એવો વધુ મહાન અનપેક્ષિત પ્રસવ, આ પ્રચંડ અંતઃક્ષોભ, વિચારો અને અન્વેષણોની અસ્તવ્યસ્તતા, અમેય શકિતઓનો સંઘર્ષ, સર્જન અને આપત્તિ અને વિનાશનો આ અશાન્ત યુગ રૂપી વેદનામાં પીડાતી માનવજાતિના આ મહાન અને અપૂર્ણ દેહ અને આત્માની ભીષણ પીડા અને તાણનું યોગ્ય પરિણામ પુરવાર થાય.

# ૧૯૧૯

ઈસ્વી સન ૧૯૧૯નું વરસ આધુનિક જગતની સૌની વધુ અર્થગર્ભિત અને ઐતિહાસિક તિથિ રૂપે આપણી સામે આવે છે. આ વરસે ઇતિહાસનું સૌથી મોટું યુદ્ધ સમાપ્ત થયું, મનુષ્યજાતિના ઇતિહાસમાં એક નવી વસ્તુ એટલે કે રાષ્ટ્રસંઘ અસ્તિત્વમાં આવ્યો, જે જાતિના ભાવિ ઐકયપૂર્ણ જીવન માટે આધારશિલા હોવાનો દાવો કરે છે. સાથે સાથે એણે એક મહત્ત્વના નવનિર્માણ અને વિનાશની પરિસ્થિતિ પણ સર્જી છે. આ સ્થિતિ આપણને સમાજ અને માનવજીવનના એક એવા નવા ઢાંચામાં લઈ આવશે કે જે પૃથ્વીની પ્રજાઓમાં પહેલાં જોવામાં કે સાંભળવામાં આવ્યો નથી. કેવળ એક વરસ માટે આટલી સિદ્ધિ પૂરતી છે. પરંતુ એમ લાગે છે કે વીસમી સદીમાં આ તિથિને નિર્વિવાદ રીતે પ્રખ્યાત કરવા માટે બીજી પણ પર્યાપ્ત સિદ્ધિઓ છે. પરંતુ સંભવ છે કે વસ્તુસ્થિતિ તદ્દન એવી ન પણ હોય કે જેવી એ અત્યારે આપણને લાગે છે, અને એમ પણ બને કે ભાવિ પ્રજા એને જુદા દૃષ્ટિકોણથી જુએ. ૧૮૧૫નું વરસ એ વખતના લોકોને તવારીખની પણ તારીખ જેવું લાગ્યું હશે, જેમને માટે એ પુરાણી રાજ્યપ્રણાલીઓ અને ક્રાંતિકારી ફ્રાંસની વચ્ચેના અને પછી યુરોપ અને નેપોલિયનની વચ્ચેના લાંબા સંગ્રામોથી ભરપૂર હતું. પરંતુ અત્યારે જ્યારે આપણે દૃષ્ટિને પાછી વાળીએ છીએ ત્યારે જોઈએ છીએ કે એ કેવળ એક તબક્કો હતો. યુદ્ધની તીવ્રતમ સ્થિતિના અંતનો થોડો શ્વાસ લેવાની શરૂઆતનો, એક એવી પરિસ્થિતિનો કે જે લાંબો ટકી ના શકે. એથી યે પાછળ આપણે ૧૭૮૯ તરફ જોઈએ છીએ કે જે વરસે પ્રાચીન પ્રણાલીઓના વિનાશની શરૂઆત કરી અને નવા આદર્શને જન્મ આપ્યો અને ત્યાર પછીની તિથિઓ કે જે એ આદર્શના વિસ્તૃત થતા જતા સાક્ષાત્કાર તરફ પ્રગતિનાં પગલાં ચિહ્નિત કરે છે. તેવી જ રીતે ભાવિ પ્રજા ૧૯૧૯ મા વરસની પાછળ નજર નાખે, એ ઉત્પાતના આરંભ પ્રત્યે કે જે પહેલાંની યુરોપીય પદ્ધતિના પ્રથમ અધ:પાતની નિશાનીઓ બતાવે છે અને ૧૯૧૯થી આગળ નજર દોડાવે. હજુ ભવિષ્યના ગર્ભમાં છે તે તિથિઓ તરફ કે જે ચિહ્નિત કરશે એ આદર્શોની પ્રગતિના માર્ગને કે જે એ જૂની વ્યવસ્થા અને

જૂના આદર્શને સ્થાને આવવા નિર્માયો છે. આ વરસ પણ પ્રથમ સંઘર્ષના તીવ્ર તબક્કાના અંતનું, શ્વાસ લેવાના સમયની શરૂઆત કામચલાઉ કારવાઈનું—ગતિમાન પ્રવાહમાં ક્ષણિક અવરોધનું વરસ છે. એ એવું વરસ છે કારણ કે એણે માનવજાતિના વધુ ઊંડા માનસને સિદ્ધ નથી કર્યું કે એણે મહાકાલના દૂરદર્શી ઉદ્દેશનો ઉત્તર નથી આપ્યો.

સંઘર્ષના ઉત્સાહ દરમિયાન એવી આશા જાગી હતી કે એ માનવ-પ્રગતિના માર્ગના બધા ઢગલાબંધ અવરોધોને સાફ કરી નાખશે અને ચમત્કારિક ત્વરાથી નવા યુગનો પ્રારંભ કરશે. શાંતિનો, ભ્રાતૃત્વનો, સ્વતંત્રતાનો, એકતાનો એ આદર્શ પણ અસ્પષ્ટ પરંતુ પૂર્ણ વકતૃત્વથી શબ્દિત થયો જેણે ક્ષણભર તો જાતિના અંતરાત્માને પ્રકાશિત અને પ્રજ્વલિત કર્યો અને એની બુદ્ધિને એક બૃહત્તર પથપ્રદર્શિત કર્યો, એક બૃહત્તર ક્ષેત્ર આપ્યું. માણસો બે બાજુએ વહેંચાઈ ગયેલી અને નિર્ણાયક સંઘર્ષમાં ભીડાયેલી શુભ અને અશુભ શકિતઓ વિષે વાતો કરવા લાગ્યા. આ વિચારો, લાગણીઓ અને આદર્શ-વાદી તર્કની અત્યુકિતઓ રૂપ હતા અને એમના આકરા અને આંજી નાખે એવા પ્રકાશમાં ઘણી વસ્તુઓ છુપાઈ રહી કે જે બહુ જુદી પ્રકૃતિની હતી. પરંતુ એ આશા ભ્રાંતિ કરતાં કંઈ વધુ હોય એવો સંભવ નહોતો, સ્વપ્નદ્રષ્ટા માનસના પ્રભામણ્ડિત લવણદર્શન કરતાં કે જે વર્તમાન સ્થિતિને અવગણીને એના પોતાના પ્રકાશમાં ભાવિ શકયતાઓને જુએ છે. માનવમન અને કર્મ, આ પ્રકારની ચમત્કારિક ત્વરા માટે, બહુ વધારે પ્રમાણમાં એક ગૂંચવાયેલું કોકડું છે; યુદ્ધનો સ્થૂલ આઘાત અને ક્રાન્તિ શ્વાસ રૂંધતી અડચણોને તોડી નાખે, પરંતુ એ એકલી પોતાની તાકાતથી શુભનું કે ભગવાનનું રાજ્ય સ્થાપી શકે નહિ. એને માટે એક એવા માનસિક અને આધ્યાત્મિક પરિ-વર્તનની આવશ્યકતા છે કે જે અનુસાર આપણા સામાન્ય સત્ત્વને ઘડવા માટે ધીમી ચાલવાળી આપણી માનવપ્રકૃતિને ઘણો સમય લાગે છે. આદર્શ એક બૌદ્ધિક અને ભાવનામય વસ્તુ છે; તે પોતાને એટલો જલદી સક્રિય નથી બનાવી શકતો; પરિસ્થિતિનું બળ, વર્તમાન વાસ્તવિકતાઓનો સજીવન રહેવાનો સંકલ્પ, આપણી પ્રકૃતિનો હઠીલો ભૂતકાળ, એટલાં જલદી, થોડા ઉચ્ચ અને મહાન શબ્દોની બૂમાબૂમથી કે એમની પાછળ રહેલા વિચારના શ્વાસોચ્છ્વાસથી ઉડાવી શકાતાં નથી. આદર્શનાં રણશીંગાં ગમે તેવા ઉચ્ચ અવાજે ફૂંકાય તો પણ. અને આ યુદ્ધ કંઈ સ્પષ્ટ અને ચોખ્ખાં, શુભ અને અશુભ વચ્ચેની તકરાર નહોતી. આવા સ્પષ્ટ ભેદ તો આદર્શાત્મક તર્કના જગતની વાસ્ત-વિકતાઓ છે અને આપણું વર્તમાન અસ્તિત્વ જેની જાળમાં, વિરોધી તત્ત્વોની ઉકેલી ના શકાય એવી આંટીઓમાં ગૂંથાઈ ગયેલાં હોય છે તે એવા આદર્શાત્મક

જગતનું પ્રતિબિંબ નથી, પરંતુ ભૂત, વર્તમાન અને ભવિષ્યની પરસ્પર ગૂંચવાયેલી શકિતઓનો સંકુલ સંગ્રામ અને ઉત્પાત છે. જે પરિણામ આવ્યું છે તે વાસ્તવમાં એવું જ છે કે જેની કાર્યાન્વિત શકિતઓના સંતુલનમાં આશા રાખી શકાય એમ હતું. એ સમસ્ત વાસ્તવિકતાનું આખરી પરિણામ નથી કે નથી એનો અંત. પરંતુ એ વસ્તુઓની તાત્કાલિક શકયતાઓની નિકટતામાં તૈયાર થઈ શકે એવી પ્રાથમિક તારવણી છે. એમાં ઘણું એવું હતું કે જે હવે પોતાનો ભાગ માગશે, પરંતુ એ તો હજુ ભાવિની વાત છે.

છેલ્લાં પાંચ વરસનાં સંનેપાતનાં બે મુખ હતાં. એક વળેલું હતું ભૂતકાળ તરફ અને બીજું ભવિષ્ય તરફ. ભૂતકાળ સાથેનો એનો સંબંધ બે પરિબળો વચ્ચેના કલહના રૂપનો હતો, જેમાં એકનું પ્રતિનિધિત્વ જર્મની અને મધ્યવર્તી સત્તાઓ કરતી હતી અને બીજાની પ્રતિનિધિ હતી અમેરિકા અને યુરોપની પાશ્ચિમાત્ય પ્રજાઓ. બહારની દૃષ્ટિએ સામ્રાજ્યવાદી જર્મની, પોતાના અધિકાર-યુકત દાવા અને પૂર્ણતાથી સંતુષ્ટ, નરી ઉદ્ધતાઈવાળા સામ્રાજ્યવાદ અને લશ્કરવાદનું હામી અને વધુ વિશાળ પાયા પર રચાયેલા લોકતંત્રનું વિરોધી હોય એમ દેખાતું હતું,– પરંતુ એ લોકતંત્ર કે જે યુરોપના ઢચુપચુ, બેચેન અનિચ્છુક લશ્કરવાદી ઉદારમતવાદથી, સુખચેનથી ખુશ અને અર્ધા આદર્શવાદી લશ્કરવાદથી કલંકિત થયેલું હતું. પરંતુ આ પણ માત્ર બહારનો દેખાવ હતો, કારણ કે માત્ર આટલું જ હોત તો એ આવા મોટા યુદ્ધ માટે પર્યાપ્ત કારણ થાત નહિ. સામ્રાજ્યવાદી જર્મની અને એનો બધો સાથસંઘાત જવાનો જ હતો કારણ કે એ પૂર્ણ યાંત્રિક અને વૈજ્ઞાનિક કાર્યક્ષમતાના પૂરા તેજોમંડળમાં ગાદીનશીન યુરોપીય સભ્યતાની ખરાબમાં ખરાબ બાજુ હતી, બુદ્ધિ અને વિજ્ઞાનરૂપી પાર્ષદો સાથે સત્તા અને સંપત્તિરૂપ સંયુકત દેવતાની આકૃતિ હતી. એનો એક આદર્શ હતો ભૂતકાળની જૂની રાજાશાહી અને સામંતશાહીની ઉપયોગિતા પૂરી થઈ ગયા પછી પાછળ રહી ગયેલા અવશેષોના, સામ્રાજ્ય અને અમલદારી દ્વારા પ્રશાસિત, બહુ આધુનિક, ભારે વ્યવસ્થિત અને આક્રમક વ્યાપારવાદના એક અદ્વિતીય મિશ્રણનો; અને એ બધાંની દોરવણી હતી દક્ષ બુદ્ધિમત્તા અને વિજ્ઞાનની શકિતના હાથમાં. જગતના આદર્શ ભાવિની આ ત્રિશિરા વિકૃતિ કે જે માનવજાતિને પોતાના હાથમાં લઈ, એના જીવનને, એના લાભમાં, યાંત્રિક કરવાનો દાવો કરતી હતી તેને ભાંગી નાખવાની જરૂર હતી. અને એ થયું એટલે એની સાથે ચાલતી થઈ ગઈ બધી કુળવાનતંત્રી ભૂતાવળ અને વંશપરંપરાગત રાજાશાહીના અવશેષો કે જે વધતા જતા લોકતંત્રી યુરોપમાં જીવતા રહ્યા હતા. આટલું તો યુદ્ધે યુરોપમાંથી સાફ કરી નાખ્યું છે; પરંતુ એનું વધુ મહત્ત્વનું અને હકારાત્મક પરિણામ અતીતનો નાશ નહિ પરંતુ

વર્તમાનના પાયાઓને પણ હલાવી નાખી ભાવિની શકિતઓ માટે ક્ષેત્ર સાફ કરી આપવાનું છે.

ભવિષ્ય એ આંતરરાષ્ટ્રીય સંબંધોના પુરાણા સિદ્ધાંતોથી ભ્રષ્ટ થયેલા મધ્યમવર્ગી લોકતંત્રની સંકરતા નથી—એ આદર્શવાદની નવી, બૃહત્તર ભાવના સાથે સમાધાન કરી પોતાની આકૃતિમાં ફેરફાર કરી લે તો પણ યુદ્ધને અંતે જે શાંતિ આવી છે તે તો ભૂતકાળની સંતતિ છે અને ક્ષણજીવી છે, ભાવિ માટે એનું મહત્ત્વ, રાષ્ટ્રસંઘની યોજના સાથે એના સંસર્ગ પૂરતું છે. પરંતુ આ સંઘ પણ એક કામચલાઉ વસ્તુ છે, એક વધુ પરિપૂર્ણ રચનાની શકયતાની રાહ જોતી તાત્કાલિક ગોઠવણ છે. જેટલા પ્રમાણમાં એણે જેનું હજુ પ્રભુત્વ છે તેવા ભૂતકાળ સાથે સોદા કર્યા છે પરંતુ જેનો પાયો પોતે જ નજર સામે ત્વરાથી અવસાન પામતો જુએ છે તે વર્તમાનના પાયા પર બંધાઈ છે. આ વર્તમાનનું સ્થાન લેવા જે ભાવિ નિયત થયું છે તે એનાં મુખ્ય લક્ષણોમાં પૂરતું સ્પષ્ટ છે, કુળવાનશાહી અને મધ્યમવર્ગી લોકતંત્રથી સુદૂર સમાજવાદની કોઈ પૂર્ણતાવાળા સમાજમાં કે જે સામાજિક જીવનની એક બૃહત્ અને સમાન સામૂહિકતા માટે અને આક્રમક રાષ્ટ્રવાદ અને સત્તાઓના સંતુલનથી દૂર, કોઈ નિકટતર આંતર-રાષ્ટ્રીય કૌટુંબિકતાયુકત પ્રજાઓના સંબંધ માટે પ્રયાસ કરે છે. પરંતુ આ તો કેવળ નિશાનીઓ છે, લાગણીઓના આવિર્ભાવ છે, એ એમના પોતાના જોરે ગમે તેવા ફેરફાર લાવે તો પણ માનવજાતિના અંતરાત્માને લાંબો વખત સંતોષ આપવા અપર્યાપ્ત છે. એમની પાછળ ભાવના અને આદર્શનો વધુ મોટો પ્રશ્ન છે કે જે યુગનાં દ્વાર ઊઘડવા લાગ્યાં છે તેમાં માણસ માણસ વચ્ચેના સંબંધો પર શાસન કરવાનો છે તેવો સૌથી વધું નિર્ણાયક કાળ છે કારણ કે એની અભીપ્સાઓમાં એ માનવજાતિના બધા ઐતિહાસિક કાર્ય કરતાં વધુમાં વધુ દૂરગામી છે.

દરમિયાન, જવું જોઈતું હતું તેવું ઘણું જતું રહ્યું છે, જોકે એની યાદગીરીઓ અને ચીંથરાંનો વિનાશ બાકી છે, રકતરંગી સંઘર્ષની પીડાનો અંત આવ્યો છે, અને એ માટે ઉજાણીઓ થાય એ પણ યોગ્ય છે. પરંતુ જોકે અમુક વસ્તુનો અંત આવ્યો છે તો બધાની હજુ શરૂઆત કરવાની છે. માનવ-આત્માએ પોતાને શોધી કાઢવાનો છે, ભાવનાએ હજુ એના વિચારને અને દિગ્પરિવર્તનને સંપન્ન કરવાનાં છે.